## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| ૧. | **શ્રી અરિહંતપદ પૂજા** | ૧ |
| ૨. | નવપદ એટલે શ્રી જિનશાસન | ૪ |
| ૩. | શાસનનો સાર સંયમ કેમ ? | ૪ |
| ૪. | શ્રાવક પરમેષ્ઠિમાં કેમ નહિ ? | ૪ |
| ૫. | **નવપદ પૂજા : સાર કર્તાની કૃતિ** | ૫ |
| ૬. | શ્રીપાલ કથા કાલ્પનિક કેમ નહિ ? | ૫ |
| ૭. | 'લોગપજ્જોઅગરાણં'ના બે અર્થ | ૭ |
| ૮. | શાસ્ત્રોમાં કાલ્પનિક કથાઓ | ૭ |
| ૯. | ઉગ્ર પુણ્ય-પાપ અહીં ફળે | ૮ |
| ૧૦. | બ્રાહ્મણીને રાત્રિ ભોજન-ત્યાગ | ૯ |
| ૧૧. | **'ઉપ્પન્નસન્નાણ'** | ૧૦ |
| ૧૨. | 'નમો નમો' એટલે | ૧૦ |
| ૧૩. | સન્નાણ=સમ્યગ્=સંપૂર્ણ કેમ ? | ૧૦ |
| ૧૪. | સ્વપર્યાય અને પરપર્યાય | ૧૧ |
| ૧૫. | એકને સંપૂર્ણ જાણવા સર્વને જાણવાની જરૂર | ૧૨ |
| ૧૬. | જીવ જ્ઞાનમય કેમ ? | ૧૩ |
| ૧૭. | આત્માથી જ્ઞાન ભિન્ન અને અભિન્ન કેમ ? | ૧૪ |
| ૧૮. | જ્ઞાન એ મહાતેજ કેમ ? | ૧૫ |
| ૧૯. | જ્ઞાન ઉત્પન્ન ? કે પ્રગટ થતું ? | ૧૫ |
| ૨૦. | **પ્રાતિહાર્ય એટલે** | ૧૫ |
| ૨૧. | અશોકવૃક્ષ : સુરપુષ્પવૃષ્ટિ વગેરેનું તાત્પર્ય અને ક્રમ | ૧૬ |
| ૨૨. | **અશોકવૃક્ષ** : પ્રભુ આલંબન | ૧૬ |
| ૨૩. | **પુષ્પવૃષ્ટિ** : ધર્મરુચિ-સુવાસ | ૧૬ |
| ૨૪. | **દિવ્યધ્વનિ** : ધર્મ સંગીત | ૧૬ |
| ૨૫. | **ચામર** : સ્વપક્ષ-પરપક્ષ ઉજ્જ્વળ | ૧૬ |
| ૨૬. | **સિંહાસન** : વૈરીને બેઠક | ૧૭ |
| ૨૭. | **ભામંડલ** : ધર્મતેજવર્તુળ | ૧૭ |
| ૨૮. | નાગકેતુનું ધર્મતેજ | ૧૭ |
| ૨૯. | **દુંદુભિ** : ધર્મવાદ | ૧૭ |
| ૩૦. | **૩ છત્ર** : ત્રિલોકકીર્તિ | ૧૮ |
| ૩૧. | ૮ પ્રાતિહાર્ય યાદ રાખવા ક્રમ | ૧૮ |
| ૩૨. | વિહાર ને સ્થિરતા વખતે પ્રાતિહાર્ય | ૧૯ |
| ૩૩. | પ્રભુની બીજી શોભાઓ | ૧૯ |
| ૩૪. | **સમવસરણ** | ૨૦ |
| ૩૫. | **'સદ્દેસણાણંદિય- સજ્જણાણં'** | ૨૧ |
| ૩૬. | સજ્જનો એટલે | ૨૧ |
| ૩૭. | પ્રભુનું જ્ઞાન એ અતિશય કેમ ? | ૨૨ |
| ૩૮. | 'સદા નમસ્કાર'નું કથન અસત્ય કેમ નહિ ? | ૨૩ |
| ૩૯. | જ્ઞાનવિમલસૂરિકૃત 'નમોઽનંત સંત...' | ૨૪ |
| ૪૦. | શાસનનું સર્વસ્વ : **શ્રી સિદ્ધચક્ર** | ૨૪ |
| ૪૧. | નવપદમાં સંયમી અને સંયમ | ૨૪ |
| ૪૨. | સિદ્ધચક્ર એટલે | ૨૫ |
| ૪૩. | સંસારમાં સંસરણ કેટલાં ? | ૨૫ |
| ૪૪. | શેઠે લગ્નથી બંધાવી | ૨૫ |
| ૪૫. | સિદ્ધચક્રથી સંતોને આનંદ કેમ ? | ૨૭ |
| ૪૬. | તપમાં આનંદ છે માટે કષ્ટાંગો | ૨૭ |
| ૪૭. | વિષયત્યાગમાં આનંદના ૫ હેતુ | ૨૮ |
| ૪૮. | ત્યાગનો આનંદ ભોગી ન સમજે | ૨૯ |
| ૪૯. | અરિહંતના ઐશ્વર્યનો પ્રભાવ | ૩૦ |
| ૫૦. | હસ્તિપાલ રાજાને સિદ્ધપદનો પ્રકાશ | ૩૧ |
| ૫૧. | શ્રેણિકને જેલમાં સિદ્ધચક્ર પ્રકાશ | ૩૧ |
| ૫૨. | પન્નાને સિદ્ધચક્ર પ્રકાશ | ૩૨ |
| ૫૩. | ઋષભદેવ ને શ્રીકૃષ્ણ | ૩૨ |
| ૫૪. | પર્વતિથિ પણ પૂજ્ય | ૩૩ |
| ૫૫. | મયણાની આરાધના | ૩૪ |
| ૫૬. | ચિંતા કરવા લાયક સિદ્ધચક્ર | ૩૫ |
| ૫૭. | શ્રીપાલે ધવલને કેમ છોડાવ્યો ? | ૩૬ |
| ૫૮. | વૈરની સામે પ્રેમમાં મન ખડું રાખો | ૩૬ |
| ૫૯. | વટ સુકૃતથી પડે, ધનથી નહિ | ૩૬ |
| ૬૦. | સલામતી મૈત્રીમાં | ૩૭ |
| ૬૧. | **'કર્યાં કર્મ દુર્મર્મ ચકચૂર જેણે'** | ૩૭ |
| ૬૨. | પદની આરાધનામાં પદનું મૂલ્યાંકન : નવકાર | ૩૮ |
| ૬૩. | જ્ઞાનનું મૂલ્યાંકન શું ? | ૩૯ |
| ૬૪. | નવપદનું ધ્યાન એટલે | ૩૯ |
| ૬૫. | **જ્ઞાન-ધ્યાન એટલે** | ૪૦ |
| ૬૬. | કર્મના દુર્મર્મ=અશુભાનુબંધ | ૪૦ |
| ૬૭. | નવપદ-ધ્યાનથી અશુભાનુબંધ તૂટે | ૪૦ |
| ૬૮. | ચંદનાનું સમકિત | ૪૨ |
| ૬૯. | રાજસેવામાં વસ્તુપાલની શરત | ૪૨ |
| ૭૦. | નવપદની ભવ્ય આરાધના જ એ ધ્યાન | ૪૨ |
| ૭૧. | સંવેગયાત્મક શ્રદ્ધા | ૪૪ |
| ૭૨. | વિશુદ્ધ સાધનાના ૩ ઉપાય | ૪૫ |
| ૭૩. | સાધના વખતે ફળનો વિચાર નહિ : | ૪૬ |
| ૭૪. | નાગકેતુને સર્પદંશે વિષયસંજ્ઞા નહિ | ૪૮ |
| ૭૫. | **તીર્થંકરપદ - પૂજાનાં ૩ કારણ** | ૪૯ |
| ૭૬. | સાધના-પૂજના-વાસિતતા | ૪૯ |
| ૭૭. | પ્રભુ પાસે ભીખ નહિ, ભાવિતતા કરો | ૫૦ |
| ૭૮. | દેશનાનું કારણ | ૫૧ |
| ૭૯. | પ્રાતિહાર્ય એ ગુણ શી રીતે ? | ૫૨ |
| ૮૦. | સુરેન્દ્રો-નરેન્દ્રોની સ્તુતિઓ | ૫૪ |
| ૮૧. | 'પ્રભુતા'ના બે અર્થ | ૫૪ |
| ૮૨. | **'કર્યાં ઘાતિયાં કર્મ'** | ૫૫ |


(A)


| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| ૮૩. | ઘાતી કર્મ એટલે ? | ૫૬ |
| ૮૪. | ભવોપગ્રાહી કર્મ | ૫૭ |
| ૮૫. | ખેદ અને અસમાધિ શુભથી નહિ | ૫૭ |
| ૮૬. | ઘાતી-અઘાતીનાશ શી રીતે ? | ૫૮ |
| ૮૭. | નમે એ ગમે. ગમવું=મૂલ્યાંકન | ૬૦ |
| ૮૮. | પિતાને શ્રેણિક ગમતા એટલે ? | ૬૦ |
| ૮૯. | મોક્ષમમતા જ કેમ સારી ? | ૬૧ |
| ૯૦. | વિધિક્રિયાનો મર્મ | ૬૧ |
| ૯૧. | મહાપુરુષનો વારસો | ૬૧ |
| ૯૨. | **દેવચંદ્રજીકૃત કાવ્યો** | ૬૨ |
| ૯૩. | કાનજીમત જૈનમત નથી | ૬૨ |
| ૯૪. | પ્રભુની ધીરતા | ૬૪ |
| ૯૫. | અમૃત કરતાં જિનવાણીની વિશેષતા | ૬૪ |
| ૯૬. | કેવળજ્ઞાન પછી પ્રભુ ઘરે જઈ ન બેઠા | ૬૫ |
| ૯૭. | ૧ પૂર્વ એટલે ? | ૬૬ |
| ૯૮. | જિનદેશનાની કદર ક્યાં છે ? | ૬૬ |
| ૯૯. | પ્રભુ વડવીર કેમ ? | ૬૬ |
| ૧૦૦. | ત્રિપૃષ્ઠનું વીર્ય કેવું ? | ૬૮ |
| ૧૦૧. | વર અક્ષય નિર્મળ | ૬૮ |
| ૧૦૨. | હીરાનું યથાર્થ દર્શન | ૬૯ |
| ૧૦૩. | રાગદ્વેષ કેમ ન થાય ? | ૭૦ |
| ૧૦૪. | ભરવાડની ફરિયાદ | ૭૦ |
| ૧૦૫. | આત્મભાવે શ્રદ્ધા | ૭૦ |
| ૧૦૬. | જીવ ભિખારી | ૭૦ |
| ૧૦૭. | નિશ્ચય-વ્યવહાર ચારિત્ર | ૭૧ |
| ૧૦૮. | કોરા નિશ્ચયવાદીનું પતન | ૭૨ |
| ૧૦૯. | દિવ્યધ્વનિ અંગે મતાન્તર | ૭૩ |
| ૧૧૦. | **૩૪ અતિશય** | ૭૪ |
| ૧૧૧. | પ્રભુની એકેન્દ્રિય પર કરુણા શી ? | ૭૫ |
| ૧૧૨. | સર્વ શુભમાં અરિહંત કેમ કારણ ? | ૭૭ |
| ૧૧૩. | આલંબનની મુખ્યતા | ૭૮ |
| ૧૧૪. | **તીર્થંકરની ૧૫ અનન્ય બાહ્યશ્રી** | ૭૮ |
| ૧૧૫. | અરિહંતનું બાહ્ય-આંતર ઐશ્વર્ય | ૭૯ |
| ૧૧૬. | બાહ્ય ઐશ્વર્યનું મહત્ત્વ શું ? | ૭૯ |
| ૧૧૭. | **ઉ. યશો. કૃત પૂજાની ઢાળ-'ત્રીજે ભવ...'** | ૮૦ |
| ૧૧૮. | અરિહંત પૂર્વે સંસારી | ૮૦ |
| ૧૧૯. | અરિહંત બનવાના ભવની પ્રક્રિયા | ૮૧ |
| ૧૨૦. | ૨૦ પદની સરળ સ્મરણ ગણતરી | ૮૧ |
| ૧૨૧. | ૨૦ સ્થાનકના ક્રમના કારણ | ૮૧ |
| ૧૨૨. | રોજ નવું જ્ઞાન શા માટે મેળવવું ? | ૮૩ |
| ૧૨૩. | **અરિહંતપદની વિવિધ આરાધના** | ૮૪ |
| ૧૨૪. | અરિહંતપદની જીવનમાં વ્યાપકતા | ૮૫ |
| ૧૨૫. | 'તપ' એટલે આરાધના | ૮૬ |
| ૧૨૬. | તપથી શુભ અધ્યવસાય કેમ ? | ૮૬ |
| ૧૨૭. | વિવિધ અભ્યાસ | ૮૭ |
| ૧૨૮. | સિદ્ધચક્રપદ વંદો | ૮૭ |
| ૧૨૯. | **ઇન્દ્રની નવેસ પદની કેવી કેવી સેવા ?** | ૮૮ |
| ૧૩૦. | દશાર્ણભદ્રની સામે ઇન્દ્રના હાથી કેવા ? | ૯૦ |
| ૧૩૧. | ઇન્દ્રની સમ્યગ્દર્શન પદની ઉપાસના | ૯૦ |
| ૧૩૨. | અરિહંતની ઓળખ ક્યારે થાય ? | ૯૨ |
| ૧૩૩. | શ્રેણિકની જેલમાં ભાવના | ૯૨ |
| ૧૩૪. | વંદન=દ્રવ્ય-ભાવ સંકોચ | ૯૫ |
| ૧૩૫. | અભ્યન્તર અતિશય : સ્થિર તત્ત્વચિંતન ઉપસર્ગમાંય | ૯૬ |
| ૧૩૬. | પ્રભુનમનથી પાપ ક્યારે ટળે ? | ૯૬ |
| ૧૩૭. | નમુત્થુણં વારંવાર કેમ ? | ૯૮ |
| ૧૩૮. | પાપ બે પ્રકારે | ૯૮ |
| ૧૩૯. | અરિહંતને પ્રચંડ શક્તિરૂપે મનમાં લાવો | ૯૯ |
| ૧૪૦. | ઇચ્છા મરવાથી પાપ ઢીલા | ૯૯ |
| ૧૪૧. | જિન-નમનથી નિકાચિતના અનુબંધ તૂટે | ૧૦૦ |
| ૧૪૨. | જિન-નમનમાં સમ્યક્ત્વાદિ હોઈ પાપના મૂળ તૂટે | ૧૦૦ |
| ૧૪૩. | અરિહંત જેવા ઈશ્વર નહિ | ૧૦૨ |
| ૧૪૪. | **'ભોગકરમ ક્ષીણ જાણી'** | ૧૦૨ |
| ૧૪૫. | કર્મનાશ યોગથી-ભોગથી | ૧૦૩ |
| ૧૪૬. | પ્રભુ ભોગમાં અનાસક્ત કેમ ? | ૧૦૩ |
| ૧૪૭. | પાર્શ્વકુમાર અને મ્લેચ્છ રાજા | ૧૦૪ |
| ૧૪૮. | જ્ઞાન શા માટે ? | ૧૦૫ |
| ૧૪૯. | સંસાર મોટો 'ભોગોન્માદ અને 'પાપભરપૂરથી | ૧૦૬ |
| ૧૫૦. | **'મહાગોપ મહામાહણ કહીએ'** | ૧૦૬ |
| ૧૫૧. | આત્માની તુષ્ટિ-પુષ્ટિ શી ? | ૧૦૬ |
| ૧૫૨. | **વીર્યાચાર સ્વતંત્ર આચાર કેમ ?** | ૧૦૭ |
| ૧૫૩. | જ્ઞાનાચારમાં વીર્યાચાર | ૧૦૭ |
| ૧૫૪. | વીર્યાચારનો પણ માથે ભાર રાખો | ૧૦૮ |
| ૧૫૫. | તપમાં મુડદાલ કેમ ? | ૧૦૮ |
| ૧૫૬. | વીર્યાચારના ભંગથી વીર્યાભાવ | ૧૦૯ |
| ૧૫૭. | દર્શનાચારમાં વીર્યાચાર શો ? | ૧૧૦ |
| ૧૫૮. | ચારિત્રાચારમાં વીર્યાચાર શો ? | ૧૧૦ |
| ૧૫૯. | તપાચારમાં વીર્યાચાર | ૧૧૧ |
| ૧૬૦. | સંયમ અને યોગ એટલે | ૧૧૧ |
| ૧૬૧. | ક્રિયા-સ્વાધ્યાય-વૈયાવચ્ચનાં ફળ | ૧૧૨ |
| ૧૬૨. | ધર્મ-પરિણતિ : વીર્યાચારથી પરિણતિ શુદ્ધ | ૧૧૨ |
| ૧૬૩. | પરિણતિ જોતા રહો | ૧૧૩ |
| ૧૬૪. | નુકસાન કરનારને બેવડું વાત્સલ્ય | ૧૧૩ |
| ૧૬૫. | આ દર્શનથી જિન-જિનાજ્ઞા ભુલાય | ૧૧૩ |
| ૧૬૬. | અરિહંત મહાગોપ-મહામાહણ | ૧૧૩ |


(B)

૧૬૭. સ્વ-અહિંસા અને પર-અહિંસા ૧૧૪
૧૬૮. ભાવશસ્ત્ર ૧૧૪
૧૬૯. ઉત્કૃષ્ટ અહિંસા જિને બતાવી ૧૧૪
૧૭૦. ભગવાન નિર્યામક કેમ ? ૧૧૫
૧૭૧. **અરિહંત સાર્થવાહ કેમ !** ૧૧૬
૧૭૨. નિર્યામક અને સાર્થવાહ વચ્ચે ફરક ૧૧૬
૧૭૩. સ્વાત્માનં રક્ષ ! સ્વાત્માનં ભજ ૧૧૬
૧૭૪. ભજ=ઉદ્દેશમાં રાખ ૧૧૭
૧૭૫. ચિલાતીપુત્રને તત્ત્વ ને માર્ગ ચંડકૌશિકને, 'બહારનું શું જુએ ? અંદરનું જો !' ૧૧૭
૧૭૬. 'જિનનમીએ ઉત્સાહથી'=નિત્યનવા ૧૧૮
૧૭૭. વાણીના ૩૫ અતિશયોના નામ ૧૧૯
૧૭૮. 'અરિહંતપદ ધ્યાતો થકો' ૧૨૦
૧૭૯. કેમ અરિહંત જુદા ૧૨૦
૧૮૦. **સંભેદ-અભેદ પ્રણિધાન** ૧૨૧
૧૮૧. દ્રવ્ય-ગુણ-પર્યાયથી ધ્યાન ૧૨૧
૧૮૨. 'ચરમાવર્તે હો...' ૧૨૨
૧૮૩. ભવ્યત્વની ખાતરી શી ? ૧૨૩
૧૮૪. વૈયક્તિક ભવ્યત્વ જુદું જુદું ૧૨૩
૧૮૫. ખંધકસૂરિ અને બાળમુનિમાં ફરક ૧૨૪
૧૮૬. અરિહંતનું વિશિષ્ટ તથાભવ્યત્વ ૧૨૪
૧૮૭. **અરિહંતનું દ્રવ્યથી ધ્યાન** ૧૨૫
૧૮૮. પતિને ઓળખનારી પત્ની ૧૨૫
૧૮૯. મરીચિ-'મૂળ પકડવું કે પ્રશપાંખળાં ?' ૧૨૫
૧૯૦. **જૈન ધર્મમાં જ સ્ત્રીનું વિશિષ્ટ ગૌરવ** ૧૨૬
૧૯૧. અરિહંતનું ગુણથી ધ્યાન ૧૨૭
૧૯૨. અરિહંતદ્રવ્યના ૫ પદસ્થ-પર્યાય ૧૨૮
૧૯૩. વિવિધ ઉપકાર ૧૨૮
૧૯૪. રૂપાતીત અવસ્થા ૧૨૯
૧૯૫. ભેદછેદ કેમ થાય ? ૧૩૦
૧૯૬. ચિંતન પરિણતિજનક જોઈએ ૧૩૦
૧૯૭. **'વીર જિનેશ્વર ઉપદિશે'** ૧૩૧
૧૯૮. આત્મઋદ્ધિ ૧૩૧
૧૯૯. વીતરાગભાવના અંશ ૧૩૧
૨૦૦. આત્મજ્ઞ અને અનાત્મજ્ઞ ૧૩૨
૨૦૧. આત્માને મહત્ત્વ : સીધાં વેતરણ ૧૩૪
૨૦૨. આત્મધ્યાન : નજર સામે આત્મા જ આત્મા ૧૩૪
૨૦૩. વિવિધ ઊંધાં વેતરણો ૧૩૪
૨૦૪. કુસંસ્કાર ભૂંસવાના ઉપાય ૧૩૪
૨૦૫. કુસંસ્કારનું દૃષ્ટાંત ૧૩૫
૨૦૬. વિવિધ સત્ ક્રિયાઓ ૧૩૬
૨૦૭. આત્મધ્યાન શું ? આત્માના ઉદ્દેશથી તન્મય ૧૩૬
૨૦૮. ભૂખ લાગવાનું કારણ ૧૩૬
૨૦૯. જડપ્રવૃત્તિ વેઠરૂપ લાગે .... ૧૩૭
૨૧૦. સ્વઅધ્યાય ૧૩૭
૨૧૧. આત્મઋદ્ધિના ઉપાય ૧૩૮
૨૧૨. **ક્રોધાદિ રોકવા ઉપાય** ૧૩૮
૨૧૩. ગુણસુકૃત-અભ્યાસ અશુભાનુબંધ તોડે ૧૩૯
૨૧૪. ખરું આત્મધ્યાન ગુણ-સુકૃતાભ્યાસમાં ૧૩૯
૨૧૫. 'ઉપવાસ' એટલે ૧૪૦
૨૧૬. સુદર્શન શેઠનો જીવ ૧૪૧
૨૧૭. 'જિયંતરંગાઈ...' ૧૪૨
૨૧૮. વીતરાગ-ધ્યાનની અસર ૧૪૨
૨૧૯. વિવિધ પાપશુદ્ધિઓ ૧૪૩
૨૨૦. **'સમાહિકૈરા'** ૧૪૪
૨૨૧. અ-રહંતે ૧૪૪
૨૨૨. **'વિમળ કેવળ...' કાવ્ય** ૧૪૪
૨૨૩. પ્રાથમિક પવિત્રતા ૧૪૫
૨૨૪. ઉપરની પવિત્રતા ૧૪૫
૨૨૫. અભિષેકથી કર્મરજ-મોહમળ કેમ જાય ૧૪૬
૨૨૬. ગૃહસ્થને લોભ, સાધુને માન ૧૪૬
૨૨૭. અરિહંતની સમ્યક્ત્વ-પ્રાપ્તિ ૧૪૭
૨૨૮. મહાવીરપ્રભુની પૂર્વ સાધનાઓ ૧૪૮
૨૨૯. **અભિષેકમાં અનુમોદના** ૧૪૯
૨૩૦. ગૌતમનો શરણભાવ ૧૫૦
૨૩૧. ભગવત્શરણ પ્રધાન કારણ ૧૫૦
૨૩૨. સર્વશુભમાં અરિહંત મુખ્ય હેતુના બે દૃષ્ટાંત ૧૫૧
૨૩૩. દેવપાલમાં અર્હદ્ બહુમાન ૧૫૨
૨૩૪. દેવોને રાગમળ-નાશ કેમ ૧૫૨
૨૩૫. સમકિત મંદ તો ચારિત્ર મંદ ૧૫૩

## :: સિદ્ધપદ ::

| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| ૧. | શ્રી સિદ્ધ પદ પૂજા | ૧૫૪ |
| ૨. | સિદ્ધને વારંવાર નમસ્કાર કેમ ? | ૧૫૫ |
| ૩. | સોપાધિક-નિરુપાધિક આનંદ | ૧૫૫ |
| ૪. | નમસ્કારથી નિરુપાધિક | ૧૫૬ |
| ૫. | આનંદની પ્રાપ્તિ | ૧૫૬ |
| ૬. | 'અનુમોદનાથી વસ્તુ પ્રાપ્તિ'નો નિયમ | ૧૫૬ |
| ૭. | અનંત ચતુષ્કની સાધના | ૧૫૭ |
| ૮. | ગુણને નમસ્કાર શા માટે ? | ૧૫૭ |
| ૯. | **સિદ્ધ ભગવાન થયા શી રીતે ?** | ૧૫૭ |
| ૧૦. | ગિરિપતનથી મોક્ષ મળે ? | ૧૫૮ |
| ૧૧. | અસમાધિથી સંસારવૃદ્ધિ | ૧૫૯ |
| ૧૨. | ભવપારના મહાન લાભ | ૧૫૮ |
| ૧૩. | "સિદ્ધ"ના બે અર્થ | ૧૫૯ |
| ૧૪. | શુદ્ધ એટલે નિકાળવેલા | ૧૫૯ |
| ૧૫. | સાધનાનો ઉલ્લાસ કેમ રહે ? | ૧૬૦ |
| ૧૬. | નિરાશા રોકવા ઉપાય | ૧૬૦ |
| ૧૭. | અનંતગુણ આવિર્ભાવતિરોભાવે | ૧૬૧ |
| ૧૮. | અનંતસિદ્ધોની મૌનવાણી | ૧૬૧ |
| ૧૯. | મોક્ષમાં આત્માનું કદ | ૧૬૨ |
| ૨૦. | મોક્ષમાં આનંદ શું ? | ૧૬૨ |
| ૨૧. | સિદ્ધ જ્યોતિરૂપ કેમ ? | ૧૬૨ |
| ૨૨. | **જાસતો સિદ્ધાને ભાવો...** | ૧૬૩ |
| ૨૩. | સત્નો નાશ નહિ | ૧૬૪ |
| ૨૪. | ગુણીમાં ગુણ ભિન્ન કે અભિન્ન ? | ૧૬૫ |
| ૨૫. | સિદ્ધશિલા પર અનંતા સિદ્ધ સમાય ? | ૧૬૬ |
| ૨૬. | સિદ્ધના વિશેષણોથી ભાવિત કેમ થવું ? | ૧૬૬ |
| ૨૭. | **સિદ્ધ થવાને લાયક કોણ ?** | ૧૬૬ |
| ૨૮. | આપણાં દર્શન-શ્રવણ મલિન | ૧૬૬ |
| ૨૯. | **'સકળ કરમ મળ ક્ષય કરી'** | ૧૬૬ |
| ૩૦. | સિદ્ધનું સદ્વીર્ય | ૧૬૭ |
| ૩૧. | મળ અને રજ | ૧૬૭ |
| ૩૨. | 'પરઘર' - 'સ્વઘર' | ૧૬૮ |
| ૩૩. | જંબૂકુમારનો જુગારી કાકો | ૧૬૮ |
| ૩૪. | કર્મને તોડવા તપ: | ૧૬૯ |
| ૩૫. | રાગાદિ તોડવા સંયમ | ૧૬૯ |
| ૩૬. | **'આત્મસંપતિ ભૂપોજી'** | ૧૬૯ |
| ૩૭. | સાચી પ્રભુતા: સાધુ અનિશ્રિત એટલે | ૧૬૯ |
| ૩૮. | યોગી ઈરાનનો બાદશાહ | ૧૭૦ |
| ૩૯. | **સાચી બાદશાહીનાં ૩ લક્ષણ** | ૧૭૦ |
| ૪૦. | અપેક્ષા-અભિમાનમાં ગુલામી | ૧૭૧ |
| ૪૧. | **સહજસંપતિ, શક્તિ વ્યક્તપણે કરી** | ૧૭૨ |
| ૪૨. | જડની અપેક્ષાનો ત્યાગ તે સાધના. | ૧૭૨ |
| ૪૩. | 'નિર્ગુણમોક્ષ'નો મત ખોટો શુદ્ધ બ્રહ્મ | ૧૭૩ |
| ૪૪. | **'સ્વદ્રવ્ય-ક્ષેત્ર-સ્વકાળ-ભાવે...'** | ૧૭૪ |
| ૪૫. | ગુસ્સામાં દ્રવ્ય ક્ષેત્ર... | ૧૭૪ |
| ૪૬. | **ચંડકૌશિકમાં ગુસ્સાનો ગુણાકાર** | ૧૭૫ |
| ૪૭. | સિદ્ધમાં એકેક ગુણ અનંતા | ૧૭૬ |
| ૪૮. | વીતરાગતા અનંતી | ૧૭૭ |
| ૪૯. | સ્વક્ષેત્રથી સિદ્ધમાં અનંતગુણ | ૧૭૮ |
| ૫૦. | ક્ષમાનું અનંતક્ષેત્ર બે રીતે | ૧૭૮ |
| ૫૧. | સ્વકાળથી સિદ્ધમાં અનંતગુણ | ૧૭૯ |
| ૫૨. | ભાવથી સિદ્ધમાં અનંતગુણ | ૧૭૯ |
| ૫૩. | જ્ઞાયક પરિણામ અનંત | ૧૭૯ |
| ૫૪. | ભાવથી ગુસ્સો અનંત | ૧૮૦ |
| ૫૫. | એકાન્તવાદ અને અનેકાન્તવાદનો ભેદ | ૧૮૦ |
| ૫૬. | પરભાવ અસત્ : વસ્તુ અસત્ શી રીતે | ૧૮૦ |
| ૫૭. | **'શુ સ્વભાવ-ગુણ-...'** | ૧૮૧ |
| ૫૮. | સહજ સ્વભાવ: | ૧૮૨ |
| ૫૯. | સોપાધિક સ્વભાવ | ૧૮૨ |
| ૬૦. | રાગ એ આત્માનો સોપાધિક સ્વભાવ | ૧૮૨ |
| ૬૧. | અનાદિ રાગાદિ અનંત પામે ? | ૧૮૩ |
| ૬૨. | રાગને અનુકૂળ વિચારથી કર્મ | ૧૮૩ |
| ૬૩. | રાગને પ્રતિકૂળ વિચારણાથી રાગનિષ્ફળ | ૧૮૩ |
| ૬૪. | **સિદ્ધ કેવા ? (૧) શુદ્ધસ્વભાવ ...** | ૧૮૪ |
| ૬૫. | **સિદ્ધ કેવા ? (૨) 'સુગુણપર્યાય...'** | ૧૮૪ |
| ૬૬. | ગુણ અને પર્યાય એટલે ? | ૧૮૪ |
| ૬૭. | ગુણ અને પર્યાય | ૧૮૪ |
| ૬૮. | દ્રવ્ય અને પર્યાય એટલે ? | ૧૮૫ |
| ૬૯. | નય એટલે ? | ૧૮૫ |
| ૭૦. | દ્રવ્યાર્થિક નય : પર્યાયાર્થિક નય | ૧૮૫ |
| ૭૧. | **'સાધન પર ભણી'** | ૧૮૬ |
| ૭૨. | સિદ્ધ ભગવાન મનોહંસ | ૧૮૬ |
| ૭૩. | ચિંતન ભાવનરૂપ બનાવો | ૧૮૭ |
| ૭૪. | મુનીમની જેમ જ્ઞાતા-દ્રષ્ટા | ૧૮૭ |
| ૭૫. | ઉદાસીન ભાવ કેમ આવે ? | ૧૮૮ |
| ૭૬. | સિદ્ધ ધ્રુવનો તારો | ૧૮૮ |
| ૭૭. | પ્રભાવ ચિંતનનો કે નવકારનો ? | ૧૮૯ |
| ૭૮. | સિદ્ધનો ઉપકાર | ૧૯૦ |
| ૭૯. | શુદ્ધ સાધનાના બે ઉપાય | ૧૯૦ |
| | (૧) અહોભાવ અને | ૧૯૦ |
| | (૨) મમતા 'નમુત્થુણં' આંસુ ... | ૧૯૦ |
| ૮૦. | અશુભ ભાવોથી કેમ બચાય | ૧૯૧ |
| ૮૧. | **'સમય-પએસંતર અણફરસી'** | ૧૯૨ |
| ૮૨. | મોક્ષગમનમાં ૨ દૃષ્ટાંત | ૧૯૩ |
| ૮૩. | સિદ્ધશીલા પર અનંતા ? | ૧૯૪ |
| ૮૪. | ચરમતિભાગ...૨/૩ સિદ્ધ | ૧૯૪ |
| ૮૫. | અવગાહન-અસ્પૃશદ્-ગતિ | ૧૯૫ |
| ૮૬. | આકાશપ્રદેશ કરતાં સમય અસંખ્ય | ૧૯૫ |
| ૮૭. | સિદ્ધગમનમાં ૪ હેતુ | ૧૯૬ |
| ૮૮. | (૧) પૂર્વ પ્રયોગ ? બાણગતિ | ૧૯૬ |
| ૮૯. | જીવની લોકાન્ત સુધી કેમ ગતિ ? | ૧૯૬ |
| ૯૦. | ચાકડાનું દૃષ્ટાંત | ૧૯૭ |
| ૯૧. | (૨) ગતિ પરિણામ : જવાળા, ધૂમ | ૧૯૭ |
| ૯૨. | (૩) બંધન છેદ : એરંડાનું બીજ-ડાળી | ૧૯૭ |
| ૯૩. | સર્વને મેરુ ઉતરે | ૧૯૮ |

| | | |
|---|---|---|
| ૯૪. | (૪) અસંગ સર્વ ઔદયિક ભાવનો : | ૧૯૯ |
| ૯૫. | જીવન-કર્તવ્ય : | ૧૯૯ |
| ૯૬. | બંધનનાશ જંબૂ | ૧૯૯ |
| ૯૭. | પ્રશસ્તકષાય | ૨૦૧ |
| ૯૮. | સર્વ સાધનાનું લક્ષ્ય અસંગ | ૨૦૧ |
| ૯૯. | મૈત્રી-ભાવ આદિમાં અસંગપણું | ૨૦૧ |
| ૧૦૦. | શરીરમૂર્છા ત્યાગ માટે | ૨૦૨ |
| ૧૦૧. | ભાવના | ૨૦૨ |
| ૧૦૨. | **'નિર્મળ સિદ્ધશીલાની ઉપરે'** | ૨૦૩ |
| ૧૦૩. | સંબંધના ૪ ભાંગા | ૨૦૩ |
| ૧૦૪. | વીતરાગ રીઝે? સાચી ભક્તિ ભાવનારસ | ૨૦૪ |
| ૧૦૫. | રાજીમતી નેમનાથનો સાદિ અનંત સંબંધ | ૨૦૪ |
| ૧૦૬. | ચારિત્રથી જ ઉત્કૃષ્ટભક્તિ | ૨૦૫ |
| ૧૦૭. | જાણે પણ ન કહી શકે | ૨૦૬ |
| ૧૦૮. | મોક્ષમાં કેવું સુખ? ગામડિયો | ૨૦૬ |
| ૧૦૯. | સિદ્ધો ઉલ્લાસ આપનાર કેવી રીતે? | ૨૦૭ |
| ૧૧૦. | મોક્ષ દૂર દેખાતાં નિરાશા કેમ ટાળવી? | ૨૦૭ |
| ૧૧૧. | પ્રાર્થનાથી તીવ્ર અભિલાષા થાય | ૨૦૮ |
| ૧૧૨. | પ્રાર્થનામાં આશંસા કેમ? | ૨૦૮ |
| ૧૧૩. | સિદ્ધમાંથી નિર્વિકારતાના પાવર | ૨૦૯ |
| ૧૧૪. | મોક્ષમાં અનંતા કેમ સમાય? | ૨૦૯ |
| ૧૧૫. | પરને સ્વમાં ભાવથી ભેળવવા એટલે? | ૨૧૦ |
| ૧૧૬. | 'જ્યોતિ સે જ્યોતિ ભળે' ભાવથી | ૨૧૦ |
| ૧૧૭. | સિદ્ધોના અને નિગોદજીવોના.... | ૨૧૨ |
| ૧૧૮. | નિગોદમાં અનંત દુઃખ કેમ? | ૨૧૨ |
| ૧૧૯. | કેવળીને ય ઉપાધિ | ૨૧૨ |
| ૧૨૦. | વીરપ્રભુને તેજોલેશ્યા : ૫૦૦ મુનિઓને બાળી | ૨૧૨ |
| ૧૨૧. | કર્મની ઉપાધિ શું શું કરે? | ૨૧૩ |
| ૧૨૨. | સિદ્ધ ભગવંત આતમરામ | ૨૧૪ |
| ૧૨૩. | પરરમણતાથી ક્રોધ સહજ, ક્ષમા નહિ | ૨૧૩ |
| ૧૨૪. | 'સિદ્ધો રમાપતિ'ના બે અર્થ | ૨૧૪ |
| ૧૨૫. | સમાધિ એટલે? | ૨૧૪ |
| ૧૨૬. | અનુકૂળ-પ્રતિકૂળમાં સમાધિ કેમ રહે? | ૨૧૫ |
| ૧૨૭. | સિદ્ધનું સ્મરણ શા માટે ને કેવી રીતે કરવું? | ૨૧૫ |
| ૧૨૮. | ક્રોધ રોકવા 'આપણે કોના વારસદાર' | ૨૧૬ |
| ૧૨૯. | આત્મા રૂપારૂપી કેમ? | ૨૧૭ |
| ૧૩૦. | જેનું ધ્યાન તેવા બનાય | ૨૧૮ |
| ૧૩૧. | સિદ્ધપણું કાયમી કેમ? | ૨૧૮ |
| ૧૩૨. | ધ્યાન : (૧) સભેદ પ્રણિધાન (૨) અભેદ પ્રણિધાન | ૨૧૮ |
| ૧૩૩. | ધ્યાનમાં અહોભાવ ને ગદ્ગદતા જોઈએ | ૨૧૯ |
| ૧૩૪. | ઈશ્વરને જીવોની ઓળખ વિના દયા શી? | ૨૧૯ |
| ૧૩૫. | ઈશ્વર જગતકર્તા નથી | ૨૨૦ |
| ૧૩૬. | જગતકર્તા દયાળુ ન હોઈ શકે | ૨૨૧ |
| ૧૩૭. | સિદ્ધનું ધ્યાન કેમ કરવું? | ૨૨૨ |
| ૧૩૮. | અભેદ ધ્યાનમાં કેમ જવાય? | ૨૨૨ |
| ૧૩૯. | પ્રભુની નિર્વિકારતા આપણામાં કલ્પનાની ચાવીઓ | ૨૨૩ |
| ૧૪૦. | નિર્વિકારતાથી ભાવિત | ૨૨૪ |
| ૧૪૧. | સિદ્ધનું અભેદ ધ્યાન કેમ બને? | ૨૨૫ |
| ૧૪૨. | અનુભવજ્ઞાન | ૨૨૫ |
| ૧૪૩. | ધ્યાનની સાથે શું જોઈએ? | ૨૨૬ |
| ૧૪૪. | ઉપદ્રવમાં શું ચિંતવવું? | ૨૨૭ |
| ૧૪૫. | પરાકાષ્ઠાના ધ્યાનનો ઉપાય | ૨૨૭ |
| ૧૪૬. | 'જે કેઈ દુઃખ દેવામાં 'દુઃખ' એટલે?' | ૨૨૮ |
| ૧૪૭. | અનંત ચતુષ્કમાં બીજા ૪ કર્મના ક્ષય .... | ૨૨૮ |
| ૧૪૮. | આપણને વીતરાગ દર્શન ગમે છે? | ૨૨૯ |
| ૧૪૯. | 'નિચ્ચેપિ ઝાએહ'માં 'પિ' નો અર્થ | ૨૨૯ |
| ૧૫૦. | મનના હિસાબ પર સુખ દુઃખ વૃદ્ધિ | ૨૩૦ |
| ૧૫૧. | સિદ્ધ ધ્યાનમાં લાભ | ૨૩૦ |
| ૧૫૨. | ધ્યાન માટે 'લોગસ્સ' | ૨૩૨ |


## :: આચાર્યપદ ::


| ક્રમ | વિષય | પે.નં. |
|---|---|---|
| ૧. | નમો નમો સૂરસમપ્પહાણં | ૨૩૬ |
| ૨. | નમું સૂરિરાજા | ૨૩૭ |
| ૩. | સદા તત્ત્વ તાજા | ૨૩૮ |
| ૪. | ઉચિત દેશના કેવી? | ૨૪૫ |
| ૫. | આચાર્ય શાસનના આધાર છે. | ૨૪૭ |
| ૬. | આચારજ મુનિપતિ ગણી ગુણ.... | ૨૫૧ |
| ૭. | ભરવાડ પૂતળા-પ્રધાન ગુરુનું દૃષ્ટાંત | ૨૫૧ |
| ૮. | નિવૃત્તિના આનંદના ૩ ઉપાય | ૨૫૬ |
| ૯. | વીર્યાચારની સાધના | ૨૬૦ |
| ૧૦. | ભવી જીવ બોધક, તત્ત્વ શોધક | ૨૬૩ |
| ૧૧. | સંવર-સમાધિને ગત-ઉપાધિ-દુવિધ તપગુણ-આગરા | ૨૬૫ |
| ૧૨. | પંચ આચાર જે સુધા પાળે, | ૨૭૦ |
| ૧૩. | વર છત્રીસ ગુણે કરી સોહે, | ૨૭૩ |
| ૧૪. | તે આચારજ નમીયે અકલુષ અમલ.... | ૨૯૦ |
| ૧૫. | જે દિયે સારણ-વારણ-ચોયણ; પડિચોયણ, | ૨૯૬ |
| ૧૬. | ધ્યાતા આચારજ ભલા | ૩૦૩ |
| ૧૭. | ન તં સુહં દેઈ પિયા ન માયા, | ૩૦૭ |
| ૧૮. | ગુરુના ચરણ એટલે શું? બે અર્થ | ૩૧૦ |




## નવપદ પ્રકાશ

## પ્રાસંગિક

અનંત ઉપકારી શ્રી જૈન શાસનમાં પરમ મંગળમય શ્રી અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ, અને દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ આ નવપદનો અપરંપાર મહિમા છે. નીચેની કક્ષાથી માંડીને ઉચ્ચકક્ષા સુધી પહોંચેલા તમામ સાધક આત્માઓ માટે શ્રી નવપદની મન-વચન-કાયાથી આરાધના, ઉપાસના અને આલંબન. એ પરમ કલ્યાણ કરનારા બને છે. શ્રી નવપદની આરાધના એ જ શ્રી જૈનશાસનનો સાર અને સૂર છે. એના વિના મુક્તિ લભ્ય નથી.

વાચક-શિરોમણિ પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબે રચેલી શ્રી નવપદજીની પૂજામાં જૈન શાસનના સારભૂત આ નવપદના અનેક માર્મિક અને મહત્ત્વપૂર્ણ રહસ્યો છૂપાયેલા પડ્યાં છે એનો આસ્વાદ સામાન્ય પણ ભવ્યાત્માઓને સુગમતાએ પ્રાપ્ત થાય એ હેતુથી દર્શનશાસ્ત્રનિપુણમતિ પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે પોતાના શિષ્યવર્ગ સમક્ષ વિ.સં. ૨૦૩૬ મહાસુદ - ૬ના દિવસે દાદર મુકામે **"શ્રી નવપદની પૂજાના રહસ્યભાવો"** આ વિષય પર અર્થ-ગંભીર વાચનાઓ આપવાનો શુભ પ્રારંભ કર્યો અને એ રીતે શેષકાળમાં વિહારમાં દાદર, સાયન, ઘાટકોપર, મલાડ, કાંદિવલી, બોરીવલી, કોટ વગેરે જે જે સ્થળોએ આ જ્ઞાનગંગા વહેતી રહી એ બધા સ્થળે વિશાળ શ્રોતાવર્ગમાં અજબ ગજબનો તત્ત્વરસ જામી પડ્યો. વિહાર સુધીમાં સાધુ પદ સુધીની વાચનાઓ થઈ તેના અવતરણને પૂજ્યશ્રીએ પોતે અનેકવિધ કામો વચ્ચે પણ તપાસી આપવાનો બહુમૂલ્ય અનુગ્રહ કર્યો. **"નવપદપ્રકાશ"** નામના ગ્રન્થરત્નના અંશરૂપે અરિહંતપદ, સિદ્ધપદ, આચાર્યપદ, ઉપાધ્યાયપદ, સાધુપદ સુધી વાચનાઓ થયેલ છે. તેનો આસ્વાદ લઈ સમગ્ર પાઠકગણ શ્રી નવપદના ધ્યાન-ઉપાસના ભક્તિ-આરાધનામાં તલ્લીન બને એ જ શુભેચ્છા.

**(પ્રથમ આવૃત્તિમાંથી)**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વિરચિત
શ્રી નવપદજીની પૂજા.

❖ ❖ ❖

## પ્રથમ શ્રી અરિહંતપદ પૂજા

(કાવ્યમ્ - ઉપજાતિ છંદ)

ઉપ્પન્ન-સન્નાણ-મહોમયાણં, સપ્પાડિહેરાસણ-સંઠિયાણં,
સદેસણાણં દિયસજ્જણાણં, નમો નમો હોઉ સયા જણાણં.

**(ભુજંગપ્રયાત છંદ)**

**નમોઽનંતસંત પ્રમોદ પ્રદાન**
**પ્રધાનાય ભવ્યાત્મને ભાસ્વતાય,**
**થયા જેહના ધ્યાનથી સૌખ્યભાજા,**
**સદા સિદ્ધચક્રાય શ્રીપાલ રાજા. ૨**

**કર્યાં કર્મ દુર્મર્મ ચકચૂર જેણે,**
**ભલાં ભવ્ય નવપદ ધ્યાનેન તેણે,**
**કરી પૂજના ભવ્ય ભાવે ત્રિકાળે,**
**સદા વાસિયો આતમા તેણે કાળે. ૩**

**જિકે તીર્થંકર કર્મ ઉદયે કરીને.**
**દીયે દેશના ભવ્યને હિત ધરીને.**
**સદા આઠ મહાપાડિહારે સમેતા,**
**સુરેશે નરેશે સ્તવ્યા બ્રહ્મ પૂતા. ૪**

**કર્યાં ઘાતિયાં કર્મ ચારે અલગ્ગા,**
**ભવોપગ્રહી ચાર જે છે વિલગ્ગા,**
**જગત્ પંચ કલ્યાણકે સૌખ્ય પામે,**
**નમો તેહ તીર્થંકરા મોક્ષકામે. ૫**

**(ઢાળ-ઉલાળાની દેશી)**

**તીર્થપતિ અરિહા નમું, ધર્મધુરંધર ધીરોજી;**
**દેશના અમૃત વરસતા, નિજ વીરજ વડવીરોજી. ૧**



**(ત્રોટક છંદ)**

**વર અક્ષય નિર્મળ જ્ઞાન ભાસન, સર્વ ભાવ પ્રકાશતા,**
**નિજ શુદ્ધ શ્રદ્ધા આત્મ ભાવે, ચરણથિરતા વાસતા,**
**જિન નામકર્મ પ્રભાવ અતિશય, પ્રાતિહાર જ શોભતા,**
**જગજંતુ કરુણાવંત ભગવંત, ભવિક જનને થોભતા. ૨**

**(પૂજા-ઢાળ, શ્રીપાળ રાસની દેશી)**

**ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી, જેણે બાંધ્યું જિનનામ,**
**ચોસઠ ઇન્દ્રે પૂજિત જે જિન, કીજે તાસ પ્રણામ રે,**
**ભવિકા ! સિદ્ધચક્રપદ વંદો, જિમ ચિરકાળે નંદો રે,**
**વંદીને આનંદો, નાવે ભવભયફંદો, ટાળે દુરિતહ દંદો,**
**સેવે ચોસઠ ઇંદો, ઉપશમરસનો કંદો, જિમ ચિરકાળે નંદો રે. ભવિકા ! સિદ્ધ૦ ૧**

**જેહના હોય કલ્યાણક દિવસે, નરકે પણ અજવાળું;**
**સકળ અધિક ગુણ અતિશયધારી, તે જિન નમી અઘ ટાળું રે. ભવિકા ! સિદ્ધ૦ ૨**

**જે તિહુંનાણ સમગ્ગ ઉપન્ના, ભોગકરમ ક્ષીણ જાણી,**
**લેઈ દીક્ષા શિક્ષા દીયે જનને, તે નમીએ જિન નાણી રે. ભવિકા ! સિદ્ધ૦ ૩**

**મહાગોપ મહામાહણ કહીએ, નિર્યામક સત્થવાહ;**
**ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમીએ ઉત્સાહ રે. ભવિકા ! સિદ્ધ૦ ૪**

**આઠ પ્રતિહાર જ જસ છાજે, પાંત્રીસ ગુણયુત વાણી,**
**જે પ્રતિબોધ કરે જગજનને, તે જિન નમીએ પ્રાણી રે. ભવિકા ! સિદ્ધ૦ ૫**

**દુહા**

અરિહંતપદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે. ૧

વીર જિનેશ્વર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમ ધ્યાને આતમ-ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર૦ ૨

### શ્રી અરિહંતપદ કાવ્ય

જિયંતરાગારિગણે સુનાણે, સપ્પાડિહેરાઇસયપ્પહાણે;
સંદેહ સંદોહરયં હરંતે, ઝાએહ નિચ્ચંપિ જિણેઽરિહંતે. ૧

### સ્નાત્ર કાવ્ય (દ્રુતવિલંબિત છંદ)

વિમલ કેવલ ભાસન ભાસ્કરં, જગતિ જંતુ મહોદય કારણમ્;
જિનવરં બહુમાન જલૌઘતઃ શુચિમના; સ્નપયામિ વિશુદ્ધયે.૧


સ્નાત્ર કરતાં જગદ્ગુરુ શરીરે, સકલ દેવે વિમળ કળશાની રે;
આપણાં કર્મમલ દૂર કીધાં, તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા. ૨

હર્ષ ધરી અપ્સરાવૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ ભાવે,
જિહાં લગે સુરગિરિ જંબૂદીવો, અમતણા નાથ દેવાધિદેવો. ૩

### મંત્ર

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-
નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં યજામહે સ્વાહા.

✦ ✦ ✦





ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ કૃત

## નવપદપૂજા પર વાચનાઓ

**(વાચના ૧ અરિહંત)** દાદર મહાસુદ ૬, ૨૦૩૬, ૨૩-૧-૮૦

**પ્રાસ્તાવિક :** વર્તમાન શ્રી જૈનસંઘમાં ખાસ કરીને વર્ષની શાશ્વતી બે ઓળીમાં શ્રી નવપદજીની પૂજા ભણાવવાનો રિવાજ ચાલે છે. એમાં મહોપાધ્યાય ન્યાયવિશારદ શ્રી યશોવિજયજી મહારાજની નવપદપૂજાના પદે પદમાં તાત્ત્વિક ગંભીર ભાવ સમાયેલા છે. જે નવપદના અરિહંત, સિદ્ધ વગેરે દરેક પદ ઉપર વિસ્તારથી ખ્યાલ આપે છે, અને નવપદ એ શ્રી જિનશાસનનો સાર છે. તેથી અહીં એનો વિસ્તૃત વિચાર કરવામાં આવે છે.

**નવપદ એટલે શ્રી જિનશાસન :** કેમકે નવ પદમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ-એ પાંચ ઉપાસ્ય પરમેષ્ઠિનાં પદ છે. અને દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ-એ ચાર ઉપાસનાનાં પદ છે.

પરમેષ્ઠિ એ ધર્મી છે અને ઉપાસના એ ધર્મ છે. ધર્મી અને ધર્મમય શ્રી જિનશાસન છે. શ્રી જિનશાસન એટલે શ્રી જિનેશ્વર ભગવાનનું શાસન અર્થાત્ પ્રવચન. જિન પ્રવચન મુખ્યતયા શ્રી દ્વાદશાંગી આગમને કહેવામાં આવે છે.

**શાસનનો સાર સંયમ :** આ સમગ્ર દ્વાદશાંગીનો સાર સંયમ છે. સંયમમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપનો સમાવેશ છે. આ સંયમ ક્યાં જોવા મળે ? તો કે પંચ પરમેષ્ઠિમાં. એમાં અરિહંત અને સિદ્ધમાં સંયમનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ છે, ત્યારે આચાર્ય, ઉપાધ્યાય ને સાધુમાં સંયમની પૂર્ણ ઉપાસના ચાલુ છે. એટલે જ પાંચે પરમેષ્ઠિ મુમુક્ષુ જીવને ઉપાસ્ય બને છે, કેમકે સંયમ વિના મોક્ષ મળે નહીં એટલે સ્વાભાવિક છે કે મોક્ષના અર્થીને સંયમની ઉપાસના કરવી રહે અને એ ઉપાસનાના આલંબન માટે ઉપાસ્ય તરીકે પંચ પરમેષ્ઠિ લક્ષ્ય તરીકે રાખવા જોઈએ.

**સંયમ અને સંયમાસંયમ :**

પ્ર. - પરમેષ્ઠિમાં સાધુને લીધા તેમ વ્રતધારી શ્રાવકને કેમ ન લીધાં ? તેમનામાં પણ દેશથી સંયમ તો છે જ.

ઉ. - શ્રાવકમાં દેશથી સંયમ એટલે સંયમાસંયમ છે. અર્થાત્ સંયમ સાથે અસંયમ પણ છે અને મુમુક્ષુને આદર્શ તરીકે લેશ પણ અસંયમવાળાને રાખવાના

ન હોય, ઉપાસના સંયમની અને શુદ્ધ સંયમધારીની જ કરવાની હોય, તેથી શ્રી જિનશાસનમાં પાંચ પરમેષ્ઠિ એ જ ઉપાસ્ય છે, પુજ્ય છે, અને દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ એ જ ઉપાસના છે, એટલે પાંચ ધર્મી છે અને ચાર ધર્મ છે.

શ્રી ઉપા. મહારાજની શ્રી નવપદજીની પૂજામાં આ નવનાં અદ્‌ભુત ભાવો રજૂ થયેલા છે. એ ભાવોને રહસ્યપૂર્વક સમજવામાં આવે તો તેના પર ખૂબ સુંદર ચિંતન અનુપ્રેક્ષા કરી શકાય અને તે દ્વારા જીવનમાં એ નવે પદની ભવ્ય આરાધના-ઉપાસના થઈ શકે. એમાં પાંચ પદો ઉપાસ્ય અર્થાત્‌ લક્ષ્ય તરીકે અને ચાર પદની ઉપાસના આચરણ તરીકે જીવનમાં ઉતારવાની છે. તાત્પર્ય નવપદની સમજ અને એનો બોધ જીવનમાં આરાધના માટે ખૂબ ઉપયોગી છે, એથી અહીં એ બોધ માટે આ નવપદપૂજાના પદે પદ પર વિવેચન કરવામાં આવે છે.

## નવપદ પૂજા : ચાર કર્તાની કૃતિ :

પ્રસ્તુત ઉપા. કૃત નવપદની દરેક પૂજામાં ચાર અંશ, છે : પ્રારંભિક પ્રાકૃત ગાથા આ. શ્રી રત્નશેખર સૂરિ કૃત 'સિરિવાલ કહા'ની અંતર્ગત છે. એ પછી આ. શ્રી જ્ઞાનવિમલ સૂરિજી કૃત ભુજંગપ્રયાત છંદમાં કાવ્ય છે. ત્યારબાદ શ્રી દેવચંદ્ર સૂરિજી કૃત ઉલાળો ને ત્રોટક છંદમાં કાવ્યો અને છેલ્લે ઉપા. શ્રી યશોવિજયજી મહારાજકૃત ઢાળ છે. નવે પદની આ ઢાળો એમણે શ્રીપાલરાસમાં શ્રીપાલ મહારાજાની નવપદની ભાવના રૂપે ગૂંથેલી છે. આ ઢાળોમાં નવપદનો વિસ્તારથી વિચાર છે. તેથી સમગ્ર સંગ્રહને ઉપાધ્યાયજી કૃત 'નવપદ પૂજા' તરીકે ઓળખવામાં આવે છે.

**શ્રીપાલરાસ :** આમ તો ઉપા. શ્રી વિનય વિજયજી મહારાજે રચેલો છે. પરંતુ એ રાસનો ઘણો અંશ રચ્યા પછી તેમનો દેહોત્સર્ગ થયો. તેમના સમકાલીન ન્યાયાચાર્ય ઉપા. શ્રી યશોવિજયજી મહારાજે તે રાસને પૂર્ણ કર્યો. આ રાસ આ. શ્રી રત્નશેખર સૂરિકૃત "સિરિ સિરિવાલ કહા" પરથી રચવામાં આવેલ છે, અને એમાં શ્રી શ્રીપાલ મહારાજા અને મયણા સુંદરીનું ચરિત્ર આલેખવા સાથે નવપદનું વર્ણન, અને તેનો મહિમા અને પ્રભાવ પ્રસ્તુત કરવામાં આવેલ છે.

## શ્રીપાલ રાસકથા-તે વાસ્તવિક કથા છે :

પ્ર. - આજે કેટલાક કહેવાતા ભણેલા આ સવાલ ઉઠાવે છે કે આ કથા ક્યાંથી લાવ્યા ? આગમમાં એ મળતી નથી, માટે એ કાલ્પનિક છે.

ઉ. - વર્તમાનમાં વિકૃત બુદ્ધિ "જૂનું એટલું ખોટું" એમ ઠરાવવાનો પ્રયત્ન કરે છે. એની પાછળ એ હેતુ લાગે છે કે જૂનું ખોટું ઠરે એટલે એને માનવાનું મટી



ગયું, પછી ખોટાનું અનુકરણ શું કરવું ? વાસ્તવમાં old is gold-જૂનું એ સોનું છે, કેમકે જૂના કાળમાં સંસ્કૃતિનો મહાન વિકાસ હતો, તેવી વિકસિત સંસ્કૃતિમાં જે ધર્મપાલન થતાં હતાં, તેની અપેક્ષાએ આજે પાશ્ચાત્ય સંસ્કૃતિ (વિકૃતિ)ની અસર હેઠે આવેલાને, એવો ધર્મ પામવો દુષ્કર બને છે. એવા ધર્મપાલનની નબળાઈને ઢાંકવા તેમને 'જૂનું એ ખોટું' એમ રજૂ કરવું પડે છે. બાકી ખરેખર તો જૂના કાળમાં ઉત્તમ ધર્મપાલન કરનાર મહાપુરુષોના જીવન આદર્શરૂપ છે. એ નજર સામે રાખવાથી ઉત્તમ ધર્મપાલનની પ્રેરણા મળે છે.

હવે આ કથા આગમમાં ક્યાં મળે છે. તેનો વિચાર કરીએ.

**ગુરુમુખે આગમજ્ઞાન :** પૂર્વના કાળમાં પુસ્તકીયું જ્ઞાન ન હતું. આગમો ગુરુમુખે ભણવાના રહેતા અને તે સાંગોપાંગ કંઠસ્થ રખાતા. પછી અવસર્પિણી કાળના હિસાબે તેમજ પંચમકાળમાં ખાસ કરીને બુદ્ધિનો હ્રાસ-સ્મૃતિભ્રંશ વગેરે કારણે કેટલુંક ભૂલાતું આવ્યું. એમાં દ્વાદશાંગીમાંના બારમા અંગ "દૃષ્ટિવાદ"માં મુખ્ય એક ભાગ ચૌદ પૂર્વ મહા શાસ્ત્રોનો હતો, તે તો ક્રમશઃ સંપૂર્ણ ભૂલાઈ ગયો, છતાં એમાંની કેટલીક વાતો પરંપરામાં ચાલુ રહી. એવી રીતે દ્વાદશાંગીના છઠ્ઠા અંગ 'શ્રી જ્ઞાતા અધ્યયન'માં સાડાત્રણ ક્રોડ કથાઓ હતી. તે પણ ઘણીખરી ભૂલાઈ ગઈ. છતાં એમાંની કેટલીક કથાઓ આચાર્યપરંપરામાં ચાલુ રહી. આવી એક કથા શ્રી શ્રીપાલ ચરિત્ર તરીકે હોય, તેને શ્રી રત્નશેખર સૂરિજી મહારાજે ગ્રંથારૂઢ કરી, એમ માનવામાં ક્યાં વાંધો આવે છે કે જેથી એને કાલ્પનિક કહેવાનું દુસ્સાહસ કરી શકાય ?

શ્રી શ્રીપાલ મહારાજા બારમા તીર્થંકર ભગવાન શ્રી વાસુપૂજ્ય સ્વામીના શાસનમાં અથવા ૨૦મા તીર્થંકર ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીના શાસનમાં થઈ ગયેલા તરીકે પ્રસિદ્ધ છે.

## ગુરુમુખે જ્ઞાનનો વારસો :

જ્ઞાનનો હ્રાસ કેવો થતો આવે છે, તે આપણને શ્રી ગણધર ભગવાન પછી એમના શિષ્યોની પરંપરામાં ચાલી આવતા જ્ઞાનના વારસા પરથી જાણવા મળે છે.

દા.ત. ગણધર શ્રી સુધર્મા સ્વામીએ તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામીજી પાસેથી ત્રિપદી મેળવીને શ્રી દ્વાદશાંગી આગમની રચના કરી. એમાં બારમા અંગમાં મોટા દરિયા જેવડા ચૌદપૂર્વશાસ્ત્રની રચના સમાવી. પછી એમણે પોતાના શિષ્ય શ્રી જંબૂસ્વામીને એ સાંગોપાંગ ભણાવી. સૂત્રથી એક અક્ષરે ઓછો નહીં, પરંતુ

એનું અર્થજ્ઞાન જે આપ્યું તે પોતે જાણતા એટલું બધું જ આપી શક્યા નહીં, કેમકે 'સૂત્ર પરિમિત છે, પરંતુ અર્થ અનંત છે, અને એટલો બધો અર્થ આપવાનો સમય પણ ક્યાં મળે ? એટલે કહેવાય છે કે શ્રી ગણધર મહારાજા પાસે જે શ્રુતજ્ઞાન હોય છે, તે ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન છે એટલું એમના ખુદના શિષ્ય પાસે પણ શ્રુતજ્ઞાન નહીં.

### "લોગપજ્જોઅગરાણં"ના બે અર્થ :

એટલા જ માટે શ્રી 'નમુત્થુણં સૂત્ર'ની શ્રી 'લલિતવિસ્તરા' નામની ટીકામાં આ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે "લોગપજ્જોઅગરાણં" પદની વ્યાખ્યામાં સ્પષ્ટ કર્યું કે અરિહંત ભગવાન માત્ર ગણધર મહારાજો માટે 'પ્રદ્યોત' કરનારા છે, અહીં 'લોક' શબ્દનો અર્થ 'ગણધર લોક' લીધો અને એમને પ્રદ્યોત કરનારા એટલે કે શ્રુતજ્ઞાનનો ઉત્કૃષ્ટ પ્રકાશ આપનારા ભગવાન બતાવ્યા.

ત્યારે બીજા ભવ્યજીવોની અપેક્ષાએ ભગવાન "લોગ પઈવ" અર્થાત્ 'પ્રદીપ' જેવા છે. અભવ્ય લોકોને તો ભગવાનની વાણી મળે તોય પ્રકાશ કરનારી બનતી નથી. એટલે "લોગ પઈવાણં" પદમાં 'લોક' શબ્દથી ભવ્ય લોક કે જેના સુધી ભગવાનની વાણીનો પ્રકાશ પહોંચે છે, એને લઈને ભગવાન 'પ્રદીપ'ની માફક જ્ઞાનનો પ્રકાશ આપનારા છે.

આમ જ્ઞાનનો પ્રકાશ ઉત્તરોત્તર ઓછો થતો આવે, એમાં સૂત્રથી કેટલું ય ભુલાઈ જાય, છતાં અર્થથી કેટલીક વસ્તુની પરંપરા ચાલુ રહે એ સ્વાભાવિક છે. એવું આ શ્રી શ્રીપાલ ચરિત્ર અંગે સમજવાનું છે કે આગમમાં સૂત્રથી એ વીસરાઈ ગયું હોય, છતાં અર્થથી ચરિત્રનો અધિકાર ચાલ્યો આવતો હોય એને શ્રી રત્નશેખર સૂરિ મહારાજે 'સિરિ સિરિવાલ કહા'માં ગુંથી લીધો.

### કાલ્પનિક કથાનો નિર્દેશ :

બીજી એક વસ્તુ એ સમજવાની છે કે આગમ શાસ્ત્રોમાં કાલ્પનિક કથાઓ પણ અપાયેલી છે, કિંતુ ત્યાં કાલ્પનિક તરીકે એને નિર્દેશવામાં આવેલ છે. દા.ત. શ્રી ઉત્તરાધ્યયનમાં એલક અધ્યયન છે. એમાં સંસારના રળિયામણા દેખાતા વિષયો પરિણામે ખતરનાક છે. એ બતાવવા ગાય અને એના વાછરડાનો સંવાદ મૂકવામાં આવ્યો છે. અને તેને બોધ માટે કાલ્પનિક સંવાદ હોવાનું દર્શાવવામાં આવ્યું છે.

એમ શ્રી આવશ્યક સૂત્ર નિર્યુક્તિ આગમમાં અયોગ્ય શિષ્યને ઉપદેશ ન દેવા માટે પુષ્કરાવર્ત મેઘ અને મગસેળિયા પાષાણની કથા તેમજ સાધુએ ભિક્ષાચર્યામાં નિર્દોષિતા અંગે સાવધાન રહેવા માટે 'માછીમાર'ના સકંજામાં ત્રણ ત્રણ વાર ન



ફસાતાં માછલાની કથા આપવામાં આવી છે, તે પણ ત્યાં કાલ્પનિક તરીકે નિર્દેશાયેલી છે.

આ સૂચવે છે કે બાકીની કથાઓ, ચરિત્રો એ કાલ્પનિક નહિ, પણ વાસ્તવિક બનેલી હકીકત છે,

**શ્રીપાલ ચરિત્રની વાસ્તવિકતા :** પરંપરામાં મોઢે મોઢે ચાલી આવતી વાસ્તવિક કથાઓ, ચરિત્રો વગેરે વિસ્તારથી ભૂલાતાં જવાનું જોઈ પૂર્વાચાર્યોએ એને પુસ્તકારૂઢ કર્યાં છે. શ્રી સમરાઇચ્ચ કહા, શ્રી કુવલયમાલા ચરિત્ર વગેરેની જેમ સિરિ સિરિવાલ કહા (શ્રી શ્રીપાલ ચરિત્ર) વગેરેને તેના દૃષ્ટાંત રૂપે સમજી શકાય.

એક સમાધાન એ પણ છે કે કાળ અનંતા પુદ્ગલ પરાવર્તનો વીતી ચૂક્યો. તેમાં એકેક પુદ્ગલ પરાવર્તમાં અનંતા કાળચક્ર વીત્યાં, જે એકેકા કાળચક્રમાં ૨૦ કોટાકોટી સાગરોપમ અર્થાત્ ૨૦૦ કોટાકોટી પલ્યોપમ પ્રમાણ ૬+૬=૧૨ ઉત્સર્પિણી અવસર્પિણીના આરા વીત્યા. આવા જંગી કાળમાં શ્રી શ્રીપાલ ચરિત્રમાં એવી શી બાબત છે કે જે બનવી સંભવિત ન હોય ? હા ! એમ કહ્યું હોય કે 'એક પથ્થર પડ્યો હતો, શિલ્પીએ તેનું સિંહનું બાવલું બનાવ્યું અને વિજ્ઞાને તેમાં પ્રાણ પૂર્યા, એટલે એ જીવંત સિંહ તરીકે ફરવા લાગ્યો. આવું કાંઈક કહ્યું હોય તો તે અસંભવિત છે, એમ કહી શકાય, કારણ કે અજીવ કોઈ દિવસે જીવ બની શકે નહીં; પરંતુ શ્રીપાલ ચરિત્રમાં એવું અસંભવિત જેવું કાંઈ નથી. અરે ! આજે તો છાપામાં એવા બનાવ આવે છે કે જે ટૂંકી બુદ્ધિવાળાને તદ્દન અસંભવિત લાગે. જેમકે જંગલમાં એવાં ઝાડ છે કે જેનાં પત્તાં રાતના પ્રકાશ વેરતા હોય અથવા છોડવાના એવાં પત્તાં છે કે જો એના પર જંતુ બેસે તો પાંદડું તરત સંકોચાઈ જાય અને તે જીવના સત્ત્વને ચૂસી લે અને પાંદડું પાછું પૂર્વવત્ થઈ જાય, આવી અસંભવિત લાગતી વસ્તુ આજે પણ હકીકત રૂપ બને છે, એમ આજના પેપરો દ્વારા જાણવા મળે છે. આ અપેક્ષાએ તો શ્રીપાલ ચરિત્રની વિગતો કશી અસંભવિત નથી. માટે શ્રીપાલચરિત્ર કાલ્પનિક નથી.

### તાત્કાલિક ઉગ્ર પુણ્યપાપનું ફળ :

પ્ર. - શ્રીપાલકુમાર ધવલ શેઠથી વહાણમાંથી નીચે દરિયામાં ફેંકાયા. તે તો સંભવિત વાત. પરંતુ એ જ વખતે નીચે સમુદ્ર સપાટી પર મગરમચ્છની પીઠ પર ઝીલાયા અને મગરમચ્છે તેમને થાણા બંદરે ઉતારી દીધા-આ વસ્તુ અસંભવીત કેમ નહીં ? માટે શ્રીપાલ કથા કાલ્પનિક કેમ નહીં ?

ઉ. - જૈનશાસનમાં બતાવેલા ઉત્કટ ધર્મ અને ઉત્કટ પાપના પ્રભાવની જેને ગમ ન હોય-અતિ ઉગ્ર પુણ્ય પાપના અહીં જ મળતા અસાધારણ ફળની જેને ખબર ન હોય એ જ આવા ચરિત્ર પ્રસંગને કાલ્પનિક કહે. શાસ્ત્ર કહે છે કે **अत्युग्र पुण्यपापानामिहैव लभ्यते फलम्** એટલે કે અતિ ઉગ્ર પુણ્ય કે પાપોનું અર્થાત્ અતિ ઉગ્ર સુકૃત દુષ્કૃતોનું આ જન્મમાં જ ફળ મળે છે. આ શાસ્ત્ર વચનના હિસાબે શ્રીપાલકુંવરની અતિ ઉગ્ર શ્રી નવપદ જેવી ઉપાસનાના ફળ રૂપે દરિયામાં ફેંકાવા પ્રસંગે એમની રક્ષા અર્થે કોઈ દેવતા જ મગરમચ્છનું રૂપ કરી એમને ઝીલી લે ને સમુદ્ર કાંઠે મૂકી દે એમાં શું અસંભવિત છે ?

## ઊંચા ભાવોલ્લાસનું ફળ :

દા.ત. શાસ્ત્રમાં રાત્રિભોજન ત્યાગના પ્રભાવ પર બ્રાહ્મણ પુત્રીના દૃષ્ટાંતમાં આવે છે કે એ સાસરે ગયા પછી ઘણું કષ્ટ પડવાં છતાં પણ અતિ ઊંચા ભાવોલ્લાસથી રાત્રિભોજન ત્યાગનું વ્રત પાળી રહી છે અને એથી સાસુ ખીજાઈ જતાં એના કહેવાથી વહુને સસરો ને તેનો પતિ એના પિયેર મૂકી આવવા નીકળી પડે છે.

રસ્તામાં અંધારું થતાં નજદીકના ગામમાં ઓળખીતાને ત્યાં રાતવાસો કરવા જાય છે. ત્યાં જજમાન દૂધપાક પૂરી બનાવી, એ બધાનો અતિથિસત્કાર કરે છે. સૌ જમે છે, પરંતુ બ્રાહ્મણપુત્રી અણનમ રહી રાત્રે જમતી નથી. દૂધપાકમાં સર્પનું ઝેર પડેલું હોઈ જમનારા બધા જમ્યા પછી બેભાન થઈ લાંબા પડ્યા. ત્યાં છોકરીએ તત્કાલ પરિસ્થિતિ સમજી લઈ ઘરના નોકર દ્વારા વૈદ્યને બોલાવી વમનના ઉપચાર કરાવ્યા. સૌ જીવતા થયા અને વૈદ્યે તપાસ કરતાં દૂધપાક રંધાવાની જગ્યાએ ઉપર ચંદરવામાં સાપ ભરાઈ ગયેલો, ને તેના મોઢામાંથી ઝેર સાથે લાળ ટપકતી જોઈ-એ પરથી સસરો ને ધણી રાત્રિભોજન ત્યાગના મહા પ્રભાવને જોઈ તાજુબ થઈ ગયા. તેમણે વહુની ક્ષમા માગી અને સવારે વહુને પાછી ઘેર લઈ ગયા.

અતિ ઉગ્ર સુકૃતના પુણ્ય તાત્કાલિક ફળે એ સમજવાની ગમ ન હોય એ બધું કાલ્પનિક ગણે અને કહે : આ વખતે જ ત્યાં સાપ કેમ આવ્યો ? એ જ વખતે ત્યાં દૂધપાક કેમ બન્યો ? પહેલાં પછી કેમ નહિ ? એવા પ્રશ્નો એ બધા કુતર્કો છે. બાકી આજે પણ માણસને અતિ ઉગ્ર સુકૃતના પુણ્યનું અથવા પૂર્વના પુણ્યનું ગેબી ફળ મળે છે, એ દેખાય છે.

આ જોઈને શ્રીપાલ ચરિત્રના પ્રસંગોને કાલ્પનિક કહેવા એ નરી મૂર્ખતા અને મૂઢતા છે. અસ્તુ

❖ ❖ ❖



# અરિહંત પદની પૂજા

કાવ્યની શરૂઆત :

**ઉપ્પન્નસન્નાણ મહોમયાણં, સપ્પાડિહેરા સણ સંઠિયાણં ।**
**સદ્દેસણાણં દિયસજજણાણં, નમો નમો હોઉ સયા જિણાણં ॥**

ઉપ્પન્ન સન્નાણ મહોમયાણં-આ પહેલું કાવ્ય, પૂ. શ્રી રત્નશેખરસૂરી મહારાજનું છે તે "સિરિ સિરિવાલ કહા" માંનો શ્લોક છે. તે કથા પ્રાકૃત ભાષામાં છે.

તેની ભાષા melodieous-મધુરતા ભરેલ છે.

**'નમો નમો'ની વિશિષ્ટતા :** "નમો નમો હોઉ સયા જિણાણં"-જિનેશ્વર ભગવાનને હંમેશાં અમારો વારંવાર નમસ્કાર હો.

અહીં 'નમો નમો' બે વાર કહ્યું તે 'વીપ્સા' કહેવાય. વીપ્સા એટલે બે વાર બોલવું-જેનો અર્થ 'વારં વાર'ની એ ક્રિયા સૂચવે છે. દા.ત. 'બોલ બોલ' કરે છે, એટલે તે 'વારં વાર' બોલે છે. સિદ્ધચક્કસ્સ નમોનમ : એટલે સિદ્ધચક્રને વારંવાર નમસ્કાર કરું છું; તેમ અહીં જિનેશ્વર ભગવાનને હંમેશ વારંવાર નમસ્કાર કરું છું એ અર્થ છે.

'નમો નમો હોઉ' અર્થાત્ વારંવાર નમસ્કાર હો; એટલે નમસ્કારની પ્રાર્થના કરી. પ્રાર્થના એટલે કરી કે આખો દિવસ પ્રત્યેક ક્ષણે નમો જિણાણં, નમો જિણાણં, એમ વારંવાર નમસ્કાર કરી શકાતો નથી અને નમસ્કાર કરવાનું મન છે, માટે તે પ્રાર્થના છે. 'હું હૃદયથી આ ઇચ્છું છું' એવી ભાવના અહીં પ્રગટ કરી છે.

'જિનેશ્વરને નમસ્કાર' તે ઉત્તમ કોટિનું કર્તવ્ય છે. દેરાસરમાં દર્શન કરવા ગયા. ત્યાં મૂર્તિઓ ઘણી છે. દર્શન કરતાં દરેક ભગવાનને અલગ અલગ નમસ્કાર કરવા જોઈએ. 'નમો જિણાણં નમો જિણાણં' એમ દરેક ભગવાનનું મુખ જોઈ બોલવું જોઈએ, પણ તેમ નથી કરતા, કારણકે, અનેક નમસ્કારના વિશિષ્ટ લાભ તરફ દૃષ્ટિ નથી, તે કરવું જ જોઈએ તેવું હૃદયમાં વસી નથી ગયું, પણ તે ઉત્તમ કર્તવ્ય છે, એમ સમજ્યા બાદ તો અનેક બિંબવાળું મંદિર મળે તો મન હર્ષથી કૂદે. ભગવાન ઘણા જોઈ આનંદ-આનંદ થાય પણ કેટલાકને તો થાય કે 'કેટલા બધા ભગવાનને મારે હાથ જોડવાના !' આ શું છે ? સુકૃતનો અનુત્સાહ. જે આ મહાન સુકૃત કમાઈ લેવાનું સમજે, તેને તો ઘણા ભગવાનને જોઈને ઉલ્લાસ થાય.

જિનેશ્વર ભગવાનને નમસ્કાર તે ઉત્તમ કોટિનું કર્તવ્ય સુકૃત છે. હવે આ જિનેશ્વર ભગવાન કેવા છે; એ કાવ્યકાર બતાવે છે.

"ઉત્પન્ન સન્નાણ મહોમયાણં"

આ પ્રથમ કાવ્યમાં ભગવાનનાં ત્રણ કારણસૂચક વિશેષણ છે.

જિનેશ્વર ભગવાનને નમસ્કાર કેમ ? બીજાને કેમ નહિ ?

## જિનેશ્વર ભગવંતને નમસ્કારનાં કારણો :

જિનેશ્વર ભગવાન 'ઉપ્પન્ન-સન્નાણ મહોમયા' છે, અર્થાત્ ઉત્પન્ન થયેલ સમ્યગ્જ્ઞાન રૂપી - **મહસ્** તેજમય છે, મહોમય એટલે તેજોમય સમ્યગ્જ્ઞાન રૂપી. તેજોમય ફક્ત જિનેશ્વર ભગવાન છે, બીજા કોઈ ધર્મના દેવ ઈશ્વર એવા નહિ. અહીં "સન્નાણ" એટલે સમ્યગ્જ્ઞાન તે કેવળજ્ઞાન. તે અવધિજ્ઞાન નહિ. અહીં **સમ્યગ્** નો ભાવ સમજવાનો છે. 'સમ્યગ્'નો ભાવ શું છે ? શાસ્ત્ર વચન છે કે-

**जो एगम् जाणइ सो सव्वं जाणइ**

જે એકને જાણે છે, તે સર્વને જાણે છે.

જે એકને-એક દ્રવ્યને-એક વસ્તુને જાણે છે, પૂરી રીતે જાણે છે, તે સર્વને જાણે છે.

## સ્વપર્યાય અને પરપર્યાય :

જે સર્વ સમસ્ત વિશ્વના સમગ્ર દ્રવ્યોને જાણે છે, તે એક દ્રવ્યને પૂર્ણ રીતે-સારી રીતે જાણે છે.

પ્ર. - વસ્તુ સારી રીતે ક્યારે દેખાય ?

ઉ. - સમસ્ત વિશ્વને દેખીએ તો જ એક વસ્તુને સારી રીતે દેખી કહેવાય.

દરેક વસ્તુમાં બે પર્યાય છે-બે અવસ્થા હોય છે : સ્વપર્યાય અને પરપર્યાય.

સ્વપર્યાય એટલે પોતાના ગુણો-પોતાની અનુવૃત્ત અવસ્થા છે, જે પોતાનામાં સદ્ભાવરૂપે વણાયેલી હોય છે અને પરપર્યાય એટલે જે પોતાનામાં વ્યાવૃત્ત-અભાવ રૂપે વણાયેલી છે, અર્થાત્ પોતાનામાં નથી, પણ બીજામાં છે.

પ્ર. - જે પર્યાય પોતાનામાં નથી, પણ બીજાના પર્યાયો છે તે પર્યાય આ વસ્તુના કેમ કહી શકાય ?

ઉ. - વસ્તુમાં જેમ અમુક ધર્મો અનુવૃત્ત-અનુસ્યુત એટલે કે વસ્તુમાં વણાયેલા હોય છે, તેમ એનાથી વિપરીત ધર્મો વ્યાવૃત્ત એટલે કે વસ્તુથી વિમુખ થઈને રહેલા હોય છે : એટલે અનુવૃત્ત ધર્મ જેમ વસ્તુના છે, તેમ વ્યાવૃત્ત ધર્મો પણ એ જ વસ્તુના છે. દા.ત. ઘડો માટીમય છે, તે જ ઘડો સુવર્ણમય નથી. માટીમય



કોણ ? તો કે 'ઘડો'

સુવર્ણમય કોણ નહીં ? તો કે 'ઘડો'

અર્થાત્ જે ઘડો માટીમય છે, તે જ ઘડો સુવર્ણમય નથી. એટલે ઘડાની જ બે અવસ્થા આવી: વિધિરૂપે માટીમયતા અને નિષેધરૂપે સુવર્ણમયતા.

**તાત્પર્ય** : માટીમયતા એ ઘડાનો અનુવૃત્તિ પર્યાય અને સુવર્ણમયતા એ ઘડાનો વ્યાવૃત્તિ પર્યાય છે. અનુવૃત્તિ પર્યાય એ સ્વપર્યાય છે અને વ્યાવૃત્તિ પર્યાય એ પરપર્યાય છે.

પરપર્યાય એ બીજાને સાપેક્ષ પર્યાય છે.

દા.ત. આ પેન્સિલ નાની કે મોટી ? તે મોટી છે, અને નાની પણ છે.

મોટા સાથે મૂકીએ તો તે નાની છે અને નાના સાથે મૂકીએ તો તે મોટી છે; તેથી કોઈને મોટા તરીકે જોઈએ તો આ નાની તરીકે ઓળખાય.

એ સૂચવે છે કે "એકને અમુક રૂપે જાણ્યા વગર બીજાને અમુક રૂપે જાણી ન શકાય."

વસ્તુમાં સમગ્ર વસ્તુના સંબંધ બીજાની સાથેની સમાનતાથી કે અસમાનતાથી જાણી શકાય.

દરેક વસ્તુમાં જેમ પોતાના ધર્મ છે, તેમ બીજાની અપેક્ષાએ તે નકારવાના ધર્મ પણ છે.

દા.ત. આ વસ્તુ લાકડાની છે કે સોનાની ?

તો કહેવાય કે લાકડાની; કારણ વસ્તુમાં લાકડું તન્મય છે. સોનું તન્મય નથી.

વસ્તુમાં એક વણાયેલ ધર્મ છે અને બીજા નહિ વણાયેલ ધર્મો છે. વણાયેલ એટલે અનુસ્યુત-અનુવૃત્ત અને નહિ વણાયેલ એટલે વ્યાવૃત્ત ધર્મો. વણાયેલ ધર્મોને સ્વપર્યાય કહેવાય અને નહિ વણાયેલ ધર્મોને પરપર્યાય કહેવાય.

આમ એક વસ્તુને પૂરેપૂરી જાણવી હોય તો એના સમસ્ત અનુવૃત્તિ પર્યાય અને સમસ્ત વ્યાવૃત્તિ પર્યાય જાણવા જોઈએ. આ સમસ્ત વ્યાવૃત્તિ પર્યાયોમાં જગતના આ વસ્તુ (દ્રવ્ય)થી ભિન્ન સમસ્ત દ્રવ્યોના ભેદ (ભિન્નતા) પણ સમાવિષ્ટ છે. તેથી વસ્તુને એના સમસ્ત વ્યાવૃત્તિ પર્યાયોથી જાણવા માટે ઇતર સમસ્ત દ્રવ્યોની ભિન્નતા જાણવી જરૂરી બને છે, અને એ ભિન્નતા જાણવા માટે ઇતર સમસ્ત દ્રવ્યો જાણવા આવશ્યક બને છે, કેમકે એ જાણ્યા હોય તો જ તેનાથી આ

દ્રવ્યમાં ભિન્નતાઓ છે એ સમજી શકાય.

આમ એક દ્રવ્યને પૂરેપૂરું જાણવા માટે જગતના ઇતર સમસ્ત દ્રવ્યો અને એના પર્યાયો જાણવા જરૂરી છે, તેથી કહ્યું : **'जो सव्वं जाणइ सो एगं जाणइ ।'** 'જે સર્વને જાણે છે તે જ એકને પૂરેપૂરું જાણે છે' અને જે એકને પૂરેપૂરું જાણે છે, એણે સર્વને પૂરેપૂરા જાણી જ લીધા છે. **'जो एगं जाणइ सो सव्वं जाणइ ।'**

આવું "એક"ને સંપૂર્ણપણે જાણનાર માત્ર કેવળજ્ઞાન છે, જ્ઞાનમાત્ર; લેશ પણ કશાનું અજ્ઞાન નહિ, અર્થાત્ સર્વકાળના સમસ્ત દ્રવ્યો અને તેના સમસ્ત પર્યાયોનું જ્ઞાન ભૂત, ભવિષ્ય, કોઈ કાળનો કોઈ જ પદાર્થ, દ્રવ્ય કે પર્યાય અજ્ઞાત નહિ. આવા કેવળજ્ઞાન અર્થાત્ સમ્યક્‌જ્ઞાન રૂપી મહાતેજમય જિનેશ્વર ભગવાનને નમસ્કાર !

જિનેશ્વર ભગવાનમાં કેવળજ્ઞાનનું તેજ ઉત્પન્ન થયું છે. કેવળજ્ઞાન રૂપી તેજવાળા જિનેશ્વર ભગવાન :

**પ્ર.** - તો પછી અહીં જિનેશ્વર ભગવાનોને કેવળજ્ઞાનરૂપી તેજવાળા કેમ ન કહ્યા ? તેજોમય કેમ કહ્યા ? તેજોમય એટલે તો પોતે જ તેજ, તેજસ્વરૂપ.

ઉ. - એકાંતમથી અને અધુરા જ્ઞાની જૈનેતર ન્યાયાદિ દર્શનોની આ માન્યતા છે કે ભગવાનમાં કે આત્મામાં જે જ્ઞાન ગુણ છે, તે આધારથી તદ્દન ભિન્ન છે. તેથી એ એમ સમજે છે કે ભગવાન કે જીવાત્મા જ્ઞાનવાળા કહેવાય, જ્ઞાનમય નહિ, જ્ઞાનસ્વરૂપ નહિ. પરંતુ આ માનવું ખોટું છે, કેમકે જ્ઞાન જો આત્માથી એકાન્તે ભિન્ન જ હોય તો

(૧) આત્મામાં એનો સંબંધ જ ન થાય. સંબંધ માટે બીજો સમવાય વગેરે સંબંધ કલ્પવા જતાં એ સંબંધ પણ આત્માથી તદ્દન ભિન્ન હોઈ એનો ય આત્મામાં સંબંધ નહિ થઈ શકે. એ માટે વળી નવો સંબંધ કલ્પવા જતાં, એવા સંબંધોની કલ્પનાનો પાર જ નહિ આવે, અર્થાત્ અનવસ્થા થશે.

(૨) બીજી વાત એ છે કે જ્ઞાન જો જુદી વસ્તુ છે, તો એ આત્માનો સ્વભાવ નહિ રહે; કેમકે વસ્તુનો સ્વભાવ કાંઈ વસ્તુથી તદ્દન જુદો જ હોય. ત્યારે જો આત્માનો જ્ઞાનસ્વભાવ ન હોય તો તો જ્ઞાનસ્વભાવ વિનાના આત્મામાં આત્મપણું શું ? ચૈતન્ય શું ? કશું જ નહિ. એટલે જડ પણ જ્ઞાનસ્વભાવ વિનાના, અને આત્મા ય જ્ઞાન સ્વભાવ વિનાના-એમ આત્મા અને જડ બે સરખા જેવા થઈ જશે !

ખરેખર તો વિશ્વના સમસ્ત જડ પદાર્થો કરતાં આત્માની આ વિશેષતા છે,



કે એ ચેતન છે, એનામાં ચૈતન્ય સ્વભાવ છે, ચૈતન્ય એટલે જ્ઞાન. એ હિસાબે આત્મામાં જ્ઞાનસ્વભાવ છે. અને સ્વભાવ એ વસ્તુસ્વરૂપ હોય છે, વસ્તુથી અભિન્ન હોય છે, તેથી જ્ઞાનસ્વભાવ આત્માથી અભિન્ન છે.

**આત્મામાં ભિન્નાભિન્નજ્ઞાન :** પરંતુ આત્મા-જ્ઞાનની આ અભિન્નતા-અભેદ એકાંતે નથી; કેમકે એમ હોય તો 'આત્મામાં જ્ઞાન' એવો શબ્દપ્રયોગ અર્થાત્ એવો વ્યવહાર નહિ થઈ શકે : જેમકે ઘઉંનો ઢગલો ઘઉંથી એકાન્તે ભિન્ન હોય તો 'ઘઉંમાં ઢગલો' એવો વ્યવહાર નથી થતો. માટે માનવું જોઈએ કે જ્ઞાન એ આત્માનો સ્વભાવ હોઈ આત્માથી અભિન્ન પણ છે, અને 'આત્મામાં જ્ઞાન' એમ આધારમાં જુદી જ્ઞાન વસ્તુ રાખવા હિસાબે જ્ઞાન એ આત્માથી ભિન્ન પણ છે. અર્થાત્ જ્ઞાન એ આત્માથી ભિન્નાભિન્ન છે, પણ એકાંતે ભિન્ન નહિ, એકાંતે અભિન્ન નહિ.

તો આમાં આત્મા જ્ઞાનથી અભિન્ન હોવાના હિસાબે કહી શકાય કે આત્મા જ્ઞાનમય છે, ભગવાન જ્ઞાન તેજોમય છે.

**પ્ર.** - ભગવાનને જ્ઞાનસ્વરૂપ તેજોમય કહ્યા, તો જ્ઞાન એ તેજ કેવી રીતે ?

ઉ. - જ્ઞાન એ તેજ જ શું ? મહાતેજ છે. દીવા કે સૂર્યનું તેજ તો રૂપી અને પરિમિત વસ્તુનો પ્રકાશ કરે છે, તે પણ એના અમુક ધર્મોનો જ પ્રકાશ કરે છે, એ પણ ચક્ષુના વિષયમાં આવતા પદાર્થોનો જ પ્રકાશ કરે છે, તે પણ વર્તમાનમાં વિદ્યમાનનો અને તે પણ વસ્તુની ઉપરમાં દેખાતા ધર્મનો પ્રકાશ કરે છે; જ્યારે જ્ઞાનરૂપી તેજ તો રૂપી અને અરૂપી, બંને પ્રકારના પદાર્થોનો પ્રકાશ કરે છે; તે પણ અપરિમિત, સર્વ ધર્મોનો પ્રકાશ કરે છે, તથા તે પણ સર્વ ઇન્દ્રિયોથી ગ્રાહ્ય તો શું ? ઉપરાંત અતીન્દ્રિય પદાર્થોનો પણ પ્રકાશ કરે છે. તે પણ ત્રિકાળના પદાર્થોનો અને વસ્તુની આરપાર રહેલા ધર્મોનો પ્રકાશ કરે છે.

આમ જ્યારે દીપક કે સૂર્યનું તેજ એ તેજ રૂપ એટલા માટે છે કે એના સહારે આપણને વસ્તુનો બોધ થાય છે, તો પછી જ્ઞાનના સહારે તો એથીયે ઘણી ઘણી વસ્તુનો બોધ થતો હોય છે. એટલે એને માત્ર તેજ જ શું ? પણ મહાતેજ કેમ ન કહેવાય ?

## ઉત્પન્ન સત્ જ્ઞાન-તેજોમય જિનેશ્વર ભગવાન :

**પ્ર.** - અહીં ભગવાનને ખાલી સત્‌જ્ઞાન તેજોમય ન કહેતાં ઉત્પન્ન સત્ જ્ઞાન-તેજોમય કહીને ભગવાનના એવા 'સમ્યક્ જ્ઞાન રૂપી તેજને ઉત્પન્ન કરનારું'

કેમ કહ્યું ? જ્ઞાન તો પહેલાં કહ્યું, તેમ આત્માનો સ્વભાવ હોઈ આત્મા સાથે જડાયેલું હોય, પછી એને નવું ઉત્પન્ન થવાનું શું ?

ઉ. - અલબત્ત જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે, પરંતુ એના પર કર્મનાં આવરણ ચઢી ગયાં છે, તેથી આત્માના અંદર સ્વભાવમાં જ્ઞાન પડેલું છતાં બહારમાં એ પ્રગટ નથી. પ્રગટ કરવા માટે જ્ઞાનાવરણ ખસેડવાની જરૂર છે. તે જ્ઞાનના આઠ પ્રકારના આચારોના પાલનથી હટાવવા જોઈએ છે. જેટલાં આવરણ હટે, તેટલા પ્રમાણમાં જ્ઞાન પ્રગટ થાય છે.

આ સૂચવે છે કે જ્ઞાન બાહ્ય પુસ્તક વગેરેમાંથી નથી આવતું, કિન્તુ આત્માની અંદરથી પ્રગટ થાય છે.

અલબત્ત આવરણ હટાવી જ્ઞાનને પ્રગટ થવામાં પુસ્તક સહાયક બને છે. આમ પૂર્વે નહિ અનુભવેલ જ્ઞાન પ્રગટ થાય, ત્યાં જ્ઞાન થયું અર્થાત્ ઉત્પન્ન થયું એવો વ્યવહાર થાય છે. આ હિસાબે જ પ્રસ્તુમાં સત્ જ્ઞાન પ્રગટ થવાના અર્થમાં 'ઉત્પન્ન' શબ્દ વપરાયેલો છે.

આ પરથી એ સૂચિત થાય છે કે તીર્થંકર ભગવાન જેવાને પણ આત્માના આંતરિક સ્વભાવમાં કેવળ જ્ઞાન છૂપાયેલું હોવા છતાં એને પ્રગટ કરવા માટે એના ઉપરના આવરણો હટાવવાનો ભગીરથ પુરુષાર્થ કરવો પડે છે તો પછી આપણા જેવા માટે એવો પુરુષાર્થ કરવા અંગે પૂછવાનું જ શું ?

**ઉપસંહાર : 'ઉપ્પન્નસન્નાણ મહોમયાણં' એ વિશેષણની વિચારણા થઈ.**

હવે કાવ્યમાંના બીજા વિશેષણ 'સપ્પાડિહેરાસણ સંઠિયાણં' વિશેષણનો વિચાર કરીએ. **"સપ્પાડિહેરાસઈણ સંઠિયાણં"**

કાવ્યના પહેલા ચરણથી પ્રભુને ઉત્પન્ન કેવળજ્ઞાનવાળા કહ્યા. કેવળજ્ઞાનવાળા બનીને પ્રભુ શું કરે છે ? તો કે સમોસરણના મથાળે સિંહાસન પર બિરાજમાન થાય છે. એ કહેવા માટે 'સપ્પાડિહેરાસણ સંઠિયાણં'...એવું બીજું ચરણ કહ્યું :

આ ચરણમાં બતાવેલ વિશેષણનો અર્થ એ છે કે જિનેશ્વર ભગવાન સત્ પ્રાતિહાર્યરૂપ આસન-સિંહાસન ઉપર સ્વસ્થતાથી બિરાજમાન છે. અથવા 'સપ્પાડિહેરાસણ' એટલે સપ્રાતિહાર્ય-આસન, અર્થાત્ પ્રભુ આઠ પ્રાતિહાર્ય સહિત સિંહાસન પર બિરાજમાન છે. એવા ભગવાનોને હું વારંવાર નમું છું.

તીર્થંકર ભગવાનની વિશિષ્ટ શોભા કરનાર આગવી વસ્તુઓને પ્રાતિહાર્ય કહેવામાં આવે છે. તે વસ્તુ ભગવાન ભગવાન થાય, અર્થાત્ કેવળજ્ઞાન પ્રગટ



થતાં જ તીર્થંકર બને ત્યારથી ભગવાનના નિર્વાણ પામતાં સુધી સાથે જ હોય છે, એવા પ્રાતિહાર્ય આઠ છે.

**આઠ પ્રાતિહાર્યો :** અલબત્ત શાસ્ત્રીય શ્લોકમાં "આઠ પ્રાતિહાર્યોમાં અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, આસન, ભામંડલ, દુંદુભિ અને છત્ર" એ ક્રમ આવે છે.

**આઠ પ્રાતિહાર્યોનું ક્રમ પ્રયોજન :**

આ ક્રમની પાછળ એક પ્રયોજન આ રીતનું સમજાય છે.

૧. ભગવાનને કેવળજ્ઞાન થયા પછી આઠ પ્રાતિહાર્ય પ્રગટ થાય છે, એમાં પહેલું પ્રાતિહાર્ય-**અશોકવૃક્ષ** એટલા માટે છે કે અશોકવૃક્ષ ભગવાનને પોતાની નીચે આશ્રય આપે છે. એ સૂચવે છે કે ભગવાન તીર્થંકર બન્યા પછી પહેલું તો જગતના જીવોને આશ્રય આપે છે- આલંબન આપે છે. અરિહંતનો આશ્રય લે અર્થાત્ અરિહંતનું આલંબન કરે તેને, કલ્યાણની શરૂઆત થાય છે અને ભગવાન જે આશ્રય રૂપ બને છે, તેનું પ્રતીક અશોકવૃક્ષ છે, માટે તેને પહેલા પ્રાતિહાર્ય તરીકે મૂક્યું.

૨. ભગવાન ભક્તોને આલંબન આપ્યા પછી ભક્તોના દિલમાં ધર્મ અને ગુણોની રુચિ ઊભી કરે છે - સુવાસ ઊભી કરે છે, કેમકે 'નમુત્થુણં'માં 'અભયદયાણં' પછી 'ચક્ખુદયાણં' પદ આવ છે, ત્યાં શ્રી લલિત વિસ્તરામાં 'ચક્ખુ'નો અર્થ ધર્મરુચિ (ધર્મનું આકર્ષણ) એવો કર્યો છે ને એ 'અભય' એટલે કે ચિત્તના સ્વાસ્થ્યપૂર્વક જ ઉત્પન્ન થાય છે. આ ચિત્તસ્વાસ્થ્યને અરિહંતના આલંબનથી પ્રાપ્ત કરી શકાય. એટલે અરિહંતનું આલંબન પહેલું પ્રાપ્ત કરવું જોઈએ, તે પછી ચક્ષુ એટલે કે ધર્મની રુચિ-આકર્ષણ પ્રાપ્ત થાય. એ આત્મામાં એક જાતની સુવાસ છે અને તેના પ્રતીક રૂપે **પુષ્પવૃષ્ટિ** છે. જેમ પુષ્પ સુવાસ ફેલાવે છે, તેમ ભગવાન ભક્તોના દિલમાં ધર્મની ને ગુણોની સુવાસ ફેલાવે છે.

૩. ભક્તોના દિલમાં ધર્મનું આકર્ષણ ઊભું કર્યા પછી પ્રભુ ધર્મનું સંગીત ફેલાવે છે. એના પ્રતીક રૂપે **દિવ્યધ્વનિ** છે.

૪. પ્રભુ પાસેથી ધર્મસંગીત-ધર્મદેશના મળ્યા પછી એ દેશના શું કરે છે ? તો કે ભગવાન ભક્તના બંને પક્ષને એ દેશના દ્વારા ઉજ્જવળ કરે છે. (૧) સ્વપક્ષ અર્થાત્ ધર્મસાધના દ્વારા ભક્તના પોતાના આત્માનું હિત અને (૨) પરપક્ષ અર્થાત્ ભક્તો તરફથી પરાર્થકરણ દ્વારા પર આત્માઓનું હિત ઉત્તેજિત કરે છે.

આમ પ્રભુ જીવોના સ્વપક્ષ-પરપક્ષને ઉજ્જવળ કરતા હોવાથી તેના પ્રતીક

રૂપે કુદરત (તીર્થંકર નામ કર્મનો ઉદય) એમને બે બાજુ સફેદ **ચામર** વીંઝે છે.

૫. આમ જીવો જ્યારે સ્વપરહિતોદ્યોત બને છે, ત્યારે એ હિતના-ઉત્કર્ષના પ્રભાવે અન્ય સૂક્ષ્મ પણ જીવોને વિશિષ્ટ અભયદાતા બને છે. એટલે એ જીવોને પોતાના હૃદયમાં નિર્ભય બેઠક મળી જાય છે. દા.ત. બળદેવ મુનિ પોતાના અલૌકિક રૂપથી આકર્ષાઈ નગરની સ્ત્રીઓ મોહના કારમા પાપમાં ન પડે એ ભાવદયાથી પ્રેરાઈને જંગલમાં રહેતા હતા, ત્યાં પણ જંગલી પશુઓ વગેરે પર એવી ઉચ્ચ કક્ષાની કરુણા ધરતા હતા અર્થાત્ એમના હૃદયમાં પરસ્પર વિરોધી સિંહ-હરણ, સાપ-નોળિયો, શિયાળ-સસલું વગેરે જીવો એવું સ્થાન-એવી બેઠક પામ્યા હતા કે એમના સાંનિધ્યમાં એ બધા જીવો જ્યારે આવતા, ત્યારે વેરભાવ ભૂલી મૈત્રીભાવથી ત્યાં રહેતા.

આ બધું અરિહંત પરમાત્માના પ્રભાવે બનતું હોવાથી, કહેવાય કે પ્રભુ જ પોતે જીવોના દિલમાં વૈરી જીવોને પણ બેઠક આપતા એટલે તેના પ્રતીક રૂપે પ્રભુની પાસે હંમેશાં દિવ્ય **સિંહાસન** બેઠક માટે હાજર રહે છે.

૬. જીવોના સ્વપક્ષ-પરપક્ષ અર્થાત્ સ્વહિત-પરહિત બંને ઉજ્જવળ થઈ ગયા એટલે પરમાત્માના એ ઉપકાર દ્વારા જીવોનું ધર્મતેજ વધે છે; એ ધર્મતેજના પ્રભાવમાં બીજાઓ એવા પ્રભાવિત થઈ જાય છે કે આમની સામે કશો વિરોધ તો નહીં, પરંતુ એમને ઝૂકતા ને ભજતા થઈ જાય છે. દા.ત. જન્મતાં અઠ્ઠમના આરાધક નાગકેતુ મોટા થયે અરિહંત પ્રભુના પરમ ભક્ત બન્યા હતા અને પ્રભુએ કહેલા શ્રાવકના બારવ્રત વગેરે ઉત્તમ વ્રત-નિયમ સંયમ ધરનારા હતા. પ્રભુના આ ઉપકારથી એમનું ધર્મતેજ એવું વિકસેલું કે એકવાર ચોર નહીં, પરંતુ ખોટી રીતે ચોર તરીકે રાજાથી મરાવી નખાયેલ માણસ વ્યંતર દેવ થઈ, એણે રાજાને નીચે પછાડી, નગર ઉપર ઉપર મોટી શીલા વિકુર્વી. એને નીચે નીચે લાવી રહ્યો હતો, એ વખતે જિનમંદિર તથા સંઘ અને જીવોને બચાવી લેવા નાગકેતુએ મંદિરના શિખર પર ચઢી, આંગળી ઊંચી કરી. એમના ધર્મતેજથી દેવતા ડઘાઈ ગયો, શિલા સંહરી લીધી અને નાગકેતુને નમી પડ્યો. તેમજ એમના આદેશાનુસાર રાજાને 'સ્વસ્થ કરી કાયમ માટે મંદિર અને સંઘનો રક્ષક બની ગયો' પરમાત્માના જીવોને આ ધર્મતેજ આપવાના પ્રતીક રૂપે **ભામંડલ** પ્રભુના મુખ પાછળ એક તેજોવર્તુળરૂપે ગોઠવાઈ પ્રભુના મુખારવિંદની કાન્તિમાં વધારો કરી દે છે.

૭. પ્રભુના ઉપકાર દ્વારા જીવોમાં ધર્મતેજ વધ્યાથી લોકમાં એમનો યશવાદ ગવાય છે. એ જ્યાં જાય ત્યાં એ વ્યાપેલા યશવાદથી એમના ગુણો અને મહિમા



લોકોમાં ગાજે છે. પ્રભુના આ ઉપકારના પ્રતિક રૂપે આકાશમાં દુંદુભિ નામનું દેવતાઈ વાજિંત્ર પ્રભુના પ્રાતિહાર્ય રૂપે ગાજતું વાજતું રહે છે અને એ દિગંતમાં જાણે ઘોષણા કરે છે કે **'અહીં ધર્મનરેશ્વર આવ્યા છે.'**

૮. જીવોના ધર્મતેજ અને યશવાદથી ત્રણે લોકમાં એમની એવી કીર્તિ ફેલાય છે કે એમના માથે જાણે ત્રણે લોકના દેવતાઓ અને મનુષ્યોની અપરંપાર ભક્તિ વરસે છે. પ્રભુના સાધક જીવો પરના આ ઉપકારના પ્રતીક રૂપે પ્રભુના માથે **ત્રણ છત્ર** સદા ધરાતાં રહે છે. આ ત્રણ છત્રમાં નીચેનું નાનું, તે પર મોટું હોય છે. આમ ઉપર ઉપર વધતા જતાં છત્ર સૂચવે છે કે પ્રભુની પુણ્યશ્રી અર્થાત્ પવિત્ર ઐશ્વર્ય વધતું ને વધતું રહે છે. અને પ્રભુને ભજનારની પુણ્યશ્રી પણ ઉત્તરોત્તર વધતી ચાલે છે.

## પ્રાતિહાર્યધ્યાનથી લાભ :

તીર્થંકર ભગવાનના આઠ પ્રાતિહાર્યની પાછળના આ હેતુઓ સૂચવે છે કે તે તે પ્રાતિહાર્યથી નિર્દેશાતા લાભ પ્રાપ્ત કરવા હોય એ અરિહંત ભગવાનનું તે તે પ્રાતિહાર્ય સાથે ધ્યાન કરે તો એને એવા પ્રાતિહાર્ય યુક્ત અરિહંતના ધ્યાનથી તેના તેનાથી નિર્દિષ્ટ આત્મહિતનો લાભ થાય છે. દા.ત. અરિહંત પરમાત્માનું એકલા અશોકવૃક્ષ સાથે ધ્યાન કરે, એને પ્રભુનો કાયમી આશ્રય મળે છે. એટલે કે દરેકે દરેક પ્રસંગમાં એના મનમાં આલંબન રૂપે અરિહંત પ્રભુ ઉપસ્થિત થઈ જાય છે.

એમ પ્રભુનું સુવાસ ફેલાવતી પુષ્પવૃષ્ટિ સાથે ધ્યાન કરે તો એના દિલમાં ધર્મ અને ગુણોની સુવાસ ફેલાઈ જાય છે, અર્થાત્ દુન્યવી મહાસમૃદ્ધિ-સન્માનના આકર્ષણ મૂકાઈ જઈ, એને તુચ્છ લેખી ધર્મ અને ગુણોના અદ્ભુત આકર્ષણ ઊભા થઈ જાય છે.

એમ દરેકે દરેકે પ્રાતિહાર્ય માટે સમજવું.

પ્રાતિહાર્યનું ધ્યાન માત્ર આવા લોકોત્તર લાભ કરી આપે છે, એમ નહીં, કિન્તુ તેવા તેવા ચમત્કારિક લૌકિક લાભ પણ કરી આપી વર્તમાન જીવોના સ્તરમાં એને ઊંચે ઊંચકે છે અર્થાત્ ઊંચું સ્થાન અપાવે છે.

## આઠ પ્રાતિહાર્યને યાદ રાખવાનો સરળ ઉપાય :

આ આઠ પ્રાતિહાર્યને સહેલાઈથી યાદ રાખવા માટે પ્રભુની નીચેથી ઉપર સુધી જોતાં જવું દા.ત. (૧) પ્રભુની નીચે સિંહાસન ઉપર (૨) પ્રભુની બે બાજુ વીંઝાતા ચામર, તેની ઉપર (૩) પ્રભુના મુખની પાછળ તેજસ્વી ભામંડળ એની

ઉપર (૪) પ્રભુને માથે ત્રણ છત્ર, એની ઉપર (૫) અશોકવૃક્ષ, એની ઉપર, (૬) દેવ દુંદુભિ, એની નીચે (૭) પ્રભુની આસપાસ સુરપુષ્પ વૃષ્ટિ, એની વચમાં (૮) દિવ્ય ધ્વનિ અર્થાત્ પ્રભુની માલકોશ મુખ્ય રાગવાળી વાણીમાં વાજિંત્રના સૂર પૂરતી દેવતાઈ બંસરીના ધ્વનિ.

આમાં સિંહાસન ઝગારા મારતા રત્નોનું બનેલું અને બેસવામાં માખણના પીંડા જેવું મુલાયમ હોય છે. સિંહાસન પર બેસી નીચે લટકતા પગને મૂકવા માટે સિંહાસનની આગળ રત્નજડિત સુકોમળ પાદપીઠ હોય છે. પ્રભુ જ્યારે સિંહાસન પરથી ઊઠી ચાલવા માંડે છે, ત્યારે પાદપીઠ યુક્ત સિંહાસન આપમેળે આકાશમાં ચાલ્યું જઈ પ્રભુની સાથે સાથે ઉપરમાં આગળ આગળ વધતું (ચાલતું) રહે છે, અને જ્યાં પ્રભુ અટકીને બેસવાની તૈયારી કરે છે, ત્યાં જ એ નીચે ઉતરી પ્રભુને બેસવા માટે પાછળ જમીન પર ગોઠવાઈ જાય છે.

## વિહાર વખતે પ્રાતિહાર્યો :

આઠે પ્રાતિહાર્ય સમોસરણ પર જોવા મળે છે. પરંતુ પ્રભુ જ્યારે વિહાર કરે છે, ત્યારે અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ અને દિવ્યધ્વનિ સિવાયના પ્રાતિહાર્ય પ્રભુની સાથે રહે છે. તેમજ વિહાર પછી પ્રભુ જ્યાં સ્થિરતા કરે છે, ત્યાં આગળથી સુગંધિત જલવૃષ્ટિ થઈને ઊડતી રજ વગેરે શાંત થઈ વાતાવરણ મઘમઘામય બને છે અને ત્યાં ઊંચે અતિ વિશાલ અશોકવૃક્ષ નામનો પ્રાતિહાર્ય વિસ્તરે છે.

## પ્રભુના અતિશયની અસર :

આ આઠ પ્રાતિહાર્યની વિશિષ્ટ શોભાની જેમ બીજી પણ કેટલીક શોભા પ્રસંગવશ ઉપસ્થિત થાય છે. દા.ત. પ્રભુ ચાલતા હોય ત્યારે પ્રભુને આ પાપભરી અને કચરાળી પૃથ્વી ઉપર પગ ન દેવા માટે, દેવતા માખણના પીંડા જેવા સુકોમળ નવ સુવર્ણ કમળ એવી રીતે ગોઠવે છે કે પ્રભુના પવિત્ર ચરણ એના પર જ પડે. એમાં જેમ જેમ પ્રભુ આગળ ડગલાં માંડે, તેમ તેમ પાછળનાં બબ્બે સુવર્ણ કમળ અદૃશ્ય થઈ આગળ આગળ બબ્બે સુવર્ણ કમળ પ્રગટ થતાં રહે છે.

વળી પ્રભુ વિચરે તે માર્ગ ઉપરના કાંટા ઊંધા થઈ જાય છે, જેથી પ્રભુની સાથે ચાલતા કોઈને એ વાગે નહીં. પ્રભુ વિચરતા હોય, ત્યારે બંને બાજુના અક્કડ ઝાડ પણ પ્રભુને નમસ્કાર કરતા હોય એમ ઝૂકતાં રહે છે.

તેમજ પ્રભુના માથે આકાશમાં પંખેરાં પ્રદક્ષિણા દેતાં હોય એમ ઘુમરી લેતાં રહે છે. પ્રભુને દેશના દેવા માટે દેવતાઓ જમીન પરના ઝાડોને આંચ ન આવે,



એ રીતે ઝાડોની ટોચ ઉપર આકાશમાં અદ્ધર ચાંદી, સોનું અને રત્નના મોટા ત્રણ કિલ્લા રચે છે, એને સમોસરણ કહે છે. એમાં સૌથી નીચેનો ચાંદીનો કિલ્લો હોય છે. એ કિલ્લાને સોનાના કાંગરા હોય છે, એ કિલ્લાની ઉપર વચમાં સોનાનો કિલ્લો હોય છે, તેને રત્નના કાંગરા હોય છે. એની ઉપર વચમાં રત્નનો કિલ્લો મણિના કાંગરાવાળો હોય છે. એ કિલ્લામાં સપાટી રચેલી હોય છે, તેના ઉપર બરાબર મધ્યમાં ઊંચું અતિ વિશાળ અશોક વૃક્ષ હોય છે, જે આખા સમોસરણને છાયા સાથે ચાર બાજુ જગતી-દેવછંદ (વ્યાસપીઠ) હોય છે. અને વૃક્ષના થડની ચારે દિશામાં એ જગતી ઉપર પાદપીઠ સહિત રત્ન સિંહાસન ગોઠવાય છે. એમાં પૂર્વ દિશાના સિંહાસન ઉપર પ્રભુ બિરાજમાન થાય છે, અને બાકીની ત્રણ દિશાના સિંહાસન ઉપર પ્રભુનાં આબેહૂબ બિંબ ગોઠવાય છે, જે જીવંત બોલતા પ્રભુ જેવા જ દેખાય છે. પ્રભુની ચારેબાજુ ત્રીજા કિલ્લાના અંદરના ભાગમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા અને વ્યંતર, ભવનપતિ, જ્યોતિષી, તથા વૈમાનિક એમ ચાર પ્રકારના દેવોને દેવીઓ એમ કુલ બાર પર્ષદા બેસે છે.

પ્રભુની આગળ, હરણ-હરિણીથી સેવાતું ધર્મચક્ર હોય છે અને સમોસરણની બહાર અતિશય ઊંચો રત્નમય દંડવાળો ધર્મધ્વજ હોય છે.

આ સમોસરણ ઉપર પાંચે વર્ણનાં ઝીણાં તાજાં પુષ્પોની એવી મંદ મંદ ઝરમર ઝરમર વૃષ્ટિ થતી રહે છે કે જેનો પમરાટ આખા સમોસરણ પર પથરાઈ જઈ, વાતાવરણને એવું મહેકતું કરી દે છે કે ત્યાંથી કોઈને ઊઠવાનું મન ન થાય, અને નાસિકામાં સુગંધીનો શેરડો આવ્યા જ કરે.

કાવ્યમાં 'સપ્પાડિહેરાસણ'' કહી,

(૧) 'સપ્રાતિહાર્ય આસન'; અર્થાત્ અષ્ટ પ્રાતિહાર્ય સહિતના સિંહાસન પર 'સંસ્થિત' સારી રીતે બિરાજમાન કહ્યા. અથવા

(૨) 'સત્ પ્રાતિહાર્ય-આસન.' કહીને સત્ પ્રાતિહાર્ય સ્વરૂપ સિંહાસન પર પ્રભુને સંસ્થિત કહ્યા. એમાં 'સત્' પદ એટલા માટે મૂક્યું છે કે આ પ્રાતિહાર્ય કાલ્પનિક નથી, કિન્તુ વાસ્તવિક હકીકત છે.

એટલે કે પ્રાતિહાર્યના વર્ણન પ્રમાણે તે તે પ્રાતિહાર્ય ત્યાં ઉપસ્થિત હોય છે, જેને જગત જોઈ શકે છે.

આવા વાસ્તવિક પ્રાતિહાર્ય એ તીર્થંકર નામકર્મના પુન્ય સહિત ઇતર ઉત્કૃષ્ટ પુન્યોના સમૂહના ઉદયનું ફળ છે.

એવા સત્ પ્રાતિહાર્યરૂપ સિંહાસન પર પ્રભુ સંસ્થિત એટલે કે સમ્યગ્ રીતે અર્થાત્ ખૂબ ખૂબ સ્વસ્થતાથી આરામથી પ્રભુ બિરાજમાન હોય છે, એવા અરિહંત ભગવંતોને મારો નમસ્કાર હો.

**સત્ પદાર્થોની દેશના :** વળી આ પ્રભુ કેવા છે ? અર્થાત્ સિંહાસન પર બિરાજમાન થઈ શું કરતા હોય છે ? એવી જિજ્ઞાસા પૂરવા કહ્યું "સદ્દેસણાऽऽણંદિય-સજ્જણાણં" આ વિશેષણનો અર્થ એ છે કે ભગવાનની સત્ દેશનાથી સજ્જનો આનંદિત થાય છે. આમાં દેશનાનું 'સત્' એવું વિશેષણ મૂક્યું. એનો ભાવ એ છે કે ભગવાન સત્ પદાર્થોની દેશના આપે છે, પણ નહિ કે અસત્-મનઃ કલ્પિત પદાર્થોની.

'સત્' એટલે જે જગતમાં ખરેખર વિદ્યમાન છે, અને તેને કેવળજ્ઞાનથી સંપૂર્ણ સ્વરૂપે પ્રત્યક્ષ જોતાં થકા તે જ રૂપે તેને દેશનામાં વર્ણવે છે, તેથી દેશના યથાર્થ અર્થાત્ વાસ્તવિક પદાર્થાનુસારી હોય છે.

ઇતર ધર્મના સ્થાપકો સર્વજ્ઞ ન હોવાથી પોતાના માનેલા તર્ક અનુસાર સૂક્ષ્મ અતીન્દ્રિય પદાર્થોની કલ્પના કરી લઈ એવા વાસ્તવમાં અસત્ પદાર્થોની પ્રરૂપણા એમને કરવી પડે છે. તેમાં પણ અવાંતર વિશેષો અતીન્દ્રિય હોઈ પોતે અધૂરા જ્ઞાનથી જોઈ શકતા ન હોઈ, એ અંગે કલ્પનાના ઘોડા જ દોડાવવા પડે છે. દા.ત. મોક્ષતત્ત્વ તો માન્યું, પરંતુ મોક્ષનું સ્વરૂપ પ્રત્યક્ષ દેખી શકતા ન હોવાથી મોક્ષના અવાંતર વિશેષો અંગે તુક્કાબાજી જ એમને કરવી પડે; જ્યારે જિનેશ્વર ભગવાન ઉત્કૃષ્ટ અહિંસા-સંયમ-તપથી સમસ્ત જ્ઞાનાવરણોનો નાશ કરી, સર્વજ્ઞ બનેલા હોય છે, તેથી અતીન્દ્રિય દ્રષ્ટા અને અરૂપિદ્રષ્ટા છે, એટલે જ એ સંપૂર્ણ જ્ઞાનમાં વિશ્વ અને એની રીતભાત જેવી જુએ છે, તેવી જ પ્રરૂપે છે.

આ રીતે સત્ પદાર્થોની યથાર્થ દેશનાથી ભગવાન સજ્જનોને આનંદિત કરનારા હોય છે.

પ્ર. - સજ્જનો એટલે કોણ ?

ઉ. - અલબત્ત બુદ્ધિના વૈભવવાળા ઇન્દ્રભૂતિ જેવા, માધાંતા, જે બીજા સાથે વાદ કરી શકે તેવા પ્રતિભાવાળા-ખૂબ પાંડિત્યવાળા-આવા સજ્જનોને તો ભગવાનની દેશના આનંદ આપે જ છે.

કિન્તુ સજ્જનો એટલે કે વ્યુદ્ગ્રહ, પૂર્વગ્રહ, દુરાગ્રહ, મહામોહ, મહામિથ્યાત્વ, વગેરે દૂષણોથી રહિત અને જીજ્ઞાસુ એ પણ સજ્જન છે. એમાં સામાન્ય મનુષ્ય ઉપરાંત પંચેન્દ્રિય તિર્યંચો પણ આવે, જે સમોસરણ પર આવેલા



હોય છે. આવા પણ સજ્જનોનાં હૈયાંને ડોલાવે તેવી વાણી ભગવાન પીરસે છે, એટલે કે માત્ર પંડિતો જ નહિ, કિન્તુ સામાન્ય પણ જીવોને સમ્યગ્ દેશનાથી આનંદિત કરનાર-મુગ્ધ કરનાર-ચકિત કરનારા જિનેશ્વર ભગવંત છે.

આ ત્રણ વિશેષણો અને 'જિણાણં' પદમાં ભગવાનના ચાર મૂળાતિશયો સૂચિત છે.

(૧) ઉપ્પન્ન-સન્નાણ-મહોમયાણં-આમાં જ્ઞાનાતિશય બતાવેલ છે. (કેવળજ્ઞાન તે જ્ઞાનાતિશય)

(૨) સપ્પાડિહેરાસણ સંઠિયાણં-આમાં પૂજાતિશય બતાવેલ છે. (પ્રાતિહાર્ય એ દેવકૃત પૂજાતિશય છે)

(૩) સદ્દેસણાऽऽણંદિય સજ્જણાણં-આમાં વચનાતિશય બતાવે છે.

(૪) જિણાણં એટલે રાગદ્વેષ રૂપી અપાયો (આત્મગુણના ઘાતક અનર્થો)ને દૂર કરી વીતરાગ બનેલા - એમ કહીને ચોથો અપાયાપગમ અતિશય સૂચવ્યો.

પ્ર. - જ્ઞાનાતિશય-કેવળજ્ઞાન તો સામાન્ય કેવળીને પણ હોય છે. તો પ્રભુનું કેવળજ્ઞાન એ અતિશયરૂપ અર્થાત્ વિશિષ્ટ કોટિનું શી રીતે ?

ઉ.- તીર્થંકર પ્રભુનું કેવળજ્ઞાન વિશિષ્ટ કોટિનું એ રીતે કે એમના કેવળજ્ઞાનથી પ્રકાશિત તત્ત્વ અને માર્ગનું જગતને પ્રકાશન કરે છે, એના આધારે જ પછી વિશિષ્ટ જીવો આરાધના કરીને કેવળજ્ઞાન પામે છે. એટલે બીજાઓના કેવળજ્ઞાનનું ઉત્પાદક હોવા રૂપે ભગવાનનું કેવળજ્ઞાન વિશિષ્ટ કોટિનું, માટે અતિશય રૂપ છે.

**"નમો નમો હોઉ સયા જિણાણં"**

**વારંવાર નમસ્કારના લાભ :** એવા જિનેશ્વર ભગવંતોને "નમો નમો હોઉ સયા" અર્થાત્ હંમેશાં વારંવાર નમસ્કાર હો. આની સામાન્ય વ્યાખ્યા પ્રારંભમાં પૂર્વે કરી છે, પરંતુ અહીં પ્રસંગ હોવાથી એની સ્પષ્ટરૂપે અને એમાં ઊઠતા પ્રશ્નના સમાધાન સાથે ફરીથી વિચારણા કરી લઈએ.

અહીં 'નમો નમો'-બે વાર કહ્યું : એ વીપ્સા કહેવાય, અને તેનો અર્થ 'વારંવાર' તે ક્રિયા કરવાની એવો થાય. દા.ત. વાચાલ માણસ બોલ બોલ કરે છે, અર્થાત્ વારંવાર બોલે છે. એવી રીતે 'સિદ્ધચક્કસ્સ નમોનમઃ' એટલે સિદ્ધચક્રને વારંવાર નમસ્કાર કરું છું.

પ્ર. - નમો નમોની સાથે **હોઉ** પદ વધારે પડતું નથી ?

ઉ. - ના. કેમકે આ પદ વિના એકલા 'નમો' પદથી 'હું વર્તમાનમાં નમસ્કાર કરું છું' એટલો અર્થ થાય, કિન્તુ 'સયા' પદથી 'સદા' એટલે કે ભવિષ્યમાં નમસ્કાર કરવાનું સૂચિત છે. માટે **હોઉ** એટલે કે ભવિષ્યમાં પણ હો, એવું સૂચવે છે.

પ્ર. - અહીં 'નમો નમો સયા જિણાણં' એમ કહી જિનેશ્વર દેવોને હંમેશાં નમસ્કાર હોવાનું સૂચવ્યું તે કેમ ઘટે ? કારણ, ભવિષ્યનો બધો કાળ જિનને એકલી નમસ્કારની ક્રિયા થોડી જ કરાતી હોય છે ? ને 'નથી કરાતી' તો પછી 'સદા નમસ્કાર' એ વચન અસત્ય નહિ ઠરે ?

ઉ. - બધો જ કાળ એકલી નમનક્રિયા ચાલુ નથી, એય સાચું, તો પણ 'નમો નમો સયા' કથન ખોટું નથી. કેમકે આ કથન તેવા અભિગ્રહની જેમ શુભ ભાવને પૂરનારું છે.

દા.ત. કોઈએ અભિગ્રહ યાને નિયમ-પ્રતિજ્ઞા કરેલ હોય કે "મારે જીવનભર ગ્લાન મુનિની સેવા કરવી." હવે આ પ્રતિજ્ઞાનો વિષય કાંઈ રોજ મળે એવો નથી; રોજ કાંઈ મુનિ ગ્લાન મળે જ એવું બનતું નથી, એટલે હંમેશાં ગ્લાનની સેવા કરવાનું બનવાનું નહિ. તો શું નિયમ ભંગ કર્યો ? પ્રતિજ્ઞા ખોટી પાડી ? ના, ગ્લાન મળે ત્યારે તો સેવા કરે જ છે, તો જેવી રીતે આ પ્રતિજ્ઞા શુભ ભાવની પ્રેરક છે, માટે યથાર્થ છે, તેવી રીતે અહીં સર્વ જિનોને હું સદા નમું છું; એ કથન પણ ચિત્તમાં પ્રશસ્ત ભાવને પૂરે છે, માટે એ યથાર્થ જ છે.

શુભ ભાવનું પૂરક આ રીતે કે-જેમ પેલી પ્રતિજ્ઞામાં હંમેશ માટે ગ્લાન માટે સદ્ભાવ, લાગણીવશતા, તથા પોતાનો ભોગ આપવાની ધગશ, અને ગ્લાનને સમાધિ આપવાની વૃત્તિ, જિનાજ્ઞા-પાલનની ધગશ, વગેરે શુભ ભાવ પોષાય છે, તેમ અહીં "નમો નમો સયા જિણાણં" કથનમાં પણ સદાને માટે સર્વ જિનેશ્વરો પ્રત્યે પૂજ્યભાવ, બહુમાન, પોતાનો અપકર્ષ, નમ્રતા ઈત્યાદિ પ્રશસ્ત ભાવનું પોષણ થાય છે. તેથી જ આ કથન જૂઠું નથી, ભલે હંમેશાં જિનેશ્વરોને એકલી નમસ્કારની ક્રિયા ન કરે.

હવે શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત ભુજંગપ્રયાત છંદમાં કાવ્યો આવે છે. તે "નમોઽનંત સંતપ્રમોદ પ્રદાન"...થી શરૂ થાય છે. તેની હવે વિચારણા કરીએ.

❖ ❖ ❖



**વાચના ૨** મહાસુદ ૭, ૨૦૩૬, ૨૪-૧-૮૦

(ભુજંગપ્રયાત વૃત્તમ્)

**"નમોઽનંત સંત પ્રમોદ પ્રદાન, પ્રધાનાય ભવ્યાત્મને ભાસ્વતાય;**
**થયા જેહના ધ્યાનથી સૌખ્યભાજા, સદા સિદ્ધચકાય શ્રીપાલ રાજા"...(૨)**

(વૃત્તાર્થ-)નમસ્કાર હો હંમેશાં તે સિદ્ધચક્રજીને, જે અનંત સંતોને આનંદ આપવામાં અથવા જે અનંત અને સત્-વાસ્તવિક આનંદ આપવામાં મુખ્ય છે, જે ભવ્યાત્માને પ્રકાશક છે અને જેના ધ્યાનથી શ્રીપાળ રાજા સુખને ભજવાવાળા થયા છે. (૨)

## શાસનનું સર્વસ્વઃ-શ્રીસિદ્ધચક્ર

અનંત ઉપકારી શાસનદેવ ફરમાવે છે કે શાસનનું સર્વસ્વ નવપદ છે. અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ-દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-આ નવપદ છે. આ શાસનનું સર્વસ્વ એટલા માટે કે ભગવાનનું શાસન તે પ્રવચન છે, અને દ્વાદશાંગી પ્રવચન પાંચ પરમેષ્ઠિ અને દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ અંગે જ છે.

ભગવાને શાસન સ્થાપ્યું ને પ્રવચન આપ્યું, તે અર્થથી આપ્યું; ગણધર ભગવંતે તે સૂત્રમાં ગૂંથ્યું, તે પ્રવચનનો સાર શો ?

**સંયમ અને સંયમી :** પ્રવચનનો સાર સંયમ છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપપૂર્વક પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના જ્ઞાનપૂર્વક આચરણવાળું જે છે તે સંયમ ગણાય છે.

દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપને જીવાડનાર તે સંયમ છે તે પ્રવચનનું સર્વસ્વ છે. સંયમને સાંગોપાંગ જીવનમાં ઉતારનાર અરિહંત ભગવંત છે, સિદ્ધ ભગવંત છે સંયમની ઉચ્ચ આરાધના કરનાર આચાર્ય, ઉપાધ્યાય, સાધુ છે. પંચ પરમેષ્ઠિ સંયમી છે.

તેમનો ધર્મ છે સંયમ. તે ભગવાનના શાસનનું સર્વસ્વ છે. તેના ગુણગાન ગાવા માટે આ નવપદજીની પૂજા છે.

આ પૂજામાં નવપદના અદ્ભુત ભાવોને ખોલવામાં આવે છે. એના પર આત્માને જો ધ્યાન લાગી જાય, નવપદના ભાવ વિસ્તારથી સમજી લેવામાં આવે, પછી તે ભાવ પર ચિંતન કરવામાં આવે તો આત્માના કર્મના ઘણા કચરા, મોહના ઘણા કચરા સાફ થઈ જાય. તે મહાન મહિમાને ગાતાં અહીં શ્લોકમાં કવિ કહે છે કે

**'નમોઽનંત સંત પ્રમોદ પ્રદાન પ્રધાનાય'**

## નવપદ એટલે સિદ્ધચક્ર : સિદ્ધચક્ર ને ચક્રવર્તી : સિદ્ધપદ :

પ્ર. - અરિહંતાદિ નવપદને સિદ્ધચક્ર કેમ કહેવામાં આવેલ છે ?

ઉ. - ચક્રવર્તીને ચક્ર છે, તે છ ખંડનું સામ્રાજ્ય ચક્રથી સાધે છે. સિદ્ધચક્ર તે નવપદનું ચક્ર છે, ચક્ર એવું કે જેનાથી મોક્ષનું સામ્રાજ્ય સધાય છે, અર્થાત્ જે આત્માને સિદ્ધ બનાવે છે; પરંતુ સિદ્ધ બનવાનું મન તેને જ થાય જેને સંસારના અનંત પરિભ્રમણ પર કંટાળો આવ્યો હોય.

**સંસાર શું છે ?** સંસાર એટલે સંસરણ અર્થાત્ પરિભ્રમણ, જ્યાં કોઈ સ્થિરતા નથી. સંસારી અવસ્થામાં જીવને કર્મની પરવશતા છે. તેથી જીવની કોઈ value નથી.

કર્મસત્તા ફૂટબોલની માફક જીવને ઉછાળે છે; એક શરીરમાંથી બીજા શરીરમાં લઈ જાય છે, ક્યાંય કોઈ સ્થિરતા છે ખરી ? ના, કોઈ શરીરમાં પણ સ્થિરતા નથી. માધાંતા પહેલવાનને પણ શરીર છોડી જવું પડે છે.

મનુષ્યે શરીરને પાળી પોષીને સાચવ્યું, સરસ બનાવ્યું, પણ શરીર અંતે નાશવંત ! એવું શરીર શું કામનું ? ભલે સો વર્ષ સારી રીતે સાચવો. છેવટે શું ?

શેઠે હવેલી બંધાવી, હવેલી બંધાવતાં બાર વર્ષ લાગ્યા. શેઠ પેઈન્ટરને કહે : "એવો રંગ લગાવજે કે સો વર્ષ સુધી તે જાય નહીં."

પેઈન્ટર : એવો તે કયો રંગ કે જે સો વર્ષ ટકતો હશે ?

શેઠ : હવેલીને એકવાર રંગ લગાવ, પછી આરસથી રંગ ઘસી નાખ; ફરીથી રંગ લગાવ, ફરીથી ઘસી નાખ.

આમ સો કોટીંગ ચઢાવ. ભલે એમ કરતાં બાર મહિના લાગે. જો હવેલી બાંધતાં બાર વર્ષ લાગ્યા, તો રંગ લગાવતાં બાર મહિના જાય એ શું વધારે છે ?

બસ, પછી નિરાંતે તે હવેલીમાં આરામથી રહું.

આ વાત ચાલતી હતી, ત્યારે સાધુ મહારાજ ત્યાંથી પસાર થયા. તેઓ હસવા લાગ્યા. આ જોઈ શેઠને થયું : 'મહારાજ કેમ હસ્યા હશે ? પૂછી તો જોઉં.'

અવસર પામીને શેઠ સાધુ મહારાજને પૂછવા ગયા. શેઠ બોલ્યા : 'મહારાજ સાહેબ ! આપ હસ્યા કેમ ?'

સાધુ : ભાઈ, હવેલી બંધાવતાં બાર વર્ષ લાગ્યાં. હવે રંગાવતાં બાર મહિના લાગે, તો તું તે ભોગવી ક્યાં શકવાનો છે ?



શેઠ : કેમ ?

સાધુ : આજથી સાતમે દિવસે તારું મૃત્યુ છે.

શેઠ : કેવી રીતે ?

સાધુ : તેની ખાતરી માટે ચોથે દિવસે પેટમાં દુ:ખવાનું શરૂ થશે. ત્રણ દિવસ તે દુ:ખાવો સહવો પડશે. પછી મૃત્યુ ! તું ચાલ્યો જવાનો-ઉપડી જવાનો. શરીરની આ નશ્વરતા જાણીને શેઠે આત્માના કલ્યાણ માટે ચારિત્ર લીધું. 'ભલે સાત દિવસ તો સાત દિવસ એટલું તો કલ્યાણ સધાઈ જશે.' અનંતા કાળ થઈ ગયા, કોઈ શરીરમાં ટક્યું નથી, કોઈ જીવ સ્થિર રહ્યો નથી. અહીંથી ઉખડી જવું પડે.

**આવો છે આ સંસાર ! સંસાર એટલે પરિભ્રમણ !**

એક પુદ્ગલ પરથી બીજા પુદ્ગલ પર; એમ એક કર્મના ઉદય પરથી બીજા કર્મના ઉદય પર. આજે યશ તો આવતી કાલે અપયશ. હમણાં શાતા તો પછી અશાતા.

પ્ર. - એક પુદ્ગલ પરથી બીજા પુદ્ગલ પર શી રીતે ?

ઉ. - દા.ત. જમવા બેઠા... હાથમાં રોટલીનું બટકું લીધું, તરત કૂદ્યા દાળ પર... ત્યાંથી શાક પર...પછી ચટણી રાયતા પર...આમ એક પુદ્ગલ પરથી બીજા પુદ્ગલ પર જીવની કૂદાકૂદ ચાલે છે. એમ સુખમાંથી દુ:ખ પર, દુ:ખમાંથી સુખ પર, એમ એક ભાવથી બીજા ભાવ પર; દા.ત. હમણાં ક્રોધ તો પછી અભિમાન, પછી વળી ઈર્ષ્યા, પછી દીનતા... એમ ભાવોમાં કૂદાકૂદ ચાલે છે ! ક્યાંય સ્થિરતા નહીં.

નિરંતર પરિભ્રમણ-પરિવર્તનમય સંસારનો જેને થાક લાગ્યો હોય તે જ મુક્ત થવા-તેમાંથી છૂટવા વિચારે-સંસારીમાંથી સિદ્ધ થવા વિચારે.

સિદ્ધ થવું હોય તેને સિદ્ધચક્ર સહાય કરે છે.

આ જગતને વિશે વાસ્તવિક આનંદદાતામાં સિદ્ધચક્ર પ્રધાન છે. ઈન્દ્રનું ઈન્દ્રપણું કે ચક્રવર્તીનું ચક્રવર્તીપણું ગૌણ છે, એ એવા આનંદદાતા નથી.

**સિદ્ધચક્રની આરાધનાનો લાભ :** સિદ્ધચક્રની આરાધનાથી સ્વર્ગના-મોક્ષનાં સુખ મળે. સંસારની બધી પદવીઓ અને છેલ્લે પરમ પદવી એટલે મોક્ષ. એના દાતા તે સિદ્ધચક્ર છે. એવા દાતા ઈન્દ્રપણું વગેરે નથી.

'નમોऽનંત સંત પ્રમોદ પ્રદાન પ્રધાનાય' કહીને અનંતા સંતોને પ્રમોદ આપનારમાં પ્રધાન એવા સિદ્ધચક્રને નમસ્કાર કરેલ છે.

પ્ર. - સંતપુરુષોને આનંદ શાથી ?

ઉ. - સંત પુરુષોને આનંદ સિદ્ધચક્રથી મળે છે. અહો ! મને સંયમ મળ્યું ! શાસન મળ્યું ! મને અરિહંત મળ્યા ! મને સિદ્ધ મળ્યા ! મને આચાર્ય, ઉપાધ્યાય સાધુ મળ્યા !!! ધન્ય ઘડી, ધન્ય અવતાર ! આ અનુમોદનાથી આનંદ છે.

દેવતાઈ ૯૯ પેટી રોજ ઉતરતી તેમાં શાલિભદ્રને જે આનંદ ન હતો, તે આનંદ ચારિત્ર લઈને કરાતી સિદ્ધચક્રની આરાધનામાં અને તેની અનુમોદના કરવામાં હતો.

'કેવું આલંબન ! કેવા પંચ પરમેષ્ઠિઓ ! કેવાં સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ તેમનાં ! કોઈ કલ્પનામાં નહીં આવે. એવા પરમેષ્ઠિને એમના દર્શન-જ્ઞાન-ચારિત્ર તપમાં આ ચીજો વળી મને ક્યાંથી મળે ? આમ અત્યંત આનંદ પ્રાપ્ત થાય ?

પ્ર. - સંતને તપનો આનંદ કેવો ?

ઉ. - હમણાં છઠ્ઠનું પારણું કર્યું ને કહે : પ્રભુ ! હવે અટ્ઠમનું પચ્ચક્ખાણ આપો...હવે ચારનું આપો...હવે આઠનું આપો...આમ ઉત્તરોત્તર આનંદ વધતો જાય...ના. ના. પંદરનું...અરે ! માસક્ષમણનું પચ્ચક્ખાણ આપો...આ આનંદ ! ...આ હર્ષ !... આ ઉલ્લાસ !

આનંદ વગર ફલાંગ મરાય ? આ તપનો આનંદ તે સિદ્ધચક્રનો આનંદ.

પ્ર. - સિદ્ધચક્ર-નવપદ આરાધનામાં ફલાંગ શી રીતે મારતાં હશે ?

ઉ. - શેરબજારનું કાર્ડ હોય-એરંડા બજાર-કોટન બજાર વગેરેમાં કાર્ડ હોય-તો ઘડિયાળના ટકોરે દરેક જગ્યાએ ફરી વળવાનું-ફલાંગો ત્યારે કેવી રીતે મારે ? અહીંથી ત્યાં, ત્યાંથી પણે, આ બજારમાંથી પેલા બજારમાં ! આટલી બધી ફલાંગ મારવાનું કારણ ? ત્યાં આનંદ માન્યા છે.

એક ભાવ પરથી બીજા ભાવમાં ફલાંગ ક્યારે મરાય ? હૈયામાં આનંદ હોય ત્યારે...

શાલિભદ્રે સંયમ, તપ અને ભાવનામાં ફલાંગ મારી. તે આનંદથી કરે છે, આનંદ પામે છે, ને મેળવે છે.

ખાવાપીવામાં જે આનંદ તેમને નથી આવતો, તેથી વધુ આનંદ ખાવાનું ત્યાગવામાં આવે છે.

અબુધ રહેવામાં આનંદ નથી, પણ ખરો આનંદ શાસ્ત્ર પઢવામાં છે, શાસ્ત્રમાં લયલીન થવામાં છે.



દુન્યવી વિષયોની મોજમજામાં જે આનંદ નથી, તે આનંદ વિષય-ત્યાગમાં છે.

**વિષયોના ઉપભોગમાં નહિ પણ ત્યાગમાં આનંદનાં કારણ :**

વિષયોના ઉપભોગમાં નહિ, પરંતુ વિષયોના ત્યાગમાં આનંદ એટલા માટે છે કે-

(૧) ભોગવટા પછી વિષયો વહેલામોડા નાશ પામે છે અને ઉપભોગ તો તરત જ નાશ પામે છે. એટલે એનો આનંદ પણ નાશ પામે છે, જ્યારે વિષયોનો ત્યાગ ચિરસ્થાયી છે, અમર છે, તેથી તેનો આનંદ ચિરસ્થાયી અમર બને છે.

(૨) વિષયભોગના આનંદ પછી બીજો અધિક આનંદ મળતાં પૂર્વનાં આનંદ પર ખેદ થાય છે, જ્યારે ત્યાગના આનંદમાં હંમેશાં, અધિક ત્યાગ મળે તો પણ પૂર્વ ત્યાગની અનુમોદના જ રહે છે.

(૩) વિષયભોગમાં સત્ત્વ હણાય છે, એવા સત્ત્વનાશમાં આનંદ શો ? દા.ત. ક્ષત્રિય બચ્ચો યુદ્ધમાં અડધેથી પાછો આવી જીવતા રહ્યાનો આનંદ માને, પરંતુ ક્ષાત્રવટ ગુમાવ્યાથી ખરેખર તો અંતરમાં ખેદ થાય છે, એમ અહીં સત્ત્વ ગુમાવ્યાથી સાચો આનંદ નથી, તામસી આનંદ છે; જ્યારે ત્યાગમાં સત્ત્વનો વિકાસ થાય છે અને એથી સાત્ત્વિક આનંદ પ્રાપ્ત થાય છે.

(૪) ભોગના આનંદમાં વિષયની પરાધીનતા છે, ગુલામી છે. ગુલામને આનંદ શો ? ત્યાગમાં સ્વાધીનતા છે, સ્વાધીનતા-સ્વતંત્રતા છે, ત્યાં જ ખરું સુખ, ખરો આનંદ છે.

(૫) વિષયભોગમાં અતિ અતિ મૂલ્યવંતા માનવસમયની બરબાદી છે. તેની સામે ભોગનો આનંદ શા હિસાબમાં ?

દા.ત. હજાર રૂપિયાની નોટમાં તમાકુવાળી સીગરેટ તરીકે ફૂંકે તો એનો ખુમારીનો આનંદ તો આવે કે હું હજાર રૂપિયાની એક સીગરેટ પીનારો છું ! કોણ માડી જાયો આવી પીનારો છે ? પરંતુ હજારની નુકસાની સામે એ આનંદ લેવો નરી મૂર્ખતા છે. એમ ક્રોડોથી અધિક કિંમતના માનવસમયની નુકસાની સામે વિષયોનો આનંદ લેવો એ નરી મૂર્ખતા-મૂઢતા છે. ત્યારે ત્યાગમાં માનવસમયનું અદ્ભુત વળતર મળે છે. The most out of the least ત્યાગમાં વિષયાનંદ ગુમાવવાનો કેટલો ? અલ્પ; અને આત્માનંદ તથા પારલૌકિક આનંદ કમાવાનો કેટલો ? હજારો-લાખો ગણો; જેમ શાલિભદ્રને ત્યાગથી તત્કાળ અનુત્તર વિમાનમાં સાગરોપમોનો અનુપમ આનંદ મળ્યો એમ ત્યાગમાં અલ્પ માનવસમયનો વ્યય અને

પરલોકના દિવ્ય સુખનો સમય કમાવવાનો કેઈ ગુણો !

અનંતા સત્ પુરુષો થઈ ગયા. તે બધાને આનંદ અપાવનાર તે સિદ્ધચક્ર છે.

સનત્કુમાર ચક્રવર્તીએ છ ખંડ જીત્યા. તેમનું આરોગ્ય પહેલાં સુંદર હતું, પણ એકાએક સોળ ભયંકર રોગ ફૂટી નીકળતાં તરત સંયમ લીધું. સંયમ સ્વીકાર્યા બાદ ૭૦૦ વર્ષ રોગોની દવા ન કરતાં તીવ્ર તપસ્યાઓ કરી કરી શરીર સૂકવી નાખ્યું, તપ સંયમની સાધનામાં ૭૦૦ વર્ષ તેમણે ગાળ્યા, તેમને એ સાધનામાં જે આનંદ હતો, તપમાં જે આનંદ હતો, તે ચક્રવર્તીના અપાર સુખમાં ન હતો. તેમને રોગ ઘેરી વળ્યા હતા, છતાંય તેઓ ગામેગામ વિચરતા, અકલ્પ્ય પરિષહ સહન કરતા, ને તેમાં અવર્ણનીય આનંદ માણતા.

પ્ર. - તે આનંદ શાનો હતો ?

ઉ. - તે આનંદ ત્યાગનો હતો. અનુભવ કરો તો તે આનંદ સમજાય. તે આનંદ બતાવી શકાતો નથી. ત્યાગનો આનંદ ત્યાગી જ જાણે, ત્યાગનો આનંદ ભોગી ન જાણે.

દાનવીરનો આનંદ કૃપણ ન જાણે.

તમે તેમને પૂછો : તમને શો આનંદ આવે છે ? બતાવો ને ?

શું બતાવે ? શું ધનનો આનંદ ધનલુબ્ધને કદી સમજાવી શકાય ?

**ત્યાગના આનંદનાં ઉદાહરણો :**

પુત્રવતી માતાને પુત્ર પ્રાપ્તિનો જે આનંદ છે, તે વાંઝણી સ્ત્રીને શી રીતે સમજાવી શકાય ?

દેશની ખાતર સર્વસ્વનો ત્યાગ કરનારને જે આનંદ છે, તે ધનના લોભિયાને કેમ સમજાવી શકાય ?

ભામાશાએ પ્રતાપ રાણાને આર્ય સંસ્કૃતિની રક્ષા માટે કરોડોનું ધન આપ્યું. એ ભામાશાના મહાન ત્યાગનો આનંદ પૈસા પર ફણીધર થઈને બેસનારને શી રીતે સમજાવી શકાય ?

પિતાએ કૈકેયીને આપેલા વચનનું પાલન અખંડ રહે એ માટે રામચંદ્રજીએ આનંદભેર વનવાસ સ્વીકાર્યો એ મહેલવાસના ત્યાગનો આનંદ એ સ્વાર્થરસિયા ભોગલુબ્ધ જીવને શી રીતે સમજાવી શકાય ?

સંતોને આનંદ આપનાર સિદ્ધચક્ર છે.



અનંતા સંતોને અદ્ભુત આત્મિક આનંદ આપવામાં જે પ્રધાનતા ભોગવે છે, તે સિદ્ધચક્રને વારંવાર નમસ્કાર હો.

ત્યાગનો આ આત્મિક આનંદ ભોગમગ્ન દેવતા પણ, ન અનુભવી શકે. ત્યાગનું એનું ગજું નહિ તેથી ત્યાગી વિરતિધરને નમસ્કાર કરીને-પ્રણામ કરીને ઈન્દ્ર સભામાં બેસે છે.

ત્યાગમાં ખરો આનંદ કેવો ?

ત્યાગીમુનિ ઈન્દ્ર અને ચક્રવર્તી કરતાં મહાન છે. આના ઉપરથી શીખવા મળે છે કે બ્રહ્મચર્ય અને સર્વ વિરતિનું અકલ્પ્ય માહાત્મ્ય છે.

અનંતા સંતોને પ્રધાનપણે આનંદ આપનાર એ સિદ્ધચક્ર મહાન છે.

અહીં 'સંત' શબ્દનો બીજો અર્થ સત્-પારમાર્થિક-વાસ્તવિક એવો લઈ શકાય. એટલે શ્રી સિદ્ધચક્ર જે પ્રમોદ આપે છે એ કેવો છે ? તો કે કાલ્પનિક નથી, સંસારના વિષય સુખ જેવો માત્ર દુઃખના ક્ષણિક પ્રતિકાર રૂપ નથી, નાશવંત નથી, પરાધીન નથી; કિન્તુ વાસ્તવિક આત્માના ઘરનો છે, સ્વાધીન છે, અવિનાશી છે. તે વળી આનંદ અનંત છે, એટલા જ માટે આવા વાસ્તવિક આનંદને આપવાની તાકાત જગતના કોઈ પદાર્થમાં નથી, તે તો માત્ર અરિહંતાદિ નવપદમય શ્રી સિદ્ધચક્રમાં છે, જે મોક્ષના વાસ્તવિક અનંત આનંદને આપે છે. એ આપવાના કારણે જ શ્રી સિદ્ધચક્ર પ્રધાન છે. સંસારી જીવને સાધવા યોગ્ય ખરેખર પ્રધાન વસ્તુ કોઈ હોય તો તે શ્રી સિદ્ધચક્ર છે.

**"...ભવ્યાત્મને ભાસ્વતાય..." સિદ્ધચક્ર ને સૂર્ય :**

શ્રી સિદ્ધચક્ર એ ભાસ્વત્ અર્થાત્ સૂર્ય સમાન છે, જેમ ઘોર અંધારી રાત્રિમાં અથડાતા જીવને કોઈ મોટા સમૃદ્ધ નગરમાં કેવા કેવા આનંદ અને ઐશ્વર્યના સ્થાન-સાધનો નગરમાં પડેલા છે, એ દેખાતા નથી-એને એની કલ્પના પણ નથી-એમ શ્રી સિદ્ધચક્ર યાને અરિહંતાદિ નવપદના આલંબન વિના મહામોહ, મિથ્યાત્વ, અજ્ઞાન વગેરેના અંધારામાં અથડાતા જીવને પારમાર્થિક આનંદ અને ક્ષમાદિ લબ્ધિ આદિના ઐશ્વર્યની કશી કલ્પના નથી, ત્યાં શ્રી સિદ્ધચક્ર એનો ભવ્ય પ્રકાશ આપે છે. સૂરજ ઉગતાં દિવ્ય નગરની સમૃદ્ધિ પ્રગટ થાય, એમ શ્રી સિદ્ધચક્ર પ્રાપ્ત થતાં અનંતાનંત ઐશ્વર્યનું ભાન થાય છે.

**અરિહંતના ઐશ્વર્યનો પ્રભાવ : (૧) ઈન્દ્રભૂતિ ગૌતમ :** દા.ત. સિદ્ધચક્રમાં પહેલું અરિહંત પદ મળતાં ભવી જીવને આત્માના સાચા અને અનંત ઐશ્વર્યનું

ભાન થાય છે. ઇન્દ્રભૂતિ ગૌતમને ભગવાન શ્રી મહાવીર પરમાત્મા અરિહંત તરીકે પ્રાપ્ત થતાં એમને આવો કોઈ આત્માના અનંત ઐશ્વર્યનો પ્રકાશ મળ્યો હશે ત્યારે જ એ સર્વસ્વ છોડી ત્યાં ને ત્યાં પ્રભુના ચરણે પોતાના આત્માને સોંપી બેસી ગયા હશે ને ?

**(૨) દેવપાલ નોકર :** દેવપાલ નોકરને જંગલમાં અરિહંતની માત્ર પ્રતિમા મળતાં અરિહંત પદનો કોઈ અનેરો પ્રકાશ મળ્યો હશે, ત્યારે જ એની ભક્તિમાં લાગી જઈ, ભક્તિના બદલામાં ચક્રેશ્વરીએ ગમે તે માગી લેવાની કરેલી માગણીને એણે ઠુકરાવી દીધી હશે ને ?

**સિદ્ધપદનો પ્રભાવ (૧) હસ્તિપાલ રાજા :** હસ્તિપાલ રાજાને શ્રી સિદ્ધપદનો ભવ્ય પ્રકાશ મળ્યો. એ રાજાએ એ પદની આરાધનામાં મોટા સામ્રાજ્ય, ખજાના, અંતઃપુરથી બિલકુલ ન પ્રાપ્ત કરી શકાય તેવા અનુપમ આનંદ ઐશ્વર્ય શ્રી સિદ્ધપદમાં નિહાળ્યા ત્યારે જ તો બધું છોડી શ્રી સિદ્ધપદની આરાધનામાં તેઓ લાગી ગયા અને 'મુનિપણે સમ્મેતશિખર પર સિદ્ધ ભગવાનના દર્શનાદિ ન કરું ત્યાં સુધી આહાર પાણી ત્યાગ'નો સંકલ્પ કરી ચાલ્યા. કદાચ દિવસ-બે ચાર દિવસમાં ત્યાં પહોંચી શકાય એમ હશે, છતાં દેવતાઈ પરીક્ષામાં બે માસ સુધી ભટકવું પડ્યું, પરંતુ પારણું ન કર્યું તે ન જ કર્યું. અને આત્માનો આનંદ વધતો ચાલ્યો. એ આ સિદ્ધપદના અનંત ઐશ્વર્યનો કોઈ અદ્ભુત પ્રકાશ એમના હૃદયમાં સ્ફૂરી ઊઠ્યો હશે-એ માનવું જ રહ્યું. દેવતાએ અંતે ક્ષમા માગી. એમને તરત શિખરજીની પાસે મૂકી દીધા.

**(૨) શ્રેણિક અને ફટકા મારનાર :** મહારાજા શ્રેણિક મગધસમ્રાટ છતાં પુત્ર કોણિકના પ્રપંચથી જેલમાં મૂકાયા અને એક પામર કેદીની જેમ રોજના પચાસ ફટકા ખાય છે. એની વચ્ચે પણ એ સ્વયં દુઃખ ન માનતાં ફટકામારુ જેલરને આશ્વાસન આપે છે કે "તું જરાય મૂંઝાઈશ ના. મને આમાં કોઈ દુઃખ નથી, દુઃખ તો આ સંસારની અવિરતિની કેદમાં ફસાઈ રહ્યાનું છે. તારે તો નોકરીની વફાદારી બજાવવા રાજા કોણિકનો આદેશ પાળવો રહ્યો" શ્રેણિકની આ ધીરતા શાના ઉપર ? કહો, એમને શ્રી સિદ્ધચક્રના સમ્યગ્દર્શન પદનો એવો કોઈ અલૌકિક સૂર્યપ્રકાશ મળેલો કે જેમાં એમણે પૂર્વકર્મના નિર્ધારિત વિપાક, એ કર્મના ક્ષયે ઉઘડતી આત્માની દિવ્ય જ્યોત, અરિહંતના આલંબને હૃદયને મળતી અનેરી હૂંફ, ચારિત્ર સાધનામાં જ માનવ પુરુષાર્થની સફળતા, વગેરે ભવ્ય વસ્તુ નિહાળી. એના પ્રતાપે આવા જેલવાસમાં પણ હૃદય બીલકુલ સ્વસ્થ અને ધીર, વીર રાખી શક્યા.



**(૩) ધન્ના અણગાર :** શ્રી સિદ્ધચક્રના કેવા અનેરા ભવ્ય પ્રકાશ કે એના તપપદની આરાધનામાં એક વખતના ૩૨ ક્રોડ સોનૈયા અને દેવાંગના શી ૩૨ રમણીઓના માલિક પણ હવે મુનિ બનેલા ધન્ના અણગારે દીક્ષા દિવસથી માંડીને જીવનભર માટે છઠ્ઠ પર છઠ્ઠ, અને પારણે આયંબિલનો ઘોર અભિગ્રહ કરી આઠ માસમાં ગુલાબના દડા જેવી કાયાને સુકાવી નાખી હાડકાના પીંજર સમાન બનાવી દીધી. અને અંતે નવમો માસ સંપૂર્ણ અનશન તથા સતત કાયોત્સર્ગમાં પસાર કરી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા. શ્રી સિદ્ધચક્રના એવા કોઈક અનેરા અદ્ભુત પ્રકાશને પામ્યા વિના આ અશક્ય દુઃશક્ય જેવી સાધના શે બને ?

તાત્પર્ય, શ્રી સિદ્ધચક્ર ભવિ જીવોને માટે ભાસ્વત્-સૂર્યસમાન છે. એવા અપૂર્વ પ્રકાશને એ આપે છે કે જે જીવે અનંતાનંત કાળમાં આ સંસારમાં ન જોયો અને તેથી જ આત્માના ભવ્ય પરાક્રમ એને લાધ્યા નહીં, આત્માના દિવ્ય પ્રકાશ આપનાર માત્ર શ્રી સિદ્ધચક્ર છે.

શ્રી જિનશાસનના સિદ્ધચક્રના પ્રકાશની સામે ઇતર દર્શન આવો કોઈ ભવ્ય પ્રકાશ આપી શકતું નથી.

દા.ત. સિદ્ધચક્રના અરિહંત પદે બિરાજમાન ભગવાન શ્રી ઋષભદેવે, મોટા પુત્ર ભરતના અન્યાયની ફરિયાદ લઈ આવેલા અને ક્રોધમાં લડી લેવા માટે ધમધમી રહેલા ૯૮ પુત્રોને ન્યાયની પણ લડાઈ લડવાનો ઉપદેશ ન આપ્યો, કિન્તુ વૈરાગ્યની દેશનાથી એવા ઠારી દીધા કે એ ૯૮ ત્યાં ને ત્યાં સંત સાધુ મહાત્મા બની ગયા અને અન્યાયી ભરતને ભારે પસ્તાવો કરવાનો અવસર આવ્યો.

**ઇતર દર્શનનું અજ્ઞાન :** ઇતર દર્શનમાં આ ક્યાં જોવા મળે છે ? ત્યાં તો ભીષ્મ પિતામહ, વિદ્યાગુરુ દ્રોણાચાર્ય, પિતરાઈ ભાઈ દુર્યોધન વગેરે ભાઈઓ, આ બધાની સામે લડીને રાજ્યનો ટૂકડો મેળવવો એના કરતાં ભીખ માગીને રહેવું સારું-એમ વૈરાગ્ય પામેલા અર્જુનને કૃષ્ણ ભગવાને ગીતાનો ઉપદેશ કરી, એવો ઉત્તેજિત કર્યો કે કુરુક્ષેત્રમાં ભીષણ સંગ્રામ મંડાયા, અનેક વિભૂતિઓ નાશ પામી, તેમજ અનહદ મનુષ્યહત્યાકાંડ નીપજ્યો.

સારાંશ, અહીં કૃષ્ણ ભગવાને વીરાગી અને શાંત બનેલાને ક્રોધમાં ધમધમાવ્યા, ભયંકર નરસંહારની લીલા ખેલાવડાવી. ઇતર દર્શનમાં પરમાત્મપદમાં આ મળે, ત્યારે જૈનદર્શનમાં ઉપર કહ્યું તેમ ક્રોધથી ધમધમતા અને યુદ્ધ કરવા સજ્જ ૯૮ દીકરાઓને ભગવાન શ્રી ઋષભદેવ પરમાત્માએ તત્ત્વદેશનાથી વૈરાગી અને વિરતિધર મુનિ બનાવી દીધા !

ક્યાં શ્રી સિદ્ધચક્રમાંથી મળતો દિવ્ય પ્રકાશ ? અને ક્યાં તે વિના મચી રહેલું ઘોર અજ્ઞાનનું તાંડવ ?

**જૈનદર્શનનો તપ અને ઈતરદર્શનનો તપ :** એમ દા.ત. શ્રી સિદ્ધચક્રના તપપદના પ્રકાશમાં કેવા કેવા નિર્દોષ અને આત્મસ્વાતંત્ર્ય પ્રગટાવનાર વિવિધ તપની પ્રેરણા મળે છે, ત્યારે ઈતરદર્શનના એ પ્રકાશના પ્રભાવે તપના નામે ખાનપાનની લીલા ચાલે છે.

જેમકે અન્ય દર્શનમાં એકાદશી આરાધવાની બતાવી. એમાં ઉપવાસને નામે ફળાહાર ચાલે. અરે ! ફળાહાર કરે ને તે વળી ઉપવાસમાં ખપે ?

ત્યારે જૈનશાસનના સિદ્ધચક્ર તપપદનો એવો પ્રકાશ બતાવ્યો કે બીજ, પાંચમ, આઠમ વગેરે પર્વ તિથિઓમાં નિરાહાર ઉપવાસ યા તદ્દન રૂક્ષ આહારનં આયંબિલ, ઉપરાંત બ્રહ્મચર્ય, પરમાત્મ-ભક્તિ, દુન્યવી હિંસામય આરંભ સમારંભોના ત્યાગ તથા વિષયવિલાસોના ત્યાગ વગેરે બતાવ્યું.

એટલું જ નહિ, પણ શ્રી સિદ્ધચક્રનો પ્રકાશ ત્યાં સુધી બતાવે છે કે જેમ દેવાધિદેવ આરાધ્ય છે, ગુરુ આરાધ્ય છે તો તેની આશાતના, વિરાધના અવગણના ન થાય. તેમ પર્વતિથિ પોતે આરાધ્ય છે, જ્ઞાન આરાધ્ય છે, તો તેની પણ આશાતના-અવગણના ન થાય અર્થાત્ બીજ, પાંચ વગેરે પર્વતિથિની પ્રત્યે માન-સન્માનની દૃષ્ટિ રહેવી જોઈએ, પણ 'આ પણ તિથિ એટલે દિવસ, અને એકમ, ત્રીજ, ચોથ વગેરે પણ તિથિ એટલે દિવસ, પર્વ કે અપર્વ દિવસ બધા સરખા,'- આવો ભાવ પર્વતિથિ માટે ન લેવાય. એટલો ભાવ પણ એની આશાતના છે, અવગણના છે.

એમ જ્ઞાન પણ પૂજ્ય છે, તેથી એની પણ આરાધના કરવાની છે. એમાં ગમે તે જ્ઞાનનું પણ પુસ્તક એ અક્ષરજ્ઞાનનો આધાર છે, તો એને પણ બગલમાં લગાવવું, માથા નીચે ઓશીકા તરીકે રાખવું, એને પગ લગાડવો... વગેરે આશાતના ન થાય. આ વિવેક ઈતર દર્શનમાં ક્યાં જોવા મળે ? એ તો જિન શાસનના સિદ્ધચક્રના પ્રકાશથી વિવેક મળે.

અજ્ઞાનના અંધકારવાળાને નવપદનો પ્રકાશ મળે તો તે અંધારું દૂર થાય. તે જો સિદ્ધચક્ર દ્વારા આત્મામાં પ્રકાશ મળે એટલે ખબર પડે કે કર્તવ્ય શું છે ? અકર્તવ્ય શું છે ? હિત શું ? અહિત શું છે ? સાર શું ? અસાર શું છે ?

સિદ્ધચક્રનો પ્રકાશ ન મળે તો અવિવેક અને અજ્ઞાનતાનું અંધારું ન ટળે.



'થયા જેહના ધ્યાનથી સૌખ્યભાજા, સદા સિદ્ધચક્રાય શ્રીપાલ રાજા,'

**સિદ્ધચક્રના પ્રકાશે મયણા ને શ્રીપાલના જીવનમાં પાથરેલ પ્રકાશ :**

સિદ્ધચક્રનું ધ્યાન ધરતાં ધરતાં શ્રીપાલ રાજા સુખી થયા. કાકાના પ્રપંચથી શ્રીપાલે બાપ અને બાપનું રાજ્ય ગુમાવ્યું હતું તે વખતે તે બે વર્ષના હતા. એમની માતા એમને સાથે લઈ ભાગેલી. કોઢિયાના ટોળામાં તેમને સ્થાન-રક્ષણ મળ્યું. કોઢિયા બન્યા-મયણાસુંદરી મળી-બંને ગુરુ પાસે ગયા. ગુરુએ નવપદ આરાધવાનો ઉપદેશ આપ્યો. મયણાસુંદરીએ પાસે રહી શ્રીપાલ પાસે નવપદની આરાધના-સિદ્ધચક્રની આરાધના કરાવી. ભવિ જીવ છે, ઊતરી ગયા આરાધનામાં,-ને આ ચમત્કાર દેખ્યો,-નવપદની આરાધના કર્યા પછી નવપદના ન્હવણ જળના અચિંત્ય પ્રભાવથી કોઢ ગયો-સાથેના બધા કોઢિયા કોઢમુક્ત બન્યા.

હવે જીવનમાં મમરાવવું હોય તો તે ફક્ત સિદ્ધચક્ર-એમ શ્રીપાલને લાગ્યું.

પૈસાનો લોભી મનમાં પૈસા મમરાવ્યા કરે. રાતે ઊંઘમાં લીધાદીધાની લવરી ચાલુ હોય; એમ શ્રીપાલને નવપદની લગની લાગી. ઊઠતાં-બેસતાં ક્યાંય સારું પરિણામ આવે તો તે સિદ્ધચક્રનો પ્રભાવ માને છે. મયણા પણ એવી મળી-પરદેશ જતા શ્રીપાલને તે કહે છે : "પરદેશ જાવ છો, પણ નવપદને ન ભૂલતા-" શ્રીપાલ તે સ્વીકારી લે છે.

તો શ્રીપાલે સિદ્ધચક્ર-નવપદનું ધ્યાન કેવું રાખ્યું ? કે ધવલ શેઠ વહાણમાંથી દરિયામાં ફેંકે છે, ત્યારે પડતાં પડતાં "નમો નવપદાય" "નમો નમઃ શ્રી સિદ્ધચક્રાય" બોલે છે !

જુઓ, સિદ્ધચક્રનો પ્રભાવ !

ત્યાં મગરમચ્છ આવી ગયો. પીઠ પર શ્રીપાલને ઝીલી લીધા. તરાપા માફક શ્રીપાલને લઈને થાણા બંદરના કિનારે તે મૂકી દે છે !

ત્યાંય નવપદ છે દિલમાં, એટલે 'બધું ભલેને લૂંટાઈ જાય- તેની કોઈ ચિંતા નહિ, મારી પાસે શ્રી સિદ્ધચક્ર છે ને ?'

સમુદ્રકિનારે મગરમચ્છે ઉતાર્યા, ત્યાં આગળ ગયા ને વૃક્ષ દેખી નિશ્ચિન્તપણે વૃક્ષ નીચે આરામથી સૂઈ ગયા. શું કાંઈ ચિંતા નહીં હોય ?

'પોતાના વહાણનું અને એમાં રહેલ પોતાની પરિણીત બે રાજકુંવરીઓનું શું થયું હશે ?'

ના. ચિંતા નહીં, કેમકે ચિંતા કરવા લાયક કોઈ વસ્તુ હોય તો તે સિદ્ધચક્ર

છે. તેની ચિંતા કરું તો બધી ચિંતા ભાગી જાય. 'સિદ્ધચક્રને મૂકીને બીજી ચિંતા કરું તો મારી કિંમતી ઉંમર ભાગી જાય, અર્થાત્ એળે જાય' અથવા કહો, ગમે તે પરિસ્થિતિમાં શ્રીપાલ સદા સૌખ્યભાજા-બીજી ત્રીજી ચિંતા કરે તો સુખ જાય. નવપદનું જ ધ્યાન ધરવાનું, તેની જ ચિંતા કરવાની.

શ્રીપાલ સૂતા છે. ને એક ઘોડેસવાર આવીને ઊભો રહ્યો.

'કોણ તું ?' શ્રીપાલે પૂછ્યું.

'થાણા બંદરના મહારાજાએ આપને તેડવા આ ઘોડો મોકલ્યો છે.' રાજાએ મને કહ્યું છે : "કિનારે ઝાડ નીચે સૂતેલાને જલદી લઈ આવ, તેને કુંવરી પરણાવવી છે."

શ્રીપાલ વિચારે છે : 'કાંઈ ઓળખાણ નહિ, પિછાણ નહિ, ને શી વાત કરે છે ? આ પ્રભાવ તે નવપદનો.'

નવપદના ધ્યાનને કારણે શ્રીપાલ "સદા સૌખ્ય ભાજા" એટલે સદા સુખ ભોગવનારા બન્યા. રાજાએ પોતાની દીકરી તેમને પરણાવી, શ્રીપાલને જમાઈ બનાવ્યા, પોતાની પાસેના સિંહાસન પર બેસાડ્યા.

ત્યાં તો ત્યાં આવી પહોંચ્યા ધવલશેઠ, ને સાથે હતું ડુમનું મોટું ટોળું ! ડુમ બધા 'મામા, મામા; કાકા, કાકા' કહેતા વળગ્યા શ્રીપાલને...

રાજા વહેમાયો કે શ્રીપાલ ડુમ ?

શી વાત છે ? આ ડુમ છે ? ચંડાળ છે ? એમ વહેમાઈ રાજા ઊભો થઈ ગયો. શ્રીપાલને તે કહે છે : "શું તમે ચંડાળ છો ? શું મને આગળથી કહ્યું પણ નહીં ? બસ, તમને મારી નાખું".

દીકરીએ પિતા રાજાનો હાથ ઝાલ્યો. "ઊભા તો રહો. તેમને પૂછો તો ખરા કે એ કોણ છે ? અલલટપ્પુ કહે તો તે શું માની લેવું ?" દીકરી બોલી.

રાજા : તમે કોણ છો ?

શ્રીપાલ : હું કોણ છું તે મારી તલવાર બતાવશે.

નવપદના પ્રભાવે વિદ્યાધર પાસેથી શ્રીપાલને એવી જડીબુટ્ટી મળેલી કે એને કોઈનું શસ્ત્ર વાગે નહિ, અને પોતાનું શસ્ત્ર બીજાને વાગે. એથી પોતે નિશ્ચિત હતા. રાજા આથી અચંબો પામ્યો.

શ્રીપાલ : "તમે એકલા નહીં, આખા લશ્કર સાથે આવી જાવ. મને ઓળખવો હોય તો ઓળખી લો."



ત્યારે રાજા ઠંડો પડ્યો અને જોયું કે આ કોઈ અલૌકિક પુરુષ છે. એટલે બહુ નમ્ર બનીને શ્રીપાલને કહે છે : ના, ના, હું ભૂલ્યો, તમારી ક્ષમા માગું છું. મને તમારી ખરેખરી ઓળખ આપો."

શ્રીપાલે કહ્યું : "જાવ દરિયા કિનારે. ત્યાં વહાણ આવ્યું હશે. તેમાં રહેલી બે રાજકુંવરીઓને મારી ઓળખ પૂછી લો."

તેથી રાજાએ બંને બોલાવી લીધી, તેમને પૂછ્યું. તેઓએ શ્રીપાલની ઓળખાણ આપી. તે સાંભળી રાજા ચોંકી ઊઠ્યો કે 'અરે ! આ કોણ ? આ તો ચંપાદેશના રાજાના રાજકુંવર ! એટલે મારી બેનના દીકરા ! હવે શ્રીપાલને ત્યાં કોઈ દુઃખ નથી. શ્રીપાલ સદા સૌખ્યભાજા.

રાજાએ ધવલને મારવા લીધો તો પરોપકારી શ્રીપાલે તેને છોડાવ્યો.

પ્ર. - શ્રીપાલે ધવલશેઠને કેમ છોડાવ્યા ?

ઉ. - શ્રીપાલ સુખી હતા, કારણ તેમના મનમાં નવપદ રમતા હતા. તે નવપદે શીખવ્યું છે, "વેરનો બદલો પ્રેમથી વળાય"; ને એમાં જ આપણું મન ખરું સુખી.

- શ્રીપાલ આવા સદા સૌખ્યભાજા છે.
- મૈત્રીભાવ તે આપણી વડાઈ !
- આ દુનિયામાં વડાઈ પૈસાની નથી, પણ ગુણની છે.
- વડાઈ રંગરાગની નહિ, પણ ત્યાગની છે.
- વડાઈ સંયમની-સાધનાની-સુકૃતોની છે.

• પૈસાથી વટ પડે નહિ, સુકૃતથી વટ પડે. સુકૃત વિના એકલા પૈસાથી વટ પાડે તો તે ભૂખડી બારસ જેવા સમજવા.

• તારે વટ પાડવો હોય તો સિદ્ધચક્ર પાસે પાડ કે 'આટલું દાન આપીશ, શિયળ પાળીશ, તપ કરીશ, સંયમ પાળીશ.' સિદ્ધચક્ર તો તે બધાના જ્ઞાતા છે. તે બધું જુએ છે.

• સિદ્ધચક્રના ધ્યાનથી શ્રીપાલ ધવલને માફી આપવામાં વડાઈ માને છે. અપકારી પર ઉપકાર કરવામાં તે વટ માને છે.

સિદ્ધચક્રનું ધ્યાન છે એટલે શ્રીપાલ રાજા સલામતી શામાં માને છે ?

દુશ્મનને મારી નાખવામાં નહિ, પરંતુ દુશ્મનને જીવતો રાખી પોતાના

દિલમાં એના પ્રત્યે નકરી મિત્રતા, સ્નેહભાવ બન્યો રહે, તેમાં શ્રીપાલ સલામતી માને છે. આત્માના ગુણોની સંપત્તિ કમાઈ લેવામાં તે સલામતી માને છે.

પ્ર. - આત્માના મોટા ગુણ કયા ?

ઉ. - આત્માના મોટા ગુણ : પરોપકાર, દયા ને ક્ષમા. ધવલને મારી નાખવા રાજા તૈયાર થાય છે, ત્યારે શ્રીપાલને થાય છે કે આ ધવલ દયાપાત્ર છે, હું જો વચમાં નહીં પડું તો ધવલને મરવું પડશે. દયાની કમાણી કરવાનો આ સારો અવસર છે.

તેથી શ્રીપાલ રાજાને કહે છે : આમને છોડી દો.

રાજા : કેમ ?

શ્રીપાલ : આ મારા મોટા ઉપકારી છે.

રાજા : કેવી રીતે ?

શ્રીપાલ : 'એમના વહાણમાં એમણે મને મુસાફરી કરાવી છે.'

મુસાફરી શ્રીપાલને કરવી હતી ને તે ધવલે કરાવી પણ ભાડું લઈને, અર્થાત્ શ્રીપાલે ભાડું આપીને મુસાફરી કરી હતી, છતાં ધવલને તે ઉપકારી માને છે, કારણ કે શ્રીપાલ સિદ્ધચક્રના પ્રભાવે સદા સૌખ્યભાજી છે. શ્રીપાલના હૃદયમાં અંધારું ન હતું, પણ શ્રી સિદ્ધચક્રનું અજવાળું હતું. પણ ધવલના હૃદયમાં અંધારું હતું.

શ્રી સિદ્ધચક્રનો મહિમા હૃદયમાં વસાવી શ્રીપાલ રાજાની માફક જીવનમાં શ્રી સિદ્ધચક્રને મુખ્ય કરો અને શ્રીપાલની માફક શ્રી સિદ્ધચક્રના ભાવ જીવનમાં ઉતારો.

❖ ❖ ❖

**વાચના ૩** મહા વદ ૯, ૨૦૩૬, ૨૫-૧-૮૦

## નવપદના ધ્યાનનો પ્રભાવ

**"કર્યાં કર્મ દુર્મર્મ ચકચૂર જેણે, ભલાં ભવ્ય નવપદ ધ્યાનેન તેણે**
**કરી પૂજના ભવ્યભાવે ત્રિકાળે, સદા વાસિયો આતમા તેણે કાળે."** ૩
**"જિકે તીર્થંકર કર્મ ઉદયે કરીને, દીયે દેશના ભવ્યને હિત ધરીને;**
**સદા આઠ મહાપાડિહારે સમેતા, સુરેશ નરેશે સ્તવ્યા બ્રહ્મપૂતા."** ૪
**"કર્યાં ઘાતિયાં કર્મ ચારે અલગ્ગા, ભાવોપગ્રાહી ચાર જે છે વિલગ્ગા;**
**જગત્ પંચ કલ્યાણકે સૌખ્ય પામે, નમો તેહ તીર્થંકરા મોક્ષકામે."** ૫



**કાવ્યાર્થ :** "ઉત્તમ અને સુંદર નવપદના ધ્યાનથી જેમણે કર્મના અશુભ અનુબંધોને નષ્ટ ભ્રષ્ટ કરી નાખ્યા છે અને ત્રણે કાળ જેમણે અદ્ભુત શુભ ભાવ વડે (નવપદોની) પૂજા કરી છે અને હંમેશાં તે કાળે પોતાના આત્માને નવપદથી ભાવિત કર્યો છે." ૧.

"જેનાથી ઉપાર્જિત તીર્થંકર નામકર્મના ઉદયના પ્રભાવે ભવ્ય જીવોને કલ્યાણના અર્થે જેઓ દેશના આપે છે, અને જેઓ સદા આઠ મહા પ્રાતિહાર્યથી યુક્ત હોય છે, અને બ્રહ્મચર્યથી (પરમાત્મપણાથી) પવિત્ર થયેલા એવા જેમને સુરેન્દ્રોએ સ્તવેલા છે." ૨.

"જેમણે ચારે ઘાતી કર્મોને અળગા (દૂર) કરી દીધા છે અને ભવમાં પકડી રાખનાર (અઘાતી કર્મ) ચાર હજુ જેમને ઉદયમાં અને સત્તામાં વળગેલા છે, જેમના પાંચ કલ્યાણકો વખતે જગતના જીવો સુખનો અનુભવ કરે છે, તે તીર્થંકર ભગવાનોને મોક્ષની કામનાથી નમસ્કાર કરો." ૩.

આગળના પહેલા શ્લોકમાં સિદ્ધચક્રને નમસ્કાર કર્યો. પછી શ્રી સિદ્ધચક્રની વિશિષ્ટતા બતાવી. આ સિદ્ધચક્રનો ઉપદેશ આપનાર તીર્થંકર ભગવાન છે.

પ્ર. - ત્યારે સવાલ થાય છે કે ઉપદેશ આપનાર એ તીર્થંકર ભગવાન બન્યા કેવી રીતે ?

**"કર્યાં કર્મ દુર્મર્મ ચકચૂર જેણે, ભલા ભવ્ય નવપદ ધ્યાનેન તેણે."**

**નયસાર :** જે તીર્થંકર થાય છે, તે નવપદનું ભવ્ય ધ્યાન કરીને થાય છે.

તીર્થંકર ભગવાનની પૂર્વ જન્મોની સાધના જોઈએ તો તેમાં નવપદની સાધના દેખાશે, સામાન્ય ગુણો દેખાય તો તે નવપદ સાધનાના અંતર્ગત છે.

દા.ત. નયસાર હજુ ધર્મ પામ્યા નથી, પરંતુ અતિથિ સત્કારની બુદ્ધિએ જાતે અતિથિને શોધવા જતાં જંગલમાં મુનિ મળ્યા, મુનિ પ્રત્યે સહાનુભૂતિ બતાવી અને તેમનો સત્કાર કર્યો. મુનિપણાના ધર્મને અનુકૂળ રહીને મુનિની સરભરા કરી, ગોચરી વહોરાવી, ભોજન પત્યા બાદ એ મુનિઓને જંગલમાં રસ્તે ચઢાવવા પોતે જાતે ચાલ્યો અને રાજમાર્ગ આવી જતાં મુનિઓએ કહ્યું : 'અમારે તને કાંઈક કહેવું છે.'

**મુનિપદનું મૂલ્યાંકન : નયસાર :** "ઓહો ! મારા અહોભાગ્ય ! આપ કહેવા ઇચ્છો છો ? ક્યાં હું નરાધમ ને ક્યાં આપ મહાત્મા ! હું હલકો માણસ આપની મહેરબાનીને લાયક ક્યાંથી હોઉં ? આપ જરૂર મને આપના નાનામાં નાના

શિષ્ય જેવો સમજી મને સુખેથી કહો."

આ બધું મુનિપદનું મૂલ્યાંકન છે.

મુનિ તેને કહે છે : "તેં જે રસ્તો બતાવ્યો તે દ્રવ્ય માર્ગ છે, પરંતુ ભાવ માર્ગ-મોક્ષનો માર્ગ પણ છે. એમ કહીને ભાવમાર્ગ સમ્યક્‌જ્ઞાન-દર્શન-ચારિત્રની અને એ આપનાર સુદેવ-સુગુરુ-સુધર્મની ઓળખ કરાવી.

પ્ર. - આત્મામાં ઉન્નતિ શી રીતે થાય છે ?

ઉ. - એનું આ પહેલું પગથિયું છે કે જે કોઈ પૂજ્ય છે, આરાધ્ય છે, આદરણીય છે તેનું મૂલ્યાંકન કરવું.

દા.ત. આચાર્ય માટે પણ સાધુપદ આદરણીય છે તો પછી ભલે એમાં સૌથી નાનો બાલમુનિ પણ આવી જાય-આ એનું મૂલ્યાંકન છે.

જ્ઞાનની આરાધના કરવી છે, તો જ્ઞાનનું સાધન-શ્રુતનો આશ્રય પુસ્તક પણ આદરણીય છે, એનું મૂલ્યાંકન એ રીતે થાય કે પુસ્તક લઈને જ્ઞાન ભણવાનું કરતાં પહેલાં પુસ્તકને હાથ જોડાય, જેમ ગુરુ જ્ઞાનદાતા છે, તો એમને પહેલાં હાથ જોડી નમસ્કાર કરાય છે, તેમ પુસ્તક પણ જ્ઞાનદાતા છે, તેને હાથ જોડી નમસ્કાર કરવાનું કેમ ચૂકાય ? એટલું જ નહિ, પણ પુસ્તકને ઊંચે આસને રાખવું જોઈએ-એને બગલમાં ન મરાય, પણ બહુ માનપૂર્વક હાથમાં લઈને ચલાય-તે પણ પુસ્તકવાળો હાથ નાભીથી નીચે ન જવો જોઈએ. વળી પુસ્તકને પોથીમાં બાંધેલું વ્યવસ્થિત રખાય. આવું બધું પુસ્તકનું મૂલ્યાંકન નથી તો જ્ઞાન આત્મામાં પજણે નહિ-પરિણામે નહિ-ઉપર ઉપર રહે, પછી ગમે તેટલું ભણો.

નયસારે મુનિના મૂલ્યાંકનનું એ કાર્ય કર્યું. પછી ઉત્તરોત્તર ભાવમાં નવપદની સાધના કરતા ગયા; જ્યાં એ ચૂક્યા તો નીચે ઉતર્યા; ને મૂલ્યાંકન કરતા ગયા તો સાધના વધતી ચાલી.

પ્ર. - નવપદનું ધ્યાન એટલે શું ?

ઉ. - ભવ્ય એવા નવપદના ધ્યાનથી જેમણે કર્મના દુર્મર્મ ને અર્થાત્ અશુભ અનુબંધોને ચકચૂર કરતા ગયા. તે અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ-દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-એ નવપદનું ધ્યાન,-એકેએક પદની એકાગ્રતાથી સાધના-તે નવપદનું ઉત્તમ ધ્યાન છે.

પ્ર. - ધ્યાન એટલે એકાગ્ર ચિંતન; એમાં સાધનાની ક્રિયા ક્યાં આવી ?

ઉ. - ધ્યાન એટલે એકાગ્રતા પછી ચાહ્ય તે મનની હો, વચનની હો, કે



કાયાની એકાગ્રતા હો. માટે તો કહેવાય છે કે- **'જ્ઞાન ધ્યાનમાં ઉજમાળ રહેજો.'**

આમાં 'જ્ઞાન' એટલે સ્વાધ્યાય, અને 'ધ્યાન' એટલે ક્રિયા. ધ્યાનનો આ અર્થ શ્રી 'બૃહત્ કલ્પ'માં આપેલો છે.

જ્ઞાન એટલે શ્રુત ધર્મ.

ધ્યાન એટલે ચારિત્ર ધર્મ.

જ્ઞાન-ધ્યાનમાં ઉજમાળ રહો, એમાં 'ધ્યાનમાં ઉજમાળ રહો' એટલે ? ચારિત્ર ધર્મ-સાધુચર્યા-સાધુ સામાચારી-સાધ્વાચાર તેમાં ઉજમાળ રહો !

અહીં શંકા થાય કે આ આચારપાલનમાં ધ્યાન ક્યાં આવ્યું ?

તો એનું સમાધાન એ છે કે 'તેમાં એકાકાર તન્મય બની જાવ તે ધ્યાન.'

**સારાંશ :** નવપદનું ઉત્તમ ધ્યાન એટલે તન્મયતા પૂર્વક નવપદની બધા પ્રકારની ઉત્તમ આરાધના.

## નવપદની આરાધના એટલે દુર્મર્મ કર્મનો નાશ :

શ્રી સિદ્ધચક્ર-નવપદની આવા સમગ્ર પ્રકારની એકાગ્ર આરાધનાથી કર્મના દુર્મર્મ ચકચૂર થઈ જાય છે. દુર્મર્મ એટલે દુઃખદ મર્મસ્થાન અને તે છે એની અશુભાનુબંધ શક્તિ.

દા.ત. અશાતા વેદનીય ભારે હોય, પરંતુ જો એ વખતે જીવને હાય વોય નથી પણ સમાધિ છે. કર્મક્ષય કરવાનો આ અપૂર્વ અવસર મળી ગયો-સમજી આનંદ માન્યો તો એ કર્મનો ઉદય નવાં અશુભ કર્મો બંધાવનારો બનતો નથી, કેમકે એનામાં દુઃખદ અશુભ અનુબંધ-શક્તિ નથી; પરંતુ ભલે સામાન્ય અશાતા વેદનીયનો ઉદય છે, કિંતુ એ વખતે હાયવોય છે, ખેદ છે, ઉકળાટ છે, તો એ અશુભ કર્મ બંધાવનાર બને છે. ત્યાં એ ભોગવાતાં અશાતા વેદનીય કર્મને અશુભાનુબંધી અશુભ અનુબંધવાળાં કહેવાય, એટલે કે એ કર્મમાં દુર્મર્મ અને દુઃખદ અશુભાનુબંધશક્તિ છે.

નવપદની એકાગ્ર આરાધનાથી-ઉત્તમ ધ્યાનથી કર્મોની દુઃખદ મર્મ યાને અશુભાનુબંધ-શક્તિ તૂટી જાય છે. પછી ભલે પૂર્વ કર્મ નિકાચિત હોય અને તેથી એ અવશ્ય ભોગવાઈને જ જાય એવું હોય પણ તપ વગેરેથી નાશ ન પામે એવું હોય, તો એને ભોગવવું પડશે; કિંતુ જો નવપદ ધ્યાનથી એની અશુભાનુબંધ શક્તિઓ તોડી નાખી છે, તો હવે એ કર્મ ભોગવાતાં હાયવોય, કષાય, અશુભધ્યાન, અસમાધિ વગેરે બિલકુલ નહિ થાય.

સ્વાભાવિક છે કે આમ નવો અશુભ કર્મબંધ અટક્યો એટલે ભોગવાતું નિકાચિત પણ અશુભ કર્મ નિર્વારસ મરી ગયું એટલે કે એ સમૂળ છૂટી ગયું.

તીર્થંકર બનનાર આત્માએ પૂર્વ ભવોમાં નવપદ આરાધનાથી કર્મના દુર્મર્મ છેદી નાખ્યા છે.

દા.ત. મહાવીર ભગવાન ત્રિપૃષ્ઠ વાસુદેવના ૧૮મા ભવમાં તીવ્ર કષાયથી શય્યાપાલકના કાનમાં તપાવેલું સીસું રેડાવેલું, તીવ્ર અશુભ બંધવાળા ઘોર અશાતા વેદનીય વગેરે નિકાચિત કર્મ ઊભાં કરેલાં, પરંતુ પછીના ૨૨મા ભવથી નવપદ આરાધના કરતા ગયા તો એ અશુભાનુબંધો તૂટતાં ચાલ્યાં, અલબત, એ કર્મ નિકાચિત હોઈ સાધનાથી ન તૂટતાં ઊભાં રહેલાં. પરિણામે છેલ્લા ભવમાં એ અવશિષ્ટ કર્મના ફળરૂપે કાનમાં ખીલા ઠોકાવાની તીવ્ર વેદના આવી. પરંતુ એ કર્મના દુર્મર્મ અર્થાત્ અશુભાનુબંધશક્તિ નષ્ટ કરી નખાવેલ હોવાથી એમને હાયવોય વગેરે કશુંય થયું નહીં.

પાલકપાપીએ ૫૦૦ મુનિઓને ઘાણીમાં પીલ્યા પરંતુ એમાં અશુભાનુબંધ શક્તિ નષ્ટ કરી નાખેલ હોવાથી 'હાય' ન થયું, પણ 'હાશ' થયું. તે 'હાશ' એટલે કે સમતા ભાવ એટલો બધો જોરદાર ઊભો થયો કે ગુરુ પાસે રહેતાં જે કેવળજ્ઞાન નહોતું થયું તે અહીં પ્રગટ થઈ ગયું.

નવપદ ધ્યાનથી આત્મપ્રગતિ કેવી રીતે ?

નવપદધ્યાનથી કર્મના આ દુર્મર્મ ભેદાઈ જવાથી જીવને ઉત્તરોત્તર આત્મપ્રગતિ વધ્યા કરે છે. એનું કારણ, દુર્મર્મ એટલે અશુભ અનુબંધ છેદાઈ ગયા, તેથી હવે એ કર્મના ઉદયમાં દુર્બુદ્ધિ નહિ થવાની, કિન્તુ સદ્બુદ્ધિ થવાની, જેના પ્રતાપે વિશેષ ધર્મ આરાધના અને સદ્ગુણોનો અભ્યાસ સૂઝવાના. એમાં નવપદ આરાધના પણ આવશે. એ આવવાથી વળી કોઈ અશુભ અનુબંધો છેદાશે, એના પર વળી સદ્બુદ્ધિ થવાથી વિશેષ ધર્મ આરાધના-સદ્ગુણ-સાધના ચાલવાના.

બસ, નવપદધ્યાનથી આમ ઉત્તરોત્તર આત્મપ્રગતિ થવાની. નવપદનું ધ્યાન આ કામ કરે છે. એ ધ્યાનમાં નવપદની બધી આરાધના આવે છે. એટલે પ્રાથમિક જીવને નવપદના કોઈ એક પણ પદ પ્રત્યે માત્ર અહોભાવ પણ આવે, તો એ પણ નવપદની આરાધના છે.

દા.ત. અહો ! કેવા અનુપમ અરિહંત ભગવાન ! અહો ! કેવા સિદ્ધ ભગવાન ! એવો અહોભાવ. ભલે વિશેષ આરાધના આગળ પર આવશે છતાં પહેલે પગથિયે નવપદ પ્રત્યે અહોભાવની આરાધના આવે, ત્યાંથી નવપદનું ધ્યાન



શરૂ થઈ ગયું. યાવત્ સમ્યગ્દર્શન પોતાને પ્રાપ્ત ન પણ થયું હોય, છતાં સમ્યગ્દર્શન પ્રત્યે અહોભાવ આવે, ત્યારથી એની આરાધના શરૂ થઈ.

**સમ્યક્ત્વની શ્રેષ્ઠતા :** પ્ર. - સમ્યગ્દર્શનની આરાધના એટલે શું ?

ઉ. - સમ્યગ્દર્શનની આરાધના એટલે સર્વજ્ઞ જિનેશ્વર ભગવાને કહેલા તત્ત્વ પર ભારે વિશ્વાસ. એવો વિશ્વાસ કે કોઈ મોટી કટોકટીના અવસરે પણ જિનોક્ત તત્ત્વથી વિપરીત વિચારવાનું નહીં.

**ચંદનબાળાની પ્રસન્નતા :** દા.ત. ચંદનબાળાને પાલકપિતા ધના શેઠને ત્યાં એમની પત્ની મૂળાએ ઈર્ષ્યાથી એનું માથું મુંડાવી નાખ્યું, ભોંયરામાં ઉતારી, પગમાં બેડી નાખી, બેડીને તાળું લગાવી દીધું અને પોતે ચાલી ગઈ. ધના શેઠને ત્રણ દિવસે તેનો પત્તો મળ્યો. ભોંયરામાં ઉતર્યા, ચંદનાને જોઈ રડી પડ્યા. તે બોલી ઉઠે છે : અરે ! આ તારી પાપિણી માએ શું કર્યું ?

ચંદના બોલી : બાપુ ! આમાં માનો કોઈ વાંક નથી આ તો મારા કર્મના વાંકે થયું છે.

આ શું છે ? ભગવાને કહેલા કર્મના અટલ સિદ્ધાંત પર હાડોહાડ શ્રદ્ધા છે. તે સમ્યગ્દર્શનની આરાધના છે.

ચંદના વધારામાં કહે છે : બાપુ ! ખરેખર તો આમાં કશું ખોટું થયું નથી. આમ ખાનપાન, હલું ફરવું, કેશ સમારવા, બીજા કામકાજમાં પડવું, વગેરેમાં મારા મહાવીર ભગવાનને વારે વારે ભૂલવાનું થાત; એના બદલે મુંડિત માથે અને પગમાં બેડીએ અહીં સ્થિરતા મળવામાં મારા પ્રભુને યાદ કર્યા કરવાનો સરસ મોકો મળી ગયો !

આ પણ શું છે ?

વીતરાગ પ્રભુ પરના અત્યંત નિર્દોષ રાગ રૂપી સમ્યગ્ દર્શનની આરાધના છે. સમ્યગ્દર્શન એટલે વીતરાગ પ્રભુ પર અથાગ રાગ-નિરાશંસ ભાવે રાગ.

એમ સુગુરુ, અને સુધર્મ પર અથાગ રાગ એ પણ સમ્યગ્ દર્શન છે.

**મંત્રી બેલડીની સાત્ત્વિકતા :** ગુજરાતના રાજા વીરધવલના મહામંત્રી વસ્તુપાળે મંત્રીપદ સ્વીકારતાં પહેલાં કહી દીધેલું કે અમારી વફાદારી, આજ્ઞાંકિતતા પહેલી અમારા દેવાધિદેવ અરિહંત પરમાત્મા અને ગુરુ ત્યાગી મુનિવર પ્રત્યે રહેશે, તે પછી તમારી આજ્ઞા માન્ય રહેશે.

રાજાએ જોયું કે જે પોતાના દેવગુરુ પ્રત્યે આટલા વફાદાર છે, તે કદાપિ મને બેવફા ન નીવડે. એમ માની એ શરતથી એમને મંત્રી તરીકે સ્વીકારી લીધેલા.

એક વારના પ્રસંગે રાજાના મામાએ સાધુની અવગણના કરી. એ વસ્તુપાલને ખબર પડતાં મામાની એમણે ખબર લઈ નાખી; પછી ભલે મામાએ રાજાને ભંભેરણી કરતાં રાજા વસ્તુપાલ પર કોપાયમાન થયો એની પરવા નહિ રાખી. શી વાત મારા ગુરુ ! મારા તારણહાર ! એમનું માન સાચવવા જરૂર પડ્યે હું ફના થઈ જાઉં. ચિંતા નહિ, આવો ગુરુ પ્રત્યે અથાગ રાગ એ સમ્યગ્દર્શનની આરાધના છે. ગુરુ પ્રત્યે એ અથાગ રાગ અને અથાગ બહુમાનમાં નથી ને કદાચ સાધુ-સાધુ વાદવિવાદ કરતા દેખાયા તો ય એ રગડા પર દૃષ્ટિ જ નહિ, કિંતુ એમના મહાન સંસાર-ત્યાગ ને સર્વ પાપત્યાગ પર જ દૃષ્ટિ, એમની ધર્મોપદેશ દ્વારા ઉદ્ધારકતા પર જ દૃષ્ટિ, તેથી ગુરુ પર રાગ-બહુમાન લેશ પણ ઓછું થાય નહિ.

આ શું ? સમ્યગ્દર્શનની આરાધના, સિદ્ધચક્રની આરાધના છે.

વાત આ છે-તીર્થંકર થનાર આત્માઓએ પૂર્વે શ્રી સિદ્ધચક્રની આરાધના કરી હોય છે, એ એકાગ્ર મનથી કરી હોય છે, તેથી એને સિદ્ધચક્રનું ધ્યાન કહેવાય. સિદ્ધચક્ર નવપદના ધ્યાનથી આગળ જતાં એ તીર્થંકર બને છે.

અહીં સિદ્ધચક્રના ભવ્ય ધ્યાનથી કર્મના દુર્મર્મ ચકચૂર થવાનું લખ્યું એમાં 'ભવ્ય' ધ્યાન એટલે ધ્યાનમાં ભવ્યતા શી ?

**ધ્યાન અને ભવ્યતા :** અહીં આપણે એ જોયું છે કે નવપદનું ધ્યાન એટલે માત્ર કોરું ધ્યાન નહિ; કેમકે ધ્યાન સિવાયના કાળમાં નવપદની બીજી આરાધના ન હોય તો એની જગ્યાએ પાપારંભો, વિષય-વિલાસો અને પ્રમાદના આચરણ ચાલતાં હોય. ત્યાં પછી કોરું ધ્યાન કેટલું કારગત થાય ? એટલે જ એકાગ્રતા-તન્મયતા સાથેની નવપદ આરાધનાને જ ધ્યાન તરીકે લીધી છે. એ આરાધના ભવ્ય જોઈએ, અર્થાત્ યોગ્ય જોઈએ; અને તે જિનેશ્વર ભગવાને કહેલી વિધિને બરાબર અનુસરવાથી આવે.

**પ્ર.** - જિનોક્ત વિધિ સાચવી એટલામાં ભવ્યતા આવે ?

**ઉ.** - આત્માને તરત કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવે એવા સામર્થ્ય યોગની પૂર્વ ભૂમિકામાં શાસ્ત્રયોગની સાધના હોય છે. એની પૂર્વ ભૂમિકામાં ઇચ્છાયોગની જ્વલંત સાધના હોય છે. બહુધા જીવોને ઇચ્છાયોગની કક્ષાની સાધના હોય છે; પછી જ્યારે શ્રદ્ધાબળ વધી જાય, એટલે કે સંપ્રત્યયાત્મક અર્થાત્ સ્વાનુભવ જેવી શ્રદ્ધા ઊભી



થાય, અને સાધના શાસ્ત્રોક્ત, સંપૂર્ણ, વિધિપૂર્વક સાધવામાં આવે, ત્યારે ઉપરની શાસ્ત્રયોગની કક્ષાની સાધના અસ્તિત્વમાં આવે છે. આ ભવ્ય કોટિની સાધના છે. ઇચ્છાયોગ કરતાં બહુ ઉમદા કોટિની સાધના છે. આમાં જોઈએ તો દેખાશે કે શાસ્ત્રયોગમાં ભવ્યતા શું છે ?

૧. સંપ્રત્યયાત્મક શ્રદ્ધા
૨. શાસ્ત્રોક્ત વિધિનું સંપૂર્ણ પાલન

નવપદ ધ્યાનમાં અર્થાત્ તન્મયતાવાળી નવપદ આરાધનામાં પણ ભવ્યતા આ છે કે એ શાસ્ત્રોક્ત સંપૂર્ણ વિધિપૂર્વક થતી હોય અને સાથે એ નવપદ અને એની આરાધના પર સંપ્રત્યાયાત્મક શ્રદ્ધા હોય, એટલે કે સ્વાનુભવ જેવી બની ગયેલી એ શ્રદ્ધા હોય.

વાત પણ સાચી છે કે "ભાઈ, ભગવાને આ સાધના કહી છે, માટે કરો" એમ રોતડ શ્રદ્ધાથી આરાધના કરાય તો એનાથી કર્મના એવા દુઃખદ મર્મ ભેદાય નહિ. એ તો શ્રદ્ધાને સ્વાનુભવ જેવી બનાવી હોય, અર્થાત્ આરાધનાને કર્તવ્ય તરીકે બતાવનાર શાસ્ત્રવચન દિલમાં એવું જચી ગયું હોય-ઓતપ્રોત થઈ ગયું હોય કે હવે એ શ્રદ્ધાને પોતાના અનુભવમાં ઉતારે, અર્થાત્ ભગવાન કે શાસ્ત્ર કહે છે માટે જ નહિ પરંતુ મને પોતાને ય લાગે છે કે 'આરાધના જ કર્તવ્ય છે, આ જીવનમાં કરવા જેવું ને શોભાભર્યું કાંઈ હોય તો તે નવપદ આરાધના જ છે', એમ સ્વાનુભવ બોલે એટલું જ નહિ, પણ સૂર્યની સહજ ગતિની જેમ પોતાના જીવનની સહજ ગતિ આરાધના બની જાય. આનું નામ સંપ્રત્યયાત્મક શ્રદ્ધા.

એ આવે અને આરાધના પણ શાસ્ત્રોક્ત સંપૂર્ણ વિધિસરની ચાલે-એ ભવ્ય આરાધના છે, એ જ નવપદનું ભવ્ય ધ્યાન છે.

પછી કહે છે-

**"કરી પૂજના ભવ્ય ભાવે ત્રિકાળે"**

## વિશુદ્ધ પૂજન :

તીર્થંકર ભગવાન થનાર આત્માએ વળી નવપદની સાધનામાં શું કરેલું ? તો કે ત્રિકાળ ભવ્યભાવથી નવપદનાં પૂજન કરેલાં. 'પૂજન' એટલે ભક્તિ કરેલી. ભક્તિના અનેક પ્રકાર છે : દર્શન, વંદન, સ્તુતિ, દ્રવ્યપૂજા, ભાવપૂજા, યાવત્ શ્રદ્ધા, આજ્ઞાસ્વીકાર, આજ્ઞાપ્રવૃત્તિ, વગેરે વગેરે. આ પૂજન ભવ્ય ભાવથી કર્યાં.

**પ્ર.** - ભવ્ય ભાવથી એટલે કેવા ભાવથી ?

ઉ. - ભવ્ય ભાવથી એટલે વિશુદ્ધ ભાવથી.

પ્ર. - વિશુદ્ધ ભાવ લાવવા શું જોઈએ ?

ઉ. - આના માટે 'શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય' શાસ્ત્ર કહે છે.

**उपादेयधियात्यन्तं संज्ञाविष्कम्भणान्वितम् ।**
**फलाभिसन्धिरहितं संशुद्धंह्येतदीदृशम् ॥**

અર્થાત્ : ૧. જે પૂજન અત્યંત ઉપાદેય બુદ્ધિથી કરાતું હોય.

૨. જે આહારાદિ દશ સંજ્ઞાઓના અટકાયત સહિત હોય.

૩. જે ફળની આશંસા વિનાનું હોય એવું પૂજન વિશુદ્ધ પૂજન છે.

ભવ્યભાવથી પૂજા એટલે કે "કોઈ પણ ક્રિયા અત્યંત ઉપાદેય બુદ્ધિથી કરાતી પૂજા અર્થાત્ આ અત્યંત કર્તવ્ય છે. એને કર્યા વિના ચાલે જ નહિ. તે ઉત્તમ કોટિનું કર્તવ્ય છે. આની તોલે જગતનું કોઈ કર્તવ્ય નથી, કોઈ ક્રિયા નથી, કોઈ પૂજા નથી" એવું સમજીને કરાતી પૂજા તે ભવ્ય ભાવથી કરી કહેવાય.

મોટો ચક્રવર્તી ઘરે આવે ને ઠાઠમાઠથી તેની આરતી ઉતારી, તેની કિંમત નથી, પણ નવપદની આરતી ઉતારે, તેની કિંમત છે.

પૂજા વખતે આહાર-વિષય-કષાય વગેરે દશ સંજ્ઞાને - એકેને ત્યાં ન ઉઠવા દે, ત્યારે ભવ્ય ભાવ આવે. દા.ત. પૂજન ચાલુ વખતે 'ભોજનનો સમય થયો છે' એવો આહારસંજ્ઞા ન ઊઠવા દે.

પરોઢિયે પ્રતિક્રમણ કરતી વખતે "પ્રતિક્રમણ કરી જલદી સૂઈ જઉં" એવી નિદ્રા-સંજ્ઞા ન ઊઠવા દે; કારણ કે આહાર સંજ્ઞા જો પૂજનને ડહોળ્યા કરે, નિદ્રા સંજ્ઞા પ્રતિક્રમણને ડહોળ્યા કરે, તો એ પૂજનક્રિયા પ્રતિક્રમણ ક્રિયા વિશુદ્ધ ન ગણાય.

જેને અત્યંત કર્તવ્ય માને તે ભવ્ય.

### શ્રેણિકની ત્રિકાળ પૂજા :

રાજા શ્રેણિક ત્રિકાળ પૂજા કરતાં, ચોખાનો સાથિયો નહિ, પરંતુ સોનાના જવલાંનો સાથિયો ને વળી તે તાજાં જવલાંનો; ગઈકાલે સાંજે બનાવેલ, સવારે તે હાજર... બપોરે જોઈએ તો સવારમાં તૈયાર કરેલ ચકચકિત નવાં સોનાનાં-સાંજની પૂજા વખતે બપોરે બનાવેલ હોય, એકદમ તાજાં ને તાજાં જવલાં જોઈતાં હતાં.

**સોની ને મુનિ :** આ જવલાંના નિર્માણના પ્રસંગમાં મેતારજ મુનિને સોની તરફથી ઉપસર્ગ આવેલો. મધ્યાહ્ને મુનિ સોનીને ત્યાં ગોચરીએ આવ્યા. સોની



જવલાં ઘડતો ઊઠ્યો ને ભાવથી વહોરાવવા જતાં પક્ષી જવલાં ચણી ઝાડ પર બેસી ગયું. પાછો વળતાં જવલાં ન દેખી સોનીને ગભરામણ થઈ કે 'રાજાને, સમયસર જવલાં હાજર ન હોય તો, જવાબ શું દઉં ?'

એના મનને મુનિએ જવલાં ઉઠાવ્યાની શંકા થઈ. મુનિને પૂછતાં મુનિએ પક્ષીની હત્યા થવાના ભયથી મૌન રાખ્યું. પેલાની શંકા વધુ જોર કરી ગઈ અને જવલાં કઢાવવા મુનિને માથે વાધર વીંટી તડકે ઊભા રાખ્યા; એમ સમજીને કે હમણાં જરા માથું ખેંચાશે એટલે જવલાં આપી દેશે. મુનિ તો એમાં કેવળજ્ઞાન પામી કાળ કરી મોક્ષે ગયા.

ભવ્ય ભાવ માટે ત્રીજી શરત : સાધનામાં ફળની આશંસા ન જોઈએ. સાધનાથી દુન્યવી ફળ મળો એવો વિચાર નહિ, અર્થાત્ પૌદ્ગલિક આશંસા ન જોઈએ.

'આ સાધના કરું ને આ દુન્યવી ફળ મળે'

એ ફળની આશંસા છે, એટલું જ નહિ; પણ સાધના વખતે મને લોકોત્તર ફળ મળો એવા વિચાર પણ નહિ લાવવાના, કેમકે એમ કરતાં સાધનાનો જોશ-વેગ મોળો પડે. સાધના એટલે સાધના. બસ, એના જ ભાવમાં લયલીન થઈ જવાનું. સાધના જેટલી જોરદાર એટલી સાધ્યસિદ્ધિ વહેલી નિકટ.

**અર્ણિકા પુત્ર :** દા.ત. કેવળજ્ઞાની પુષ્પચૂલા સાધ્વીજી મહારાજે અર્ણિકાપુત્ર આચાર્ય મહારાજને કહ્યું : 'આપને માટે હું ગોચરી વરસાદના અચિત્ત પાણીમાંથી લાવી છું.'

અચિત્ત શી રીતે જાણ્યું ?

"કેવળજ્ઞાનથી"

ત્યારે તેમને થયું કે 'અરેરે ! કેવળજ્ઞાની પાસે મેં સેવા કરાવી ?'

આચાર્ય પૂછે છે : 'હવે મારે કેટલા ભવ કરવા પડશે ?' 'આવા મોટા જ્ઞાની પૂજ્યની પાસે સેવા કરાવીએ તો ઘણા ભવ કરવા પડે' એમ આચાર્ય મહારાજ સમજે છે.

આથી તેમને પારાવાર ખેદ થયો ને પૂછ્યું : 'મારે કેટલા ભવ ?'

તો સાધ્વીજી મહારાજ કહે. "ચિંતા ન કરશો. આ તમારો છેલ્લો ભવ છે, તમને કેવળજ્ઞાન થશે."

"ક્યારે કેવળજ્ઞાન થશે ?"

'ગંગા પાર કરતાં'

'આમાં સમય તો કહ્યો નથી તો જો હમણાં જ પાર કરું તો સારું. તરત કેવળજ્ઞાન મળે, એમ વિચારી તેઓ ઊઠ્યા, નાવમાં બેઠા. વૈરી દેવે નાવડું ડોલં-ડોલ કર્યું, અને લોકોને ભાસ કરાવ્યો કે "આ માથામુંડિયા મુનિ અપશુકન છે."

મુનિને લોકોએ બંડલની જેમ ઊંચકી નદી પર ફેંક્યા : "જાવ, નદીમાં પડો."

ફેંક્યા તે ફેંક્યા પણ ઉપરથી પડતા હતા, ત્યારે તેમને વૈરી દેવે ભાલામાં ઝીલ્યા. અહીં કેવળજ્ઞાન યાદ ન આવે ?

'સાધ્વીજીએ તો કેવળજ્ઞાન કહ્યું, પણ અહીં ભાલાજ્ઞાન મળ્યું', આવું યાદ આવે કે નહિ ?

ના, સાધના વિશુદ્ધ હતી. સાધનામાં ફળનો વિચાર નહિ કરવાનો, સાધનાનો વિચાર રાખવાનો. ત્યાં સાધના મુખ્ય હતી : અહિંસા-સંયમની.

આચાર્યને થયું : "અરેરે ! આ બિચારો ભાલો ભોંકનારો મારા શરીરના નિમિત્તે પાપ કરી રહ્યો છે ! મારે શરીર છે, તો જ તેને ભાલો ભોંકવાનું મળ્યું ને ? મારું શરીર તેને પાપમાં નિમિત્ત બન્યું ! તેની ભાવહિંસા કરનારું બન્યું ! બિચારાનું પરભવે શું થશે ? દુર્ગતિના દુઃખ પામશે !"

વળી નીચે લોહી ટપકતું હતું પાણી ઉપર. 'અરેરે ! નીચે અપ્કાયના અસંખ્ય જીવને આ લોહી મરણાંત દુઃખ આપી રહેલ છે ! મારું શરીર અરેરે ! એમની હિંસા કરી રહ્યું છે.'

બસ, આમ અહિંસા-સંયમ-સાધનાનો જ વિચાર કર્યો, સાધનાના ફળ રૂપ કેવળજ્ઞાનનો નહિ. સાધનામાં એવું જોશ આવ્યું, ને એવા સ્થિર થઈ ગયા કે ત્યાં જ કેવળજ્ઞાન-ત્યાં જ મોક્ષ પામી ગયા !

પછી દેવતાએ મડદું ફેંકી દીધું. માછલાં મડદું ખાઈ ગયા, ખોપરી બચી. ખોપરી તરતાં તરતાં કોઈ ખરાબામાં ભરાઈ. તેના ઉપર ચંદનનું ઝાડ ઉગ્યું. પછી ? શ્રેણિક મરી ગયા પછી કોણિકને ખેદ થયો. 'આ રાજગૃહી રાજધાનીમાં ગમતું નથી' તો તેણે તે કાઢી નાખી અને ચંપાનગરીને રાજધાની બનાવી.

**પાટલીપુત્ર :** વળી કોણિક મરી ગયો ને તેનો પુત્ર ઉદાયી રાજા થયો. કોણિક મરી જતાં ઉદાયીને અરેરે ! આ રાજધાની ? નથી ગમતી. તેને નવી રાજધાની બનાવવી હતી. યોગ્ય સ્થળની તપાસ કરવા માણસોને મોકલ્યા. આ ખોપરી પર જ્યાં ચંદનનું વૃક્ષ ઉગ્યું હતું, તે સ્થળ શુભ શુકનવાળું ગમ્યું. તે



રળિયામણું લાગ્યું, અનુકૂળ લાગ્યું, ત્યાં નગરી વસાવી. 'ચંદન'ને સંસ્કૃતમાં 'પાટલ' કહે છે.

"પાટલ" પરથી નગરીનું નામ પાટલીપુત્ર થયું.

ફળનો વિચાર સાધનાને ન ડહોળે, તો જ સાધનામાં મજા આવે-તન્મયતા આવે-જોશ આવે.

**નાગકેતુ :** એક સાધના વખતે વિષયસંજ્ઞાદિ ન ઉઠવા જોઈએ.

નાગકેતુને પુષ્પપૂજા કરતાં કરતાં કેવળજ્ઞાન થયું.

પુષ્પપૂજા કરતાં ?

હા.

પુષ્પપૂજા કરતાં કરંડિયામાંનો નાગ કરડ્યો. ઝણઝણાટી થઈ, પણ ફૂલપૂજાનું કામ શરીર મમતાની સંજ્ઞાનો વિચાર કર્યા વિના અધિક ભાવોલ્લાસથી કરતા રહ્યા, પ્રભુ સાથે એકાકાર બની ગયા. એ સાધનાથી કેવળજ્ઞાન થયું.

તીર્થંકર બનનારે પૂર્વે નવપદની ત્રિકાળ એવા ભવ્ય ભાવથી પૂજા કરી.

પ્ર. - આ પૂજા કરી કરીને શું કરતા ગયા ?

ઉ. - પોતાના આત્માને નવપદના ભાવથી વાસિત કર્યો-ભાવિત કરતા ગયા. (વાસિત એટલે ભાવિત)

**ભાવિતતા :** ભાવિત (વાસિત) એટલે શું ?

ઉદાહરણ : કસ્તુરીના દાબડામાં દાતણ રાખી મૂકેલ હોય. સવારે દાતણ કાઢી ચાવવા માંડે તો આખુંય ચાવી જાય તોય તે સુવાસિત લાગશે. આખા દાતણના અણુએ અણુમાં કસ્તુરીની સુવાસ બેઠી. દાતણ કસ્તુરીથી વાસિત-ભાવિત થઈ ગયું.

નવપદની પૂજા કરીએ, તેમતેમ આત્માના અણુએ અણુમાં નવપદની સુવાસ પ્રસરી રહે. આ વાસિત કર્યો કહેવાય.

વાસિત ક્યારે કર્યો ?

"**તેણે કાલે**" તે જે વખતે.

પૂજા કરતી વખતે આત્મામાં નવપદના ભાવ ઊતારતા ગયા, આત્મા નવપદથી રંગાતો ગયો, આત્માના પરિણામ-પરિણતિ નવપદમય બનતી ગઈ. એનાથી તીર્થંકરપણાનું પુણ્ય ઉપાર્જ્યું. પછી શું થયું ? તો પૂજામાં કહે છે :

**'જિકે તીર્થંકર કર્મ ઉદયે કરીને દીયે દેશના ભવ્યને હિત ધરીને;'**

આ બધું કરતાં કરતાં 'નવપદનું ધ્યાન' એટલે કે નવપદની એકાગ્ર આરાધનાથી અને નવપદની પૂજાભક્તિથી આત્માને વાસિત કરતા ગયા. તેથી તેના ફળમાં તીર્થંકર નામકર્મ કમાયા.

પ્ર. - આ બધી સાધનાએ કામ શું કર્યું ?

ઉ. - તેણે સમ્યગ્ દર્શન અત્યંતવિશુદ્ધ કરી આપ્યું.

## તીર્થંકરનામ કર્મ બાંધવા માટેનાં સોપાન :

પ્ર. - તીર્થંકર નામકર્મ બાંધવા શું જોઈએ ?

ઉ. - (૧) અત્યંત વિશુદ્ધ સમ્યગ્ દર્શન

(૨) વીશ સ્થાનકની આરાધના

(૩) જીવમાત્રની ભાવકરુણા

આ ત્રણ ચીજ તીર્થંકર નામકર્મ બાંધવા માટે જોઈએ.

પ્ર. - સમ્યગ્દર્શનની અત્યંત વિશુદ્ધિ ક્યાંથી લાવવી ?

ઉ. - તે આવે છે નવપદની ભવ્ય સાધનાથી.

તો નવપદની સાધના, નવપદની પૂજા, અને નવપદથી વાસિતતાઃ આ ત્રણ વસ્તુ સમ્યગ્દર્શનની વિશુદ્ધિ કરી આપે, ને તે કરવાપૂર્વક તીર્થંકરનામકર્મ બંધાવી આપે.

પ્ર. - સાધના કહી તો પછી પૂજા કેમ બતાવી ? સાધનામાં પૂજા ન આવી જાય ? ત્રિકાળ પૂજા જુદી કેમ બતાવી ?

ઉ. - ત્રિકાળ પૂજા એટલા માટે બતાવી કે પૂજા એટલે ઉચ્ચ કોટિનું પ્રભુનું બહુમાન-ગૌરવ છે.

**સાધના અને પૂજા :** કેટલાક સાધના તો કરે. ગુરુની સેવામાં ૨૪ કલાક ખડે પગે રહે, પણ ગુરુ માટે બહુમાન ન હોય, પરંતુ બહુમાન ભાઈબંધ સાધુનું કરે. ગુરુ આગળ મોઢું દિવેલ પીધા જેવું કરે ! આ ગુરુનું બહુમાન કર્યું ન કહેવાય.

નવપદની સાધના સાથે ગૌરવની જરૂર છે, અર્થાત્ નવપદ પ્રત્યે હૃદયમાં ભારે ગૌરવ ને અત્યંત બહુમાન જોઈએ. "શી વાત નવપદ !" એમ થવું જોઈએ.

શાસ્ત્રમાં આવે છે કે



સાધુ વંદન તો કરે, પણ તે કહીને કરે : "જો હું આ વંદન કરું છું, લખી લેજો, પાછા ન કહેતાં કે વંદન કરવા ન આવ્યો !"

આમાં વંદન ખરું, પણ બહુમાન નહિ. તે વંદન બહુમાન વગરનું છે, તેથી નવપદની સાધના ઉપરાંત નવપદની પૂજા દ્વારા બહુમાન જરૂરી છે, માટે પૂજા બતાવી;

પ્ર. - સાધના અને પૂજા બહુમાનથી ન પત્યું ? વળી ભાવિત કરવાનું કેમ બતાવ્યું ?

ઉ. - સાધના-પૂજના ઉપરાંત આત્માને ભાવિત ન કરે તો તે અધૂરું સમજવું, માટે ભાવિત કરવાનું બતાવ્યું.

બહુમાન કરે, ગૌરવ સાચવે, છતાં આત્માને ભાવિત ન કરે, ત્યાં સુધી આત્મામાં નવપદની એકાકાર પરિણતિ નથી થતી. તો તે વિના બીજી આસક્તિઓ ન છૂટે, અનાસક્તયોગ ન આવે, કેવળજ્ઞાન ન થાય.

પ્ર. - શું આ બધું, સાધના-પૂજના આત્માને ભાવિત ન કરે ?

ઉ. - ના, ભાવિત કરે જ એવો નિયમ નહિ. દુન્યવી ફળની લાલસાથી નવપદની સાધના કરે-પૂજન કરે તો એમાં કાંઈ આત્મા નવપદથી ભાવિત ન થાય.

'ચાકરી કરીશું તો ભાખરી પામીશું ! નવપદની આટલી ચાકરી અહીં કરતાં પરલોકમાં ભાખરી અર્થાત્ સુખે ખાવા પીવાનું મળશે.' આમાં લક્ષ ભાખરી મળવા પર ગયું. ત્યાં નવપદથી ભાવિત કેમ બને ?

માટે ત્રીજી વાત ભાવિતતા મૂકી છે.

આત્માને સદા વાસિત-ભાવિત કરતા રહેવું, નવપદની સાધના, પૂજા અને ભાવિતતા એ નવપદને આત્મામાં ખેંચી લાવે છે. જેમકે દૂર મોક્ષમાં બેઠેલા પરમાત્માને આપણી ભક્તિ આપણા દિલમાં ખેંચી લાવે છે. મોક્ષમાં આપણાથી અળગા થઈ બેઠેલ પરમાત્માને કવિ કહે છે કે :

**અળગા કીધે કહો કિમ સરશે ? ભક્તિ ભલી આકર્ષી લેશે.**
**ગગને ઊડે દૂર પડાઈ દોરી બળે હાથે રહે આઈ.**

(રાજસ્થાની-કચ્છી ભાષામાં 'પતંગ' ને 'પડાઈ' કહે છે).

## પતંગ અને ભાવિતતા :

પતંગ આકાશમાં હોય, પણ દોરી બાંધી હોય-તેથી ધારીએ તો તેને નીચે

લાવી શકાય.

તેમ નવપદ ક્યાંય દૂરે ઊડે છે, પરંતુ ભાવિતતાની દોરી તેને આપણા આત્મામાં ખેંચી લાવે છે.

સમ્યગ્ દર્શન ક્યાંય આકાશમાં ઊડે છે, પણ ભાવિતતાથી હૃદયસ્થ બનેલ નવપદ દોરી જેવા છે તે સમ્યગ્ દર્શનને આત્મામાં ખેંચી લાવે છે.

તેમ તીર્થંકર નામકર્મ આકાશમાં ઊડે છે, પણ આ વિશુદ્ધ સમ્યગ્ દર્શનરૂપી દોરી એને આત્મામાં ખેંચી લાવે છે.

કૃષ્ણ મહારાજાએ નેમનાથ પાસે ભીખ ન માગી, પરંતુ પોતાના આત્માને નેમનાથ ભગવાનની ભક્તિ અને ઉત્કટ બહુમાનથી નેમનાથ પ્રભુથી ભાવિત કર્યો અને એ ભાવિતતાથી હૃદયસ્થ બનેલા નેમનાથ સમ્યગ્દર્શનને ખેંચી લાવ્યા. સમ્યગ્દર્શનની જોરદાર આરાધના હતી, ઉપરાંત વીસસ્થાનકમાંના 'અરિહંત' પદ-સ્થાનક પર મુસ્તાક હતા ને તેમને સર્વ જીવો પર ભાવદયા હતી. આકાશમાં ઊડતા તીર્થંકર નામકર્મને લાવનાર આ ત્રણ નવપદ આરાધના-પૂજના-ભાવિતતાથી વિશુદ્ધ બનેલ તેમણે જે તીર્થંકરનામકર્મ બાંધ્યું, તે છેલ્લા ભવમાં ઉદય આવ્યું.

**જિણે** = જેનાથી. પૂજાથી ભાવિત થાય એટલે સમ્યગ્દર્શન વિશુદ્ધ થાય. તેનાથી તીર્થંકરનામ કર્મ ઉત્પન્ન થયું અને તેનો ઉદય થયો, ત્યારે ભગવાન **"દીયે દેશના ભવ્યને હિત ધરીને."**

## દેશનાનું કારણ :

**પ્ર.** - ભગવાન કેવળજ્ઞાન પામી ગયા. હવે ધર્મ કરવાની શી જરૂર ?

ઉ. - તેઓ હવે નક્કી મોક્ષે જવાના છે, છતાંય ભગવાન ચાલ્યા એક ગામથી બીજે ગામ. ચાલીને પગ થાકે ને ? છતાં ગામે ગામે વિચરી દેશના દે છે. શા માટે ?

ભગવાનને કેવળજ્ઞાન થયું. બધું પાર પડી ગયું છતાં વિચરે, ત્રણ ત્રણ કલાક સમવસરણમાં બેસે ને દેશનાની ધારા વરસાવે. શા સારુ ? તો કે ભવ્ય જીવોના હિતને માટે.

ભગવાન વાતવાતમાં આરામ કરતા જીવોને જાણે કહે છે. "પ્રમાદ ન કરો, આરામ છોડો, કામ સંભાળો, એ માટે અમારા સામે જુઓ. અમે કૃતકૃત્ય થઈ ગયા છીએ, છતાં વિહાર કરીએ છીએ, દેશના દઈએ છીએ" આ કોણ સાંભળે ? પ્રભુ વિચરતા રહેતા, કામ કરતા રહેતા, જ્યારે આપણે કેવા ?



ઉદયરત્ન કવિ પ્રભુને કહે છે.

**'હું તો સમકિતથી અધુરો ! તું તો સકલ પદારથે પૂરો.'**

પ્રભુ ! મારામાં સમકિતનું ઠેકાણું નથી, ત્યારે તું અનાસક્તિ, નિર્વિકારતા, વીતરાગતા, યથાખ્યાત ચારિત્ર, કેવળજ્ઞાન વગેરે સમસ્ત ઉત્કૃષ્ટ આત્મ-સમૃદ્ધિના પદાર્થોથી ભરપૂર છે.

તીર્થંકરનામકર્મથી હિત ધરીને દેશના દે છે, હિત ધરીને એટલે જીવોના કલ્યાણ માટે; જીવોનું કલ્યાણ વિચારીને એમ નહિ; કારણ, ભગવાનને કેવળજ્ઞાન હોય એટલે કલ્યાણ વિચારવાનું હોતું નથી. જીવોના કલ્યાણ માટે દેશના આપે છે. પોતે કૃતકૃત્ય છે, છતાં જીવો પર મહાન ઉપકાર કરે છે.

**પ્ર.** - શું એવો વિચાર ન કરી શકાય કે તેમને કર્મ ખપાવવા છે તેથી દેશના આપી ?

ઉ. - આવો વિચાર કોણ કરે ? નિષ્ઠુર, નિમકહરામ આવો વિચાર કરે, પરંતુ નિમકહલાલ તો કહે, 'અમારા પર પ્રભુ કલ્યાણનો ઉપકાર કરે છે. અમારા હિતને માટે જ પ્રભુ દેશના આપે છે.'

પૂજામાં વળી કહે છે, પ્રભુ કેવા છે ?

**'સદા આઠ મહાપાડિહારે સમેતા, સુરેશે નરેશે સ્તવ્યા બ્રહ્મપૂતા.'** (૪)

## વિહાર અને સ્થિરતા વખતે પ્રાતિહાર્ય :

પ્રભુ હંમેશાં આઠ પ્રાતિહાર્યથી યુક્ત છે. સમવસરણમાં પ્રાતિહાર્ય આઠ હોય અને વિચરતાં પ્રાતિહાર્ય પાંચ હોય. જેમકે પ્રભુને ચાલતાં

૧. અશોકવૃક્ષ આકાશમાં સાથે ન હોય,

૨. દિવ્યધ્વનિ થયા ન કરે.

૩. પુષ્પવૃષ્ટિ ઝરમર ઝરમર થતી ન હોય;

પરંતુ પ્રભુ જ્યાં સ્થિરતા કરે, ત્યાં ઉપર અશોકવૃક્ષ હોય. સમવસરણમાં આઠેય પ્રાતિહાર્ય હોય.

આ આઠ પ્રાતિહાર્ય છે. તેના પર ઊંડો વિચાર કરીએ તો ઊંડા રહસ્ય દેખાય; માટે આ પ્રાતિહાર્યને અરિહંતના બાર ગુણ પૈકી આઠ ગુણ કહ્યા.

**પ્ર.** - જ્ઞાનાતિશય, વચનાતિશય વગેરે તો ગુણો છે, પણ ચામર, ભામંડલ વગેરે તો પ્રભુની શોભા છે. એ ગુણ શી રીતે ?

ઉ. - પહેલો ગુણ તે આ : આઠ પ્રાતિહાર્યનું ધ્યાન ધરીએ એટલે આપણામાં તેવા તેવા ગુણ પ્રગટ થવા માંડે છે.

મનથી એકલા ભામંડલ સાથે ભગવાનને જોવામાં આવે અથવા એકલા ચામર સાથે ભગવાનને જોવામાં આવે. દા.ત. 'લોગસ્સ' બોલતાં ચોવીસ ભગવાનનું એકેકનું નામ આવે, ત્યાં દરેક ભગવાનની બંને બાજુ બે ચામરો અથવા મુખ પાછળ ભામંડલ સાથે ભગવાનને જોવામાં આવે, તો આપણા આત્મામાં વિશિષ્ટ ગુણ ઉત્પન્ન થતો અનુભવાય છે.

દા.ત. સફેદ ચામર સાથે પ્રભુની મુખમુદ્રા ઉપર ચક્ષુમાં નિર્વિકારિતા જોતાં જોતાં આપણા આત્મામાં પ્રલોભનની સામે પણ અંશે અંશે નિર્વિકારતાનો અનુભવ થતો દેખાય છે. એમ મુખની આસપાસ ઝગારા મારતા ભામંડલ સાથે પ્રભુનું વદન જોતાં જોતાં આપણામાં મોહની લાગણીઓને દબાવનાર એક પ્રકારનો પ્રતાપ-આત્મ-તેજ પ્રગટતું દેખાય છે. મતલબ, આવા મહાન ગુણને ઉત્પન્ન કરનાર પ્રાતિહાર્ય એ ગુણરૂપ જ કહેવાય.

એમ એકલા અશોકવૃક્ષ સાથે પ્રભુને જોઈએ, ત્યાં અશોકવૃક્ષ લીલું કલ્હાર દેખાય. તે જોઈએ તો આંખનું તેજ વધે. મનથી જોવું હોય, ત્યારે આંખ બંધ રાખવાની. પછી અંદરનું દેખાય. તે વખતે અશોકવૃક્ષ સહિત પ્રભુ દેખાય, ખૂબ ભાવથી એ વારંવાર જોતાં જોતાં લીલા કલ્હાર અશોક વૃક્ષમાં કોઈ ઉગ્રતા નથી, સૌમ્યતા છે, એટલે આપણા હૃદયમાં સૌમ્યતા ગુણ પ્રગટવા માંડે. આ ગુણના હિસાબે પ્રાતિહાર્ય અશોકવૃક્ષ એ પ્રભુનો ગુણ બને છે.

આઠ પ્રાતિહાર્ય સમેત છે, કુદરતની તે બક્ષીસ છે, રહસ્ય છે. કુદરત કોઈને આ રીતે નવાજતી નથી.

પ્ર. - તો કુદરત પ્રભુના આટલા બધા ઊંચા સન્માન કેમ કરે છે ?

ઉ. - કારણ એ છે કે પ્રભુએ પૂર્વભવમાં કુદરતના બાળકરૂપ સમસ્ત જીવોની કરુણા ચિંતવી છે. સમસ્ત જીવોના ઉદ્ધારની ફીકર લીધી છે, એ હિસાબે કુદરત પોતાના અનંત બાળકની કરુણા ચિંતવનાર મોટા પુત્ર તીર્થંકર જીવના ઊંચા સન્માન કેમ ન કરે ? કુદરતની પ્રભુ પર હજુ વધારે મહેર જુઓ :

દેવતાઓ સમવસરણ બનાવે તે ફક્ત ભગવાન માટે જ, પોતાના માલિક ઇન્દ્ર માટે પણ નહિ ! વળી વિશેષ કુદરતના સન્માનમાં પૂર્વે કહ્યું તેમ વિહારમાં પગ મૂકવા નવ સ્વર્ણ કમળ, પંખેરાં પ્રદક્ષિણા દે, ઝાડ નમતાં જાય, હંમેશાં જઘન્યથી એક કરોડ દેવો સેવામાં હોય, વગેરે વગેરે પ્રભુનાં સન્માન કુદરત કરે છે.



**પ્રભુની અગાધ કરુણા :** પ્રભુની સર્વજીવકરુણા અને કુદરતના તત્ત્વોની યથાર્થ શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શનની અંતર્ગત જિનાજ્ઞા-પ્રતિબદ્ધતાના બળ ઉપર કુદરત એવા અલૌકિક સન્માન કરે છે. એ જોતાં આપણે ધડો લેવા જેવો છે અને દુઃખિત કે પાપી જીવો પર લેશમાત્ર દ્વેષ કે કઠોરતા વિના નીતરતો કરુણા ભાવ અને સક્રિય દયા કરવા જેવી છે, તેમજ જિનાજ્ઞા-પ્રતિબદ્ધતાને ખૂબ જ વિકસાવવા જેવી છે.

વળી તીર્થંકર બનનારને જગતના મોટા ઇન્દ્રાદિ કેવા નવાજે છે એ કહે છે-

**'સુરેશે નરેશે સ્તવ્યા બ્રહ્મપૂતા'**

અર્થાત્ બ્રહ્મચર્ય-શુદ્ધ આત્મસ્વરૂપથી પવિત્ર એવા પ્રભુને સુરેન્દ્રો-નરેન્દ્રોએ સ્તવ્યા છે, એમની સ્તુતિઓ ખૂબ ભાવ ભરેલી હોય છે.

**સ્તુતિનું સામર્થ્ય :** આપણા જીવનમાં એ સ્તુતિઓ લાવવા ને વિકસાવવા માટે એક ઉપાય 'અરિહંત પરમાત્માની અનેકાનેક પ્રકારની સ્તુતિઓનો વારંવાર અભ્યાસ કરવો જોઈએ' એ છે. એ માટે ત્રિષષ્ઠી શલાકા પુરુષ ચરિત્રમાં કેવી કેવી ને કેટકેટલીય સ્તુતિઓ કરવામાં આવી છે, તે જોવા જેવી છે, એમાં ઇન્દ્રોએ કરેલ સ્તુતિઓ છે, ગણધરોએ કરેલ સ્તુતિઓ છે, રાજાઓ વગેરેએ કરેલ સ્તુતિઓ છે. એના સારા અભ્યાસથી પ્રભુ પ્રત્યે ભારે ભક્તિભાવ વધે છે, અને પ્રભુની સહજભાવે આપણી ભાષામાં સ્તુતિ કરવાની શક્તિ આવે છે. તેમજ જીવોની કરુણા અને જિનાજ્ઞાપ્રતિબદ્ધતા- આ બે મહાન ગુણો કેળવવાની ઊર્મિ જાગે છે.

પ્ર. - ભગવાન તો આપણા દિલના ભાવ જાણે છે, તો સ્તુતિ કરવાની શી જરૂર ?

"ભગવાન, તમે મહા ઉપકારી છો"-આ કહી બતાવવાનું શું કામ ? શું ગુરુને કહેવાનું હોય કે 'તમે મારા ઉપકારી છો, આવા આવા ગુણોવાળા છો ?'

ઉ. - હા. ઇતરોમાં કહ્યું છે કે-

**પ્રત્યક્ષે ગુરવઃ સ્તુત્યાઃ, પરોક્ષે મિત્ર બાન્ધવાઃ**

અર્થાત્ ગુરુની સમક્ષમાં એમની સ્તુતિ કરવી જ જોઈએ. ન કરીએ તો ગુનેગાર ઠરીએ. સ્તુતિ કરવાથી આપણા દિલના ભાવ વધે છે. તેમજ આપણા દિલમાં સારા સારા ગુણોની આશંસા દૃઢ થાય છે. એમ જ "સાહેબ ! તમારો બહુ ઉપકાર !" "પ્રભુ ! તું ત્રિભુવનનો ગુરુ ! એટલે મારો પણ ગુરુ છે" આ બોલતાં કૃતજ્ઞભાવ વધે છે, આમ બોલતાં આપણા હૈયામાં શુભભાવ વધે છે. 'હે જગતદયાળુ !' આટલું બોલતાં પણ પ્રભુ પર બહુમાન વધે છે.

આમ સ્તુતિથી આપણા દિલમાં સારી વસ્તુની આશંસા ને ભગવાન પર આદર-બહુમાન તથા આપણા દિલમાં પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા વધે છે. પછી એવા મહાન ગુણોને જન્મ આપનારી સ્તુતિ નકામી કેમ ગણાય ?

**'બ્રહ્મપૂતા'ના બે અર્થ :**

સુરેન્દ્રો નરેન્દ્રોએ પ્રભુને કેમ સ્તવ્યા ? એના ઉત્તર રૂપે કહે છે કે પ્રભુ 'બ્રહ્મપૂતા' છે. અહીં બ્રહ્મ એટલે અત્યંત નિર્મળ બ્રહ્મચર્ય, એનાથી ભગવાન 'પૂત' એટલે પવિત્ર છે. તીર્થંકર ભગવાનની આગળ ઇન્દ્રાણીઓ ટહેલતી હોય છે, રંભા-ઉર્વશી પ્રભુને જોઈ જોઈ, અને સાંભળી સાંભળી ઉત્સાહમાં આવી જઈ નૃત્ય કરવા મંડી પડે છે; તેમજ પ્રભુને કેવળજ્ઞાનની ચક્ષુથી દેવભવન કે દેવવિમાનમાં દેવ દેવી રંગરાગ ખેલતાં પ્રત્યક્ષ દેખાય છે. આ બધું છતાં પ્રભુને રૂંવાડેય લેશમાત્ર વિકાર નથી, એટલું બધું ઊંચું એમનું નિર્મળ બ્રહ્મચર્ય છે. આવા બ્રહ્મચર્યથી પવિત્ર પરમાત્માને વિષય રંગરાગની ગુલામી ભોગવતા સુરેન્દ્રો-નરેન્દ્રો કેમ સ્તવવા ન લાગે ?

અથવા 'બ્રહ્મ' એટલે 'શુદ્ધ આત્મા', અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપ, એનાથી પવિત્ર છે તીર્થંકર ભગવાન. આ શુદ્ધ સ્વરૂપની સામે સુરેન્દ્રો-નરેન્દ્રો પોતાના આત્માની મોહ અને જ્ઞાનાવરણાદિ કર્મથી મહા મલીનતા-ગુલામીને જોતાં હોય એટલે એવા પવિત્ર પરમાત્માને જોઈ એમના પર કેમ ઓવારી ન જાય ? અને કેમ પેટ ભરીને સ્તુતિ ન કરે ?

❖ ❖ ❖

**વાચના ૪** મલાડ પૂર્વ (સવાર), મહા વદ ૧૦,
૨૦૩૬, ૨૬-૧-૮૦

**"કર્યાં ઘાતિયાં કર્મ ચારે અલગ્ગા, ભવોપગ્રહી ચાર જે છે વિલગ્ગા,**
**જગત્ પંચ કલ્યાણકે સૌખ્ય પામે, નમો તેહ તીર્થંકરા મોક્ષ કામે." (૫)**

જેમણે ચાર ઘાતી કર્મોને અળગા (દૂર) કરી દીધા છે અને ભવમાં પકડી રાખનાર (અઘાતી) ચાર હજુ જેમને ઉદયમાં ને સત્તામાં વળગેલા છે, જેમનાં પાંચ કલ્યાણકો વખતે જગતના જીવો સુખનો અનુભવ કરે છે તે તીર્થંકર ભગવંતોને મોક્ષની કામનાથી નમસ્કાર કરો.

**ઘાતી ને અઘાતી કર્મ :** પ્ર. - ભગવાન અરિહંત કેવા છે ?

ઉ. - અરિહંત ભગવાને ચાર ઘાતી કર્મોને આત્માથી અળગા કર્યા છે, તે



કર્મ આત્મા પરથી છૂટા પડી ગયા છે.

પ્ર. - ઘાતી કર્મ એટલે શું ?

ઉ. - આત્માના પરમાત્મ-સ્વરૂપનો ઘાત કરે તે ઘાતીકર્મ 'આત્માના ગુણનો ઘાત કરે તે ઘાતી' એ-વ્યાખ્યા બરાબર નથી, કારણ કે અનંત સુખ પણ આત્માનો ગુણ છે, છતાં એનો ઘાતક એટલે એને અટકાવનાર શાતા-અશાતા વેદનીય કર્મ એ કાંઈ ઘાતી કર્મ તરીકે ગણાતું નથી. એ તો અઘાતી કર્મ છે.

પ્ર. - પરમાત્માને કેવળજ્ઞાન પ્રગટ્યું છે, એનાથી પોતાનું અનંત સુખ પ્રત્યક્ષ જુએ છે તો તેને સંવેદે કેમ નહિ ?

ઉ. - તાવવાળો ધન્વંતરી વૈદ્ય હોય, 'આરોગ્ય શું છે ?' તેને જાણે, પણ તેને તે વેદી ન શકે; તેવી રીતે કેવળજ્ઞાની અનંત સુખ શું છે તે જુએ, પણ વેદી ન શકે, જ્યાં સુધી શાતા અશાતાના અનુભવરૂપ તાવ છે ત્યાં સુધી.

ઘાતી તો આત્માના પરમાત્મ-સ્વરૂપનો ઘાત કરે છે. શુદ્ધ પરમાત્મ સ્વરૂપ વીતરાગ, સર્વજ્ઞતા અને અનંતવીર્ય છે. તે પરમાત્મ-સ્વરૂપનો ઘાત કરે તે ઘાતીકર્મ. બાકીના ચારકર્મ પરમાત્મ સ્વરૂપનો ઘાત ન કરે. તેથી તે અઘાતી કર્મ છે.

પાલક પાપીની ઘાણીમાં પીલાતા મુનિ જીવંત અવસ્થામાં જ કેવળજ્ઞાન પામ્યા. એટલે કે વીતરાગ, સર્વજ્ઞ, પરમાત્મા બન્યા, જો કે એ વખતે અશાતા વેદનીય ભોગવી રહ્યા હતા, છતાં એ કર્મથી પરમાત્મ સ્વરૂપનો ઘાત થયો નહીં.

એ સૂચવે છે કે વેદનીય એ અઘાતી કર્મ છે.

એમ ખુદ તીર્થંકર ભગવાન વીતરાગ, સર્વજ્ઞ, પરમાત્મા, બન્યા પછી, પણ ઠેઠ જીવનના અંત સુધી શાતા વેદનીય ભોગવે છે, છતાં એમના પરમાત્મ-સ્વરૂપને કશી આંચ આવતી નથી.

**મુક્તિ અને પરમાત્મા :** મુખ્ય વાત આ છે કે જેમ મુક્તિ બે પ્રકારે : ૧. કેવળજ્ઞાન થાય ત્યારે **સદેહમુક્તિ** અને ૨. સર્વ કર્મનો અંત કરી શરીર રહિત બની સિદ્ધ બને ત્યારે **વિદેહમુક્તિ** કહેવાય.

એવી રીતે પરમાત્મા બે પ્રકારે : ૧. કેવળજ્ઞાન પામી, વીતરાગ સર્વજ્ઞ બની હજી જીવંત હોય, શરીરધારી હોય, ત્યારે એ **સદેહ પરમાત્મા** કહેવાય, અને સર્વ કર્મ તથા શરીરથી સર્વથા મુક્ત બને ત્યારે **વિદેહ પરમાત્મા** કહેવાય.

એ બતાવે છે કે સદેહ પરમાત્માને શાતા-અશાતા વેદનીય કર્મ અને તેનો વિપાક ચાલુ છતાં, એ પરમાત્મા જ છે.

## 'ભવોપગ્રાહી ચાર જે છે વિલગ્ગા'

**ભવોપગ્રાહીપણું :** ભગવાન તીર્થંકર બનવા છતાં એમને ચાર ભવોપગ્રાહી અથવા ભવોપગ્રાહી એટલે કે અઘાતી કર્મ હજી વળગેલા છે.

**પ્ર.** - અઘાતી કર્મને ભવોપગ્રાહી કેમ કહે છે ?

ઉ. - અઘાતી કર્મ જીવના પરમાત્મ સ્વરૂપનો ઘાત ન કરવા છતાં જીવને ભવ એટલે કે સંસારમાં પકડી રાખનારા છે, માટે તે ભવોપગ્રાહી કહેવાય.

**ચારકર્મ : પ્ર.** - વેદનીય વગેરે કર્મ કેમ ભવોપગ્રાહી ભવમાં પકડી રાખે છે ?

ઉ. - શાતા અશાતા વેદનીય શરીરથી જ ભોગવવાની છે, અને શરીર છે, ત્યાં સુધી ભવ એટલે કે સંસાર અવસ્થા છે, તેથી અવશ્ય ભોગવવાના એ **વેદનીય કર્મ** જીવને શરીર દ્વારા ભવમાં પકડી રાખે એ સહજ છે. એમ **આયુષ્ય કર્મ** એ શરીરને ને આત્માના પ્રદેશને ક્ષીરનીરની જેમ અથવા લોહઅગ્નિની જેમ એકમેક રાખે છે, તેથી સહજ છે કે આયુષ્ય કર્મ હોય, ત્યાં સુધી શરીર પ્રદેશોમાં આત્મ પ્રદેશોને પકડાયા રહેવું પડે, એટલે આયુષ્ય કર્મ પણ સંસારમાં ભવમાં પકડી રાખનારું કહેવાય.

**નામકર્મ** એ પણ શરીરને તત્સંબદ્ધ ત્રસપણું, પ્રત્યેકપણું, યશ-અપયશ, વગેરેના અનુભવ કરાવે છે, એટલે નામ કર્મનો ભોગવટો હોય ત્યાં સુધી આ અનુભવરૂપ ભવમાં પકડાયા રહેવું પડે. માટે નામ કર્મ પણ ભવોપગ્રાહી છે.

**ગોત્રકર્મ** પણ શરીરધારી આત્માને આ ઊંચા કુળના, આ નીચા કુળના, એમ વ્યવહાર આપે છે, એટલે એ હોય ત્યાં સુધી આત્માને શરીરમાં પકડાયા રહેવું પડે, અને તેથી ભવમાં પકડાયા રહેવું પડે, માટે ગોત્રકર્મ પણ ભવોપગ્રાહી કર્મ છે.

**ખેદ અને અસમાધિ :** પ્ર. - માણસને કૂબડું શરીર હોય તો અગર માથામાં શૂળ ઉપડે તો એને ખેદ થાય છે, અસમાધિ થાય છે, અને એ ખેદ-અસમાધિ પરમાત્મ સ્વરૂપના ઘાતક છે, તો આ કુબડું શરીર આપનાર નામ કર્મ તેમજ શૂળ આપનાર અશાતા વેદનીય કર્મ ઘાતી કેમ નહિ ?

ઉ. - ખેદ અને અસમાધિ થાય છે, તે કૂબડારૂપ અને શૂળ વેદનાને લીધે નહિ, પણ મોહનીય કર્મના લીધે થાય છે. ખેદ-અસમાધિ એ મોહનીય કર્મનો ઉદય છે. જો મોહનીય કર્મ ઉદયમાં ન આવવા દે, તો કશો ખેદ-અસમાધિ થાય નહીં, પછી ભલે શરીર કૂબડું હોય કે માથામાં શૂળ હોય. મહાત્માઓ પણ એવી અવસ્થામાં જરાયે ખેદ કે અસમાધિ કરતા નથી તો કોઈ તેવા કૂબડા શરીરવાળા યા શરીર



પીડાવાળા પણ પરમાત્મા-વીતરાગ-સર્વજ્ઞ બનેલાને ખેદ-અસમાધિ શાની હોય ?

**સારાંશ :** ખેદ-અસમાધિ મોહનીય કર્મના ઘરના છે, પરંતુ નામ કર્મ કે વેદનીય કર્મના ઘરના નહીં. પછી અજ્ઞાન મૂઢ જીવ ખેદ કે અસમાધિમાં અજ્ઞાનતા-મૂઢતાને કારણે કૂબડા શરીર કે શરીરપીડાને નિમિત્ત બનાવે એ જુદી વાત. ખરેખર તો એમાં મોહનીય કર્મ જ કારણ છે.

પરમાત્માને અઘાતી કર્મનો નાશ, ભોગવાઈને જ થાય છે, કિન્તુ કોઈ તપ, ધ્યાન વગેરે સાધનાથી નહિ. સાધનાથી ઘાતી કર્મોના નાશ થાય છે, એટલે સમસ્ત ઘાતી કર્મોનો નાશ થતાં સાધના અને સાધક અવસ્થા પૂરી થાય છે. હવે સદેહ સિદ્ધ અવસ્થા ઊભી થાય છે. એમાં અઘાતી ભોગવીને જ પૂરાં કરવાં પડે છે; તો ઘાતી કર્મ અળગાં કર્યાં તે સાધનાના પુરુષાર્થથી કર્યાં.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચાર ઘાતી કર્મ છે.

આ ચારનો નાશ સમ્યગ્દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ચારિત્રની સાધનાના પુરુષાર્થથી કર્યો, અથવા અહિંસા-સંયમ-તપની સાધનાના પુરુષાર્થથી કર્યો.

**અઘાતી કર્મનાશના ઉપાય : પ્ર.** - અઘાતીકર્મનો નાશ કેવી રીતે કર્યો ?

ઉ. - અઘાતી કર્મનો નાશ તેનું વેદન કરીને વિપાક ભોગવીને કર્યો.

કર્મનો નાશ બે રીતે થાય.

**'नत्थि कम्माणं मोक्खो अवेयइत्ता तवसा वा झोसइत्ता ।'**

અર્થાત્ કર્મને ભોગવ્યા વિના અથવા તપ (અહિંસા-સંયમ-તપ)થી કર્મને ખપાવ્યા વિના આત્મા પરથી કર્મનો છૂટકારો નથી. કર્મનો છૂટકારો આત્મા પરથી વેદન કર્યા વિના અથવા તપસ્યાથી ખપાવ્યા વિના થતો નથી, એટલે કે વેદન કર્યા વગર કે તપથી ક્ષય કર્યા વગર કર્મનો નાશ થતો નથી. બાંધેલાં કર્મ છોડવાં છે ?

તો કાં તો ભોગવી લો અથવા તપથી ઉડાવો.

પ્ર. - આપણે પુરુષાર્થ કઈ વસ્તુનો કરવાનો ?

ઉ. - ઘાતી કર્મને ઉડાડવાનો પુરુષાર્થ કરવાનો છે, પણ અઘાતીની ચિંતા નહિ કરવાની.

દા.ત. જ્ઞાનાવરણીય નડે છે, તો ગાથા નથી આવડતી, તો ત્યાં પુરુષાર્થ કરવાનો. ગાથા ગોખ-ગોખ કરવાની.

**ઉદાહરણ :** એક મહારાજને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૪થા અધ્યયનની માત્ર

૧૩ ગાથા, તે ગોખતાં ૧૨ વર્ષ લાગ્યાં. ગોખવા ગોખવાના પુરુષાર્થમાં પૂર્વે બંધાયેલ ઘાતી કર્મ ઊખડી ગયા. તેર ગાથાના આવરણ તો ઊખડ્યાં, પણ વધારામાં ઘાતી કર્મ બધાંય ઊખડી ગયાં.

અરિહંતે ચાર ઘાતીકર્મ અળગા કર્યાં છે અને ચાર અઘાતી હજી તેમને વળગેલાં છે.

"જગત્ પંચ કલ્યાણકે સૌખ્ય પામે."

**કલ્યાણકથી કલ્યાણ :** વળી પ્રભુ કેવા છે ?

તો જેમનાં પાંચે કલ્યાણકથી જગત સુખનો અનુભવ કરે છે.

**પાંચ કલ્યાણક :** ચ્યવન કલ્યાણક, જન્મ૦, દીક્ષા૦, નાણ૦, અને નિર્વાણ કલ્યાણક. ચ્યવન, પ્રભુ દેવલોકમાંથી ચ્યવીને માતાના ઉદરમાં આવે, પછી જન્મ લે, દીક્ષા લે, કેવળજ્ઞાન પામે, ને મોક્ષ પામે. આ પાંચે પ્રસંગે બધા જીવોને સુખ થાય. નારકોને પણ થાય. નિગોદના જીવોને વ્યક્ત ચેતના નથી, તેથી 'હાશ' ન કરી શકે, છતાં એનેય સુખ થાય. 'હાશ' કરવાનો અનુભવ બીજાને થાય.

દુનિયામાં કોઈ બીજી શક્તિ, કોઈ સત્તા કે વસ્તુ નથી કે જે જીવમાત્રને સુખ આપે. તે ફક્ત તીર્થંકર ભગવાનના પાંચ કલ્યાણક જ છે. અંતર્મુહૂર્ત સુખ આપે, માટે તે કલ્યાણક કહેવાય છે.

**कल्य** એટલે સુખ, **अण** એટલે બોલાવવું. સુખને બોલાવે તેનું નામ કલ્યાણ તેને **'अक'** પ્રત્યય લાગ્યો એટલે **'कल्याणक'** બન્યું **कल्यम् अणति इति कल्याणकम् । 'अणति'** એટલે 'કથયતિ'. સુખને કહે : 'આવ અહીં.'

**પ્ર.** - તીર્થંકર ભગવાનના કલ્યાણક થાય છે, તે શાના પર થાય છે ?

ઉ. - ભગવાને સર્વ જીવોની કરુણા વિચારી છે, કરુણા ભાવિ છે, તે એવી ભાવિ છે કે તે ભાવની નોંધ કુદરત લે છે.

જ્યારે ભગવાનનો આ પ્રસંગ (કલ્યાણકનો) આવે, ત્યારે પૂર્વની ભાવેલી અનુકંપાનો પડઘો પડે છે.

તીર્થંકર ભગવાનનું ચ્યવન થાય તો સુખ.

તીર્થંકર ભગવાનનો જન્મ થાય તો સુખ.

તીર્થંકર ભગવાન દીક્ષા લે તો સુખ.



તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન થાય તો સુખ.

તીર્થંકર ભગવાન નિર્વાણ પામે તો સુખ.

**નમવાપણું ને ગમવાપણું : 'નમો તેહ તીર્થંકરા મોક્ષકામે'**

અરિહંતપદની આ પૂજા છે, એટલે નવપદની સાધનાથી એ કેવી રીતે અરિહંત બન્યા એ અહીં સુધીના કાવ્યથી બતાવીને હવે કહે છે કે એવા તીર્થંકર ભગવાનને નમસ્કાર કરો. **'નમો તેહ તીર્થંકરા મોક્ષકામે.'**

'નમે એ સહુને ગમે' તો તીર્થંકર ભગવાન જેવા લોકોત્તર પુરુષને તો નમનારો જરૂર ગમે.

**પ્ર.** - 'નમનારો પ્રભુને ગમે એમ કહો છો તો શું વીતરાગ પ્રભુને એના પર રાગ થાય ?'

ઉ. - નમનારો ગમે એટલે નમનારા પર રાગ થાય. એ તો ઉપલકિયો પદાર્થ છે. ખરેખર તો નમનારો ગમે એટલે નમનારાનું મૂલ્યાંકન થાય, એ ગમવાની ખરી વસ્તુ છે. માટે તો સારી નોકરી ભરનાર નોકર શેઠને ગમ્યો એટલે કે શેઠે એના પર રાગ કર્યો, શેઠ રાજી થયા, એટલો અર્થ નથી કેમકે જો શેઠ એનું મૂલ્યાંકન નથી કરતા અને બીજા ગરબડિયા પણ 'મારતે મિંયા' નોકરનું અવસરે બક્ષિસ વગેરેથી મૂલ્યાંકન કરે છે, તો કોણ કહેશે કે 'પેલો સારો નોકર શેઠને ગમ્યો ?'

**સારાંશ :** ગમવું એટલે ખરું મૂલ્યાંકન કરવું. પ્રસ્તુતમાં 'જે નમે, તે પ્રભુને ગમે'નો અર્થ એ છે કે તે નમનારનું પ્રભુ સારું મૂલ્યાંકન કરે છે. પ્રભુનું ઊંચું મૂલ્યાંકન એટલે પ્રભુના જ્ઞાનમાં સારા વિષય તરીકે સ્થાન પામવું. પ્રભુ પહેલાં એ નમનારાને કેવળજ્ઞાનમાં અહંકારી વગેરે તરીકે જોતા હતા, તે હવે નમનથી એને વિનમ્ર સારા જીવ તરીકે એટલે કે આત્મોન્નતિના પગથિયા ચઢનાર તરીકે જુએ છે.

જો કેવળજ્ઞાનીનું આ પ્રમાણપત્રક મળતું હોય તો આત્માનું કેટલું મોટું સૌભાગ્ય ગણાય ? તીર્થંકરને નમન કરતાં એ ભગવાનને કેવો સરસ ગમ્યો ગણાય ?

**યુવા શ્રેણિકની બુદ્ધિમત્તા :** 'ગમવા'નો આ ભાવ શ્રેણિકના કુમારજીવનમાં જોવા મળે છે. વાત એ હતી કે એના પિતાને અનેક પુત્રોમાંથી ભવિષ્યમાં કોને રાજ્યધુરા સોંપવી એ પ્રશ્ન હતો. એમાં શ્રેણિકની હોશિયારી પ્રસંગ પ્રસંગમાં દેખાઈ આવતી હતી.

વધુ ચકાસણી માટે એક વાર કુમારોને એક ઓરડામાં ભેગા બેસાડી એક

પેક મીઠાઈનો કરંડિયો આપી કહ્યું : "આને ખોલ્યા વિના કે બહારમાં કાણું પાડ્યા વિના તમારે આમાંથી મીઠાઈ ખાવાની છે." બીજા કુમારો મુંઝવણમાં પડ્યા, પણ શ્રેણિકે કરંડિયાને એક કપડાં પર ખૂબ હલાવ હલાવ કર્યો એટલે મીઠાઈનો ભૂકો કરંડિયાના છિદ્રોમાંથી બહાર આવ્યો, તે ભેગો કરી ખાધો. બાપ આ જાણી એની વિશિષ્ટ હોશિયારી સમજી ગયા.

બીજી વારના પ્રસંગમાં કુમારોને જમવા બેસાડીને ત્યાં કૂતરા છોડી મૂક્યા. કૂતરા કુમારોના ભાણામાં મોઢું ઘાલવા જતાં બીજા કુમારો ઊઠી ગયા. પરંતુ શ્રેણિકે હોશિયારી કરી, ડાબા હાથે બાજુવાળાના ભાણામાંથી કૂતરાને ખાવાનું ફેંકતો ગયો, એટલે કૂતરા એ ખાવામાં પડવાથી શ્રેણિકના ભાણા પર ન આવ્યા. શ્રેણિકે જમણા હાથે નિરાંતે ખાઈ લીધું.

હવે પિતાને શ્રેણિકની જ રાજા બનવાની યોગ્યતા નિશ્ચિત થઈ ગઈ, પરંતુ હવે જો એથી શ્રેણિક પર બહારથી વધુ પ્રેમ દેખાડે તો રાજ્ય ખટપટમાં બીજા કોઈ કુમાર સમજી જાય કે 'પિતા આને રાજા બનાવવાના લાગે છે માટે આનું કાટલું કાઢી નાખો.' એમ કદાચ શ્રેણિક પર મરણાન્ત કષ્ટ આવે; તેથી પિતા રાજાએ શ્રેણિક પર બહારથી પ્રેમ ન દેખાડતાં ઊલટું કોઈ વાર રીસ-અપમાન જેવુંય દેખાડતા રહ્યા; ને બીજા કુમાર પર પ્રેમ દેખાડતા રહ્યા.

કહો, આમાં શ્રેણિક પિતાને ગમતા હતા ? દેખીતું દેખાય કે ગમવાનો કશો દેખાવ ન હતો; છતાં પિતાના મનને શ્રેણિક માટે પોતાના હૃદયમાં ભારે મૂલ્યાંકન હતું, અર્થાત્ પોતાના જ્ઞાનમાં,-પોતાની સમજમાં 'શ્રેણિક એક એ જ રાજા બનવાને ખરેખરો યોગ્ય છે' એમ આવેલ હતું અને એ મૂલ્યાંકનથી શ્રેણિક પોતાના પિતાને ખરેખરા ગમતા હતા એમ કહેવાય. માટે જ અવસર આવતાં શ્રેણિકને રાજા બનાવી દીધો.

**નમન તે આત્મોન્નતિ :** બસ, આ જ રીતે તીર્થંકરને ભાવથી નમન કરનારો એ તીર્થંકર ભગવાનના કેવળજ્ઞાનમાં આત્મોન્નતિનું પગથિયું માંડનારો ને તેથી ખરેખરો સુયોગ્ય દેખાય છે, એ પ્રભુના જ્ઞાનમાં નમન કરનારનું ઊંચું મૂલ્યાંકન છે ને એથી એ પ્રભુને ખરેખરો ગમતો કહેવાય.

**"નમો........ મોક્ષ કામે"** અહીં તીર્થંકર ભગવાનને નમન કરવાનું તે મોક્ષની કામનાથી નમવાનું કહ્યું, અર્થાત્ બીજી કોઈ કામનાથી નમન નહિ. એનું કારણ એ છે કે મોક્ષની હરોળમાં જગતમાં કોઈ ઊંચામાં ઊંચી પણ વસ્તુ, પદવી કે પ્રતિષ્ઠા નથી, પણ ત્રણ ભુવનનો વૈભવ કે મોટી ઈન્દ્રપદવી યા જગતવ્યાપી પ્રતિષ્ઠા પણ



મળ્યા પછી મોત ઊભું રહે છે, ભવભ્રમણ ઊભું રહે છે, કર્મની બેડીઓની જકડામણ ઊભી રહે છે, વગેરે વગેરે કેટલીયે આપદાઓ ઊભી રહે છે; જ્યારે મોક્ષપદ પ્રાપ્ત થતાં આવી બધી સમગ્ર આપદાઓનો અંત આવી જાય છે. જ્યારે તીર્થંકરને નમસ્કાર કરવાથી આવું ઊંચામાં ઊંચું મોક્ષપદ મળતું હોય તો એ મૂકીને નીચેની હલકી વસ્તુઓ કોણ માગે ? માગનારો મૂર્ખ ગણાય.

બીજી વાત એ છે કે જો મોક્ષની કામના ન રાખવામાં આવે અને દુનિયાની યશ-સત્તા-સંપત્તિ વગેરેની કામના રાખી પરમાત્મ-નમન વગેરે ધર્મઆરાધના કરાય, તો તે વિષક્રિયા બને છે, જેનું ફળ સંસારની વૃદ્ધિરૂપ આવે છે. તેનું કારણ બીજી કામનામાં આત્મામાં મોહના સંસ્કાર દઢ થાય છે, ધર્મક્રિયાથી ઊભા થતા પુણ્યમાં બીજી કામનાના લીધે અશુભ અનુબંધ નખાય છે, જેના લીધે એ પુણ્યના ઉદય વખતે પાપબુદ્ધિ અને પાપિષ્ઠતા રહે છે. વીતરાગ-અરિહંત પરમાત્માને નમસ્કાર જેવી ઉત્તમ ધર્મક્રિયા કરવી અને ફળમાં પાપબુદ્ધિ, પાપિષ્ઠ આચરણ અને સંસાર વૃદ્ધિ જેવા ભયંકર અપાય-અનર્થ નોંતરવા; એ કેટલી મોટી મૂર્ખાઈ થાય ?

માટે પણ તીર્થંકર ભગવાનને નમન માત્ર મોક્ષ-કામનાથી જ કરાવા જોઈએ.

એક વસ્તુ એ પણ છે કે જો કે અરિહંત પરમાત્માને પ્રારંભિક કક્ષાનો નમસ્કાર એ નાનીશી ધર્મક્રિયા છે, છતાં જો એને શુદ્ધ મોક્ષકામનાથી કરીએ છીએ, તો મહાન સંયમ અને તપ તથા ઉગ્ર પરિષહ-ઉપસર્ગ સહન કરનારા મહાત્માઓના મોક્ષકામનાના ઉદ્દેશની જેમ આપણો પણ એ જ ઉદ્દેશ રહે છે, તેથી નાની પણ ધર્મક્રિયા દ્વારા ઉદ્દેશની સમાનતાથી એ મહાપુરુષોના પગલે પગલે ચાલવાનો લાભ મળે છે. મનને આશ્વાસન રહે છે કે 'ધન્ય જીવન મારું કે સમાન ઉદ્દેશથી મહાન પૂર્વ પુરુષોનો યત્કિંચિત્ વારસો જીવનમાં ઉતારી રહ્યો છું.' માટે પણ પરમાત્મનમન માત્ર મોક્ષકામનાથી જ કરાવા જોઈએ.

વાત પણ સાચી છે કે ધર્મક્રિયા મોટી હોય, દા.ત. સંયમ પૂર્ણબ્રહ્મચર્ય, લાખોના ખર્ચની સંઘયાત્રા યા જિનમંદિર નિર્માણ વગેરે; છતાં જો ઉદ્દેશ મોક્ષકામનાથી બીજો દુન્યવી મલિન કામનાનો હોય તો એમાં મહા પુરુષોનો યત્કિંચિત્ પણ વારસો સ્વીકારાયો નથી.

❖ ❖ ❖

શ્રી નવપદ પૂજામાં શ્રી જ્ઞાનવિમળ સૂરિકૃત કાવ્ય પછી હવે શ્રી દેવચંદ્રજી કૃત કાવ્ય રજૂ થાય છે. **(દેવચંદ્રજીકૃત ઉલાલો)**

**'તીર્થપતિ અરિહા નમું ધર્મધુરંધર ધીરોજી**
**દેશના અમૃત વરસતા નિજ વીર જ વડવીરોજી.'**

**અર્થ :** તીર્થંકર શ્રી અરિહંત ભગવાનને હું નમસ્કાર કરું છું, જે ધર્મની ધુરાને ધારણ કરનારા અર્થાત્ ધર્મના અગ્રણી છે, તેમજ ધીર યાને ધૈર્યવાળા છે, દેશનાનો અમૃત વરસાદ વરસાવનારા છે, સ્વશક્તિ પર નિર્ભર, શ્રેષ્ઠ વીરપુરુષ છે.

આવા તીર્થંકર ભગવાન જે અરિહંત છે, તેમને હું નમસ્કાર કરું છું.

એવા તીર્થપતિ ભગવાન-તીર્થંકર ભગવાન-શાસનપતિ અરિહા અર્થાત્ આઠ મહાપ્રાતિહાર્યની પૂજાને યોગ્ય છે, તેને નમસ્કાર કરું છું.

**ધર્મધુરંધર :** અરિહંતને કેમ નમું છું ?

ભગવાન ધર્મધુરંધર-ધર્મની ધુરાને ધારણ કરનારા છે માટે ધર્મના અગ્રણી છે, કેમકે એ સ્વયં ગુરુના ઉપદેશ વિના ઉત્કૃષ્ટ ધર્મનું પાલન કરી, સંપૂર્ણ જ્ઞાની બની, ધર્મની-ધર્મશાસનની સ્થાપના કરે છે.

ધર્મનું નામ લેવું એટલે પહેલાં નામ અરિહંતનું નામ લેવું, કારણ ? તે ધર્મનો પ્રારંભ કરનાર છે, એટલે તે ધર્મ-ધુરંધર છે, ધર્મ આપનારા ઉપકારી છે, અને ઉપકારીનું નામ લેવું એ કૃતજ્ઞતા છે. **કૃતજ્ઞતા એ ધર્મનો પાયો છે.** ધર્મની ઇમારત રચવી હોય તો પાયો માંડવો જ જોઈએ જ ને ?

ધર્મ તો આપણને જોઈએ જ છે એટલે ધર્મધુરંધરને નમીએ તો ધર્મ મળે; ગુરુને નમીએ તો ધર્મ મળે. નમવાનું એટલા માટે કે એ આપણા ઉપકારી છે, ધર્મના દાતા છે, ધર્મના દેશક છે.

## દ્રવ્યની ઉપકારિતા અને નિયતિવાદ :

**પ્ર.** - શું એક દ્રવ્ય બીજા દ્રવ્યને કામ આવે ? બીજા દ્રવ્ય પર ઉપકાર કરે ? અરિહંત દ્રવ્યનો ઉપકાર આપણા આત્મ-દ્રવ્ય ઉપર કેમ બને ? કારણ કે એક દ્રવ્ય બીજા દ્રવ્ય પર અસર કરતું નથી. દરેક દ્રવ્યના પોતાના સ્વતંત્ર પર્યાય છે અને તે નિયત થઈ ગયેલા હોવાથી સ્વતઃ બનતા આવે છે.

**ઉ.** - આવી વાચાળતા કરનાર મૂર્ખ છે. કેમ કે આ ચોખ્ખો એકાંત નિયતિવાદ છે કે "દરેક દ્રવ્યના ક્રમિક પર્યાયો નિયત થઈ ગયેલા છે અને તે કાલક્રમે સ્વતઃ બનતા આવે છે, એમાં કોઈની લેશમાત્ર ડખલગીરી કામ આવતી નથી તેમજ કોઈ એમાં નિમિત્ત કારણભૂત બનતું નથી." પરંતુ આ એકાંત નિયતિવાદ ગોશાળાનો



મત છે; કિન્તુ પ્રભુ મહાવીરનો મત નહિ, જૈન મત નહિ, જૈનમતમાં તો પર્યાય-સર્જનમાં નિયતિ ઉપરાંત બીજાં નિમિત્તકારણો પણ કામ કરે છે.

દા.ત. અરિહંતે ધર્મ જ ન સ્થાપ્યો હોત તો આ ધર્મ મળ્યા વિના ધર્મના નામે જેમ તેમ બોલવાનું ક્યાંથી થાત ?

**નિયતિવાદ તે કુતર્કતા :** ભગવાને ધર્મશાસન અને તત્ત્વ વ્યવસ્થા સમજાવી, તો જ તેના પર કુતર્ક ચલાવાય છે. સોનગઢવાળો કાનજીમત કહે છે કે "એક દ્રવ્ય બીજા દ્રવ્યને સહાયક ન થાય. ગુરુનો શિષ્ય પર ઉપકાર નથી ! ઘડો કુંભારથી ઉત્પન્ન થાય છે એમ નહીં, પરંતુ માટીનો એ પર્યાય સ્વતઃ જન્મે છે"-એવું તે શીખવાડે છે. 'ઉપાદાન દ્રવ્ય પોતે પોતાનો પર્યાય સ્વતઃ સર્જે છે.' તેમ તે કહે છે. આમ કહેવું એ શેના જેવું છે ? "મારી મા વાંઝણી છે."

'મારી મા' એમ કહ્યું, એટલે 'મા પુત્રવતી' સ્વીકારી લીધી. હવે પુત્રીવતી માતાને વાંઝણી કહેવી, તે **વદતો વ્યાઘાત** છે; એવી રીતે નિયતિવાદને બોલનાર પોતે પરદ્રવ્ય તરીકે ભાષાવર્ગણાના દ્રવ્યોના તેમજ જીભના સહારાથી જ બોલી શકે છે. હવે કહ્યું : 'બોલનાર મારું આત્મદ્રવ્ય સ્વતંત્ર છે, એને પરદ્રવ્યના સહારાની કોઈ જરૂર નથી'-શું એ વદતો વ્યાઘાત નથી ?

## ભગવાન ધર્મધુરંધર છે ને ધીર છે.

**પ્ર.** - ભગવાનને કેમ નમીએ છીએ ?

**ઉ.** - ભગવાન ધર્મના આગેવાન છે. ભગવાન ધર્મ દેખાડનાર છે. ભગવાન ઉપકારી છે, સાથે ધીર છે, માટે તેને આપણે નમીએ છીએ.

**ધીરતા : પ્ર.** - પ્રભુ ધીર હોવાથી આપણને શું ?

**ઉ.** - એવા ધીર પ્રભુ આપણને અવ્વલ કોટિનું આલંબન બને છે. ધર્મ તો તે દેખાડે છે, પણ ઉત્કૃષ્ટ કોટિનો ધર્મ સ્વયં આચરીને તે બતાવે છે. એ જોતાં આપણને વિશેષ ચોંટ લાગે છે કે 'હેં આવા જ્ઞાની ! અને તીર્થંકર ભગવાને પણ અહિંસાદિધર્મ, ક્ષમાદિધર્મ ઉગ્ર તપ ધર્મ વગેરે આચરેલા !'

'ગુરુ ઘરબારી ને ચેલા બ્રહ્મચારી'-એવું અન્ય સંપ્રદાય જેવું અહીં નથી. ભગવાન પોતે એવી ઉત્કૃષ્ટ રીતે સ્વયં ધર્મ પાળે છે કે એમાં ગમે તેવા ભયંકર ઉપસર્ગ-ઉપદ્રવ આવે, તો પણ સાધનામાંથી લેશ પણ મનથીય ચલિત થતા નથી; એટલા બધા ધૈર્યવાળા યાને ધીર છે.

**વીરપ્રભુની ધીરતા :** મહાવીર પ્રભુનો દાખલો લઈએ તો :

મહાવીર ભગવાન એકવાર વિહારમાં જતા હતા, તે તરફ ભયંકર ઝેરીસાપ ચંડકોશિયાનો વાસ હતો. લોકોએ કહ્યું : "રસ્તો ટૂંકો છે, પણ ત્યાં ભોરિંગ છે. તે જીવતાનાં મડદાં પાડે છે; માટે સ્વામી ! મહેરબાની કરીને આ રસ્તે ન જાવ."

આવી ભીષણ બીક ભગવાનને અટકાવી ન શકી. ભગવાન તો ચાલ્યા : કારણ ? ભગવાન ધીર હતા.

ધીર એટલે ? ગમે તેવા ભયંકર ઉપદ્રવ આવે તોપણ સાધનામાં અડગ. ભગવાનની સાધના ઉત્કૃષ્ટ કોટિની હતી, ધૈર્યવાળી ને સ્થૈર્યવાળી અત્યંત દઢ હતી. એનું નામ ધીરતા. આવી દઢ સાધનાવાળા ભગવાને જગત પર બેવડો ઉપકાર કર્યો. એક તો માર્ગ બતાવ્યો ને બીજું પોતાનું દૃષ્ટાંત બતાવ્યું. વીર પ્રભુની ધીરતા જોતાં ચંડકૌશિક ધીર બની ગયો !

માર્ગ બતાવ્યો તો જ આપણને લાગે છે કે 'તે કરવા જેવું છે.' અને સાથે પોતે સાધીને પોતાનું દૃષ્ટાંત આપ્યું તો તેથી આપણને જોમ આપ્યું.

જેમ આ રીતે : "ભગવાને સંગમને ક્ષમા આપી, તો હું કેમ ન આપું ?" "ભગવાને ઊભા ઊભા તપશ્ચર્યા કરી, તો હું પ્રતિક્રમણ સવારે ઊભા ઊભા કેમ ન કરી શકું ?

## "દેશના અમૃત વરસાવતા"

**દેશનામૃત :** તીર્થંકર ભગવાન ધીર, ધર્મધુરંધર બન્યા પણ બનીને પોતાનો સ્વાર્થ સિદ્ધ થઈ ગયો અર્થાત્ પોતે વીતરાગ-સર્વજ્ઞતાનું પરમાત્મપણું પામી ગયા પછી હવે અઘાતી કર્મો પૂર્ણનાશ થવાની અને મોક્ષ પામવાની રાહ જોતાં બેસી ન રહ્યા, કિંતુ **પરાર્થકરણ** માટે પહેલાં જેવા ઉદ્યત બની ગયા, અને ધર્મતીર્થની તથા ચતુર્વિધ સંઘની સ્થાપના કરીને ગામેગામ વિચરી, ધર્મતીર્થનો ભવ્યાત્માઓમાં પ્રચાર-પ્રસાર થાય એ માટે ઉપદેશનો ધોધ વહેવડાવવા લાગ્યા :

એ વાત કવિ અહીં આ શબ્દોમાં કહે છે કે "દેશનાઅમૃત વરસાવતા"

અર્થાત્ વીતરાગ-સર્વજ્ઞ-તીર્થંકર ભગવાન ધર્મ અને તત્ત્વની દેશનાનું અમૃત વરસાવતા હોય છે. ખરેખર વિચરતા ભગવાનની દેશના જેને સાંભળવા મળે છે, એને જ એનો અનુભવ થાય છે કે અમૃત તો શું ? કિન્તુ અમૃત કરતાંય કેઈ ગુણી ચઢીયાતી એ કેવી અલૌકિક વીતરાગવાણી હોય છે ! કારણ અમૃતપાનમાં એ શક્તિ નથી કે લગાતાર છ મહિના સુધી સળંગ પીવા મળે, તો એમાં ભૂખ ન



લાગે ! તરસ ન લાગે ! થાક ન લાગે ! ક્ષણ પણ ઊંઘ કે ઝોકુંય ન આવે ! મનના બધા સંશયો ફેડી નાખે ! અનંતકાળ ભવમાં ભટકાવનારું મિથ્યાત્વ ઓકાવી નાખે ! સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ જેવા અનંત કલ્યાણ સધાવી આપે ! વગેરે વગેરે. આ તાકાત અમૃતપાનમાં નથી, જ્યારે ભગવાનની દેશનાના પાનમાં આ સમસ્ત તાકાત છે.

**વચનામૃત ને ડોસી :** ડોસી જંગલમાંથી લાકડાનો ભારો માથે મૂકીને આવતી હતી. એટલામાં અહીં નગરની બહાર સમવસરણ મંડાયું. એના ઉપર તીર્થંકર ભગવાને દેશના વરસાવવી શરૂ કરેલી. એની નજીકમાં ડોસી આવી પહોંચતાં માથેના ભારામાંથી એક લાકડું નીચે પડી ગયું, તે લેવા એક હાથે માથે ભારો પકડી રાખીને નીચી વળી, બીજા હાથે નીચેનું લાકડું લેવા જાય છે, એટલામાં પ્રભુની અતિ મધુર સંગીતમય વાણીના અક્ષર તેના કાન પર પડ્યા. એ એને એટલા બધા મધુર ને પ્રિય લાગ્યા કે પોતાના શરીરની અડધી વળેલી સ્થિતિનું ભાન ભૂલી જઈ એમ જ વાંકી ને વાંકી રહીને દેશનાપાનના ઘુંટ ઘુંટ કાનથી પીવા લાગી. કદાચ આમ છ માસ ચાલેને, તોય શરીર વળ્યાનો એને થાક ન લાગે, ઊભી ને ઊભી રહ્યાનો શ્રમ ન લાગે, ઊંઘનું એક ઝોકુંય ન આવે. ત્યારે વિચાર થાય કે ક્યાં દિવ્ય આ દેશના ? અને ક્યાં તુચ્છ સ્વર્ગનું પણ અમૃત ?

પ્ર. - તો પછી કવિએ દેશનાને અમૃતની ઉપમા કેમ આપી ?

ઉ. - ભાઈ ! શું કરે ? જગતમાં શ્રેષ્ઠ પાન તરીકે અમૃતથી વધીને કોઈ બીજી વસ્તુ મળતી નથી, એટલે પછી છેવટે અમૃતની ઉપમા બાળ જીવોને સમજાવવા માટે આપવી પડે છે. બાકી તો જિનની દેશના એ દેશના જ છે. એની આગળ અમૃત કાંઈ વિસાતમાં નથી.

અલબત્ જેમ અમૃત એ સંજીવની છે, મરેલા જીવાને જીવતાં કરે છે, એમ પ્રભુની દેશના એ મહા સંજીવની છે, એ મિથ્યાત્વ આદિથી મૃતઃપ્રાય ભવ્યાત્માઓને એવા જીવંત કરે છે કે જેથી એ જીવો જાગ્રત રહીને સમ્યક્ પ્રવૃત્તિ કરી શકે.

**કેવળજ્ઞાની અને દેશનામૃત :** પ્રભુની આ અમૃતદેશનાનો આપણા પર અજબ-ગજબનો ઉપકાર છે. દેશનાના દીવાથી જ આપણા હૃદયમાં ધર્મ અને તત્ત્વનાં અજવાળાં પથરાયાં છે. પ્રભુ તો કેવળજ્ઞાન પામીને કૃતકૃત્ય બનેલા હોઈ એમને શા સારુ દીર્ઘકાળ સુધી ગામ ગામ વિચરવું પડે અને રોજ સવાર સાંજ છ કલાક કે એક ટાઈમ ત્રણ કલાક દેશના માટે ગળું ખેંચવું પડે ?

ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન થયા પછી લગભગ એક લાખ પૂર્વનું આયુષ્ય બાકી છે.

એક પૂર્વ એટલે ૭૦૫૬૦ અબજ વર્ષ. આવાં ૧૦-૨૦ પૂર્વ નહિ, ૧૦૦-૨૦૦ પૂર્વ નહિ, ૧૦૦૦-૨૦૦૦ પૂર્વ નહિ, કિન્તુ ૧૦૦ હજાર પૂર્વ અર્થાત્ ૧ લાખ પૂર્વ જીવવાનું બાકી છે. તો કેવળજ્ઞાન થયા બાદ એ ભરતચક્રીના ઘરે જઈ ન બેઠા. ઘરે જઈ એમ ન કહ્યું : "વત્સ ભરત ! જો મારે કેવળજ્ઞાન થઈ ગયું છે, સાધના પૂર્ણ થઈ છે, હવે જે અઘાતી કર્મ બાકી છે, તે ભોગવીને જ પૂરાં કરવાનાં છે, તો આ હું અહીં આવ્યો છું. અહીં નિરાંતે એક લાખ પૂર્વ વર્ષ સુધી ઠરીઠામ બેસીશ."

આમ ભગવાન શ્રી ઋષભદેવ ભગવાન ભરતને ઘેર જઈ ન બેઠા, કિન્તુ લગભગ એક લાખ પૂર્વ વર્ષ સુધી ગામ ગામ વિચર્યા અને દેશનાઅમૃતના ધોધ વરસાવ્યા.

આપણા પર પ્રભુના આટલા બધા અગાધ ઉપકારની આપણે શી કદર કરીએ છીએ ? દેશનાનો અમલ તો પછી, પણ પહેલાં તો જગતના કોઈપણ ખાનપાન, હીરા માણેકનાં નિધાન, સ્વર્ગનાં વિમાન અને જનતાના ઉચ્ચ સ્વાગત-સન્માન કરતાં કોઈ અતિ ઉચ્ચ કોટિનું પ્રભુની દેશના રૂપી મહાનિધાન મળ્યું; એની કદર પણ ક્યાં કરીએ છીએ ?

કદર કરતા હોઈએ તો જિનવાણી સાંભળવા, વાંચવા, અને ભણવા માટે જીવનના સર્વ કાર્યોમાં પહેલા નંબરે એની તાલાવેલી અને અતિ રસભર્યો પુરુષાર્થ અવશ્ય થાય. પ્રભુ તો કરુણાથી દેશનામૃત વરસાવી મોક્ષે પધારી ગયા. પરંતુ આપણા જેવા અભાગિયાને શાસ્ત્રકારોએ શાસ્ત્રોમાં ગૂંથેલી એ અમૃત સમી જિનવાણીના જીવનમાં મુખ્યપણે ઘુંટ ઘુંટપણે પી લેવાની અને મગજમાં એ જ મમરાવવાની ગરજ નથી. વળી ભગવાન કેવા ?

ભગવાન અમૃત જેવી દેશના વરસાવનારા છે. અમૃત જેવી દેશનાને વરસાવનાર ભગવાન કેવા હતા ? **વડવીર.** એટલે સૌથી મોટાવીર. જગતમાં જેટલા વીર ગણાય છે, તે બધા કરતાં પ્રભુ મોટાવીર યાને વડવીર છે. દુનિયાના વીર પુરુષોમાં વીરતા મર્યાદિત હતી. દુનિયાના વીરની વીરતા બીજાને દમવાની હોય છે, તો ભગવાનમાં વીરતા અમર્યાદિત હતી. ભગવાનની વીરતા પોતાના આત્માને દમવાની હતી, કેમકે આખી દુનિયાને દમનારો અનંતાનંત કાળથી કામ-ક્રોધાદિથી ઉચ્છૃંખલ બનેલ પોતાનો આત્મા દમી શકાતો નથી, તે કામ પ્રભુએ કર્યું.



શંકર કે વિષ્ણુએ આક્રમક અન્યને દમવાની વીરતા બતાવી, ત્યારે મહાવીર ભગવાને આક્રમક સંગમ પર આંસુ સાર્યાં; પરંતુ છતી શક્તિએ એને દમવાનું ન કરતાં પોતાનાં ક્રોધ અભિમાન આદિ આંતરશત્રુને દમવાનું કરી વડવીરતા સિદ્ધ કરી.

ભગવાન પોતાનું શુદ્ધ વીર્ય પ્રગટાવવામાં વડવીર હતા-શ્રેષ્ઠ સુભટ હતા.

પ્ર. - એમ તો દુનિયાના મહારથી માણસ ખૂંખાર લડાઈ કરી દુશ્મનને જીતે કે ખતમ કરે, એમાં શું અખૂટ વીર્ય પ્રગટ કરનારા ન કહેવાય ? જેમકે ત્રિપૃષ્ઠ વાસુદેવે જંગલમાં માત્ર બાહુબળથી ફાળ મારી આવતા મોટા સિંહના બે જડબાં પકડી ઊભો ચીર્યો. શું આમાં પોતાનું અગાધ વીર્ય પ્રગટ ન કર્યું ?

ઉ. - ના. આમાં તો વીર્ય કરતાં પોતાના ઉત્કટ કષાયને પ્રગટ કર્યા અથવા કહો, પોતાના અશુદ્ધ કષાય વીર્ય તથા મલિન યોગ વીર્યને પ્રગટ કર્યું; જ્યારે પ્રભુએ ગોવાળિયો કાનમાં ખીલા ઠોકવા આવ્યો, તો જન્મતાં લાખ જોજનના ઊંચા મેરુ પર્વતને ડોલાવવાની તાકાતવાળા છતાં તેનો સામનો કરવા મલિન વીર્ય ન પ્રગટાવ્યું. નહિતર, એમની એક લાતે ગોવાળિયો ગોઠંબડા ખાઈ ગયો હોત, પરંતુ આ ભયંકર કષ્ટ માત્ર સહી લેવા નહિ, કિન્તુ આવકારી લેવા માટે એવું શુદ્ધ વીર્ય પ્રગટાવ્યું કે પોતાના મસ્તકને સ્થિર રાખ્યું, જેથી ગોવાળિયો એકલો છતાં કાનમાં ખીલો ઠોકતી વખતે બીજી બાજુમાં પ્રભુના માથાને કોઈ મજબૂત પકડી રાખનાર ન હતું, છતાં ખીલો ઠોકી ઠોકીને આસાનીથી કાનને વીંધી અંદરમાં ખોસી શકાયો. આ હતું નિજ વીર જ અર્થાત્ પોતાનું શુદ્ધ વીર્ય પ્રગટાવવામાં વડવીર બન્યા.

**સારાંશ** : દુનિયાનો માણસ કષાય અને દુષ્કૃત વિકસાવવામાં વીર બની યુદ્ધસંગ્રામ કે સામનો કરવાની વીરતા બતાવે છે, ત્યારે પ્રભુ ક્ષમા-સમતા-સહિષ્ણુતા-સુકૃત આદિનું શુદ્ધ વીર્ય વિકસાવવામાં વીરતા દાખવે છે. એ જ એમની વડવીરતા છે.

❖ ❖ ❖

**વાચના ૫** મહા વદ ૧૦, ૨૦૩૬, ૨૯-૧-૮૦

(દેવચંદ્રજીકૃત ત્રોટક)

વર અક્ષય નિર્મળ જ્ઞાન ભાસન, સર્વભાવ પ્રકાશતા,
નિજ શુદ્ધ શ્રદ્ધા આત્મભાવે, ચરણથિરતા વાસતા. ૧
જિનનામકર્મ પ્રભાવ અતિશય પ્રતિહાર જ શોભતા,
જગજંતુ કરુણાવંત ભગવંત, ભવિક જનને થોભતા. ૨

**અર્થ :** શ્રેષ્ઠ, અવિનાશી, નિર્મળ એવા કેવળ-જ્ઞાનના પ્રકાશથી જે પ્રભુ જગતના સર્વ ભાવોનો પ્રકાશ કરનારા છે. (અને એ પ્રકાશ આપવા વડે જગતના જીવોને) 'નિજ આત્મભાવે' અર્થાત્ પોતાની આત્મપરિણિતિમાં શુદ્ધ શ્રદ્ધાને તથા ચારિત્ર સ્થિરતાને વાસિત-ભાવિત કરનારા છે. વળી જેમને તીર્થંકર નામકર્મના પ્રભાવથી ૩૪ અતિશયો અને અષ્ટ પ્રાતિહાર્ય શોભી રહ્યા છે તેમજ જગતના જીવમાત્ર ઉપર કરુણાવાળા તે ભગવાન (મિથ્યાદૃષ્ટિ પણ) ભવ્ય જીવોને (આ ૩૪ અતિશય, ૮ પ્રાતિહાર્યના દર્શનથી) સ્તબ્ધ કરી દે છે. ભગવાન કેવા છે ?

**અક્ષયનિર્મળ જ્ઞાન :** ભગવાન શ્રેષ્ઠ, અક્ષય, નિર્મળ જ્ઞાનના પ્રકાશથી જગતમાં સર્વ ભાવોનો પ્રકાશ કરનારા છે. આ જ્ઞાન શ્રેષ્ઠ એટલા માટે કે એ સમસ્ત જ્ઞાનાવરણના ક્ષયથી ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન છે.

પ્ર. - નિર્મળ જ્ઞાન પ્રગટ થયું છે, તો જ્ઞાન નિર્મળ કેમ ?

ઉ. - મલિન જ્ઞાન એટલે રાગદ્વેષ મોહથી લેપાયેલું જ્ઞાન, અને તે વસ્તુનો યથાર્થ પ્રકાશ નથી. દા.ત. હીરો દેખતાં જ રાગથી 'આ બહુ કિંમતી હીરો.' એમ રાગ-મિશ્રિત જ્ઞાન કર્યું, તેમાં વસ્તુનો યથાર્થ પ્રકાશ નથી; કેમકે ખરેખર તો હીરો આવા સંક્લિષ્ટ રાગ કરાવી નરક સુધીનાં ઉગ્ર પાપ બંધાવે છે; માટે એમાં કિંમતી ને સારાપણાનું જ્ઞાન યથાર્થ ન કહેવાય, જ્યારે નિર્મળ જ્ઞાન એને કહેવાય, જે વસ્તુસ્વરૂપનો યથાર્થ પ્રકાશ કરે, જે આત્માને ઘાતક ન બને.

ત્યારે હીરાનું નિર્મળ જ્ઞાન કેવું હોય ? આવું,-

૫૦ લાખનો હીરો કેવો ?

તો કે ઉત્કૃષ્ટ રાગદ્વેષ કરાવે ને દુર્ગતિને અપાવે એવો.

**શંકા :** પણ હીરા પર રાગ ન કરી હીરાને પોતાનો ન માને તો ?

**સમાધાન :** હીરાને જો પોતાનો ન માને તો પછી સાચવી રાખવાની લાલસા હોય ખરી ? હીરો પોતાનો ન પણ હોય છતાં 'ભાઈ ! હીરો બહુ કિંમતી !' એમ ચમકારો થાય ખરો ?

દા.ત. સાધુ થયા. કોઈએ કહ્યું : ફલાણા ભાઈને એક લાખનો હીરો ૫૦ હજારમાં મળ્યો, તો ત્યાં સાધુની આંખ ચમકે કે 'હેં ?' તો એ ચમકારો હીરાના રાગનો છે. એ જે જ્ઞાન છે, તે નિર્મળ નથી.

જેટલો વધારે કિંમતી, તેટલો વધારે રાગ, માટે વધુ કિંમતી-વધારે રાગ કરાવનારો છે.



મોટર બંગલા કેવા ? શું એ નિર્મળ જ્ઞાનવાળાને સારા લાગે !

નહિ, તે તો રઝળપાટ કરાવનારા હોવાથી સારા તો શું, પણ બળદગાડી ને ઘર કરતાંય વધુ નુકસાન કરનારા લાગે, માટે મોટર બંગલાના દર્શન પર ચમકારો જરાય ન થાય, તો તે રાગમિશ્રિત નહિ; કિન્તુ ઉદાસીન ભાવવાળું દર્શન થાય. આવું ભગવાનને નિર્મળ જ્ઞાન હતું, તે અક્ષય હતું; આવેલું જ્ઞાન તે જવાનું નામ નહિ. જે આવ્યું તે આવ્યું, જવાનું નામ નહિ. અર્થાત્ શાશ્વત્.

**ભાસન** એટલે પ્રકાશ. તેનાથી સર્વ ભાવ પ્રકાશતા. તે જ્ઞાન તેટલું જોરદાર છે કે તેનાથી ત્રણે કાળના જડ, ચેતન સમસ્ત દ્રવ્યો અને તેના સમસ્ત અનંતાનંત પર્યાય અર્થાત્ સર્વ ભાવોનો પ્રકાશ થાય છે.

## પુદ્ગલનો પ્રભાવ :

પ્ર. - જ્ઞાન નિર્મળ અર્થાત્ રાગદ્વેષાદિથી નહિ ખરડાયેલું કેવી રીતે રહે ?

ઉ. - પદાર્થના પૂર્વોત્તર પર્યાય તરફ નજર રહે તો મમતા ન રહે. મિષ્ટાન્નના પુદ્ગલ એ વિષ્ટાના પુદ્ગલ બને છે અને ખેતરના ખાતરના વિષ્ટાના પુદ્ગલ એ અનાજના પુદ્ગલ બને છે. ઉકરડાના પુદ્ગલ તે હીરાના પુદ્ગલ બને છે, એ નજર સામે રહે તો મોહ કે દ્વેષ નહિ થાય. દા.ત. એક માણસ જતો હતો. કોઈએ ઉપરથી વિષ્ટા ફેંકી. તેના તેને છાંટા ઊડ્યા. તેણે કહ્યું : 'આંધળા છો ? આમ ફેંકાય ?' ત્યાં પડોશીઓ આવ્યા ને રસ્તે જનારા ભેગા થઈ ગયા ને ગાળોની લડાઈ ચાલવા માંડી.

ત્યાંથી ફકીર નીકળ્યો, એક ઓટલા પર ચઢી તે બોલવા લાગ્યો : "ફરિયાદ છે, ફરિયાદ"...તો બધા શાંત થઈ તે બાજુ વળ્યા.

શાની ફરિયાદ છે ?

'ફરિયાદ છે બરફીબાઈની.' પછી તેણે ફરિયાદ રજૂ કરી.

બરફી કહે : "જુઓ, કેટલી મહેનતે હું બની ? એટલે ગાય ભટકતી હતી, શેરીના છોકરા જાજરૂ ગયા હતા. વિષ્ટા તેના પેટમાં ગઈ. પેટમાં દૂધના પુદ્ગલ થયા. તે છૂટા પડ્યા. બહાર દૂધ આવ્યું. સુખડિયો તે લઈ ગયો. તેની બરફી બનાવી, ગ્રાહક આવ્યો, ઘરે તે લઈ ગયો, તે કબાટમાં મૂકી. છોકરો આવ્યો ને તે ખાઈ ગયો ને મારું વિષ્ટામાં રૂપાંતર કર્યું.

તો પછી આવી બરફી મોઢામાં નાખતાં શરમ ન આવી ? ને તે જરા કપડે લાગી તેમાં આટલો બધો ઝઘડો ?" એ સાંભળીને લોકોની પર્યાય સામે નજર ગઈ

એટલે ઝઘડો શાંત થઈ ગયો.

ભગવાન નિર્મળ જ્ઞાનથી જાણીને જગતના પદાર્થો, તેના ભાવો, તેના પર્યાયોને પ્રકાશિત કરે છે. ભગવાન ત્રિકાળ પર્યાય-વર્તમાન કાળના, ભૂતકાળના ને ભવિષ્યના પ્રકાશે છે; તેથી શું પરિણામ આવે છે ?

ભગવાન જે પ્રકાશે છે, તે સાંભળતાં જીવોને તેની પર શુદ્ધ શ્રદ્ધા થાય છે.

**શુદ્ધ શ્રદ્ધા :** આ શુદ્ધ શ્રદ્ધા ઉપર ઉપરની નહિ, કિન્તુ **"નિજ આત્મભાવે."** અર્થાત્ પોતાની આત્મ પરિણતિમાં વણાયેલી શ્રદ્ધા થાય છે.

ભગવાને છ દ્રવ્યો કહ્યા, તેના પર્યાયો કહ્યા-તે સાચા છે. નવતત્ત્વ-તેના ભેદ બતાવ્યા તે બરાબર સાચા છે. તે પર આત્મ પરિણતિમાં ઉતરેલી શ્રદ્ધા થાય તો તે આત્માને શુદ્ધ શ્રદ્ધાથી વાસિત કરે છે-ભાવિત કરે છે; અર્થાત્ અંતર આત્મા એ શ્રદ્ધાથી રંગાઈ જાય છે. તેથી હવે જ્યારે એ શ્રદ્ધાવાન શ્રોતા જગતનો કોઈ પણ પદાર્થ દેખશે, ત્યારે એ શ્રદ્ધાના રંગના પ્રમાણે તેને નિહાળશે, અને પોતે વસ્તુના ખોટા રાગ દ્વેષથી રંગાશે નહિ. એમાં પોતાના આત્મા પરની પણ સાચી શ્રદ્ધાનો રંગ લાગશે, એટલે જોશે કે 'હું કોણ ?'

સદ્ ચિદાનંદ, સત્ અનંતજ્ઞાન, અનંત સુખવાળો.

હું કોણ ? નિરંજન નિરાકાર, પણ નહિ કે ચંબુજી ચપ્પણિયાવાળો.

શરીર-પેટ એ ચંબુ જેવું. તે પાંચ ઇન્દ્રિયો રૂપી ચપ્પણિયાથી ભીખ માગતો ફરે છે. આંખથી રૂપની ભીખ માગે છે : 'રૂપ ! તું આવને મારી આંખના ચપ્પણિયામાં.' એમ જીભથી રસની ભીખ માગે...દુનિયામાં વિષયોની ભીખ માંગતો ફરે છે; પરંતુ હવે શુદ્ધ શ્રદ્ધા થવાથી લાગે છે કે હું એટલે ચંબુ શરીર-પેટ નહિ.

"શુદ્ધ શ્રદ્ધા કોની ?"

પોતાના આત્માની-નવતત્ત્વની શ્રદ્ધા કરવાની, પણ તે શ્રદ્ધા આત્મપરિણતિમાં ઉતારવાની-આત્મામાં ઠરાવવાની. આત્મામાં ન ઉતારે ને કોરો પંડિત થાય, પરંતુ તે આશ્રવ સંવરની વાતો તો મોટી કરે, પણ એને પૂછો કે

"તારા આત્મામાં કાંઈ લાગુ પડે છે કે નહિ ?"

જવાબમાં ના. આવા શ્રદ્ધા વિનાના શ્રોતા વ્યાખ્યાન સાંભળશે, એમાં એ જ જોશે કે "આ તો લલ્લુભાઈ પર કહ્યું," "આ નથ્થુભાઈ પર કહ્યું પણ એને પોતાને કાંઈ લાગુ પડશે નહિ !"

ભગવાનનું કહેવું પોતાને લાગુ પડે એવું દર્શન થાય- શ્રદ્ધા થાય તો તેનાથી



પોતાનો આત્મા વાસિત થયો ગણાય - તત્ત્વથી રંગાયેલો થયો.

પ્ર. - શ્રદ્ધાથી વાસિત કર્યા પછી શું કરવાનું ?

ઉ. - **'ચરણથિરતા વાસતા'** અર્થાત્ આત્મામાં ચરણ-ચારિત્રભાવ ઉતારવાનું અને આત્મ પરિણતિમાં એ ચારિત્ર ચંચળ નહીં અર્થાત્ 'હમણાં આવ્યો અને પછી પાછો ઊડી ગયો,' એમ નહિ, કિન્તુ સ્થિર કરવાનો-દઢ બનાવવાનો. એવા દઢ ચારિત્ર ભાવથી અંતરઆત્માની પરિણતિ રંગી નાખે. આ વસ્તુ ભગવાનના ઉપદેશથી અને ભગવાનના આલંબનથી બને છે. માટે ભગવાન પોતે જીવોમાં આ શ્રદ્ધાભાવ તથા ચારિત્ર સ્થિરતાને એના આત્મામાં વાસિત કરનારા કહેવાય.

❖ ❖ ❖

**વાચના ૬** મલાડ પૂર્વ મહા વદ ૧૧, ૨૦૩૬, ૨૭-૧-૮૦

જો અંતર-આત્માને નિષ્કામ ચારિત્ર-સંયમના ભાવથી વાસિત ન કરે અને બાહ્યથી કડક ચારિત્ર પાળે તો તે વ્યવહાર ચારિત્ર છે, અને આંતરિક સંયમ પ્રગટાવે તે નિશ્ચય ચારિત્ર છે. જીવ જ્યારે માત્ર દેવતાઈ સુખની લાલસાથી ચારિત્ર પાળે છે, ત્યારે એનામાં આંતરિક સંયમ વાસિતતા હોતી નથી. ત્યાં પરિષહ-ઉપસર્ગ સહન કરશે. દેવલોકના સુખની તીવ્ર કામના હોઈ, અહીં બધું સહન કરી લે છે, સમજે છે, કે "ગણતરીના વરસ ચારિત્ર આવી રીતે પાળીએ અને પરિષહ ને ઉપસર્ગમાં ડગ્યા નહિ, તો ઉપડ્યા દેવલોકમાં, થોડું સહન કરવાનું છે, તે અસંખ્ય વર્ષોના દિવ્યસુખ માટે છે, તો આ ભાવમાં કાંઈ ખોટું નથી." આ વ્યવહાર ચારિત્ર છે.

નિશ્ચય ચારિત્ર-ત્રીજા કષાયની ચોકડીનો ક્ષયોપશમ થાય તે છે. ચારિત્રથી વાસિત થાય છે, એટલે નિશ્ચય ચારિત્ર મળે છે એટલે કે છઠ્ઠા સાતમા ગુણસ્થાનનું ચારિત્ર મળે છે.

## બાહ્ય વહેવારની આવશ્યકતા :

પ્ર. - ગુણસ્થાનક આંતરિક પરિણામ પર છે, તો શું બાહ્ય વ્યવહાર નકામો ?

ઉ. - ના. આત્માના પરિણામ રૂપ સમ્યગ્ દર્શન તથા સમ્યક્ ચારિત્રનો લાવનાર છે બાહ્ય વ્યવહાર. આ સમ્યગ્ દર્શન-ચારિત્રના વ્યવહારની એટલી બધી અગત્ય છે કે અસદ્ વ્યવહારમાં પડ્યા તો આંતરિક પરિણામ આવ્યો હશે તોય તે ભાગી જશે.

વર્તમાનમાં એક ભાઈ બનાવટી નિશ્ચયના પંથે ચઢી ગયા અને 'બાહ્ય કાયાના વહેવારને આત્માના આંતરિક પરિણામ સાથે કોઈ સંબંધ નથી, કેમકે કાયાની પ્રવૃત્તિ એ જડ દ્રવ્યના પર્યાય છે. એ કાંઈ બીજા દ્રવ્યરૂપ આત્માના પર્યાય પર અસર કરે નહિ, એવું માની તે પોતે વિધુર હતા અને ઘરમાં પોતાની વિધવા પુત્રી રાંધી આપતી. તે પુત્રી સાથે દુરાચારમાં પડી ગયા; છતાં માનતા રહ્યા કે મારા આત્માના શુદ્ધ પરિણામને કશો બાધ નથી પહોંચતો કેટલું ભયંકર અજ્ઞાન ?

વાસ્તવમાં સદ્દ્વ્યવહાર એ સદ્ પરિણામને જગાડે છે ટકાવે છે ને વધારે છે ને ઠેઠ વીતરાગતાની પરાકાષ્ટાએ પહોંચાડે છે, તે બધું અરિહંતના ઉપદેશને આલંબનથી થાય છે. માટે અરિહંત જીવોમાં એ પરિણામ વાસનારા કહેવાય.

**"જિન નામ કર્મ પ્રભાવ અતિશય પ્રાતિહાર જ શોભતા"** વળી 'ભગવાન કેવા છે ?'

તો કે તે તીર્થંકર નામકર્મના પ્રભાવે, ૩૪ અતિશય અને ૮ પ્રાતિહાર્યથી શોભતા છે.

પહેલાં સમવસરણ વખતે આઠ પ્રાતિહાર્યની વાત કરી હતી-બાકી પાંચની વાત કરી હતી....તેમાં મતાંતર આવે છે.

"પ્રવચનસારોદ્ધાર"માં લખ્યું છે, કે

ભગવાન જ્યાં બિરાજે, ત્યાં 'અશોકવૃક્ષ' ઉપસ્થિત થઈ જાય તેથી ભાવ એવો થાય કે ચાલતી વખતે અશોકવૃક્ષ સાથે ન હોય.

**"દિવ્યધ્વનિ" અંગે મતમતાંતર :** 'દિવ્યધ્વનિ' માટે મતમતાંતર મળે છે. દિવ્યધ્વનિની એક વ્યાખ્યા કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે એવી કરી છે કે 'ભગવાનની જે વાણી છે, તે દિવ્યધ્વનિ છે, કેમકે તે અતિશયથી જોજન સુધી વિસ્તરે છે.'

'દિવ્યધ્વનિ' માટે બીજો મત એવો છે કે 'ભગવાન જે બોલે છે, તેમાં ભગવાનના રાગમાં દેવો બંસરીથી સુર પૂરે છે સુયડાંગ સૂત્રમાં આ અતિશય બતાવ્યો છે. યોગશાસ્ત્રમાં પણ બતાવેલ છે. લોક પ્રકાશમાં પણ છે.

આઠ પ્રાતિહાર્યમાં 'ભામંડળ' એ કર્મક્ષયકૃત છે અને બાકીના સાત દેવકૃત છે.

**કર્મક્ષયકૃત અતિશય : ૧૧** સમવસરણની ભૂમિ પર કરોડો ગમે દેવો સમાય તે કર્મક્ષયકૃત અતિશય છે.

પ્ર. - જોજન ભૂમિમાં કરોડો દેવો કેવી રીતે સમાય ?

ઉ. - અતિશય એટલે અચિંત્ય વસ્તુ. તેમાં સવાલ ન ઉઠાવાય કે આમ કેમ ?

સમવસરણમાં પ્રભુ દેશના આપે, ત્યારે દરેક પ્રાણી, અનાર્ય, મલેચ્છ, બિલાડી, ઉંદર, હાથી, ઘોડા, સૌ કોઈ પોતપોતાની ભાષામાં સમજી શકે. તે



કર્મક્ષયકૃત અતિશય છે.

કર્મક્ષયકૃત અતિશય ૧૧ છે : (૧) ભામંડલ (૨) જોજનભૂમિમાં દેવો કરોડો ગમે સમાય, (૩) જોજન ગામિની વાણી (૪) પોતપોતાની ભાષામાં ભગવાનની વાણી સમજાય અને અન્ય સાત અતિશય મૂષકાદિ ઉપદ્રવાદિ ન હોવા અંગેના છે.

**સાત ઉપદ્રવ :** ભગવાન પધારે, ત્યાં આજુબાજુ સવાસો જોજન સુધીમાં (૧) તીવ્રરોગ, (૨) મારી; મરકી ન રહે (૩) તીડ ઉંદરનો ઉપદ્રવ ન હોય (૪) અતિવૃષ્ટિ નહિ (૫) અનાવૃષ્ટિ નહિ (૬) દુર્ભિક્ષ (વૈર વિરોધ) ન થાય (૭) સ્વચક્ર એટલે સ્વ રાજ્યની સેના (આંતરિક બળવો)ને પરચક્ર-પર રાજ્યની સેના (પર રાજાનો હલ્લો)નો ઉપદ્રવ ન હોય. ભામંડલ ચાર ઘાતી કર્મના નાશથી થતું એટલે કે કર્મક્ષયકૃત છે, તેથી મુખની ચારે બાજુ પ્રભાનો પુંજ સ્ફુરાયમાન થઈ જાય.

૩૪ અતિશય મોઢે રાખવા માટે

**"ચાર અતિશય મૂળથી, ઓગણીસ દેવના કીધ,**

**કર્મ ખપ્યાથી અગિયાર, ચોત્રીસ ઈમ અતિશયા સમવાયાંગે પ્રસિદ્ધ."**

૪ અતિશય મૂળથી..., જન્મથી ૧૧ અતિશય કર્મક્ષયથી થતા

<u>૧૯</u> દેવકૃત અતિશય

**૩૪ અતિશય**

| **મૂળથી ૪ અતિશય** | **૧૧ કર્મક્ષય કૃત** (૪) | **૧૧ કર્મક્ષય કૃત** (૭) |
|---|---|---|
| ૧. અનુપમ દેહકાંતિ | ૧. ભામંડલ | ૧. વૈર વિરોધ શમન |
| ૨. નીરોગીતા ને અબીભત્સતા રૂધિર, માંસ | ૨. જોજન ભૂમિમાં કરોડો ગમે દેવો સમાય. | ૨. તીવ્ર રોગ શાંત |
| ૩. શ્વાસોશ્વાસ કમલવત્ સુગંધી | ૩. વાણી જોજન ગામિની ૩૫ અતિશયવાળી | ૩. મારી-મરકી શાંત |
| ૪. આહારનિહાર વિધિ અદશ્ય | ૪. વાણી સૌને સ્વ-સ્વભાષામાં સમજાય | ૪. તીડ ઉંદરના ઉપદ્રવ નહિ |
| | | ૫. અતિ વૃષ્ટિ નહિ |
| | | ૬. અનાવૃષ્ટિ (દુર્ભિક્ષ) નહિ |
| | | ૭. સ્વચક્ર ને પર-ચક્રભય નહિ |

## દેવકૃત ૧૯ અતિશયો

| (૭) | (૬) | (૬) |
|---|---|---|
| ૧. સિંહાસન | ૧. સુગંધિત જલવૃષ્ટિ | ૧. નવ સુવર્ણ કમળ |
| ૨. ચામર | ૨. સમવસરણ | ૨. કાંટા ઊંધા થઈ જાય |
| ૩. છત્રત્રયી (૩ છત્ર) | ૩. ધર્મચક્ર | ૩. વૃક્ષ નમે |
| ૪. ચૈત્યવૃક્ષ સહિત અશોકવૃક્ષ | ૪. પૂર્વ સિવાયની ત્રણ દિશામાં પ્રભુનાં બિંબ | ૪. પંખેરાં પ્રદક્ષિણા દે |
| ૫. દેવ દુંદુભિ | ૫. અનુકૂળ વાયુ | ૫. છ ઋતુ અનુકૂળ |
| ૬. પુષ્પવૃષ્ટિ | ૬. રત્નધ્વજ | ૬. જઘન્યથી એક ક્રોડ દેવતા હંમેશાં પ્રભુની સાથે રહે. |
| ૭. કેશ-રોમ-નખ વધે નહિ | | |
| આમાં છ પ્રાતિહાર્ય છે | આ છ સમવસરણ અંગેના છે | આ છ વિહાર અંગેના છે |

**સારાંશ :** ભગવાન જિનનામકર્મના પ્રભાવે ૩૪ અતિશયોથી ને આઠ પ્રાતિહાર્યોથી શોભતા છે.

**"જગજંતુ કરુણાવંત ભગવંત ભવિકજનને શોભતા"**

ભગવાન જગતના જીવમાત્ર પર કરુણા કરે છે.

### એકેન્દ્રિય જીવ પર ભગવાનની કરુણા :

**પ્ર.** - એકેન્દ્રિય જીવ અનંતા દુઃખમાં સડ્યા કરે છે, તેના પર ભગવાને શો ઉપકાર કર્યો ? શી કરુણા કરી ?

**ઉ.** - ભગવાને જગતને ષટ્કાય જીવોનું પૂરું જ્ઞાન કરાવ્યું અને અભયદાન શીખવ્યું, તે અભયદાનના જ્ઞાનથી ભવ્ય જીવો એકેન્દ્રિય જીવની રક્ષા કરે છે; માટે ભગવાને એકેન્દ્રિય જીવો પર કરુણા કરી ગણાય.

**પ્ર.** - પણ એકેન્દ્રિયનું પોતાનું શું કલ્યાણ કરે ?

**ઉ.** - એકેન્દ્રિયને હિતરૂપ એટલા માટે કે ભગવાન એકેન્દ્રિય આદિ લોકનું યથાર્થ પ્રતિપાદન કરનારા છે. જેમકે તમે ફૂંક મારો તો તે એકેન્દ્રિયને શસ્ત્ર સમાન બને છે. પાણીને અડવાથી તેને કંપ થાય તેથી કેટલાય અપકાય જીવ ખલાસ થાય



છે. આવું વસ્તુનું યથાર્થ નિરૂપણ ભગવાન કરે છે અને ત્યાં વસ્તુનું યથાર્થ નિરૂપણ એ પારમાર્થિક દૃષ્ટિએ વસ્તુનું હિત છે એમ "નમુત્થુણં" ના 'લોગહિઆણં' પદની લલિતવિસ્તરા ટીકામાં લખ્યું છે. તેથી વળી બીજા જીવો તેને અભયદાન આપે છે : એ બીજું હિત થયું. બીજા કોઈ આ જોઈ શકતા નથી, તે તેમનું અજ્ઞાન જીવઘાતમાં પરિણમે છે, માટે તે ધર્મ પ્રવર્તકો સકલ જીવ કરુણાવંત નહિ. દા.ત. એમને ત્યાં ધર્મવાળા-ધર્મ પ્રવર્તકો 'આવી એકાદશી કરો' ઉપવાસમાં ફળાહાર, બટાટાની કાતરી પણ ચાલે. આવું બીજા ધર્મમાં છે. તેમાં તો અનંતા અનંતકાય જીવોનો ખોડો નીકળી જાય છે.

ત્યારે આપણને થાય કે 'અહોહો ! અનંતકાય જીવોની ઓળખ કરાવનાર કેવા ભગવાન આપણને મળ્યા ! હેં ? આવા કરુણાવંત ભગવાન મળ્યા ! અહોહો !' આવો અહોભાવ થાય, એટલે અરિહંત પ્રભુ પર અથાગ રાગબહુમાન વધી જાય અને તેથી એમની તત્ત્વવાણી પર જ્વલંત શ્રદ્ધા થવાથી ઘણી પૌદ્ગલિક પરિણતિ ઓછી થાય છે.

ભગવાનની કરુણા કેવી કે આપણને તપની મહાન પ્રેરણા મળે. આવા બારબાર વર્ષ ઘોર તપ કરવાવાળા આવા મહાવીર ભગવાન મળ્યા ? આવા કરુણાવંત ! આવા અતિશયવાળા !

આમ અહોભાવ થાય : કેવા ભગવાન ! કેવા ભગવાન ! તેથી પ્રભુ પર અત્યંત બહુમાન થઈ, પ્રભુના પગલેપગલે પૌદ્ગલિક પરિણતિ ઓછી થઈ જાય છે. વીતરાગ પર 'અહો ! અહો !' આવો અહોભાવ પૌદ્ગલિક પરિણતિ ઓછું કરવાનું મહાન સાધન છે. આવી પુદ્ગલ પરિણતિ ઓછી થાય, પ્રભુ પર હૈયું વારેવારે ઓવારી જાય પછી મફતિયા વિકલ્પો, પાપવિકલ્પો ઓછા થાય-મફતિયા જિજ્ઞાસા-આતુરતા ઓછી થાય. મન સ્વસ્થ થાય.

ખબર છે મન કેવું છે ? શેરીમાં ભટકતા ગાય ભેંસ જેવું મન છે. જ્યાં ત્યાં કચરા વિષ્ટામાં મોઢું ઘાલે-તેમ આપણું મન એવું છે કે જે તે કચરાપટ્ટી વિચાર કર્યા કરે. તે ઓછા કરવા માટે આ વિચાર છે કે 'આવા કરુણાવંત ભગવાન !'

ભગવાન જગતના જીવમાત્ર પર કરુણાવાળા છે, કારણ કે ભગવાન યથાર્થ નિરૂપક છે. એટલા માટે ગમે તે જીવ ભગવાનનું આલંબન કરે-પાપીમાં પાપી કે ગમે તેવો મિથ્યાત્વી જીવ પણ ભગવાનનું આલંબન કરે; તેના પર ભગવાનની કૃપા ઊતરી સમજવી.

અર્જુન માળી જેવા અઠંગ ખૂનીએ અને રોહણિયા જેવા અઠંગ ચોરે ભગવાનનું

આલંબન કર્યું તો તેમના પર ભગવાનની કૃપા ઊતરી તો અભય કુમારે મુનિ રોહણિયાને હાથ જોડ્યા : "તમે તો ચોરમાંથી સાધુ બન્યા ને અમે ? શાહુકાર ? છતાં જલદી ભગવાનને શરણે નથી જતા, તમારા પર કેટલી બધી ભગવાનની કરુણા ઊતરી ?"

## અરિહંતની કરુણાનું દર્શન :

અરિહંત ભગવાન કરુણાવંત છે, એટલે કે સર્વ શુભ કાર્યોમાં યાવત્ એક શુભ અધ્યવસાયમાં પણ પ્રભુનો અચિંત્ય પ્રભાવ કામ કરે છે, કારણ કે એ શુભ અધ્યવસાય અને શુભ વાણી-વિચાર-વર્તાવ પ્રભુનાં વચન અનુસારે જગતમાં ચાલ્યા છે. માટે એનું મુખ્ય અસાધારણ કારણ પ્રભુ છે. અરિહંતના જ પ્રરૂપેલ શુભ ભાવ, શુભ વાણી-વિચાર-વર્તાવને આદરો તો જ ઉચ્ચ કોટિનાં ફળ મળે, એટલે એમાં મુખ્ય કારણ અરિહંતનો પ્રભાવ થયો, આ પ્રભાવ કહો, અનુગ્રહ કરો, કરુણા કહો,-એક જ ચીજ છે.

વળી અરિહંતના દર્શન કરાય, વંદન કરાય, પૂજાભક્તિ કરાય, સ્તુતિ-ગુણગાન કરાય, જાપ-સ્મરણ, ધ્યાન કરાય, પ્રાર્થના કરાય, પ્રભુના મંદિર બનાવાય, પ્રભુને કિંમતી આભૂષણ ચઢાવાય, પ્રભુનો યાત્રાસંઘ કઢાય, ઉત્સવ-મહોત્સવ કરાય : આ બધું અરિહંત પ્રભુનું કરાય તો જ ઉત્તમોત્તમ કોટિના લાભ મળે છે. ત્યારે જો એમના બદલે કોઈ સરાગી દેવદેવી કે દુન્યવી રાજા મહારાજાનું એ બધું કરાય તો લાભ ફાસફૂસિયો. એ સૂચવે છે કે એ દર્શનાદિ વીતરાગ અરિહંત પ્રભુના આલંબને થવાથી મહાલાભ કરનારા હોઈ આ આલંબનનું દર્શનાદિ ક્રિયા કરતાં ઊંચું મહત્ત્વ છે. અરિહંત પ્રભુ અરિહંત બનેલા છે, માટે એ ઉચ્ચ આલંબન આપે છે. એ ભગવાનની અસાધારણ કરુણા છે.

બાકી ભગવાનની કરુણાની શી વાત કરવી ?

ચંડકોશિયા જેવા અતિ ક્રૂર અને ભગવાનના ચરણે ડંશ મારનારા સાપને બૂઝવી શાંત કર્યો અને અનશન તથા સર્વ પાપત્યાગ કરાવી સેંકડો હજારો કીડીઓના શરીર-આરપાર અત્યંત વેદનાદાયી પરિષહ સમાધિપૂર્વક સહાવી આઠમા દેવલોકનો દેવ બનાવ્યો, એ શું ચંડકોશિયા પર પ્રભુની જેવી તેવી કરુણા છે ?

**ભગવાનની મહાકરુણાની ભેટો :** શ્રી તીર્થંકર ભગવાને

૧. જે સૂક્ષ્મ **જીવવિજ્ઞાન** આપ્યું છે.
૨. માટે એમણે જ જે **સૂક્ષ્મ અહિંસા** આપી છે.



૩. "કરે તે ભરે"-એમ નહીં, પણ **"વરે તે ભરે"** એ સિદ્ધાંત પર પાપને વરેલાપણું હઠાવવા જે અનન્ય વિરતિમાર્ગ (પ્રતિજ્ઞા-પૂર્વક પાપ ત્યાગ) દેખાડ્યો છે.
૪. જે અનન્ય અને યથાર્થ સ્યાદ્વાદ સિદ્ધાંત પ્રરૂપ્યો છે.
૫. બંધન-સંક્રમણ-ઉદય-ઉદીરણા-ઉદ્વર્તના-અપવર્તના-નિધત્તિ-નિકાચન-ઉપશમના-ક્ષપણા-વગેરે કરણોથી ભરચક તથા પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ (રસ)-પ્રદેશની વ્યવસ્થાથી અલંકૃત જે અદ્ભુત અને અનન્ય કર્મ સિદ્ધાંત આપ્યો છે.
૬. ૧૪ રાજલોકમય વિશ્વની જે નરકાદિ સ્થાનોની યથાસ્થિત વિસ્તૃત માહિતી સહિત ભવ્ય ઓળખ આપી છે.
૭. જે યોગ-ધ્યાન-અધ્યાત્મ વગેરેના આગવા અને સચોટ સ્વરૂપ બતાવ્યાં છે.
૮. જે પરમાત્મના સાચા સ્વરૂપનો વિસ્તારથી પરિચય આપ્યો છે.
૯. જે આત્માની ક્રમિક ઉત્ક્રાંતિ દર્શાવતા ૧૪ ગુણસ્થાનકનો ભવ્ય ખ્યાલ આપ્યો છે.
૧૦. જે સૂક્ષ્મ પાપોની ઓળખ અને એના પ્રાયશ્ચિત્તોનો મહાન વિસ્તાર દર્શાવ્યો છે.
૧૧. જે પવિત્ર પંચાચારની આગવી અને અનન્ય લભ્ય ઉત્સર્ગ-અપવાદથી ભરચક વ્યવસ્થા બતાવી છે.
૧૨. જે વિશ્વના કોઈ ધર્મના ઇતિહાસમાં ન મળે એવા વિભૂતિરૂપ સ્થૂલભદ્ર, શાલિભદ્ર, બાહુબલજી વગેરે વગેરે મહાન પુરુષોનાં ચરિત્ર ઉપદેશ્યાં છે.
૧૩. જે અનન્ય કોટિનો પાપથી પ્રતિક્રમણનો માર્ગ દર્શાવ્યો છે.
૧૪. જે સમ્યક્ત્વનો ૬૭ વ્યવહાર, શ્રાવકના બાર વ્રત, સાધુના પંચ મહાવ્રત, તથા ચરણ સિત્તરી,-કરણ સિત્તરી (૭૦ મૂળ ગુણ+૭૦ ઉત્તર ગુણ) વગેરેની આરાધના બતાવી છે.
૧૫. પરમાત્માની વિવેકવાળી અને સાત્ત્વિક ભક્તિના જે અનેક રીત-પ્રકારો બતાવ્યા છે...

વગેરે વગેરે જે અનન્ય બક્ષિસો તીર્થંકર ભગવાને વિશ્વને આપી છે, એ પ્રભુની કરુણા અનંત અપરંપાર છે.

આવા કરુણાવંત અરિહંત પ્રભુ **"ભગવંત"** છે.

**ભગવંતનું બાહ્ય આકર્ષણ :** ભગવંતમાં 'ભગ'=ઐશ્વર્ય

ભગવાન આત્મિક ઐશ્વર્યવાળા છે, આંતર, બાહ્ય ઐશ્વર્યવાળા છે.

આંતર ઐશ્વર્ય એટલે વીતરાગતા-કેવળજ્ઞાન તથા વીર્યાદિ લબ્ધિઓ; અને બાહ્ય ઐશ્વર્ય એટલે સમવસરણ વગેરે આઠ પ્રાતિહાર્યો.

**પ્ર.** - ભગવાનને આવા સમવસરણ આદિ વૈભવ તથા અશોક વૃક્ષાદિ પ્રાતિહાર્યો તો પૌદ્ગલિક વસ્તુ છે, તેનું શું બહુ મહત્ત્વ ? સમંતભદ્ર જેવા તાર્કિક શિરોમણિ દાર્શનિક પણ કહે છે કે 'હે પ્રભુ ! તમને આવા પ્રાતિહાર્ય છે, આવું સમવસરણ છે, તેથી અમો તમને નથી ભજતા, પણ અમે તમને ભજીએ છીએ એ તમારા યુક્તિયુક્ત શાસનને લીધે. એટલે પૌદ્ગલિક સમવસરણાદિ શોભાનું શું મહત્ત્વ?

**ઉ.** - આ સમવસરણ અને પ્રાતિહાર્ય આદિનું મહત્ત્વ એ છે કે જગતમાં સમંતભદ્ર જેવા તાર્કિક શિરોમણિ દાર્શનિક તત્ત્વજ્ઞ કેટલા ? લાખે એક નહિ, તો બાકીના બાલજીવોનું શું ?

માટે કહો, બાલજીવોના આકર્ષણ માટે આ પ્રાતિહાર્ય અને સમવસરણનું મહત્ત્વ છે. તે બાલજીવોને ભગવાન તરફ આકર્ષવામાં અગત્યનો ભાગ ભજવે છે.

'અહો ! પ્રભુને ઝાડ પણ નમન કરે છે ? હેં ? પક્ષીઓ પ્રદક્ષિણા દે છે ?'

આમ બાલજીવો ચમત્કાર પામે ને આકર્ષાય. આવા બાલજીવો આવા આકર્ષણથી આકર્ષાઈ અરિહંત પાસે આવે, પછી ભગવાન પાસેથી સાંભળશે, તો વિશ્વના સત્ય તત્ત્વો અને મોક્ષમાર્ગનો બોધ પામશે. તેથી તેની તાત્ત્વિક શ્રદ્ધા અને સમ્યક્ આચરણમાં એ આવશે.

બાહ્ય ઐશ્વર્યનું બીજું મહત્ત્વ એ છે કે એ અતિ અસાધારણ કોટિના નિર્માણ સૂચવે છે કે એની પાછળ પ્રભુની કેટલી ગજબ તપસ્યા, ધ્યાન તથા ઉચ્ચ આત્મપરિણતિ કામ કરતી હશે કે એ તપ-ધ્યાન-પરિણતિ બીજા જીવોમાં ન આવે ? એવા એ કરુણાવંત ઐશ્વર્યવાળા ભગવાન "ભાવિક જનને થોભતા" એટલે ભાવિક જનને ચમત્કાર પમાડતા.

'અહો અહો !' 'આવા અજબ ગજબના સ્વરૂપવાળા અરિહંત ભગવાન !' આમ ભવ્ય જીવોને ગદ્ગદ કરી દેતા :

**'ભાવિક જનને થોભતા'** એટલે પાપમાંથી બહાર નીકળ્યા તે નીકળ્યા, હવે ધર્મમાર્ગમાં એમને સ્થિર કરી દીધા.

(અહીં દેવચંદ્રજી મ.ની રચના પૂર્ણ થઈ)



## ઉપા૦ યશોવિજયજીકૃત પૂજાની ઢાળ :

**ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી, જેણે બાંધ્યું જિનનામ,**
**ચોસઠ ઇન્દ્રે પૂજિત જે જિન, કીજે તાસ પ્રણામ;**
**રે ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો, જિમ ચિરકાળ નંદો.**

**અર્થ :** છેલ્લા ભવના પૂર્વના ત્રીજા ભવે જેમણે શ્રેષ્ઠ વીસ સ્થાનનો તપ કરીને તીર્થંકર નામકર્મનું પુન્ય ઉપાર્જન કર્યું છે અને જે ૬૪ ઇન્દ્રોથી પૂજાયેલા છે, એવા જિનેશ્વર ભગવાનને પ્રણામ કરો.

હે ભવ્ય જનો ! સિદ્ધચક્રના પદને વંદો.

શ્રી નવપદ પૂજામાં હવે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની રચેલી ઢાળ શરૂ થાય છે.

અહીં પહેલાં નવપદ સિદ્ધચક્રના પ્રથમ પદ અરિહંત પદની સ્તવના કરવામાં આવે છે. એમાં અરિહંત શી રીતે બને છે ?

### "ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી."

**વીસ વરસ્થાનક :** અરિહંતના ભવના પૂર્વના ત્રીજા ભવે શ્રેષ્ઠ એવા ૨૦ સ્થાનકનો તપ અર્થાત્ આરાધના કરી તીર્થંકરનામ કર્મનું પુણ્ય જેમણે બાંધ્યું છે એવા તે તીર્થંકર ભગવાન ૬૪ ઇન્દ્રથી પૂજિત બને છે. એવા એ ભગવાનને પ્રણામ કરો. એમ પહેલી ગાથામાં બતાવ્યું છે.

શ્રી જૈન શાસનમાં શાસનના પ્રણેતા અને દેવાધિદેવ તરીકે આરાધ્ય વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાન છે. એ અરિહંત પરમાત્મા તરીકે પણ ઓળખાય છે,

અરિહંત, બીજા ધર્મોવાળા પરમાત્માને માને છે તેમ, અનાદિ સિદ્ધ નથી હોતા, કિન્તુ જેમનામાં મોક્ષ પામવાની અનાદિ સિદ્ધ વૈયક્તિક વિશિષ્ટ યોગ્યતા યાને વિશિષ્ટ તથાભવ્યત્વ હોય છે, એ શ્રદ્ધા અને પુરુષાર્થના બળે અરિહંત પરમાત્મા બને છે. તેવા જીવો મૂળ તો અનાદિ કાળથી અવ્યવહારરાશિ સૂક્ષ્મ નિગોદમાં અનંતાનંત પુદ્ગલ પરાવર્તકાળ પસાર કરે છે. તે પછી બીજા સામાન્ય જીવોની જેમ ભવિતવ્યતાના બળે એમાંથી બહાર આવી બાદર વનસ્પતિકાય, પૃથ્વીકાય વગેરે જુદા જુદા વ્યવહારમાં અર્થાત્ વ્યવહાર રાશિમાં આવે છે.

એમાં પણ અનંત કાળ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જાતિ સુધીમાં અનંતા ભવ પસાર કરે છે. એમ કરતાં છેલ્લા પુદ્ગલ પરાવર્ત કાળમાં (ચરમાવર્તમાં) આવી મોક્ષદૃષ્ટિ પામે છે, આત્માનું ભાન થાય છે, ભવ વૈરાગ્ય જાગે છે, અને ત્યારે એ

બહિરાત્મા મટી અંતરાત્મા બને છે. પછી એમાં જ્યારે પૂર્વના અરિહંત ભગવાનથી સ્થાપિત શ્રી જિનશાસનની પ્રાપ્તિ કરે છે, ત્યારે એમને શુદ્ધ ધર્મની સ્પર્શના થાય છે, અને સમ્યગ્ દર્શન (સમ્યક્ત્વ-સમકિત) પ્રાપ્ત કરે છે.

### અરિહંત બનવાના ભવની પ્રક્રિયા :

અહીંથી એમને અરિહંત બનવાના ભવની ગણતરી થાય છે કે આટલામાં ભવે એ અરિહંત બનશે. આ પૂર્વના અરિહંત પ્રભુના શાસનની પ્રાપ્તિ થવાથી બને છે ને અંતે પછી પોતે અરિહંત થાય છે; માટે શાસ્ત્રમાં આવે છે,

**'अरिहा अरिह पुव्विया'**

'અરિહંત અરિહંતપૂર્વક થાય છે.' આ જ હિસાબે ભવિષ્યમાં અરિહંત થનાર આ વિશિષ્ટ યોગ્યતાવાળા ભવ્યાત્મા સદ્ગુરુ અને અરિહંતનું શાસન પામીને સમ્યક્ત્વ પ્રાપ્તિથી માંડી ઉચ્ચ ઉચ્ચ કોટિના દાનાદિ ધર્મો, વિનયાદિ સદ્ગુણો તથા વિરતિ માર્ગની આરાધના વિકસાવે જાય છે. એમ કરતાં અરિહંત થવાના છેલ્લા ભવની પૂર્વના ત્રીજા ભવમાં વિશુદ્ધ જ્વલંત સમ્યગ્ દર્શન તથા સર્વ જીવ કરુણા ભાવની સાથે અરિહંત, સિદ્ધ વગેરે ૨૦ પદ અથવા ઓછાની ભવ્ય આરાધના કરે છે.

આ બધી બહિરાત્મ ભાવમાંથી બહાર નીકળી અંતરાત્મ ભાવની આરાધના છે. અને તે અરિહંત પરમાત્મભાવને ખેંચી લાવનાર તીર્થંકરપણાનું ઉત્કૃષ્ટ પુણ્ય ઊભું કરી આપે છે.

અહીં **"ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી"** એમાં 'વર' અર્થાત્ શ્રેષ્ઠ સ્થાનક કહ્યું. અહીં 'સ્થાનક' શબ્દ છે. શ્રી જિનશાસનમાં અનેક રીતે સ્થાનક બતાવેલા છે : દા.ત. ૧૮ પાપ સ્થાનક સામે ધર્મસ્થાનકો, ૧૪ ગુણ સ્થાનક, તીર્થંકર બનવાના ૨૦ સ્થાનક, વગેરે. આમાં ૨૦ સ્થાનક શ્રેષ્ઠ સ્થાનક છે, કેમકે એ અરિહંત બનાવી જગતનો ઉદ્ધાર કરાવવા દ્વારા મોક્ષ અપાવે છે.

૨૦ સ્થાનક એટલે ૨૦ પદ પણ કહેવાય છે.

## ૨૦ પદની સરળ સ્મરણ ગણતરી

૨૦ પદ યાને ૨૦ સ્થાનકમાં નામ યાદ રાખવાં સહેલાં છે :

નવ પદનાં નામ જાણીએ છીએ. એમાં બીજા સિદ્ધ પદ પછી ત્રીજું પ્રવચન પદ મૂકવાનું, કેમકે અરિહંત અને સિદ્ધ પ્રવચનના આધારે થયા. આચાર્ય પદ પછી સ્થવિર પદ મૂકવાનું; કેમ કે ગચ્છ સંભાળનાર આચાર્યની પાસે એ જમણા હાથ જેવા છે.



આમ અરિહંત-સિદ્ધ,-પ્રવચન,-આચાર્ય,-સ્થવિર,-ઉપાધ્યાય,-સાધુપદ એમ ૭ પદ થયા.

એ પછી જ્ઞાન,-દર્શન,-વિનય,-ચારિત્રપદ એમ ૪ પદ આવે છે. એમાં દર્શન પછી વિનય એ ધર્મનું મૂળ હોવાથી ચારિત્ર ધર્મની પહેલાં વિનય પદ મૂક્યું. અહીં સુધી કુલ ૧૧ પદ થયા.

એ પછી શીલ,-ક્રિયા,-તપ-ગૌતમ (દાન) પદ એમ ૪ પદ છે. એમાં પૂર્વોક્ત ૧૧ મા ચારિત્ર પદમાં (૧) શીલ-બ્રહ્મચર્ય તો મુખ્ય જ હોય. એની સાથે (૨) સાધ્વાચારની પવિત્ર ક્રિયાઓ પણ જોઈએ જ, જેથી મન એમાં રોકાયેલું રહી, મફતિયા પાપ-વિકલ્પોથી બચીને પવિત્ર-પ્રસન્ન-પ્રશાંત બની રહે. એની સાથે (૩) મનની જેમ કાયાને પણ પવિત્ર રાખવા અર્થાત્ વિષયોની જાલિમ ખણજોથી બચાવી લેવા છ-છ બાહ્ય-અભ્યંતર તપ પણ જોઈએ. આની સાથે (૪) એકલી સ્વાર્થ રસિકતા ન પોષાય એ માટે સારી પરાર્થ પ્રવૃત્તિ એટલે કે શ્રેય-સેવા વગેરેના દાન પણ જોઈએ. આમ શીલ-ક્રિયા-તપ-દાન એ ચાર પદ કહ્યા. એથી અહીં સુધી કુલ ૧૫ પદ થયા.

૧૫ મું પદ ગૌતમ પદ પણ એટલા માટે કહેવાય છે કે દાન તો પોતાની પાસે વસ્તુ હોય એનું થઈ શકે, પરંતુ ગણધર ગૌતમ સ્વામીજી મહારાજે પોતાની પાસે નહિ, એવા કેવળજ્ઞાનનું દાન પોતાના ૫૦ હજાર શિષ્યોને કર્યું, માટે ગૌતમ જેવા કોઈ દાનેશ્વરી નહિ. એમની સચોટ આરાધના કરતાં કરતાં આપણામાં કમમાં કમ આપણી પાસે હોય તે ધન, જ્ઞાન, શ્રમ, બુદ્ધિ, સલાહ વગેરેનું દાન કરવામાં હંમેશાં ઉજમાળ રહીએ.

હવે જિન-સંયમ (સમાધિ)-અભિનવજ્ઞાન-શ્રુત-તીર્થ; એ પાંચ પદ છે.

સહજ છે કે ગૌતમસ્વામીને એમના સર્વાંગીણ ગુણો સાથે મુખ્યપણે લક્ષમાં રાખીને દાન અર્થાત્ વિશિષ્ટ પરાર્થ પ્રવૃત્તિની ઉચ્ચ કોટિની આરાધના કરે એટલે તો તીર્થંકરની એક મુખ્ય વિશેષતા-સ્વાર્થગૌણતા અને પરાર્થમુખ્યતા જીવનમાં ઉતરવાથી એમાં અંશે જિનની આરાધના આવે; માટે ૧૫ મા દાન પછી ૧૬ મું જિનપદ મૂક્યું.

જિન બનવાનું અનન્ય અને ઉત્કૃષ્ટ સંયમ-સમાધિ-સાધનાથી જ બની શકે, અથવા જિન બનવા માટે પહેલાં ઉત્કૃષ્ટ સંયમની સાધના અવશ્ય કરવી રહે છે, તેથી ૧૬મા જિનપદ પછી ૧૭મું સંયમ પદ મૂક્યું. સંયમ ૧૭ પ્રકારે હોય છે. એ હિસાબે પણ ૧૭મું પદ સંયમ પદ છે, એ યાદ રાખવું સહેલું છે.

## ચારિત્ર પદ ને સંયમ પદ :

પ્ર. - ૧૧મા ચારિત્રપદમાં સંયમની આરાધના તો આવી જાય છે, તો પછી સંયમનું ૧૭મું સ્વતંત્ર પદ કેમ મૂક્યું ?

ઉ. - (૧) એક સમાધાન એ છે કે ૧૧મા ચારિત્રપદમાં ખાસ કરીને આવશ્યક ક્રિયાઓની આરાધના આવે. એથી ૧૧મા પદ તરીકે આવશ્યક પદ પણ કહેવાય છે એટલે પછી ૧૭મા સંયમ પદમાં સંયમના ૧૭ ગુણોની આરાધના થાય એ સ્વતંત્ર વસ્તુ બની.

**દ્રવ્ય સમાધિ અને ભાવ સમાધિ :**

(૨) બીજું સમાધાન એ છે કે ૧૭મું પદ ખરેખર સંઘ-સમાધિ પદ છે. અને આ વસ્તુ ૨૦ સ્થાનકની પુજાની સત્તરમી પુજાને જોતાં સ્પષ્ટ થાય છે એટલે આ પદમાં શ્રી સંઘની સાધર્મિકને દ્રવ્યસમાધિ અને ભાવસમાધિ આપવાની આરાધના કરવાની રહે છે.

દ્રવ્યસમાધિમાં કોઈના કુસંપ, વૈર વિરોધ, અંક્ટસ, વગેરે નિપટાવી બાહ્યથી સમાધાન કરવાનું હોય છે.

ભાવસમાધિમાં આંતરિક આર્ત્તધ્યાનઃ ખેદ, શોક, આકુળ વ્યાકુળતા-વિષમતા વગેરેને શમાવવાની અને અંતરથી સમાધિ પ્રાપ્ત કરાવવાની હોય છે.

ઉપરોક્ત સત્તરેય પદની આરાધનાનો નવનવો ઉલ્લાસ બન્યો રાખવા માટે શાસન પર સદા બહુમાન-શ્રદ્ધા વધતી રહેવી જોઈએ. શાસન પરનું એ બહુમાન રોજ વધતું જ રહે તે જો શાસનની રોજ નવનવી વિશેષતા જણાતી રહે તો બને. આ માટે રોજ નવું નવું મળતું શાસ્ત્રજ્ઞાન અદ્‌ભુત કામ કરે છે.

## અભિનવ જ્ઞાનપદ :

સહજ છે કે શાસનનું-શાસ્ત્રનું નવું નવું જાણે એટલે એના પરનું બહુમાન વધતું જાય. એટલે સહેજે શાસને કહેલા વીસ સ્થાનકની આરાધનામાં રોજ નવો નવો ઉલ્લાસ બન્યો રહે. આ હિસાબે ૧૮મું અભિનવજ્ઞાન પદ મૂક્યું.

**શ્રુતપદ :** આ નવું નવું જ્ઞાન શ્રુત અર્થાત્ આગમશાસ્ત્રથી મળે છે, માટે ૧૯મા પદમાં શ્રુત પદ મૂક્યું અને શ્રુતનો આધાર તીર્થ છે, માટે ૨૦મું પદ તીર્થપદ રખાયું છે, અથવા શ્રુતપદ સહિત ઉપરોક્ત બધા પદોની આરાધના દીપ્તિમાન કરવા માટે ખાસ કરીને શત્રુંજય, સમ્મેતશિખર આદિ સ્થાવર તીર્થોની અને સાધુ સાધ્વી સ્વરૂપ જંગમ તીર્થોની ભક્તિ ખૂબ જ કરવી જોઈએ. તો જ હૃદય દેવ ગુરુ પ્રત્યે અત્યંત નમ્ર તથા અતિશય ગૌરવવાળું બને, એવું જ દિલ ૨૦



સ્થાનકની ઉચ્ચકોટિની આરાધના કરી શકે.

અહીં આવો પ્રશ્ન ઊઠવો સંભવિત છે કે-

પ્ર. - જો વીસ સ્થાનકની આરાધનાથી તીર્થંકર નામકર્મ બંધાય છે, તો પછી અહીં 'વરસ્થાનક તપ કરી' કેમ કહ્યું ? શું ફક્ત ૨૦ સ્થાનકનો એકલો તપ કરવાથી તીર્થંકર નામકર્મ ન બંધાય ? એકલા ૨૦ x ૨૦ = ૪૦૦ ઉપવાસ કરી આપીએ તો ન ચાલે ? કહે : 'અરિહંત'ના ૨૦ ઉપવાસ કરી દઈશ. એક વીસી નહિ, ૨૦ વીસી કરી દઈશ. પછી ?'

**આરાધના સાથે તપની મહત્તા :**

ઉ. - તો જવાબ એ છે કે અહીં 'તપ' શબ્દ આરાધનાના અર્થમાં છે. તપ સાથે અરિહંત પદની આરાધના જરૂર જોઈએ. આરાધનામાં અરિહંતની દર્શન-પૂજા-વંદન આદિ ભક્તિ, અરિહંતના ગુણગાન, ધ્યાન-જાપ-સ્મરણ-પ્રાર્થના, અરિહંતની પ્રશંસા-અરિહંતની પ્રભાવના વગેરે આવે. અરિહંતની પ્રભાવનાથી બીજા જીવોને અરિહંત પ્રત્યે સન્માન-સદ્‌ભાવ-આકર્ષણ ઊભાં થાય.

આથી અરિહંત ભક્તિના પ્રભાવક આયોજનમાં કેટલા બધા જોડાય ? શ્રીપાળનગરમાં મહાપૂજા રચાઈ હતી, ત્યારે ડેકોરેશનનો ઠાઠમાઠ એવો કે લાખેક માણસ દર્શનાર્થે આવ્યું હશે, એમાં જૈનેતરો પણ ખરા.

૧૯૯૭માં કોલ્હાપુરમાં અંજનશલાકા મહોત્સવ થયો, ત્યારે ઇતર લોકો બોલતા થઈ ગયા :

**''पहा, देव कसा चांगला आहे ?''** કારણ ત્યાં આયોજન, રચના અને ઉજવણી અદ્‌ભુત હતી.

## અરિહંત પદની જીવનમાં વ્યાપકતા :

અરિહંત પદની આરાધનામાં અરિહંતના જાપ, ધ્યાન વગેરે હોય; ઉપરાંત વધામણી દાન દા.ત. અરિહંત પદની આરાધનામાં વિચરતા અરિહંત શ્રી મહાવીર પ્રભુની સુખશાતાના સમાચાર લઈ આવનારને શ્રેણિક મહારાજાએ ન્યાલ કરી દીધા, અરિહંત પદની આરાધના કરે; તેમાં અરિહંતના મંદિરો ગામોગામ ઊભા કરે, અરિહંતની સંઘયાત્રા લઈ જાય.

અરિહંતને હાલતાં ચાલતાં યાદ કરીએ.

બેઠા હોઈએ ને ઊભા થઈએ તો 'નમો અરિહંતાણં.'

ઊભા હોઈએ ને બેસીએ તો 'નમો અરિહંતાણં.'

ડગલું ભર્યું તો 'નમો અરિહંતાણં.' પાણી વાપર્યું તો 'નમો અરિહંતાણં.'

છીંક આવી તો 'નમો અરિહંતાણં.' ઉધરસ આવી તો 'નમો અરિહંતાણં.'

અરિહંતાણંને યાદ કરીએ એટલું જ નહિ પણ કાંઈક આપણને ઈષ્ટ અનુકૂળ બની આવે ત્યાં પ્રભુને કહેવાય : Thank You. તમારો આભાર માનું છું. આ તમારો ઉપકાર છે.

અરિહંત પદની આરાધના એટલે જીવનના વિવિધ પ્રસંગોમાં અરિહંતને વ્યાપી દેવા, અને વિચારસરણીમાં વચ્ચે વચ્ચે અરિહંતને લાવવા. જેમકે શી શી ઉપાસના કરવી જોઈએ ? તે કેમ થઈ શકે ? તેનો વિચાર સતત કરતાં અરિહંતમય મન થઈ જાય.

દા.ત. કન્યાને મનગમતો પતિ મળ્યો હોય તો ઘરકામ કરતાં, વાત કરતાં બધે જ બસ તે પતિને યાદ કર્યા કરે છે, તે પતિની અનુકૂળતા વિચારે છે. રસોઈ કરતાં 'આ એમને ભાવશે' એમ વિચારે છે. કચરો કાઢતાં "આ સ્વચ્છતા તેમને ગમશે. આ ગાદી તેમને ફાવશે."

મોક્ષાર્થી જીવને મોક્ષ પર કેટલી લગન હોય તેના દૃષ્ટાંતમાં કવિ કહે છે :

**"મન મહિલાનું વહાલા ઉપરે ઘરના કામ કરંત."**

નવોઢા પત્ની ઘરના કામ કરતાં દરેકે દરેક વાતમાં મનમાં પતિને લઈ આવે છે, તેમ અરિહંતની ઉપાસના કરવી.

તીર્થંકર બનવા માટે અરિહંત સાથે લગ્ન કરવા પડે. છોકરી પરણે ને મગજમાં ફક્ત પતિના જ ચમકારા થયા કરે છે, તેમ આપણને મનમાં અરિહંતના જ ચમકારા (વિચાર) થયા કરે.

અરિહંત પદની આરાધનાની જેમ બીજા દરેકે દરેક વીસ સ્થાનકપદ અંગે સમજવાનું છે.

**'જલત પતંગ દીપકે માંહી.'**

દિવા પાછળ પતંગિયું ગુલતાન થાય, તેમ જે પદની આરાધના કરવી હોય તે પાછળ ગુલતાન થવું.

દા.ત. ૧૮મું પદ અભિનવજ્ઞાન પદ છે, એટલે જ્યાં જ્યાં નવું જ્ઞાન પ્રસારી શકાતું હોય, ત્યાં ત્યાં પાડોશી-પાઠશાળામાં વગેરેમાં તેની પાછળ મંડી પડે.

બીજાને તેવી પ્રેરણા કરતો જાય. "નવું નવું ગોખો, તમારું કામ હું કરી દઈશ" અથવા ઈનામ પ્રોત્સાહન વગેરે કરે.

'નવું જ્ઞાન મને મળે અને જગતને મળે' તેના રસ્તા વિચારે. આમ અભિનવજ્ઞાનના વેપારી બનવું.

૨૦ સ્થાનકના વીસે વીસ કે ઓછા કે એક પદની આરાધના કરી, તો



તીર્થંકરનામકર્મનું પુણ્ય બંધાય. તે વીશ સ્થાનકમાં એકે એક પદ ઉત્તમ છે, માટે "વર" શબ્દ મૂકેલ છે.

ઉત્તમ એવા ૨૦ સ્થાનક,-તેનો તપ એટલે આરાધના કરીને તીર્થંકર નામકર્મનું પુણ્ય બાંધ્યું.

## તપ અને આરાધના :

પ્ર. - તપનો અર્થ આરાધના શી રીતે ?

ઉ. - તપનો અર્થ આરાધના છે, કેમકે બાહ્ય-આભ્યંતર તપમાં અનેક પ્રકારની આરાધનાઓ આવે છે. શાસ્ત્રમાં તપ ૧૨ પ્રકારના કહ્યા છે : ૬ બાહ્ય અને ૬ આભ્યંતર.

તપમાં શું નથી આવતું ? તપમાં બધું આવે છે. કેમકે 'જે તપાવે તે તપ' ખાનપાનના ટંકના ત્યાગ, ઉપવાસ, એકાસણા, ઉણોદરી તપ, વૃત્તિ સંક્ષેપ-તે વાપરવાના દ્રવ્યની સંખ્યાનો સંક્ષેપ, ખાવાની વૃત્તિની જેમ બીજી વૃત્તિઓમાં સંક્ષેપ; કાયક્લેશ-લોચાદિકષ્ટ, કાય-ઇન્દ્રિયો-વાણી વગેરેની સંલીનતા, અંગોપાંગ સ્થિર રાખવા, જેમ બને તેમ હલાવવાં ચલાવવાં નહીં. એમ બહારમાં આંખો ફેરવ્યા ન કરે, વાણીથી મૌન રાખવું વગેરે આ બધી આરાધના એ તપ જ છે.

અરિહંત પદ લઈને ઘૂમે, 'તેનો અજબ પ્રભાવ છે.' અનેકને આવું કહે તે પણ કાયકષ્ટ છે, તે તપ છે.

શું નથી તપમાં ? ઘણું ઘણું છે, સંલીનતા-બીજી બધી વાતોનો સંકોચ કરે, ફક્ત અરિહંતની વાતો કરે, બીજી વાતો જ નહીં. અરિહંત સિવાય બીજો વિચાર કરે નહિ. બીજો વિચાર ઘૂસી જાય તો તેને અરિહંતમાં ફેરવી દે.

## પરિષહ-પ્રેમી ભગવાન ઋષભદેવ :

જમતી વખતે અરિહંતનો વિચાર કરે. ભૂખના પરિષહ વખતે અરિહંતનો વિચાર કરે; શ્રી ઋષભદેવ ભગવાને કેટલા દિવસ ન વાપર્યું ? ભગવાને દીક્ષા લીધી, પછી પારણે ગોચરીમાં ખાવાપીવાનું ન મળ્યું; કેમકે ગોચરી શું વહોરાવવી લોકો તે જાણતા ન હતા. કોઈ કન્યા વહોરાવે, કોઈ હીરા-માણેક-હાથી-રત્ન આપે, ત્યારે પ્રભુએ તૈયાર ભોજનના ભાજન તરફ ઇશારો પણ નહિ કરવાનો.

આમ ગોચરી ન મળતાં ૧૩ માસ વીતી ગયા. ફાગણ વદ ૮ થી બીજા વર્ષની ચૈત્ર વદ ૮ સુધી. તે પછી વૈશાખ સુદ બીજ આવી, ત્યાં સુધી હજુ લેશ માત્ર ગોચરી પાણી મળ્યાં નથી. વૈશાખ સુદ ૩ પરોઢિયે પ્રપૌત્ર શ્રેયાંસકુમારને

જાતિસ્મરણ થયું.

એમાં મુનિભવ યાદ આવ્યો; એટલે જોયું કે "આમને તો શુદ્ધ ગોચરી ખપે." શેરડીના રસના ઘડા તૈયાર હતા. "પધારો, પધારો, બાપુ !" કહીને પ્રભુને બોલાવ્યા ને ૧૦૮ ઘડા પ્રભુની અંજલિમાં ઠાલવી દીધા, એટલી ઉપર ઉપર શિખા વધી; છતાં એક ટીપું ઢળ્યું નહીં. ભોજન વખતે આમ અરિહંત યાદ કરાય તે અરિહંતની આરાધના.

પ્ર. - વર્ષીતપના પારણા વખતે પ્રક્ષાલમાં શેરડીનો રસ કેમ વપરાય છે ?

ઉ. - તે પ્રભુજીનું સ્મરણ કરવા માટે. અહોહો ! આ ઇક્ષુરસ ! આ રસથી ભગવાને પારણું કર્યું ! ઉછરંગ છે ભગવાનની સ્મૃતિમાં. અથવા પ્રભુને ઇક્ષુરસ વહોરાવવાની કલ્પના હોય; પરંતુ એમાં ઇક્ષુરસ પ્રભુની અંજલિમાં રેડવો જોઈએ.

તપ એટલે આરાધના. બાર પ્રકારનો તપ છે : છબાહ્ય, છ આભ્યંતર. શ્રી સિદ્ધચક્ર સ્તવનમાં કહે છે :

**'બાહ્ય-આભ્યંતર તપ તે સંવર, સમતા, નિર્જરાહેતુજી !'**

બાર પ્રકારનો તપ તે સંવર છે, સમતા છે, નિર્જરાનું કારણ છે.

સંવર સ્વરૂપ દશ પ્રકારના યતિ ધર્મમાં એક પ્રકાર તપ આવે છે, માટે તપ તે સંવર પણ છે, સંવરનું કારણ છે. એમ સમતા ને નિર્જરામાં કારણ છે. મતલબ, દરેક પદની સર્વપ્રકારની આરાધના તે વીસ સ્થાનક તપ છે.

**જિન નામકર્મનું કારણ :** તપથી ત્રીજે ભવે તીર્થંકરપદ મળે,

'વર' શબ્દ બતાવે છે કે વીસે વીસ સ્થાનક બીજા સ્થાનકો કરતાં ઉત્તમ છે, બધા તીર્થંકર ભગવંતે બધા વીસે વીસ સ્થાનકની અથવા અમુક સ્થાનકની આરાધના કરી છે; માટે તે સ્થાનક 'વર' છે.

## "જેણે બાંધ્યું જિન નામ"

એટલે અરિહંત કેવા છે ?

આવા ઉત્તમ સ્થાનકની આરાધના કરી, તેમણે જિન નામકર્મ બાંધ્યું છે.

આ ૨૦ સ્થાનકને કાયમ માટે યાદ રાખી લેવા નીચે બતાવ્યા પ્રમાણે પાંચ પાંચ નામની એકેક લીટી એમ ચાર લીટી યાદ રાખી લેવી.

અરિહંત-સિદ્ધ-પ્રવચન-આચાર્ય-સ્થવિર

ઉપાધ્યાય-સાધુ-જ્ઞાન-દર્શન-વિનય



ચારિત્ર-શીલ-ક્રિયા-તપ-ગૌતમ-

જિન-સમાધિ-અભિનવજ્ઞાન-શ્રુત-તીર્થ.

આમ છેલ્લેથી પૂર્વના ત્રીજા ભવમાં જેમણે "વરસ્થાનક" એટલે કે શ્રેષ્ઠ સ્થાનક-વીસ સ્થાનકનો તપ યાને આરાધના કરીને તીર્થંકર નામકર્મનું પુણ્ય ઉપાર્જ્યું છે, તે પછી અંતિમ ભવમાં ચારિત્ર લઈ અહિંસા-તપ-સંયમની આરાધના કરીને, કેવળજ્ઞાન પામી અરિહંત બને છે; ત્યાં બાંધેલા તીર્થંકર નામકર્મનો વિપાકોદય થાય છે. એ વખતે એમનું શું બને છે, તે બતાવતાં કહે છે :

**"ચોસઠ ઇન્દ્રે પૂજિત જે જિન, કીજે તાસ પ્રણામ રે."**

આ જગતમાં અરિહંત પદ એવું છે કે અરિહંતપદ પ્રાપ્ત થતાં તે તીર્થંકરની ૬૪ ઇન્દ્રો પૂજા કરે છે.

તપ કરે એટલે તપથી અશુભ અધ્યવસાયો મોળા પડે અને શુભ અધ્યવસાયો ઊભા થાય. એનું કારણ એ છે કે બાર પ્રકારનો તપ કરતાં કરતાં દેહાધ્યાસ યાને દેહમમતા, આહારાધ્યાસ-આહારસંજ્ઞા, સુખશીલતાધ્યાસ, વિષયાધ્યાસ વગેરે મમતાઓ મોળી પડતી આવે છે. આ મમતાઓના યોગે જ દેહ વગેરેના અશુભ અધ્યવસાયો ચાલે છે, એ અધ્યવસાય મોળા પડતાં અશુભ અટકીને, શુભ અધ્યવસાય જાગતા થઈ જાય છે.

દા.ત. 'બધાં કામ કરીશું, પણ મરીને નહિ થાય.' 'શરીર સુખી તો આપણે સુખી'-તો આ દેહાધ્યાસ છે, દેહ મમતા છે.

'શરીર રૂપાળું તો આપણે રૂપાળા' એ વિષયાધ્યાસ છે. 'શરીરથી આપણે રૂપાળા નહીં, પણ આપણાથી શરીર રૂપાળું છે. આપણે તો ગુણથી રૂપાળા છીએ. બાકી શરીર તો અંદરમાં જીવ છે ત્યાં સુધી જ રૂપાળું, જીવ નીકળી ગયા પછી શરીર શોભા ગઈ, શરીર ગંદવાડ ન ફેલાવે માટે બાળી નાખવા લાયક.' આ ભાવનાથી દેહાધ્યાસ-વિષયાધ્યાસ ઓછા થાય. આનાથી ઊંધી ભાવના હોય તો શરીરની ટાપટીપમાં શરીર-વિષયોની મમતા વધે.

**સમાધિસુખ :** 'કામ બધું કરીશ પણ પછી; પહેલાં બરાબર ઊંઘી લેવા દે.' આ નિદ્રાધ્યાસ છે.

આ બધા અધ્યાસ ચિત્તને અસમાધિ કરાવનારા છે. તપથી એ અધ્યાસો મોળા પડતાં અસમાધિ દૂર થાય છે, ને સમાધિ મળે છે. એટલે સમાધિનું કારણ તપ છે, ને એ સમાધિ એ ઉત્તમ સુખ છે.

**"સમાધિ સમ સુખ નહીં, સમતા સમ નહીં ધન."**

તપ કરે છે, તેને સમાધિ છે. ત્યાગ જિંદગીભરનો કરે તે ખરેખર સુખી છે.

અહીં તપ દ્વારા ઉત્પન્ન થતી સમાધિના ઉચ્ચ સુખને નહિ સમજી શકનાર બૌદ્ધોએ તપને ઊડાડ્યો. તેથી ઉપા૦ શ્રી યશોવિજયજી મહારાજ 'જ્ઞાનસાર'માં કહે છે કે બૌદ્ધોની બુદ્ધિ હણાઈ ગઈ છે : **'बौद्धानाम् निहता बुद्धिः'**

**પ્ર.** - બૌદ્ધો કહે છે; તપ કરીએ તો મન ખાવામાં જાય પછી ધ્યાન શું કરે?

ઉ. - અલબત્ત, પ્રારંભ પ્રારંભમાં તપ વખતે ખાવાના વિચાર આવે, છતાં તપપ્રતિજ્ઞાને લઈને ખાવાનું તો નહીં જ કરે. તપ નથી એને તો ખાવાના વિચાર ને ખાવાની પ્રવૃત્તિ ચાલુ જ છે; જ્યારે તપની પૂંઠે પડી જતાં ખાવાના વિચાર અટકી જાય છે, પછી આગળ વધતાં ઊઠતા જ નથી. તેથી ખરેખરું ધ્યાન લાગે છે.

### સિદ્ધચક્ર વંદનનું ફળ :

વંદીને આનંદો નાવે ભવભય ફંદો. ટાળે દુરિતહ દંદો સેવે ચોસઠ ઈંદો.
ઉપશમરસનો કંદો, જિમ ચિરકાળ નંદો. ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો.

સિદ્ધચક્રના દરેક પદ વંદ્ય છે. તેને વંદન કરવાથી જીવ ચિરકાળ-લાંબાકાળ સુધી આનંદ પામે છે. આમ સિદ્ધચક્ર પદને વંદન કરતા રહેશો, તો દીર્ઘકાળ સુધી આનંદ રહેશે. તેથી તે તે પદની વિશિષ્ટ આરાધના અર્થે હૃદયને તે પદથી ભાવિત કરીને વંદન કરો.

દિલને ભાવિત કરીને વંદો, જેને સુરનર વંદે છે, જેનાથી ભવભયના ફંદા ન આવે, એટલે સંસારમાં ભવભ્રમણાનો ભય જાય.

'ભવ ભય' એટલે સંસારમાં ભવભ્રમણાનો ભય.

ફંદો=ફાસ=પાશ. સંસારમાં ભમવાનો ભય તે પાશ છે, તે તૂટી જાય છે.

**દુરિતહ દંદો :** સિદ્ધચક્ર પદ દુરિતના દ્વંદ્વને ટાળે છે-નાશ કરે છે.

દુરિતના=પાપના. દંદ=દ્વંદ્વ-પાપનાં જોડકાં.

પાપનાં જોડકાં ક્યાં ? = આંધળો-બહેરો, લૂલો-લંગડો, ભૂખ-તરસ, રોગી-પરાધીન, દુઃખ-દુર્ભાગ્ય, શોક-સંતાપ, અપમાન-તિરસ્કાર, વગેરે પાપનાં દ્વંદ્વ છે.

સિદ્ધચક્રને વંદો તો જગતના આ દ્વન્દ્વો ચાલ્યાં જાય. એવાને ચોસઠ ઇન્દ્રો સેવે છે.



## સિદ્ધચક્રની ઉપાસના કરતા ઈન્દ્ર

**પ્ર.** - ૬૪ ઈન્દ્ર સિદ્ધચક્રને સેવવા ક્યાં જાય? ઈન્દ્રો સિદ્ધચક્રને સેવે એટલે શું?

ઉ. - સિદ્ધચક્રના નવ પદ છે. તે પદના પ્રસંગે પ્રસંગે ઈન્દ્રો ઉપાસના-પ્રશંસા-સન્માન-બહુમાન કરે છે. ઈન્દ્રો અરિહંતની કલ્યાણકોની ઉજવણી વગેરેથી ઉપાસના કરે છે, એ પ્રસિદ્ધ છે.

કોઈ મહાત્મા સિદ્ધ થાય, તો ત્યાં ઈન્દ્ર સ્મારક-પુષ્પ-વૃષ્ટિ વગેરેથી મહાત્માનો મહિમા વધારે છે. એ સિદ્ધપદની ઉપાસના છે. અથવા સિદ્ધપદના આરાધકની પ્રશંસા કરવા દ્વારા પણ ઈન્દ્ર સિદ્ધપદના ઉપાસક ગણાય.

દા.ત. વીશ સ્થાનકના બીજા પદની કથામાં આવે છે કે હસ્તિપાલ રાજા સિદ્ધપદનો ઉપાસક બન્યો, યાવત્ ચારિત્ર લઈ, એ ઉપાસના વિશેષ વધારી, એમાં અને ઈન્દ્રે દેવસભામાં એની ભારે પ્રશંસા કરી તો આ ઈન્દ્રની પણ સિદ્ધપદની ઉપાસના ગણાય.

**આચાર્યપદની ઉપાસના.** દા.ત. વજસ્વામીજી મહારાજ રથાવર્ત્ત ગિરિ પર અનશન કરી સ્વર્ગે પહોંચ્યા, ત્યાં ઈન્દ્રે રથથી પ્રદક્ષિણા કરી. એટલા માટે તે ગિરિનું નામ રથાવર્ત્ત તરીકે પ્રસિદ્ધ થયું. આ આચાર્યપદની ઉપાસનાનું દૃષ્ટાંત છે.

**સાધુપદની ઉપાસના :** દા.ત. દશાર્ણભદ્ર રાજાને પોતાને મહાવીર પ્રભુને વંદન અનન્ય ભક્તિ-ઉત્સવ કર્યાનો-ગર્વ થયો, પરંતુ એમાં જાણે અત્યાર સુધી અરિહંત પ્રભુને એવા ભક્તિઉત્સવથી વંદના કરનાર કોઈ મળ્યો જ ન હતો, એમ અરિહંતની આશાતના દેખી ઈન્દ્રે એના કાળા ૫૦૦ હાથીની સામે આકાશમાં રૂના ગાભલા જેવા વિશાળ ૬૪૦૦૦ હાથી વિકુર્વી ઈન્દ્ર વંદન કરવા ઊતરી રહેલ છે;

એ દરેકે દરેક હાથી પાછા કેવા ?

દરેકને ૮ સૂંઢ, દરેક સૂંઢને ૮ દંતૂશળ, દરેક દંતુશળ ઉપર ૮-૮ વાવડી, દરેક વાવડીમાં ૮-૮ કમળ, દરેક કમળને લાખ-લાખ પાંખડી, દરેક પાંખડી પર દેવદેવી નૃત્ય, અને વચલી કર્ણિકા પર વંદન કરતાં ઈન્દ્રનું રૂપ.

આમ દરેક હાથીના દંતુશળો પર ૪૦૯૬ ઈન્દ્રોની વિકુર્વણા એવી ૬૪ હજાર હાથી પર ઈન્દ્ર વિકુર્વણા.-આ જોતાં જ દશાર્ણભદ્રનો મદ ગળી ગયો. પરંતુ સંકલ્પ પાર પાડવા પ્રભુ પાસે પહોંચી ઉત્કૃષ્ટભક્તિરૂપ સાધુપણું લઈ પછી પ્રભુને વંદન કર્યું અને અનન્ય ભક્તિથી વંદન કરવાનો સંકલ્પ સચવાયાનો સંતોષ માન્યો. ત્યાં ઈન્દ્ર નમી પડે છે અને એમના ત્યાગની, એમની સાધુતાની ભારોભાર પ્રશંસા કરે છે.

ઇન્દ્રની **સમ્યગ્દર્શન પદની ઉપાસના :**

દા.ત. મલ્લીનાથ ભગવાનના કાળમાં અર્હન્નત શ્રાવકની ઇન્દ્રે સભામાં દેવોથી પણ અચલાયમાન એવા દૃઢ સમ્યકત્વને ધારણ કરનાર તરીકે પ્રશંસા કરી. એમ સુલસા શ્રાવિકાના દૃઢ સમ્યકત્વ અને ધર્મસત્ત્વની પ્રશંસા કરી.

**સમ્યગ્જ્ઞાન પદની ઉપાસના :**

ઇન્દ્ર એ રીતે કરી કે દા.ત. ભરત ચક્રવર્તી, પૃથ્વીચંદ્ર રાજા કેવળજ્ઞાન પામતાં, ઇન્દ્રે તરત ઝનનન... ઝનનન સંગીત વાજિંત્ર દેવ-દેવી પરિવાર સાથે આવી સાધુવેશ આપી વંદનાદિ ઠાઠ જમાવ્યો. એમ ઇન્દ્રે સીમધંર ભગવાન પાસે નિગોદનું સ્વરૂપ જેવું સાંભળ્યું, તેવું અહીં ભરતક્ષેત્રમાં કાલિકસૂરિ મહારાજ પાસે આબેહૂબ સાંભળી એવા જ્ઞાનીની ખૂબ સ્તુતિ કરી, અને પાછળથી મુનિઓની એની જાણ થઈ, શ્રદ્ધા વધે, એટલા માટે મુકામનો દરવાજો ફેરવી નાખ્યો.

**સમ્યગ્ ચારિત્રની ઉપાસનામાં** દા.ત. ઇન્દ્રો તીર્થંકર ભગવાનના ચારિત્ર-ગ્રહણનો ઉત્સવ કરે છે. પ્રભુના દીક્ષા-વરઘોડામાં પ્રભુની શિબિકાની બાહુ પોતાના ખભા પર લે છે. ઉપરોક્ત દશાર્ણભદ્રના ચારિત્રના ભારોભાર ગુણ ગાય છે.

**સમ્યક્ તપ પદની ઉપાસના**-ઇન્દ્રે આ રીતે કરી.

દા.ત. નાગકેતુએ જન્મતાં જ અઠ્ઠમ કર્યો, અને એમાં એ નિશ્ચેષ્ટ મૃત જેવા થઈ જવાથી માતાપિતાએ એમને જંગલમાં ખાડો કરી એમાં મૂકી દીધા. ત્યાં નાગકુમાર દેવલોકના ઇન્દ્ર ધરણેન્દ્ર આવી અમૃત છાંટી સચેત કર્યા અને ત્યાં રાજાની સમક્ષ નાગકેતુના અઠ્ઠમનો પરિચય આપી એના ભારે ગુણ ગાયા.

સારાંશ, આ રીતે ઇન્દ્રો પણ સિદ્ધચક્રની સેવા-ઉપાસના કરે છે - એ હકીકત છે, પણ સિદ્ધચક્રના ખાલી પ્રશંસાવાક્ય નહીં.

## ઉપશમસાગરસિદ્ધચક્ર :

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ વગેરેની પ્રશંસાદિનો તેવો મોકો આવે, ત્યારે ઇન્દ્ર ઝૂકી પડે.

સિદ્ધચક્ર ઉપશમ રસનો કંદો છે. (કંદો=પાતાળ-સેર)

સિદ્ધચક્રને મનમાં રાખો,-નવપદને મનમાં રાખો, તો તેનાથી ઉપશમ રસ ઝર્યા કરશે. જમીન ફોડે, જમીનમાં પાણીની સેર ચાલતી હોય તે ઉપર આવે, ૨૪ કલાક ફુવારો ચાલે. ઊંડું ખોદ્યું હોય તો ત્યાંથી ભૂંગળા વાટે પાણી ઉછળે; તેમ નવપદની પાતાળ સેર રાખો તો ઉપશમ રસ નીકળ્યા કરે; કારણ કે એકેક પદનો



સંબંધ ઉપશમ સાથે છે. કવિએ પાર્શ્વપ્રભુના સ્તવનમાં ગાયું,-

**'ક્રોધાદિક સૌ શત્રુ-વિનાશી, તેણે ઓળખાવ્યો તુજને'**

ક્રોધાદિ વગેરે આંતર શત્રુનો વિનાશ કર્યો. તેણે તારી ઓળખાણ કરાવી.

## અરિહંતની ઓળખ :

**પ્ર.** - ઓળખાણ ચોથે ગુણઠાણે થાય, અને ક્રોધાદિ બધાનો નાશ દશમે ગુણઠાણે થાય, તો પ્રભુની ઓળખાણ કરવા શું પહેલાં દશમે ગુણઠાણે જવાનું ?

ઉ. - ના, ક્રોધાદિ દરેક કષાય અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાના-વરણ તથા સંજવલન-એ ચાર કક્ષાના હોય. એમાં અનંતાનુબંધી કષાય એ સમ્યકત્વના ઘાતક છે, માટે એને ઉડાવીએ, તો જ સમ્યકત્વ થાય, અને એમાં દેવગુરુની સાચી ઓળખ થાય. એટલે અનંતાનુબંધીના ઘરના ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ, મદ, મત્સર, અસૂયા, વેર-ઝેર બધા ઊડે, ત્યારે અરિહંતની ઓળખાણ થાય કે 'અરિહંત કેવા છે ?' અરિહંત એટલે ૧૮ દોષ રહિત ૧૨ ગુણવાળા-વીતરાગ સર્વજ્ઞ.

**પ્ર.** - ચોથા ગુણસ્થાનક પહેલાં અરિહંતની ઓળખ કેમ થાય ? આપણને કોઈ અરિહંતનું સ્વરૂપ સમજાવે કે 'એ ૧૮ દોષ રહિત અને ૧૨ ગુણ સહિત હોય છે,' એટલે ઓળખાણ તો થઈને ? એમાં ક્રોધાદિ શત્રુનો વિનાશ કરે એટલે કે અનંતાનુબંધીરૂપ ક્રોધાદિનો વિનાશ કરે તો જ અરિહંતની ઓળખાણ થાય. એમ શાથી ?

ઉ. - ઓળખ એનું નામ કે વસ્તુ જેવા સ્વરૂપે હોય, તેવા સ્વરૂપે સમજી એને તેવા તરીકે સ્વીકારી લેવાય. આ હિસાબે અરિહંત સ્વયં રાગાદિ શત્રુને હણનારા છે, તથા વિષય-રાગાદિ ત્યાજ્ય જ કહે છે, વિષયોને પણ વિષ જેવા કહી ત્યાજ્ય કહે છે, અને માટે જ એ મહાન છે, ભક્તોને માટે સર્વસ્વ છે, એવા એમના સ્વરૂપની ઓળખ થઈ તો જ ગણાય કે જો એમને એવા તરીકે સ્વીકારી લેવાય. પરંતુ જેને સમ્યકત્વ નથી, જેણે અનંતાનુબંધી રાગાદિનો નાશ નથી કર્યો, માટે જ જે જડ વિષયોને જ સર્વસ્વ માને છે, એણે અરિહંતને ઓળખ્યા શી રીતે કહેવાય ?

## જડ વિષયોના રાગને કારણે આત્માની હીનતા :

**પ્ર.** - અનંતાનુબંધીના ક્રોધાદિ એટલે રાગદ્વેષનો નાશ નથી કર્યો ને તે ઊભા છે, તો એવા આત્માની કયી દશા છે ?

ઉ. - એવા આત્માની એ દશા છે કે જડ વિષયોના જે રાગ છે, એ રાગ નિર્ભીક રાગ છે, અર્થાત્ આ રાગથી મારે હજી કેટલા ભવભ્રમણ થશે ? એવા

ભય વિનાનો રાગ છે, અફસોસી વિનાનો રાગ છે.

પ્ર. - જડનો રાગ થાય તેમાં ખોટું શું છે ? વસ્તુ-સોનું-ચાંદી-હીરા માણેક વિષયો મજાના મળ્યા હોય ને તેમાં રાગ થાય તો તેમાં શો વાંધો ?

ઉ. - એમાં મતિભ્રમ છે. એ વિષયો સદ્બુદ્ધિનો નાશ કરનારા અને નરકાદિ દુઃખ દેનારા હોવાથી મજાના છે જ નહિ. ઝેરના લાડુને મજાનો કોણ માને ? છતાં વિષયો મજાના છે એમ કહેવું છે તો એમ કહેવાનો અર્થ એ છે કે તે જડ વિષયોને સર્વસ્વ માને છે.

સર્વસ્વ એટલે જગતમાં આ સારભૂત વસ્તુ છે- મહત્ત્વની વસ્તુ છે.' ને એમ જ્યારે જગતના જડ પદાર્થોને જે અત્યંત મહત્ત્વ આપે છે તેની પાસે અરિહંતનું ગમે તેટલું વર્ણન કરો, તોય તે અરિહંતને મહત્ત્વ નહિ આપે, એને અરિહંત પાસેથી કાંઈ પોતાના રાગનો નાશ કરાવવો જ નથી. રાગ ખરાબ માને તો રાગનો નાશ ગમે ને ? અહીં તો અરિહંત વીતરાગ છે, જડ વસ્તુના રાગનો નાશ કરનાર છે, એટલું જ નહિ, પણ જગતને તે રાગનો નાશ કરાવનાર છે.

**"જિણાણં જાવયાણં"** અર્થાત્ સ્વયં રાગાદિને જિતનાર જિન, અને બીજાને જિન બનાવનાર,

આ રાગ ભૂંડા છે, તે ફૂલહાર નથી પણ સાપના ભારા છે.

અરિહંતનું સ્વરૂપ એ છે કે તે જડ વસ્તુને ભૂંડી કહેનારા છે, તે જેને હૈયે ન બેસે, તેને અરિહંતનું સ્વરૂપ ન ઓળખાય,

જ્યાં સુધી પોતાને જડનો આંધળો રાગ છે, ત્યાં સુધી જડને જ મહાન માને છે એટલે અરિહંતને એવા મહાન માનતો જ નથી, તો એમાં અરિહંતની ઓળખ શી થઈ ?

અરિહંતની ઓળખ થવા માટે અરિહંત મહાન લાગવા જોઈએ.

❖ ❖ ❖

**વાચના ૭** મલાડ (પૂર્વ) મહા વદ ૧૩, ૨૦૩૬, ૨૯-૧-૮૦

**"ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો, જિમ ચિરકાળ નંદો રે."**

હે ભવ્યો ! સિદ્ધચક્રના પદને વંદન કરો, જેથી દીર્ઘકાળ આનંદ મળે.

અરિહંત એ સિદ્ધચક્રનું એક પદ છે. તેને વંદન કરવાથી ચિરકાળ આનંદ મળે છે.



## અરિહંત વંદન તે ચિરકાળ આનંદ :

પ્ર. - અરિહંત પદને વંદન કરવાથી ચિરકાળ આનંદ કેમ મળે ?

ઉ. - અરિહંત પદ એટલે અરિહંત પદવી, અરિહંતપણું, અરિહંતપણાને પામેલા અનંતા અરિહંતોનો ગણ. તેથી અરિહંત પદને વંદન કરીએ તો સકલ અરિહંતને વંદન થાય.

## વંદનની મહત્તા :

પ્ર. - એ વંદન કરવાથી ચિરકાળ આનંદ થાય તે શી રીતે ?

ઉ. - વંદન શું છે ?

(૧) પોતાના અપકર્ષને-પોતાની હીનતાને અને અરિહંતની ઉત્કૃષ્ટતાને બતાવનારી ક્રિયા તે વંદન કહેવાય.

ગુરુને વંદન એટલે એક એવી નમન ક્રિયા કે જ્યાં પોતાની હીનતા ને ગુરુની ઉત્કૃષ્ટતા દેખાય, ગુરુ ચઢીયાતા લાગે, પોતે ઊતરતો જણાય; તેમ અહીં વંદનમાં અરિહંત ચઢિયાતા લાગે, સર્વ સંગત્યાગ અને વીતરાગતાથી ચઢિયાતા લાગે. એમની સામે પોતે મોટો સમ્રાટ હોય કે ધનકુબેર હોય, તોય અરિહંતની સામે પોતાને પોતાની જાત તુચ્છ લાગે.

અરિહંતવંદનાની ક્રિયા કરીએ તો અરિહંત ઉત્કૃષ્ટ મનાવાથી તે 'શરણ્ય' શરણ કરવા યોગ્ય લાગે.

હે પ્રભુ ! તમે ઊંચા છો, હું નીચો છું. તમે ઊંચા એટલે મારે માટે શરણ્ય છો.' અને શરણ કરવા યોગ્ય લાગે એનો અર્થ એ કે જગતની વસ્તુઓ શરણરૂપ નહિ, તેથી એ ઓછી મળ્યાની અફસોસી નહિ અને મહાન કિંમતી અરિહંત મળ્યાથી પરમ નિરાંત થાય-શાંતિ થાય-તૃપ્તિ થાય, કે 'હેં ! મને પરમનિધાનરૂપ પરમ શરણભૂત અરિહંત મળ્યા ? હવે મારે શું ખામી છે ? કોઈ જ ખામી નથી, અરિહંત-પ્રાપ્તિની આગળ ગરીબી, રોગ, અપમાન કોઈ ચીજ નથી,' જડની ખામી તે ખામી નથી, દુનિયાનાં દુઃખ તે દુઃખ નથી.

કોહીનુર હીરાની થેલી મળી, પછી પૈસા વગેરે ઓછા મળ્યાનું કોઈ દુઃખ ન લાગે, બલ્કે હીરો મળ્યાનો પરમ આનંદ થાય. હીરો મળ્યા પછી કોણ રુએ છે કે 'મને કોહીનુર હીરો તો મળ્યો, પણ પેલા કાચના ટૂકડા જરા સરખા ન મળ્યા ને ? વાંકાચૂંકા મળ્યા એ ખામી છે.' આવું હીરાનું મૂલ્ય સમજનારો રોદણું ન કરે.

એમ કોહીનૂર જેવા અરિહંત મળ્યાના પરમ આનંદથી જડની બીજી ખામી પર દીનતા ન લાગે, પરંતુ દીર્ઘકાળ સુધી આનંદ આનંદ માણ્યા કરે.

**ઉદાહરણ :** શ્રેણિકને જેલમાં કોરડા પડતા હતા. કોરડા મારનાર સિપાઈના હાથ ધ્રૂજતા હતા, કેમકે તેમનું અન્ન પહેલાં ખાધું હતું. તેથી હાથ ચાલતો ન હતો, છતાં શ્રેણિક દુ:ખી ન હતા, કેમકે અરિહંત મળ્યાનો તેમને પરમ આનંદ હતો, એટલા જ માટે સિપાઈને શ્રેણિક કહેતા હતા : "તું શું કામ ગભરાય છે ? તારે તારી ફરજ બજાવવાની છે. મને આનું દુ:ખ થાય છે તેમ ન માનીશ મને ભગવાન મહાવીર પ્રભુ મળ્યા છે મારે શું દુ:ખ છે ? કશું જ દુ:ખ નહિ. ને દુ:ખ હોય તો એ વાતનું દુ:ખ છે, કે ચારિત્ર વગર મારું જીવન ગયું ! મને મહાવીર ભગવાન મળ્યા છતાં ચારિત્ર ન લઈ શક્યો ?"

**વંદનના બે પ્રકાર :** 'વંદન' એટલે 'નમન.' નમન બે પ્રકારે છે :

(૧) દ્રવ્ય-સંકોચ નમન અને (૨) ભાવ-સંકોચ નમન

(૧) દ્રવ્ય સંકોચમાં હાથ, પગ, મસ્તકની ગમે તેવી સ્થિતિનો સંકોચ કરી એને વ્યવસ્થિત અંજલિબદ્ધ મુદ્રામાં અથવા પંચાંગ પ્રણિપાત મુદ્રામાં લાવીને વ્યવસ્થિત કરવા તે.

(૨) ભાવ સંકોચમાં મનના-હૃદયના ગમે તેવા ભાવોનો સંકોચ કરી, અરિહંત પદ પ્રત્યેના અત્યંત રાગ-બહુમાન વગેરે શુભ અધ્યવસાયમાં મનને, હૃદયને વ્યવસ્થિત કરવું તે.

આ રીતે વંદનમાં દ્રવ્યસંકોચ કરી, નમનની મુદ્રા લાવીને હૃદયમાં અરિહંત પદ પ્રત્યે ખૂબ જ ભાવોલ્લાસ સાથે ઉછળતું રાગ-ભક્તિ-બહુમાન ઊભું કરવાથી એવો અનેરો આત્મિક આનંદ અનુભવાય છે કે એ દુન્યવી ગમે તેટલા ઊંચા વિષય સુખોના ઉત્પાદભર્યા આનંદ કરતાં કેઈ ગુણો ચઢિયાતો લાગે છે, અને એના તીવ્ર શુભ સંસ્કાર વારેવારે અરિહંત પદનું અને અનુભવેલા એ આનંદનું સ્મરણ કરાવી કરાવી દુનિયાનું બધું લૂખું દેખાડે છે. તેમજ વારંવારના આ નમન અને સંસ્મરણ આત્મિક આનંદની એવી પરંપરા સર્જે છે કે ચિરકાળ સુધી આત્માને એ આનંદનો અનુભવ થાય છે. એ અરિહંત પદ કેવું છે ?

**'જેહના હોય કલ્યાણક દિવસે નરકે પણ અજવાળું'**

**કલ્યાણકનો પ્રભાવ :** અરિહંતના કલ્યાણક પ્રસંગે નરકમાં જ્યાં ઘોર અંધકાર હોય છે, ત્યાં અજવાળું-ત્યાં પ્રકાશ થાય છે. એટલો બધો પ્રભાવ અરિહંત પદનો છે. આત્માની આવી ઉન્નત સ્થિતિ છે કે તેનો આ પ્રભાવ પડે છે, હજુ તીર્થંકર થયા નથી, છતાંય તીર્થંકર નામકર્મ નિકાચિત કરી લીધું છે. તેનો પ્રભાવ પડે છે.



**'સકળ અધિક ગુણ અતિશયધારી તે જિન-નમી અઘ ટાળું રે !'** ભ૦ સિ૦ ૨.

તે અરિહંત કેવા છે ? સકળ અધિક ગુણ અતિશયધારી સૌના કરતાં અધિક ગુણવાળા છે.

**જગતના જીવોના ગુણ :** કોઈ ક્ષમા, કોઈ નમ્રતા, કોઈ વૈરાગ્ય વગેરે સામાન્ય ગણાય તેના કરતાં અરિહંતમાં ઘણી ઉચ્ચ કોટિની ક્ષમા, ઉચ્ચ કોટિની નમ્રતા અને ઉચ્ચ કોટિની વીતરાગતા તેમજ બીજે ન મળે એવા અતિશયવાળા છે.

અતિશય એટલે એવી વિશેષતા કે જેનો જગતમાં જોટો ન હોય એવી ચઢિયાતી-શોભાવતી વસ્તુ. એ બીજા સંસારી પાસે ન હોય.

દા.ત. (૧) ભગવાન પધારતાં પહેલાં-કાંઈ ન હોય ને પધારે કે એકાએક સમવસરણ રચાઈ જાય. એ અતિશય કહેવાય.

(૨) એમ યોજનના વિસ્તારમાં કરોડો દેવો સમાઈ જાય, એ અતિશય.

અતિશય એટલે જગત કરતાં ચઢિયાતા બતાવનારી વિશેષતા. એવી બાહ્ય ૩૪ વિશેષતાઓ તો છે જ, પરંતુ આભ્યંતર વિશેષતાઓ પણ અજબ ગજબ કોટિની હોય છે.

**અરિહંતના ગુણગાનથી અસર :** આવા અરિહંતના ગુણગાન ગાતાં ગાતાં આપણા હૈયામાં ભગવાન પ્રત્યે સદ્ભાવ-બહુમાન વધતાં જાય કે 'અહો ! અહો ! ભગવાનમાં આવા આવા ઉચ્ચ કોટિના ગુણો છે ! બીજાને ટપી જાય તેવા ભગવાનમાં ગુણો છે !

પ્રભુની આભ્યંતર વિશેષતાના એક દાખલામાં,- તીર્થંકર ભગવાન ચારિત્ર લઈ નીકળે, ત્યારે એમના ચારિત્રપાલનમાં બીજા સકલ જીવ કરતાં અધિક એક મહાન ગુણ એ છે કે એમને સ્થિર તત્ત્વચિંતનની ધારા એવી આંતરા વિના સતત ચાલે છે કે બીજા કોઈ વિકલ્પને ત્યાં સ્થાન જ નથી.

તત્ત્વનું ચિંતન ચાલ્યું એટલે તત્ત્વનું જ ચિંતન, પછી વચમાં ભલે કોઈ ઉપદ્રવ આવે તો પણ કોઈ બીજો વિચાર જ નહિ. તત્ત્વ વિચાર-ધારા અસ્ખલિત ચાલુ ! આ શું ઓછો સકલ અધિકગુણ અતિશય છે ?

**સંગમ :** દા.ત. સંગમે પ્રભુને જાલિમ ત્રાસ આપીને પણ ડગાવવાનો ભેખ લીધો હતો. તેણે છ માસ સુધી ભગવાનને હેરાન પરેશાન કર્યા. આ સંગમ સામાનિક દેવ હતો. ઇન્દ્રના જેવી સમૃદ્ધિવાળો હતો. સભામાં ઇન્દ્રના મુખે પ્રભુના નિશ્ચલ સત્વના ગુણગાન સાંભળી, તેને અભિમાન ચઢ્યું, કે 'ઇન્દ્ર શી વાચાળતા

કરે છે ? દેવતા આગળ મનુષ્યો એટલે મચ્છરો ! તેને તો આમ...ચપટીમાં ચોળી નાખું !' આ અભિમાનથી તે ભગવાનની પૂંઠે પડ્યો હતો.

ભગવાન કાઉસ્સગ્ગમાં ઊભા હોય, તો સંગમદેવ એક બાજુથી આખલો દોડાવે; બીજી બાજુથી ગોવાળિયા ડાંગ લઈને જાણે મારવા દોડતા આવે, ચારેકોરથી ત્રાસની પરિસ્થિતિ છતાં ભગવાનના આ તત્ત્વવિચારગુણની સ્થિરતા એવી દેખાય કે જાણે આખલો હમણાં શીંગડાં મારશે ! ગોવાળિયાઓ ડાંગ મારશે ! છતાં તેનો વિચાર પણ નહિ. તેમજ બીજા પણ કોઈ ભય, શંકા, ખેદ, હરખ આદિના વિચાર નહિ. એમ તત્ત્વ વિચારમાં ડૂબી ગયા પછી ઉપર આવવાનું નહિ.

**પ્ર.** - આખી નદી પાર કરી જઈએ છીએ ને અંગૂઠોય ન ભીંજાયો. આ બને ખરું ?

ઉ. - હા, બને. નદી પરના પૂલ પરથી ચાલ્યા, તેથી નદી પાર થઈ ગઈને અંગૂઠો ભીંજાયો નહિ ! તેમ આપણે તત્ત્વનું ચિંતન કરીએ, વાચના સાંભળીએ, છતાં તત્ત્વથી ભીંજાતા નથી. આ તત્ત્વના પૂલ ઉપરથી ચાલીએ છીએ, આપણે અંદર તત્ત્વમાં ડૂબતા નથી, પણ પ્રભુ એવા એટલા બધા ડૂબેલા કે ઉપદ્રવના ત્રાસમાં પણ એનો વિચાર નહીં. આ પ્રભુનો નાનો સૂનો અતિશય છે ?

બધા સકલજીવો કરતાં ચઢિયાતા ગુણ સ્વરૂપ અતિશયવાળા ભગવાન છે. અથવા ચઢિયાતા ગુણવાળા અને અતિશયવાળા છે.

આવા સર્વ કરતાં ઉત્કૃષ્ટ ગુણ ને અતિશયવાળા ભગવાનને પામીને આપણે શું ? આપણને શો લાભ ?

તો કે એમને નમસ્કાર કરવાથી આપણા પાપ ટળે છે. એ મહત્ત્વ છે. માટે કહ્યું : **"તે જિન નમી અઘ ટાળું રે...ભવિકા૦"**

પ્રભુને નમવાથી પાપ ક્યારે ટળે ?

પ્રભુ પર અત્યંત ભક્તિરસ ભર્યું, તેમજ સર્વોત્કૃષ્ટ બહુમાન આપણા દિલમાં ઉછળતું હોય ને એ માટે જ "સકલ અધિક ગુણ અતિશયધારી" તરીકે પ્રભુને ઓળખાવ્યા છે, એ મન પર લઈએ તો અવશ્ય આપણા દિલમાં એવું બહુમાન ઉછળવા લાગે કારણ કે,

**ભગવાન તે ભગવાન છે.** આ રીતે ભગવાનની ઓળખ કરીએ, સ્તવના કરીએ, એટલે ભગવાન પર સદ્ભાવ વધી જાય-બહુમાન વધી જાય.

"પ્રભુ ! આ વડાઈ આપની ? ઓહોહો !" આવા અહોભાવથી ભગવાન પ્રત્યે બહુમાન વધી જાય. એટલા માટે અરિહંતના ગુણ ગાવાના છે કે તેથી



અરિહંત પર બહુમાન વધે.

દેવવંદનમાં એક વાર 'નમુત્થુણં' કહ્યા પછી એમાં જ ફરીથી 'નમુત્થુણં' કેમ બોલવાનું ?

તો પહેલું 'નમુત્થુણં'માં જે બહુમાન હતું, ફરીથી આત્માને તે બહુમાનનો પારો ચઢાવવો છે. ફરી પાછો એ જ 'દેવવંદન'માં બહુમાનનો પારો વધારવા માટે ફરીથી નમુત્થુણં એમ પાંચ વાર નમુત્થુણં બોલવાનું હોય છે. તે પારો ક્યારે વધે ? અરિહંતના ગુણ વારંવાર દિલથી ગાઈએ ત્યારે...

**અઘહર અરિહંત :** આવા અરિહંત સકળ અધિક ગુણ અતિશય ધારી છે. એવા પ્રભુ મને મળ્યા છે, તેમને નમીને હું મારા અઘ ટાળું. ('અઘ' એટલે પાપ.)

શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના સ્તવનમાં બતાવ્યું છે કે 'પ્રભુ અઘહર છે, અઘમોચન છે'

(૧) અઘહર એટલે અઘ એટલે પાપ, એ બે જાતના. ૧. પાપસ્થાનક, ૨. અશુભકર્મ. હિંસાદિ-રાગાદિ પાપસ્થાનકને હરનારા, દૂર કરનારા.

(૨) અઘમોચન એટલે પૂર્વના બાંધેલા અશુભ કર્મરૂપી પાપને દૂર કરનારા, પાપથી મુક્ત કરનારા.

આવા અઘહર અને અઘમોચન અરિહંતને નમીને મારાં પાપ ટાળું.

એમ આ પરથી ફલિત થાય છે.

**પ્ર.** - અરિહંત નમસ્કારનું ફળ શું ?

ઉ. - પાપનો ત્યાગ, પાપનાશ.

બોલાય જ છે : **અરિહંત નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો.**

જો અરિહંતને ખરેખર નમીએ છીએ, તો આપણે પાપને ટાળવા જોઈએ. પાપ ટાળવાનું મન થાય જ. પાપ ટાળીએ તો ટળે.

દા.ત. 'હું ભગવાનને નમનારો છું,' હવે મારાથી આ પાપ ન થાય.

શંકા : ભગવાનને નમ્યા, એટલા માત્રથી પાપ ટળે ?

સમાધાન : હા, અહીં સમજવાનું છે કે જેમ કહ્યું તેમ,

**પાપના પ્રકાર :** પાપ બે પ્રકારે :

(૧) રાગદ્વેષાદિ કષાયો ને હિંસાદિ દુષ્કૃતો એ પણ પાપ કહેવાય છે,

(૨) આત્માને ચિટકેલાં અશુભ કર્મો એ પણ પાપ છે.

આ બંને પ્રકારનાં પાપ ભગવાનને નમવાથી ટળે. એનું કારણ એ છે કે મનને

એમ થાય કે-"ભગવાન એ કાંઈ સામાન્ય વ્યક્તિ નથી. તે ઉત્તમોત્તમ પુરુષ છે. એવા પુરુષનો સંપર્ક મળ્યા પછી મારે પાપ એમજ ઊભા રાખવા છે ? ને છોડવા નથી ? તો તે મારી ધિટ્ઠાઈ છે,- નિષ્ઠુરતા છે, નઠોરતા છે. ભગવાનની મને ઓળખ જ નથી" આમ વિચારતાં જાગૃતિ આવે અને જીવનમાંથી પાપ ઓછાં કરાય.

દુનિયામાં સંત પુરુષ મળે છે, એનેય એમ થાય છે કે "અહો ! આવા સંત મળ્યા ! લાવ, જીવનમાંથી કાંઈક પાપ ટાળું. સંતની પાસેથી એવો કોઈ નિયમ લઉં, જીવનમાંથી મોટાં પાપ તો જરૂર મૂકી દઉં."

તો પછી પ્રભુ તો પરમસંત. એ મળ્યા એમને ભાવથી વંદન કરીએ ને પાપ છોડવાની પ્રેરણા ન થાય ?

## અરિહંત વંદન એ નાની ચિનગારી.

પ્ર. - અરિહંત ભગવાનને નમસ્કાર જેવી નાની ક્રિયા કરવાથી રાગાદિ કષાયો અને દુષ્કૃત્યો ટળે એવો શો હિસાબ છે ? કેમકે આ પાપો અનંતકાળથી આત્મામાં જડ ઘાલી બેઠેલાં ભારેખમ છે.

ઉ. - નાની પણ આગની ચિનગારી મોટી ઘાસની ગંજીને સાફ કરી નાખે છે. એમ અહીં અરિહંતને નમસ્કારનો ભાવ આગની ચિનગારી જેવો છે; કેમકે અરિહંત પોતે રાગાદિ કષાયો અને હિંસાદિ દુષ્કૃત્યોના પાપોને પ્રચંડ પુરુષાર્થથી સર્વથા ફગાવી દેનારા બન્યા છે. એ જો આપણા મન પર એ રૂપે આવે, તો મનને માટે એક પ્રચંડ શક્તિ રૂપ બને છે; તેથી જેમ વનમાં કેસરી સિંહ પ્રવેશ કરે, ગર્જના કરે, અને વનમાંથી મોટા મદોન્મત્ત હાથી સુધીનાં પ્રાણી ભાગી જવાની દોડાદોડ કરે છે, એવી રીતે મનમાં એવા પ્રચંડ શક્તિરૂપ અરિહંતનો પ્રવેશ થતાં રાગાદિ પાપો ભાગવા માંડે, એમાં કાંઈ આશ્ચર્ય નથી.

વાત આ છે : અરિહંતને એવી પ્રચંડ શક્તિરૂપે મનમાં દાખલ કરો.

ચંદનના વનમાં ઝાડની શાખાઓને વીંટળાઈ આરામથી રહેલા સાપોના ઝુંડ ત્યાં વનમાં પેઠેલા એક મોરના એક ટહુકાર પર ઢીલા ઘેંસ બની નીચે પડીને ભાગી જાય છે. એવી રીતે આ "આ અરિહંત પોતાના રાગાદિ દોષો અને અહિંસાદિ પાપોને પ્રચંડ પુરુષાર્થથી નષ્ટભ્રષ્ટ કરી દેનારા છે, તે કરી દઈ, તેનાથી સંપૂર્ણ મુક્ત બનેલા છે." એવું સચોટ આપણા મનમાં લાવીએ, તો એ દોષો અને પાપો ઢીલા ઘેંસ બની જાય અને આપણે એને ધક્કે ચઢાવી દઈએ. એમાં કશું અશક્ય નથી.

રાગાદિ પાપો ભલે જુગજુનાં છતાં આપણી ઇચ્છાથી આપણા મનમાં ઊભા



કરેલાં છે. હવે જો અરિહંત મળ્યાથી આપણી એ ઇચ્છા જ મરી ગઈ કેમકે એ રાગાદિમાં આપણે ભયંકરતા દેખી તો પછી એ રાગાદિનું જોર લગભગ નષ્ટ થઈ ગયું. મન અને ઇચ્છાના જોર પર જ ઊભા થઈ શકનાર રાગાદિ ગમે તેટલા જૂના છતાં ઇચ્છા અને મન મરી જતાં એ એક ક્ષણમાં મરે એ સહજ છે.

અરિહંતને ભાવથી નમસ્કાર કરવામાં, મનમાં આવેલ અરિહંત, રાગાદિ ભાવોનું મન અને ઇચ્છા તોડી નાખે છે એટલે ઇચ્છા પર જ ઊભા થતા રાગાદિને તૂટતાં વાર લાગતી નથી.

## અરિહંતવંદન ને નિકાચિત કર્મ :

પ્ર. - ઠીક, પણ આવા જિનેશ્વર ભગવાનને નમવા માત્રથી પૂર્વનાં બંધાયેલ અશુભ કર્મરૂપી પાપ શી રીતે ટળે ?

"પાપ" શબ્દનો આ બીજો અર્થ અશુભ કર્મો, તે નિકાચિત અને અનિકાચિત- એમ બે પ્રકારના હોય છે. એમાં નિકાચિત તો ભોગવ્યા વિના અરિહંત નમનથી તૂટે જ શાના ?

ઉ. - વાત સાચી છે. નિકાચિત કર્મ ભોગવ્યા વિના, અરિહંતનમસ્કાર, અરિહંતધ્યાન માત્રથી ન તૂટે; પરંતુ એ નિકાચિત કર્મમાં રહેલ પાપ(અશુભ) અનુબંધો તૂટી જાય છે. એનું કારણ અશુભ અનુબંધો એ કર્મોમાં રહેલ જાણે બીજશક્તિ છે, એટલે કે મોહની પરિણતિરૂપ છે, જે પાપબુદ્ધિ જગાડી જીવને પાપિષ્ઠ જ બનાવે છે, આ અશુભ અનુબંધ સ્વરૂપ મોહપરિણતિ નિર્મોહી અરિહંત તરફના ઝુકાવની આત્મપરિણતિથી નષ્ટ થાય એ સહજ છે.

આમ અરિહંતનમસ્કારથી નિકાચિત કર્મમાં રહેલ પાપાનુબંધ તૂટ્યા એટલે પછીથી નિરનુબંધ નિકાચિત કર્મ ઊભા રહી ગયા ખરા, પરંતુ હવે સાનુબંધને બદલે નિરાનુબંધ બનેલા એ નિકાચિત કર્મ ઉદય પામશે, ત્યારે માત્ર શારીરિક કષ્ટ દેખાડશે, કિન્તુ આત્માનું કશું જ બગાડી શકશે નહિ, આત્માના શુભ ભાવને બગાડી નહિ શકે. એટલે પછી અરિહંતનમસ્કારથી નિકાચિત કર્મ તૂટવા જેવા જ છે એમ કહી શકાય.

દા.ત. ૫૦૦ મુનિઓને પાલક પાપીની ઘાણીમાં પીલાઈ ભયંકર વેદના ભોગવવાના નિકાચિત કર્મ હતાં, કિન્તુ એ નિરનુબંધ હતાં.

પૂર્વ જન્મમાં અને અહીં અરિહંતનમસ્કાર, દુષ્કૃતગર્હા આદિથી એ કર્મોના અનુબંધો તોડી નાખેલા. એટલે હવે અહીં એ કર્મોએ શરીરને જાલિમ વેદના

આપવા સિવાય આત્માનું શું બગાડ્યું ? ઊલટું એ કર્મો હટી જતાં એની સાથે એના સાગરીત જેવાં ઘાતી કર્મો સમસ્ત ઊડ્યાં અને ક્ષણમાં કેવળજ્ઞાન પામ્યા. કદાચ એ મુનિઓ મુનિસુવ્રત ભગવાન પાસે જ રહ્યા હોત તો કદાચ આટલું જલદી કેવળજ્ઞાન અને મોક્ષ ન મળતે એમ પરિસ્થિતિ જોઈને આપણને લાગે. ત્યારે નિરનુબંધ નિકાચિત કર્મોના 'અવશ્યંભાવી' ઉદયને શ્રાપ આપવો ? કે આશીર્વાદ આપવો ?

સારાંશ, અરિહંત-નમસ્કાર ભલે નિકાચિત કર્મોને ન તોડી શકે, કિન્તુ એના પાપાનુબંધોને તોડે છે, એ એક ચમત્કારી જેવું કાર્ય છે, અને એથી ઇષ્ટ સિદ્ધ થાય છે.

પ્ર. - ઠીક છે, પરંતુ અરિહંત-નમસ્કાર માત્રથી અનિકાચિત પાપકર્મોનાં ઝુંડ સાફ થાય એ કેમ બને ? કારણ કે એ કર્મો દીર્ઘકાળના મિથ્યાત્વ, અવિરતિ, કષાયો તથા અહિંસાદિ પાપયોગોથી ઊભા થયેલા હોય છે, એનો નાશ કરવા માટે તો એવા પ્રચંડ સમ્યક્ત્વ આદિની દીર્ઘકાળની આરાધના જોઈએ. પ્રભુને નમસ્કાર માત્રથી એ કેમ તૂટે ?

ઉ. - (૧) અરિહંત ભગવાનને નમસ્કારનો ભાવ જો ચગાવતાં આવડે તો એમાં પ્રભુ પ્રત્યે અનન્ય શ્રદ્ધાનો ભાવ હોવાથી જ્વલંત **સમ્યક્ત્વનો ભાવ** છે.

(૨) વીતરાગ અરિહંત તરફના હૈયાના અનહદ ઝુકાવથી વિષયો પ્રત્યેની આસક્તિ તુટી જતાં વાર ન લાગે. મહાન **વિરતિનો ભાવ** આવી શકે છે.

(૩) ઉપશમ રસથી ખચ ભરેલા અરિહંત તરફ ધ્યાન જતાં મન એવા ઉપશમ ભરેલા અરિહંતમાં ઠરી જવાથી સ્વયં **ઉપશમનો અનુભવ** કરે એ પણ સહજ છે.

(૪) અરિહંતને નમસ્કાર એ એવો મહાન પવિત્ર ધર્મયોગ છે, કે જેમાં હિંસા, અસત્ય, વગેરે કોઈ જ પાપયોગ નથી, અને એ એકાંતે **શુભ યોગ** છે.

આ ચાર એ અરિહંતનમસ્કારમાં જીવંત જાગ્રત રહેવાથી અશુભ કર્મોના ઢેર ઉખેડી નાખે એ સહજ છે.

આ અરિહંત સંતોના સંત, પરમસંત છે, તો તેમના સંપર્કથી આપણાં કેટલાંય પાપ કેમ ન ટળે ? ટાળવાનું મન કેમ ન થાય ? જો પાપ ટાળવાનું મન થતું નથી તો એનો અર્થ એ કે આપણે એ પરમસંતને ઓળખ્યા નથી. જો તે ખરેખર ઓળખાઈ જાય તો એમને નમીએ, તેથી પાપ ધ્રૂજી ઉઠે.



**ઢાળની ત્રીજી ગાથા :** "જે તિહુયણ નાણ સમગ્ગ ઉપન્ના,
ભોગ કરમથી ક્ષીણ જાણી."

જે ત્રણે જ્ઞાન કરીને સહિત ઉત્પન્ન થાય છે એટલે માતાના ગર્ભમાં-ઉદરમાં ભગવાન આવે છે, ત્યારે શરીર કેવું હોય ? ઝીણામાં ઝીણું ટીપું તે શરીર ! છતાં એમાં રહેલ ભગવાન મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન એ ત્રણેય જ્ઞાને કરીને સહિત હોય છે; એટલે જ જગતમાં એવો કોઈ ઈશ્વર નથી કે જે આમની તુલનામાં ઊભા રહી શકે. બીજામાં આ વિશિષ્ટતા નથી.

**જ્ઞાનપ્રધાન પ્રભુ :** ચ્યવન વખતથી અર્થાત્ માતાના ઉદરમાં આવે ત્યારથી તે આત્માને અવધિજ્ઞાન હોય છે એટલે જન્મીને મોટા થયે અવધિજ્ઞાન તો ખરું જ. એમાં અતીન્દ્રિય દર્શન કરી શકે.

દા.ત. પાર્શ્વકુમારે કમઠના લાકડામાં બળતો સર્પ અવધિજ્ઞાનથી જોયો. તો જ એને બહાર કઢાવી નવકાર અપાવી, એને સ્વર્ગ ભેગો કરાવ્યો.

ઈતરોએ માનેલા પરમાત્મામાં આવું દિવ્યજ્ઞાન-અવધિજ્ઞાન નહિ, તેથી જુઓ : એમણે માનેલા ભગવાન શ્રીકૃષ્ણને ખબર નથી કે સુભદ્રા ક્યાં છે ? તે તપાસ કરવા નીકળ્યા ! જગતમાં ઈશ્વર તરીકે પંકાયા છતાં અવધિજ્ઞાનમાં ફાંફાં છે !

**"ભોગ કરમ ક્ષીણ જાણી લેઈ દીક્ષા શિક્ષા દીયે જનને;**
**તે નમિયે જિન જાણી રે," ભ૦ સિદ્ધ૦... ૩**

## અવધિજ્ઞાન ને ભોગાવલિ કર્મ :

ત્રણ જ્ઞાને કરીને સહિત અરિહંત પ્રભુ છે, તો અવધિજ્ઞાનનો શો ઉપયોગ કરે છે ? ભગવાન અવધિજ્ઞાનથી જાણે છે કે 'મારું ભોગાવલી કર્મ હવે ખપી ગયું છે, હવે ચક્રવર્તીના સિંહાસન પર બેસી રહેવાની જરૂર નથી.'

**'લેઈ દીક્ષા શિક્ષા દીયે જનને'** પછી તે દીક્ષા અંગીકાર કરે છે.

અરિહંતની શી બલિહારી ? પરણે છે ખરા, રાજ્યગાદી પર બેસે છે ખરા, પણ જીવન જ્ઞાનપ્રધાન છે, માટે જ અનાસક્ત જીવન હોય છે.

પ્ર. - નિર્મળ અવધિજ્ઞાનવાળું જીવન શી પરિસ્થિતિ જુએ છે ?

ઉ. - આ મારું જે રાજ્ય ભોગવવાનું કર્મ, સંસાર ભોગવવાનાં કર્મ છે, આ બધાં કર્મો નીચ દુશ્મનો છે. નીચ દુશ્મનને કાઢવા હોય તો ભોગરૂપી નીચ ઉપાય કરવા પડે. રાજગાદી પર બેસીને રાજા કહેવડાવવું તે કર્મ કાઢવાનો નીચ ઉપાય છે.

• કર્મ જવાના બે રસ્તા : યોગ ને ભોગ.

• યોગસાધનાથી અનિકાચિત કર્મ જાય તે યોગ ઉત્તમ ઉપાય.

• ભોગ અનુભવીને જ નિકાચિત ભોગાવલિ કર્મ જાય એવા હોય તે માટે ભોગવવા પડતા ભોગ એ હલકો ઉપાય.

પ્રભુ જુએ છે કે મારાં ભોગાવલિ કર્મ નિકાચિત છે કે અનિકાચિત ? અનિકાચિત કર્મો યોગથી ક્ષય પામી જશે, પરંતુ નિકાચિત કર્મ ભોગથી જ નાશ પામશે. આમ જોઈને જ પ્રભુ જો લગ્નજીવન ને રાજવીજીવન જીવે છે, તો ત્યાં કર્મનું દબાણ જ સમજે છે, પરંતુ પોતાની કોઈ આસક્તિ નથી.

આ એના જેવું છે કે માણસ જમીને ઊઠ્યા પછી ઘરવાળા પાડોશમાંથી આવેલ વસ્તુ ખાવાનો આગ્રહ કરે, તો એ દબાણથી ખાવી પડે છે, પરંતુ પોતાને એનો કશો રસ નથી તેથી નિર્વિણ્ણપણે ખાય છે. એમ પ્રભુને ભોગજીવનમાં નિર્વિણ્ણ-વિરક્ત-અનાસક્ત દશા હોય છે. આનું કારણ સ્પષ્ટ છે,-

ભગવાન જ્ઞાનથી પરખનારા હોય છે, તેથી તેમનું જીવન જ્ઞાનપ્રધાન હોય છે. અર્થાત્ ભોગ ભોગવવા છતાં નિર્લેપપણે માત્ર જ્ઞાતાદ્રષ્ટા બનીને ભોગ પસાર કરે છે.

આના પરથી કોઈ અનુકરણ કરે કે 'ભગવાન તો પરણ્યા હતા. ભગવાને રાજ્ય કર્યું હતું, માટે આપણે પણ તેમ કરી કર્મ ખપાવો.' તો તે મૂર્ખતા છે; કેમકે ભગવાનના દૃષ્ટાંતથી 'આપણે તેમ કરો' એવી ખુશખુશાલ દૃષ્ટિ એ જ સલેપ દૃષ્ટિ છે, આસક્ત દૃષ્ટિ છે, જ્યારે પ્રભુ નિર્લેપ-અનાસક્ત દૃષ્ટિવાળા અર્થાત્ જ્ઞાનપ્રધાન હતા-જેમને રાજ્યગાદીનું કર્મ નથી તો રાજગાદી લેવાની જરૂર નથી, એમ માનીને વિના રાજા બન્યે, સંસાર ત્યાગ કરી ચારિત્ર લઈ લે છે. ત્યાં અખતરો કરવા નથી રહેતા કે "ભલે ભોગાવલિ નથી, છતાં લગ્ન કરું, રાજા થાઉં પણ અનાસક્ત રહીશ."

જેમને અનિકાચિત ભોગાવલિ અર્થાત્ ચારિત્ર મોહનીય કર્મ સત્તાગત હતા, પરંતુ નિકાચિત ભોગાવલિ ન હતા, એમણે ન લગ્ન કર્યાં, ન રાજ્યગાદી સ્વીકારી; એ તો એવા અનિકાચિત કર્મોને યોગથી-અહિંસા-સંયમ-તપના યોગથી જ એમણે ખત્મ કરવાનું રાખ્યું.

આ હોય છે તીર્થંકર ભગવાનની જ્ઞાન-પ્રધાનતા.

જ્ઞાન-પ્રધાન જીવન એટલે જીવનમાં શુદ્ધ જ્ઞાનના બળ પર અવસરોચિત કર્તવ્ય બજાવી લે. દૃષ્ટિ આત્માની, આત્મા પર; પરંતુ દિલમાં મોહની કોઈ ગાંઠ



નહીં રખાય દા.ત. પાર્શ્વનાથ અને પ્રભાવતીના પ્રસંગમાં પ્રભાવતીના પિતા પર મ્લેચ્છ રાજાની તવાઈ ઊતરી. તેમણે અશ્વસેન રાજાને સહાયમાં બોલાવ્યા અને પિતાને બદલે પુત્ર પાર્શ્વકુમાર ગયા. તેમને યુદ્ધમાં મોકલવા રાજા તૈયાર ન હતા, કહે છે,-

## પાર્શ્વકુમારનું ભોગાવલિ કર્મ :

"અરે રાજકુમાર ! તમોને મોકલાય ? તમે આનંદ મંગલ કરો, તેમાં અમને આનંદ. તમે શ્રમ લો, તેમાં દુઃખ;" પણ આગ્રહ કરીને પુત્રકર્તવ્ય બજાવવા પાર્શ્વકુમાર ગયા. મ્લેચ્છ રાજાને આ રીતે જીતી આવ્યા, લડાઈ કરવી નહોતી પડી,

લશ્કર લઈને ગયા. મ્લેચ્છ રાજાને હિંદુ દિવાન હતો. તેને પાર્શ્વકુમારની શક્તિની ખબર હતી. તેણે મ્લેચ્છ રાજાને ખબર આપી : "મહારાજા, સંધિ કરો. આ પરમાત્માનો અવતાર છે. એમનાથી સખત હાર ખાવી પડશે, માટે કહેવડાવો : તમારી સાથે મિત્રતા કરવી છે, લડાઈ નથી કરવી."

તો મ્લેચ્છ રાજા અભિમાનથી બોલ્યો : 'જોયો ! ઈશ્વરનો અવતાર ! આમ ચપટીમાં ચોળી નાખું.' તેઓ ઊભા ઊભા વાત કરતા હતા, એટલામાં જ ઘરૂરૂરૂ કરતો ઈન્દ્રનો મોટો રથ આકાશમાંથી ઊતરી રહ્યો છે.

મ્લેચ્છ રાજા : અરે ! આ શું !

દિવાન : ઉપરથી રથ ઉતરે છે.

રાજાને થયું : સીધો માથા પર જ આવડો મોટો રથ ઉતરે તો ? મારો તો રોટલો કરી નાખે ! જંગી મોટો રથ !

મજાલ છે હવે મ્લેચ્છ ભાયડાની અભિમાન રાખવાની ?

દિવાન કહે : જાવ, આ કુહાડો ખભે લઈને તેમની પાસે અને તે મૂકો તેમની સામે, અને વિનંતી કરો : "જીવાડો કે મારો. તમારે શરણે છીએ."

મ્લેચ્છ રાજાને એવો તો રેચ લાગી ગયો કે તે ગયો પાર્શ્વકુમાર પાસે ખભે કુહાડો લઈને, ને કુહાડો નીચે મૂકે છે.

પાર્શ્વકુમાર મ્લેચ્છ રાજાને પગે પડવા ન દેતાં કહે છે : 'પગે પડવાની કોઈ જરૂર નથી,'

પાર્શ્વકુમાર અવસરોચિત કર્તવ્ય બજાવવા પૂરતા જ આવેલા પોતાની અનંત શક્તિ છતાં મ્લેચ્છ સાથે લડાઈમાં તેમને રસ ન હતો તેથી જ મ્લેચ્છના અભિમાન ઉપર એમણે શિકસ્ત આપવાની ગાંઠ વાળી ન હતી, એટલા બધા પ્રભુ નિર્લેપ,

અનાસક્ત ને જ્ઞાનપ્રધાન જીવનવાળા હતા.

**માનવતા :** મ્લેચ્છ રાજાને શિખામણ જરૂર આપી, 'આપણું જીવન જનાવર કરતા ઊંચું છે. આપણો ઊંચો માનવ જન્મ છે, તો આપણાથી જે નીચે હોય તેને સહાયતા કરવાની,-એના પર અનુગ્રહ-કૃપા કરવાની એ આપણો ધર્મ છે; આપણું ઊંચું કૃત્ય છે, કિન્તુ નીચાને કચડવાનો ધર્મ નહિ; નીચાને-દૂબળાને કચડવો એ હલકું કૃત્ય છે, પિશાચી કૃત્ય છે, પાશવી કૃત્ય છે. ઊંચું કૃત્ય તો નીચાને-નબળાને સહાય કરવાનું છે. તેનું નામ છે માનવતા !'

આટલું અનાસક્ત જીવન હતું પાર્શ્વકુમારનું. ૩૦ વર્ષના થયા એટલે તેમણે દીક્ષા લેવાની વાત કરી.

પિતા ના કહે છે, પરંતુ ત્રણ જ્ઞાનથી પ્રભુ જુએ છે કે "હવે ભોગાવલી કર્મ ક્ષીણ થઈ ગયું છે, હવે ભોગ કર્મ રહ્યા નથી, તેથી પાપ અને ઉન્માદભર્યા સંસારમાં બેસી રહેવાય જ નહિ." એટલે માતાપિતા ને પત્નીને દીક્ષા માટે સમજાવી લે છે.

પ્રભુનું જ્ઞાનપ્રધાન જીવન હતું, તેથી જ્ઞાનથી જોનારા હતા.

જ્ઞાનનો ઉપયોગ વિષયોથી ઊભગવા માટે હોય. સંસારના રંગરાગ, વિષયોની ઉજાણી ને પ્રમાદના આચરણના ભારમાંથી બહાર નીકળવા માટે હોય; કષાયોને નામશેષ કરી નાખવા માટે હોય.

આવું સમ્યક્ જ્ઞાન છે કે : **સંસાર ખોટો, મોક્ષ મોટો.**
**સંયમ સારો, સંસાર ખારો.**
**આરંભ સમારંભ ખોટા, વિરતિ સારી.**

આ જ્ઞાન છે; પછી ભલેને શાસ્ત્રો ન ભણેલ હોય, છતાં મુમુક્ષુને જ્ઞાન થયું છે કે 'સંસાર ખોટો છે, કેમકે તે ભોગના ઉન્માદ અને પાપકર્મથી ભરપૂર છે, તેથી જ સંયમ-જીવન સારભૂત છે;' તો એ જ્ઞાની છે. જ્ઞાનીને સદા આ વિવેક જાગ્રત હોય કે આવી સારી સ્થિતિ-સારા ભવમાં પાપકર્મ કરવાના હોય ? કે છોડવાના હોય ? ભોગના ઉન્માદ રાખવાના હોય ? કે એ છોડી ત્યાગની સ્વસ્થતા રાખવાની હોય ?

તીર્થંકર ભગવાનને નિકાચિત કર્મ ભોગવવાનાં જ હોય તો તેમને સંસારમાં એટલા પૂરતું ઊભા રહેવું પડે; જેમકે પાર્શ્વકુમારને, પ્રભાવતીને પરણ્યા પછી પોતાની ૩૦ વર્ષની ઉંમર સુધી સંસારમાં ઊભા રહેવું પડ્યું. ૩૦ વર્ષની વયે ભોગાવલી કર્મ ક્ષીણ થયાં જાણીને ભગવાન દીક્ષા લે છે.

❖ ❖ ❖





અરિહંત સંસારનો ત્યાગ કરે છે, દીક્ષા લે છે, સંસાર ત્યાગ કરીને સંયમ સાધના કરતાં કરતાં કેવળજ્ઞાન પામે છે, અનંત જ્ઞાની બનીને શિક્ષા દીયે જનને-લોકોને આત્માનું, આત્માના કલ્યાણનું શિક્ષણ આપે છે. આત્માનું કલ્યાણ છે મોક્ષમાર્ગની આરાધનામાં. ભગવાન અર્થી જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે. ભગવાને પહેલા ભવથી મોક્ષમાર્ગની શરૂઆત કરી-તે આરાધનામાં જ્યારે પરાકાષ્ઠાએ પહોંચ્યા, ત્યારે વીતરાગ બન્યા-કેવળજ્ઞાની બન્યા ને પછીથી મોક્ષમાર્ગ બતાવવાનું-એનો ઉપદેશ આપવાનું કામ કર્યું. એ છે લોકોને પ્રભુની શિક્ષા-તે છે જીવનનું એકમાત્ર કર્તવ્ય. તેની શિક્ષા એટલે શિક્ષણ-ઉપદેશ આપનાર અનંત જ્ઞાની એ જિનેશ્વર ભગવાનને આપણે નમીએ.

**ગાથા ચોથી :** ભગવાન તીર્થંકર બન્યા એટલે કેવા બન્યા ?

**ગુણભંડાર ભગવાન : "મહાગોપ મહામાહણ કહીએ, નિર્યામક સત્થવાહ"** મહાગોપ એટલે મહાન ગોવાળિયા.

ગોવાળિયો ગાયો-ભેંસોને જંગલમાં ચરાવવા લઈ જાય, ત્યાં તેમનું રક્ષણ કરે છે. પોષણ કરે છે, ને ઘર તરફ પાછી લઈ આવે છે, તેમ ભગવાન જગતના જીવોનું રક્ષણ,-તેમના આત્મગુણોનું રક્ષણ-પોષણ કરનારા છે અને આત્મઘરમાં પાછા લઈ આવનારા છે.

પેલો સામાન્ય ગોપ છે. ભગવાન મહાન ગોપ છે.

**પ્ર.** - ભગવાન જીવોનું રક્ષણ શી રીતે કરે ?

**ઉ.** - ભગવાન જીવોને પાપોથી ને દુર્ગતિથી બચાવે એ જીવોનું રક્ષણ છે. પ્રભુ પાપની ઓળખ કરાવે છે, પાપનો ત્યાગ કરાવે છે. તેથી જીવોને દુર્ગતિમાં પડતા અટકાવે છે, સંસારના જંગલમાં જીવો ખોવાઈ ન જાય તેથી અહિતનિવારણ કરવા દ્વારા તેમનું રક્ષણ કરે છે, દુર્ગતિથી બચાવી સદ્ગતિમાં ધરી રાખે છે.

**પ્ર.** - ભગવાન જીવોનું પોષણ શી રીતે કરે છે ?

**ઉ.** - ગોવાળિયો ઢોરાંને ચારો ચરાવે છે, તેમ ભગવાન જીવોને પંચાચાર-પાલનનો ચારો ચરાવે છે, તેના પાલનથી, ચારાથી ઢોરોની તુષ્ટિ-પુષ્ટિની જેમ જીવોની તુષ્ટિ ને પુષ્ટિ કરે છે. તેથી જીવોના ઢંકાઈ ગયેલા શુભ પર્યાયો પ્રગટ થાય છે; એટલી જીવોની સમૃદ્ધિ વધે છે. આપણામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય જેટલા પ્રમાણમાં વધતાં જાય, તેટલા પ્રમાણમાં તુષ્ટિ-પુષ્ટિ થઈ કહેવાય. એ પંચાચારના

પાલનથી થાય.

અનંતજ્ઞાન માટે જ્ઞાનની સમૃદ્ધિ છે, ને તે માટે જ્ઞાનાચારનું પાલન છે.
અનાહારી પદ માટે તપની સમૃદ્ધિ છે, ને તે માટે તપાચારોનું પાલન છે.
અનંત ચારિત્ર માટે ચારિત્રની સમૃદ્ધિ છે, ને તે સારુ ચારિત્રાચારોનું પાલન છે.

અનંત વીર્ય સુધી પહોંચવું છે, તો વીર્યની સમૃદ્ધિ જોઈએ. તે વીર્યાચારના જ્વલંત પાલનથી આવે.

વીર્યાચાર તે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર ને તપાચારમાં તુષ્ટિ-પુષ્ટિ કરનાર, બલ-વીર્ય-જોમ-ઉત્સાહ દાખવવો-વધારવો એ છે.

**વીર્યાચારનું વિશિષ્ટ પરાક્રમ :** વીર્યાચાર એટલે આ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપના આચારોમાં વધતો ઉલ્લાસ, વધતો ઉત્સાહ, વધતો જોશ ને વધતું પરાક્રમ.

પ્ર. - વીર્યાચારમાં નવું પાળવાનું શું આવ્યું ? જ્ઞાનાચાર વગેરેના જે પ્રકારો છે, તે જ વીર્યાચારના પ્રકાર તરીકે ગણેલા છે, કિન્તુ જ્ઞાનાચારાદિ દરેકમાં એના અવાંતર સ્વતંત્ર પ્રકારો છે, એવું વીર્યાચારમાં એના સ્વતંત્ર પ્રકારો નથી. તો પછી વીર્યાચારને કેમ સ્વતંત્ર પાંચમો આચાર કહ્યો ?

ઉ. - જ્ઞાનાચાર આદિ દરેકના સ્વતંત્ર પ્રકાર બતાવી, આરાધકને માથે એને સ્વતંત્ર આરાધવાનો ભાર મૂક્યો છે, એવી રીતે વીર્યાચારને પણ સ્વતંત્ર આરાધવાનો ભાર મૂકવા માટે એને અલગ પાંચમા આચાર તરીકે ગણવામાં આવ્યો છે, અને એને આરાધવા માટે જ્ઞાનાચારાદિમાં જોમ-ઉત્સાહ વગેરે વધારવાના છે. એ વીર્યાચાર તરીકે નવું સ્વતંત્ર પાળવાનું આવ્યું જ ને ?

**જ્ઞાનાચારમાં વીર્યાચાર :**

પ્ર. - જ્ઞાનાચાર આદિનું સ્વતંત્ર વિધાન કર્યું તે આચરવા માટે જ કર્યું છે, તો શું એમાં પુરુષાર્થ-વીર્ય-જોમ લગાવવાનું વિધાન ન આવી ગયું ? જો પુરુષાર્થનું વિધાન ન આવ્યું હોય, તો પછી આચાર શું આચરવા માટે નહિ, પણ માત્ર જાણવા માટે જ કહ્યા છે ? અને જો આચરવા માટે પણ છે તો એમાં પુરુષાર્થનું વિધાન તો હોય જ; એટલે કે જ્ઞાનાચાર આદિનાં વિધાનથી એમાં પુરુષાર્થનું વિધાન આવી જ ગયું, પછી મફતિયો વીર્યાચાર અલગ બતાવવાનું શું કામ ?

ઉ. - વાત ડહાપણભરી છે, પરંતુ અહીં વિવેક પૂર્વક સમજવાનું છે કે જ્ઞાનાચારાદિના વિધાનમાં અલબત્ એના પુરુષાર્થનું વિધાન આવી જાય છે, કિન્તુ તે તો ચાલુ પુરુષાર્થ રખાયા કરાય તોય જ્ઞાનાચારાદિ પાળ્યા ગણાય. એટલે એમ



પાળીને મન સમજશે કે જ્ઞાનાચારાદિ પાળવાનું કર્તવ્ય પૂરું થયું, જ્યારે ખરેખર તો દિનપ્રતિદિન પુરુષાર્થનો વેગ વધારવાનો છે, જોમ-ઉત્સાહ-ઉલ્લાસ-તન્મયતા વગેરે વધારતા રહેવાનું છે, એ વીર્યાચારના સ્વતંત્ર આચારનો ભાર માથે આવે તો જ બની શકે :

પ્ર. - એમ શા માટે ? જ્ઞાનાચારાદિનું વિધાન અધિકાધિક જોમ-ઉત્સાહ-ઉલ્લાસ સાથેનું જ હોય તો તો પછી વિધાનથી જ વધતા જોમ-ઉલ્લાસવાળા જ્ઞાનાચાર આદિ સેવવાનો ભાર આત્માને માથે આવી જ જશે. પછી વીર્યાચારના સ્વતંત્ર વિધાનની શી જરૂર ?

ઉ. - એમ તો ચાર આચારને પણ જુદા બતાવવાની શી જરૂર છે ?-એવો સવાલ થઈ શકશે; કેમકે એકલા જ્ઞાનાચારનું જ વિધાન એવી રીતનું કરે કે દર્શનાચાર આદિના જે પ્રકારો છે, તે સહિત જ જ્ઞાનાચારનું પાલન કરવું એટલે પછી આચાર કેટલા ? તો કે એક -જ્ઞાનાચાર, એમ જ આચાર બતાવવો પડે; કિન્તુ એમ નથી ચાલી શકતું, કારણ કે જોકે વિદ્વાન પુરુષ તો એક જ આચારના આ જાતના વિધાનથી બીજા આચાર પાળવાનું સમજી શકે, પણ જન-સામાન્ય બાળજીવો એ રીતે સમજી ન શકે. એ તો બિચારા એમ જ સમજી બેસે કે આપણે મુખ્ય પાળવાનો આચાર એક માત્ર જ્ઞાનાચાર જ. તેથી દર્શનાચાર : ચારિત્રાચાર વગેરે પર સ્વતંત્રભાર આપવાનું નહિ કરે ને એથી દર્શનાચાર આદિ એને મન ગૌણ થઈ જશે ને એમ થાય તે ખોટું છે; કેમકે જેટલું જ્ઞાનાચારનું મહત્ત્વ છે, તેટલું જ દર્શનાચારનું; તેટલું જ ચારિત્રાચારનું ને એટલું જ તપાચારનું મહત્ત્વ છે. બાળજીવને આ દરેકનું મહત્ત્વ બરાબર ખ્યાલમાં આવે એ માટે એ દરેક આચારના સ્વતંત્ર વિધાન કરવા જોઈએ.

બસ, જો આ સમજાઈ જાય તો હવે વીર્યાચારનું સ્વતંત્ર મહત્ત્વ કેમ ? તે સમજાઈ જશે; કારણ કે પૂર્વે કલ્પના કરી તેમ, વધતા જોમ-ઉલ્લાસ સાથે જ્ઞાનાચાર આદિ ચારના પ્રકારો સેવવાનું વિધાન કરવામા આવે તો બાળજીવનું મન એ જ્ઞાનાચારાદિના પ્રકારોને જ મહત્ત્વ આપશે, અને વધતા જોમ-ઉલ્લાસ વગેરે એને મન ગૌણ થઈ જશે; જ્યારે વીર્યાચારને એક સ્વતંત્ર આચાર બતાવ્યો, તો એથી બાળજીવો વીર્યાચાર તરીકે અથાગ જોમ, અથાગ ઉલ્લાસ, અથાગ ઉત્સાહ વગેરેને સ્વતંત્ર કર્તવ્ય સમજશે. એટલે પછી જેમ જ્ઞાનાચાર આદિનો પુરુષાર્થ એ સ્વતંત્ર કર્તવ્ય છે, અને તેમાં જોમ-ઉલ્લાસ-ઉત્સાહ વધારવાનું કર્તવ્ય એ પણ સ્વતંત્ર કર્તવ્ય છે, એમ બાળજીવ સમજી શકશે. એટલા જ માટે, પ્રકારોમાંના દરેકે દરેક

પ્રકારને આચરવાનો તો ખરો જ, પરંતુ આ પાંચમા આચાર-વીર્યાચારના વિધાનની રૂએ એ દરેક પ્રકારમાં સહેજ પણ શક્તિ ન ગોપવવી, તેમજ એ આચાર પાલનમાં નિત્ય નવો ઉલ્લાસ, નવો ઉત્સાહ, નવો ઉછરંગ, નવું પરાક્રમ-જોમ-એકાકારતા-તન્મયતા વગેરે પણ વધતા રાખવાના એ સ્વતંત્ર વીર્યાચારનું પાલન થયું.

આ જો ધ્યાનમાં રહે તો જ્ઞાનાચારના પાલન તરીકે જ્ઞાન "ભણવાનું તે ભણી કાઢવાનું." એમ મુડદાલગીરીથી, તથા વચમાં ડાફોળિયાં ને બીજા વિચારો સાથે ભણીએ, એટલેથી બસ થઈ જાય. કિન્તુ, એમાં જોર-પરાક્રમ-ઉત્સાહ-ઉલ્લાસ-વગેરે વધતા રાખવાનું ભાન નહિ રહે. એ તો સ્વતંત્ર વીર્યાચારનું પાલન પણ માથે છે, એવું મનને રહે તો જ વીર્યાચારના પાલન તરીકે એ જોમ-ઉત્સાહ વગેરેને દરેક આચારના પાલનમાં વધાર્યા કરાય.

અર્થાત્ જ્ઞાન ભણવામાં નિત્ય નવો ઉત્સાહ, અધિક ઉલ્લાસ તથા અધિકાધિક એકાકારતા-તન્મયતા લાવ્યે જવાની.

એમ વીતરાગ પ્રભુનું દર્શન કરાય, એ સમ્યગ્દર્શનની કરણી છે. એમાં સ્વતંત્ર વીર્યાચારના પાલનનો ખ્યાલ રાખીને જો એ કરાય તો દર્શનમાં જોમ-ભાવોલ્લાસ વગેરે વધારતા રખાય.

એમ ઉપવાસ કર્યો, એ તપાચાર તો પાળ્યો, પરંતુ જો વીર્યાચાર પાલનનો અતિ જરૂરી કર્તવ્ય તરીકે ભાર માથે નથી, તો ઉપવાસ મુડદાલગીરીથી પૂરો થશે. હજુ તો સવારે દશ વાગ્યા હશે, ત્યાં વ્યાખ્યાનમાં મોઢું દિવેલ પીધા જેવું કરી લમણું હાથ પર ટેકાવી માથું નીચું ઘાલીને બેસશે. એને પૂછો, "કેમ ભાઈ ! આમ ? કાંઈ બિમાર છો ?" તો રોતડગીરીથી કહેશે : "આજ મારે ઉપવાસ છે." અલ્યા અત્યારમાં ઉપવાસ ? સાંજ પડ્યે મનની નબળાઈ ભારે વધી જશે, એટલે ઉપવાસના જાણે હક્કની રૂએ આખું પ્રતિક્રમણ બેઠો બેઠો કરશે. અલબત્ત, આમાં તપાચાર તો પાળ્યો, પરંતુ તેમાં ભલીવાર નહિ, કારણ કે વીર્યાચારના પાલનની ખામી રહી.

જો તપાચારની જેમ વીર્યાચારનો પણ માથે ભાર હોત તો સવારથી જ "અનાદિની પેંધેલી અને ભવના ફેરા વધારનારી પાપિણી આહારસંજ્ઞાને કચડવાનો આજે ખરેખરો મોકો મળ્યો છે, ધન્ય અવતાર ! ધન્ય શાસન !" એમ માનીને ઉપવાસમાં વધતું વીર્ય-જોમ-ઉત્સાહ દાખવવા પ્રયત્ન ચાલુ રહેશે. એમ વિચારી વીર્યાચારના પાલન તરીકે ઉપવાસમાં ભારે ઉત્સાહ-ઉછરંગ વગેરે જરૂર રખાશે.

જો આ ઉલ્લાસ-ઉત્સાહવૃદ્ધિ ન રખાય તો ઉપવાસ આદિ કરવા છતાં



વીર્યાચારનો ભંગ કર્યો કહેવાય; અને વીર્યાચારના ભંગથી વીર્યાંતરાય કર્મ બંધાય.

આ કેવી કમનસીબી કે જ્ઞાનાચાર આદિના આચારો પાળવા છતાં, એમાં જોમ (પરાક્રમ) ઉલ્લાસ-ઉત્સાહ ન રાખવા-ન વધારવાના કારણે વીર્યાચારનો ભંગ થવાથી વીર્યાંતરાય કર્મ પણ સાથે બાંધતો રહે !

**દર્શનાચારમાં વીર્યાચાર :** એવી રીતે દર્શનાચારમાં પહેલો નિઃશંકિત આચાર પાળવાનો એટલે ભગવાનના વચનમાં લેશમાત્ર શંકા નહિ કરવાની. હવે જો એને પૂછો, 'કેમ ભાઈ ! શાસ્ત્રની આ વાત તમને મગજમાં બેસે છે ?' તો જો વીર્યાચાર પાલનનો ભાર માથે નહીં હોય તો રોતડની જેમ કહેશે : 'ભાઈ ! શું કરીએ ? બેસતી તો નથી, પણ હવે ભગવાનના વચનમાં શંકા તો ન કરાય, એટલે માની લેવાનું.' એમ મુડદાલગીરીથી નિઃશંકિત આચાર પાળશે.

ખરેખર, જો ત્યાં વીર્યાચાર સાથે રાખ્યો હોય તો જવાબમાં કહેશે, "અરે ! તમે આ શું બોલ્યા-'બેસે છે ?' સર્વજ્ઞ ભગવાનનાં વચન એટલે ત્રિકાલાબાધ્ય સત્ય; એમાં મીનમેખ ફેરફાર નીકળે નહિ. મારી ને તમારી બુદ્ધિ કેટલી કે એવા અનંતજ્ઞાનીના વચન પર તર્ક-વિતર્ક કરવા નીકળી પડીએ ?" આમ આવો નિઃશંકિત આચાર ખૂબ જોમ-ઉત્સાહ અને વધતા ઉલ્લાસથી પળાય. તો એ લેખે લાગે. એ માટે દર્શનાચાર સાથે વીર્યાચારનું પાલન જોઈએ.

**ચારિત્રાચારમાં વીર્યાચાર :** એમ ચારિત્રાચારમાં દાખલા તરીકે 'ગમનાગમન' વિધિમાં નીચું જોઈને તો ચાલશે, પરંતુ સાથે વીર્યાચારનો એટલે વધતા, ઊછળતા ઉત્સાહ-ઉલ્લાસનો અમલ નહીં હોય : તો 'પરાણે પ્રીત'ની જેમ નીચું જોતો રહેશે. કોઈ પૂછે : 'કેમ ભાઈ, નીચું જોઈને ચાલો છો ?' તો કહેશે 'ભાઈ ! સાધુ થયા એટલે એમ જ ચાલવું પડે, નહીંતર પાપ લાગે.' ત્યાં જો વીર્યાચારનો ભાર માથે હશે, તો સાથે એટલો બધો ઉલ્લાસ-ઉત્સાહ હશે કે ઉપરોક્ત પ્રશ્નના જવાબમાં તે કહેશે 'અરે ! આપણાં અહોભાગ્ય કે આપણને જિન શાસન મળ્યું, જેણે જીવરક્ષા માટે ઈર્યાસમિતિ (નીચું જોઈને ચાલવું) વગેરે ઉચ્ચ કોટિના ધર્મ બતાવ્યા.'

એથી એમાં જીવદયાનો પરિણામ વધતો જાય તેમજ ભગવાને બતાવેલ ક્રિયામાં અહોભાવ વધતો જાય. આ બધું સ્વતંત્ર વીર્યાચાર્યના પાલનનો ભાર માથે રખાય તો જ બને, કેમકે એ વીર્યાચારના પાલનમાં જોમ વધારવાનું છે એટલે માનસિક પરાક્રમ અર્થાત્ અત્યંત ઉપાદેયભાવના વિચાર સાથે મનની એકાકારતા-તન્મયતા વધારવાની છે, ને સાથે મનનો ઉછરંગ-ઉત્સાહ પણ ખૂબ જ વધારવાના છે.

આવા સ્વતંત્ર વીર્યાચારપાલનના મહત્ત્વના હિસાબે જ જ્ઞાનાચારાદિના એકેક પ્રકારનું આચરણ જોમ-વેગ-force-પાવરવાળું બને છે, કે જે અવસર આવ્યે વીતરાગ-સર્વજ્ઞ બનાવી દે છે.

દા.ત. વલ્કલચીરી રાજકુમાર મૂળ તાપસકુમાર. અવસ્થાના ભાંડાનું વીર્યાચારની પ્રબળતા સાથે પડિલેહણ કરતાં કરતાં કેવળજ્ઞાન પામી ગયા.

ભરત ચક્રવર્તી અનિત્યતાની ભાવના પર ધ્યાન નામના તપાચારમાં ચડ્યા ત્યાં સાથે વીર્યાચારનો વેગ આપતા ગયા, ને કેવળજ્ઞાન પામ્યા.

આમ જ્ઞાનાચારના ૮ ભેદ, દર્શનાચારના ૮ ભેદ, ચારિત્રાચારના ૮ ભેદ, તપાચારના ૧૨ ભેદ મળી ૩૬ ભેદ તે વીર્યાચારના ૩૬ ભેદ છે, અને એ દરેકમાં પ્રબળ વીર્ય ફોરવવાનું છે.

જ્ઞાનાચાર વગેરે દરેકમાં વીર્યાચાર ભેળવવાનો છે, તેથી તન્મયતા વધતાં ઉત્સાહ વધતો હોય છે, જોમ વધતું હોય છે, પછી સાધના થાય તે આત્મસાત્ થાય.

**તપાચારમાં વીર્યાચાર :** દા.ત., અનશન ઉપવાસ કરે. એમાં વધતું જોમ હોય, એટલે ઉપવાસમાં Power આવે, ઉત્સાહ વધતો જાય, સાંજ પડતાં પડતાંમાં એટલો ઉત્સાહ વધી જાય કે એને થાય કે 'આવતી કાલે ઉપવાસ કરી લઉં.' આવો વિચાર - આવો ભાવ થાય.

પ્ર. - તો બીજે દિવસે તેવો ભાવ-વિચાર કેમ નથી કરતો ?

ઉ. - બીજે દિવસે સવારે તે ભાવના ભાવે જ છે કે "ભગવાને છમાસી તપ કર્યો છે, તે સંયમ-યોગો સાધીને હું કરી શકીશ ?" સંયમ અને યોગને સલામત રાખીને તપ કરવાનો છે.

આમાં 'સંયમ' એટલે જીવજતના-જીવરક્ષણ તથા ઇન્દ્રિય સંયમ વગેરે. 'યોગ' એટલે સાધ્વાચાર-સાધુપણાનો આચાર. તેમાં આવશ્યક ક્રિયા, સ્વાધ્યાય, સેવા, વૈયાવચ્ચ એ પ્રધાન આચાર છે.

પ્ર. - આવશ્યક ક્રિયા પ્રધાન કેમ ?

ઉ. - એનાથી પાપનાશ અને સમભાવની સાધના થાય છે.

પ્ર. - સ્વાધ્યાય પ્રધાન કેમ ?

ઉ. - એનાંથી સમ્યક્ તત્ત્વબોધ, તત્ત્વ રમણતા વધતી જઈ, પાપવિકલ્પોથી બચાય છે, ને શુભ ભાવ અખંડ રહે છે.



**વૈયાવચ્ચની પ્રધાનતા :** પ્ર. - સેવા ને વૈયાવચ્ચ પ્રધાન કેમ ?

ઉ. - તે એટલા માટે કે સેવા ને વૈયાવચ્ચ સ્વાર્થનો હ્રાસ કરે છે, નાશ કરે છે, જેને સેવા વૈયાવચ્ચ ખપતા નથી, તેનામાં સ્વાર્થબુદ્ધિ વિસ્તાર પામે છે, સ્વાર્થ બુદ્ધિ પોષાયેલી રહે છે; અને તે જો હોય ને બીજું તપ, સ્વાધ્યાય વગેરે ઘણુંય કરે, તો પણ સ્વાર્થ વૃત્તિના હિસાબે, મનની સંકુચિતતાથી ગુણસ્થાનની પરિણતિ વધતી નથી.

આ સંયમ ને યોગ એ એકલા તપનાં આચરણ કરતાં મહાન વસ્તુ છે, તેથી સવારે તપભાવનામાં મનને થાય છે કે 'બીજો ઉપવાસ લઈશ, તો આ સંયમ-આ યોગ નહિ સચવાય,-સીદાશે. માટે અધિક મહત્ત્વના સંયમ-યોગ સાચવી લઈ, બીજે દિવસે તપભાવના વધવા છતાં જતો કરવો પડે છે.

ક્યાં એકલા તપની પરિણતિ ? ને ક્યાં અતિમહાન સંયમ યોગોની પરિણતિ ? પરિણતિનો વિચાર નથી કરતા તેથી બાહ્યમાં ભૂલા પડીએ છીએ કે સંયમ યોગો ભલે સીદાય, ઉપવાસ કરવાનો; તે સૂતા રહીને કરીએ તો ચાલે.'

અસ્તુ. વાત એ છે કે દરેક આચારમાં વીર્યાચાર-પાલન તરીકે જોમ ઉત્સાહ ખૂબ ભેળવવા જોઈએ, તો જ આત્માની શુદ્ધ પરિણતિ વધતી ચાલે. ધ્યાનમાં રહે કે એ પરિણતિ એ વાસ્તવ ધર્મસ્વરૂપ હોઈ, બાહ્યધર્મ બધો કરીને સરવાળે આંતરિક પરિણતિ અવશ્ય ઘડવાની જગાવવાની છે. તો જ એ ધર્મરૂપ બને.

કોઈ પૂછે : - ધર્મ શું છે ?

ઉ. - ધર્મ એ આંતરિક પરિણતિ છે. **षोडशक** માં લખ્યું છે કે "ધર્મશ્ચિત્ત-પ્રભવો".

ધર્મ તે ચિત્તમાં જન્મનારો છે. એમ કહેતા નહિ, કે-

પ્ર. - ધર્મ જો આત્મ-પરિણતિ રૂપ છે તો બાહ્ય ધર્માચારની શી જરૂર છે ?

ઉ. - બાહ્ય ધર્મ તો આંતરિક પરિણતિને પ્રગટ કરનાર છે, પુષ્ટ કરનાર છે, માટે જરૂરી છે. જો બાહ્ય ધર્મ-આચરણ નહિ હોય તો પાપાચરણ ચાલુ રહેવાનાં, ને એથી કાંઈ અંતરમાં ધર્મ-પરિણતિ ન જાગે. ત્યાં તો પાપ-પરિણતિ જ પોષાયા કરવાની. રોજ આફૂસના રસ ને ચીરિયાં ઉડાવવાં છે, ને અંતરમાં વીતરાગ-ભાવની પરિણતિ તરફ લઈ જતી વિરક્તતાની પરિણતિનો દાવો રાખવો છે, એ ઢોંગ ધતૂરો છે. એ તો બાહ્યથી થોડો પણ આંબાનો ત્યાગ-ધર્મ પાળે તો જ અંતરમાં કંઈક પણ વિરક્તતાની પરિણતિ જાગે.

**સારાંશ :** બાહ્યધર્મ આંતરિક પરિણતિ માટે ખૂબ જ જરૂરી છે. અલબત્ત એટલું ધ્યાનમાં રહે કે જો બાહ્યધર્મ સેવવા છતાં આંતરિક પરિણતિ ન ઘતી હોય, તો બાહ્યધર્મ નકામો ગયો સમજી સાવધાન થઈ જવાનું, અને બાહ્યધર્મ કરવા સાથે આંતરિક પરિણતિ ઘડતા રહેવાનું. એમાં ચૂકવાનું નહિ. સાધક આત્મા વારેવારે પોતાની આંતરિક પરિણતિને તપાસે. એ તપાસનાર ઘણા અપાયોથી-નુકસાનોથી બચી જાય છે.

દા.ત. કોઈ સાધુની પરિણતિ સંયમની ચાલી રહી છે; હવે કોઈએ એની ચીજ આઘીપાછી કરી, કે કાંઈક કોઈ એને ભારે બોલી ગયો, તેમાં જો એણે ગુસ્સો કર્યો, તો એની ધર્મ-પરિણતિ ગઈ ! પરંતુ "નુકસાન કરનારને બેવડું વાત્સલ્ય !" એમ કરે તો ધર્મ પરિણતિ વધે. પરિણતિનો જો આ ખ્યાલ હોય, તો ઘણી રીતે બચી જવાય.

એમ દેરાસરે ગયા. ત્યાં સ્ત્રી નજરમાં આવી. ભગવાનના દર્શન કરતા હોઈએ, અને આપણી પરિણતિનો ખ્યાલ હોય તો તેનાથી બચવા તરત આંખ મીંચી દેવાય; ને ભગવાન આબેહૂબ જોતા રહેવાય, 'કેમકે આ જોવા જઉં તો વીતરાગ ભૂલાય. એટલું જ નહિ, પણ વીતરાગની જિજ્ઞાસાય ખલાસ થઈ જાય !' એ ભય છે, એ ખ્યાલ છે, ને એમ આંતરિક પરિણતિ બગડવા દેવી નથી.

વીતરાગ દર્શનની ઇચ્છા-જિજ્ઞાસા એ ગુણ છે. તે જિજ્ઞાસા, સ્ત્રીદર્શન કરો, તો મરી જાય. ત્યાં દર્શનની પરિણતિ ઊભી કરવી છે, તો ત્યાં સ્ત્રી તરફ આંખ મીંચાઈ જ જાય, અથવા નીચી પડી જ જાય. સ્ત્રી આજના જમાનાની, એટલે માથાં ઊઘાડાં હોય, આપણી નજરમાં આવે ત્યાં આપણે આપણી સલામતી જોવાની.

પોતાની પરિણતિ પર સખત ચોકી રાખે તે જ આ તોફાની જગતમાં બચી શકે.

વાત આ છે કે બાહ્ય શુભ આચાર પણ એટલા જ જરૂરી છે, ને આંતરિક શુભ પરિણતિ પણ એટલી જ જરૂરી છે.

ભગવાન જીવોને વીર્યાચાર સહિત જ્ઞાનાચાર આદિ પાંચ આચારનું પાલન અને એ આચારોને અનુરૂપ આંતરિક પરિણતિનું ઘડતર આપી જીવોનું રક્ષણ અને તુષ્ટિ-પુષ્ટિ કરે છે.

જેમ ગોવાળિયો ગાય-ભેંસોને સીમમાં ચરાવે છે, અને શિકારી પશુથી તેનું રક્ષણ કરે છે, તેમજ જંગલમાં ભટકી પડતી બચાવે છે, એવી રીતે તીર્થંકર ભગવાન ભવ્ય જીવોને સંસારમાં દુષ્ટ ભાવોથી બચાવે છે, દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-વીર્યનો



ચારો ચરાવે છે, ધર્મ પરિણતિનું પોષણ કરે છે, તેમજ સંસારની ચારે ગતિમાં ભટકી પડતા બચાવે છે. એ કામ દુનિયાના ગોવાળિયા-ગોપ નથી કરી શકતા, માટે ભગવાન મહાગોપ કહેવાય છે.

એવા પ્રભુ વળી કેવા કેવા બિરુદ ધરાવે છે તે હવે કહે છે :

**"......મહામાહણ કહીએ, નિર્યામક સત્થવાહ"**

**ભગવાન મહામાહણ છે. અરિહંત અને માહણ :**

'માહણ' શબ્દ ચક્રવર્તી ભરત મહારાજાના વખતથી ચાલુ થયો છે. એમના રસોડે જમતા લાખો સાધર્મિક શ્રાવકોને આ એક કર્તવ્ય સોંપેલું કે 'તમારે હું રાજદરબારમાં બેસું, ત્યારે મને **"जितो भवान्, वर्धते भी:, मा हण मा हण"**- આ શબ્દ રોજ સંભળાવવા. તેનો અર્થ "તમે (આંતરશત્રુ રાગ દ્વેષાદિથી) જીતાઈ ગયેલા છો, (તેથી તમારે ભવભ્રમણનો) ભય વધે છે, (માટે અમે તમને ભારપૂર્વક કહીએ છીએ કે) 'તમે તમારા આત્માની ને જીવોની હિંસા ન કરો, હિંસા ન કરો."

ભરત મહારાજા પોતાની આંતરજાગ્રતિ માટે સાધર્મિકો પાસેથી રોજ આ ઉપદેશ સાંભળતા. એટલે જેમ એ સાધર્મિકો ભરત ચક્રવર્તીને જીવ-અહિંસા, અને આત્મ-અહિંસાનો ઉપદેશ કરતા હોવાથી એ સાધર્મિકો-માહણ કહેવાયા. એવી રીતે ભગવાન જગતના ભવ્ય જીવોને સર્વથા પર જીવ-અહિંસા અને આત્મ-અહિંસાનો ઉપદેશ કરતા હોવાથી સ્વપર ઉભય પ્રત્યે સર્વે સર્વા અહિંસક બન્યા; એટલે ભગવાન મહામાહણ કહેવાય છે.

**સ્વ અહિંસા અને પર અહિંસા :** જૈનશાસનની આ સ્વ-અહિંસા અને પર-અહિંસા આત્મહિતાર્થીએ ખૂબ સમજવા જેવી છે.

**દ્રવ્યશસ્ત્ર :** પ્રભુએ પર-અહિંસા એ રીતે સમજાવી કે જીવોને માટે છરી, તલવાર, ભાલા જેમ શસ્ત્ર છે, એમ યાવત્ મીઠાજલના જીવો માટે ખારું જલ, ગામ બહારની મિશ્ર પૃથ્વીકાયિક જીવોની રજ માટે નગરની અચિત્ત રજ. બહારના સજીવ વાયુ માટે મુખની ફૂંકનો અચિત્ત વાયુ, શસ્ત્રરૂપ બને છે...ઇત્યાદિ શીખવીને એ શસ્ત્રોનો ઉપયોગ ન કરી એવા એકેન્દ્રિય સુધીના જીવોની અહિંસાનો મહાન ધર્મ શીખવ્યો. પ્રભુનો આ ઉપદેશ શ્રી આચારાંગ સૂત્રના 'શસ્ત્રપરિજ્ઞા' નામના પહેલા અધ્યયનમાં કંડારાયેલ છે,

**ભાવશસ્ત્ર :** એવી રીતે તીર્થંકર શ્રી મહાવીર ભગવાને પોતાના આત્માની અહિંસાનો પણ ઉપદેશ શ્રી આચારાંગ સૂત્રના **'लोकविजय'** નામના બીજા

અધ્યયનમાં એ રીતે આપ્યો કે **जे गुणे से मूलट्ठाणे** અર્થાત્ જે ગુણ એટલે કે કામગુણો શબ્દાદિ વિષયો છે, તે સંસારના મૂળરૂપ રાગદ્વેષાદિકષાયોનું સ્થાન છે, આશ્રય છે, અર્થાત્ શબ્દાદિ વિષયોના કારણે રાગાદિ કષાયો ઊઠે છે અને એના પર સંસારરૂપી વૃક્ષ ઊગે છે, વધે છે, જેમાં આ વિષયોમાં આસક્ત થઈ, રાગાદિ કષાયો કરનાર જીવને ભારે દુઃખ સહન કરવાં પડે છે. આ જે જીવની પોતાની હિંસા થાય છે, એમાં મૂળ કારણભૂત, વિષયો અને રાગાદિ કષાયો થયા, માટે એ વિષયો ને રાગાદિ કષાયો જીવને માટે શસ્ત્રરૂપ બને. એને ભાવશસ્ત્ર કહેવાય.

પ્રભુ ભવ્ય જીવોને આ પણ ઉપદેશ કરે છે કે "તમે શબ્દાદિ વિષયો અને રાગાદિ કષાયોરૂપી ભાવશસ્ત્રોનો પ્રયોગ ન કરો અને એ રીતે તમારા પોતાના આત્માની હિંસાને અટકાવી, દુર્ગતિ દુઃખોથી બચાવો, સ્વાત્મ-અહિંસા પાળો." 'મા હણ, મા હણ' એવો ભરત મહારાજાને સાધર્મિકોનો ઉપદેશ આ ભાવથી પણ ભરેલો છે. કે તમે રાગાદિ જે આંતર શત્રુથી જિતાયેલા છો તેને હટાવીને તમારા પોતાના આત્માની પણ હિંસા ટાળો. સાધર્મિકોના આ ઉપદેશની પાછળ ખરેખર શ્રી ઋષભદેવ ભગવાનનો જ ઉપરોક્ત ઉપદેશ કામ કરી રહ્યો હતો, માટે ભગવાન 'મહા-માહણ' કહેવાયા.

ઉત્કૃષ્ટ અહિંસા-સૂક્ષ્મમાં સૂક્ષ્મ અહિંસાનો ઉપદેશ કરનાર આ ભગવાન છે.

એમ તો અહિંસા બધા કહે છે, પણ તે જીવોને પૂરેપૂરા ઓળખાવ્યા વગર કહે છે. ભગવાને પંચેન્દ્રિયથી એકેન્દ્રિય સુધીના સમસ્ત જીવોની ઓળખાણ કરાવી છે, અને ભગવાન પછી કહે છે : "આમની રક્ષા કરો" એટલે સર્વ જીવોની અહિંસા ઉપદેશનાર પ્રભુ સાચા મહામાહણ છે.

**'ભગવાન નિર્યામક છે' અરિહંત અને નિર્યામક :-**

સંસાર એક સમુદ્ર છે. જીવો તેમાં ફસાયેલા છે, એમાં એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવો સમુદ્રની અંદર ડૂબાડૂબ છે. તેથી એમને 'હું ઊંચે છું, નીચે છું' એવું કશું ભાન નથી. સંજ્ઞી પંચેન્દ્રિય જીવો સમુદ્રની સપાટી પર છે, એમને બીજા જીવો કરતાં ઊંચે હોવાનું ભાન થઈ શકે છે. એમને સામે કિનારો દેખી શકાય છે, તેમ જ કિનારે પહોંચવા માટે ચારિત્ર ધર્મનું જહાજ દેખાય છે. માત્ર મનુષ્યોને એ જહાજ મળી શકે છે. એ જહાજને ચલાવનાર મુખ્ય નિર્યામક-સુકાની તીર્થંકર ભગવાન છે. એ મનુષ્યોને ચારિત્ર ધર્મના જહાજમાં બેસાડે અને એનું સંચાલન કરી મોક્ષના કિનારે ઉતારે, અર્થાત્ સમ્યક્ દર્શનપૂર્વકના ચારિત્ર ધર્મનું દાન કરે છે, અને એના વિધિ વિધાન બતાવી પાલન કરાવે છે, ને ક્રમશઃ મોક્ષ



પ્રાપ્ત કરાવે છે. માટે ભગવાન નિર્યામક છે.

**'ભગવાન સાર્થવાહ છે.' અરિહંત અને સાર્થવાહ :-**

સાર્થવાહ સાર્થને-કાફલાને અટવીમાંથી સમૃદ્ધ નગર તરફ લઈ જાય છે. લઈ જતાં પહેલાં ટહેલ પાડે છે.

દા.ત. "અહીંથી વસંતપુર નગરે સાર્થ જાય છે. જેને ત્યાં જવું હોય તે સાર્થમાં ખુશીથી જોડાઈ જાવ, અટવીમાં રક્ષણ મળશે, જેને સાધન સામગ્રી નહિ હોય તેને તે પણ મળશે."

અર્થાત્ વચમાં અટવીમાં ચોર, હિંસક પશુનો ભય હોય, તેમાંથી રક્ષણ આપવાની, તેમજ અટવીમાં મુકામ કરવાનો હોય તો સાધન વિનાને-ખાવાપીવાની જવાબદારી સાર્થવાહ માથે લે છે.

ભગવાન સાર્થવાહ છે. 'સાર્થ' એટલે મોક્ષે જનારો ચતુર્વિધ સંઘ. પ્રભુએ શાસન સ્થાપીને સંઘ સ્થાપ્યો છે. સંઘના પોતે અધિપતિ સાર્થવાહ બન્યા છે. સંસાર અટવી પાર કરી, મોક્ષ નગરીએ તે સંઘને પહોંચાડનારો રાખ્યો છે. જેમ સાર્થ ગામે ગામ ફર્યો, "આવો, જોડાઓ..." ગામે ગામથી લોકો જોડાતા જાય છે. નીકળ્યા ત્યારે ૫૦૦ હતા ને પહોંચતાં ૧૫૦૦ થઈ જાય, એમ ભગવાન પણ ગામે ગામથી સંઘ વધારે છે. તેથી ભગવાન સાર્થવાહ છે.

## નિર્યામક અને સાર્થવાહ વચ્ચે ફરક :

પ્ર. - ભગવાન નિર્યામક અને સાર્થવાહ છે, તો તે બંને વચ્ચે શો ફરક ?

ઉ. - નિર્યામક તત્ત્વ દર્શન કરાવે, સાર્થવાહ માર્ગદર્શન કરાવે.

(૧) નિર્યામક તે સમુદ્ર-પ્રવાસ માટે હોય અને સાર્થવાહ ભૂમિ-પ્રવાસ માટે હોય. સંસારને સમુદ્ર કહીએ ત્યારે પ્રભુ નિર્યામક, ને સંસારને અટવી કહીએ ત્યારે પ્રભુ સાર્થવાહ, (આનો વિચાર પછીથી કરીએ) અથવા

ભગવાન આત્માદિ તત્ત્વને અને મોક્ષના માર્ગને બતાવનારા છે. જગતને આટલું જોઈએ છે : ૧. તત્ત્વનો પ્રકાશ અને ૨. માર્ગની ઓળખ. આ બેની ઓળખ થાય પછી પોતે સડસડાટ સાધનાની ગાડી ચલાવે. ત્યાં તત્ત્વ તે આત્માનું તત્ત્વ જાણ્યું. અને ધર્મ તે સમ્યક્ પરિણતિ અને તદનુકૂળ સમ્યક્ આચરણ એ માર્ગ જાણ્યો.

**"स्वात्मानं रक्ष, ! स्वात्मानं भज ।"** "પોતાના આત્માનું રક્ષણ કર;"

ને "પોતાના આત્માને ભજ," અર્થાત્ પોતાના આત્માનો આશ્રય લે, આત્માને ઉદ્દેશીને જ સારું કર. બાકીનાને ભજીશ નહિ. અને તેની જે શુભ પરિણતિ, સત્‌પરિણતિ-ધર્મપરિણતિ, તેને વધાર.

આમાં પૈસા ટકાની જરૂર નથી.

**સંવર પરિણતિ અને ચિલાતી પુત્ર :** ચિલાતી પુત્ર ખૂની ચોર હતો. તેને મહાત્મા મળી ગયા. તે ધ્યાનમાં ઊભા હતા જંગલમાં. તલવાર ઉગામી તે કહે છે : "બોલ, શું સમજે છે ?" મહાત્મા બોલ્યા : "ઉપશમ, વિવેક, સંવર." તે બોલીને મહાત્મા આકાશમાં ઊડી ગયા; કેમકે તે વિદ્યાધર ચારણ મુનિ હતા.

તત્ત્વની ઓળખ ઉપશમ અને વિવેકથી મળી ગઈ ને ભાન થયું અને માર્ગની ઓળખ સંવરથી થઈ-માર્ગ તે આંતરિક સંવર-પરિણતિ, સર્વ આશ્રવનિરોધ; અને બાહ્યથી સર્વસંગનો ત્યાગ, યાવત્ પોતાની કાયાની પણ સુખાકારિતા નહિ જોવાની. તાત્પર્ય, કાયોત્સર્ગ. બસ, ચિલાતીપુત્ર ત્યાં જ બધું વોસિરાવી કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભો રહી ગયો, શરીર કીડીઓએ વીંધી નાખ્યું, છતાં 'અપ્પાણં વોસિરામિ'. તે ચિલાતીપુત્ર ખૂની મટી, મહાત્મા બન્યા; તેનું કારણ તત્ત્વદર્શન અને પરિણતિ હતું.

**આત્મ-પરિણતિ અને ચંડકોશિક નાગ :** ચંડકોશિયો ઝેરી નાગ મટી, ચંડકોશિક મહાત્મા બન્યા. ભગવાને આત્માની તેને ઓળખ કરાવી. તેણે આત્માને ઓળખ્યો, કીડીઓ ચટક ચટક ચટકા દે છે, ત્યારે વિચારે છે : "દેવા દેને. આ ચટકા શરીરને છે, આત્માને નથી. આત્મા કોચાતો નથી, આત્મા અખંડ છે. વળી ચટકાથી બચવા હાલું તો કીડીઓ બિચારી મરે. હવે તો અહિંસા લીધી તે લીધી."

ભગવાને એને તત્ત્વ-દર્શન ને પરિણતિ આપી : "બુજ્ઝ ! બુજ્ઝ ! ચંડકોશિયા ! બોધ પામ, બોધ પામ."

આ શું કહે છે ? એ જ, "બહારને જોવાનું શું ? આવેશ શા માટે કરે છે ? બોધ પામ, અંદર સ્વાત્માને જો," ચંડકોશિયાને જાતિસ્મરણ થયું, એણે અંદરમાં જોયું. ફૂંફાડાનો પાવર-power ઊતરી ગયો ! વિરતિ કરી, પંદર દિવસના ઉપશમ સંવર સહિત ધ્યાનમાં રહેતાં વર્ષોનાં પાપના ફુરચા ઉડાવી દીધા ! ઢોરોને, માણસોને, પક્ષીઓને મારી નાખવાનું પાપ તે પંદર દિવસમાં ફૂટ્ટફૂટ્ટ સ્વાહા કરી નાખ્યું ! મરીને આઠમા દેવલોકે સમ્યગ્‌દૃષ્ટિ દેવ થયો.

આ છે ભગવાનનું તત્ત્વ-દર્શન અને આત્મપરિણતિનું દાન.

**ભગવાન નિર્યામક** તે સાગર ઓળંગાવે, **સાર્થવાહ** તે અટવી ઓળંગાવે.



એટલે શું ?

ભગવાન નિર્યામક બની મિથ્યાદર્શનમાંથી સમ્યગ્‌દર્શનમાં લાવે છે, અને સાર્થવાહ બની અસત્ પ્રવૃત્તિમાંથી સમ્યક્ ચારિત્રમાં લાવે છે.

નિર્યામકમાં શું ?

જહાજમાં બેસી જવાનું, પછી જહાજ બધું કરે, તેમ સમ્યક્‌દર્શનમાં બેસી જવાનું પછી એ જ બધું કરે.

સાર્થવાહમાં શું ?

સાર્થમાં ચાલવું પડે. "પાછળ પાછળ ચાલ્યા આવો, ગભરાતા નહિ" એટલે પ્રભુના ચારિત્રને જોતાં જોતાં ચારિત્ર પાળો.

## 'ઉપમા એહવી જેહને છાજે, તે જિન નમીએ ઉત્સાહ'

આવી મહાગોપ વગેરે ઉપમાઓ જે ભગવાનને શોભે છે, તેવા ભગવાનને ઉત્સાહ પૂર્વક નમીએ.

**ઉત્સાહપૂર્વક એટલે ?** નિત્ય નવો સંવેગ એટલે કે પ્રભુનો રાગ વધારીને નમીએ.

"અહો ! નમો જિણાણં નમો જિણાણં"

આમ અંદરનો Power વધતો જાય, અહોભાવનો ઉત્સાહ, ઉલ્લાસ વધતો જાય.

"અરિહંત તત્ત્વ આજે મળ્યું છે તે મળ્યું ! કાલે તે રહેશે કે કેમ ? કદાચ જીવતો રહું ને મગજની શક્તિ કુંઠિત થઈ જાય તો ? ત્યારે ભગવાન મગજમાં નથી આવતા, પણ અત્યારે મળી ગયા છે."

તે સંવેગ છે, સંવેગ એટલે વધતો ઊછળતો રાગ-બહુમાન, તેથી આંતરિક શુભ ભાવ વધતા જાય છે.

## આઠ પ્રાતિહાર્યના દર્શનથી થતો અહોભાવ :

પ્ર. - આઠ પ્રતિહાર્ય જોઈને પ્રભુ પર રાગ કેમ વધે ?

ઉ. - દા.ત. કોઈ આચાર્ય મહારાજ આવતા હોય અને એમની બે બાજુ જો ચામર વીંજાતા દેખાય, તે પણ અમુક સમય પૂરતું. તોપણ તે માત્ર ચામરો જોતાં અહો ! અહો ! થઈ જાય, ત્યાં ટોળે ટોળાં જોવા ઊલટે, ત્યાં પછી જો આઠ પ્રાતિહાર્ય જોવા મળે તો તો કેટલો બધો અહોભાવ થાય ?

જોજનના વિસ્તારવાળું અશોકવૃક્ષ, સતત ઝરમર પુષ્પવૃષ્ટિ, અદ્ધર આકાશમાં દેવ દુંદુભિ, ઝગારા મારતું સમવસરણ, જોજન ગામિની પ્રભુની વાણી, વગેરે

અતિશયો પ્રત્યક્ષ જોતાં અક્કલ કામ ન કરે. વળી ૩૫ અતિશયવાળી વાણી, એક વાક્ય બોલાય, ત્યાં હજારો શ્રોતાઓના સંશય છેદાય; વાણીની મીઠાશ એવી કે જો વાણી સતત છ મહિના ચાલે, તોય ભૂખ તરસ ન લાગે. વાણી દેવ, મનુષ્ય, તિર્યંચ સૌને પોતાની ભાષામાં સમજાય... વગેરે વાણીના ૩૫ અતિશયો નજરે જોતાં ભલભલા મિથ્યાદૃષ્ટિ જીવો પ્રભુ પર ઓવારી જાય, અને "અહો ! અહો ! પ્રભુ ! આ તમારો કેવો અચિંત્ય પ્રભાવ ! જગતમાં ખરેખર ઈશ્વર હોય તો તે તમે જ છો. તમારાથી જ જીવોને મોક્ષ થાય," એવો હાર્દિક ભાવ જાગીને બોલાઈ જાય.

## ૩૫ અતિશયયુક્ત પ્રભુની વાણી

પ્રભુની વાણીના ૩૫ ગુણો નીચે મુજબના હોય છે-

| | | | |
|---|---|---|---|
| ૧. | માલકોશ રાગવાળી | ૨. | મેઘવત્ ગંભીર |
| ૩. | પડઘો પડે તેવી | ૪. | સ્નેહાળ-મધુર |
| ૫. | ખેદ-અજનક | ૬. | હૃદય-ગ્રાહી |
| ૭. | પ્રશંસનીય | ૮. | સાહસિક |
| ૯. | સંસ્કૃતાદિ લક્ષણયુક્ત | ૧૦. | વર્ણ-પદ વાક્યથી સ્પષ્ટ |
| ૧૧. | કર્તા-કાલ-લિંગ-વચનાદિના દોષથી રહિત | ૧૨. | સંશય રહિત |
| ૧૩. | પરસ્પર સાપેક્ષ | ૧૪. | વિશેષણથી વિશિષ્ટ |
| ૧૫. | ધર્મ અને અર્થની બોધક | ૧૬. | બૃહદ્ અર્થયુક્ત |
| ૧૭. | અર્થને અનેક રીતે સમજાવનારી | ૧૮. | સિદ્ધાન્તાનુસારી |
| ૧૯. | પ્રતિપાદ્ય વસ્તુના સ્વરૂપને અનુસરતી | ૨૦. | વિવક્ષિત વસ્તુના સ્વરૂપને અનુસરતી |
| ૨૧. | વિવક્ષિત વસ્તુસિદ્ધિના પ્રમાણયુક્ત | ૨૨. | પૂર્વાપર-અવિરુદ્ધ |
| ૨૩. | દેશકાળ ઉચિત | ૨૪. | અતિ વિલંબ રહિત |
| ૨૫. | અસંબદ્ધ-અતિ વિસ્તાર રહિત | ૨૬. | વક્તૃમાનસિક દોષ રહિત |
| ૨૭. | સ્વપ્રશંસા પરનિંદા-રહિત | ૨૮. | અન્યને દૂષણ આપવાથી રહિત |
| ૨૯. | અન્યના મર્મના અનુદ્ઘાટક | ૩૦. | અગામઠી |
| ૩૧. | આશ્ચર્યકારી | ૩૨. | ઐશ્વર્યયુક્ત |
| ૩૩. | ઉચ્ચ | ૩૪. | ઉદારતાયુક્ત |
| ૩૫. | સરળ | | |



### ઉપસંહાર :

આવા વધતા સંવેગ-સંભ્રમ સાથે અરિહંત ભગવાનને નમસ્કાર કરીએ.

❖ ❖ ❖

**વાચના ૯** મલાડ (પૂર્વ) મહા વદ ૧૩, ૨૦૩૬, ૩૧-૧-૮૦

દુહા

**અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે,**
**ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે. (૧)**
**વીર જિનેશ્વર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે,**
**આતમધ્યાને આતમ-ઋદ્ધિ મળે સવિ આઈ રે. વીર.(૨)**

દ્રવ્ય, ગુણ અને પર્યાય વડે અરિહંત પદનું ધ્યાન કરતો આત્મા ભેદનો છેદ કરી અરિહંતસ્વરૂપ થાય છે. (૧)

એમ વીર જિનેશ્વર ઉપદેશ કરે છે, તે તમે સાવધાનીથી સાંભળજો : આત્માના ધ્યાનથી આત્માની (ભૂલાયેલી) સર્વ સંપત્તિ (તેને પોતાને) આવીને મળે છે. (૨)

### અરિહંત સ્વરૂપ પામવાનો ઉપાય :

અરિહંત-પદનું ધ્યાન કરતાં અરિહંત સ્વરૂપ થવાય છે.

પ્ર. - આ તો મજા જ થઈ જાય ને ? 'અરિહંત, અરિહંત,' ધ્યાન ધરતા રહીએ, લાડવા પેંડા ખાતા રહીએ, તળાઈમાં સૂતા રહીએ ને અરિહંત સ્વરૂપ થવાતું હોય તો અરિહંતનું ધ્યાન કોણ ન કરે ?

અરિહંતનું માત્ર ધ્યાન કરતાં કરતાં અરિહંત સ્વરૂપી કેમ થવાય ?

ઉ. - તેનું અહીં સાધન બતાવ્યું : અરિહંત સાથે આપણા આત્માનો ભેદ છે, કેમકે આપણને લાગે છે કે 'આપણે જુદા, ને અરિહંત જુદા; આપણે અરિહંત નહિ, અરિહંતથી ભિન્ન' આ જે ભેદ છે, તેને છિન્ન ભિન્ન કરી નખાય, એટલે તે અભેદ થઈ જાય છે. ને આપણે અરિહંત બની જઈએ છીએ.

**'હું'ની ભિન્નાભિન્નતા :**

અરિહંતનું એવું ધ્યાન ધરવાનું છે કે 'અરિહંત જુદા ને હું જુદો' આ ભાન ભૂલી જવાય, "હું અરિહંત" એવું અભેદ પ્રણિધાન થાય. કોઈ પૂછે :-

પ્ર. - કેમ અરિહંત જુદા ? ને હું જુદો ?

ઉ. - અરિહંત રાગદ્વેષથી ભરેલ નથી, વીતરાગ છે, હું રાગદ્વેષથી પૂર્ણ છું. અરિહંતમાં લેશ માત્ર અજ્ઞાનતા નથી, સર્વજ્ઞતા છે, હું અજ્ઞાનતાથી ભરેલો છું,... માટે હું અરિહંતથી જુદો છું, એ ભેદનો છેદ થઈ જાય તો અરિહંત સ્વરૂપ થવાય.

પ્ર. - તો ભેદનો છેદ કરવો કેવી રીતે ?

ઉ. - અરિહંતનું ધ્યાન ધરીને ભેદનો છેદ થાય. અથવા કહો : જેનાથી ભેદનો છેદ થાય, તેવું અરિહંતનું ધ્યાન કરાવું જોઈએ.

અરિહંતનું ધ્યાન બે પ્રકારે થાય :

૧. સંભેદ પ્રણિધાનથી. ૨. અભેદ પ્રણિધાનથી.

## પ્રણિધાન એટલે ધ્યાન

**૧. સંભેદ પ્રણિધાન** એટલે અરિહંત આવા ગુણી, આવા લાયક, આવા સ્વરૂપવાળા છે, એમ અરિહંતને પોતાનાથી ભિન્ન તરીકે મનની સામે લાવીને ધ્યાવવા એ. આમાં ધ્યાતા પોતે, ધ્યેય અરિહંત, અને ધ્યાન એ ચિંતનક્રીયા : ત્રણેય ભિન્ન ભિન્ન છે.

ધ્યાતા એટલે ધ્યાન કરનાર આપણે પોતે; ધ્યેય એટલે ધ્યાનનો વિષય તે અરિહંતને બતાવ્યા. તે આપણી સામે છે. 'અરિહંત આવા સ્વરૂપે છે' તેનું એકાગ્ર ચિંતન કરીએ તે અરિહંતનું સંભેદ પ્રણિધાન થયું કહેવાય.

આમાં ધ્યાતા આપણે છીએ. અરિહંત આપણાથી જુદા છે. આપણાથી ભિન્ન સ્વરૂપવાળા અને ભિન્ન વ્યક્તિને અરિહંત સમજીને ધ્યાન ધરીએ છીએ કે 'અરિહંત આવા પૂર્ણ સ્વરૂપી છે, ને હું એવો નથી.'

**૨. અભેદ પ્રણિધાન :** ધ્યાન એટલે ધ્યાન; ત્યાં બીજો કોઈ વિચાર નહીં, બીજી કોઈ પ્રવૃત્તિ નહીં, બીજું કોઈ કામ નહીં. એકતાર, એકતાન, એકાકાર ! આ ધ્યાનમાં અરિહંત અષ્ટ પ્રાતિહાર્યથી શોભતા દેખાય, મહાગોપ દેખાય, મહામાહણ દેખાય, મહાનિર્યામક ને મહાસાર્થવાહ દેખાય. આવા અરિહંતનું તન્મય ધ્યાન કરાય, એ સંભેદ પ્રણિધાન. એ તન્મય ધ્યાન કરતાં કરતાં ઉત્કૃષ્ટ તન્મયતા



થાય કે કેવા અરિહંત વીતરાગ ! સર્વજ્ઞ ! અલોભી ! નિર્મોહી ! અક્રોધી ! એમાં જ્યારે ઉત્કૃષ્ટ તન્મયતા થઈ જાય, ત્યારે આ સંભેદ પ્રણિધાન તે અભેદ પ્રણિધાન થઈ જાય છે. ત્યારે પછી પોતે ધ્યેય-અરિહંતથી ભિન્ન ધ્યાતા છે, તેવો ભેદ ભૂલાઈ જવાય છે, પરંતુ પોતે અરિહંત વીતરાગ છે, તેવો ભાસ થાય છે.

દા.ત. ઈયળ આગળ ભમરી ગૂંજે છે. પહેલાં તો તેને આ ભમરીના ગુંજારવની ધૂન લાગે છે; પછી ઈયળને એમાં તન્મયતા લાગી જાય છે. તન્મયતા એવી લાગે, એવી લાગે, કે તન્મય બનેલ ઈયળ પોતે ભમરી છે એમ ભાસ થઈને પોતે ભમરી બની જાય છે.

તેમ અરિહંતનું ધ્યાન ધરતાં, ધ્યાનમાં તન્મય થઈ આત્મા પોતે વીતરાગ પરમાત્મરૂપ બની જાય છે.

**ત્રણ રીતે અરિહંત ધ્યાન :**

પ્ર. - અરિહંત પદનું ધ્યાન કેવી રીતે કરવાનું ?

ઉ. - અરિહંતપદનું ધ્યાન દ્રવ્ય, ગુણ અને પર્યાયથી કરવાનું છે. અરિહંતના દ્રવ્યો, ગુણો ને પર્યાયો વિચારતા રહેવાય, એમાં વિચારણાની એકાગ્રતા આવે, દ્રવ્યથી, ગુણથી ને પર્યાયથી, એ અરિહંતનું ધ્યાન થાય.

કોઈ પણ વિચારણા કરવી હોય તો દ્રવ્ય, ગુણ ને પર્યાયથી થાય.

પ્ર. - અરિહંતની વિચારણા દ્રવ્ય, ગુણ અને પર્યાયથી કેવી રીતે કરવી ?

**દ્રવ્ય :** અરિહંતનું દ્રવ્ય એટલે કે અરિહંતનો આત્મા. એનો વિચાર કરવાનો દા.ત. અરિહંતનો આત્મા અનાદિકાળથી વિશિષ્ટ તથા ભવ્યત્વવાળો છે, માટે બીજા આત્માઓ કરતાં ખાણમાં પડેલા રત્નની જેમ ઉત્તમ, તે વિચારવાનું.

**'ચરમાવર્ત્ત હો ચરમ કરણ, તથાભવ પરિણતિ પરિપાક,**
**દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી, પ્રાપતિ પ્રવચન વાક...'**

**ભવ્યત્વ :** ભવમાંથી મુક્ત થવાને યોગ્ય હોય તેને ભવ્ય કહેવાય. એનામાં ભવ્યત્વ હોય. એ ભવ્યત્વ વ્યક્તિ દીઠ જુદું જુદું. એવા વૈયક્તિક ભવ્યત્વને તથાભવ્યત્વ કહેવાય. એમાંય અરિહંત થનાર આત્મામાં વિશિષ્ટ તથાભવ્યત્વ હોય.

**ભવ્યત્વની ખાતરી :** પ્ર. - આપણે ભવ્ય છીએ એની ખાતરી શી ?

ઉ. - જેને ભવનો ભય લાગે તે ભવ્ય હોય. અભવ્યને સંસાર માન્ય છે, મોક્ષ નહિ; તેથી એને ભવમાં ભટકવાનો ભય જ નહિ. આપણને જો એ ભય છે

તો એનો અર્થ જ એ કે આપણને મોક્ષ ગમે છે, ને

મોક્ષ ગમે એ મોક્ષ પામવાનો પહેલો ગુણ છે. માટે આપણો ભવમાંથી મોક્ષ થવાનો. તેથી આપણે ભવ્ય છીએ, પણ દરેકનું ભવ્યત્વ એટલે કે વૈયક્તિક ભવ્યત્વ જુદું જુદું હોય છે. ભવ્યત્વ સામાન્ય તો એક હોય છે. 'ભવિતુમ્ યોગ્યઃ ભવ્યઃ' 'કો ભવિતુમ્ ?' 'સિદ્ધો ભવિતુમ્ યોગ્યઃ ભવ્યઃ' સિદ્ધ થવાને યોગ્ય તે ભવ્ય જીવ.

## વિવિધ યોગ્યતા અને વિવિધ નિમિત્ત :

યોગ્યતા સામાન્ય તો બધામાં છે. વ્યક્તિ દીઠ યોગ્યતા જુદી જુદી છે. કારણ કે એકેક વ્યક્તિ મોક્ષ પામે છે તે અલગ અલગ કાળે, અલગ અલગ નિમિત્તથી બોધ પામીને, ને અલગ અલગ સાધના કરીને મોક્ષ પામે છે. કોઈ એક સાધના કરે છે તો કોઈ બીજી-કોઈ એક નિમિત્તથી તો કોઈ બીજા નિમિત્તથી પામી જાય છે. કોઈ એક જ વ્યાખ્યાન સાંભળીને પામી જાય છે, તો કોઈ વધારે વખત સાંભળીને પામી જાય છે. સાધનામાં સાધનાના વેગમાં ફેર હોય છે. ઉપવાસમાં બધાની પરિણતિ સરખી ન હોય, કોઈની ઉગ્ર હોય, કોઈની મંદ હોય. દરેકને કાળનો ફરક હોય, વેગનો ફરક હોય, સાધનાના વિષયનો ફરક હોય. કોઈ તપ પાછળ પડે, તો કોઈ વૈયાવચ્ચ પાછળ, કોઈ જ્ઞાન પાછળ, તો કોઈ સંયમ પાછળ... આવા ઘણા-અસંખ્ય યોગ મોક્ષના છે. એમાંથી મુખ્યપણે કોઈ એક માર્ગ લઈને પણ મોક્ષ પામી જાય. શ્રી મહાનિશીથ શાસ્ત્રમાં આવાં ઘણાં નિમિત્તના દૃષ્ટાંતો છે.

## વિવિધ નિમિત્તનાં દૃષ્ટાંતો :

૧. 'મારું છૂપું પાપ છે, લાવ ગુરુ પાસે આલોચના કરવા જઉં...અહો ! મારો આત્મા કેવો અધર્મ ! એને શુદ્ધ કરી દઉં' સાધ્વીએ આટલો વિચાર કરતાં કરતાં ત્યાં જ એમને કેવળજ્ઞાન !
૨. બીજા સાધ્વી વિચારે છે : 'જાઉં ગુરુ પાસે હમણાં ને હમણાં, આલોચના બરાબર કરું ! તોડી નાખું કર્મ એકે એક !'...ભાવનામાં ચઢી, ને કેવળજ્ઞાન...!
૩. તો કોઈ એ ગુરુ પાસે આલોચના કરવા જ્યાં પગલું ઉપાડી રસ્તામાં ચાલવા માંડ્યું, ત્યાં ભાવ ચઢ્યો ને ત્યાં કેવળજ્ઞાન...!
૪. આચાર્ય પાસે ઊભી રહી 'મારે આલોચના કરવી છે,' એમ પાપ કહેતાં કહેતાં કેવળજ્ઞાન પામી ગઈ !



૫. કોઈ તો આલોચના કરી રહી ને હૈયામાં, 'હાશ ! પાપ ગયાં, હૈયું હલકું થયું 'હવે આત્મા આમ ચઢશે...' ત્યાં કેવળજ્ઞાન...!

**આલોચના કરવી છે તે પાપના તિરસ્કારની સાધના છે, પાપકારી આત્માના તિરસ્કારની સાધના છે.**

૬. આલોચના કહીને પ્રાયશ્ચિત્ત માગ્યું, તે સ્વીકારતાં ભાવના વધી 'અહો ! આ પ્રાયશ્ચિત્તથી મારાં પાપ સાફ ! તો એ રીતે બીજા પણ તપ કરી પાપ સમસ્ત સાફ કરું... એમ ભાવના વધતાં કેવળજ્ઞાન...!
૭. 'અરે ! કેવાં મારાં ઘોર પાપ ? છતાં ગુરુએ પ્રાયશ્ચિત્ત આપ્યું ! કેવી ગુરુકૃપા મારા પર !' એમ ગુરુકૃપાના વિચારમાં લીન થયા ને ત્યાં કેવળજ્ઞાન...!

વાત આ છે : એકેક ભવ્ય આત્માની સાધના અલગ અલગ હોય છે. એટલે મોક્ષે જવાનું વ્યક્તિગત ઉત્થાન અલગ અલગ હોય છે. એ સૂચવે છે કે દરેક વ્યક્તિની મોક્ષમાર્ગે આગળ વધવાની યોગ્યતા જુદી જુદી હોય છે અર્થાત્ વ્યક્તિદીઠ ભવ્યત્વ જુદું જુદું હોય છે. એને તથાભવ્યત્વ કહેવાય છે.

નિજામણા કરાવનાર ખંધકસૂરિ-ગુરુ પાછળ રહી ગયા, ને બાલમુનિ ઘાણીમાં પીલાઈને પહેલાં મોક્ષે પહોંચી ગયા. એમ તો પછીથી ખંધકસૂરિય પીલાયા પણ મોક્ષ ન પામ્યા. બંનેનું ભવ્યત્વ જુદું હતું. બાલમુનિને તો "મારા હૈયામાં ભગવાન મુનિસુવ્રતસ્વામી છે માટે કોઈ ચિંતા નથી." અને ખંધકસૂરિ પીલાયા, પણ ત્યારે વિચાર જુદો હતો : "હરામી પાલકે મારું માન્યું નહિ." એટલે રહી ગયા.

એક જ નિજામણા કાર્યમાં કેમ ફરક ?

કહો, બંનેનું તથાભવ્યત્વ જુદું જુદું.

**વિશિષ્ટ કોટિનું તથાભવ્યત્વ !** તીર્થંકરનું તથાભવ્યત્વ વળી વિશિષ્ટ કોટિનું હોય છે. એ વિશિષ્ટ કોટિનું ભવ્યત્વ હોવાથી વિશિષ્ટ રીતે સમ્યક્ત્વ પામે ને વિશિષ્ટ રીતે આગળ વધે એમાં નવાઈ નથી.

દા.ત. નયસારને મુનિ મળ્યા. "તારા આત્માને ઓળખ. દેવ-ગુરુ-ધર્મને ઓળખ" એ બે બોલમાં સમકિત પામી ગયા !

અરિહંત દ્રવ્ય ઊંચું ! સહેજમાં આત્માની અને દેવ-ગુરુ-ધર્મની ઓળખ કરી લે !

પ્ર. - સાધુ કદાચ દાવો કરે, એમ તો અમને પણ દેવ-ગુરુ-ધર્મની ઓળખ

થઈ છે. શું અમે દેવ-ગુરુ-ધર્મને ઓળખ્યા વગર દીક્ષા લીધી હશે ?

ઉ. - તો પછી દીક્ષા લીધા બાદ દેવ-ગુરુ-ધર્મને ઓળખનારો વગર જોઈતો પ્રમાદ કરે ખરો ? ન કરે.

દા.ત. પરણીને સાસરે ગયેલી કન્યાએ પતિને ઓળખી લીધો છે. તેથી પતિની સેવા, પતિના બોલ પતિની રુચિ-તે બધું સાચવવામાં એ એક મિનિટનો પ્રમાદ નથી કરતી, કેમકે તેણે પતિને ઓળખ્યા છે કે 'આ મારા જીવનના આધાર છે' તેમ દેવ-ગુરુ-ધર્મને ઓળખનાર લેશમાત્ર પ્રમાદ ન કરે. દેવ-ગુરુ-ધર્મની ઓળખમાં શું અરિહંતની સરસાઈ કરવી છે ? ના. એમને આદર્શ તરીકે-અરિહંત દ્રવ્ય ઊંચું હોય છે, એ નજર સામે રાખી એમની ઉપાસના કરવી છે.

અરિહંતનું **દ્રવ્યથી** ચિંતન કરો : 'ઓહોહો ! પ્રભુ ! તમારું દ્રવ્ય કેટલું ઊંચું ? અનાદિ કાળથી વિશિષ્ટ તથાભવ્યત્વ ! આપને અલ્પ નિમિત્તમાં મહા-વૈરાગ્ય ! ગુરુના અલ્પ ઉપદેશમાં મહાસમ્યક્ત્વ ! નયસારે સમ્યક્ત્વની કેવી આરાધના કરી હશે ?'

**મરીચિની આરાધના :** મરીચિ તરીકે જન્મ્યા, ત્યારે તેમના શરીરમાંથી સૂર્યનાં કિરણની જેમ કિરણ-મરીચિ નીકળેલાં, માટે 'મરીચિ' નામ પડ્યું. તે છે સમ્યક્ત્વની મહાન આરાધનાનો પ્રભાવ. એ કેવી મહાન આરાધના હશે ? તેઓ સમવસરણમાં ગયેલા, તેમની સાથે ભરતના દીકરાઓ હતા, બીજા ઘણા ગયેલા, બીજા તો સમવસરણ પર ચઢ્યા, પ્રભુને વંદન કર્યા, પ્રદક્ષિણા દીધી, ઉપદેશ સાંભળ્યો ને પછી બોધ પામ્યા...જ્યારે મરીચિને તો સમવસરણ દેખતાં જ બોધ થયો ! સમવસરણના કાંગરે કાંગરે ઝગારા મારતાં રત્ન ! એ બધું જોતાં જ વિચારમગ્ન થયા : 'દાદાજીના ધર્મનો આ પ્રભાવ !'

આંબો વાવ્યો હોય તો થડ, ડાળી, પાંદડાં, મો'ર, કેરી આવે. આ બધું મૂળ ઉપર-બીજરૂપ ગોટલા પર આધાર રાખે છે.

તેમ ધર્મ તે ગોટલો છે. તેના પર સમવસરણ થાય. ઇન્દ્રો-દેવો દોડતા આવે...સંસારમાં હોય તો ધર્મથી કંચન, કામિની, સત્તા, બગીચા, ગાડી વગેરે મળે. મૂળમાં ધર્મ કામ કરી રહ્યો છે.

તો મરીચિએ વિચાર કર્યો : "મારે મૂળ પકડવું ? કે ડાળ-પાંખળાને પકડીને બેસી રહેવું ? ડાળ પાંખળાં તુલ્ય લક્ષ્મી-લાડી-વાડી-ગાડીની લીલા એકદિ' ફરરરફૂ ઊડી જશે ! ને એના મોહમાં આ જનમમાં મૂળભૂત ધર્મ સાધ્યો નહિ, એટલે



ભવાંતરે ભીખ માગવાની ! મૂળ સલામત તો સબસલામત. માટે મારે મૂળ તે ધર્મ, તેને જ પકડવાનો."

મરીચિ અરિહંત દ્રવ્ય છે, કેટલું ઊંચું એ ? સહેજમાં વૈરાગ્ય !

સાધુઓ ! તમે સંસારને છોડીને અહીં આવ્યા, ડાળ-પાંખળાને વળગવાનું તમે છોડી દીધું છે, ને ધર્મ મૂળ પકડ્યું છે, એ ન ભૂલશો તો અહીં ધર્મ જ સૂઝશે; ગોચરી પાણી વગેરેની અનુકૂળતા નહિ જોવાય.

અરિહંતની આ વડાઈ છે, 'પ્રભુ ! તમારું દ્રવ્ય કેટલું ઊંચું ? જુદા જુદા ભગવાનનું જુદું દ્રવ્ય, એકેકની વિશિષ્ટ તથાભવ્યતા. મલ્લિનાથ ભગવાને દીક્ષા લીધી જે દિવસે, તે જ દિવસે સાંજે કેવળજ્ઞાન !

**જૈન દર્શનમાં સ્ત્રી-જન્મની યશોગાથા :**

અજ્ઞાન લોકો કહે છે કે : 'જૈન ધર્મ સ્ત્રીની કિંમત નથી આંકી.' જવાબ એ છે કે જૈન ધર્મે સ્ત્રીની જે કિંમત આંકી છે, તે અન્યે નથી આંકી. મલ્લિનાથ સ્ત્રીના અવતારે તીર્થંકર તો થયા પણ વધારામાં મલ્લિનાથ ભગવાને દીક્ષાને દિવસે જ કેવળજ્ઞાન થતું બતાવ્યું છે ! જ્યારે ઋષભદેવને તથા મહાવીર સ્વામીને માટે તેવું નથી બતાવ્યું. તો જૈનદર્શને સ્ત્રીનું કેટલું ગૌરવ કર્યું છે ?

હકીકતમાં તો જેવું છે તેવું જૈનશાસને રજૂ કર્યું છે.

(૨) અરિહંતનું દ્રવ્ય, ગુણને પર્યાયથી ધ્યાન કરવાનું. ગુણથી વિચાર કરવો, ગુણથી ધ્યાન કરવું.

## અરિહંતના ગુણોનું દર્શન :

અરિહંતના ગુણો જોવાના. તે અનેક ગુણો છે :

(૧) મહાવીર ૮ વર્ષના થયા. ત્રિશલા માતા કહે : 'ચાલો, ભગવાનને નિશાળે બેસાડીએ' : તો ભગવાન કેમ કાંઈ ન બોલ્યા કે મને બધું આવડે છે ? લાવો તમારા મને ભણાવવા તૈયાર થયેલ પંડિતને, એમને કેટલું આવડે છે એ તપાસી જોઉં.

ભગવાનને ઘણું જ્ઞાન હતું, પણ તેમનામાં ગંભીરતા ગુણ હતો, તેથી તે બોલ્યા નહીં.

(૨) ત્રિશલા માતા ભગવાનને લગ્નનું મનાવવા ગયા તો તે એકદમ ઊભા થઈ ગયા.

"તમે કેમ આવ્યા ? એમાં મારો અવિનય દેખાય છે. આપે બોલાવ્યો હોત તો હું જ આપની સેવામાં હાજર થઈ જતે. ખેર, ફરમાવો કેમ પધારવું થયું ? કોઈ સેવા ?"

ભગવાન અવધિજ્ઞાની છે, ઇન્દ્રો તેમને નમવા આવે છે, પણ માતાની આગળ આ છે વિનય ગુણ !

(૩) સંગમે છ માસ દાટ વાળી નાખ્યો, મહાવીર પ્રભુ પર ઘોરાતિઘોર જુલ્મોનો વરસાદ વરસાવ્યો.

એક રાતમાં ૨૦ ઘોર ઉપસર્ગ કર્યા. ઘીમેલ મોટી ચટકા ભરે આખા શરીરે ચટક ચટક ! સામટા સાપ કરડે ! વીંછીઓ કરડાવે, ડંખ્યા કરે ! તીક્ષ્ણ દાઢવાળા ઉંદરોની ફોજની ફોજ શરીર પર ચઢી જાય ! શરીર પર અહીં બટકું, તહીં બટકું ! આવા ૨૦ ઉપસર્ગ એક રાતમાં વરસાવ્યાં પણ ભગવાન ડગ્યા નહીં ! ભગવાન ધ્યાનમાં રહ્યા. પ્રભુને ગોચરી પાણી ય લેવા ન દે. ભગવાન જાય ત્યાં કાચું પાણી રેડે, વહોરાવનાર કાચી વનસ્પતિને અડી જાય, દોષો ઊભા કરી દે; તેથી નિર્દોષ ગોચરી ન મળે. ઉપરથી તેમનું અપમાન થાય; પણ ભગવાન ડગ્યા નહીં. આ છે સહિષ્ણુતા ગુણ.

(૪) છ માસ પછી સંગમ પાછો જવા તૈયાર થયો, ત્યારે ભગવાનની આંખમાં આંસું આવ્યાં. : "આ બિચારો ! અમારું નિમિત્ત પામી ડૂબી ગયો ! શું થશે તે બિચારાનું નરકાદિમાં !"

"પણ ભગવાન, તમારું કાંઈ બગડ્યું નથી ?" એમ કોઈ પૂછે તો ?

ભગવાન તો માનતા કે 'જેટલું સહન કર્યું તેટલું મારે તો કર્મના ભારે ભારા તૂટી ગયા પણ તે બિચારો દુઃખી થશે.' ભગવાનનો આ છે મહાન કરુણા ગુણ !

(૫) કેવા ગુણો ભગવાનના ? સહન કર્યું તો કર્મના પડદા તૂટ્યા. 'પોતાને સહન કરવાનું મળ્યું, એમાં આનંદ.' આ ગુણ છે.

**અરિહંતની પર્યાયથી વિચારણા :** (૩) અરિહંતની પર્યાયથી એટલે અવસ્થાથી વિચારણા થાય.

અરિહંતની અવસ્થા વિચારવાની છે. એમાં મોટી મોટી ત્રણ અવસ્થા છે. તેમાં

(૧) પિંડસ્થ અવસ્થા,-તેમાં અવાંતર ત્રણ અવસ્થા : જન્માવસ્થા, રાજ્યાવસ્થા, શ્રમણ-અવસ્થા,

(૨) પદસ્થ અવસ્થા (૩) રૂપાતીત અવસ્થા



આમ આ **પાંચ** અવસ્થા એ અરિહંતના પર્યાય કહેવાય.

**(૧) પિંડસ્થ અવસ્થા : જન્માવસ્થા :** અરિહંતનો જન્મ થાય કે દિક્કુમારીઓ નવડાવવા આવે, કપડાં પહેરાવવા આવે, રાસડા લે, ને ભગવાન પોતે નાના બટકા જેવા...તેમને કહે : "હે ભગવાન ! તમને અમે નમીએ છીએ" પછી મોટા ઇન્દ્ર મેરુશિખર પર આટલા નાના ભગવંતને લઈ જઈ હરખભેર મોટા મોટા કળશોથી અભિષેક કરે ! છતાં આ બધાથી પ્રભુને અભિમાન નહિ થયું ! પિતા રાજા તરફથી જન્મમહોત્સવમાં પણ એમ જ નિરહંકાર !

સામંતો આવે, શેઠિયાઓ આવે, બધાય નમવા આવે. "અમોને પારણું ઝુલાવવા દો." બધા તલપાપડ થાય. ભગવાન આ બધું જાણે પણ તે માન-સન્માન-સત્કારમાં લેવાઈ ગયા નહીં. અભિમાન ન કર્યું કે કેવું મોટા મોટા દેવ-ઇન્દ્ર મારું સન્માન કરે છે !

અભિમાન કોણ કરે ? મૂર્ખ કે ડાહ્યો ?

**અભિમાન અને કાળ :** મૂર્ખ ઉંદરડો અભિમાન કરે છે, તે રાતના ફરવા નીકળે. છાજલી પર ઘઉંની બરણીમાંથી દિવસે ઘઉં લેતાં ચાર પાંચ દાણા વેરાયલા તે મળ્યા તો ખુશી ખુશી ! તે પાછા બે પગ પર ઊભો થઈ, પૂંછડી ઊંચી કરી, અભિમાન કરે છે : 'પેલા ઉંદર કરતાં હું કેવો બહાદુર ? પાંચ દાણા મળ્યા' પણ તેને ખબર નથી કે પાછળ કાળો બિલાડો ઊભો છે ! તે બિલાડો વિચારે છે : 'જરા સ્થિર થા, પછી હડપ !'

કહો, અભિમાન કરે તે મૂર્ખ નહિ તો શું ડાહ્યો ગણાય ? દાણા મળ્યા ને તે ચાલ્યો ગયો હોત તો ? ના, 'પાછળ ઊભેલ કાળરૂપી બિલાડો હડપ કરી જશે,' એ જોવું જ નથી, એટલે શાનું ચાલ્યા જવાય ?

**(૨) રાજ્યાવસ્થા :** અભિમાનમાં અક્કડ રહેનારને સાધના ન થાય, એમ જોરદાર રાગ દ્વેષ હોય તો ય સાધના ન થાય. સાધના માટે કર્મના કિલ્લામાંથી પલાયન થવાનું છે. એ સાધના એટલે ભગવાનની રાજ્ય અવસ્થા છે. ભગવાનની રાજ્ય અવસ્થામાંય કેટલુંય વિચારવાનું આવે. મહાન સત્તા-ઠકુરાઈ-ભોગ સામગ્રી છતાં એવા રાગદ્વેષ નહિ, આસક્તિ નહિ. ભગવાન નિર્લેપ છે.

**(૩) શ્રમણ અવસ્થા :** શ્રમણ અવસ્થામાં પણ તેટલી સહિષ્ણુતા. ગોચરી લેવા જાય-ગોચરીની આશાએ જાય અને અભિગ્રહ ન પૂરાવાથી ગોચરી ન મળે તો નિરાશ ન થાય. "અરે ! આજેય ગોચરી ન મળી ?" એટલું ય ન થાય. 'ગોચરી

મળી હોત તો સંયમવૃદ્ધિ થાત, ને ગોચરી ન મળી તો તપોવૃદ્ધિ થઈ.' આ જ હિસાબ પર લાભાલાભમાં સમત્વ ભાવ છે.

અરિહંતનો શ્રમણ અવસ્થાનો પર્યાય વિચારવામાં પ્રભુની તપ-અવસ્થા, પરિષદ-અવસ્થા, ઉપસર્ગ-અવસ્થા, વગેરે વિચારાય. એમાંય તત્ત્વચિંતન અવસ્થા એવી કે એમાંની લીનતા બહારનો એક પણ વિકલ્પ ઊઠવા ન દે.

એ પછી પ્રભુની **પદસ્થ અવસ્થા**નો વિચાર, અરિહંતના પર્યાય તરીકે મનમાં લાવવાનો.

**(૪) પદસ્થ અવસ્થા :** અરિહંત પ્રભુ કેવળજ્ઞાની બન્યા. અરિહંતપદ-તીર્થંકરપદની અવસ્થા પામ્યા, પ્રભુએ એમાં

(૧) કેવું પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત કર્યું !

(૨) પ્રભુનું સમવસરણ અને વિહાર કેવા !

(૩) પ્રભુના કેવા કેવા ૩૪ અતિશયો !

(૪) પ્રભુની વાણીના કેવા ૩૫ અતિશય !

(૫) પ્રભુનો કેવો ત્રિવિધ ઉપકાર !

અરિહંતનો ત્રિવિધ ઉપકાર આ,-

(૧) પ્રભુએ જીવ-અજીવાદિ નવતત્ત્વ કેવાં અનેરાં આપ્યાં ! તત્ત્વપ્રકાશ, તત્ત્વજ્ઞાન દેવાનો ઉપકાર...

(૨) પ્રભુએ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપનો કેવો મોક્ષમાર્ગ આપ્યો !

(૩) પ્રભુએ આરાધનામાં સ્તુતિ,-પ્રાર્થનામાં, અને દર્શન-પૂજન-ભક્તિમાં કેવું અવ્વલ આલંબન આપ્યું !

આ બધો વિચાર અરિહંત પર્યાયમાં કરવાનો.

**(૫) રૂપાતીત અવસ્થા :** અરિહંત પ્રભુ મોક્ષ પામી રૂપાતીત બન્યા, તો આત્માના કેવા અનંત ઐશ્વર્ય વગેરે પામ્યા એનો વિચાર કરવાનો. આ પ્રભુના રૂપાતીત પર્યાયનું ધ્યાન થયું.

આમ અરિહંતનું દ્રવ્ય-ગુણ-પર્યાયથી ધ્યાન ધરવાનું.

આ બધા દ્રવ્ય-ગુણ-પર્યાય વિચારવા યાદ રહે. વિચારણામાં વિશેષ તો ભેદ-છેદ કરવાનો છે. તે વખતે ખાસ વિશેષતા, ખાસ ધ્યાન, ખાસ સાવધાની એ રાખવાની છે કે અરિહંતના પર્યાય સાથે આપણામાં કેટલી પરિણતિ થઈ તે જોવાનું



છે. એકલો અરિહંતનો ચોપડો ન વાંચીએ, જોડે જોડે આપણો પણ વાંચતા જઈએ, એમ કરવું જોઈએ. તે ન થાય તો પેલી હરણની કથા જેવું થાય.

ઉદાહરણ-ભટ્ટજી કથા કરતા હતા, 'જુઓ, રાવણે સીતાનું હરણ કર્યું' સભામાંથી 'જી' બોલ્યા, પણ સાંભળનાર ડોબા જેવા હતા. ભટ્ટજીએ તેમને પૂછ્યું, 'સમજી ગયા ?'

શ્રોતા : 'હા' પણ હવે રાવણ હરણને શું કરશે ?"

આ શું કર્યું ? "સીતાનું હરણ કર્યું" તે સમજવામાં શ્રોતાએ બુદ્ધિ ન વાપરી,

અરિહંતનું ધ્યાન કરીએ તો બુદ્ધિ વાપરવી કે 'મારે અરિહંત સાથે શું લેણદેણ છે ? કોને ખબર મારો આત્મા પણ અરિહંત હોય તો ? મારું દ્રવ્ય ઊંચું હોય તો ? તો શું કામ નીચાણમાં વહી રહ્યું છું ? મારે તો ઊંચે વહવાનું છે. અરિહંતનું આપણે દ્રવ્ય-ગુણ-પર્યાયથી ધ્યાન કરતાં કરતાં નીચાણમાં વહેતા આત્માને ઊંચે વહેડાવવાનો છે : પંપ લગાડવાનો છે, ફોર્સ લગાડવાનો છે.

**ચિંતન ને પ્રગતિ :** અરિહંતનું ધ્યાન કરીએ એ આપણા આત્માને લાગુ કરવાનું-તેની સાથે સંબંધ જોડવાનો કે 'આમાંથી મારે કેટલું કરવાનું ?' આ શ્રવણની ગંભીરતા છે. ગંભીર બને તો રહસ્ય સમજાય.

દ્રવ્ય-ગુણ-પર્યાયથી અરિહંતનું ચિંતન કરતાં, આપણા આત્મામાં કેટલી પ્રગતિ થઈ તે ચિંતન કરતા જઈએ તો ભેદનો છેદ થાય; કેમકે આત્માની પ્રગતિનો સહૃદય વિચાર આત્માની ઉત્તરોત્તર પ્રગતિ વધારે છે. તે ઠેઠ પરમાત્મભાવ સુધીની આત્મપ્રગતિએ લઈ જાય છે, અને એ ભાવ આવ્યો એટલે અરિહંત પણ પરમાત્મા ને આપણે ય પરમાત્મા, એમ અરિહંત સાથેનો ભેદ દૂર થયો.

આપણે એવો વિચાર કરીએ : એકલા અરિહંત કરી શકે, ને શું હું ન કરી શકું ? અલબત, એટલું બધું નહિ, તો થોડું, પણ થોડુંય કરી શકું.

દા.ત. ભગવાન રાતભર કાઉસ્સગ્ગમાં સ્થિર રહ્યા તો શું હું ચાર લોગસ્સના નિર્દોષ કાઉસ્સગ્ગમાં સ્થિર ન રહી શકું ? મોઢું ફેરવે તો વાનરદોષ લાગે, ડોળો ફેરવે તો કાગદોષ લાગે. આવો એક પણ દોષ નથી લાગવા દેવાનો, એ નિર્દોષ કાઉસ્સગ્ગ.

અરિહંતનું ધ્યાન કરતાં ભેદનો છેદ કરવાનો છે. 'હું ભવિષ્યનો અરિહંત છું. હું સાધના લગાઉં, સર્વ પ્રકારના ભેદનો છેદ કરું; અરિહંતનું ખૂબ ખૂબ ધ્યાન કરે, તો આત્મા અરિહંત સાથેની કરોડો ભિન્નતા છેદતો જાય. જ્યારે સંપૂર્ણ ભેદનો નાશ થઈ જાય તો આત્મા અરિહંત થઈ જાય.

## દુહો : ત્રીજી લીટી

### "વીર જિનેશ્વર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે"

મહાવીર ભગવાન ઉપદેશે છે કે ચિત્ત લગાડીને સાંભળજો. શંકા : સાહેબ, સાંભળીએ તો ખરા, પણ સાંભળવાથી શું થાય ? તો કહે છે :

**"આતમ-ધ્યાને આતમ-ઋદ્ધિ મળે સવિ આઈ રે,"**

આત્માનું ધ્યાન લાગે તો આત્માની બધી ઋદ્ધિઓ મળે, જે કર્મ સત્તાએ જપ્ત કરેલ છે. આપણો માલ કર્મ સત્તાએ જપ્ત કરેલ છે. આત્માનું ધ્યાન ધરીએ તો તે તાળું ખોલે, ને આપણી બધી ઋદ્ધિઓ મળે.

પહેલાં અરિહંતનું ધ્યાન આવ્યું.

હવે તે ધ્યાનથી આતમ ઋદ્ધિ કેવી રીતે મળે તે જોઈએ.

**આત્મઋદ્ધિ :** આત્માનું ધ્યાન કરવાથી આત્માની બધી ઋદ્ધિ આવી મળે છે. આત્માની બધી ઋદ્ધિમાં મુખ્ય અનંતજ્ઞાન-અનંતદર્શન-અનંતચારિત્ર-અનંતવીર્ય-અનંત સુખ છે. આત્માની આ મૌલિક સ્વાભાવિક ઋદ્ધિ છે.

ઋદ્ધિ એટલા માટે કહેવાય છે કે ઇન્દ્રપણાની સમૃદ્ધિથી ઇન્દ્રને અને ચક્રવર્તીપણાની સમૃદ્ધિથી ચક્રવર્તીને જે બાદશાહી નથી, તેવી બાદશાહી આ આત્માની સ્વાભાવિક જ્ઞાનાદિ સમૃદ્ધિથી આત્માને છે.

**વીતરાગ ભાવના અંશ :** અનંત ચારિત્ર એટલે વીતરાગ દશા છે. તો વીતરાગ દશા એ આત્માનો ક્ષાયિક ભાવ છે.

'ક્ષાયિક' ભાવ એટલે કર્મના ક્ષયથી ઊભો થતો ભાવ. તે સમસ્ત મોહનીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થાય છે. એટલે સમસ્ત મોહનીય કર્મનો નાશ ન થાય ત્યાંસુધી મોહનીય કર્મનો જે ક્ષયોપશમ થાય તેનાથી વીતરાગ ભાવના આંશિક ગુણો ઉત્પન્ન થાય છે.

મોહનીય કર્મનો સંપૂર્ણ નાશ તે વીતરાગ ભાવ છે. મોહનીય કર્મનો અંશથી જે નાશ તે વીતરાગ ભાવનો અંશ કહેવાય. એમાં ક્ષમા-નમ્રતા-નિઃસ્પૃહતા-બ્રહ્મચર્ય વગેરે આવે.

ક્રોધ-મોહનીયને દબાવે તો ક્ષમા આવે. ક્ષમા તે વીતરાગ ભાવનો અંશ છે. વીતરાગ ભાવમાં કષાયોનો સર્વથા ક્ષય છે-ઉપશમ છે.



અભિમાન-મોહનીય કર્મને કચડ્યું એટલે નમ્રતા આવી-નિરહંકાર આવ્યો, તે ઉપશમ થયો, તે આત્માની આંશિક ઋદ્ધિ છે. સંપૂર્ણ ઋદ્ધિ તે સમસ્ત ક્રોધ-મોહનીય-માનમોહનીય-વેદ મોહનીય વગેરે સમસ્ત મોહનીય કર્મના નાશથી થતો વીતરાગ ભાવ છે.

**આત્મજ્ઞ અને અનાત્મજ્ઞ :**

પ્ર. - આ બધી આત્માની ઋદ્ધિ અત્યારે કેમ પ્રગટ નથી ? કેમ છૂપાઈ ગઈ છે ?

ઉ. - આત્મા અનાત્મજ્ઞ બન્યો રહ્યો છે, આત્મા આત્મજ્ઞ બન્યો નથી, બધું બહારનું જોયા કર્યું, આત્માનું ન જોયું; તેથી આત્માની ઋદ્ધિ લુપ્તપ્રાયઃ છે-આવૃત્ત છે-કર્મના આવરણથી ઢંકાઈ ગઈ છે. આત્મા આત્માને પોતાને ભૂલ્યો. મોહથી પર પદાર્થ પર હકુમત સ્થાપવા ગયો, તેથી તે અનાત્મજ્ઞ યાને જડમુખો બન્યો રહ્યો. જડમુખો થવાથી કર્મનાં આવરણ ચઢી ગયાં.

'ખાવાનું સારું,' 'રહેવાનું સારું,' 'બંગલો સારો, ...આમ બહારમાં ને બહારમાં જ સારાપણું જોતો રહ્યો; તેથી આત્માનું કશું સારું જોયું જ નહીં. વાસ્તવમાં, તે બહારમાં જે ધન-માલ આદિ છે, તે સારાં નથી, ભૂંડા છે. સારું તો અંદરમાં છે; વૈરાગ્ય-ઉપશમ-નિર્મમતા-અનાસક્તિ વગેરે એ સારાં; પરંતુ એના પર દૃષ્ટિ જ ન ગઈ; ઊલટું મોહ-મૂઢતાથી એને આત્માની ઋદ્ધિઓ-વૈભવો-સંપત્તિઓ તરીકે ઓળખી જ ન શક્યો; એટલે પછી એને પ્રગટ કરવાની વાતે ય શી ? માટે એને પ્રગટ કરવા માટે પોતાના આત્માને મહત્ત્વ આપવું જોઈએ.

**'આત્મજ્ઞ'** એટલે આત્માને અને આત્માની સમૃદ્ધિને જ મહત્ત્વ આપનાર, તે એટલું બધું મહત્ત્વ આપે કે એની સામે લાખોના ખજાનાને પણ લેશ મહત્ત્વ ન આપે.

જંબુકુમાર, સ્થૂલભદ્ર વગેરે સંસારમાંથી કેમ ઊભા થઈ ગયા ? બસ, તેમને મન સોનૈયા કુછ નહીં, એટલે તેમણે આત્માને અને આત્મસમૃદ્ધિને મહત્ત્વ આપ્યું; કારણ કે તેમણે જોયું, કે આત્મજ્ઞ બની સાધક બનવાની જરૂર છે.

આત્માને મહત્ત્વ આપ્યા પછી પણ અત્યાર સુધી ઊંધા વેતરણ કર્યાં તેનું શું ? "સો જણનાં ખૂન કર્યાં, પછી કહે : 'ભૂલ થઈ' માફી માગું છું" આમ એકલી માફી માગે તે ચાલે ?

આત્માને મહત્ત્વ આપ્યા પછી ઊંધા વેતરણ સામે સીધાં વેતરણ ઊભા કરવાં જોઈએ, તે માટે શું કરવું જોઈએ ?

**આત્મહિતની પ્રવૃત્તિ :** પહેલાં જડને મહત્ત્વ આપીને, જડની પૂર જોશમાં પ્રવૃત્તિ કરતો હતો, એવી પ્રવૃત્તિ કરતો હતો કે નજર સામે જડ ને જડ રહે. વેપારી દુકાન પર બેસે તો માલ ને પૈસા સિવાય કાંઈ સામે આવે તો તેને ધ્યાનમાં જ નથી લેતો, એવી રીતે હવે આત્મજ્ઞ બન્યો તો તેની સામે આત્મહિત સિવાયની બીજી વાતો આવે તો એના પર બહુ લક્ષ જ ન દે. એ તો આત્મહિતની એવી પ્રવૃત્તિઓમાં લીન રહે કે એને આત્મા જ આત્મા ધ્યાનમાં રહે; એટલે કે નજર સામે આત્મા જ આવ્યા કરે; ત્યાં પ્રવૃત્તિ જ એવી ! જેમ નવરા પડો ને જો વિકથામાં ચડો તો નજર સામે જડ જ આવે, એમ નવરા પડો ને મહાપુરુષનાં ચરિત્ર વાંચો તો નજર સામે પરાક્રમી આત્મા જ આવે. 'કેવું સરસ તેમનું કામ !'

આમ આત્મહિતની ધરખમ પ્રવૃત્તિ થયા કરે, તો એમાં આત્મા જ નજર સામે આવ્યા કરે; અને એવું કરાય તો સીધાં વેતરણ થાય, ને તેથી જૂનાં આંટા ઊકલી જાય, જૂની વેતરણનું વળતર થઈ જાય.

જ્યારે આત્મા અનાત્મજ્ઞ હતો, ત્યારે રંગરાગ ને મોજ-મજામાં હતો, જડમુખો હતો, એટલે કે એ જે કાંઈ કરે ત્યારે જડ તેની સામે આવે, એના બદલે આત્મજ્ઞ પુરુષને મહાપુરુષ-ચરિત્રનાં વાંચન વગેરે કરતાં કરતાં તેની સામે ત્યાગ-વૈરાગ્ય-સંવેગ-નિઃસ્પૃહતા-વાતવાતમાં વિરતિ, આટલું બંધ, આટલો ત્યાગ એ બધું નજરે ચઢે છે. અનાત્મજ્ઞ અવસ્થામાં આ બધું ક્યાંથી હોય ? એને તો કુટુંબની સેવા, પરિવારની સેવા, વેપાર ખટલાની સેવા, આડતિયાની પાકી આરતી,-આવું બધું જ કરવાનું રહેતું ને એમાં જડ જ જડ નજર સામે રહેતું હતું. માટે જ એ પાકો અનાત્મજ્ઞ, હૃદયથી અનાત્મજ્ઞ હતો.

**આત્મધ્યાન :** હવે દેવાધિદેવની સેવા, સાધુની સેવા, ધર્માત્મા સાધર્મિકની સેવા, ધર્મીજનોના સંસર્ગ-આ બધું રાખે, તો નજર સામે આત્મા જ આત્મા રહે. આ છે આત્મહિતની પ્રવૃત્તિ, આ બધાના ગુણોની અનુમોદના કરે, તો આત્મા નજર સામે તરવરે. આનું નામ આત્મધ્યાન.

જડ ધ્યાનથી આત્મ ઋદ્ધિ લુપ્ત હતી. હવે આત્મધ્યાનથી આત્મ-ઋદ્ધિ પ્રગટ થવા માંડે છે.

કવિએ "આતમધ્યાને સવિ આતમરિદ્ધિ આવી મળે" એમ કહ્યું. તો આ આતમ-ધ્યાન એટલે શું ?

શું ગુફામાં બેસીને 'હું આત્મા ! હું આત્મા !' એમ રટ્યા કરવાનું, કે જોયા



કરવાનું ? ના. એટલું કરવાથી પૂર્વના અનાત્મજ્ઞ એટલે જે જડમુખા આત્માના કરેલા ઊંધા વેતરણના સંસ્કાર ભૂંસાય નહીં.

**કુસંસ્કારના ઊંધા વેતરણ :** ઊંધા વેતરણ કેવાં ? કે

૧. સ્વાર્થવૃત્તિની અંધતામાં પરનું ભલું કશું જોવાનું નહિ.
૨. બેઠા કામ થતું હોય તો ઊભા થવાની વાત નહિ, એવું હરામ હાડકાપણું.
૩. ખાવાનું છૂટથી મળતું હોય, અને ખાઈ શકાતું હોય, તો એક ટંક પણ ખાવાનું છોડવાની વાત નહીં.
૪. અનુકૂળ સગવડો જેટલી મળે એટલી ભોગવી લેવાની જ વાત,
૫. બિમારી ના પાડતી હોય એવા પદાર્થોનો પણ પ્રતિજ્ઞાથી ત્યાગ રાખવાની વાત નહિ.
૬. મનમાન્યું બની આવે એમ હોય તોય જૂઠડફાણ ચોરી, અનીતિ, માયા, પ્રપંચ, વિશ્વાસઘાત વગેરે આચરી લેવામાં લેશ પણ સંકોચ નહીં ! એમ જરાજરામાં
૭. ગુસ્સો, રોફ, મદ, માત્સર્ય, નિંદા, ચાડી, આરોપ, કુવિકલ્પો વગેરે કરતા રહેવાનું થયા કરે.

આવા કેઈ પ્રકારના ઊંધા વેતરણ, હજારો, લાખો શું, કરોડો વાર કરેલાં છે. એના આત્મા પર કેટલી રકમના ઘેરા સંસ્કાર જામ થઈ ગયા હોય ?

શું આ ઘેરા સંસ્કાર એમ ને એમ નિરાંતે આરામથી બેસી અને બીજી બધી હિત પ્રવૃત્તિઓ-પરાર્થ પ્રવૃત્તિઓ તથા અનેકવિધ ત્યાગ, અનેકવિધ તપ, તેમજ દેહાધ્યાસને તોડી નાખે એવા પ્રતિક્રમણ, અને કલાકો સુધી સ્વાધ્યાય વગેરેની પરવા મૂકી દે અને એકલું 'આત્મા ! આત્મા !' એવું આત્મધ્યાન કરે, તો ભૂંસાય ખરા ?

**કુસંસ્કારો દૂર કરવાના ઉપાય :** એ કુસંસ્કારો તો એના પ્રતિપક્ષી અનેકવિધ ધર્મસાધનાઓ, હિત પ્રવૃત્તિઓ, કાયકષ્ટદાયી આરાધના વગેરેના ધરખમ સેવનથી જ ભૂંસાય.

આ ઊંધા વેતરણના કુસંસ્કારો અનેકવિધ માનસિક વાચિક, કાયિક, સત્ પ્રવૃત્તિઓના ધોધમાર આચરણો દ્વારા ભૂંસવાથી જ પરાર્થવૃત્તિ, કાયનિર્મમતા, નિઃસ્વાર્થસેવા, વૈયાવચ્ચ, ક્ષમા, નમ્રતા, નિઃસ્પૃહતા, ત્યાગ, તપ, વિશુદ્ધજ્ઞાન,

દર્શન, અહિંસા, સંયમ, વગેરે આત્મ-ઋદ્ધિઓ સમૃદ્ધિઓ પ્રગટ થાય.

વિચારવા જેવું છે કે આ બધી સમૃદ્ધિઓ ગુફા જેવામાં બેસી આત્માનું કોરું ધ્યાન કરતા રહેવામાં શી રીતે પ્રગટ થાય ?

**કુસંસ્કારનું દૃષ્ટાંત :** એવો એક પ્રસંગ બન્યો. એક પ્રમુખ સાધુ બિમાર હતા. બીજા અનેક મુનિઓ સેવામાં હાજર રહેતા, પરંતુ એક સારું ભણેલા સાધુ સેવામાં ફરકે નહિ, એમને પૂછવામાં આવ્યું કે "શું તમને ખબર નથી કે આ મહારાજ બિમાર છે ?"

એમણે જવાબ આપ્યો : "મને ખબર છે, અને તેમના માટે હું મૈત્રીભાવના ચિંતવું છું, જેથી એમના રોગ મટી જાય."

વિચારો. આ ભાવના કરવાથી બિમાર રોગીનો રોગ મટે કે ન મટે એ જુદી વાત છે, પરંતુ ભાવના કરનારનો પોતાના આત્માનો હરામહાડકાનો રોગ મટે ખરો ? કે પોતે હાડકાં સુંવાળાં ન રાખતાં કાયાનું કષ્ટ ઉપાડી, બિમારની સેવા કરે, તો જ એ આત્મરોગ મટે ? પરંતુ આ જ સમજનાર અને મૈત્રી ભાવનાથી જ પતાવનારને કોણ કહે કે "ભાઈ ! તમને બિમારી આવે અને બધા મૈત્રીભાવ ચિંતવી લે ને કાયાથી તમારી સેવામાં કોઈ ન ઊભું રહે, તો તમારે ચાલે ને ?"

વાત આ છે : 'અનાદિના ઊંધા વેતરણ કોરા આત્મધ્યાનથી ભૂંસાય નહીં. (ને તે વિના આત્મસમૃદ્ધિ પ્રગટે નહીં) એ તો સીધા વેતરણથી જ ભૂંસાય.

દા.ત. હાડકાં હરામ કરીને ઊભા કરેલા કુસંસ્કાર હાડકાં વિવિધ ધર્મ ક્રિયામાં તથા સેવા શુશ્રૂષામાં આપ્યા કર્યા સિવાય જાય નહીં.

ક્રોધ કરી કરીને ઊભા કરેલા કુસંસ્કાર જગત વચ્ચે રહીને આવી પડતા પ્રતિકૂળ પ્રસંગોમાં અનેકાનેક વાર ક્ષમાનો અભ્યાસ રાખ્યા વિના જાય નહીં.

નકરી સ્વાર્થાંધતા જ સેવી સેવીને ઊભા કરેલ કુસંસ્કાર પરાર્થવૃત્તિ, પરગજુતા, પરોપકાર વગેરેની અનેકાનેક વારની પ્રવૃત્તિઓ આચર્યા વિના ભૂંસાય નહીં. "ખાઉં, ખાઉં"ની વૃત્તિ-પ્રવૃત્તિથી ઊભા કરેલા કુસંસ્કાર ઉપવાસ, એકાસણાં, બેઆસણાં, વગેરેના સતત તપના ખૂબ અભ્યાસ વિના ભૂંસાય નહીં.

'પૈસા કિંમતી, પૈસા કિંમતી' એમ જનમ-જનમ કરી કરીને સર્જેલી ગાઢ ધન-મૂર્છાના કુસંસ્કાર પરાર્થ પરમાર્થમાં છૂટે હાથે વારંવાર દાન કર્યા વિના મટે નહીં. એટલે જ દેખાય છે કે કોરું આત્મધ્યાન લઈ બેસનારા પૈસા સાચવવામાં પાકા સાવધાન રહે છે, અનેકાનેક પરાર્થ હાથવેંતમાં છતાં પૈસા છૂટતા નથી.



પ્ર. - આ બધું તો સૂચવે છે કે આત્માની ઉપરોક્ત ખરાબીઓ ઉપરોક્ત જેવી આત્મહિતની ધરખમ પ્રવૃત્તિઓ વિના મટે નહિ અને તે વિના આત્મ સમૃદ્ધિ પ્રગટે નહિ તો પછી અહીં આત્મધ્યાનથી આત્મ સમૃદ્ધિઓ આવી મળે એટલું જ કહ્યું, એનું શું ?

**આતમધ્યાનનો અર્થ :** ઉ. - અહીં 'આતમધ્યાન'નો અર્થ આ છે કે બધી આત્મ-હિતની પ્રવૃત્તિઓ કેન્દ્રમાં આત્માનો પૂરો ખ્યાલ રાખીને કરવાની છે, આત્માને ઉદ્દેશીને કરવાની છે, અને આત્માના સ્થિર લક્ષ સાથે કરાતી હિતપ્રવૃત્તિઓ પણું આત્મ-ધ્યાનરૂપ છે-એ વાત વિચારાઈ ગઈ છે. 'જ્ઞાનધ્યાનમાં ઉજમાળ રહેજો'-એ હિતવચનમાં 'ધ્યાન' શબ્દથી એકાગ્રતાપૂર્વક કરાતા ધાર્મિક આચાર-ક્રિયાઓ જ લેવાની છે.

જ્યારે 'આત્મધ્યાન' શબ્દથી મુખ્ય ઉદ્દેશ આત્માનો લીધો એટલે પછી દેવદર્શનાદિ હિતપ્રવૃત્તિઓ દુન્યવી સુખના ઉદ્દેશથી નહિ કરાય; કેમકે એ સુખ તો આત્માના નહિ કિન્તુ કાયાના, કાયા અને ઇન્દ્રિયોનાં, સુખ છે. આત્માના ઉદ્દેશમાં તો આ સુખ નહિ પણ કલ્યાણ આવે.

અણસમજુ જીવ બધું સુખ માટે કરે છે.

સમજુ જીવ બધું કલ્યાણ માટે કરે છે. એટલે 'આતમ-ધ્યાને' કહીને આત્માના મુખ્ય લક્ષવાળી જ શુદ્ધ આત્મકલ્યાણ માટેની હિતપ્રવૃત્તિઓ લેવાનું સૂચવ્યું. એ પણ એકાગ્રતાપૂર્વક અર્થાત્ તન્મય થઈને કરાય તો જ ધ્યાનરૂપ બને; તેથી એને તન્મય થઈને કરવાનું સૂચવ્યું.

બે વાત થઈ : હિતપ્રવૃત્તિઓ (૧) આત્માના જ ઉદ્દેશથી કરવાની. અને (૨) એકાગ્રતા-તન્મયતાપૂર્વક કરવાની.

**(૧) આત્માના ઉદ્દેશથી એટલે ?** દા.ત., ઉપવાસ કર્યો તો તે આત્માના આત્મકલ્યાણના લાભમાં ઉતારવાનો; એ તો જ બને કે જો આત્મા જ નજર સામે હોય, આત્મા જ ધ્યાનમાં હોય; ને એ જ આતમધ્યાન. ઉપવાસમાં આત્મા જ નજર સામે હોય એટલે ખ્યાલ રહે કે આત્માનો સ્વભાવ અણાહારીપણાનો છે. એ સ્વભાવ અત્યારે ઢંકાઈ ગયો છે, પરંતુ એને ખોલવો-પ્રગટ કરવો હોય તો ઉપવાસ એ સાધન છે. ઉપ=નજીક, વાસ=સ્વભાવમાં વસવું.

**ભૂખ લાગવાનું કારણ :** પ્ર. - આત્માનો સ્વભાવ જો અનાહારીપણાનો છે, તો પછી ભૂખ કેમ લાગે છે ? આહારની ઇચ્છા કેમ રહે છે ?

ઉ. - આત્માને કાયાનો વળગાડ છે, તેથી ભૂખ લાગે છે. ખાઈ ખાઈને કાયાનો વળગાડ વળગ્યો, ને કાયાના વળગાડથી 'ખાઉં' 'ખાઉં'ની સંજ્ઞા વારેવારે ખાઈને પોષ્યા કરાય-એટલે પછી કાયાનો વળગાડ જવાનો જ નહિ. તેથી કાયાનું ભૂતડું કાઢવા માટે ઉપાય આ જ છે કે-"આહાર સંજ્ઞા બને તેટલી કચડતા જવું" એમ જડ આહારની પ્રવૃત્તિ જેટલી બંધ થાય, તેટલું એનું ધ્યાન મટે, ને આત્માનું ધ્યાન લાગે.

**આત્માની નાલેશી :** રેડિયો પર સમાચાર સાંભળવા છે, રસ પૂરી ઉડાવવા છે, મોટરમાં ફરવું છે, ને સાથે આત્માનું ઉત્થાન કરવું છે, એણે આત્માનેય ઓળખ્યો નથી, અને એ આત્માના ધ્યાનને ય સમજ્યો નથી.

જેણે આત્માને જાણ્યો, એને જડની પ્રવૃત્તિ ભારે વેઠરૂપ કંટાળાજનક અને આત્માની નાલેશી કરનારી લાગે. નજરકેદી રાજાએ પોતાનું સ્વાતંત્ર્ય શું છે, તે જાણ્યું છે, તો કેદમાં મોટા રાજા તરફથી ખાન-પાન, સંગીત, શયન, વગેરેની અપાતી બધી સગવડને એ વેઠ રૂપ, કંટાળાજનક અને નાલેશીભરી સમજે છે, તો પછી જો આત્માને જાણ્યો છે, તો શું જડની પ્રવૃત્તિ એવી ન લાગે ? માટે જ જડ પ્રવૃત્તિમાંથી જેટલું બહાર નીકળાય એટલું સારું, જેથી આત્મહિતની પ્રવૃત્તિમાં રહેવાય, અને ત્યાં આત્માનું મુખ્ય ધ્યાન રહે.

**આત્મા જ સર્વેસર્વા :** તાત્પર્ય, બધી પ્રવૃત્તિમાં આત્માને આગળ કરો, આત્માને જ મહત્ત્વ આપો. કદાચ કાયાને વધુ કષ્ટ પડ્યું, તો ખુશી અનુભવો કે આ મારા આત્માને વધારે કર્મ-ક્ષયનો લાભ આપનારું કષ્ટ આવ્યું તે સારું થયું.

**સ્વાધ્યાય :** આત્માને મુખ્ય કરવાના હિસાબે જ ધ્યાનની પ્રવૃત્તિને સ્વાધ્યાય કહ્યો. 'સ્વાધ્યાય' એટલે સ્વનો અધ્યાય. સ્વને-આત્માને ઉદ્દેશીને કરાતું અધ્યયન એ સ્વાધ્યાય.

અત્યાર સુધી અનંતા ભવોમાં પાપના વિકલ્પો અનહદ કરી કરીને જન્મ બગાડ્યા. એ હવે જો માત્ર આત્માને અનુલક્ષીને જ શાસ્ત્રાધ્યાય કરાય તો તેનું નામ સ્વાધ્યાય કહેવાય.

આત્માને નજર સામે રાખ્યો એટલે અધ્યયન કરતાં 'મને માન મળો, યશ મળો' વગેરે મલિન આશયો ઊડી જવાના, કેમકે એ માન વગેરે બધું કાયાના લાભના છે. આત્મા માટે તો એ કષાયોના કચરા વધારનાર છે.

આત્માને નજર સામે રાખ્યો એટલે આત્મામાં કચરા વધારવાના નથી, પરંતુ



સાફ કરવાના છે. એટલે જ પાપ વિકલ્પો કે મફતિયા વિચાર ને વિકલ્પો-વિચારોથી બચવા અધ્યયનમાં વિશેષ તન્મયતા રહેશે. એનું નામ સ્વાધ્યાય છે.

**આત્મધ્યાનની આવશ્યકતા :** આત્મધ્યાન ઊંધા વેતરણ કાઢવા માટે સીધાં વેતરણ રૂપ છે. એટલે જ અત્યાર સુધી દા.ત. જીભથી ખાવાની લાલચ રાખી હતી એ ઊંધા વેતરણ હતાં, એ કાઢવા માટે તપનાં સીધાં વેતરણ જ કામ લાગે.

અત્યાર સુધી આંખેથી જગતનું સારું સારું જોવાના ઊંધા વેતરણ હતાં, તે કાઢવા માટે હવે પ્રભુ દર્શન, ગુરુ દર્શન, શાસ્ત્રવાંચન વગેરે સીધાં વેતરણ જ કામ લાગે.

અત્યાર સુધી પાપ વિકલ્પોનાં ઊંધા વેતરણો હતાં, તે અટકાવવા માટે શાસ્ત્ર સ્વાધ્યાયનાં જ સીધાં વેતરણ જોઈએ.

અત્યાર સુધી જડ પદાર્થોની આશાઓનાં ઊંધાં વેતરણ રાખેલાં, તે સર્વ ત્યાગરૂપ ચારિત્રનાં તલસાટ, સ્વીકાર ને પાલનનાં સીધાં વેતરણથી જ મટે. માટે તો સંપ્રતિ રાજાના જીવ ભિખારીની દીક્ષાનું પણ મહત્ત્વ હતું અને તે માત્ર અડધા દિવસના ચારિત્રના ફળ રૂપે એક લાખ નવાં જિનમંદિર અને સવા ક્રોડ નવાં જિનબિંબ તેમજ ૩૬૦૦૦ જિર્ણોદ્ધારને કરાવનાર રાજા સંપ્રતિનો અવતાર મળ્યો.

**આત્મસમૃદ્ધિના પ્રગટીકરણના ઉપાય :** આ બધાં ઊંધાં વેતરણ ભૂંસવા માટે તે તે પ્રકારના સીધાં વેતરણ જોઈએ, એટલે સમજાશે કે 'ખરું આત્મધ્યાન એવા બધા સીધા વેતરણમાં જ છે.' અને એમાં મુખ્યત્વે આત્મા જ નજર સામે રહેવાથી એને આત્મધ્યાન કહી શકાય છે. તેમજ આત્માને અનુલક્ષીને કરાતાં એ સીધાં વેતરણથી આત્માની તપ ક્ષમાદિ ગુણ વગેરેની સમૃદ્ધિઓ પ્રગટ થાય છે.

**મનને સમજાવો અથવા મારો :** પ્ર. - કેટલીક વાર સીધું વેતરણ અશક્ય બને છે, દા.ત. ગુસ્સાની સામે ક્ષમા કરવા માગીએ, છતાં અવસરે ક્ષમાને બદલે ગુસ્સો જ થઈ આવે, ત્યાં શું કરવું ?

ઉ. - એ માટે ગુસ્સાનો દંડ નક્કી કરવો. દા.ત. મારે નિયમ કે ગુસ્સો થઈ જાય તો ઉપવાસ, અગર એકાશન, અગર સો લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. એમ દંડના ભયથી ગુસ્સાના ટંક ઓછા થતા જશે. પરસ્ત્રીદર્શનથી બચવા માટે એવા ઉપાય યોજવા જોઈએ. જેને દિવસમાં બહુ વાર ગુસ્સો, બહુવાર સ્ત્રીદર્શન વગેરે દોષ નડતા હોય, એ જો પ્રારંભે એટલું ય નક્કી કરે : 'આજે મારે ઓછામાં ઓછા પાંચવાર ગુસ્સાને અટકાવવો. ઓછામાં ઓછું પાંચ વાર તો પરસ્ત્રીદર્શનથી બચવું'

તો પછીથી મન મારીને પણ એમ બચાશે.

આમાં આત્મા ને આત્મહિત જ નજર સામે છે, એથી એ એક પ્રકારનું આત્મ-ધ્યાન જ છે. એમાં મન મારીને પણ ક્રોધાદિ આત્મદોષોથી બચવામાં વીતરાગ ભાવના આંશિક ગુણ પ્રગટ થાય છે. એ આત્મ સમૃદ્ધિ જ છે.

શરૂ શરૂમાં, ભલે કદાચ દિલથી નહિ, તોપણ મન મારીનેય દોષોનો નિગ્રહ અને ક્ષમાદિ ગુણોનો અભ્યાસ કરવો અત્યંત જરૂરી છે.

દા.ત. કોઈના પર હૈયામાં ક્ષમા ન બેસતી હોય, ગુસ્સો કરવા મન રહેતું હોય, છતાં મન મારીને જો બહારમાં ગુસ્સો ન લવાય, તો એવું અનેક વાર કરતાં કરતાં અંતરમાંથી ગુસ્સાનું જોર ઘટતું આવે છે. ગુસ્સાના કુસંસ્કાર ભૂંસાતા આવે છે.

**ગુણ-સુકૃતનો ક્રમશ અભ્યાસ :** મન મારીને, પણ વારંવાર કરેલ ગુણોનો તથા સુકૃતોનો અભ્યાસ દોષોના ને દુષ્કૃતોના કુસંસ્કારોને અર્થાત્ અશુભ અનુબંધોને (પાપના અનુબંધોને) તોડે છે, અને એ ક્રમશઃ તૂટી જતાં, પહેલાં ભલે અંતરમાં ગુસ્સો વગેરે ખરાબ ભાવ હતા, અને ગુણોના અભ્યાસરૂપે માત્ર બહારથી ક્ષમા વગેરેને જાળવતા હતા, તે હવે એ ખૂબ અભ્યાસ દ્વારા પાપાનુબંધો તૂટી ગયા પછી હવે અંતરમાં જ ક્રોધાદિ અશુભ ભાવ ઊઠતા નથી. મન મારીને પણ કરેલા ગુણ-સુકૃતના અભ્યાસનું આ ફળ પ્રત્યક્ષમાં દેખાય છે; એટલે પ્રશ્ન થાય,-

**પાપાનુબંધો તૂટે ખરા ?** પ્ર. - પાપાનુબંધો-અશુભાનુબંધો તો પૂર્વથી લાવેલા હોય એ અશુભ ભાવ દુર્બુદ્ધિ વગેરે જગાડે જ છે, પછી બચવાનો આરો જ ક્યાં છે ?

ઉ. - મન મારીને પણ એટલે કે અંતરમાં તો કષાયનો અશુભ ભાવ છે, દુર્બુદ્ધિ છે, છતાંય બહારથી મન મારીને પણ કરેલો ગુણ-સુકૃતનો અભ્યાસ ધીરે ધીરે પાપાનુબંધને તોડતો આવે છે, અને એમ ક્રમશઃ તૂટી જતાં હવે અંતરમાં શુભ ભાવ-સદ્બુદ્ધિ સહેજે જાગે છે.

દા.ત. શરૂ શરૂમાં ઉપવાસ-આયંબિલ-એકાસણું વગેરે તપ કરવાનો ભાવ જ નહોતો થતો, ખાવાના ભાવ રહેતા હતા. એ અશુભ ભાવ છે. પૂર્વના પાપાનુબંધનું એ ફળ છે. છતાં મન મારીને પણ તપનો જો અભ્યાસ કર્યે જવાય તો, ભલે, શરૂ શરૂમાં તપ વખતે ખાવાના વિચાર આવી જતા હતા, છતાં મન મારીને પણ ચલાવેલ તપના અભ્યાસથી ખાવાના વિચાર મોળા પડતા જાય છે.



અને એક દિવસ એવો આવી લાગે છે કે હવે ખાવાની લાલચો ઊઠતી નથી. બલ્કે તપના જ ભાવ જાગ્યા કરે છે. આ શું થયું ? પાપાનુબંધો તૂટ્યા. ખાઉં, ખાઉંના કુસંસ્કારો તૂટ્યા તો જ ખાવાના ખરાબ ભાવ અટક્યા. આ કોણે કર્યું ? ભલે, પ્રારંભે અંતરમાં તપના શુભ ભાવ નહિ પણ ખાવાના અશુભ ભાવ હતા, છતાં મન મારીને બહારથી તપગુણ-તપ-સુકૃતનો અભ્યાસ ચાલુ રાખ્યો. એણે એ પાપાનુબંધો તોડ્યે જવાનું કામ ચાલુ રાખ્યું, તો સરવાળે એ તૂટી જતાં હવે અંતરમાં જ તપના શુભ ભાવ જાગે છે.

**આત્માને નજર સામે રાખો :** આમ મન મારીને પણ બહારથી કરેલો આત્મગુણોનો-આત્મસુકૃતોનો અભ્યાસ કુસંસ્કારોને યાને અશુભ અનુબંધોને તોડે છે. એ કરવામાં આત્મા નજર સામે છે. કેમકે વિચાર રહે છે કે 'આ જાલિમ આહારસંજ્ઞા, ક્રોધ-સંજ્ઞા વગેરેથી મારા આત્માનું બગડી રહેલ છે, તેથી લાવ, તપ અને ક્રોધનિગ્રહ વગેરેના અભ્યાસ, ભલે અંતરમાં સંજ્ઞા પીડતી હોય તોય, ચાલુ રાખું.'

આમ ગુણો-સુકૃતોના અભ્યાસમાં પણ આત્મધ્યાન ચાલુ જ છે, અને સરવાળે એવા બહુ અભ્યાસથી પાપાનુબંધ તૂટી જતાં અંતરમાં તપ-ક્ષમા વગેરેની આત્મસમૃદ્ધિ પ્રગટ થાય છે. એટલે અહીં કહ્યું :

**"આતમ ધ્યાને આતમ રિદ્ધિ, મળે સવિ આઈ રે."** વાત આ છે : ભલે મનમાં ખોટા વિચાર આવતા હોય કે ચાલુ હોય, પરંતુ સારું આત્મહિત મન મારીને પણ કર્યે જાવ, એ મૂળ તો આત્માને નજર સામે રાખીને જ છે, એટલે કે આત્માનું ભલું થાય એ માટે જ કર્યે જવાનું છે, તેથી એમાં સાચું આત્મ-ધ્યાન જ છે.

## "ઉપવાસ"-શબ્દનો મહિમા :

આ જ હિસાબે ઉપવાસ શબ્દનો મહિમા છે. અંતરમાં હજી ખાવાની લગન-આહારસંજ્ઞા ઊભી છે, છતાં એક દિવસ માટે પચ્ચક્ખાણથી ખાવાનું છોડ્યું એટલે "ઉપ" એટલે કે આત્માની નિકટમાં "વાસ"- વસવાનું થયું. આત્માની નિકટ રહેવાય, તો આત્મ-ભાવ-સ્વભાવ પ્રગટે. પછી એનો બહુ અભ્યાસ થતાં પરાકાષ્ઠાએ આત્મભાવમાં એકાકારતા આવી જાય છે. તુંહિ, તુંહિ; તુંહિ માતા, તુંહિ ભ્રાતા, એમ જે આત્માની એકાગ્રતા-તન્મયતા ઊભી કરાય છે, ત્યારે સહજ ભાવે એ બધી આસક્તિ છૂટી જાય છે, અને અનાસક્ત યોગ લાવે છે.

પછી ઉપરની કક્ષામાં એક જ આત્મધ્યાન રૂપી વાવાઝોડું બસ છે. મોહનીય

કર્મનાં છાબડાં ઊંચકાઈ તણાઈ ગયા સમજો, અને તરતમાં વીતરાગ ભાવ તથા અનંત જ્ઞાન-દર્શન-વીર્યાદિ લબ્ધિ સ્વરૂપ ઉત્કૃષ્ટ આત્મસમૃદ્ધિ પ્રગટ થાય છે.

આમ 'આત્મધ્યાનથી રિદ્ધિ મળે સવિ આઈ' બહુ તપ વગેરેથી કંટાળનારે સમજવું જોઈએ કે 'ખાઉં'ની અનંતા કાળની ઊંધી રમત છે, એની સામે બે-પાંચ ભવની તો સીધી મહેનત જોઈએ ને ?

એ કરવાથી અશુભ અનુબંધો તૂટતાં અર્થાત્ અનેકાનેક ભાવી ભવોની બીજશક્તિ તૂટતાં ભાવી ભવો ટૂંકાય છે, અને અલ્પ ભવોમાં કર્મ અને શુભ અનુબંધોના ચોપડા ચુકતે થઈ જાય છે.

વાત આટલી જ છે કે-આત્માને નજર સામે રાખી, એકાકાર બની, કામ કર્યે જાવ; ફળ નિશ્ચિત છે.

## આત્માને નજર સામે રાખનાર નોકર તે શેઠ બન્યો.

સુદર્શન શેઠનો જીવ પૂર્વભવે એ જ ઘરમાં ઢોરાં ચારનારો નોકર છે. આકાશગામી મુનિ પાસેથી માત્ર 'નમો અરિહંતાણં' મળ્યું, તો એણે એમાં એકાકારતા કરી, દિવસ-રાત એ જ રટણ. તો દુઃખદ અકાળ મૃત્યુ વખતે પણ દેહાધ્યાસ ભૂલી દેહ કષ્ટને-દેહવેદનાને અવગણી 'નમો અરિહંતાણં'ની જ રટણા રાખી.

આ રટણાથી શું જોઈતું હતું એને ? એના શેઠ અર્હદ્દાસે એને શીખવ્યું હતું કે 'આ મંત્રથી ઠેઠ જન્મ મરણ સુધીની પીડા જાય' તો એને એ જ જોઈતું હતું એટલે જ અકાળ મોતની કારમી પીડા વખતે પણ રાખેલી એ જ રટણા આત્માને ઉદ્દેશીને જ હોઈ આત્મધ્યાન રૂપ જ હતી. પરિણામ ? પછીના જ ભવે સુદર્શન શેઠનો અવતાર !

એકાંત રાણીવાસમાં ભોગ માટેના રાણીના કાલાવાલાં છતાં વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન, પછીથી રાણી દ્વારા આરોપ અને રાજાની ખુલાસા માટેની ખાસ માગણી, છતાં રાણીની હિંસા ન થાય એ માટે કડક મૌન, રાજાએ ફરમાવેલ શૂળીનું સિંહાસન, અંતે ચારિત્ર અને એ જ ભવમાં મોક્ષ ! - વગેરે અચિંત્ય પરિણામ આવી ઊભાં. આ મૂળ કોનું ફળ ? આત્માને અનુલક્ષીને કરેલી 'નમો અરિહંતાણં'ની એકાકારતા. મતલબ સક્રિય આત્મધ્યાન એ મૂળ કારણ હતું. એના પર બધી આત્મસમૃદ્ધિ પ્રગટ થઈ ગઈ. સુદર્શન શેઠને એવા આત્મધ્યાન દ્વારા બીજા જ ભવે કર્મ અને અનુબંધોના ચોપડા ચુકતે થઈ ગયા.

❖ ❖ ❖





(શ્રી અરિહંતપદ કાવ્ય)

**જિયંતરંગારિગણે સુનાણે સપ્પાડિહેરાડઇસયપ્પહાણે ।**
**સંદેહસંદોહરયં હરંતે ઝાએહ નિચ્ચંપિ જિણેઽરહંતે ॥૧॥**

**અર્થ :** આંતર શત્રુઓના સમૂહને જીતનારા, ઉત્તમ જ્ઞાનવાળા, આઠ પ્રાતિહાર્ય સહિત ચોત્રીસ અતિશય વડે પ્રધાન ભવ્ય જીવોના સંદેહોના સમૂહ રૂપી રજને હરણ કરનાર એવા અને અ-રહંત અર્થાત્ જેમને કશું રહસ્ય રહ્યું નથી, એટલે કે ગુપ્ત રહ્યું નથી એવા જિનેશ્વર પ્રભુનું હંમેશાં ધ્યાન ધરો.

**વીતરાગ :** જિનેશ્વર એટલે વીતરાગ એવા અરિહંત પ્રભુ; જે અષ્ટ પ્રાતિહાર્યની શોભાવાળા છે, બાર ગુણે ગુણવંતા છે. અને ચોત્રીશ અતિશયવાળા છે. તેમનું હંમેશાં ધ્યાન પણ ધરો. (નિચ્ચંપિ=હંમેશાં પણ)

એટલે કાર્ય વિશેષમાં તો જરૂર ધ્યાન ધરો, પણ હંમેશાં પણ તેનું ધ્યાન ધરો.

કારણ તે કેવા છે ? તો કે

રાગદ્વેષ, કામ, ક્રોધ, લોભ, માન વગેરે અંતરંગ શત્રુના સમૂહને જીતનારા છે.

**વીતરાગ-ધ્યાનની અસર :** આપણું બગાડનાર આ અંતરંગ શત્રુઓ છે. તેમને જેણે જીતી લીધા છે એવા અરિહંત પ્રભુનું ધ્યાન ધરો, તેથી આપણું મન સ્વચ્છ થાય, રાગાદિ વિનાના તેમને મનમાં લાવીએ તો મન નિર્મળ બને.

**અરિહંતને મનમાં કેમ લાવીએ ?** એટલા માટે કે વારંવાર અરિહંત મનમાં ભાવથી લવાય એટલે અંતરંગ શત્રુ હટાવનારને મનમાં લાવ્યા તેથી અંતરંગ શત્રુ રાગાદિ પર ઘૃણા ઊભી થઈ, તેમજ એ વખતે અંતરંગ શત્રુ ખૂબ ભૂલાતા જાય. આ સૂચવે છે કે અરિહંતને મનમાં ખૂબ લાવો ને અંતરંગ શત્રુઓને ભૂલો.

તાત્પર્ય એ છે કે 'કોઈની સાથે કષાય થયો ને લાગ્યું કે "આ મારો દુશ્મન છે," "આણે મારું બગાડ્યું છે;" તો તે પર અમિત્રતા, વૈર, ક્રોધ, વિરોધ મનમાં આવેલા હોય. હવે જો અરિહંતનું ધ્યાન કરવું છે તો તે વૈર વિરોધને કમમાં કમ અરિહંતના ધ્યાન વખતે બહાર કાઢી નાખવાના.

પેલા વૈર, વૈરોધ, કષાયો વગેરેને અંદર રાખી મૂકયા હશે, તો અરિહંતનું ધ્યાન બરાબર લાગશે નહીં. વહાલા લાગતા વિષયો, કષાયો, ને વાસનાને ફેંકી દો. ભલે મોટી ઈન્દ્રાણી આવે, તોય પરવા નહિ કરવાની. તેની વાસનાની જેમ ખાવાપીવાની વાસના જાગે, તો તે વાસનાને ય બાજુએ મૂકવાની. એ વખતે મનમાં લાવવાનું કે મારે તો એક અરિહંત જ સાધ્ય-ઉપાસ્ય છે, બીજું કાંઈ નહિ.

**અશુભ અનુબંધ તૂટવાનું કારણ :** અરિહંતના ધ્યાનમાં કમમાં કમ આ વાસનાઓ અને કષાયોને બહાર મૂકીએ, તો લાભ એવો અનન્ય છે, કે જન્મ જન્માંતરથી જે અશુભ અનુબંધ-પાપાનુબંધો લઈને આવ્યા છીએ, તે તૂટતા જાય.

અરિહંતના ધ્યાનનાં અશુભ અનુબંધ તૂટી જાય, તેના જેવો ઉત્તમ લાભ અન્ય કોઈ નથી.

**પાપ બુદ્ધિનો અભાવ :**

દા.ત. મહાવીર ભગવાને ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં કેટલા ઉગ્ર ભાવથી સીસું રેડાવ્યું હતું ? તો ત્યારે તીવ્ર અશુભ અનુબંધવાળા યાને તીવ્ર પાપાનુબંધી પાપકર્મ બાંધેલા. એ પાપકર્મ તે અશાતા-વેદનીય આદિ.

હવે તે તીવ્ર પાપ ઉદયમાં આવે, ત્યારે તીવ્ર પાપાનુબંધ પણ ઉદયમાં આવે ને તેનાથી ભયંકર પાપબુદ્ધિ જાગે; પરંતુ એ પાપના ઉદય વખતે મહાવીર ભગવાનને કાનમાં ખીલા ઠોકાવાની તીવ્ર વેદના તો આવી, કિન્તુ લેશ પણ પાપબુદ્ધિ કેમ ન થઈ ?

ખીલા ઠોકનાર ગોવાળિયા પર સહેજ પણ ક્રોધ ન થયો, સમતાભાવ જ રહ્યો. કેટલો બધો સમતાભાવ ! પેલાને એકલે હાથે ખીલા ઠોકવાના હતા, એમાં તો ખીલો ઠોકતાં માથું હલી જાય એટલે ખીલો અંદર પેસે જ નહીં, તેથી પ્રભુ સીધા થાંભલા જેવા અક્કડ જ ઊભા રહ્યા. આવો સમતાભાવ શુદ્ધિ-બુદ્ધિ પાપાનુબંધ ઊભો હોય તો ન આવે. પાપાનુબંધમાં તો પાપ બુદ્ધિ જ જાગે, પછી પુન્યનો ઉદય હોય ત્યાં પાપાનુબંધથી પાપ બુદ્ધિ જ જાગવાની.

દા.ત. પુણ્યના ઉદયથી કોઈએ આપણને જરા માન આપ્યું ને તે વખતે 'હું કાંઈક છું' એ મનમાં થયું-તો તે પાપબુદ્ધિ છે. માનકષાય એ પાપબુદ્ધિ છે, એમ અશુભના ઉદયમાં કાંઈ વેદના-રોગ થાય, ત્યારે 'હાય, હાય' થાય-તે પાપબુદ્ધિ છે. તે પાપબુદ્ધિ પાપના અનુબંધોને લીધે છે.

તો સવાલ આ છે કે ભગવાન ખીલાની વેદનાના કર્મ બાંધેલા, એ તો પાપના અનુબંધવાળા બાંધેલા તો પછી ખીલા ઠોકાતા હતા, છતાંય 'હાય' નહિ, 'વોય' નહિ; પછી વળી ભગવાન ગોચરીએ ગયા, ત્યારે કોઈને તેમણે કાંઈ કહ્યું નહીં, કે "ખીલા કાઢી નાખો" એટલી બધી ચાલુ વેદના વખતે પણ સમતા હતી તો આ કેમ બન્યું ?

આનું સમાધાન એ છે કે અલબત, પાપાનુબંધ તીવ્ર બાંધ્યા હતા, પણ વચગાળામાં વિશ્વભુતિના ભવમાં, નંદન રાજર્ષિના ભવમાં, ચક્રવર્તીના ભવમાં તે તીવ્ર દુષ્કૃતગર્હા સાથેના અરિહંતના ધ્યાનથી તોડી નાખેલા.



**તીવ્ર પાપાનુબંધ તોડનાર-માત્ર અરિહંતનું એક ધ્યાન :**

પ્ર. - અરિહંતનું ધ્યાન તીવ્ર પણ પાપાનુબંધો કેમ તોડી શકે ?

ઉ. - અરિહંતના ધ્યાન વખતે અર્થાત્ અરિહંતનું સ્વરૂપ વિચારતાં અંતરંગ શત્રુઓને બાજુએ મૂકવામાં આવે અર્થાત્ એના પર ઘૃણા કરવામાં આવે, તેની આ તાકાત છે કે પાપાનુબંધ એ તોડી નાખે.

દા.ત. ખંધક મુનિના ૫૦૦ શિષ્યોને ઘાણીમાં પીલવાની તીવ્ર વેદનાના અશુભ કર્મ ઉદયમાં આવ્યા, છતાં એમનું શું બગડ્યું ? એ તો વહેલા કેવળજ્ઞાન ને મોક્ષ પામી ગયા; કેમકે એમને ત્યાં પાપ બુદ્ધિ જ ન થઈ; કારણ પૂર્વના પાપાનુબંધો હશે તે એમણે અરિહંતના ધ્યાનથી તોડી નાખેલા.

**અરિહંત-શ્રેષ્ઠ જ્ઞાની : 'સુનાણે સપ્પાડિહેરાઇસયપ્પહાણે'**

જિનેશ્વર **સુનાણ** શ્રેષ્ઠ જ્ઞાનવાળા-કેવળજ્ઞાનવાળા છે. અને સપ્પાડિહેર અર્થાત્ (૧) **સત્** પ્રાતિહાર્યવાળા અથવા (૨) સપ્રાતિહાર્ય

એમાં અરિહંત પ્રભુ (૧) સત્ પ્રાતિહાર્યવાળા છે. પ્રાતિહાર્ય કાલ્પનિક નથી, ઇન્દ્રજાળ નથી, કિન્તુ સત્ યાને વાસ્તવિક છે, અથવા (૨) 'સપ્રાતિહાર્ય' એ પદ લઈને 'પ્રાતિહાર્ય સહિત' એમ અર્થ પણ કરાય. વળી અરિહંત પરમાત્મા ચોત્રીસ અતિશયવાળા છે, તેથી અરિહંત જગતના જીવોમાં પ્રધાન છે.

**સંસારના જીવો આત્મા ગણાય, ભગવાન પરમાત્મા ગણાય,**
**સંસારના જીવો પુરુષ ગણાય, ભગવાન પુરુષોત્તમ ગણાય.**

નામથી નહિ, પણ ગુણથી-કાર્યથી તે ઉત્તમ ગણાય, - પ્રધાન ગણાય.

**અરિહંત સંદેહ પૂંજના દૂર કરનાર : 'સંદેહસંદોહ-રયં હરંતે.'** ભગવાન જીવોમાં સંદેહોના સંદોહની-ઢગલાની રજ દૂર કરી નાખનારા છે. એક જિનની વાણીનો વાયરો એવો આવે કે જાય સંદેહના સંદોહની રજ ઊડી ! તેવા અરિહંતનું ધ્યાન ધરો.

'ઝાએહ નિચ્ચંપિ જિણેકરહંતે !' આવા સંદેહોના સમૂહને હટાવી દેનારા ભગવાન કેવા છે ? કે 'અ-રહંતે' અર્થાત્ જેમને હવે કાંઈ રહસ્ય નથી, કાંઈ છૂપું-અજ્ઞાત નથી. એમનાથી જગતમાં ત્રણે કાળની કોઈ પણ વસ્તુ ગુપ્ત નથી, એવા 'જિણે'-જિનેશ્વર ભગવાનનું હંમેશાં પણ ધ્યાન કરો, "પણ" એટલે વિશિષ્ટ કાર્યોમાં તો ખરું, ઉપરાંત હંમેશને માટે એમનું ધ્યાન કરતા રહેવાનું.

**સ્નાત્ર કાવ્ય (દ્રુત વિલંબિત વૃત્તમ્)**

**વિમલ કેવલ ભાસન ભાસ્કરં, જગતિ જંતુ મહોદય કારણમ્ ।**
**જિનવરં બહુમાન જલૌઘતઃ શુચિમનાઃ સ્નપયામિ વિશુદ્ધયે ॥૧॥**

સ્નાત્ર કરતાં જગદ્ગુરુ શરીરે, સકલદેવે વિમળ કળશ નીરે;
આપણાં કર્મ મલ દૂર કીધાં તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા ॥૨॥
હર્ષ ધરી અપ્સરા વૃંદ આવે, સ્નાત્ર કરી એમ આશિષ ભાવે,
જિહાં લગે સુર ગિરિ જંબૂ દીવો, અમતણા નાથ દેવાધિદેવો ॥૩॥
ૐ હ્રીં શ્રીં પરમ પુરુષાય પરમેશ્વરાય જન્મ જરા મૃત્યુ-
નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં યજામહે સ્વાહા.

**અભિષેકથી લાભ : "વિમલ કેવલ...જિનવરં...શુચિમનાઃ સ્નપયામિ વિશુદ્ધયે"**

કેવળજ્ઞાની વગેરે વિશેષણોવાળા જિનેશ્વર અરિહંત ભગવાનને પવિત્ર મનવાળો હું વિશુદ્ધિ માટે અભિષેક કરું છું.

પ્ર. - મન પવિત્ર બનાવી દીધું, પછી 'વિશુદ્ધિ માટે' એમ કહેવાની શી જરૂર ?

ઉ. - મન પવિત્ર બનાવ્યું તે પ્રાથમિક પવિત્રતા આવી.

પ્ર. - પ્રાથમિક પવિત્રતા શું છે ?

ઉ. - પ્રાથમિક પવિત્રતા તે નિરાશંસ ભાવ-નિર્માય ભાવ છે. કોઈ પ્રકારની દુન્યવી લાલસા નથી, કોઈ પ્રકારનાં માયા-દંભ-પ્રપંચ નથી; આવું મન તે શુચિ મન-પવિત્રમન.

આ અભિષેક કરું છું, તેમાંથી મારે કોઈ પૌદ્ગલિક ઋદ્ધિ આંચકી નથી લેવી; એવી ઋદ્ધિ નથી જોઈતી. અર્થાત્ આશંસારહિતપણું છે. કોઈ સોદાબાજી નહિ કે 'અભિષેક કરું છું, તો પ્રભુ આટલું આપી દેજે,' ના તેમ નહિ.

આ પ્રાથમિક પવિત્રતા તે નિરાશંસ ભાવ છે.

અને બીજી પવિત્રતા આત્માની લેવાની છે, અને તે મોહમળ ને કર્મરજથી રહિત થવાની વિશુદ્ધિ છે. મોહમળમાં મિથ્યાત્વ-અવિરતિ-રાગદ્વેષાદિ કષાયો અને અહિંસાદિ અશુભ યોગો આવે. કર્મરજમાં જ્ઞાનાવરણીય આદિ આઠેય કર્મરૂપી રજ આવે, ખાસ કરીને ચાર ઘાતી કર્મરૂપ રજ આવે.

**અભિષેક કરનાર નિરભિમાની હોય :**

પ્ર. - અભિષેક કરે તેટલામાં કર્મની રજ અને મોહનો મળ ચાલી જશે ?

ઉ. - હા. એનું કારણ એ છે કે અરિહંતને બહુમાન સાથે અભિષેક કરીએ છીએ, ત્યારે આપણું માન બાજુએ મૂકીએ છીએ,-શેઠ થઈને નહિ, પરંતુ અરિહંતના અદના સેવક થઈને તે અભિષેક કરીએ છીએ. (અદનો સેવક એટલે નાનામાં નાનો સેવક) તેથી રજ ને મળ દૂર થતા આવે.

ભગવંતના સેવક તે ગણધર. ગણધરના સેવક તે જંબુસ્વામી જેવા મહામુનિ.



જંબુસ્વામીના ક્રમશઃ સેવક તે પ્રભવસ્વામી વગેરે પાટપરંપરાએ શિષ્યો. એમના સેવક તે આપણા ગુરુ આચાર્ય. ગુરુના સેવક તે મોટા શિષ્યો. તે શિષ્યોના સેવક તે આપણે.

જે ભણાવે તેના ય શિષ્ય સેવક થવું પડે ત્યાં અભિમાનની વાત નહીં.

અભિમાનનું તાળું ખોલો તો ઉપાસનાની ફેક્ટરી ખુલે. અભિમાનનું તાળું લાગેલું છે, ત્યાં સુધી પ્રભુની ઉપાસના ચાલુ ન થાય.

અરિહંતનો અભિષેક કરીએ, તે સેવક થઈને; તેથી અભિમાન ગળે છે, અહંત્વ મરે છે, ને નમ્રતા આવે છે; અને પવિત્ર મનથી અભિષેક કરવો છે એમાં નિરાશંસ ભાવ છે, એટલે તૃષ્ણાનો અભાવ આવે છે. હવે અહંત્વ ને મમત્વ (તૃષ્ણા) એ બે સંસારના સ્તંભ કહ્યા છે. સંસાર એટલે કર્મ અને મળ. એના બે સ્તંભ અહંત્વ ને મમત્વ કહ્યા છે; અર્થાત્ મોહમળ ને કર્મરજને આત્મા પર ચોંટવાનાં આ બે કારણ છે; તેથી સ્વાભાવિક છે કે જો અરિહંતને અભિષેક કરવામાં અહંત્વ ને તૃષ્ણાનો ત્યાગ છે, તો અહંત્વ ને તૃષ્ણાથી ચોંટેલ મોહમળ ને કર્મરજ દૂર થતી જાય.

એટલે જ અહીં બરાબર કહ્યું કે 'વિશુદ્ધિ માટે અભિષેક કરું છું.' માટે જ અરિહંતને અભિષેક કરવાનો તે માન મૂકીને અને તૃષ્ણાને કાપીને.

આમ તો ગૃહસ્થને તૃષ્ણા-લોભ એ પાપનો બાપ.

અને સાધુને અભિમાન એ પાપનો બાપ. શ્રાવક અનેક વસ્તુઓનો લોભ કરે છે, તો એ લોભના કારણે કેટલાય પાપરૂપી પુત્રોનો જન્મ થાય છે. એમ સાધુને જો અહંત્વ છે, અભિમાન છે તો એના પર કેટલાય પાપ જન્મે છે !

માટે જ પહેલાં એ લોભ અને અહંકાર મરે, પછી એના આશ્રિતો મરવા માંડે. અરિહંતને અભિષેક કરવાથી આ લોભ અને અહંકાર મરવા માંડે છે, તેથી બીજા પાપો મરે એ સહજ છે.

આ અભિષેકથી પાપો એટલે મળના નાશની વાત થઈ.

**અર્હદ્-અભિષેકથી કર્મની રજ કેમ હટે ?** કહ્યું છે **'ભત્તીઈ જિણવરાણં ખિજ્જંતિ પુવ્વસંચિય કમ્માઈં'** જિનેશ્વર ભગવાનની ભક્તિથી પૂર્વસંચિત કર્મોનો ક્ષય થાય છે. પરંતુ અહીં ય પાછો પ્રશ્ન તો આ જ છે, કે

પ્ર. - કર્મ એકત્રિત થયેલા તે તો જીવે કેટલાય રાગાદિ દોષો અને હિંસાદિ દુષ્કૃત્યો કરીને કરેલાં, તે કર્મો માત્ર જિનભક્તિથી નાશ કેમ પામે ?

ઉ. - આ સમજવા માટે પહેલાં અરિહંત પ્રભુને સમજી લેવા જેવા છે કે

એ કેટલું વિશ્વોત્તમ દ્રવ્ય છે. વિચારો, અરિહંત ભગવાન શી રીતે થયા ? ત્યારે, પહેલું તો એ જ્યારે આ સંસારમાં અનંત કાળની ભ્રમણા પછી પહેલું સમ્યક્ત્વ પામે છે, તે અદ્‌ભુત યોગ્યતાથી !

**અરિહંતની સમ્યક્ત્વ પ્રાપ્તિ :** દા.ત. મહાવીર ભગવાનનો જીવ મુખી નયસાર જંગલમાં સમ્યક્ત્વ પામ્યા. તે જે વિકરાળ જંગલમાં પોતાને ય શિકારી પશુના ભય સામે શસ્ત્રો લઈને જવું પડેલું, ત્યાં જમવાના અવસરે અતિથિને યાદ કરે છે. મળે ત્યાં અતિથિ ? પણ પોતે જાતે તપાસ કરવા નીકળે છે. કેવી યોગ્યતા !

ત્યાં નસીબ જોગે ભૂલા પડેલા મુનિઓ મળી ગયા તો એમને આહારપાણીનું દાન કરી, જાતે રસ્તો બતાવવા જાય છે. કેવી યોગ્યતા !

પાસે નોકરો છે, પણ નોકરને આ કામ નહિ ભળાવવાનું ! કેમ ? મોટા માણસની સરભરા ભાડુતી નોકર પાસે ન કરાવાય. તમે ભગવાનની પૂજાવિધિ-સરભરા પગારદાર પૂજારી પાસે કરાવો છો એ કેટલું વાજબી છે ? એમાં તમારી યોગ્યતા પરખાય છે.

નયસાર મુનિઓને રસ્તે ચડાવી પાછો વળવા જાય, ત્યાં મુનિઓ કહે : 'અમારે તને કાંઈક કહેવું છે.'

ત્યાં તો 'હવે માફ કરો, બહુ સમય ગયો, મારે મારાં કામ બગડે છે,' એવું રૂક્ષ અને ધિટ્ઠાઈભર્યું નહિ કહેતાં કહે છે : 'અહોભાગ્ય મારાં કે આપ મહાન પુરુષ મારા જેવા નરાધમને કંઈક કહેવા ઇચ્છો છો. ખુશીથી આપના નાના શિષ્યની જેમ મને સમજી કહો.' મુનિઓ નયસારને નરોત્તમ સમજે છે, ત્યારે આ જાતને નરાધમ તરીકે ઓળખાવે છે. કેવીક યોગ્યતા !

ત્યાં મુનિઓ આત્મા, દેવ-ગુરુ-ધર્મની ઓળખ કરાવી સમ્યક્ત્વ સાથે નવકાર મહામંત્ર આપે છે.

**અરિહંતની સંયમ તપ સાધના :** સમ્યક્ત્વ પામતાં આટ આટલી અદ્‌ભુત યોગ્યતાઓ ! ને પછી આગળના ભવોએ સાધનાઓ કેવી અદ્‌ભુત !

- મરીચિના ભવે માત્ર સમવસરણ-દર્શન કરી વૈરાગ્ય પામે છે, ચારિત્ર લેવાનો નિર્ધાર કરે છે ! કેવીક યોગ્યતા !
- વિશ્વભૂતિ રાજકુમારના અવતારે નહિ જેવી વાતમાં વૈરાગ્ય પામી તરત ચારિત્ર લઈ સંયમ સાથે ૧૦૦૦ વર્ષ ઘોર તપ આદરે છે !
- પ્રિયમિત્ર ચક્રવર્તીના અવતારે ૧ ક્રોડ વરસ ચારિત્ર પાળે છે !
- નંદન રાજાના અવતારે ચારિત્ર સાથે દીક્ષા દિવસથી માંડી માસખમણના



પારણે માસખમણ ૧ લાખ વરસ સુધી કર્યે રાખે છે !! કાંઈ કલ્પનામાં આવે ?

- મહાવીર પ્રભુના અવતારે ચારિત્ર લઈ ૧૨॥ વર્ષમાં ૧૧॥ વરસ જેટલા ઉપવાસ કરે છે. કેવીક યોગ્યતા ! છમાસી ૨ વાર, ચારમાસી ૯ વાર, પાખમણ ૭૨... આવી તપસ્યા પણ સાડા બારેય વરસ ખડા ખડા; દિવસે કે રાતે જમીન પર પલાંઠી માંડીને બેસવાની વાત નહિ, તો સૂવાની તો વાતે ય શી ? ક્યાં સુધી ? સાડાબાર વરસ ! મોટા ભાગે કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેવાનું. તેમાંય ગમે તેમ ઠંડી પડો, ગરમી પડો, માખી ડાંસ મચ્છર કરડો, પણ તત્ત્વચિંતનની વચમાં એનો કોઈ વિકલ્પ-વિચાર લાવવાની વાત નહિ ! ઘોર ઉપસર્ગ પણ આનંદથી સહી લેવાના !

આ બધું કહેવાનું કારણ એ, કે અરિહંત શી રીતે થયા એનો ખ્યાલ આવે.

તાત્પર્ય, ઘોર તપસ્યા, કઠોર સાધના, ને અદ્‌ભુત યોગ્યતાઓ એની પાછળ કામ કરી રહી હોય છે. વિચારો, આ કેટલાં કર્મોનો ખોડો કાઢી નાખે ? ત્યારે એ અરિહંતના વિષયમાં આ બધું હોય. ત્યાં એ અરિહંતનું જેણે આલંબન લીધું એણે કમ કામ લીધું ? એને એ ભીષ્મ સાધનાઓની અનુમોદનાનું ભવ્ય બળ મળવાથી કેમ એ પણ કર્મરજને ન ખંખેરી નાખે ?

અરિહંતને અભિષેકમાં એ બધી અતિ કઠોર અર્હત્-સાધનાઓની અનુમોદના છે, તેથી અર્હદ્-અભિષેકને કર્મરજ અને પૂર્વે કહ્યું તેમ મોહમળને દૂર કરનાર તરીકે ઓળખાવ્યો.

હવે કેવા અરિહંતને નવડાવું છું ? તો કે **"વિમલ કેવલ ભાસન ભાસ્કર"**

## અરિહંત શરણ તે જ મહોદય :

જગતમાં નિર્મળ એવા 'કેવળ ભાસન' અર્થાત્ કેવળજ્ઞાન રૂપી 'ભાસ્કર' યાને સૂર્ય સમાન જે છે તે અરિહંતને હું નવડાવું છું-હું અભિષેક કરું છું.

સૂર્ય બિચારો કેટલો પ્રકાશ ફેંકે ? માત્ર વર્તમાન પર; જ્યારે ભગવાનનું જ્ઞાન ભૂત-ભવિષ્ય પર પણ બધે પ્રકાશ ફેંકે; સૂર્યનો પ્રકાશ વસ્તુના બહુ અલ્પ પર્યાયોને પ્રકાશિત કરે, ત્યારે કેવળજ્ઞાન સર્વ કાળના સર્વ પર્યાયોને પ્રકાશિત કરે છે.

**"જગતિ જંતુ મહોદય કારણં-"**

એવા જિનવરો જગતમાં જીવોના મહાન ઉદયનું કારણ છે.

જેણે ભગવાનનું શરણું લીધું- જે ભગવાનને શરણે ગયો, તેને શરણે મોટા ઉદય (મહોદય) આવે છે.

મહોદય કહે :- "તું ભગવાનને ચરણે છે ? તો હું તારા ચરણે છું."

**ગૌતમનો શરણભાવ :** ગૌતમ ગણધર ૩૦ વર્ષ ભગવાનને ચરણે રહ્યા હતા. તેમના મનમાં એક જ વાત ઘૂમતી : "મારે તો મહાવીર પ્રભુ શરણ, બીજું કશું શરણ નહિ." ગૌતમ સ્વામીનો પ્રભુ પ્રત્યે શરણ ભાવ કેટલો ઊંચો હતો કે,

દા.ત. આનંદ શ્રાવકને અવધિજ્ઞાન થયું. ગૌતમ મહારાજે કહ્યું : 'શ્રાવકને આટલું અવધિજ્ઞાન ન થાય.' આનંદ કહે : 'મને થયું છે એ હકીકત છે.' પોતાને અવધિજ્ઞાન હતું, પણ તે જ્ઞાનથી ગૌતમ મહારાજ તે જોવા ન બેઠા. એ તો કહે : ઊભા રહો ગુરુને પૂછી આવું. શક્તિ હોવા છતાં ગુરુને શરણે જાય છે. ત્યાં જઈ ભગવાનને પૂછ્યું : "હે પ્રભુ ! શ્રાવકને આટલું અવધિજ્ઞાન થાય ?"

પ્રભુ બોલ્યા "થાય, માટે આનંદ કહે છે તે સાચું છે."

ગૌતમ : 'તો શું કરવાનું ?'

પ્રભુ : 'આનંદને મિચ્છામિ દુક્કડં દેવાનું.'

ગૌતમ મહારાજ કહે : "તો આ હું ચાલ્યો." ને ગૌતમ ગણધરે આનંદ શ્રાવકને 'મિચ્છામિ દુક્કડં' દીધા.

**"અવધિજ્ઞાની આણંદને દીયે રે મિચ્છામિ દુક્કડં ગોયમ સ્વામ રે."**

૫૦ હજાર કેવળજ્ઞાની શિષ્યોના ગુરુને ૧૪ હજાર મુનિઓમાં વડેરા ગૌતમ જેવા ગણધરને શ્રાવક પાસે ક્ષમા માગવાનું જોર-જોમ શી રીતે આવ્યું ? તેનું કારણ એ કે 'એ પ્રભુના શરણે હતા.'

**ગૌતમસ્વામીના બે ભાવ છે :**

૧. પ્રભુના શરણે છે.

૨. ચૌદ હજારના વડેરા છે.

(૧) પ્રભુની આગળ અજ્ઞાન; પણ (૨) ચૌદ હજાર મુનિઓ કરતાં જ્ઞાની છે. આ બેમાંથી બીજા ભાવને કાઢી મૂકેલો. એમને ફક્ત એક જ ભાવ : "હું પ્રભુના શરણે છું." આજ્ઞાની આરાધના જ માગવાની.

ભગવાનને શરણે રહેલાને શરણે મહોદય આવે છે. જે મહોદય થાય છે, તે જિનેશ્વર ભગવાનને શરણે જવાથી થાય છે.

**પ્ર.** - મહાઉદય તો પોતાના પુરુષાર્થથી થાય છે. તેનું શું ? ગૌતમ યજ્ઞ છોડીને આવ્યા હતા તે પોતાના પુરુષાર્થથી, અને મુનિ ઇન્દ્રભૂતિ ગૌતમ બન્યા તે પણ પોતાના પુરુષાર્થથી. તો ત્યાં ભગવાનનું શરણ કેવી રીતે મુખ્ય કારણ ? મહા ઉદય થવામાં પોતાનો પુરુષાર્થ નહિ, પણ ભગવાન કારણભૂત,-એમ કેવી રીતે કહેવાય ?

**ઉ.** - ભગવાનનું શરણું લીધું તે પુરુષાર્થ કરવામાં કારણભૂત બન્યું, ને તેથી



મહોદય થયો. પુરુષાર્થ જો બીજે લગાવ્યો હોત તો આ મહોદય કાંઈ થાત નહીં; પણ પ્રભુનું શરણું એવું પાયાનું કારણ મળ્યું કે એના પર જ પુરુષાર્થ લેખે લાગ્યો.

**અરિહંત સર્વ શુભમાં અસાધારણ કારણ :**

સેનાપતિ ભગવાન છે. લડાઈમાં જરૂરી લાગે બધા સૈનિકો, પરંતુ તેમને દોરનાર સેનાપતિ ન હોય, તો તે શું કરી શકે ? લડાઈમાં સેનાપતિની મુખ્યતા છે. સેનાપતિનાં માર્ગદર્શન અને વર્ચસ્વના હિસાબે જ સૈનિકો સારું વ્યવસ્થિત લડી શકે છે; એટલે ભલે લડે સૈનિકો, જીતે સૈનિકો, પણ 'સેનાપતિ જીત્યો' કહેવાય, એમ ભગવત્ શરણના પ્રતાપે જ પુરુષાર્થ વગેરે સારું સફળ કામ કરે, ને મહોદય થાય, એટલે એ મહોદય ભગવત્-શરણથી જ મળ્યો ગણાય.

બીજો દાખલો : યાત્રા અર્થે પાલીતાણા ગયા, રાત્રે ગાડીમાં સખત શરદી થઈ, છતાંય સવારે યાત્રા કરવાની હામ ભીડી. ઉપર ચઢવા તો માંડ્યું, પગ લથડતા હતા, શ્વાસ જોરમાં હતો, આગળ ચઢતાં ચઢી ન શકાયું, તેથી પાછા વળ્યા, ત્યાં રસ્તામાં સંબંધી મળ્યા, તેમણે પૂછ્યું :

"કેમ ? યાત્રા થઈ ગઈ ?"

"શું થાય ? આ શરદી હાંફ ઉધરસ; નથી ચઢાતું ઉપર."

"અરે ! એમાં નિરાશ શું થાવ છો ? પકડો મારો હાથ, હમણાં યાત્રા કરાવી દઉં."

તેણે હાથ પકડાવ્યો ને ઉપડ્યા બંને. યાત્રા થઈ, ને નીચે આવ્યા, ત્યાં બીજા સંબંધી મળ્યા; "યાત્રા થઈ ગઈ ?"

"હા, પણ રૂડા પ્રતાપ પેલા ભાગ્યશાળીના કે એમનાથી જ મારે યાત્રા થઈ."

"તો રૂડા પ્રતાપ કોના ? પેલા ભાગ્યશાળીના કે પોતાના પગના પુરુષાર્થના ?" કહો, પેલા ભાગ્યશાળીના જ રૂડા પ્રતાપ.

**પ્ર.** - પગ ચાલત જ નહિ તો શી રીતે યાત્રા થાત ? માટે રૂડા પ્રતાપ પોતાના પગના કેમ નહિ ?

**ઉ.** - અરે ! પણ પેલાનો હાથ પકડ્યો ન હોત તો ? પગ તો હતા, પણ હાથ પકડાવનાર કોઈ ન હતા, તો પગ પાછા પડ્યા હતા. તે મળ્યા તો જ પગે કામ કર્યું ને યાત્રા થઈ. બસ, પહાડ ચઢવામાં રૂડા પ્રતાપ હાથનું આલંબન દેનારના, તે જ રીતે આરાધનામાં રૂડા પ્રતાપ આલંબન દેનાર અરિહંતના, અરિહંત-શરણના. અરિહંત ન હોત, તો શરણું ન હોત; તેથી અરિહંત તે સર્વ શુભમાં અસાધારણ કારણ છે; બીજાં બધાં સાધારણ કારણ છે.

શરણું લો-પ્રાર્થના કરો-દર્શન પૂજન કરો-જાપ સ્મરણ ગુણગાન કરો-આરાધનાનો પુરુષાર્થ કરો, પણ બધામાં મુખ્ય આલંબન જો અરિહંતનું છે, તો જ એ બધા સફળ, ઉચ્ચ કોટિના ઉદયને આપનારા. માટે મહોદયમાં મુખ્ય કારણ અરિહંત ને અરિહંત-શરણ. તેથી કહ્યું :

**'જગતિ જંતુ મહોદય કારણં'**

**'જગતમાં જીવને મહોદયનું કારણ જિનેશ્વર છે'**

તેવા જિનેશ્વરનો સ્નાત્ર અભિષેક કરવાનો છે. પણ સાધુ અભિષેક-સ્નાત્ર કરે કેવી રીતે ? એમને તો કાચા પાણીને અડવાનું નથી.

તો કહ્યું : **"સ્નપયામિ બહુમાન જલૌઘતઃ"**

## બહુમાનની વિશિષ્ટતા :

શ્રાવક કે સાધુ બહુમાનરૂપી પાણીના ધોધથી ભગવાનને સ્નાન કરાવે છે.

બહારના પાણીથી દ્રવ્ય-અભિષેક થાય.

બહુમાનરૂપી પાણીથી ભાવ-અભિષેક થાય.

કોની જેમ ? દેવપાલ નોકરની જેમ. એને ઢોરાં ચરાવતાં જંગલમાં ભેખડમાંથી ભગવાન મળ્યા તો 'શી વાત ? ભગવાન !' ભગવાનને એટલા બધા ભક્તિ-બહુમાનથી નવરાવ્યે રાખ્યા કે વરસાદ હેલીમાં ૭ દિવસ દર્શન ન મળ્યા, તો પ્રભુ પરના બહુમાનથી ખાધું પીધું નહિ, ખાનપાન વહાલાં ન કર્યાં, જતાં કર્યાં ! એટલા બધા ભક્તિ-બહુમાનથી નવરાવ્યે રાખ્યાં કે ચક્રેશ્વરી હાજર થઈ.

"ભક્તિ-બહુમાનના બદલામાં માગ તે આપું" એમ કહે છે. પણ દેવપાલના દિલમાં બહુમાનનો અતિરેક કેટલો બધો ?

તે કહે છે : "મને માત્ર અર્હદ્‌ભક્તિ આપ. ભક્તિના બદલામાં ભક્તિ જ માગું છું. બાકી તો દુનિયાનું ગમે તે આપે એ ગધેડા તુલ્ય છે. એની ખાતર ઐરાવણ હાથી સમાન મારી પ્રભુ-ભક્તિને વેચી ન નખાય." ભગવાન પ્રત્યેનું બહુમાન ભક્તનો ઉદ્ધાર કરે છે, અરિહંત પદ આપે છે.

**'સ્નાત્ર કરતાં જગદ્‌ગુરુ શરીરે, સકલદેવે વિમળ કળશ નીરે,**

**આપણાં કર્મ મલ દૂર કીધાં. તેણે તે વિબુધ ગ્રંથે પ્રસિદ્ધા' ॥૧॥**

નિર્મળ એવા જ્ઞાનવાળા જગદ્‌ગુરુના શરીરને નિર્મળ એવા કળશના પાણીથી સ્નાન કરાવતાં સઘળા દેવતાઓએ પોતાનાં કર્મ-મળ દૂર કરી નાખ્યા.

**સ્નાન કરાવ્યું ભગવાનને, અને નિર્મળ થયા પોતે !**

એટલા માટે તે દેવો શાસ્ત્રમાં 'વિબુધ' એટલે કે વિશિષ્ટ કોટિના પંડિત



તરીકે પ્રસિદ્ધ છે, જાણીતા છે.

## અભિષેકથી દેવોનો પણ ઉદ્ધાર :

પ્ર. - દેવોના કર્મ અને મળ નાશ પામ્યા, તો તેઓનો આત્મા કઈ વાતે આગળ વધ્યો ?

ઉ. - મિથ્યાત્વ એટલે વિષયોના રાગદ્વેષ, અવિરતિ, આસક્તિ-મોહ-મદ-મત્સર વગેરે, અને કર્મ એટલે જ્ઞાનાવરણાદિ આઠ કર્મ. દેવતાઓ મેરુ શિખર પર તીર્થંકર ભગવાનના જન્માભિષેક કરતાં એવા શુભભાવમાં ચઢે છે, કે જેનાથી આ મળ અને કર્મમાં ઘટાડો થાય છે, એનો સર્વનાશ નહિ સહી, પરંતુ અંશે નાશ કરે છે. એથી કહેવાય કે 'એમના એટલા કર્મ અને મળ દૂર થાય છે.'

પ્ર. - દેવતાને ત્યાગ, વ્રત, નિયમ તો આવતા નથી. તો પછી વિષયરાગના મળમાં શો ઘટાડો થયો ?

ઉ. - વાત સાચી. દેવતા અવિરતિ છે, તેથી વિરતિ નહિ, વ્રત-નિયમ નહિ, આખાય દેવભવમાં કદીય વ્રત, નિયમ પામતા નથી. એટલા એમના વિષય-રાગ દૃઢ હોય છે, છતાં પરમાત્માનો જન્માભિષેક કરીને એમના વિષયો પ્રત્યેના અનંતાનુબંધી કક્ષાના રાગ મરવા પડે છે. એટલે અંતરમાં એ વિષયો પ્રત્યે એવી નફરત ઊભી થાય છે કે હવે વિષયો પ્રત્યે થતા રાગમાં એમને હોંશ નથી. વિષયરાગમાં અને વિષયસેવનમાં એમને અકર્તવ્યતાનું ભાન અને અરિહંતભક્તિમાં અત્યંત ઉપાદેયતાનું ભાન જાગતું થઈ જાય છે. એટલે જ હવે નંદીશ્વર દ્વીપ વગેરેમાં અરિહંત ભક્તિ કરવાની જે હોંશ-આકર્ષણ અને બાહોશી રહે છે, તે વિષયો પ્રત્યે નહીં.

આમ મેરુ-શિખર ઉપર ભગવાનને હરખભેર સ્નાત્ર કરતાં કરતાં દેવતાઓ આ અનંતાનુબંધી વિષય-રાગ વગેરેનો મળ દૂર કરે એટલે બીજા મિથ્યાત્વ વગેરે મળ પણ દૂર થાય છે.

ત્યારે ભગવાનનો અભિષેક કરતાં દિલમાં સુંદર વીતરાગ-ભક્તિના શુભ અધ્યવસાયો ઉભરાય છે. એ ભાવભક્તિમાં મન એકાકાર હોવાથી શુભ ધ્યાનરૂપ બને છે, અને એ જ્ઞાનાવરણાદિ કર્મોના કચરાને દૂર કરે એમાં નવાઈ નથી.

**'ધ્યાનબળે સવિ કર્મ જલાઈ.'**

આ જગદ્‌ગુરુને સ્નાત્ર કરતાં મિથ્યાત્વને ફેંકી દીધું એટલે મળને ફગાવી દીધો, સમ્યક્ત્વને ટકાવી નિર્મલ કર્યું; ને ભવપાર કરાવનારી ચીજ છે સમ્યક્ત્વ, એટલે એ પામ્યાથી ભવપાર થવાય.

પ્ર. - તો ભવપાર કરાવનાર શું ચારિત્ર નથી ?

ઉ. - અલબત તે છે. પણ પહેલું સમ્યક્ત્વ જરૂરી છે. સમ્યક્ત્વમાં ઢીલાશ આવે તો ચારિત્રમાં મંદતા આવે. સમ્યક્ત્વ જોરદાર હોય તો કષ્ટોમાં પણ ચારિત્ર જોરદાર : જીવ 'છે શું ?' કહી છાતી કાઢીને ઊભો રહે તો ચારિત્ર અવિશુદ્ધ રહે.

**અરિહંત માટે આશિષ-ચિંતન :** ભગવાનની આગળ એકલા દેવતા જ આવે છે એમ નહિ, પણ સાથે અપ્સરાના ટોળાંય હરખઘેલા થઈને આવે છે. તે પણ ભગવાનને સ્નાત્ર કરે છે. ને એ કરીને તેઓ આશીષ ભાવે છે-આશિષ ચિંતવે છે કે પ્રભુ ? અમને તમારા એવા આશીર્વાદ હો, કે

**"જિહાં લગે સુરગિરિ જંબૂ દીવો, અમ તણા નાથ દેવાધિદેવો."**

અર્થાત્ જ્યાં લગી આ પૃથ્વી પર મેરુ પર્વત છે, ને જંબૂ દ્વીપ છે, ત્યાં સુધી અમારા નાથ દેવાધિદેવ રહો. મેરુ ને જંબૂદ્વીપ શાશ્વતા છે. એટલે શાશ્વત કાળ સુધીનું નાથપણું દેવાધિદેવમાં માગ્યું. અર્થાત્ જ્યાં સુધી ભવમાં રહેવાનું હોય ત્યાં સુધી કોઈ પણ ગતિમાં આ નાથ રહો.

**મંત્ર**

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ-
નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય જલાદિકં યજામહે સ્વાહા.

**શ્રી અરિહંત પદ પૂજા સમાપ્ત**

❖ ❖ ❖

# શ્રી સિદ્ધપદપૂજા

**(આદ્ય કાવ્યમ્ ઈંદ્રવજાવૃત્તમ્)**

સિદ્ધાણમાણંદરમાલયાણં, નમો નમોકણંત ચઉક્કયાણં ।
સમગ્ગકમ્મક્ખયકારયાણં, જમ્મં જરા દુઃખનિવારયાણં ॥

**(ભુજંગપ્રયાતવૃત્તમ્)**

કરી આઠ કર્મ ક્ષયે પાર પામ્યા, જરા જન્મ રણાદિ ભય જેણે વામ્યા;
નિરાવરણ જે આત્મરૂપે પ્રસિદ્ધા, થયા પાર પામી સદા સિદ્ધ બુદ્ધા. ૧
ત્રિભાગોન દેહાવગાહાત્મદેશા, રહ્યા જ્ઞાનમય જાત વર્ણાદિ લેશ્યા;
સદાનંદ સૌખ્યાશ્રિતા જ્યોતિરૂપા, અનાબાધ અપુનર્ભવાદિ સ્વરૂપા. ૨



**(ઢાળ-ઉલાલાની દેશી)**

**સકલ કરમમલ ક્ષય કરી, પૂરણ શુદ્ધ સ્વરૂપોજી,**
**અવ્યાબાધ પ્રભુતામયી, આતમ સંપત્તિ ભૂપોજી.** ૧
**જેહ ભૂપ આતમ સહજ સંપત્તિ, શક્તિ વ્યક્તિપણે કરી,**
**સ્વદ્રવ્યક્ષેત્ર સ્વકાલભાવે, ગુણ અનંતા આદરી;**
**સુસ્વભાવ ગુણપર્યાય પરિણતિ, સિદ્ધસાધન પરભણી;**
**મુનિરાજ માનસહંસ સમવડ, નમો સિદ્ધ મહાગુણી.** ૨

**(પૂજા ઢાળ-શ્રીપાળના રાસની-દેશી)**

સમય પએસંતર અણફરસી, ચરમ તિભાગ વિશેષ,
અવગાહન લહી જે શિવ પહોતા, સિદ્ધ નમો તે અશેષ રે. ભવિકા સિ૦ ૧

પૂર્વપ્રયોગ ને ગતિપરિણામે બંધનછેદ અસંગ;
સમય એક ઊર્ધ્વગતિ જેહની, તે સિદ્ધ પ્રણમો રંગ રે. ભવિકા સિ૦ ૨

નિર્મળ સિદ્ધશિલાની ઉપરે, જોયણ એક લોગંત;
સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની, તે સિદ્ધ પ્રણમો સંત રે. ભવિકા સિ૦ ૩

જાણે પણ ન શકે કહી પુરગુણ, પ્રાકૃત તેમ ગુણ જાસ;
ઉપમા વિણ નાણી ભવમાંહે, તે સિદ્ધ દિયો ઉલ્લાસ રે. ભવિકા સિ૦ ૪

જ્યોતિશું જ્યોતિ મળી જસ અનુપમ, વિરમી સકલ ઉપાધિ;
આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિ રે. ભવિકા સિ૦ ૫

**(ઢાળ)**

રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંસણ નાણી રે;
તે ધ્યાતા નિજ આતમા, હોયે સિદ્ધ ગુણખાણી રે. વીર૦

**(કાવ્યં-ઇંદ્રવજાવૃત્તમ્)**

**દુટ્ઠટ્ઠકમ્માવરણપ્પમુક્કે, અનંતનાણાઇ સિરીચઉક્કે ।**
**સમગ્ગલોગગ્ગ પયત્થસિદ્ધે ઝાએહ નિચ્ચંપિ સમગ્ગસિદ્ધે ॥**

❖ ❖ ❖

# શ્રી સિદ્ધપદ પૂજા

આદ્ય કાવ્ય (ઈન્દ્રવજ્રા વૃત્ત)

**સિદ્ધાણમાણંદ-રમા લયાણં, નમોનમોડણંત-ચઉક્કયાણં.**
**કરી અષ્ટ કર્મક્ષયે પાર પામ્યા, જરા જન્મ મરણાદિ ભય જેણે વામ્યા;**
**નિરાવરણ જે આત્મરૂપે પ્રસિદ્ધા, થયા પાર પામી સદા સિદ્ધ બુદ્ધા.**

સિદ્ધ ભગવંતને હું વારંવાર નમસ્કાર કરું છું. "નમો નમો" આ શબ્દ બે વાર છે તે 'વીપ્સા' કહેવાય. તેનો અર્થ વારંવાર-બહુવાર એવો થાય.

પ્ર. : બોલે છે ત્યારે એકવાર નમસ્કાર કરે છે અને કહે છે : 'હું વારંવાર નમસ્કાર કરું છું'-તો તે મૃષા ભાષણ નથી ?

ઉ. : ના, કારણકે તે વારંવાર નમસ્કારની ભાવના સૂચવે છે, જેવી રીતે "નમો સયા સવ્વ સિદ્ધાણં - હું સર્વ સિદ્ધોને હંમેશા નમસ્કાર કરું છું." એમ કહી જો નમસ્કાર તો વર્તમાનકાળમાં જ કરીએ છીએ, છતાં 'સદા'-હંમેશા એટલા માટે કહેવાય છે કે સિદ્ધ ભગવંત એવા છે કે તેમને વારંવાર નમસ્કાર કરવાની ભાવના છે. તેથી "સયા" શબ્દ એ મૃષા ભાષણ નથી.

દા.ત. કોઈ નિયમ કરે કે "મારે આખું ચોમાસુ બિમાર મુનિની વૈયાવચ્ચ કરવી" તો કાંઈ આખું ચોમાસુ એકસો વીસે દહાડા બિમાર મુનિ મળે જ એવું નથી બનતું. છતાં ભાવનાના હિસાબે નિયમ કર્યો તે મૃષાભાષણ નથી. સિદ્ધ ભગવાનને વારંવાર નમસ્કાર શા માટે ? તો કે,

## "આનંદ-રમા-લયાણં"

રમા-લયાણ એટલે કે રમાના આલયને આનંદ અને લક્ષ્મીના નિવાસને આનંદરૂપી રમા-લક્ષ્મી જે "શ્રી" કહેવાય, તેમાં સિદ્ધો લયવાળા છે લીન છે; કેમકે એમનો જેમ જ્ઞાનસ્વભાવ છે, તેમ આનંદ એ પ્રગટ સ્વભાવ છે, ને પ્રગટ સ્વભાવમાં લીનતા હોય એ સહજ છે. એ આનંદ નિરુપાધિક છે.

બે પ્રકારે આનંદ - (૧) સોપાધિક; અને (૨) નિરુપાધિક.

'સોપાધિક' આનંદ એ ઉપાધિવાળો આનંદ કહેવાય; કશાની અપેક્ષાવાળો, વિષયો વગેરેની અપેક્ષાવાળો.



દા.ત. મોઢું કડવું થયું, ત્યાં ગળપણ મળે તો આનંદ થાય,

આ સોપાધિક આનંદ છે. એમ ગળપણ-મિઠાઈ પણ અમુક પ્રમાણમાં ખાય ત્યાં સુધી આનંદ, પછી ભૂખ મરી ગઈ એટલે એનાથી આનંદ નહિ. ભૂખની પરિસ્થિતિ હોય ત્યાં સુધી જ આનંદ એ સાપેક્ષતા થઈ, સોપાધિકતા થઈ. એમ મિઠાઈ સાથે તીખું જોઈએ છે તો એ સંયોગની અપેક્ષા થઈ, માટે એ સોપાધિક આનંદ ગણાય. સંસારના સુખ વિષય-પરિસ્થિતિ-સંયોગ-કાળ વગેરેની અપેક્ષાવાળા હોય છે, માટે એ સોપાધિક આનંદ છે.

'નિરુપાધિક' આનંદ એટલે કોઈ વિષયની અપેક્ષા નહિ એવો સ્વાભાવિક આનંદ. આત્માના સ્વભાવના ઘરનો આનંદ. એ જ સાચો નિર્ભેળ-ચોક્ખો આનંદ છે. સાચો આનંદ ભેળસેળ વિનાનો હોય, એવો આનંદ કે જેમાં દુઃખના લેશનુંય મિશ્રણ નહિ. એવા નિરુપાધિક આનંદમાં લીન બનેલા સિદ્ધ ભગવંતને હું વારંવાર નમું છું.

સંસારી જીવો સોપાધિક આનંદમાં મહાલે છે, એટલે ચિંતા તથા ભય રૂપી દુઃખથી મિશ્રિત આનંદમાં મહાલે છે; કેમકે ચિંતા ભય એ દુઃખ છે.

દા.ત. પૈસા કમાયો પણ 'તે રહેશે કે નહિ ?' તે ભય છે, તો તે દુઃખ છે. 'અત્યારે શરીર સારું છે, તેવું રહેશે કે નહિ ?' તે ચિંતા છે, તો તે દુઃખ છે, સંસારના સુખ દુઃખ-મિશ્રિત હોય છે, કેમકે એ વિષય-સાપેક્ષ છે. જ્યારે સિદ્ધ ભગવંતે વિષયો મૂક્યા, વિષયોની અપેક્ષા મૂકી, હવે એમને નિરપેક્ષ સ્વાભાવિક આનંદ છે, એ એવા આનંદમાં લીન છે.

જ્ઞાનીઓ કહે છે,- 'આવા નિરુપાધિક આનંદની જ્યારે ઈચ્છા અને અપેક્ષા છે, ત્યારે તારે પહેલું કર્તવ્ય એ છે કે એવા સહજ આનંદમાં લીન સિદ્ધ ભગવંતોને નમસ્કાર કર.'

પ્ર. : નમસ્કારથી નિરુપાધિક આનંદ મળે એમાં શો નિયમ છે ?

ઉ. : નમસ્કારમાં અનુમોદનાનો ભાવ છે, અને જેની હ્રદયથી અનુમોદના કરો તે મળે એવો નિયમ છે; કેમકે અનુમોદના-પ્રશંસા એ બીજ કહ્યું છે. "બીજં સત્પ્રશંસાદિ" બીજમાંથી અંતે પાક-ફળ નીપજે.

અહીં સમજ આનંદની અનુમોદના છે. જેમ તપસ્વીને નમસ્કાર, તો ત્યાં તપની અનુમોદના છે, ક્ષમાશીલને નમસ્કાર, તો ત્યાં ક્ષમાની અનુમોદના છે, તેમ અરિહંતને નમસ્કાર તો ત્યાં અરિહંતપણાની અનુમોદના છે. એમ અહીં અનંત આનંદભર્યા સિદ્ધોને નમસ્કારમાં એમના સહજ અનંત આનંદની અનુમોદના છે; ને

એ બીજ છે, તે અંતે સહજ આનંદ રૂપી ફળ સુધી પહોંચાડે.

**"અનંત ચઉક્કયાણં"** સિદ્ધ ભગવંત અનંત ચતુષ્કવાળા છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, ને અનંત સુખ,- આ ચારને 'અનંત ચતુષ્ક' કહેવાય છે. કવિ પ્રભુની સ્તવના કરે છે.-

**"જ્ઞાન અનંતુ તાહરે રે દરિસણ તાહરે અનંત,**
**સુખ અનંતમય સાહિબારે વીર્યપણ ઊલસ્યું અનંત;**
**અનંત જિન આપજો રે, મુજ એહ અનંતા ચાર."**

અહીં 'અનંત ચતુષ્કવાળા' એ વિશેષણ કહીને કારણ સૂચવ્યું કે સિદ્ધ ભગવાનને નમસ્કાર શા માટે ?

તો કારણ એ છે કે અનંત ચતુષ્કવાળા છે, માટે એમને નમસ્કાર.

અથવા આ વિશેષણથી એ સૂચવ્યું કે જેમ સિદ્ધ ભગવાનને નમસ્કાર, એમ અનંત ચતુષ્કને પણ નમસ્કાર.

પ્ર. : ગુણીને નમસ્કાર કરો પછી ગુણને નમસ્કાર શા માટે કરવાનો ?

ઉ. : નમસ્કાર તે પ્રહ્‌વીભાવ એટલે કે ઝૂકવાનો ભાવ છે. જેને નમન કરીએ છીએ, તેની તરફ ઝૂકાવ થાય છે. તે પણ એના અમુક ગુણને લીધે ઝૂકાવ છે, એટલે ગુણ તરફ પણ સાથે મનનો ઝૂકાવ છે. માટે ગુણીને નમસ્કાર, એમ ગુણને પણ નમસ્કાર.

દા.ત. ગજસુકુમારને નમસ્કાર કેમ ?

તો કે એમણે જે ક્ષમા રાખી છે, તે તરફ આપણો ઝૂકાવ છે, 'હું ઈચ્છું છું કે આવી ક્ષમા મને મળે,' આ વિચાર તે ક્ષમા તરફ ઝૂકાવ થયો. એટલે ગુણીને નમસ્કાર કરીએ તો સહેજે ગુણને નમસ્કાર થાય. માટે જ આપણે મહાવીર પ્રભુને વ્યક્તિ તરીકે નથી નમતા પરંતુ તેમનામાં અસાધારણ ગુણો હતા તેથી તેમને નમસ્કાર કરીએ છીએ.

આવા સિદ્ધ ભગવાન થયા શી રીતે ? તો કે,

**"કરી અષ્ટ કર્મક્ષયે પાર પામ્યા"** સિદ્ધ ભગવાન અષ્ટ કર્મનો ક્ષય કરીને આ સંસાર પાર કરી ગયા. અત્યાર સુધી સંસાર-સમુદ્રમાં ફસેલા હતા પણ હવે આઠે કર્મોનો ક્ષય કરીને સમુદ્ર પાર કરી ગયા.

આ સૂચવે છે કે સર્વ કર્મનો ક્ષય કરવાથી મોક્ષ થાય.



કેટલાક માને છે કે 'પર્વત પરથી ઝંપાપાત કરે તો મોક્ષ થાય;' 'કાશીએ કરવત મુકાવો તો મોક્ષ થાય.' આમાં મોક્ષનો ઉદ્દેશ સારો છે, પણ પ્રવૃત્તિનો વિવેક સારો નથી.

ઉદ્દેશ સારો એટલા માટે કે એ જીવ ચરમાવર્ત કાળમાં આવી ગયો. અ-ચરમાવર્ત કાળમાં મોક્ષની દૃષ્ટિ જ નહિ, ઈચ્છા જ નહિ.

પર્વત પરથી ઝંપાપાતની પ્રવૃત્તિ સારી નહિ, કેમકે પડવામાં એ વિચાર વિવેક ન કર્યો કે પડવાથી નીચે કેટલા નાના જીવો મરશે ? અંતે જીવહિંસા તરફ દુર્લક્ષ; એ સંસારનો ઉપાય છે, મોક્ષનો નહિ. એમ એ ન વિચાર્યું કે 'નીચે પડતાં હાડકાં ભાંગતા અસહ્ય વેદના થઈ અને કદાચ એમાં ચિત્તને અસમાધિ થઈ તો મોક્ષ તો નહિ, પણ મનુષ્ય ગતિ ય નહિ, પણ દુર્ગતિ મળશે.' અસમાધિ એ મોક્ષોપાય નહિ, સંસારોપાય છે.

માટે આવા બધા વિવેક વિનાના ઉપાયથી મોક્ષ ન થાય. એ તો કર્મબંધનાં સમસ્ત કારણો હટાવી આઠે કર્મનો ક્ષય કરવાથી જ મોક્ષ થાય.

સિદ્ધ ભગવાન સંસારનો પાર પામ્યા, એટલે કેટલા મહાન લાભ થયા ? એ કહે છે, **"જન્મ-જરા-મરણાદિ ભય જેણે વામ્યા"**

જેમણે જન્મ, જરા, મરણ વગેરે ભયો વમી નાખ્યા, ભયો ફગાવી દીધા. હવે જન્મ-જરા-મૃત્યુનો ભય નહિ.

જન્મ-જરા-મરણનાં કારણ આઠ કર્મ છે, ને આઠે કર્મનો ક્ષય થઈ ગયો એટલે પછી જન્મ-જરા-મૃત્યુ આવે જ ક્યાંથી ?

કર્મ રોગ છે, જન્મ-જરા-મૃત્યુ તે પીડા છે, રોગ ગયો એટલે પીડા ટળી.

તે સિદ્ધો કેવા છે ? તો કે- **"નિરાવરણ જે આત્મરૂપે પ્રસિદ્ધા"**

અર્થાત્ જે સિદ્ધ ભગવંતો આવરણ રહિત આત્મારૂપે જાણીતા છે. અહીં એકલું 'નિરાવરણ' ન કહેતાં સાથે આત્મ રૂપે કેમ કહ્યું ? તો કે જડને આવરણ નથી, પણ તેની કિંમત નથી. નિરાવરણ આત્માની કિંમત છે. સંસારી જીવો આવરણવાળા છે, સિદ્ધ ભગવંતો આવરણ વિનાના છે. કેવળજ્ઞાની પણ સંસારમાં છે ત્યાં સુધી આવરણોવાળા છે.

**"થયા પાર પામી સદા સિદ્ધ બુદ્ધા"** એટલે તેમણે સંસારનો પાર પામીને પોતાના આત્માને સિદ્ધ અને બુદ્ધ બનાવી દીધો. ભવ પાર કરીને સદાને માટે સિદ્ધ ને બુદ્ધ બની ગયા. સદાને માટે એટલે કે કાયમનું સિદ્ધપણું ને બુદ્ધપણું પ્રાપ્ત કર્યું.

હવે સિદ્ધોને કદીય સંસારમાં નહિ આવવાનું; કેમકે સંસાર કર્મસંયોગથી છે, અને કર્મ આશ્રવોથી બંધાય. હવે સિદ્ધ ભગવંતોને કોઈ જ આશ્રવ નથી, તેથી કર્મ બંધાવાનાં નથી. એટલે જ્યારે કર્મનો સંયોગ જ નહિ, પછી સંસાર શાનો થાય ?

અહીં સિદ્ધ બુદ્ધ કહ્યુ, એમાં

**સિદ્ધના બે અર્થ :-** (૧) 'સિત' યાને બાંધેલા ધમી નાખ્યા, બાંધેલા કર્મોને બાળી નાખ્યા, તે સિદ્ધ.

(૨) બીજો અર્થ,-સિદ્ધ એટલે કૃતકૃત્ય બની ગયા. કૃતકૃત્ય ક્યારે બને ?

બાધક તત્ત્વો સંપૂર્ણ હટી જાય ત્યારે આત્મા કૃતકૃત્ય બને. બાધક તત્ત્વ છે ત્યાં સુધી એને હટાવવાનું કૃત્ય ઊભું છે; માટે એ કૃતકૃત્ય નહિ. અથવા કહો, જે કરવાનું હતું તે કરી લીધું, હવે કરવાનું કે સાધવાનું કશું જ બાકી રહેતું નથી, તેથી સદાને માટે એ કૃતકૃત્ય બની ગયા.

જ્યાં સુધી સંસારી છીએ, ત્યાં સુધી કૃતકૃત્ય થયા નથી. કૃત્ય કૃત એટલે કે પૂરાં થયા નથી. સંસારી છીએ તો કૃત્ય ઊભા રહેવાનાં.

સંસારનું ગમે તેટલું કરો, તો ય કૃત્ય કરવાનું ઊભું રહેવાનું દા.ત. ગમે તેટલું ખાઓ, પીઓ, મજા લો, ઊંઘો, તોય ખાવાનું-પીવાનું-ચાલવાનું-ઊંઘવાનું ઊભું રહે છે. તેથી વિવેકી જીવોને ગ્લાનિ થાય છે, 'હાય ! આ સૂવાનું, આ ખાવાનું, આ પીવાનું આ ચાલવાનું હમેશ ચાલુ ? હવે આ બલામાંથી ક્યારે છૂટાય ? કૃતકૃત્ય થાઉં તો છૂટાય.'

હંમેશ માટે સિદ્ધ કેમ ?

તો-કે 'સિત' એટલે બાંધેલાને 'ધ' એટલે ધમી નાખ્યા, બાળી નાખ્યા, તેથી સિદ્ધ. બધા કર્મોને જડ મૂળમાંથી બાળી નાખ્યા છે, તેથી હંમેશ માટે સિદ્ધ.

પ્ર. : પણ પછી નવાં કર્મ નહિ ઊભા થાય ?

ઉ. : જૂનાં કર્મો ઊભાં હોય તો જ નવાં કર્મ ઊભાં થાય, પણ કર્મ જ બધાં રવાના કર્યા, હવે નવાં કર્મ ઊભાં શાના પર થાય ?

અથવા 'સિદ્ધ' એટલે કૃતકૃત્ય, તે એટલા માટે થાય કે કૃત એટલે સાધ્ય-સિદ્ધ કરવાનું યાને સાધના કરીને જે અંતિમ પ્રાપ્ત કરવાનું છે, તે મેળવી લીધું છે; તેથી સાધનાનો અંત આવ્યો. હવે સાધના કરવાની નથી રહેતી.

**બુદ્ધ કેવી રીતે ?** બુદ્ધ છે એટલે કે ત્રિકાળવેત્તા-ત્રિકાળજ્ઞાતા છે, સર્વજ્ઞ



છે, બધી વાતના જાણકાર છે, કોઈ વસ્તુ એમને અજ્ઞાત નથી, માટે બુદ્ધ છે.

ભણવાથી આપણી જાતને વિદ્વાન માનતા હોઈએ, જાણકાર માનતા હોઈએ, પણ આપણે કેવા બુદ્ધ ? આપણે તો જેટલું જાણીએ છીએ, તેના કરતાં અનંત ગુણું આપણે નથી જાણતા. અર્થાત્ બુદ્ધ કરતાં અબુદ્ધ અનંતગુણ છીએ.

જ્યારે સિદ્ધ ભગવાન લેશ પણ અબુદ્ધ નહિ, સંપૂર્ણ બુદ્ધ છે. તો આવા સિદ્ધ-બુદ્ધ-સર્વજ્ઞ ભગવંતને નજર સામે રાખીએ, તો જ અભિમાન ઓસરી જાય, ને જ્ઞાન સાધનાનો જીવનભરનો રંગ લાગે, સંતોષ ન મનાય.

આ તો કમનસીબી કેવી કે ઉપવાસ કરી લીધો, સંતોષ માન્યો, પણ સંતોષ શો ? એ તો જેમ બે હજાર માઈલ જવું છે, ને ૨૫ માઈલમાં સંતોષ માન્યો ! તેના જેવો સંતોષ છે. અનંતયાત્રા-સંયમયાત્રા-સાધનાની યાત્રા પૂર્ણ ન થાય ત્યાં સુધી સંતોષ મનાય જ નહીં. અભિમાન નથી એટલે સાધનાનો સંતોષ નથી, એટલે સાધના ચાલુ ને ચાલુ રહે. સાધનામાં સંતોષ આવે તો સાધના મૂકી દેવાનું મન થાય. સંતોષ કે અભિમાન ન રહે તો સાધનાનો ઉલ્લાસ બન્યો રહે.

જે સાધક છે, સાધનામાં એને પ્રગતિ ન દેખાય તો તેને નિરાશા થાય છે. પણ સિદ્ધ ભગવંતને નજરમાં રાખીએ તો તો નિરાશા ન રહે; કારણ કે સિદ્ધ ભગવંત દેખાડે છે કે તું પણ અમારા જેવો છે. માત્ર અમારે આવિર્ભાવે અનંતગુણ, ને તારે તિરોભાવે અનંત ગુણ છે. તિરોભાવ કેમ ? આવરણ ચડી ગયાં છે.

પ્રભુને સ્તવનમાં કહે છે : **"આવિર્ભાવે તુજ સયલ ગુણ, માહરે પ્રચ્છન્ન ભાવથી જોય"** પ્રભુ ! મારામાં ને તારામાં શો ફરક છે ? તારામાં ને મારામાં અનંત ગુણ છે, તો ફરક શાનો ? ફરક આ, તારામાં બધા ગુણો આવિર્ભાવે છે, પ્રગટ ભાવે છે. મારામાં બધા ગુણો તિરોભાવે છે, અપ્રગટ-ગુપ્ત-પ્રચ્છન્ન ભાવે છે.

મારે અપ્રગટભાવે (તિરોભાવે) છે એટલે ફક્ત આવરણ હટાવવાની વાર છે. એ લક્ષમાં રાખીએ તો એકલી ધર્મસાધના જ કરતા રહેવાનું મન થાય. મનને આ હિસાબ હોય કે 'ચાલવા દે સીધી દિશામાં. જેટલું ચાલીશ તેટલું મથક નજદીક જ આવવાનું છે.' આથી આશ્વાસન મળે છે, હિંમત મળે છે.

આશ્વાસન મોટી ચીજ છે, કારણકે સાધના કરતાં કરતાં 'હાય' નહિ, 'નિરાશા' નહિ, પણ સાધનામાં આગળ ધપાવ્યે જવાનું છે, એક જ હિસાબ.

**'હાય !' કરનાર નિરાશ નિષ્ક્રિય બને છે.**

**સાધનાની ધૂન રાખે તે પુરુષાર્થી બને છે.**

નિરાશ ન બને ને સાધનાની ધૂન રાખે, સાથે પુરુષાર્થને સતેજ રાખે, એક હિંમતથી 'ભલે આજે તપનો ભાવ નથી આવતો પછી આવશે,' આજે ભાવ નથી તો મથવા દે; આજે નહિ તો કાલે જાગશે.' આમ સિદ્ધ ભગવાન પોતાની અનંત સિદ્ધિ દેખાડી સાધનાની ધૂન આપે છે, સાધના માટે જોમ અને પુરુષાર્થ આપે છે.

અનંતાનંત સિદ્ધો છે, અનાદિકાળથી એકેક પુદ્‌ગલ-પરાવર્ત કાળમાં અનંતા મોક્ષે જાય છે. અનંતા સિદ્ધ ભગવંતો જાણે કહી રહ્યા છે; "અમારી સામે જુઓ. અમો પૂર્વકાળે તમારાથી નપાવટ હતા, કાયર-કંગાળ હતા, પરંતુ એક જ વાત પકડી રાખી, ધર્મ-સાધના પકડી, સાધના જ કર્યે રાખી, ત્યાં સુસ્તી નહિ, ગોલમાલ નહિ... એમ કરતાં આજે સિદ્ધ છીએ ને ? એમ આવરણ તમારા આત્મા પર પડેલાં છે, પણ સાધના કરવાથી તે તૂટી જશે."

એવા સિદ્ધ સંસારમાં હતા, ત્યારે એમના જીવના વિચિત્ર પરિણામ હતા, દા.ત. કુંજરના શરીરમાંથી છૂટી કીડીના શરીરમાં પેઠા હતા. પણ પછી આત્મામાં મહાન પલટો થતાં આગળ વધી, અંતે હવે તે સિદ્ધ બન્યા ! તો છેલ્લા શરીરે ૧/૩ પ્રમાણમાં આત્મ-પ્રદેશો સંકોચાઈ ગયા, ને જે આત્મ-કદ રહ્યું તે છેલ્લો પલટો. બસ, પછી શાશ્વત્ કાળ માટે એક જ વ્યવસ્થા.

**કાવ્ય : "ત્રિભાગોન દેહાવગાહાત્મદેશા, રહ્યા જ્ઞાનમય, જાત વર્ણાદિ લેશ્યા"**

'ત્રિભાગોન' એટલે કે છેલ્લા શરીરે આત્માની અવગાહના ત્યાં હતી એના કરતાં હવે ૧/૩ ભાગે ઓછી થઈ ગઈ.

દા.ત. ૩૦૦ ધનુષ્યની અવગાહના, તે ૨૦૦ ધનુષ્યની થાય.

૩૦૦ હાથની તે ૨૦૦ હાથની થાય.

શરીરમાં પોલાણથી આત્મામાં પોલાણ છે, શૈલીથી કરણથી પોલાણો ભરાઈ જાય ત્યાં ૧/૩ ભાગ ઓછો થઈ જાય, એટલે ૧/૩ ન્યૂન ભાગવાળા બની ગયા.

સિદ્ધ ભગવંતો શુદ્ધ ચૈતન્યમય એટલે જ્ઞાનમય છે. કાં તેમનામાંથી રાગ-દ્વેષ-અહંત્વ વગેરે વૈભાવિક પર્યાય દૂર થઈ ગયા છે. આત્માના સ્વાભાવિક જ્ઞાનમય પર્યાય પ્રગટ થઈ ગયા. હવે વૈભાવિક પર્યાય દૂર થઈ ગયા, એટલે શુદ્ધ જ્ઞાન વર્તે છે.

આપણું જ્ઞાન વૈભાવિક ભાવથી અર્થાત્ રાગદ્વેષાદિથી કલુષિત છે ! તે જ્યાં વસ્તુ જોઈ કે એ સારી લાગતા જ્ઞાન રાગવાળું, ને નરસી લાગતાં જ્ઞાન દ્વેષવાળું બને છે. તેથી એ જ્ઞાન શુદ્ધ નથી, અશુદ્ધ છે.



સિદ્ધ ભગવંત શુદ્ધ જ્ઞાનમય બન્યા છે. વળી એમને વર્ણાદિના પર્યાય, લેશ્યાના પર્યાય જતા રહ્યા છે, નાશ પામ્યા છે. વર્ણ, ગંધ, રસ, રૂપ, સ્પર્શ નથી. કોઈ લેશ્યા કૃષ્ણ-નીલ-કાપોત-તેજો-પદ્મ-શુક્લ લેશ્યા નથી.

વળી સિદ્ધ કેવા છે ? :-

**"સદાનંદ સૌખ્યાશ્રિતા જ્યોતિરૂપા, અવ્યાબાધ અપુનર્બન્ધાદિ સ્વરૂપા."**

'સદાનંદ'-સત્ એવો આનંદ, સમ્યક્ આનંદ, વીતરાગતાનો આનંદ અનુભવનારા.

'સત્ સૌખ્યાશ્રિતા' અનંતસુખને પામેલા. આનો જે નિત્ય આનંદ, અપરિમિત આનંદ, તેનો ભોગવટો કરનાર સિદ્ધ ભગવંત છે; માટે સિદ્ધ ભગવંત અભોગી છતાં ભોગી કહેવાય છે. આ એવા આનંદના ભોગી છે કે જેનો અનુભવ એ જ જાણે. આજે કેટલાક આવો પ્રશ્ન કરે છે કે,

પ્ર. : મોક્ષમાં તો કાંઈ કરવાનું નહિ. ખાવાનું નહિ, પીવાનું નહી, કશું જ કરવાનું નહિ, એમણે વળી આનંદ શો ?'

ઉ. : કહો કે તમે જે ખાવાને પીવાને સુખ કહો છો તે ખરેખર તો સુખ નથી પણ ભૂખના દુઃખનું કામચલાઉ નિવારણ છે; બાકી સુખેય નહિ ને ખરેખરા સુખનું કારણેય નહિ. પેંડા એક-બે-ત્રણ ખાય તો સુખ, પણ યજમાન આગ્રહ કરી કરીને છ સાત ખવડાવી દે તો પછી ઊલટી જેવું થાય છે. એ શું થયું ? પેંડાથી જ દુઃખ. વિષયોના આનંદ પરાધીન, નાશવંત અને ભાવી દુર્ગતિનાં દુઃખોને નોતરનારા છે. એમાં આનંદ શો ? સાચો આનંદ તો મોક્ષમાં સિદ્ધોને.

પ્ર. : મોક્ષમાં આનંદ હોવાનું અમને કેમ નથી સમજાતું ?

ઉ. : જનમના ખરજવાના દરદીને ખણવાના આનંદનો જ અનુભવ હોય. એ બિચારો ખરજવાના દરદ વિનાના નીરોગીને કેવો આનંદ હોય, એ ન સમજી શકે.

સિદ્ધ ભગવંતો અનંત સ્વાભાવિક આનંદના ભોગી છે, છતાં વિષયના ભોગી નથી, માટે અભોગી છે.

કવિ પ્રભુની સ્તુતિ કરે છે.

**"યોગી-અયોગી; ભોગી-અભોગી, તુંહી જ કામી અકામી."**

યોગી એટલે અનંતગુણના યોગવાળા છે તેથી તે યોગી મહાયોગી છે, પણ સાથે મન-વચન-કાયાના યોગ વિનાના છે માટે અયોગી છે.

સિદ્ધ ભગવંત **'જ્યોતિરૂપ'** છે. સિદ્ધ ભગવંત જ્યોતિરૂપ કેમ ?

સંસારી જીવને સિદ્ધ ભગવંતની એક કલ્પના આપવા 'જ્યોતિરૂપ' કહ્યું. દિવ્ય રત્નની આસપાસ એની જ્યોતિનો ઝગારો કેવો હોય ? એવા સિદ્ધ ભગવાન છે.

પ્ર. : સિદ્ધ ભગવંતને શરીર-વર્ણ-વચન-મન નથી તો જ્યોતિ શી ?

ઉ. : તે આત્મા જ જ્યોતિરૂપ છે, આત્મા અરૂપી છે, એટલે એનામાં રત્ન જ્યોતિની જેમ રૂપી જ્યોતિ નહિ, કિન્તુ તેનામાં જ્ઞાનરૂપી જ્યોતિ છે; ને જ્ઞાન આત્મ-સ્વરૂપ છે તેથી વસ્તુ-સ્થિતિ તરીકે આત્મા જ જ્ઞાનસ્વરૂપ જ્યોતિમય છે.

બૌદ્ધો માને છે કે "દિવાની જ્યોત ગઈ, પછી કાંઈ રહ્યું નહીં. મોક્ષ થયો પછી કાંઈ નથી. આત્મા ક્ષણ-ક્ષણરૂપ; એમાં મોક્ષ છેલ્લી ક્ષણ ઊભી થઈ, પછી આગળ કશી ક્ષણ જ ચાલી નહિ. તેથી આત્મા રહ્યો જ નહિ."

પરંતુ તે મિથ્યા માન્યતા છે. દીવાનું દ્રષ્ટાંત આપે છે, તે ખોટું છે; કેમકે દીવાની જ્યોતિ ભલે બળી જાય પછી જ્યોતિમાંથી કશું રહેલું ન દેખાય, પણ એમાંથી પ્રસરેલા કાળા તામસ પુદ્ગલો વાતાવરણમાં મોજુદ છે.

**"નાઽસતો વિદ્યતે ભાવો, નાભાવો વિદ્યતે સતઃ ।"**

ન અસતોભાવઃ વિદ્યતે=કોઈ વસ્તુ અસત્ હોય તેની ઉત્પત્તિ થાય, તેનો સદ્ભાવ થાય તેવું જગતમાં બનતું નથી.

દા.ત. આકાશ-પુષ્પ, ગર્દભશૃંગ, (ગધેડાનું શિંગડું) સર્વથા અસત્ છે, તો કદી એનો સદભાવ થતો નથી. તે સૂચવે છે કે જેનો અત્યારે સદ્ભાવ દેખાય છે, તે ચીજ પહેલાં કાંઈકરૂપે હતી. હતી તેમાંથી કાંઈક નવું થયું.

'કોઈ જ રૂપ ન હતું તે થયું' તે બને જ નહિ.

ગાય-ભેંસે દૂધ આપ્યું, ક્યાંથી દૂધ આવ્યું ?

ઘાસમાં દૂધ હતું તો તે દૂધ પ્રગટ થયું. કાંઈને કાંઈ હોય તો જ નવો ભાવ પ્રગટ થાય.

તાર્કિક તર્કશુદ્ધ દર્શનો આ માને છે; જ્યારે જ્યારે વસ્તુ બની તેની પૂર્વે કાંઈક અસ્તિત્વ હતું. તે બતાવે છે કે જગત અનાદિ છે. સર્વથા અસત્માંથી કાંઈ ન બને.

'ક્યારેય પણ કાંઈક થયું તેની પૂર્વે કાંઈક હતું.' આ સિદ્ધાંત પર જગત અનાદિ છે. આ **'નાઽસતો વિદ્યતે ભાવઃ'** ની વાત થઈ. હવે,



**'નાભાવો વિદ્યતે સતઃ'**

અર્થાત્ જે કાંઈ સત્ છે, તેનો સદંતર નાશ થતો નથી. સદંતર નાશ એટલે કાંઈ રૂપ ન મળે, એવું બનતું નથી. લગડી રૂપે સોનું હતું. તેને ઘડ્યું ને કડું બનાવ્યું, તો લગડી રૂપ ગયું, પણ સોનું ન ગયું, સોનું નષ્ટ ન થયું. અને ! માનો ને સોનાની વૈદ્યે ભસ્મ બનાવી તોય કાંઈક ને કાંઈક રૂપ થયું.

આત્માનો મોક્ષ થાય ત્યારે આત્માનો સર્વનાશ-સદંતર નાશ ન કહેવાય. આત્મા જ્યોતિરૂપ રહે છે; એટલે મોક્ષ થાય ત્યારે પણ અનંત જ્ઞાનની જ્યોતિ ઝબકે છે, અનંત-જ્ઞાન-અનંત દર્શનમય આત્મા ઊભો રહ્યો છે.

પ્ર. : પણ આત્મા જ્ઞાનવાળો તો કહેવાય, પણ જ્ઞાનમય-જ્ઞાનરૂપ કેમ કહેવાય ?

ઉ. : આત્માનો જે ગુણ છે, તે આત્માથી એકાંતે ભિન્ન નથી, કિન્તુ ભિન્નાભિન્ન છે, એટલે કે કાંઈક જુદો છે, ને કાંઈક આત્મ સ્વરૂપ છે.

**ગુણીમાં ગુણ છે તે એકાંતે જુદા - ભિન્ન નથી, એકાંતે અભિન્ન નથી, ભિન્નાભિન્ન છે.**

દા.ત. સાકરમાં મીઠાશ છે. તો સાકર ને મીઠાશ જુદા પાડી શકાય ? ના, સાકર એ જ મીઠાશ, એટલે કે સાકરથી અભિન્ન મીઠાશ, પરંતુ 'સાકરમાં મીઠાશ' એમ બોલાય ત્યાં એક રાખનાર ને બીજો રહેનાર છે. આ હિસાબે સાકરથી મીઠાશ ભિન્ન, તાત્પર્ય સાકરથી ભિન્નાભિન્ન મીઠાશ.

એમ દીવાનો પ્રકાશ. દીવો ને પ્રકાશ શું એકાંતે ભિન્ન (જુદા) ? ના, ભિન્નાભિન્ન, ભિન્ન પણ અને અભિન્ન પણ.

તેલની ધારમાં તેલ ને ધાર જુદા ? ના, જુદા અને એક જ, બંનેય.

તેમ આત્માનું જ્ઞાન તે આત્મભિન્ન અને આત્મરૂપ, બન્ને. 'ભિન્ન' એટલા માટે કે બન્નેના પર્યાય જુદા છે, દા.ત. જ્ઞાન-બોધ-સમજ વગેરે જ્ઞાનના પર્યાય છે. આત્મા-ચેતન-જીવ એ આત્માના પર્યાય શબ્દો છે. માટે આત્મા અને જ્ઞાન જુદા. વળી આત્મા જ્ઞાનનો આશ્રયી છે, જ્ઞાન આત્મામાં આશ્રિત છે. આ બન્ને આશ્રય-આશ્રિત હોઈ એક બીજાથી જુદા માનવા જોઈએ.

ત્યારે બન્ને એકરૂપ શી રીતે ?

આ રીતે, કે જ્યાં આત્મા છે, ત્યાં જ જ્ઞાન છે. આત્માથી પૃથક્ જ્ઞાન તરીકે કાંઈ જ દેખાતું નથી. જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે. સ્વભાવ કાંઈ જુદી

વસ્તુ ન કહેવાય. માટે જ્ઞાન આત્મ સ્વરૂપ જ છે, આત્માથી અભિન્ન છે.

**અવ્યાબાધ** :- સિદ્ધ ભગવંત અવ્યાબાધ છે. તેમને કોઈ બાધા નડતી નથી. સંસારીને બાધા-પીડા નડે છે. સિદ્ધશિલા પરની જગ્યા પરિમિત છે, અનંતાકાળથી સિદ્ધ બનેલા જીવોનું ઠલવાવાનું ત્યાં ચાલું છે, એટલે અનંતા ત્યાં પહોંચ્યા. પરંતુ પૂર્વના સિદ્ધ જીવોને આ નવા સિદ્ધોથી પીડા ખરી ?

**પીડા રૂપીને હોય છે, સિદ્ધ ભગવંતો અરૂપી છે, તેથી અરૂપીથી અરૂપીને પીડા હોતી નથી.**

પ્ર. : સિદ્ધશિલા પર અનંતા સિદ્ધો છે, બીજા ત્યાં આવ્યા કરે છે તો બધા સમાય ક્યાં ?

ઉ. : એક ઓરડામાં દીવો છે, બીજો દીવો આવ્યો. પહેલાના પ્રકાશમાં બીજાનો પ્રકાશ ભળી ગયો. લાખ દીવા ત્યાં કર્યા, બધાના પ્રકાશ ભળી ગયા. એટલે કે નિરાબાધ બન્યા. આમ સિદ્ધ એક બીજામાં ભળી ગયાં.

આ બતાવે છે કે પીડા-રહિત બનવું હોય તો અરૂપી બનો.

**"અપુનર્ભવા"**-સિદ્ધ ભગવંતનો ફરી ભવ થવાનો નથી. અરૂપીમાં હંમેશા માટે પીડા નહિ. અરૂપીમાં પીડા ન થાય ઉપરાંત અપુનર્ભવ-સ્વરૂપ એટલે ફરીથી સંસારી જીવો માફક એમનો ભવ ન થાય, ક્યારેય ન થાય.

પ્ર. : ભવ એટલે શું ?

ઉ. : 'ચતુર્ગતિમય સંસારે ભવનમ્ ભવઃ' ચાર ગતિમય સંસારમાં જન્મ પામવો એ ભવ.

સિદ્ધ કેવા ? **અપુનર્ભવ.** સંસારમાં હવે કદી ભવ જેમને થવાનો નથી એવા સિદ્ધ ભગવાન છે, જેમ ફરીથી ભવ નથી; તેમ અપુનર્દુઃખ-ફરીથી દુઃખ આવવાનું નથી; અપુનર્મોહ-હવે મોહ જાગવાનો નથી; અપુનર્રોગ-હવે કોઈ રોગ થવાના નથી. આવા સિદ્ધ બની ગયા. જ્યાં ભવ છે, ત્યાં દુઃખ છે, મોહ છે, રોગ છે.

**જેને આવા ભવનો કંટાળો હોય, તેને આ ભવમાંથી સિદ્ધ થવાનો અધિકાર છે, સિદ્ધ થવાની તેનામાં યોગ્યતા છે.** તેમ સિદ્ધપદ પ્રાપ્ત કરવાનો આ ઉપાય છે, દુઃખ-મોહ-રોગ વગેરેને રવાના કરતા જવાય.

## આ વિશેષણોથી ભાવિત કેમ થવાય ?

ભવનો કંટાળો થાય, તેને ખાવું, પીવું, પૈસા વગેરેનું દુઃખ ન હોય, અર્થાત્ એ દુઃખ દુઃખ જ ન લાગે, તેવી સ્થિતિ થાય, ત્યારે સિદ્ધ ભગવંત થવાની દિશામાં



પગલું મંડાય, પ્રયાણ ચાલુ થાય. અપુનર્ભવ, અપુનર્દુઃખ, અપુનર્મોહ, અપુનર્રોગ,- આ બધા વિશેષણોની ભાવના કરીને આપણે આપણા આત્માને ભાવિત કરવાનો છે, જેથી નજર સામે તે જ ગમ્યા કરે. તેનો કાલ્પનિક અનુભવ, કાલ્પનિક સંવેદના થાય. એવું કે જાણે આપણે અશરીરી શુદ્ધ આત્મા છીએ ! કોઈ ગતિના જીવ નહિ, સિદ્ધશિલા પર શુદ્ધ-સિદ્ધ-બુદ્ધ છીએ. આપણો જીવ નિર્દુઃખી, નીરોગી, નિર્મોહ છે !' આવી આપણા આત્માને વારંવાર ભાવના આપવાની, એથી આત્મા ભાવિત થાય તો સાંસારિક વેઠમાં લહેવાઈ જાય નહિ.

સિદ્ધ ભગવંતને કોઈ આવરણ ન હોઈ, કોઈ સાપેક્ષ પરાધીન સુખ નથી, કિન્તુ તેમને નિરપેક્ષ સુખ છે.

આ સિદ્ધ ભગવંતની અવસ્થા છે, તે આપણા આત્મામાં કલ્પીને આત્માને એનો અનુભવ કરાવવો. તે સુભવ પરથી સિદ્ધપદની માન્યતા, સાધના અને સારું જીવન-લક્ષ્ય હાથમાં આવે.

સિદ્ધ થવા માટે આ બધું દેખાવું જોઈએ, નજર સામે હૂબહૂ તરવરતું જોઈએ. આપણો આત્મા એવો ભાસવો જોઈએ.

❖ ❖ ❖

**વાચના ૨** **મલાડ, મહાવદ ૩, તા.૪-૨-૮૦**

(ઢાળ-ઉલાળાની દેશી)

**"સકલ કરમ મલ ક્ષય કરી, પૂરણ શુદ્ધ સ્વરૂપોજી.**
**અવ્યાબાધ પ્રભુતામયી આતમ-સંપત્તિ ભૂપોજી"**

**અર્થ :** સિદ્ધ ભગવંત સકલ કર્મરૂપી મળનો ક્ષય કરીને પૂર્ણ અને શુદ્ધ સ્વરૂપી, પૂર્ણ શુદ્ધ સ્વરૂપવાળા બનેલ છે.

આત્માનું પૂર્ણ સ્વરૂપ એટલે પૂરેપૂરું જ્ઞાન, પૂરેપૂરું સુખ, પૂરેપૂરા ગુણ, પૂરેપૂરી સ્વતંત્રતા.

આત્માનું શુદ્ધ સ્વરૂપ એટલે "રાગદ્વેષ-અજ્ઞાનરહિત વીતરાગતામય અનંત જ્ઞાન-દર્શનોપયોગ."

## શુદ્ધ સ્વરૂપની સ્પષ્ટતા :

આપણે કાંઈપણ દર્શન કરીએ, શ્રવણ કરીએ, કે સ્મરણ કરીએ તે જ્ઞાન છે. તેમાં સાથે રાગ દ્વેષ ભળેલો હોય છે. દા.ત. સાંભળ્યું કે 'ફલાણા ભાઈ બહુ પૈસા

કમાયા,' ત્યાં 'હેં ! એમ ?' એવું થાય છે. એ 'હેં !' બતાવે છે કે મનને પૈસા સારા લાગે છે. પૈસા પર રાગ છે, એટલે શ્રવણથી જ્ઞાન થયું તે રાગયુક્ત થયું.

દર્શન-શ્રવણ-સ્મરણમાં જ્ઞાન રાગદ્વેષવાળું થાય તે આત્માનું મલિન સ્વરૂપ છે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ તો શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે, વીતરાગતામય જ્ઞાનસ્વરૂપ છે, સદ્‌વીર્ય-સ્વરૂપ છે. અસદ્‌વીર્ય એટલે મલિન સ્વરૂપ,

સદ્‌વીર્ય એટલે શુદ્ધ સ્વરૂપ.

કોઈ હિંસા-આરંભ-અનીતિ જૂઠ માટે પરાક્રમ બતાવે તે અસદ્‌વીર્ય છે.

કિન્તુ ક્ષમા-સહિષ્ણુતા-દાન-શીલ વગેરેનું પરાક્રમ કરે તે સદ્‌વીર્ય છે.

**શુદ્ધ સ્વરૂપ કેવું ?** મહાવીર પ્રભુને ઘણું કનડ્યો સંગમ. એણે છ મહિના છેડો ન છોડ્યો ! છતાં એક દિવસ ભગવાનને વિચાર ન આવ્યો કે 'આ કેટલાં કષ્ટ ! હું તેને દબાવું,' તે છે શુદ્ધ સ્વરૂપ.

કોઈને દબાવવાનો વિચાર તે અસદ્‌વીર્યનો પ્રકાર છે. લોકો કહે છે ને કે 'થાય તેવા થઈ એ તો ગામ વચ્ચે રહીએ ?' આ અસદ્‌વીર્યની વૃત્તિ છે.

ત્યારે સિદ્ધ ભગવાન સદ્‌વીર્યવાળા છે. તેમાં આવો અસદ્‌વીર્ય પ્રયોગ કોઈ ન આવે. એમાં તો સ્વરૂપ-રમણતા અને ત્રિકાલના જગતનાં દર્શન આવે, ને વીર્ય સ્ફુરાયમાન રહે એ શુદ્ધ સ્વરૂપ. સંગમ દેવતાનું કાળચક્ર માથે ઝીકાવા વગેરે ઉપસર્ગોમાં મહાવીર ભગવાન કચડાયા, કૂટાયા, છુંદાયા, પણ છતાંય સામાને દબાવવાનો ભાવ ન આવ્યો. તાકાત તો ઘણી હતી. નાનપણમાં લોખંડ જેવી મુઠ્ઠી મારી રાક્ષસને જમીન-દોસ્ત કરી નાખ્યો હતો, તો સંગમ પણ શું વિસાતમાં હતો ? પણ નહિ. સદ્‌વીર્ય જ વાપરવું હતું, તે આંતરશત્રુઓને કચડી નાખવામાં વાપર્યું. સમસ્ત મળનો તથા સમસ્ત કર્મનો ક્ષય કરીને અક્ષય (ક્ષાયિક) સદ્‌વીર્યવાળા ભગવાન સિદ્ધ બન્યા, એટલે શુદ્ધ સ્વરૂપવાળા થયા. જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય-સુખ પૂર્ણપૂર્ણે પ્રગટ થયાં.

આ બતાવે છે કે- **તમારે તમારા આત્માના શુદ્ધ સ્વરૂપમાં આવવું હોય તો કર્મનાં બંધન ને મળના કચરાને દૂર કરો.**

પોતાના સ્વરૂપમાં આવવાનું એટલે પોતાના ઘરમાં આવવાનું, આત્મ-ઘરમાં આવવાનું, તો રાગદ્વેષાદિ એ મળ છે, જ્ઞાનાવરણીયાદિ એ કર્મ છે. તેનો નિગ્રહ થાય તો આત્મા સ્વઘરમાં આવે.

સિદ્ધ ભગવાને રાગાદિમળ ને કર્મરજ સર્વથા નષ્ટ કરી છે. તેથી હવે



સંપૂર્ણપણે એ સ્વઘરમાં હંમેશ માટે સ્થિર થયેલ છે. આપણા માટે હંમેશ એમનું આલંબન જોઈએ. એ સિદ્ધ ભગવાન રાગાદિમળ તોડવા બળ આપે છે. રાગાદિ મળનો નિગ્રહ થાય, એટલે કર્મનો નિગ્રહ સહેજે થઈ જાય. કેમકે રાગાદિ જ કર્મ બંધાવનાર છે. એ અટક્યા એટલે નવો કર્મ-પ્રવાહ આત્મામાં આવતો અટક્યો, એમ નવાં કર્મનો નિગ્રહ થયો, તેમજ રાગદ્વેષ દબાયા તેથી ખાનપાનાદિ-મોહ દબાયા ને એથી અનશનાદિ તપ થવા લાગ્યા, એથી જૂનાં કર્મનો નાશ થાય છે, જૂનાં કર્મનો નાશ થાય છે, જૂનાં કર્મનો નિકાલ થાય છે. આ હિસાબે કહેવાય કે રાગાદિ મળનો નિગ્રહ થતાં કર્મનો નિગ્રહ સહેજે થાય છે.

આ રાગદ્વેષાદિ મળ પર-ઘરમાં લઈ જાય છે, ને પર-ઘરમાં બાંધી રાખે છે.

પ્ર. : પરઘર એટલે શું ?

ઉ. : પુદ્‌ગલનું સ્વરૂપ તે પરઘર. 'બંગલો સરસ ! દાગીના સરસ !' તે પુદ્‌ગલનાં સ્વરૂપને 'સરસ' કર્યું એ રાગ જીવને પરઘરમાં લઈ ગયો.

આત્માનું સ્વરૂપ એ સ્વઘર. 'હું શુદ્ધ જ્ઞાનવાળો આત્મા કેવો સરસ !' એ ન આવડ્યું.

**અનંતાકાળ આજ કર્યું કે જીવ પરઘરમાં રખડતો રહ્યો.**

છતાં હજી એને કંટાળો નથી કે આ પરઘરમાં ક્યાં સુધી રખડ્યા કરવાનું ? 'કોણ જાણે હું પોતાના ઘરમાં ક્યારે આવીશ ?' એ વિચાર નથી આવતો.

**રાગાદિમળ તોડીએ તો પછી સ્વઘરમાં અવાય.**

દા.ત. જુગારી હરામી છોકરો હોય તો માબાપ શું કરે ? તેને ઘરમાં પેસવા ન દે. ભલે તે બહાર ભટકતો રહે. રાગાદિમળ રાખવો છે એ જુગાર છે, એ શુદ્ધ જ્ઞાન-ક્ષમા-નિર્લોભતા વગેરે સ્વઘરમાં જીવને પેસવા ન દે, ભલે જીવ બહાર પરપુદ્‌ગલમાં ભટકતો રહે, એવું રાગાદિમળ કરે છે.

જંબુકુમારનો કાકો જુગારી હતો. ભાઈએ કહ્યું : "આવું આપણને ન શોભે." તેણે તે ગણકાર્યું નહીં, તો અંતે ભાઈએ કહી દીધું : 'આવીશ નહિ ઘરમાં, બહાર ભટકતો રહે,' એણે પછી બહાર જ ભટકવામાં અંતે જુગારીઓના હાથે માર ખાધો, બેહાલ થયો, તો ભાઈ જઈને લઈ આવ્યા, ને ત્યારથી પછી જુગાર ભૂલી ગયા.

તે તો સારો માર ખાધો ને સુધર્યો, ને સ્વઘરમાં આવ્યો, પણ આપણે ? કર્મનો ઘણો ઘણો માર ખાધો ને સુધર્યા નહિ ! તે હજી રાગાદિ-જુગાર ખેલતાં પરઘરમાં જ રખડીએ છીએ.

માર ખાધા પછી તો પરઘરમાંથી નીકળી જ જવું જોઈએ. એ નીકળી જવા માટે સુંદર આલંબન સિદ્ધ ભગવાન છે. એ સ્વઘરમાં હંમેશ માટે વસેલા છે. એમને કેટલું સુખ ? અનંત સુખ !

સ્વઘરમાં આવવા માટે કર્મ તથા મળને તોડો.

**કર્મને તોડવા તપ જોઈએ.**
**રાગાદિ મળને તોડવા સંયમ જોઈએ.**

તપ ૧૨ પ્રકારના છે.

**"કર્મ તપાવે ચીકણાં, ભાવ મંગલ તપ જાણ."**

સંયમ ૧૭ પ્રકારે છે :- ૫ મહાવ્રત (પાંચ સ્થાવરકાય અને ચાર ત્રસકાયની અહિંસા, જડની જયણા), ૫ ઈન્દ્રિય-નિગ્રહ, ૪ પ્રેક્ષા-ઉપેક્ષા-પ્રમાર્જના-પરિષ્ઠાપન સંયમ, ૩ ગુપ્તિ, એ ૧૭ પ્રકારે સંયમ. તે કર્યું સિદ્ધ ભગવંતોએ.

સિદ્ધ ભગવંત 'પૂરણ શુદ્ધ સ્વરૂપ' બન્યા એટલે શું થયું ?

**"અવ્યાબાધ પ્રભુતામયી આતમ સંપત્તિ-ભૂપો જી"** તેમનામાં પ્રભુતા આવી ગઈ, તેઓ આત્મ સંપત્તિના પ્રભુ-સ્વામી બન્યા, સાચા શ્રીમંત-તવંગર-ધનાઢ્ય બન્યા. ઉત્કૃષ્ટ આત્મસંપત્તિની તવંગરતા આવ્યા પછી કોઈ દિવસ દુન્યવી દરિદ્રતા, દીનતા, ગુલામીનું નામ ન રહ્યું, સિદ્ધ ભગવંતને કદી કષ્ટ નથી, દરિદ્રતા નથી, નિશ્ચિંતતા છે. એ જ સાચી તવંગરતા, તે આત્માનો વૈભવ છે, આત્માની સાચી ઠકુરાઈ છે. એવી આત્મ-સંપત્તિવાળા ભૂપ એટલે રાજા બની ગયાં.

રાજા કેવા કે તેમના પર કોઈ હુકમ ચલાવનાર નહિ, કર્મનો પણ હુકમ નહિ,

**કોઈનોય હુકમ જેના પર ન ચાલતો હોય તેવા માત્ર એક સિદ્ધ ભગવંત છે.**

એટલે તે સાચા સમ્રાટ રાજા છે.

સિદ્ધ ભગવાન પ્રભુ છે. પ્રભુ એટલે પ્રભુ. જેમને કોઈને કશા માટે પૂછવાનું નહિ. તેમની આત્મસંપત્તિ પ્રભુતામય સંપત્તિ છે. દેહધારીની પાસે સંપત્તિ હોય, પણ ત્યાં પ્રભુતા નથી હોતી. જેમકે, સરકાર બેંકો પર ઓર્ડિનન્સ કાઢે કે 'સો રૂપિયા પરનો ચેક નહિ સ્વીકારવો.' તો ? બેંકમાં રૂપિયા હોય; સંપત્તિ છે, પણ તે પર પ્રભુતા નથી, ત્યારે સિદ્ધ ભગવંતની સંપત્તિ પ્રભુતામય છે. એટલા જ માટે, જે સંસારમાં રહ્યા પણ આવું નિરપેક્ષતામય જીવન બનાવે છે, તેને સાચી પ્રભુતા છે. સાધુ માટે કહેવાય છે, **"જે ભવંતિ અણિસ્સિયા"** અર્થાત્ જે બીજાની નિશ્રાએ બીજાની અપેક્ષા રાખીને જીવતા નથી. દા.ત. 'મને તો અમુક જગામાં જ



રહેવું ફાવે, મને તો રોટલી જ ફાવે,...' આ બધી અપેક્ષા કહેવાય. એવી અપેક્ષા ન હોય તે નિરપેક્ષ છે, અનિશ્રિત જીવનવાળો કહેવાય. એ બાદશાહ છે, પ્રભુ છે.

ઈરાનનો રાજા હિન્દુસ્તાન આવતો હતો. રસ્તા વચ્ચે એક યોગી બેઠેલા. સિપાઈ બોલ્યો : 'બાવાજી ! વચમાંથી ખસો ઈરાનના બાદશાહ આવે છે.'

યોગી : 'નહિ ખસું.'

સિપાઈ : 'પણ આ મોટા બાદશાહ આવી રહ્યા છે.'

યોગી : 'તો હું બાદશાહનો બાદશાહ છું.'

હવે, યોગી હતા એટલે તેમને ધસેડાય તો નહિ. રાજાઓને પણ પૂર્વકાળમાં સાધુસંતો માટે માન હતું.

તો પેલા રાજપુરુષે જઈને બાદશાહને વાત કરી.

બાદશાહ ત્યાં આવ્યો કહે; 'સાબ ! બાજુમેં બેસો.'

યોગી : 'કેમ ?'

બાદશાહ : 'મોટું લશ્કર આવે છે, હું ઈરાનનો બાદશાહ છું.'

યોગી : 'તો હું બાદશાહનો બાદશાહ છું.'

બાદશાહ : 'તમારી પાસે લશ્કર-ખજાનો-જનાનો ક્યાં છે ? પછી તમે બાદશાહ શાના ?'

જોગી : 'લશ્કર-ખજાનો અને જનાનો એ તો ભારે ભિખારીપણું અને ગુલામગીરીના લક્ષણ છે, બાદશાહીનાં લક્ષણ નહિ, એટલે જ જે ભયભીત હોય, મોટો ભિખારી હોય ને ગુલામ હોય એને બાદશાહ શાનો કહેવાય ? બાદશાહ અને ભયભીત ? બાદશાહ અને મોટો ભિખારી ? બાદશાહ અને ગુલામ ? આ કેટલું બધું અસંગત છે ?' 'મારી માતા વંધ્યા છે,' 'હું મૂંગો છું' એમ બોલે એ કેવું જુઠાણું ?

બાદશાહ : 'બાવાજી ? શું કહો છો ? સમજમાં નથી આવતું ! આ મોટા લશ્કર-ખજાના ને જનાનાથી હું મોટો ભિખારી ? હું ગુલામ ? હું ભયભીત ?'

યોગી : 'હા, કહેવાતા બાદશાહ ! દેખ, (૧) તું બાદશાહ નહિ મોટો ભિખારી છે નહિતર આટઆટલું રાજ્ય મળેલું છતાં હજી નવા રાજ્યની ભૂખ ઊભી છે ને ? ભિખારીની ભૂખ નાની, તારી ભૂખ મોટી.'

(૨) બાકી તું બાદશાહ ? એટલે માલિક ? કે ગુલામ ? જે માલિક હોય-

પ્રભુ હોય તેને લશ્કરની-ખજાનાની કે જનાનાની અપેક્ષા રાખવી પડે ? ચશમપોશી કરવી પડે ખરી ? એ તો ગુલામગીરી છે. ગુલામને બીજાના આધારે જીવવું પડે.'

(૩) વળી ભયભીત હોય તેન બાદશાહ કહેવાય ? લશ્કર કેમ રાખ્યું છે ? ખજાનો ન હોય તો ભય છે કે લહાવ-લશ્કર પૈસા વિના ભાગી જાય...જનાનો કેમ રાખ્યો છે ? જનાનો ન હોય તો ભય છે કે વાસના પોષાય નહિ. વળી લશ્કર દુશ્મનમાં ભળી જવાનો ભય ? ખજાનો લૂંટાઈ જવાનો ભય ? જનાનામાં કોઈ પેસી જાય તેનો ભય ! કેટલી વાતની સતામણ ? પછી આવા ભયો અને સતામણીઓવાળો બાદશાહ શાનો ? બાદશાહ તો નિર્ભીક હોય, ભિખારી ન હોય, ગુલામ ન હોય. અમે એવા સાચા બાદશાહ છીએ...(૧) અમારે કશો ભય નહિ, નિર્ભીકતા, તેથી બાદશાહ. એમ (૨) ભિખારીપણું નહિ, (૩) ગુલામી નહિ, તેથી સાચી બાદશાહી છે, પ્રભુતા છે.

તાત્પર્ય, સિદ્ધ ભગવાન સાચા પ્રભુ છે, નિશ્ચિંત, નિર્ભય છે, એમને કોઈ ભૂખ નહિ, ભિખારીપણું નહિ, કોઈ ગુલામી નહિ; એ આત્મ-સંપત્તિ પ્રભુતામય છે.

આ પરથી **બોધપાઠ** મળે છે. મનને અભિમાન આવે 'હું આટલો મોટો ! મને બધા સાહેબ સાહેબ કરે છે, સંઘ નમે છે !' પણ આ અભિમાનમાં જે તું દુનિયાના સન્માનની અપેક્ષા રાખે છે, તે તો ગુલામી શરૂ થઈ ! આ સન્માનની લાલસા થઈ તે મૂર્ખતા. જે સન્માન પાછળ ચિંતા-ભય-ગુલામી છે, તે સન્માનમાં વડાઈ માનવી, તે ય ગુલામી છે. પછી સન્માનને સાચવવા કાંઈ ઓર કષ્ટ કરવા પડે ! પ્રભુતાવાળાને પ્રપંચ શાના કરવા પડે ?

સાચી પ્રભુતા આત્મ-સંપત્તિમાં છે.

સાચી પ્રભુતા જોઈતી હોય તો એક જ કરવું પડે, દુનિયાની વાત-વસ્તુની અપેક્ષા છોડવી પડે. ભલે દશ જણ આવીને આપણી ભક્તિ-સેવા કરી જાય પણ આપણને એની અપેક્ષા નહીં. જાત મહેનત ઝિંદાબાદ !

દુનિયાની અપેક્ષા મૂકી દો, તો સાચી પ્રભુતા આવે. સિદ્ધ ભગવાને બધી જ અપેક્ષા મૂકી દીધી છે, તેથી એમની પાસે પ્રભુતામય સંપત્તિ છે. તે ય કોઈ ગણતરીના કાળ માટે નથી. તે શાશ્વત છે. તેટલા જ માટે તે '**अव्याबाध**' છે. એ સંપત્તિને સુખને હવે કોઈનીય બાધા નડવાની નથી.

આત્મસંપત્તિમાં ઘુસવા જનાર, ઘાલમેલ કરનાર કર્મો છે, તેને ફગાવી દીધાં છે.



સો સાધુ હોય ને એમાં ચાર ઓઠકોઠિયા પેસી ગયા હોય તો તે બધાને હલાવ્યા કરે. તેમને કાઢો પછી કશી ખટપટ ચિંતા નહીં. એમ કર્મ તે ઓઠકોઠિયા, આત્મઘરમાં પેઠા ત્યાં ગુણોને ખળભળાવી નાખે. એ સમસ્ત કર્મોને કાઢો પછી ખળભળાટ નહિ.

**"જેહ ભૂપ આતમ સહજ સંપત્તિ, શક્તિ વ્યક્તિપણે કરી"**

અપેક્ષા કરી કરીને મરીએ છીએ. - 'મને બીજા બોલાવે, મને માન મળે તો સારું, મને અમુક અનુકૂળતા થાય તો સારું' આમ અપેક્ષામાં મરીએ છીએ.

અપેક્ષાને છોડવા ત્યાગવૃત્તિની સાધના કરો. પુદ્ગલના ભોગની વૃત્તિ છોડો તો અપેક્ષા ઓછી થાય, હા, ગુરુની અપેક્ષા તે અપેક્ષા ન કહેવાય. હિતૈષી ગુરુની ને દેવાદિદેવની અપેક્ષા તે અપેક્ષા ન કહેવાય.

પ્ર. : દેવગુરુની અપેક્ષા એ અપેક્ષા કેન ન કહેવાય ?

ઉ. : આ દેવગુધર્મની અપેક્ષા તો જગતની બધી અપેક્ષાને મારનાર છે માટે એ અપેક્ષા નહિ. દા.ત. વનવાસમાં સીતાએ શું કર્યું હતું ? એ જ સીતાએ વનવાસમાં દાગીના, મહેલની કે કોઈ દુન્યવી અપેક્ષા રાખી ન હતી; ફક્ત એક જ રામની અપેક્ષા હતી. સીતાને કોઈ પૂછે, 'તારે શું જોઈએ છે ?' તો એક જ જવાબ, 'મારે એક રામ જ જોઈએ છે.'

આ તેણે એવી અપેક્ષા ઊભી કરી કે બીજી બધી અપેક્ષા પલાયન !

સાધકને અપેક્ષા ફક્ત દેવાધિદેવ અને ગુરુની હોય, સાધના શું છે ?

**જડની અપેક્ષાનો ત્યાગ તે સાધના છે.** પ્રતિક્રમણ કેમ સાધના ? તો ત્યાં આરામની અપેક્ષા નથી. સ્વાધ્યાય કેમ સાધના ? તો ત્યાં આરામ-વાતચીતની અપેક્ષા નથી. આરામી હોય તો કહે : 'પ્રતિક્રમણ મોડું કરીશું.'

સાધના ચિરકાળ થાય તો અપેક્ષાઓ મરે; ને ત્યારે આત્માની સંપત્તિ પ્રગટ થાય.

સિદ્ધ ભગવાનને આત્માની સહજ સંપત્તિ છે, એટલે કે જે બહારથી લાવવી ન પડે, પણ ને આત્માની સાથે સ્વભાવરૂપે એકમેક થઈને લાગેલ છે, એવી જે જ્ઞાનાદિની સંપત્તિ.

સાકરમાં મીઠાશ લાવવી ન પડે, તે તો સાકરમાં જડાયેલી જ છે, તેમ આત્માની સહજ સંપત્તિ આત્મા સાથે જડાયેલ છે. તેથી સિદ્ધ ભગવાન સંપત્તિના રાજા છે.

એમ તો આપણા આત્મામાં ય આંતરિક સ્વભાવરૂપે સંપત્તિ ભરી પડી છે,

પરંતુ તે અપ્રગટ શક્તિરૂપે છે. કર્મથી આવરાયેલ સ્વરૂપ તે યોગ્યતા રૂપે છે. ત્યારે સિદ્ધ ભગવાને એ શક્તિને વ્યક્તરૂપે કરી છે. સકલ કર્મ ક્ષય કર્યા તેથી હવે સિદ્ધ ભગવાન તે વ્યક્ત પ્રગટ સંપત્તિના ભૂપ બન્યા છે.

કર્મના ને મળના કચરા કાઢી નાખ્યા પછી કાંઈ રહ્યું ? હા, સિદ્ધ ભગવાન પાસે અનંતા ગુણ રહ્યા. તેથી સિદ્ધ ભગવાન અનંત ગુણના માલિક છે.

અન્ય મતવાળા માને છે કે સિદ્ધ ભગવાન નિર્ગુણ મુક્ત છે.

## નિર્ગુણ મોક્ષની માન્યતા બે રીતે ખોટી :

(૧) મોક્ષમાં નિર્ગુણતા માનવી એ ખોટું છે, કેમકે જો મુક્ત આત્મામાં જ્ઞાનાદિ ગુણ જ નથી તો એનો અર્થ આત્માના સ્વભાવમાં ગુણ જ નથી. એટલે પછી સંસાર અવસ્થામાં પણ સ્વભાવમાં ગુણ નથી તો ત્યાં અંશે જ્ઞાનાદિ ગુણ ક્યાંથી આવ્યા ? દા.ત. જ્ઞાન, ક્ષમા, શમ, દમ, દયા વગેરે આ ગુણ જો આત્માના સ્વભાવમાં નથી, અર્થાત્ આત્મસ્વભાવ નથી તો આત્મા પોતે જડ બનવાની આપત્તિ આવશે ! એમ જો સ્વભાવમાં ક્ષમાદિ ગુણ ન હોય તો કાં તો ક્રોધાદિ હોય અથવા જડની જેમ ક્રોધાદિ પણ નહિ ને ક્ષમાદિ પણ નહિ એટલે આત્મા જડ જ બન્યો !

તાત્પર્ય, નિર્ગુણ મોક્ષ નિર્ગુણ મુક્ત આત્મા માનવો એટલે આત્માને ચેતન નહિ પણ જડ માનવાનું આવ્યું ! બીજી રીતે જોઈએ તો

(૨) અન્ય મત જે માને છે કે મોક્ષ થાય એટલે ગુણ ન રહે તે માન્યતા આ રીતે પણ ખોટી છે, કારણ કે

જે દ્રવ્ય હોય ત્યાં ગુણ હોય જ. ગુણ ને પર્યાયવાળું હોય તે જ દ્રવ્ય કહેવાય.

સિદ્ધ ભગવાન એ જો આત્મ-દ્રવ્ય છે, તો એમાં ગુણ-પર્યાય હોવા જ જોઈએ. એટલે મુક્ત આત્માને નિર્ગુણ કહેવાય જ નહિ.

અદ્વૈત વેદાંત મત કહે છે, "પરમ બ્રહ્મ નિર્ગુણ-નિર્ધર્મક-સ્વપરભેદશૂન્ય એકરૂપ શુદ્ધ બુદ્ધ છે."

પણ પહેલાં નિર્ગુણ કહ્યા પછી શુદ્ધ શું ? શુદ્ધિ તો ગુણ છે. બુદ્ધ શું ? બુદ્ધિ એ જ્ઞાનગુણ. એ હોય તો બુદ્ધ. જ્ઞાન નથી તો પ્રકાશ શું ? બુદ્ધ શું ?

જૈન દર્શન માને છે સિદ્ધ થયા એટલે અનંત ગુણો પ્રગટ થયા.

પ્ર. : સિદ્ધ ભગવાનમાં અનંત ગુણો કેવી રીતે ?

સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ-સ્વભાવથી અનંતગુણનો આદર કર્યો સિદ્ધ ભગવાને.

❖ ❖ ❖





**"જેહ ભૂપ આતમ સહજ સંપત્તિ શક્તિ વ્યક્તિપણે કરી,**
**સ્વદ્રવ્ય-ક્ષેત્ર સ્વકાળ-ભાવે, ગુણ અનંતા આદરી."**

સિદ્ધ ભગવાને આત્મામાં સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ-સ્વભાવથી અનંતા ગુણો આદરેલા છે, સ્વીકારેલા છે, પોતાના કરેલા છે.

આનો ભાવાર્થ બહુ સમજવા જેવો છે. પદાર્થ જરાક ઝીણવટનો દેખાશે, પરંતુ જિજ્ઞાસા અર્થાત્ જાણવાની તમન્ના ઊભી રાખશો તો સમજાય એવું છે.

## સિદ્ધમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અનંતા ગુણ.

પહેલી વાત એ સમજો કે જૈન શાસનમાં દરેક વસ્તુને સ્પષ્ટતાથી અને વિસ્તારથી સમજવા માટે ચાર નિક્ષેપાની યોજના બતાવી છે. એમ તો સમજવા માટે નિર્દેશ-સ્વામિત્વ-સાધના-અધિકરણ...વગેરે છ દ્વારની તેમજ સત્-સંખ્યા ક્ષેત્ર...વગેરે નવ દ્વારની પણ યોજના છે, એ રીતે ૪ ગતિ-૫ ઈંદ્રિય-૬ કાય...વગેરે બાસઠ માર્ગણા દ્વારની પણ યોજના છે; કિન્તું અહીં માત્ર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ નામના ચાર નિક્ષેપાની યોજનાથી વિચાર આપ્યો છે કે સિદ્ધ ભગવાનમાં સ્વક્ષેત્ર-સ્વકાળ-સ્વભાવથી અનંતા ગુણ છે.

'નિક્ષેપ' એટલે વિભાગ. દરેક વસ્તુ ચાર નિક્ષેપે આર્થાત્ ચાર વિભાગે વિચારી શકાય.

**દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની ઘટના :-** દા.ત. ચંડકોશિક સાપ પૂર્વ ભવે જ્યારે સાધુ હતો, ત્યારે અંતકાળે એને સાધુ પર ગુસ્સો થયેલો, ને તેથી ગુસ્સામાં સાધુને બે દંડુકી (સોટી) લગાડી દેવા માટે દોડેલો. હવે અહીં આજે એનો ગુસ્સાનો દુર્ગુણ, એને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી વિચારીએ તો-

(૧) દ્રવ્યથી ગુસ્સો એટલે ગુસ્સાનું દ્રવ્ય કોણ ? તો કે એક સાધુ. તો દ્રવ્યથી ગુસ્સો એક સાધુ પર કહેવાય. (૨) ગુસ્સાનું ક્ષેત્ર ક્યું ? તો કે ઉપાશ્રયની અંદરના ૧૦-૨૦ ડગલાં જમીન. તો એ ક્ષેત્રથી ગુસ્સો ક્યાં રહ્યો કહેવાય ? તો કે આ આટલી જમીનમાં રહ્યો કહેવાય એમ (૩) ગુસ્સાનો કાળ ક્યો ? તો કે રાત્રિનો. તેથી કાળથી ગુસ્સો રાત્રિમાં રહ્યો કહેવાય. (૪) ગુસ્સાનો ભાવ કેવો ? દંડુકીના બે ફટકા લગાવવાનો. તેથી ભાવથી ગુસ્સો ક્યાં રહ્યો ? તો કે બે દંડ સોટી પ્રહારમાં રહ્યો કહેવાય.

## ચંડકૌશિકમાં ગુસ્સાનો ગુણાકાર :-

પ્ર. : આમાં નવું શું આવ્યું ? ગુસ્સો કરે છે એ અમુકના ઉપર, અમુક જગ્યાએ, અમુક કાળે, અને અમુક ભાવમાં, એ તો સ્પષ્ટ જ છે.

ઉ. : નવું એ છે કે ગુસ્સાની આમાં દ્રવ્યાદિ ચાર વિભાગે માત્રા જોઈ, હવે જો એ સાધુ ત્યાંથી મરીને જ્યોતિષ્ક દેવ થઈ તાપસ થયો, ને ત્યાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી માત્રા વિચારીએ, તો વધી ગઈ દેખાશે, વધી તે પણ સરવાળાથી નહિ, કિન્તુ ગુણાકારથી વધી ! તે આ રીતે,-

તાપસપણે કુલપતિ થયેલો, ફળોની વાડીવાળો આશ્રમ હતો. પાંચસો તાપસ એની નિશ્રામાં હતા. તાપસો તપના પારણે વાડીમાંથી જ્યાં ફળ તોડી ખાવા ગયા ત્યાં આણે ગુસ્સામાંથી ધમધમાવી નાખ્યા 'તમારા બાપનો માલ છે ? મફતીયું ખાવું છે ? ટાંટિયાં ભાંગી ગયાં છે ?' ...એ ગુસ્સામાં ધીમે ધીમે તાપસો આશ્રમ છોડી ભાગતા ગયા, તે પાંચસોએ ભાગી ગયા ! બોલો, ગુસ્સાનું દ્રવ્ય કેટલું ? ૫૦૦ તાપસો. દ્રવ્યથી ગુસ્સો કેટલો વધ્યો ? ૫૦૦ તાપસ પર ગુસ્સો એટલે પૂર્વે એક જ સાધુ પર હતો તે હવે ૫૦૦ ઉપર પહોંચ્યો, એ સરવાળો થયો કે ગુણાકાર ?

પછી એકવાર કોઈક રાજકુમારો આશ્રમ પાસેથી પસાર થતાં ફળો લચકતાં જોઈ તોડી ખાવા લાગ્યા. પેલાએ ઝુંપડીમાંથી જોયું. ક્રોધે ભરાયો, ફરસી ઉપાડી મારવા દોડ્યો, રાજકુમાર ભાગવા લાગ્યા એટલે છુટ્ટી ફરસી એમને લોહીલુહાણ કરવા ફેંકી. હવે આ ગુસ્સાને દ્રવ્યાદિથી વિચારીએ.

ગુસ્સાનું દ્રવ્ય અનેક રાજકુમારો, ગુસ્સાનું ક્ષેત્ર વાડી આશ્રમ; ગુસ્સાનો કાળ વાડીમાં ફળો છે, ને પોતે માલિક છે ત્યાં સુધીનો; તથા ગુસ્સાનો ભાવ સામાને લોહીલુહાણ કરવાનો. સાધુના ભવના ગુસ્સાના દ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવ કરતાં આ ભવના ગુસ્સાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવમાં કેટલો વધારો ? સરવાળો નહિ, ગુણાકાર.

તાપસ મરીને ત્યાં જ ચંડકોશિક સાપ થયો. કેવો ? ભયંકર દૃષ્ટિવિષ સર્પ ! સૂર્ય સામે એકવાર જોઈને પછી દૃષ્ટિમાંથી ઝેર નાખનારો ! શું બાળ કે શું બુઢ્ઢો, શું સ્ત્રી કે પુરુષ, શું માણસ કે શું પશુ, શું પશું કે શું પંખી; જેને દેખે તેના પર દૃષ્ટિમાંથી ઝેર ફેંકે ! અને એવું ઉગ્ર ઝેર કે જેના પર પડ્યું એ તરત જ મોતના ઘાટે ! એટલો બધો ગુસ્સાથી ભરેલો, કે એના આ ખૂનરેજીમાં કશું પાછું વળીને જોવું નથી. શું થયું આમાં ?



**સાધુના ભવમાં કરેલા ગુસ્સાના, ચંડકોશિકના ભવમાં, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી મહા ગુણાકાર થયા.**

ચંડકોશિકના ભવમાં ગુસ્સાનું 'દ્રવ્ય,' નજરે ચડેલ સ્ત્રી કે પુરુષ, યાવત્ વીર પરમાત્મા, તથા પશુ-પંખી અને લીલાં ઝાડપાન બન્યા ! (જ્યારે સાધુના ભવમાં તો માત્ર એક સાધુ પર જ ગુસ્સો થયેલો) સર્પના ભવે ગુસ્સાનું 'ક્ષેત્ર' દૃષ્ટિ પહોંચે એટલી જમીન, અને આકાશ હતા ! (જ્યારે સાધુના ગુસ્સાનું ક્ષેત્ર માત્ર ૧૦-૧૫ ડગલાં જમીન જ હતી.) સર્પને ગુસ્સાનો 'કાળ' જ્યાં સુધી દાઢમાં ને દૃષ્ટિમાં ઝેર હતું ત્યાં સુધીનો કાળ હતો ! (ત્યારે સાધુને ગુસ્સાનો કાળ માત્ર અડધો દિવસ હતો.) સાપને ગુસ્સાનો 'ભાવ' મડદું પાડવા સુધીનો હતો ! (ત્યારે સાધુને ગુસ્સાનો ભાવ બરડામાં માત્ર ૨-૩ દંડ (સોટી) પ્રહારથી ચમચમ કરાવવાનો હતો.)

આમ ચંડકોશિકને ગુસ્સો દ્રવ્યથી કેટલો બધો મોટો ? એમ ક્ષેત્ર-કાળ-ભાવથી કેટલો જંગી મોટો ?

હવે ક્ષમાનો વિસ્તાર જુઓ.

**(૧) સ્વદ્રવ્યથી સિદ્ધમાં અનંત ગુણ :-** પછી જ્યારે 'બુજ્ઝ, બુજ્ઝ ચંડકોશિયાં !' એવાં વીર પ્રભુના મધુર વચનથી ચંડકોશિક ક્ષમામાં આવી ગયો, તો હવે ક્ષમાનું દ્રવ્યપ્રમાણ કેટલું બધુ વિસ્તર્યું ! ગુસ્સામાં તો પેલા સ્ત્રી પુરુષ વગેરેએ એનું કશું બગાડ્યું નહોતું, તો ય એમના પર ગુસ્સો હતો, ત્યારે અહીં તો કીડીઓ એના શરીરની અંદરના અણુ-અણુને કોચી, કરડી કાતિલ વેદના આપી રહી હતી ! એવી હજારો કીડીઓ ક્ષમાનું દ્રવ્ય બની. એમના પર પણ ક્ષમા જ રાખેલી.

**સિદ્ધમાં ક્ષમા અનંત કેવી રીતે ?** આ તો સક્રિયતાની દૃષ્ટિએ ક્ષમા કીડીઓ પર; બાકી ઓઘથી કોઈ પોતાને કચરી પીસી નાખવા આવે એના પર પણ ક્ષમા જ નક્કી કરેલી. એટલે ક્ષમાગુણ દ્રવ્યથી અનંત જીવ અને જડ માત્ર પર પ્રસરેલો !

આ દૃષ્ટાંત પરથી સમજાશે કે સિદ્ધ ભગવાનને કેવી રીતે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અનંત ગુણ આદરેલા છે.

દા.ત. એ ક્ષમાગુણ દ્રવ્યથી અનંતની સંખ્યામાં આદર્યો; કેમકે જો ક્રોધ દ્વેષ હોત તો એ અનંતા દ્રવ્યો પર સંભવિત હોત, તો ક્રોધનો અભાવ પણ એ બધા

અનંતા પર, ક્ષમા એ બધા અનંતા પર પ્રસરી.

### સિદ્ધમાં એકેક ગુણ અનંતા કેવી રીતે ?

પ્ર. : ભલે અનંતા દ્રવ્ય પર ક્ષમા-ગુણ તો માત્ર એકની જ સંખ્યામાં ને ? એક જ ક્ષમા ગુણ થયો, અનંત ક્ષમા-ગુણ ક્યાં આવ્યો ?

ઉ. : ક્ષમાગુણ અનંતા એ રીતે, કે એકેક દ્રવ્યની અપેક્ષાએ ક્ષમા અલગ અલગ છે. કેમકે જો ક્રોધ હોત તો દ્રવ્યે દ્રવ્યે ક્રોધ જુદો જુદો હોત, માટે તો કેટલીક વાર એકના પર ગુસ્સો હોવા છતાં બીજાની ઉપર ગુસ્સો નથી હોતો. એ સૂચવે છે કે જો બે જણ પર ગુસ્સો હોય તો તે દરેક પર ગુસ્સો જુદો જુદો છે. એટલે તો એ બેમાંથી એક જણ માફી માગતો આવે તો એના પરથી ગુસ્સો ઊતરી જાય છે, છતાં બીજાની ઉપર ગુસ્સો જુદો જુદો, તો દ્રવ્યે દ્રવ્યે એનો સ્વભાવ અર્થાત્ ક્ષમા પણ જુદી જુદી. અનંતા દ્રવ્યોના હિસાબે અનંતા ક્ષમા-ગુણ થયા; ક્ષમા 'દ્રવ્ય'થી અનંતાની સંખ્યામાં આવી.

એમ દ્રવ્યથી નમ્રતા - ગુણ અનંતા થાય. જો અહંકાર હોય તો એકેક જીવ સામે અલગ અલગ અહંકાર. એમ જો અહંકાર દ્રવ્યથી અનંતપ્રત્યે, તો નમ્રતા પણ દ્રવ્યથી અનંતા પ્રત્યે. એ અલગ અલગ એટલે અનંતા નમ્રતા ગુણ થયા.

### વીતરાગતા ગુણ અનંતા

એમ દ્રવ્યથી વીતરાગતા ગુણ પણ અનંતા; કેમકે જો રાગ હો તો તે દ્રવ્યે દ્રવ્યે જુદો, એટલે અનંતા દ્રવ્યોના હિસાબે અનંતા રાગ દ્વેષ થયા. અરે ! એકેક દ્રવ્યમાં પણ એના અંશ લાખો, દા.ત. એક કપડાં-એક ધોતી કે સાડીમાં પુમ લાખો, એ પુમ પુમે રાગ જુદો જુદો; માટે તો માત્ર એક પુમ પર ડાઘ પડે તોય તે મનને ખૂંચે છે. ડાઘવાળી પુમ પર રાગ ઊઠીને દ્વેષ થાય છે. અલબત્ત બાકીની લાખો પુમ એમ જ ઊજળી બાસ્તા જેવી ઊભી છે, છતાં આ એક બગડેલી પુમ પર દ્વેષ થાય છે, એ જોતાં નક્કી થાય છે કે પુમે પુમે રાગ જુદો. મતલબ, અનંતા રાગ થયા. ત્યારે, એ જેને તદ્દન ન હોય એને વીતરાગતા પણ અનંતા.

આમ જોતાં સિદ્ધ ભગવાને દ્રવ્યથી એકેક ક્ષમા-નમ્રતા-વીતરાગતા... વગેરે ગુણ અનંતા પ્રગટ કર્યા છે.

પ્ર. : કેવળજ્ઞાન ગુણ તો એક જ છે, એ અનંતા કેવી રીતે ?

ઉ. : દ્રવ્યથી એ પણ અનંતાની સંખ્યામાં છે; કેમકે જેમ ક્ષમા અનંત જીવને આશ્રીને અનંત થાય છે, એમ કેવળજ્ઞાન પણ અનંત થાય છે, અને દરેક જ્ઞેયની



અનંત છે, એ દૃષ્ટિએ કહેવાય કે અનંતા કેવળજ્ઞાન પરિણામ છે. મતલબ, દ્રવ્યથી કેવળજ્ઞાન અનંત છે.

### (૨) સ્વક્ષેત્રથી સિદ્ધમાં અનંત ગુણ

હવે સિદ્ધ ભગવાને 'સ્વક્ષેત્ર' અનંતાગુણ કેવી રીતે આદર્યા એ જોઈએ, દા.ત. એ જ ક્ષમાગુણ ક્ષેત્રથી તે તે ક્ષેત્રે રહ્યો અલગ અલગ ગણાય, એટલે ક્ષમાગુણ ક્ષેત્રથી અનંતા કહેવાય, અલબત અહીં પ્રશ્ન થાય,-

પ્ર. : દ્રવ્યો તો અનંતા હતા, તે હિસાબે દ્રવ્યથી તો ક્ષમાગુણ અનંતા બન્યા; પરંતુ ક્ષેત્ર તો લોકાકાશમાં અનંત છે, તો ક્ષમા ક્ષેત્રથી અનંતી શી રીતે થવાની ?

ઉ. : અહીં જુઓ, ક્ષમાના અનંત ક્ષેત્રની ઘટના બે રીતે થાય,-

### (૧) ક્ષમાનું અનંત ક્ષેત્ર

(૧) કોઈને અલોકાકાશની શ્રદ્ધા નથી, ને એની આગળ બીજાએ અલોકાકશનું મંડન કરવા માંડ્યું. પેલાને સાંભળવું જ ગમતું નથી, ને આ પિંજણ કરે છે. ત્યારે પેલાને ગુસ્સા ચડે છે, 'હવે મૂકોને તમારું અલોકાકાશ.' -એમ ગુસ્સાથી બોલે છે. આમાં એને કહેનાર વ્યક્તિ ઉપરાંત અલોકાકાશ પર પણ ગુસ્સો છે, દ્વેષ છે. એ દ્વેષનો વિષય અનંત આકાશ ક્ષેત્ર છે. હવે જેને આ ગુસ્સો ન હોય, તેને ક્ષમા હોય. એટલે ક્ષમાનો વિષય પણ અનંતુ ક્ષેત્ર થયું, અલબત એક દૃષ્ટિએ આ તો ગુસ્સાનું દ્રવ્ય કહેવાય, એટલે દ્રવ્યથી ગુસ્સો અલોકાકાશ પર થયો, કિન્તુ એ ક્ષેત્ર હોઈને ક્ષેત્રથી પણ ગુસ્સો એના પર, એમ પણ કહી શકાય. જેવી રીતે જે ક્ષેત્રમાં રહીને ગુસ્સો થાય, એ ગુસ્સાનું ક્ષેત્ર કહેવાય છે, એમ અપેક્ષાએ જે ક્ષેત્ર પરત્વે ગુસ્સો એ પણ ગુસ્સાનું ક્ષેત્ર ગણાય.

અહીં ક્ષમા અનંતા આકાસ ક્ષેત્રને લઈને છે, ને એમાં દેશ પ્રદેશ અનંતા હોઈ દરેક દેશ પ્રદેશને લઈને ક્ષમા અલગ અલગ; માટે ક્ષમા ગુણ અનંતા થયા.

### (૨) ક્ષમાનું અનંત ક્ષેત્ર

બીજી રીતે ક્ષમાના અનંત ક્ષેત્રની ઘટના એ રીતે, કે લોકાકાશ ભલે અસંખ્યાત પ્રદેશી કિન્તુ કાળે કાળે ક્ષેત્રો પરિવર્તન થાય છે. દા.ત. જ્યાં શહેર, ત્યાં જંગલ, જંગલ ત્યાં શહેર, જ્યાં મકાનો ત્યાં ઉદ્યાન, ને ઉદ્યાન ત્યાં મકાનો, એટલે અનંતા કાળમાં અનંતા પરિવર્તન ક્ષેત્રે થયા. જીવ અનંતાઅનંત કાળથી બધે ભટકે છે, ને ત્યાં ગુસ્સો કરે છે, એ દૃષ્ટિએ ગુસ્સાના પરિવર્તિત ક્ષેત્ર અનંતા થયા.

પ્ર. : ક્ષેત્ર આકાશ તો એનું એ જ છે, પછી અનંત શી રીતે ?

ઉ. : નગર હતું ત્યાં નગરાકાશ. પછી એ વન થયું, ત્યાં વનાકાશ બન્યું. આવાં આકાશ-અવગાહિત દ્રવ્યોનાં અનંત પરિવર્તન, એથી આકાશ ભાગમાં પણ અનંત પરિવર્તન, એથી આકાશ પર્યાય અનંતા. દ્રવ્ય એ જ પર્યાય, એ દૃષ્ટિએ આકાશ અનંત. ગુસ્સાના ક્ષેત્ર અનંત. એથી ઊલટું આત્મા સિદ્ધ ભગવાન થયો, હવે એમને એકલી ક્ષમા જ છે, અનંતા કાળના હિસાબે અનંતા પરિવર્તન-ક્ષેત્રને લઈને ક્ષમા અનંત બની. માટે ક્ષમા-ગુણ અનંતા થયા.

જ્ઞાન-ગુણ પણ આમ ક્ષેત્રથી અનંત બને, કેમકે જ્ઞાનથી અનંત ક્ષેત્રને જાણે. હવે

## (૩) સ્વકાળથી સિદ્ધમાં અનંત ગુણ.

સિદ્ધ ભગવાનમાં કાળથી પણ અનંતા ગુણ છે. એ સમજવું સહેલું છે, કેમકે કાળ અનંત છે, તે તે કાળે પ્રગટ ગુણ અલગ અલગ છે. દા.ત. કેવળજ્ઞાન આ સમયનું જુદું, ને પછીના સમયનું જુદું; કેમકે આ સમયે એને પ્રત્યક્ષ હાજર વિષયો જુદા, અને ક્ષણ પછીના કેવળજ્ઞાનના તે ક્ષણે પ્રત્યક્ષ હાજર વિષય જુદા. તેથી એ ક્ષણની કેવળજ્ઞાન વ્યક્તિ જુદી. અનંતકાળે એવી અનંત કેવળજ્ઞાન વ્યક્તિ થાય, તેથી કાળથી કેવળજ્ઞાન અનંતા કહેવાય.

એમ ક્ષમા ગુણ તે તે કાળે એના અલગ અલગ વિષયને લઈને જુદો જુદો. એ હિસાબે અનંત કાળમાંના અનંતા ક્ષમા-ગુણ; અથવા કેવળજ્ઞાનના કે ક્ષમાના વિષય તરીકે અનંતકાળ લઈને કાળથી કેવળજ્ઞાન અને ક્ષમા અનંતા કહી શકાય.

## (૪) ભાવથી સિદ્ધના ગુણ અનંત

સિદ્ધ ભગવાનમાં ભાવથી પણ અનંત ગુણ છે. દા.ત. કેવળજ્ઞાન ગુણના વિષયભૂત અનંતા દ્રવ્યોના ભાવ છે. ભાવ એટલે પર્યાય, પરિણામ, પારિણામિક ભાવ, અર્થાત્ વસ્તુના તેવા તેવા પરિણામ. ઘડો હમણાં કુંભારની માલિકીનો છે, તે એણે ઘરાકને વેચ્યો, એટલે હવે એ ઘડા પર બીજાની માલિકીનો પરિણામ આવ્યો. ઘડામાં પાણી ભરતા હતા, ત્યાં સુધી 'આ પાણીનો ઘડો' કહેવાતો. એમ એનામાં એ તરીકેનો પરિણામ હતો. પરંતુ હવે એ રીઢો થઈ જવાથી એમાં પાણી ઠરતું નથી, તેથી એને તેલ ભરવાનો ઘડો બનાવ્યો, તો હવે એનામાં 'તેલનો ઘડો' એ તરીકેનો પરિણામ ઊભો થયો.

આમ વસ્તુ-વસ્તુમાં અનંતા પરિણામ એ કેવળજ્ઞાન જાણે. એમાં દરેક



પરિણામમાં જ્ઞેય-પરિણતિ જુદી જુદી, માટે કેવળજ્ઞાનમાં જ્ઞાયક-પરિણતિ જુદી જુદી. એ હિસાબે અનંત કેવળજ્ઞાન થયા, આ પરિણતિ પરિણામ એ દ્રવ્યના ભાવ છે, એ અનંત છે, માટે ભાવથી કેવળજ્ઞાન ગુણ અનંતા.

## ભાવથી ગુસ્સા અનંત : ક્ષમા અનંત

ભાવથી ક્ષમા પણ અનંતા એ રીતે કે, વસ્તુના ભાવ પર્યાય, પરિણામ અનંત છે. કોઈને કોઈ ભાવને લઈને ગુસ્સો થઈ શકે છે, તેથી ગુસ્સાના વિષયભૂત ભાવ અનંતા. એ હિસાબે ભાવથી ગુસ્સા અનંતા. એ ન હોય, ક્ષમા હોય, તો એ પણ અનંત.

અથવા ભાવથી ગુસ્સો વસ્તુમાં અનિષ્ટ ભાવ જગાવવાનો. દા.ત. ચંડકોશિક પૂર્વે સાધુ, એને નાના સાધુને ડંડી પ્રહાર કરવાનો ગુસ્સો આવ્યો તો ભાવથી ગુસ્સો ડંડીપ્રહાર પર. આમ જગતભરના દ્રવ્યોના અનંત કાળે અનંતા અનિષ્ટ પરિણામને લઈને અનંત ગુસ્સા; ને એના અભાવે ક્ષમા પણ અનંત.

**સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર :-** અહીં કાવ્યકારે સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર સાથે 'સ્વ' શબ્દ લગાડ્યો છે, એ પરદ્રવ્ય પરક્ષેત્ર વગેરેથી એને જુદા પાડવા માટે લગાડ્યો છે. જૈન શાસનની આ આગવી વિશેષતા છે.

વસ્તુ સ્વદ્રવ્યાદિથી સત્, પરદ્રવ્યાદિથી અસત્

**અનેકાંતવાદઃ વસ્તુ સત્ પણ ને અસત્ પણ;**
**વસ્તુ સ્વદ્રવ્યાદિથી સત્, પરદ્રવ્યાદિથી અસત્.**

બીજા દર્શનો એકાંતવાદી છે, ત્યારે જૈન દર્શન અનેકાંતવાદી છે. દા.ત. બીજા કહે : સોનાની કંઠી 'સત્ જ છે.' જૈન દર્શન કહે છે : 'સત્ પણ છે; અને અસત્ પણ છે.' શી રીતે ? તો કે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી 'સત્' છે. પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી 'અસત્' છે. દા.ત. કંઠીનું દ્રવ્ય સોનું, પણ પિત્તળ નહિ; એટલે કંઠી સોનારૂપે છે, કિન્તુ પિત્તળરૂપે નથી. આમ કંઠી છે અને નથી; અર્થાત્ સત્ અને અસત્ બંને છે. સોનું સ્વદ્રવ્ય છે, પિત્તળ પરદ્રવ્ય છે; તો કંઠી સ્વદ્રવ્યથી સત્ પણ પિત્તળ વગેરે પરદ્રવ્યથી સત્ નહિ. એમ સોનું પણ પોતાનું સોનું, પરનું સોનું નહિ, એટલે કંઠી પોતાના સોના રૂપે છે, કિન્તુ કડા વગેરેના સોના રૂપે નહિ, તાત્પર્ય, કંઠી સ્વદ્રવ્યથી સત્ અને પર દ્રવ્યથી અસત્ છે.

એવી રીતે કંઠી જમીન પર પડી છે, કિન્તુ ટેબલ પર નહિ. એમાં સ્વક્ષેત્ર જમીન એટલે સ્વક્ષેત્રથી સત્. ટેબલ વગેરે પરક્ષેત્રથી અસત્. એમ સ્વકાળથી

સત્, પરકાળથી અસત્. દા.ત. સં. ૨૦૩૯માં કંઠી છે, તો આ કાળથી કંઠી સત્, પણ ૨૦૩૫માં નહોતી એટલે એ કાળથી અસત્. એમ સ્વ-ભાવથી સત્; દા.ત. કંઠી ૧ તોલાની છે, ૨ તોલાની નહિ; અથવા પ્રાચીન ઘાટની છે, અર્વાચીન ઘાટની નહિ; કંઠીનું વજન ઘાટ-ચળકાટ-માલિકી વગેરે એ કંઠીના ભાવ છે, ગુણ-ધર્મ છે. પોતાના ભાવથી એ સત્ કહેવાય, પણ પરભાવથી સત્ નહિ, અસત્ કહેવાય.

અહીં પ્રશ્ન થાય,-

પ્ર. : પણ આમાં કંઠી કેમ અસત્ ? કંઠીમાં '૨ તોલા વજન નથી,' 'આધુનિક ઘાટ નથી,' એ તો એ બધાં ગુણ-ધર્મનો યાને ભાવનો નિષેધ થયો, એ ભાવો અહીં કંઠીમાં અસત્ થયા. એમાં ભાવોનો નિષેધ છે. પણ કંઠીનો ક્યાં નિષેધ છે ? તો કંઠી શાની અસત્ બને ?

ઉ. : કંઠીનો નિષેધ આ રીતે છે; કંઠી ૧ તોલાની છે. ત્યાં પૂછાય છે કે '૧ તોલાની કોણ ?' તો કે 'કંઠી'. એમ પૂછાય કે '૨ તોલાની કોણ નહિ ?' તો એ જ કહેવાય કે 'આ કંઠી.' જો કંઠીના પોતાના ગુણ ધર્મથી કંઠી પોતે જ એ રૂપે ઓળખાય છે, કે 'કંઠી પોતે ૧ તોલાની ને પ્રાચીન ઘાટની,' તો પછી 'આ કંઠી પોતે ૨ તોલાની નહિ, આધુનિક ઘાટની નહિ,' એમ ઓળખવામાં શો વાંધો ? જો પોતે સ્વકીય ગુણ-ધર્મથી સત્ છે તો પરકીય ગુણધર્મથી પોતે અસત્ છે. પ્રસ્તુતમાં,

**સિદ્ધ ભગવાનમાં અનંત ગુણધર્મ છે, તે સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ-સ્વભાવથી સત્ છે, પરંતુ પરદ્રવ્ય-પરક્ષેત્ર વગેરેથી અમૂત છે.**

❖ ❖ ❖

**કાવ્ય :- "સુ સ્વભાવ ગુણ, પર્યાય, પરિણતિ સિદ્ધ, સાધન પરભણી"**

સિદ્ધ ભગવાન કેવા છે ? તો કે સુસ્વભાવ, સુગુણ, અને સુપર્યાયની પરિણતિ યાને પરિણમન, એમને પોતાને સિદ્ધ છે, અને 'સાધન પરભણી' એટલે કે પરની અપેક્ષાએ સાધનરૂપ છે, સાધકતારૂપ છે, સાધવાની છે. અર્થાત્ સિદ્ધ ભગવાને એ સુસ્વભાવ વગેરે બધું પોતે સિદ્ધ કરી લીધું છે. પરંતુ પરની અપેક્ષાએ સાધક છે, પોતાનું આલંબન આપીને બીજા ભક્ત જીવોમાં એની સાધના કરાવે છે.

આમાં પહેલી વાત પોતે શું શું સિદ્ધ કર્યું એ આવી, દા.ત. સુસ્વભાવ, સુ-ગુણ, સુ-પર્યાય.



## સુસ્વભાવ દ્વિધા : ૧. સહજ, ૨. સોપાધિક :

આત્મામાં સ્વભાવ બે જાતના: સહજ સ્વભાવ અને સોપાધિક સ્વભાવ (વૈભાવિક સ્વભાવ.) એમાં 'સોપાધિક' સ્વભાવ એટલે કોઈ ઉપાધિ-ઓઠું-નિમિત્તને આધિન સ્વભાવ, દા.ત. જીવમાં રાગ-દ્વેષ, વૈષયિક સુખ-દુઃખ, ચિંતા-સંતાપ... વગેરે સોપાધિક સ્વભાવ છે. આ રાગાદિ સ્વભાવ છે તો આત્માના જ, પણ જડ કાયાના નહિ. કાયા મડદું થાય તો એમાં કશા રાગ-દ્વેષ, સુખ-દુઃખ દેખાતા નથી. મડદાંને આખું ને આખું બાળી મૂકો છતાં એમાં કશી દુઃખની હાય-વોય કે પોક નથી પડતી. એમ બાળનાર પ્રત્યે મડદાનો કશો દ્વેષ દેખાતો નથી. તાત્પર્ય, સુખ- દુઃખ, રાગદ્વેષ, ચિંતા-સંતાપ વગેરે, એ જડના સ્વભાવમાં જ નથી. એ તો જીવનો સ્વભાવ છે. પરંતુ એ સહજ સ્વભાવ નથી, અર્થાત્ આત્માનો એ મૂળભૂત પર-નિરપેક્ષ સ્વભાવ નથી, કિન્તુ પરસાપેક્ષ સોપાધિક સ્વભાવ છે, વૈભાવિક સ્વભાવ છે.

## રાગાદિ એ સોપાધિક આત્મ-સ્વભાવ

એટલા માટે છે કે એ રાગમોહનીય કર્મ વગેરેનું નિમિત્ત પામીને આત્મામાં પ્રગટ થાય છે. વીતરાગ આત્માને કોઈ જ મોહનીય કર્મ રહ્યું નથી, તો એમને ગમે તેવા સંયોગમાં પણ આત્મામાં રાગ-દ્વેષ વગેરે કશું ઊઠતું જ નથી. રાગ-મોહનીયાદિ કર્મ હોય તો જ એ ઊઠે.

જો રાગાદિ સહજ સ્વભાવ નહિ, તો શું એ રાગાદિ પ્રગટાવનાર રાગ-મોહનીય-કર્મ આત્માનો સહજ સ્વભાવ છે ?

ના, કર્મ-ઉદય એ પણ સોપાધિક સ્વભાવ છે. રાગાદિ કલુષિત ભાવોનું નિમિત્ત પામીને એ કર્મ આત્મા પર ચોંટી ઉદય પામે છે. એ રાગાદિ ભાવ પૂર્વના કર્મના ઉદયથી ઊઠેલા, એ કર્મ ચોંટેલા તે ત્યાંના રાગાદિ ભાવને લીધે. એ ભાવ એની પૂર્વના કર્મને લઈને ઊઠેલા. એમ અનાદિ પરંપરા ચાલી આવે છે. ત્યારે એમ કહેતા નહિ કે-

## કર્મ-રાગાદિની અનાદિ પરંપરાનો અંત કેમ ?

પ્ર. : એમ તો પછી આ કર્મ અને રાગાદિની પરંપરાનો ભવિષ્યમાં કદી અંત જ ન આવે. કેમકે અહીં રાગાદિ ભાવથી નવાં રાગ મોહનીય કર્મ ચોંટવાના, અને એ કર્મના ઉદયથી ભવિષ્યમાં રાગાદિ ભારે જાગવાના. એથી વળી નવાં કર્મ અને એનાથી આગળ પણ રાગાદિ ભાવ... આમ અંત જ શાનો આવે ? ને એ વિના મોક્ષ પણ શાનો જ થાય ? સોપાધિક મામલો અનાદિ કાળથી ચાલ્યો આવે

છે તે શાશ્વત કાળ ચાલ્યા કરવાનો !

ઉ. : રાગાદિથી કર્મ બંધાય છે, એ વાત સાચી; પરંતુ એને જેવા અનુકૂળ વિચાર-વાણી-વર્તાવ પુરુષાર્થનો સહારો મળે તે પ્રમાણે કર્મ બંધાય છે. વિચારણા ઉગ્ર કોટિની હોય તો ઉગ્ર કોટિના કર્મ બંધાય; મંદ કોટિની હોય તો મંદ કોટિનાં કર્મ બંધાય. વિવેકથી વિચારણા કરતા જો રાગાદિને પ્રતિકૂળ હોય તો એ રાગાદિ નિષ્ફળ જાય; અર્થાત્ તેવાં કર્મ ન બંધાવે. વિચારણાના પુરુષાર્થ પર કર્મબંધનો મોટો આધાર છે.

**પૈસા પર રાગને અનુકૂળ વિચારણા :-** દા.ત. પૈસા સારા કમાયા ને અંતરમાં પૈસા પર રાગ ઊઠયો; હવે જો એના પર એને અનુકૂળ ઊગ્ર વિચારણા ચાલે દા.ત. 'બસ, શું પૈસા મળ્યા છે, કમાલ થઈ ગઈ !' હવે આને બરાબર સાચવી રાખું; કેમકે પૈસા છે તો બધું છે. આ પૈસા પર જ પત્ની વગેરે બરાબર અનુકૂળ વર્તવાના, ખૂબ સેવા આપવાના. બીજું ય બધું પૈસાના આધારે મનમાન્યું બનવાનું; માટે એને મારે બરાબર સાચવવાના. આજ કાલ માગણિયા ઘણા આવે છે, પણ એક પૈસો ન પરખાવું, ને લૂંટવા આવે તો લમણું તોડી નાખું. વાહ પૈસા ! વાહ !"- આ ઉગ્ર કોટિની વિચારણા પર ચીકણાં કર્મ બંધાય; અને એમાં ચિકણું મોહનીય-કર્મ ખાસ બંધાય. એથી જો મંદ કોટિની વિચારણા હોય તો કર્મ મદ બંધાય.

**પૈસા પર રાગને પ્રતિકૂળ વિચારણા :-** પરંતુ જો વિવેકથી રાગને પ્રતિકૂળ વિચારે કે "અરે ! આ ગોઝારા પૈસા પર રાગ કરું છું ? જે પૈસા મગજમાં આવે ત્યારથી ધર્મની વિચારણા ભૂલાવે ! આત્મા-પરમાત્માને ભુલાવે, જે પૈસે દાનને બદલે સંગ્રહ કરી રાખવાનું શીખવે, એવા જાલિમ પૈસા પર રાગ ? જેનાથી દેવ-ગુરુની ભક્તિને બદલે મોહાંધ કુટુંબનાં જ વધુમાં વધુ પોષણ થાય, અને એ રીતે મારા આત્માને જે ઉલ્લુ બનાવે, એવા પૈસા પર રાગ ?"

આ કેવી વિચારણા ? રાગને તોડનારી. ત્યાં પછી રાગનું બહુ ઊપજે નહિ. રાગ મુડદાલ નિષ્ફળ જેવો બની જાય. એમાંથી કર્મ નહિવત્ જ બંધાય. એ પણ કર્મ આગળ પર પાકીને નહિવત્ જ રાગ કરાવે; ને એમ કરતાં એક દિવસ આત્માનો રાગ સર્વથા નષ્ટ થતાં વીતરાગતા આવે. ને સંસારનો અંત થાય. માટે કહેવાય કે રાગ-કર્મ અને રાગની અનાદિની પરંપરાનો ય અંત આવી શકે છે.

સિદ્ધ ભગવાને આ રાગાદિના સોપાધિક (વૈભાવિક) સ્વભાવને હટાવી દીધો છે, અને હવે વીતરાગતાનો સહજ સ્વભાવ પોતાના આત્મામાં પ્રગટ કરી લીધો છે. એવા બીજા પણ સારા અનંતજ્ઞાન-સ્વભાવ, અનંત સુખસ્વભાવ, અનંત



વીર્ય-સ્વભાવ,... વગેરે સહજ સ્વભાવ પ્રગટ કરી દીધા છે. માટે કહ્યું,-

સિદ્ધ કેવા ? તો કે **'સુસ્વભાવ-પરિણતિ સિદ્ધ'**

અર્થાત્ સુસ્વભાવની પરિણતિ યાને શુદ્ધ સહજ સ્વભાવનો આત્મ-પરિણામ જેમણે સિદ્ધ કર્યો છે, સર્વથા પ્રગટ કરી દીધો છે.

વળી સિદ્ધ ભગવાન કેવા ? તો કે **"સુગુણ-પર્યાય-પરિણતિ સિદ્ધ"**

અર્થાત્ 'સુગુણ-પરિણતિ સિદ્ધ' અને 'સુપર્યાય પરિણતિ સુદ્ધ.'

પરિણતિ શબ્દથી મુંઝાવાનું નહિ,

'પરિણતિ' એટલે વસ્તુમાં પરિણામ પામી જવું, એક રસ થઈ જવું.

દૂધમાં સાકર નાખી; શું થાય છે એનું ? સાકર દૂધમાં પરિણામ પામી જાય છે, દૂધના અણુ અણુ સાથે એક રસ થઈ જાય છે. પછી વિભાગ ન થઈ શકે કે આ અણુમાં આટલો દૂધનો અંશ ને આટલો સાકરનો. ના, એ તો દૂધ-સાકરના અણુ અણુ એકરૂપ થઈ ગયા. આનું નામ સાકર દૂધમાં પરિણામ પામી ગઈ, પરિણત થઈ ગઈ, દૂધ ને સાકરની પરિણતિ સિદ્ધ થઈ ગઈ. એમ અહીં સિદ્ધ આત્માને સુગુણ અને સુપર્યાય અર્થાત્ શુદ્ધ જ્ઞાન ક્ષમાદિ સદ્‌ગુણો અને સિદ્ધત્વ-અશરીરિત્વ-નિરંજનત્વ-નિરાકારત્વ વગેરે સત્ પર્યાય પરિણામ પામી ગયા.

## ગુણ અને પર્યાય એટલે શું ?

શાસ્ત્ર કહે છે. :- **'સહભાવિનો ગુણાઃ', 'ક્રમભાવિનઃ પર્યાયઃ'**

**બધા એક સાથે રહે તે ગુણો. ક્રમસર રહેનારા તે પર્યાયો. (અવસ્થાઓ)**

દા.ત. ઘડામાં રૂપ-રસ-ગંધ-સ્પર્શ એક સાથે રહે છે, તે ગુણ કહેવાય, ત્યારે ઘડામાં નવાપણું, જૂનાપણું, પાણીનો ઘડો, તેલનો ઘડો, કુંભાર-માલિકી, ઘરાકની માલિકી, વગેરે અવસ્થાઓ ક્રમસર રહે છે, માટે તે પર્યાય કહેવાય.

**અસલમાં ગુણ પણ પર્યાય જ છે.** કેમકે એ રૂપ, રસ...વગેરે વસ્તુની ઘડાની અવસ્થાઓ જ છે. એમાં વળી તરતમતાઓ હોય છે, દા.ત. ઘડો હમણાં ઘેરો કાળો, પછી આછો કાળો, પછી વળી એથીય વધુ ઝાંખો કાળો, તો આ પણ ક્રમસર અવસ્થાઓ થઈ માટે કાળો ગુણ એ પર્યાય.

પ્ર. : આ તો ગુણમાં પર્યાયો થયા ને ? ગુણ પોતે પર્યાય શી રીતે ?

ઉ. : આ કોની અવસ્થાઓ છે ? ગુણની નહિં પણ વસ્તુ ઘડાની, કેમકે ગુણ એ દ્રવ્યના આશરા વિના સ્વતંત્ર રહેનારી ચીજ નથી. ઘડો પોતે જ કાળો

છે, ઘેરો કાળો છે, ઝાંખો કાળો, વગેરે ઘડો પોતે જ છે. માટે એ બધી પોતાની જ એટલે કે દ્રવ્યની જ અવસ્થાઓ કહેવાય. કાળાશ ઊભી રહીને નહિ, પણ ઘડો ઊભો રહીને એમાં અનેક પ્રકારની કાળાશ ફરે છે, સર્વથા કાળાશ જઈને લાલાશ પણ આવે છે.

**જે ફરે તે પર્યાય; જે ઊભું રહે તે દ્રવ્ય.** 'ગુણ એ પર્યાય જ છે. પર્યાયથી જુદી વસ્તુ નથી' એનું આ પણ એક કારણ છે કે શ્રી જિનશાસનમાં નય બે જ પ્રકારના કહ્યા છે. (૧) 'દ્રવ્યાર્થિક નય,' અને (૨) 'પર્યાયાર્થિક નય.' જો ગુણ સ્વતંત્ર વસ્તુ હોત તો 'ગુણાર્થિક નય' એવો પણ ત્રીજો નય-પ્રકાર પાડ્યો હોત. પણ એ નથી પાડ્યો એ સૂચવે છે કે ગુણ એ પર્યાય જ છે.

**નય એ વસ્તુને જોવાની દૃષ્ટિ છે.** દ્રવ્યાર્થિક નય એટલે દ્રવ્ય-દૃષ્ટિથી જોનાર જ્ઞાન. પર્યાયાર્થિક નય એટલે પર્યાય-દૃષ્ટિથી જાનાર જ્ઞાન.

રાજાના બે બાળક સોનાના હાથીએ રમતા હતા. એમાં એકવાર એક બાળક બહાર હતું. બીજું રાજાની પાસે જઈને આગ્રહ કરે છે 'મારે હાથી નહિ, ઘોડો જોઈએ !' રાજાએ તરત માણસ દ્વારા સોની પાસેથી હાથીનો ઘોડો બનાવી મંગાવ્યો. એ બાળક ખુશ ! પણ બીજું બાળક બહારથી આવ્યું. એને હાથી ગમતો હતો, તેથી ઘોડો જોઈ નારાજ થયો. રાજાને સોનું જે હતું, તે કાયમ રહ્યું છે, તેથી રાજા ન ખુશી, ન નારાજ. આ રાજાની દ્રવ્યાર્થિક દૃષ્ટિ કહેવાય. બાળકોની પર્યાયાર્થિક દૃષ્ટિ કહેવાય. માણસ જો જગતને દ્રવ્ય-દૃષ્ટિએ જુએ, તો નકામા હરખ ખેદ ઓછા થઈ જાય. પર્યાય-દૃષ્ટિએ જુએ છે માટે જ ઘડીકમાં રાજી, ઘડીકમાં નારાજ થાય છે. એમ વસ્તુ પર બહુ રાગ થતો હોય ત્યાં પર્યાય દૃષ્ટિથી જુએ કે આ વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પરિવર્તનશીલ છે, તેથી વર્તમાન પર્યાય પર શું રીઝવું ? કે શું ખીજવું ?

સિદ્ધ ભગવંતોને શુદ્ધ જ્ઞાનાદિ ગુણોની પરિણતિ સિદ્ધ થયેલી છે. અર્થાત્ શુદ્ધ જ્ઞાનાદિ ગુણો આત્મામાં પ્રગટ ભાવે પરિણમી ગયા છે. એમ નિરંજન-નિરાકાર, કર્મમુક્ત, દેહમુક્ત, ઈન્દ્રિયમુક્ત, કર્મ ફળ મુક્ત, વગેરે શુદ્ધ પર્યાયોની પરિણતિ સિદ્ધ છે. અર્થાત્ એ પર્યાયો સિદ્ધાત્મામાં શાશ્વત્ કાળ માટે પરિણામ પામી ગયા છે. તેથી એમને હવે ક્યારેય ન અજ્ઞાન, ન કર્મયુક્તતા, ન દેહસંબંધ, ન ઈન્દ્રિયસંબંધ, કશું થવાનું નહિ.

કેવી સુંદર સિદ્ધ અવસ્થા ! આત્માનું કેવુંક અજોડ અદ્ભુત નક્કર સૌંદર્ય ! આત્મતત્ત્વની શ્રદ્ધા હોય, પોતાના આત્મદ્રવ્યની શ્રદ્ધા હોય, એને આ સિદ્ધ-સ્વરૂપ



જાણી ગિલગિલિયાં થાય કે 'વાહ ! આવું આત્મ-સૌંદર્ય મારે ક્યારે પ્રગટે !' એ પ્રગટ થયા પછી કદીએ આવરાવાનું નહિ, નષ્ટ થવાનું નહિ, આત્માનો પ્રગટ સહજ સ્વભાવ શાશ્વત કાળ માટે આત્માની સાથે જડાઈ ગયેલો, અને

**આત્માની જ આ વિશેષતા છે કે એને સર્વથા શુદ્ધ-સુંદર બનાવ્યા પછી હવે કદી અશુદ્ધ-અસુંદર થાય નહિ.**

ત્યારે જગતમાં કોઈ એવો હીરો વગેરે જડ પદાર્થ નથી કે એ સર્વથા શુદ્ધ-સુંદર બન્યા પછી એ કાયમ માટે એવો જ રહે. એ તો મલિન થાય જ. અસ્તુ.

સિદ્ધ ભગવાનને 'સુસ્વભાવ' યાને અત્યંત વિશુદ્ધ સ્વભાવ, અને 'સગુણ-પર્યાય' અર્થાત્ શુદ્ધ ગુણો તથા શુદ્ધ પર્યાયોની પરિણતિ સિદ્ધ છે. અર્થાત્ એ ગુણપર્યાયોની આત્માની સાથે એકમેક રૂપે પરિણમન સિદ્ધ થયેલું છે.

**સાધન પરભણી :-** હવે 'પર ભણી' પરની અપેક્ષાએ 'સાધન' = સિદ્ધ કરવાનું છે એટલે કે સંસારના જીવોમાં પણ આવું સુસ્વભાવ આદિનું પરિણમન સિદ્ધ ભગવાન સધાવી આપે છે. ધ્રુવનો તારો આલંબન આપી અંધારી રાતે નાવિકની નાવ પાર કરાવે છે, એમ સિદ્ધ ભગવાન ભવ્યાત્માને આલંબન આપી જીવનનાવ મોહસમુદ્રની પાર કરાવે છે, અને સુસ્વભાવ સિદ્ધ કરાવે છે. આલંબન એ રીતે આપે છે કે સાધક હવે પોતાના સ્વરૂપમાં સિદ્ધનું સ્વરૂપ જોઈ પોતાનામાં નિર્વિકારતા-અચલ આત્મપ્રદેશતા-અરૂપિતા વગેરેનો જાણે જાત અનુભવ કરવાનો. એ કરતાં કરતાં પરીસહો, વિઘ્નો, કર્મના ઉપદ્રવો, કર્મજનિત ઊંચા-નીચી વગેરે જરાય પોતાનું ન લાગે, તદ્દન પરની વસ્તુ લાગે.

❖ ❖ ❖

**કાવ્ય :- મુનિરાજ માનસ હંસ સમવડ નમો સિદ્ધ મહાગુણી."-૨**

એ સિદ્ધ ભગવાન કેવા છે ? તો કે 'મુનિરાજ માનસ હંસ સમવડ છે.'

જે ઉત્તમ મુનિઓ છે, તે મુનિઓના મનને સરોવર કહીએ, તો તેમાં સિદ્ધ ભગવાન હંસ સમાન છે, તે પણ 'વડ હંસ સમાન,' ઉત્તમ રાજહંસ સમાન સિદ્ધ ભગવાન મુનિઓના મનસરોવરમાં છે.

સિદ્ધ ભગવાન ઉત્તમ રાજહંસ સમાન છે, એનો અર્થ એ થયો કે મુનિઓએ પોતાના મનને નિર્મળ સરોવર બનાવવું હોય તો સિદ્ધ રૂપી રાજહંસને પોતાના મનમાં રમતા રાખવા જોઈએ; તો મન ઉત્તમ બને, મુનિપણું ઉત્તમ બને, ઉત્તમ મુનિપણું આ રીતે આવે છે. તો પૂછો; 'મનમાં સિદ્ધ ભગવાન રમ્યા કરે' એટલે ?

સિદ્ધ ભગવાનનું ચિંતન રહ્યા કરે. ચિંતન કરીએ એમાં મન એથી રંગી નાખવાનું કામ ચાલુ રહે. ત્યારે જ રમણતા આવે.

દા.ત. પૈસાનો લોભી હોય તો તેના મનમાં રાત-દિવસ પૈસાનું ચિંતન ચાલે છે. એ ચિંતન એના મનને પૈસાના રંગથી રંગતું જાય છે, તે એટલું બધું કે મનને એની રમણતા થઈ મન એમાં રમ્યા કરે છે; તેમ રાત-દિવસ સિદ્ધ ભગવાનને રમતા કરવા છે, તો તે માટે સિદ્ધ ભગવાનનું ચિંતન કર્યા કરવાનું, ભાવન કર્યા કરવાનું.

**ચિંતન ભાવનરૂપ બનાવો :-** ઉત્તમ મુનિ તે જ છે કે જેમના મનમાં સિદ્ધ ભગવાનનું ચિંતન રહ્યા કરે; ચિંતન પણ એવું કે મન સિદ્ધપણાથી ભાવિત થતું જાય, રંગાતું જાય, સિદ્ધપણામાં રમણતા જામે. એટલે તદ્દન શુદ્ધ આત્મ-સ્વરૂપથી,- 'શુદ્ધ' એટલે રાગાદિથી નિર્મુક્ત શુદ્ધ જ્ઞાનમય, દેહ-ઈન્દ્રિયાદિથી રહિત, શુદ્ધ અરૂપી, દેહાદિ-ક્રિયાથી રહિત અક્રિય, સ્થિર-આત્મ-પ્રદેશી, - એવા તદ્દન શુદ્ધ આત્મસ્વરૂપથી મનને ભાવિત કર્યે જવાનું. અંતરમાં સાક્ષાત્ જેવો ભાસ થાય કે 'હું શુદ્ધ જ્ઞાનમય, અરૂપી અને સ્થિર આત્મ-પ્રદેશી છું.'

આ એટલા માટે જરૂરી છે કે સંસારી જીવનમાં કર્મના ઉપદ્રવો ચાલુ છે, એટલે કર્મની ઊંચાનીચી સગવડ-અગવડ પ્રતિકૂળતા-અનુકૂળતા ભોગવવી પડે છે, તે ભોગવવાની આવે ત્યારે આત્મા ઊંચો નીચો ન થાય. એ તો સમજે કે 'આ કશું મારું નથી, હું તો શુદ્ધ જ્ઞાનમય, અરૂપી, અક્રિય, સ્થિર સિદ્ધ આત્મા છું.' આના બદલે દા.ત. પૈસા અને સન્માન બિલકુલ આત્માની ચીજ નહિ છતાં જો ગૃહસ્થને પૈસા સારા લાગે, અને સાધુને સન્માન સારું લાગે, તો તે સારામાં પોતાનો ઉદય-ઉત્કર્ષ, લાગવાનો, તેથી અતિહર્ષ થવાનો, તેમાં આસક્તિ થવાની, ને તેનું અભિમાન થવાનું. આમાં પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનું સરાસર વિસ્મરણ રહેવાનું; ને તેમાં અંતે ભવસમુદ્રમાં ખોવાઈ જવાનું જ થાય.

આમાં શો સાર નીકળ્યો ? દુન્યવી સારું મળ્યું એટલે ખુશી ખુશી ! તેના પર મોહ ને મમતા લાગી જ સમજો ને ઉપર છાતી ફૂલવાની - 'ફાવ્યો !' આવું બધું ન થાય તે માટે નિરંજન-નિરાકાર સિદ્ધ ભગવાનને નજર સામે ને નજર સામે રાખવાના છે.

**સિદ્ધપદથી મન ભાવિત કેમ થાય ?** સિદ્ધપદથી મનને ભાવિત કરવાનું છે, આપણા આત્માનું જે અસલી શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું છે, તે દેખાય; પોતાનું લક્ષ્ય નજર સામે રહે; એટલે પછી આસક્તિ-અભિમાન શાના ઊઠે ? કેમકે તે શુદ્ધ સ્વરૂપમાં હર્ષ-શોક, આસક્તિ-અભિમાન વગેરે કશું નથી, નીતરતી વીતરાગતા



છે. તે સ્વરૂપમાં કર્મની ઊંચા-નીચી નથી, કર્મની ઉપાધિ નથી, કર્મરહિત સિદ્ધતા છે. તે બધું પૂરેપૂરો ખ્યાલમાં રહે, તો આ દોષોથી બચાય. 'પૂરેપૂરા ખ્યાલમાં' એટલે મન સિદ્ધના સ્વરૂપથી પાકું ભાવિત-વાસિત કરાવેલું હોય, રંગાઈ ગયું હોય; ને એમ જાણે ભાસ્યા જ કરે કે-

'હું શુદ્ધ જ છું. અનાદિ અશુદ્ધિઓ મારી છે જ નહિ, કર્મના ફળ મારાં છે જ નહિ, મારું તો સિદ્ધ સ્વરૂપ, એમાં પુદ્ગલની કશી અસરો શ્રીમંતાઈ કે દરિદ્રતા વગેરે નથી. એ તો પર-સ્વરૂપ છે. આયારામ-ગયારામ જેવી એ નાશવંત શ્રીમંતાઈ સન્માન, એ શાશ્વત એવા આત્માની ચીજ હોય જ શાની ? શ્રીમંતાઈ સન્માનને મારાં માની લેવાની ભૂલ ક્યાં સુધી કરવી ?'

આત્માના મૂળ સ્વરૂપમાં તો માન-સન્માન-અપમાન કશું જ નથી. માટે જ દુનિયામાં મળતાં સન્માન કે અપમાનની કોઈ જ કિંમત નહિ, કશી જ અસર ન લે, અલિપ્ત પ્રેક્ષક બને, માત્ર જ્ઞાતા-દૃષ્ટા બની રહે.

**મુનીમની જેમ જ્ઞાતા-દૃષ્ટા :** દા.ત. શેઠને બે લાખનો નફો થયો; મુનીમ તે ચોપડામાં લખે છે તો તેમાં શું મુનીમનો રાગ વધે ? તે ખુશી થાય ? ના, કેમકે તે જુએ છે કે આમાં મારું કાંઈ નથી, એટલે ચોપડો નફાનો લખે કે ખોટનો, પણ માત્ર જ્ઞાતા-દૃષ્ટા બનીને. એના દિલને નફાનો કશો હરખ નહિ, કેમકે પગારમાં વધારો થવાનો નથી; તેમ અન્નદાતાને ખોટ છે માટે ખેદ નહિ. આવા શુદ્ધ જ્ઞાનના કેટલા મોટા લાભ છે !!

**ઉદાસીન ભાવ કેમ આવે ?** જગતનાં મોટાં પ્રલોભનો અથવા જગતના મોટા ઉપદ્રવો બન્ને પ્રત્યે આત્મા ઉદાસીન ભાવે રહે, અરક્ત-અદ્વિષ્ટ રહે, અનાસક્ત ભાવે રહે. 'તે ઉપદ્રવ મારા નથી, ને તે પ્રલોભને ય મારા નથી,' એમ માને છે.

છ માસ સુધી દુષ્ટ સંગમદેવ વળગ્યો હતો, પરંતુ મહાવીર પ્રભુને કશો ખેદ નહોતો; એ તો કષ્ટ પ્રત્યે તદ્દન ઉદાસીન હતા. એટલે કષ્ટદાતાથી ખેદ શાને થાય ? આ ઉદાસીન ભાવ લાવવા અવિકૃત દશા લાવવાની. એ શી રીતે આવે ? સિદ્ધ ભગવાનની અવિકૃતિ અવસ્થા નજર સામે રાખવાથી.

પ્ર. : શું સિદ્ધને માત્ર નજર સામે રાખવાથી કામ થાય ?

ઉ. : હા, જુઓ. ધ્રુવના તારાના આલંબને એટલે કે એને નજર સામે રાખીને નાવિક રાત્રિના નાવને સમુદ્રમાં માર્ગે તરાવી જાય છે. એમ સિદ્ધ ભગવાનના નિર્વિકારતાના માર્ગે આપણા મનને ચલાવી શકીએ, સાંસારિક સંયોગ-વિયોગમાંથી

નિર્વિકારતાના માર્ગે મનને તરાવી શકીએ. ત્યાં હર્ષ-ખેદના પ્રસંગમાં અર્થાત્ અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગમાં અવિકૃત અવસ્થા લાવવાનો જશ આલંબનરૂપ સિદ્ધ ભગવાનને મળે. આટલો પાવર સિદ્ધ ભગવાનનો છે. કેમકે એમનામાં આપણું અવિકૃત સ્વરૂપ દેખાય છે તો જ દુન્યવી સંયોગ-વિયોગોમાં રાગ-દ્વેષથી વિકૃત નહિ બનવા આપણે પ્રયત્ન કરી શકીએ છીએ. એટલે વિકૃત ન બનવામાં મુખ્ય આધાર-મુખ્ય અસાધારણ કારણ સિદ્ધ બન્યા.

તમારા મનમાં નિર્વિકાર સિદ્ધ ભગવાનને રમતા રાખો ને પછી જોઈ લો એની મજા ! સિદ્ધ ભગવાનની નિર્વિકારતાનો અંશે સ્વાદ આવશે, ને જીવન ધન્ય બની ગયું લાગશે ! દિવસની ૧૪૪૦ મિનિટમાં ૧૦ મિનિટ પણ કોઈ તેવો પ્રસંગ કલ્પીને "એની વચમાં પણ હું આવો સિદ્ધ છું" એવું મનમાં લાવીએ, તો એનો એટલો પાવર છે, કે અવસરે કર્મના મોટા ઝંઝાવાતોમાં આત્માને અવિકૃત નિર્વિકાર રાખવા બળ મળે. તો પૂછો :-

## પ્રભાવ ચિંતનનો ? કે નવકારનો ?

પ્ર. : આમાં પાવર સિદ્ધ ભગવાનનો છે કે આપણા ચિંતનનો ?

ઉ. : પાવર સિદ્ધ ભગવાનનો છે. ચિંતનમાં બીજું ત્રીજું લાવીએ તો કાંઈ એની આ તાકાત નથી; એ તો ચિંતનમાં ફક્ત તે સિદ્ધ ભગવાન લાવીએ તો જ આ બને.

નવકાર ગણીએ ત્યાં પ્રભાવ કોનો ? ચિંતનનો કે નવકાર મંત્રનો ?

પ્રભાવ ચિંતનનો નહીં, પ્રભાવ નવકારનો કહેવાય. એ જ બોલીએ છીએ "એસો પંચ નમુક્કારો સવ્વ પાવપ્પણાસણો" સર્વ પાપનો પ્રણાશક કોણ ? તો કે આ પાંચે નમસ્કાર. નવકાર પાપનો નાશક કહ્યો, નવકારના ચિંતનને પાપનાશક ન કહ્યું. સાપનું ઝેર ઊતરે છે તે મંત્રના ચિંતન કે ઉચ્ચારણથી; કિન્તુ ઝેર ઉતારનાર તો મંત્ર કહેવાય છે. મંત્રનું ચિંતન કે ઉચ્ચારણ નહિ.

પ્રભાવ મંત્રનો જ ગણાય છે, ચિંતન-ઉચ્ચારણનો નહિ. તેથી ઉપકાર મંત્રનો માની મંત્ર પ્રત્યે કૃતજ્ઞતા રખાય છે. એમ નવકારે ઉપકારી માની એના પ્રત્યે કૃતજ્ઞતા રાખવાની છે.

એમ આત્માને નિર્વિકારતાને અનુભવ કરાવનારા સિદ્ધ ભગવાન માનીએ, તેથી સિદ્ધ ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા બની રહે.

ચિંતન-ધ્યાનમાં સિદ્ધ ભગવાન લાવીએ, તો જ અલૌકિક ફળ મળે, બીજાને



લાવીએ તો નહિ; એ શું સૂચવે છે ? આ જ, કે અલૌકિક ફળ સિદ્ધ ભગવાનના પ્રતાપે થયું. મહા ઉપકાર સિદ્ધ ભગવાનનો. મુનિઓને મન અરિહંત ભગવાનનો ઉપકાર માર્ગદર્શક તરીકે, અબૂઝમાંથી સબૂઝ બનાવનાર અને મોક્ષમાર્ગમાં જોડનાર તરીકે; પરંતુ આ માર્ગસાધના વખતે કર્મના ઝંઝાવાતોમાં પણ ચલિત વિકૃત ન થવા, આલંબન તરીકે ઉપકાર સિદ્ધ ભગવાનનો.

એટલે હવે સમજાશે કે મુનિરાજના માનસ-સરોવરમાં સિદ્ધ ભગવાન કેમ રમતા રહે છે. સિદ્ધ ભગવાન મહાઉપકારી છે, મહાગુણી છે, માટે મુનિઓ તેમને મનમાં રાખે છે. તો આવા સિદ્ધ ભગવાનને નમસ્કાર કરો. શા માટે નમસ્કાર કરો ? તો કે,

સિદ્ધ ભગવંતોને વારંવાર નમસ્કાર કરવાથી તેમનો શુદ્ધ સ્વભાવ વારંવાર નજર સામે આવે. તેઓમાં શુદ્ધ દર્શન છે, શુદ્ધ જ્ઞાન છે, તેમાં રાગાદિ-કલંક-કલુષિતતા નથી, એ રીતે સમજીને તેમને કરેલ નમસ્કાર મનને આત્માના શુદ્ધ સ્વભાવનું મહત્ત્વ લગાડે; એના સંસ્કાર પડ્યા કરે; ને તે પર પછી પોતાના શુદ્ધ સ્વભાવની મમતા જગાડે, એટલે ચિંતન-ભાવનથી શુદ્ધ સ્વભાવનું અનુભવ જ્ઞાન વગેરે માટે પછી પુરુષાર્થ થાય.

સારાંશ, આત્માનો શુદ્ધ સ્વભાવ જાગ્રત કરવો છે, માટે સિદ્ધના શુદ્ધ સ્વભાવને આબેહૂબ સ્વરૂપે નજર સામે વારંવાર લાવવો જોઈએ. એ માટે સિદ્ધ ભગવંતોને વારંવાર નમસ્કાર કરવાનો છે.

## શુદ્ધ સાધના માટે (૧) અહોભાવ અને (૨) મમતા :

શુદ્ધ સ્વભાવની સાધના માટે બે તત્ત્વો આવશ્યક છે. (૧) એનું અનન્ય મહત્ત્વ આંકી અહોભાવવાળી દૃષ્ટિ; અને (૨) મમતા.

(૧) પહેલામાં એવો અહોભાવ થાય કે "આ સિદ્ધ ભગવાન ! આવા સિદ્ધ ભગવાન ! ઓહ ! આ શાંતિનાથ ! ભારે ચક્રવર્તીપણાનો ઠાઠ છોડી સિદ્ધ બનવા નીકળી પડ્યા તે ? વાહ ! વાહ !" એમ "અહો ! અહો ! આવા અનંત અનંત ગુણોથી ભરેલા અને કર્મની બેડીથી તદ્દન મૂકાયેલા સિદ્ધ ભગવાન ! વાહ વાહ ! ધન્ય આત્મા !"

(૨) બીજામાં એવી મમતા થાય કે "મારા સિદ્ધ ભગવાન ! મને પ્રેરણા આપનાર, સાધનામાં બળ પૂરનાર, મારા પરમ ઉપકારી !"

સુલસાને ધર્મલાભનો સંદેશો ભગવાને મોકલાવ્યો, ત્યારે તેને આ જ થયું : "મારા મહાવીર !"

"નમુત્થુણં" બોલતી વખતે મનમાં અહોભાવથી અને મમતાથી અરિહંત રમ્યા કરે તો જ 'શ્રી લલિત વિસ્તરા' શાસ્ત્રે કહ્યા મુજબ **'મુદશ્રુપરિપૂર્ણ-લોચન;'** અર્થાત્ ચૈત્યવંદનમાં 'નમુત્થુણં' બોલતી વખતે આંખ હર્ષનાં આસુંથી ભરેલી બને.

સિદ્ધ ભગવંતો શુદ્ધ સ્વભાવવાળા છે. એમને અશુદ્ધ સ્વભાવ લેશમાત્ર નથી; કેમકે તેમને કોઈ કર્મનો લેપ નથી. તેમને વારંવાર નમસ્કાર કરવાનો તે અહોભાવ સાથે અને એ શુદ્ધ સ્વરૂપની મમતા કરીને કરવાનો.

અહોભાવવાળી દૃષ્ટિ અને મમતા કરવાથી એમ થાય કે "અહો ! અનેરું આ શુદ્ધ સ્વરૂપ ! અને મારું સ્વરૂપ પણ એ જ છે, અને તે મારે પ્રગટ કરવાનું છે." આમ પોતાના આત્માના શુદ્ધ સ્વભાવના પ્રગટીકરણ માટે સિદ્ધ ભગવંતોને અહોભાવપૂર્વક અને મમતા સહિત વારંવાર નમસ્કાર કરવાનો છે.

**"ગુણ પર્યાય પરિણતિ સિદ્ધ"** આત્માના શુદ્ધ સ્વભાવ સાથે આત્મામાં રહેલ બે ગુણો : સદ્ગુણ અને સત્ પર્યાયની પરિણતિ ઊભી કરવાની છે. ગુણોની પરિણતિ એટલે તે ગુણોને આત્માની સાથે પરિણત થઈ ગયેલા-વણાઈ ગયેલા કરવા છે. તે માટે મહા ગુણી સિદ્ધ ભગવંતો છેલ્લું સાધન છે. તેથી સાધનામાં તત્પર બનવા ને સાધનાને સહજ બનાવવા માટે સિદ્ધ ભગવંતોને વારંવાર નમસ્કાર કરવાનો છે.

## મુનિમનમાં સિદ્ધ ભગવાન રાજહંસ જેવા કેમ ?

આ પ્રમાણે મહામુનિઓના મન-સરોવરમાં રાજહંસ જેવા સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરીએ. રાજહંસથી સરોવર શોભે એમ પોતાના મનને એમાં સિદ્ધ ભગવાનને બિરાજમાન રાખી શોભિતું રાખવાનું છે. વારે વારે મનમાં સિદ્ધ ભગવાનનો વિચાર આવે, સિદ્ધોની સિદ્ધ અવસ્થા પર મનમાં મીઠાશ આવે. જીભ પર ગોળ આવતાં કેવી મીઠાશ અનુભવાય છે ! એમ મન પર સિદ્ધ અવસ્થાનો વિચાર આવતાં મનને તાજગી લાગે, ગળચટું લાગે. ત્યારે જ આત્મા સિદ્ધપદથી ભાવિત થાય; સિદ્ધના રંગે રંગાય, રાજહંસ સરોવરમાં કૂદાકૂદ કરે, મહાલ્યા કરે, એમ સિદ્ધ ભગવાન આપણા મનમાં મહાલ્યા કરે, મનમાં ઓતપ્રોત થાય.

**મનમાં સિદ્ધ ભગવાન રહેવાથી કેવા શુભ ભાવ ?** મુનિઓ સિદ્ધ થવા નીકળ્યા છે, માટે મનમાં સિદ્ધ ભગવાનને વારે ને વારે લાવ્યા કરે. વળી સમજે છે કે **'આ જગતની વચ્ચે રહેતાં અશુભ ભાવોથી બચવું છે, તે ઊંચા સિદ્ધપદના શુભ ભાવોથી બચાય.'**



એ ભાવો કેવા ? વીતરાગપણું, દ્વેષરહિત પ્રશાંત સૌમ્યપણું, અનાહારિપણું, હરખ-ખેદરહિતતા, માનાપમાન-અલિપ્તતા, સર્વથા સાવદ્યક્રિયારહિતપણું, જગત પ્રત્યે ઉદાસીનપણું, ન લેવા દેવા, આવા બધા શુભ ભાવોથી મનને રંગાયેલું રાખવાથી જ બની શકે. મારે પણ સિદ્ધ ભગવાનના સ્વરૂપને વારે વારે મનમાં રમતું રાખવાનું.

**સિદ્ધપદની ભાવના કેવી ?** મનને એમ થાય કે 'અહો ! મારે આવા સિદ્ધ ભગવાન જેવા વીતરાગ ને પ્રશાંત-સ્થિર થવાનું છે તો મારે આ રાગદ્વેષ-મોહ-મદ-મત્સર વગેરે કચરાં મનમાં શા ઘાલવા ? મારે અનાહારી થવાનું છે તો મારે આ વારેવારે કે રોજ ને રોજ ખા-ખા કરવાની લપ શી ? મારે સર્વથા હરખ-ખેદથી મુક્તિ લાવવાની છે, તે એવી મુક્તિ અહીં વારે વારે અભ્યાસ કર્યા વિના શે આવવાની ! તો મારે હરખ-ખેદના નાચ શા ? મારે જગતની સર્વથા અલિપ્ત-ઉદાસીન-અનાસક્ત સ્વભાવ ઊભો કરવાનો છે તો મારે જગતના ભાવો પર શી બહુ અસર લેવાની હોય ? એનાથી શું લહેવાઈ જવાનું હોય ?"

આમ મનને વારે વારે જાગ્રત રાખે, તે મનમાં સિદ્ધ ભગવાનને રમતા રાખ્યાથી બને; ને તેથી જ વિષમ ભાવોથી બચાય.

❖ ❖ ❖

**વાચના ૪** **મલાડ, મહાવદ ૫, તા.૬-૨-૮૦**

### પૂજા ઢાળ

**"સમય પએસંતર અણફરસી, ચરમ તિભાગ વિશેષ;**
**અવગાહન લહી જે શિવ પોહોતા, સિદ્ધ નમો તે અશેષ, રે ભવિકા૦"**

**અર્થ :-** સમયાંતર અને પ્રદેશાંતરને સ્પર્શ્યા વિના તેમજ આત્માની છેલ્લા ભવની અવગાહનાનો છેલ્લો ત્રીજો ભાગ સંકોચાઈ શેષ રહે તે (અર્થાત્ ત્રીજો ભાગ સંકોચી લઈ ૨/૩ ભાગ રહે તે) અવગાહના પામી જે સિદ્ધ ભગવંતો મોક્ષમાં પહોંચી ગયા તે સમસ્ત (અશેષ) સિદ્ધોને નમસ્કાર કરું છું.

**સમય-પ્રદેશસ્પર્શનું આંતરું નહિ :-** જ્યાં અહીં સર્વ કર્મનો ક્ષય થયો કે પછીના જ સમયે ત્યાં મોક્ષમાં સીધા જ સિદ્ધશિલા પર બિરાજમાન ! વચ્ચે કોઈ ગતિક્રિયાનો જુદો સમય નહિ, તેમ વચ્ચેનો કોઈ પ્રદેશ સ્પર્શવાનો નહિ એટલે વચલા કોઈ આકાશપ્રદેશને સ્પર્શ્યા વિના અસ્પૃશદ્ ગતિથી મોક્ષમાં બિરાજમાન

થઈ ગયેલ.

સમયાંતરનો અહીં 'બીજો સમય' એમ અર્થ લેવાનો નથી પણ સમયાંતર એટલે સમયનું અંતર એટલે કે આંતરૂ એવો અર્થ લેવાનો છે. સમયાંતર એટલે સમયનું આંતરૂં યાને વચ્ચેનો સમય, તેમ પ્રદેશાંતર એટલે પ્રદેશનું આંતરૂં, વચ્ચેનો પ્રદેશ કોઈ છે જ નહિ. એ કેમ બને ? તો કે તેવા આત્મસ્વભાવથી બને.

સર્વકર્મ-ક્ષયનો સમય અને સિદ્ધશિલા પર પહોંચવાનો સમય, તે બે સમય વચ્ચે કોઈ આંતરૂં નહિ; એટલે કે અહીં સર્વ કર્મ ક્ષય વખતનો સમય અને અહીંથી સિદ્ધ શિલા પર સંબંધ થવાનો સમય, એ લગોલગ સમય, બેની વચમાં એક પણ સમય નહિ.

તાત્પર્ય, કર્મક્ષયના સમય પછીનો જ સમય સિદ્ધશિલા પર અવસ્થાનનો. એમ અહીંના આકાશપ્રદેશના સ્પર્શ પછી તરત જ સિદ્ધશિલા પરના આકાશપ્રદેશનો સ્પર્શ. વચ્ચેના ૭ રાજલોકના આકાશપ્રદેશનો કોઈનોય સ્પર્શ જ નહિ. આમ, સમયાંતર-પ્રદેશાંતરને સ્પર્શ્યા વિના જ એટલે કે અસ્પૃશદ્ ગતિએ મોક્ષે ગયા કહેવાય.

પ્ર. : આત્માને કર્મ તો રહ્યા નહિ, કે જે આત્માને ઊંચે લઈ જાય, તેમ આત્મા ગમન સ્વભાવનો નથી, તો પછી અહીંથી મુક્તિ થતાં એને ઉપર લઈ જનાર કોણ ?

ઉ. : મુક્તને ઉપર લઈ જનાર અસંગ છે.

દા.ત. તુંબડાને તળિયે માટીનો લેપડો ચોંટ્યો હોય તો એ તુંબડું જેમ તળાવમાં એના તળિયે રહે છે, અને તે મટોડી ભીંજાતાં તુંબડા પરથી નીકળી જાય તો તુંબડું માટીના સંગ વિનાનું હલકું થતાં તરત સપાટી ઉપર આવી જાય તેમ કર્મનો સંગ-સંબંધ છૂટી જતાં આત્મા ઉપર જાય છે. પૂર્વે કર્મે આત્મા પર ચોંટી એને પકડી રાખ્યો હતો તે કર્મ ખરી જતાં તુંબડાની માફક આત્મા અસંગ થતાં ઉપર ચાલ્યો જાય છે. સંગ છૂટી જતાં સહજ રીતે જે થાય તે અસંગથી થયું કહેવાય.

બીજો દાખલો, પૂર્વે ઝાડની ડાળીને વાળી દોરીથી નીચે કશાક સાથે બાંધી રાખી હોય તે દોરી છૂટી જાય,-દોરીના બંધનનો છેદ થઈ જાય તો ડાળી સહજ રીતે ઊંચે આવે. તેમ કર્મબંધનનો છેદ થઈ જતાં આત્મા ઊંચે સિદ્ધ ગતિએ પહોંચ્યો. હવે તેને ઉતારનાર કોઈ નથી, એટલે હવે તે સર્વથા ત્યાં જ રહેનારો બન્યો.

સંસારમાં ભમતો જીવ આમ તો સિદ્ધ શિલા પર તો અનંતીવાર જઈ



આવ્યો પણ તે પાછો નીચે ઉતર્યો; કારણ કે કર્મના બંધન હતાં. ત્યાં સિદ્ધ ભગવંતો હતા તેમના આકાશ-પ્રદેશમાં અનંતીવાર જવા ને રહેવા છતાં કાંઈ સિદ્ધ ભગવંતના આત્મપ્રદેશનો સહવાસ ઉપયોગી ન થયો.

પ્ર. : સિદ્ધશિલા પર સંસારીજીવો કેવી રીતે ?

ઉ. : ત્યાં કર્મવશ ગયેલા એકેન્દ્રિય સૂક્ષ્મનિગોદના અનંતા જીવો છે; એમ સૂક્ષ્મ પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાય વાયુકાય જીવો પણ ત્યાં અસંખ્ય છે. પાંચેય સૂક્ષ્મ સ્થાવરકાય એકેન્દ્રિય જીવોથી ચૌદ રાજલોક ઠાંસી ઠાંસીને ભર્યો છે. એક પ્રદેશ ખાલી નથી, ત્યાં વ્યવહાર રાશિ તથા અવ્યવહાર રાશિ બન્નેના જીવો હોય છે તેથી સિદ્ધશિલા પર સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો છે.

આ એકેન્દ્રિય જીવો ત્યાં મરે એટલે કર્મબદ્ધ હોઈ નીચે પણ ઊતરે, જ્યારે સિદ્ધજીવો ત્યાં પહોંચ્યા, હવે કર્મબંધન નથી એટલે કદી એમને નીચે ઊતરવાનું નથી.

તો આવી રીતે સમયાંતર અને પ્રદેશાંતરને સ્પર્શ્યા વિના

**"ચરમ નિભાગ વિશેષ; અવગાહન લઈ જે શિવ પોહોતા સિદ્ધ નમો તે અશેષ"**

ચરમ એટલે જે સંસારનું છેલ્લું શરીર છે, તેની અવગાહનાનો ત્રીજો ભાગ બાદ કરતાં જે ૨/૩ ભાગ બાકી રહ્યો, સિદ્ધ આત્મા તે ૨/૩ અવગાહના લઈને મોક્ષે પહોંચે છે, સિદ્ધશિલા પર લોકાન્તને અડીને સ્થિર થાય છે. દા.ત. વધુમાં વધુ ૫૦૦ ધનુષની કાયાવાળા મનુષ્યો જ સિદ્ધ થાય છે. એટલે ૫૦૦ ધનુષની કાયાવાળાને ત્રીજો ભાગ બાદ થઈ જતાં ૫૦૦x૨/૩=૧૦૦૦/૩ ત્રીજો ભાગ=૩૩૩૧/૩ ધનુષ્યની અવગાહના મોક્ષમાં. આ સૌથી વધુ અવગાહના છે. સિદ્ધશિલા પર સિદ્ધની અવગાહના વધારેમાં વધારે ૩૩૩૧/૩ ધનુષ્ય હોય છે.

પ્ર. : પરંતુ મરુદેવા માતા <u>પ૨૫</u> ધનુષ્યની કાયાવાળા હતા, ને <u>પ૨૫</u>નો ૨/૩ભાગ ૩૩૩૧/૩ થી વધુ થાય, તો તેનું શું ?

ઉ. : મરુદેવા માતા બેઠા બેઠા મોક્ષે ગયા હતા, તેથી તેમની અવગાહના ઓછી થાય.

એવી અવગાહના લઈને જે મોક્ષમાં પહોંચ્યા તેવા સમસ્ત સિદ્ધ ભગવંતને હું નમસ્કાર કરું છું.

**ઢાળ કાવ્ય**

**"પૂર્વ પ્રયોગ ને ગતિપરિણામે, બંધન-છેદ-અસંગ;**
**સમય એક ઉર્ધ્વ ગતિ જેહની, તે સિદ્ધ પ્રણમો રંગરે. ભવિકા૦"**

સિદ્ધ ભગવાનની ઊર્ધ્વગતિ એક જ સમયની છે. છૂટ્યા અહીંથી તે એક જ એટલે કે પછીના જ સમયે મોક્ષમાં પ્રાપ્ત થઈ જાય. એટલે અહીં કર્મ-ક્ષયનો સમય ને પછીના જ સમયે ત્યાં સિદ્ધશિલા પર અવસ્થાન. વચ્ચે સમયનું આંતરું જ નહીં.

પ્ર. : એક જ સમયની ઊર્ધ્વગતિ કેમ બને ? સાત રાજલોક વટાવવાની ગતિ થયા વગર લોકાન્ત-પ્રાપ્તિ ક્યાંથી થાય ?

ઉ. : પૂર્વે કહી આવ્યા છે કે મુક્ત થનાર આત્માનું ઊર્ધ્વગમન અસ્પૃશદ્ ગતિએ છે, અર્થાત્ વચલા સાત રાજના આકાશપ્રદેશોને સ્પર્શ્યા વિના જ ગમન છે. આ અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતે જોયેલી વાત છે, એમાં અજ્ઞાની આપણાથી 'આ કેમ બને ?' એમ પ્રશ્ન ન થાય. નહિતર 'મુક્ત થયેલ જીવ અહીં જ ન રહેતાં સિદ્ધશિલા પર લોકાન્તને અડીને રહે' એ પણ આપણે ક્યાં જોઈ શકીએ છીએ ? જો એ અનંત જ્ઞાનીએ પ્રત્યક્ષ દેખેલું અને કહેલું માનીએ છીએ તો આ પણ અસ્પૃશદ્ ગતિએ એક સમયની ઊર્ધ્વ પ્રાપ્તિ માનવી જ જોઈએ. આમ છતાં,

**અસ્પૃશદ્ગતિ સમજવા માટે યુક્તિ છે,** સંસારી જીવ એક ગતિમાંથી છૂટી બીજી ગતિમાં જાય છે, તે ઋજુ ગતિથી એટલે કે આકાશની સમશ્રેણિમાં એક જ સમયમાં ઊંચે કે નીચે યા સીધો દિશામાં જાય છે. આ ગમન પણ અસ્પૃશદ્ ગતિથી જ ઘટી શકે છે, કેમકે જો વચલા આકાશપ્રદેશોમાંના દરેક પ્રદેશને એકેક સમયે સ્પર્શતો ચાલે તો તો આ ગમનમાં એને અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણીના વર્ષો પસાર થાય ! કેમકે સમય કરતાં આકાશપ્રદેશની અતિ સૂક્ષ્મતા છે.

શાસ્ત્ર કહે છે. -એક અંગુષ્ઠ પ્રમાણ આકાશક્ષેત્રના પ્રદેશ માનો કે ખાલી કરવા હોય અને એકેક સૂક્ષ્માતિસૂક્ષ્મ સમય એકેક પ્રદેશ ખાલી કરતા જવાય તો-

**અંગુષ્ઠ પ્રમાણ ક્ષેત્રના સમસ્ત આકાશ પ્રદેશ ખાલી કરવામાં અસંખ્ય ઉત્સર્પિણી-અવિસર્પિણીનો કાળ પસાર થાય.**

એટલે, દા.ત. અહીંથી કોઈ જીવને મરીને ઉપર દેવલોકમાં જવું છે, એ ઊંચેના આકાશપ્રદેશોમાં પહેલે સમયે પહેલો પ્રદેશ સ્પર્શે, પછી બીજા સમયે એને સંલગ્ન એની ઉપરનો બીજો પ્રદેશ સ્પર્શે, પછી ત્રીજા સમયે એનીય ઉપરનો પ્રદેશ સ્પર્શે... તો એ રીતે ઉપર ઉપરના પ્રદેશ એકેક સમયથી સ્પર્શવા જતાં રાજલોકના આકાશપ્રદેશ એકેક સમયથી એકેક પ્રદેશ સ્પર્શીને પુરા કરતાં અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણીનો કાળ જાય. પરંતુ એવું કાંઈ બનતું નથી. એ સૂચવે છે કે જીવ અસ્પૃશદ્ ગતિથી ઉપર જાય છે. અર્થાત્ વચ્ચેના આકાશપ્રદેશોને સ્પર્શવાની



ભાંજગડમાં પડ્યા વિના જ ઉપર પ્રાપ્ત થઈ જાય છે.

પ્ર. : ઠીક છે, પરંતુ જીવને તો સંસારમાં ઉપર નીચે લઈ જનાર કર્મ છે, કિન્તુ મોક્ષ પામનારને તો કર્મ રહ્યા જ નથી, તો એની લોકાન્ત સુધીની ઊર્ધ્વગતિ શી રીતે ?

ઉ. : આનો ઉત્તર ઢાળના કાવ્યમાં આપ્યો કે

**(૧) "પૂર્વપ્રયોગ ને (૨) ગતિ પરિણામે, (૩) બંધન છેદ, (૪) અસંગ."**

એક સમયમાં ઊર્ધ્વગતિ શી રીતે એ સમજવા માટે 'શ્રી વિશેષાવશ્યક ભાષ્ય' શાસ્ત્રમાં આ ચાર હેતુ બતાવ્યા છે,-

[1]પૂર્વપ્રયોગ, [2]ગતિપરિણામ, [3]બંધનછેદ અને [4]અસંગ.

તથા એના દૃષ્ટાન્ત આ પ્રમાણે બતાવ્યા છે :

(૧) પૂર્વ પ્રયોગમાં બાણગતિ યા ચાકડાની ગતિ-એ દૃષ્ટાન્ત;

(૨) ગતિપરિણામમાં અગ્નિજ્વાળા યા ધૂમાડાની ઊર્ધ્વગતિનું દૃષ્ટાન્ત;

(૩) બંધન છેદમાં એરંડાના બીજની ઊર્ધ્વગતિનું દૃષ્ટાન્ત, અને

(૪) અસંગમાં તળાવમાં તુંબડાની ઊર્ધ્વગતિનું દૃષ્ટાન્ત.

**૧. પૂર્વપ્રયોગ :-** પૂર્વ-પ્રયોગ સમજવા માટે બાણની ગતિનું દૃષ્ટાંત છે. જેવી રીતે ધનુષ્યમાંથી બાણ છૂટ્યું તે પહેલું તો ધનુષ્યની વાંકી પણછ (દોરી) સીધી થવાથી ગતિમાન બન્યું, પરંતુ તે ત્યાં જ પણછ વાંકીની સીધી થઈ એટલી જ જગામાં ગતિ; કિન્તુ પછી બાણ આગળ આગળ ચાલ્યું તે શાના હિસાબે ? કહેવુ જ પડે કે પૂર્વ પ્રયોગના હિસાબે, વાંકા વાળેલા ધનુષ્યની વાંકી વળેલી ને અતિ કડક બનેલી દોરીનો બાણને ધક્કો એ પૂર્વ પ્રયોગ કહેવાય, બાણને એ ધક્કાના પૂર્વ પ્રયોગથી બાણમાં આગળ ગતિ થઈને એ ધારેલા નિશાને પહોંચે છે.

બસ, આ રીતે આત્માને સિદ્ધ થવામાં સર્વકર્મ-ક્ષય થાય એ જ પૂર્વ-પ્રયોગ, એ જ ધક્કો, એથી એનામાં ઊર્ધ્વ ગતિ થઈ સિદ્ધશિલા પર લોકાન્તે એ પહોંચે છે.

## લોકાન્તથી આગળ ગતિ કેમ નહિ !

પ્ર. : સિદ્ધ બનેલામાં કેમ સાત રાજલોકની જ ગતિ ? કેમ માત્ર એક કે બે જ રાજલોક જેટલી ઊર્ધ્વગતિ થઈને અટકણ નહિ ? અથવા જો સાત જ રાજલોક ગતિ પછી અટકણ; તો એથી ય આગળ ગતિ કેમ નહિ ?

ઉ. : બાણમાં પણ શું છે ? ધારેલા નિશાન સુધી જ ગતિ થઈ શકે પણ

આગળ નહિ એવું નથી. જો ધારેલા નિશાનને બાણ અફળાયું ન હોત અને નિશાનની બાજુમાં ચાલ્યું હોત, તો એથી ય આગળ એ જાત; પરંતુ ધારેલા નિશાન સાથે બાણનું ટકરાવું એ આગળ ગતિને રોકે છે, એમ સિદ્ધ બનેલ આત્મામાં પૂર્વપ્રયોગથી ગતિ તો સાત રાજલોકથી પણ આગળ થવાની શક્યતા હતી, કિન્તુ આગળ ગતિસહાયક ધર્માસ્તિકાય દ્રવ્યનો અભાવ આત્માની લોકાન્તથી આગળ ગતિને રોકે છે; તેથી એ લોકાન્તે જઈ અટકે છે.

**પૂર્વ પ્રયોગમાં ચાકડાનું દૃષ્ટાન્ત :- 'પૂર્વપ્રયોગ'માં શાસ્ત્ર બીજું પણ દૃષ્ટાન્ત કુંભારના ચાકડાનું આપે છે. તે આ રીતે કે-**

કુંભાર પહેલાં તો ચાકડો એની ધારી પરના બખોલામાં ડંડો ઘાલી જોરજોરથી ફેરવે છે, પછી ડંડો કાઢી લઈ બાજુએ મૂકી દે છે, એમ છતાં ચાકડો ચકર ચકર ઘુમતો રહે છે. ડંડો કાઢી લીધા પછી પણ આ ચાકડાની સહજ ગતિ પૂર્વપ્રયોગને લીધે અર્થાત્ પૂર્વે કરેલા ડંડાના પ્રયોગને લીધે છે એમ કહેવાય.

બસ, એ જ રીતે જીવ સર્વથા કર્મમુક્ત થાય એ પૂર્વ પ્રયોગ કહેવાય. એના લીધે જીવમાં સહજ ઊર્ધ્વગતિ થાય છે. આ પૂર્વપ્રયોગથી ઊર્ધ્વગતિની વાત થઈ.

**(૨) ગતિ પરિણામ જ્વાળાનું દૃષ્ટાન્ત :-** હવે ગતિ-પરિણામ હેતુથી એક સમયમાં ઊર્ધ્વગતિ થવાની વાત. એમાં અગ્નિ જ્વાળા અને ધુમાડાનું દૃષ્ટાન્ત છે, તે જોઈએ. જેવી રીતે અગ્નિમાંથી જ્વાળા નીકળે તો તે ઊંચે જ જાય છે. એને ઊંચે ધકેલનાર કોઈ પંખો વગેરે નથી. તે પણ જ્વાળા કે ધુમાડો પ્રગટ થાય ત્યારથી જ સહેજે ઊંચે જ જવાનો પરિણામ પામે છે, ન નીચે કે ન તિર્છો. જો જ્વાળા તિર્છી જનારી હોત તો તો કોઈ રાંધનારી લાકડાં સળગાવી પાસે ન બેસી શકત. તો જેમ જ્વાળા ઉત્પન્ન થતાંની સાથે જ ઊંચે જવાનો પરિણામ પામે છે, એમ જીવ કર્મ-મુક્ત થતાંની સાથે જ ઊર્ધ્વ ગતિનો પરિણામ પામે છે. માટે ઊર્ધ્વગતિ થવામાં એક સમયનો પણ વિલંબ નથી થતો. પૂછો,

પ્ર. : સંસારી અવસ્થામાં કર્મથી પ્રેર્યો તેવો પરિણામ પામતો હતો, હવે કર્મ નથી તો એ શી રીતે ઊર્ધ્વગતિ પરિણામ પામે ?

ઉ. : એ તેવા સ્વભાવથી પામે. જેમકે, જ્વાળા કે ધુમાડાને કોઈ પ્રેરક એટલે કે ઊંચે ધકેલનાર તત્ત્વ નથી, કિન્તુ સ્વતઃ તેવા સ્વભાવથી ઊર્ધ્વગતિનો પરિણામ પામે છે ને ? અલબત્ત જીવ કર્મથી પ્રેર્યો તો ચારે દિશામાં કે ઊંચે યા નીચેની ગતિય પામતો હતો, પરંતુ જ્યારે અહીં કર્મમુક્ત થતાં ઊર્ધ્વગતિ પરિણામ પામે છે.



પ્ર. : એવો ઊર્ધ્વગતિનો જ સ્વભાવ કેમ ?

ઉ. : આ પ્રશ્ન નકામો છે. સ્વભાવમાં પ્રશ્ન ન હોય કે જ્વાળાનો તેવો જ સ્વભાવ કેમ ? બીજા કોઈ પ્રેરક કારણ વિના તેનું ઊર્ધ્વગતિનું કાર્ય દેખાય છે, અને કારણ વિના કાર્ય બને નહિ, તેથી કાર્ય પરથી માનવું પડે કે ત્યાં સ્વભાવ એ જ કારણ છે. એમ અહીં કર્મમુક્ત બનનાર જીવનો ઊર્ધ્વગતિ પરિણામ પામવાનો સ્વભાવ કારણભૂત માનવો જ જોઈએ.

**(૩) બંધન છેદ-એરંડાનું મીંજ દૃષ્ટાન્ત :-** ઊર્ધ્વગતિ-પરિણામમાં ત્રીજો હેતુ બંધન-છેદ છે, અને એનું દૃષ્ટાન્ત શાસ્ત્રે એરંડાના છોડમાંના એરંડાનાં મીંજનું આપ્યું છે. એરંડાના છોડ પર એનું ફળ પાકે તે એરંડાનું મીંજ કહેવાય છે. એ ડાળીના છેડા પર પાકે, કિન્તુ છેડો નીચેના કોશને લાગેલો હોય છે, ત્યાં પાકે છે. પરંતુ જ્યારે કોશ સુકાઈ જાય એટલે બંધન ન રહ્યું, તેથી હવે એ છેડો અને મીંજ ફટ કરતુંક ઊંચે જાય છે.

એમ અહીં જીવને આઠે કર્મના બંધનનો છેદ થતાં જીવ ઊંચે જાય, ઊર્ધ્વગતિનો પરિણામ પામે, એ સહજ છે.

આમાં બીજું દૃષ્ટાન્ત કોઈ પણ છોડની ડાળીનું ય લાગુ પડે.

દા.ત. ડાળીના છેડાને નીચે ખેંચી, કશાક સાથે દોરીથી બાંધી દીધો હોય પછી જ્યાં એ દોરીનું બંધન છોડી નાખવામાં આવે ત્યાં તરત જ ડાળીનો છેડો ઉપર ચાલ્યો જાય છે. એને ઉપર જવા ધકેલવી પડતી નથી. હવે પૂછો.

પ્ર. : એમ તો ડાળીના છેડાને ઊંચે કશાક સાથે બાંધી રાખેલો હોય તો એ ઊંચેનું બંધન છોડી નાખતાં કેમ ડાળી નીચે આવે છે ? ત્યાં ક્યાં ઊર્ધ્વગતિ પરિણામ આવ્યો ?

ઉ. : અહીં ડાળીના છેડાનું સહજ સ્થાન આસપાસની બધી દિશાઓની અપેક્ષાએ ઉત્તરમાં એટલે કે ઊંચે સમજવું જોઈએ.

દા.ત. મેરુપર્વત માટે કહેવાય છે **"સર્વેષામ્ ઉત્તરતો મેરુઃ"** ભરત ક્ષેત્રનેય મેરુ ઉત્તરમાં, ઐરવત ક્ષેત્રને પણ મેરુ ઉત્તરમાં, તમે પૂર્વ-પશ્ચિમ મહાવિદેહને પણ મેરુ ઉત્તરમાં, કેમકે મેરુ કેન્દ્રમાં છે. કેન્દ્રની આસપાસની બધી દિશાઓને કેન્દ્ર ઉત્તરમાં ગણાય. એમ ડાળીના છેડાનું સહજ મૂળ સ્થાન એ કેન્દ્ર છે, એટલે હવે ડાળીને ઊંચે ખેંચી ક્યાંક બાંધી, તો ત્યાંથી મૂળ સ્થાન કેન્દ્ર ઉત્તરમાં એટલે કે ઊંચે જ ગણાય.

સારાંશ, બંધન છેદાઈ જતાં જીવનમાં ઊર્ધ્વગતિ-પરિણામ થાય એમાં બંધન-છેદ એ જ હેતુ કહેવાય.

**(૪) 'અસંગ' હેતુ :-** મુક્ત જીવના ઊર્ધ્વગતિ-પરિણામમાં ચોથો હેતુ 'અસંગ' આપ્યો. એનું શાસ્ત્રમાં દૃષ્ટાન્ત માટી લેપેલા તુંબડાનું આપ્યું છે.

દા.ત. તુંબડું બહારથી સારી રીતે માટીથી જાડું લેપ્યું, સુકાવ્યું. હવે એ તુંબડું તળાવમાં મૂક્યું તો એ માટીના બંધનથી તળિયે જઈ બેસવાનું. પરંતુ જ્યારે પાણીથી એની માટી ક્રમસર ધોવાઈ ધોવાઈને તદ્દન સાફ થઈ ગઈ, માટીનો સંગ બિલકુલ નીકળી ગયો કે તરત એ તુંબડું પાણીની સપાટી પર આપ મેળે પહોંચી જવાનું. એને નીચેથી ઊંચે કોઈ ધકેલનારની જરૂર નહિ. એ માટીના સંગના અભાવથી અર્થાત્ અસંગથી ઊંચે આવ્યું કહેવાય. એમ જીવ કર્મરૂપી માટીના સંગથી નીચે હતો તે કર્મ-માટીનો સંગ પૂરેપૂરો છૂટી જતાં, જીવ અસંગ થવાથી આપમેળે સહેજે ઊંચે જાય એમાં નવાઈ નથી. જીવની આ ઊર્ધ્વગતિ અસંગથી થઈ કહેવાય.

હવે મોક્ષમાં કોઈ બાહ્ય કર્મનો ને શરીરનો સંયોગ રહ્યો નથી, તેમ આભ્યંતર રાગદ્વેષાદિ ઔદયિક ભાવોનો સંગ પણ રહ્યો નથી, તેથી સિદ્ધાત્મા અનંત નિરાબાધ એકાન્તિક સુખમાં મહાલે છે.

## સર્વ ઔદયિક ભાવોનો સંગ નહિ તે સિદ્ધપણું

**સાધુનો ય સંગ :-** સાધુ થયા તે સંગ મૂકીને આવ્યા, પરંતુ તે તો બાહ્ય સંગ મૂકી આવ્યા, કિન્તુ જો આભ્યંતરમાં કામ-ક્રોધ-લોભ, મદ-માયા-અહંત્વ, રાગ-દ્વેષ-મિથ્યાત્વ...વગેરે કશાકનો પણ સંગ ઊભો રાખ્યો તો તે આત્મા પર કર્મના બંધન વધારનારો સંગ છે, અને સંગ છે ત્યાં સુધી સંસાર છે, પર-વશતા છે, સ્વાધીનતા નથી.

ગણધર મહારાજા શ્રી સુધર્મા સ્વામીજી શ્રી સૂયગડાંગ સૂત્રની પહેલી ગાથામાં દીક્ષિત બનેલા શ્રી જંબૂકુમારને કહે છે, **"બુજ્ઝિજ્જ ત્તિ તિઉટ્ટિજ્જા બંધણં."**

"હે આયુષ્યમન્ જંબૂ ! જો તું તારી જાતને સમજદાર માનતો હોય કે હું સમજ પામ્યો છું, બોધ પામ્યો છું તો એક કામ કર, **-બંધનને તોડ.**"

## જીવન કર્તવ્ય બંધનનાશ

**જંબૂ :-** જંબૂકુમારને હવે શા બંધન તોડવાનાં બાકી હતાં ? તેમણે આઠ સ્ત્રીનાં બંધન તોડ્યાં; ૯૯ કરોડ સોનૈયાના બંધન તોડ્યા, માબાપના બંધન તોડ્યાં,



હવેલી બાગ બગીચાના બંધન તોડ્યા... બધું મૂકીને આવ્યા તો પછી બાકી બંધન હવે રહ્યું શું ?

તો જવાબ મળે છે- મૂક્યા તે બહારના બંધનો મૂક્યા; હજુ અંદરના મમત્વના-આસક્તિના-મદ-અહંકારના બંધનો ઊભાં છે, તે તોડવાનું કામ બાકી છે તે હવે કરવાનું છે.

જંપવાળીને બેસવા જેવું નથી, જ્યાં સુધી આ બંધન છે. અરે ! એક તણખલાનો પરિગ્રહ-મમતા તે ય બંધન છે. એમ મહાવીર ભગવાન કહે છે, એવું સુધર્મા ગણધર મુનિ બનેલા જંબુને શીખવે છે.

જ્યાં સુધી આભ્યંતર સંગ બેઠા છે, ત્યાં સુધી અસંગ નથી, અને અસંગ બન્યા વિના મોક્ષમાં કાયમી પ્રવેશ મળે તેમ નથી.

સંપૂર્ણ અસંગ બનો તો સિદ્ધશિલા પર કાયમી પ્રવેશ છે. ત્યાં જો સંગ રાખીને ઘુસી ગયા સૂક્ષ્મજીવ તરીકે, તો ધકેલાઈ ગયા બહાર ! માટે સિદ્ધનું સ્વરૂપ છે અસંગ. આ જોઈને વિચારવાનું કે

- જીવનનું ઊંચું લક્ષ્ય કયું ?
- સર્વ સાધનાનું ઊંચું લક્ષ્ય શું ?

જીવનનું ને સાધનાનું ઊંચું લક્ષ્ય છે; 'બને તેટલા અસંગ થવાનું' બધી સાધના કરો, ને જોતા રહો- 'હું વધારે સસંગ બન્યો ? કે વધારે અસંગ બન્યો ?'

દા.ત. પક્ખી પ્રતિક્રમણમાં 'અજિત-શાંતિ' અચ્છી રીતે બોલ્યા, તેમ સરસ રીતે પ્રતિક્રમણ ભણાવ્યું, તો ભણાવ્યા પછી જો જો કે 'વધારે અસંગ બન્યા ? કે કોઈએ ગુણ ગાયા, 'ભાઈએ પ્રતિક્રણ સરસ ભણાવ્યું, અજિતશાંતિ સુંદર બોલ્યા હાઈ ક્લાસ,' એ સાંભળી જો ખીલ્યા તો "આ અભિમાનનો સંગ આવ્યો, ને સસંગ બન્યા. એમ જાતે ને જાતે ફૂલ્યા કે 'મેં પ્રતિક્રમણમાં અજિતશાંતિ સારી લલકારી, તોય તે સંગ આવ્યો, કષાયનો સંગ. આ હિસાબ છે."-

**વધારે સસંગ, તો મોક્ષથી વધારે દૂર.**
**વધારે અસંગ, તો મોક્ષની વધારે નજદીક.**

સિદ્ધ ભગવાન બતાવી રહ્યા છે : 'અમે સર્વથા અસંગ છીએ તો કદી ભવમાં ભમવાનું નથી. તમે ય મૂળ સ્વરૂપમાં અસંગ છો, એ મૂળ સ્વરૂપને પ્રગટ કરવા મથો. ધર્મ કર્યા પર અંદર અભિમાનની લાગણી થઈ : 'મેં કેવો સરસ ધર્મ કર્યો ?' તો એ સંગ ઊભો કર્યો. **તારણહાર ધર્મ કરીને તો વધારે અસંગ થવાનું**

**હતું, એના બદલે સસંગ થયા ! કેવી દુર્દશા ! પ્રશસ્ત કષાય કોને કહેવાય ?**

શંકા : આ અભિમાન પ્રશસ્ત નહિ ?

સમાધાન : પ્રશસ્ત કષાય, પ્રશસ્ત રાગ, પ્રશસ્ત દ્વેષ, પ્રશસ્ત અભિમાન તે, જે મૂળ વૈરાગ્યના પાયા પર ઊઠે, જે આત્માના ઉપશમ ભાવને, સંયમ ભાવને કે અહિંસાદિ ભાવને પોષનાર હોય તે પ્રશસ્ત ભાવ કહેવાય. જેમ ઉપદ્રવ કરવા કોઈ આવ્યો ને તે કહે : 'મૂક તારું સાધુપણું, નહિ તો મારી નાખીશ તને !' ત્યારે મનમાં થાય : 'હું સંયમ તો મૂકું જ નહિ, ગમે તે થાઓ ને ?' આમાં 'હું સંયમ ન મૂકું' આ વિચારમાં અહંત્વ આવ્યું, પણ આ વિચાર સંયમનો પોષક છે, માટે આ અહંત્વ પ્રશસ્ત છે.

ભગવાનની મૂર્તિ તોડવા કોઈ દુષ્ટો ગયા, ત્યાં જરૂર પડે તો તેમને ગુસ્સો બતાવવો પડે, કદાચ મેથીપાકે ય આપવો પડે, તો તે સંયમનું પોષક છે, કેમકે મૂર્તિની રક્ષા થાય તો મૂર્તિથી શ્રદ્ધા વધે ને ચારિત્ર પ્રાપ્ત થાય, દૃઢ થાય. માટે આ ગુસ્સો એ પ્રશસ્ત કષાય.

**અસંગના લક્ષ્ય પર જીવન જીતાય :-** સિદ્ધ ભગવાન અસંગ બન્યા છે. તો અસંગનું જીવન-લક્ષ્ય પાકું રાખવા માટે સિદ્ધ ભગવાન સદા નજર સામે રહે. આ થાય તો બધી પ્રવૃત્તિમાં અસંગતાની વારંવાર સ્મૃતિ રહે; ને એ રાખીને શક્ય હોય ત્યાં બને તેટલા અસંગ થતા રહેવાનું કરાય.

સાધુને જો અસંગ બનવાનું લક્ષ્ય બંધાઈ જાય તો તેઓ જગ જીતી ગયા.

કષાય ઊઠવા જાય ત્યાં મનને થાય કે 'આ સંગ વધશે ને મારે તો અસંગ-અવસ્થાએ પહોંચવું છે, માટે કષાયના સંગને હટાવતો રહેવા દે. એમાં પછી રાગ ને રતિ ય નથી રહેવા દેવી.' એમ અસંગના જાગતા ખ્યાલથી કષાયને અટકાવી શકાય.

સાધુ ગોચરી કરે પણ નિર્લેપ ભાવે કરે તો તે અસંગ છે. શબ્દ-વ્યવહાર કે બીજો વર્તાવ અહંત્વ વગર કરે તો તે અસંગ છે. ઉગ્રતા આવેશ અટકાવે ત્યાં અસંગ છે.

**મૈત્રી ભાવ આદિમાં અસંગપણું :-** અસંગપણાનું લક્ષ્ય વધે તો ધર્મના ચાર પાયારૂપ મૈત્રી, કરુણા, પ્રમોદ, માધ્યસ્થ સુલભ થઈ જાય, કેમકે એનાથી વિરુદ્ધ અ-મૈત્રી વગેરે રાખવા જતાં સસંગ બનાય છે, આંતર મેલના સંગવાળા થવાય છે.

જ્યાં સુધી આંતરિક વેરવિરોધ, કઠોરભાવ, ઈર્ષ્યા, ને પરદોષદૃષ્ટિ-પર ચિંતા વગેરે ઊભા છે ત્યાં સુધી સંગ છે, તો અસંગ નહિ બનાય. એ તો એની



સામે મૈત્રી-પ્રમોદ વગેરે રખાય તો જ અસંગ બનાય.

પ્ર. : વેર વિરોધ ન રાખીએ તો સામેનો દબાવી જ જાય ને ?

ઉ. : સમજી રાખો કે "તમારું પુણ્ય કમ હશે ને સામેનાનું પુણ્ય પાવરફુલ હશે, તો તમે વેર રાખવા છતાં તે તમને જોડા મારશે." એટલે અલ્પ પુણ્યાઈમાં તમે આંતરિક કષાયથી કોઈ લાભ ખાટતા નથી. માટે જીવનલક્ષ્ય આ, કે 'બનાય તેટલા અસંગી બનવું,' તેથી મૈત્રી વગેરે સુલભ થઈ જાય છે.

**શરીર મૂર્ચ્છા ત્યાગ માટે ભાવના :-** સામે સેવાનો લાભ દેખાતો હોય, છતાંય હાડકાં હરામ કરી બેસી રહે, તો તે બતાવે છે કે એને આ શરીરની ખોટી મૂર્ચ્છા-મમતાનો સંગ છે, પરંતુ એવો વિચાર આવે કે "શરીર સાચવી રાખીશ પણ સાચવ્યું રહેવાનું નથી. શરીર બેઠાડું રાખવાથી કશો લાભ નથી. એના બદલે જો અવસરોચિત સેવા આદિ બજાવીશ, તો તે લાભદાયી બનશે, ને કર્તવ્યનું પાલન થશે. 'પરત્થકરણં' એક અનિવાર્ય કર્તવ્ય છે. મહાપુરુષો જીવલેણ પ્રસંગમાં પણ શરીર પરની મૂર્ચ્છા કરી નથી. મૂર્ચ્છાનો અસંગ રાખેલ છે, તો મારે આ મામૂલી કષ્ટમાં શરીર મૂર્ચ્છા રાખવી ? દા.ત. ખંધક મુનિએ પોતાની ચામડી ઉતારતાં ને ગજસુકુમાર મુનિએ સગડી માથા પર રહેવા દેતાં ઘોર કષ્ટમાં પણ વિચાર્યું કે 'આ પીડા શરીરનું બગાડે છે, આત્મા તો કંચન જેવો શુદ્ધ થઈ રહ્યો છે. માટે શરીર મમતા નહિ કરવાની !' એમ સર્વ સંગ છોડ્યા ને વીતરાગ સર્વજ્ઞ સિદ્ધાત્મા બન્યા !"

આમ ઘોર કષ્ટમાં ય મહાત્માઓએ શરીર-મમતા ન કરી, તો મારે સેવા કરવામાં તો કયું મહા કષ્ટ છે ? પેલા કષ્ટની અપેક્ષાએ અત્યંત મામૂલી કષ્ટ; તો શું એટલા કષ્ટથી ય બચવા શરીર-મમતા કરવી ?

તાત્પર્ય અસંગ બનવાનું જીવનલક્ષ્ય જોઈએ. એ માટે પોતાના અસંગના મૂળ સ્વરૂપ માટે અહોભાવ અને મમતા જગાડવાની. મનને એમ થાય કે,-

'અહો ! મારા આત્માનો આ કેવો અતિ સુંદર અસંગ ભાવ ! એ અસંગ ભાવમાં પરમ સ્વાતંત્ર્ય ! અનંત સુખ !'

આમ અહોભાવ કેળવી એના પર અત્યંત મમતા આસક્તિ ઊભી કરવાની કે 'કેમ હું જલ્દીમાં જલ્દી આ અસંગભાવને પ્રગટ કરું !'

❖ ❖ ❖

**"નિર્મળ સિદ્ધશિલાની ઉપરે જોયણ એક લોગંત;**
**સાદિ અનંત સ્થિતિ તિહાં જેહની, સિદ્ધ પ્રણમો સંત રે ભવિકા સિ૦"**

ચૌદ રાજલોકને અંતે એટલે સિદ્ધશિલાની ઉપર એક જોજને સિદ્ધ ભગવંતો રહેલા છે. તે સિદ્ધ-શિલા નિર્મળ સ્ફટિકરત્નની ૪૫ લાખ જોજન લાંબી પહોળી છાલિયા જેવી છે, બીજના ચંદ્રના આકારની છે. તેની ઉપર સિદ્ધાત્માઓ લોકાન્તે સૌથી ઉપરનો આત્મ-ભાગ અડે તે રીતે રહ્યા છે, કારણ કે અસંગ બનેલા જીવની સ્વાભાવિક ગતિ ઊર્ધ્વ છે.

લોકના છેલ્લા ભાગે આત્માનો ઉપરનો ભાગ અડકીને રહે તે પ્રમાણે અહીં મુક્ત થયેલા ત્યાં સિદ્ધશિલા પર જઈને રહે.

સિદ્ધોની સ્થિતિ સાદિ અનંત છે. 'સાદિ' એટલે આદિવાળા, સિદ્ધ થયા ત્યારથી આદિ-શરૂઆત થઈ, અને હવે પછી 'અનંત' એટલે શાશ્વત કાળ માટે ત્યાં સ્થિરતા છે.

શ્રી ઋષભદેવના સ્તવનમાં કહ્યું છે કે

**"રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત;**
**ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે ઓર ન ચાહું રે કંત."**

## સંબંધના ભાંગા ચાર છે :

૧. સાદિ સાંત ૨. સાદિ અનંત ૩. અનાદિ સાંત ૪. અનાદિ અનંત

આમ વસ્તુના સંબંધમાં ચાર પ્રકાર પડે.

(૧) 'સાદિ સાંત' સંબંધની શરૂઆત હોય અને તેનો અંત પણ હોય-જેમ, કર્મનો જીવ સાથેનો સંબંધ સાદિ સાંત છે.

(૨) 'સાદિ અનંત' સંબંધની શરૂઆત હોય પણ તેનો અંત ન આવે; જેમકે અગ્રભાગ સાથે મુક્ત જીવનો સંબંધ થાય તે સાદિ, પણ પછી ત્યાં કદી તે સંબંધનો અંત ન આવે તે અનંત.

(૩) 'અનાદિ સાંત' સંબંધની શરૂઆત ક્યારથી ? તો કે શરૂઆત છે જ નહિ, પણ તેનો અંત આવે. જેમકે રાગાદિનો સંબંધ જીવને અનાદિનો છે, પણ ભવિજીવ વીતરાગ થાય ત્યારે તે સંબંધનો અંત થાય છે તેથી રાગાદિનો સંબંધ અનાદિ સાંત સંબંધ છે,



(૪) 'અનાદિ અનંત' શરૂઆત પણ નહિ અને અંત પણ નહિ; જેમકે અભવિને સંસારનો સંબંધ અનાદિ છે, તેમ તેનો અંત આવવાનો જ નહિ; તેથી અનાદિ અનંત છે.

## ભગવાન સાથે આદિ-અનંત ભાંગે સંબંધ :

આમાં ઋષભપ્રભુ સાથે સંબંધ "સાદિ અનંત" ભાંગે સિદ્ધ કરવો છે.

રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે ભાંગે 'સાદિઅનંત'

આ ભાંગે સાહિબ સંગ છોડશે નહિ. આમ આ ભાંગે સાહિબનો સંગ થઈ ગયો તે સંગ સાદિ અનંત છે. પ્રભુ આવો મારે સંગ છે તેથી "ઓર ન ચાહું રે કંત" કારણકે બીજા સાથે કદાચ સંબંધ જોડું તો ય તે સાદિ સાંત.

પ્ર. : 'સાહિબ રીઝ્યો' એટલે શું પ્રભુ રીઝે છે ખરા ? તો તો તે અવીતરાગ ઠરે !

ઉ. : અહીં 'સાહિબ રીઝ્યો' એટલે સાહેબ મારા મનમાં અતિશય પ્રેમથી વસી ગયો; એવો વસી ગયો કે મન વીતરાગ પ્રભુથી અતિશય ભાવિત થઈ ગયું.

કહ્યું છે : **"સાચિ ભક્તિ રે ભાવન રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝેજી."**

પ્રભુની સાચી ભક્તિ 'ભાવન રસ' છે, અર્થાત્ વીતરાગ પ્રભુથી આપણો અંતરાત્મામાં ભાવિત થઈ જાય, રંગાઈ જાય, અંતરાત્મામાં ભાવિતતાનો રસ ઊભો થઈ જાય, જેમ દૂધમાં સાકરથી ભાવિત થઈ જવાનો રસ ઊભો થઈ દૂધ સાકરમય થઈ જાય છે, સાકરની મધુરતાથી વ્યાપ્ત થઈ જાય છે, એમ પ્રભુની વીતરાગતાથી આપણો અંતરાત્મા વ્યાપ્ત બની જાય, એ ભાવન રસ જામ્યો કહેવાય, એ જ પ્રભુની સાચી ભક્તિ છે. આવો રસ ઊભો થાય ત્યાં પ્રભુમય ભક્ત રીઝ્યો એટલે પ્રભુ રીઝ્યા ગણાય. ઉદાહરણ,-

**રાજીમતી ને નેમનાથ.** નેમનાથ રાજીમતિને છોડીને ચાલ્યા ગયા, તો તે લૌકિક સંબંધ સાદિ સાંત થઈ ગયો, આવો 'સાદિ સાંત' સંબંધ રાજીમતિની નેમનાથ પ્રત્યેની સાચી ભક્તિથી, એટલે કે ભાવનરસથી, અંતે 'સાદિ અનંત' સંબંધમાં પરિણમ્યો; કેમકે રાજીમતીએ પોતાના અંતરાત્માને પ્રભુમય કરતાં પ્રભુના મહાવૈરાગ્યથી ભાવિત કરી ચારિત્ર લઈ લીધુ, ને એક વર્ષમાં વીતરાગ બની એ રાજીમતી કેવળજ્ઞાન પામ્યા.

હવે પ્રભુએ વીતરાગ, ને પોતેય વીતરાગ સર્વજ્ઞ. અંતે બંનેય સિદ્ધ થતાં શાશ્વત્ સંબંધ થયો. રાજીમતી ભગવાનની પહેલાં મોક્ષે ગયા.

રાજીમતીએ દીક્ષા લીધી ત્યારે ૪૦૦ વર્ષની ઉંમર હતી, ને ભગવાનની

ઉંમર દીક્ષા વખતે ૩૦૦ વર્ષની હતી. પછી રાજીમતીએ ૫૦૦ વર્ષ ચારિત્ર પાળ્યું, ને તેઓ મોક્ષે ગયા. ભગવાને ૩૦૦ વર્ષની ઉંમરે દીક્ષા લીધી, ને ૭૦૦ વર્ષ ચારિત્ર પાળ્યું, પછી મોક્ષે પધાર્યા. આમ ભગવાનની પહેલાં રાજીમતી ૨૦૦ વર્ષ અગાઉ મોક્ષે ગયા.

અહીં ઉપલકથી જોતાં એમ લાગે કે

પ્ર. : ભગવાનની પહેલા રાજીમતી મોક્ષે ગયા, તો ભગવાન સાથે તેમનો શિષ્યા તરીકેનો સંબંધ તો તુટી ગયો. પછી સંબંધ ઊભો ક્યાં રહ્યો ?

ઉ. : પરંતુ અહીં ઊંડાણમાં ઊતરી જોવા જેવું છે કે તેઓ કેવળજ્ઞાનથી એમ જાણતા હતા કે મારે સિદ્ધ થયા પછી ભગવાનને પણ ત્યાં સિદ્ધશિલા પર આવવાનું છે, અને શાશ્વત કાલ બંનેએ 'સિદ્ધ' તરીકે રહેવાનું છે. એટલે 'સાદિ અનંત' ભાગે વીતરાગ સર્વજ્ઞ તરીકે સંબંધ કાયમ રહેવાનો છે. તો આમાં ૨૦૦ વર્ષના આંતરા માત્રથી સંબંધ તુટ્યો શાનો ગણાય ? પતિ પરદેશ ૧૦ વર્ષ કાઢે ત્યાં દેશમાં રહેલી પત્ની, સંબંધ તુટી ગયો થોડે જ માને છે ? સંસારના સંબંધોની સ્થિતિ સાદિ સાંત છે, પછી ભલે જીવ અનુત્તર વિમાનમાં જાય; પણ પછી નીચે ઊતરવાનું જ.

## સાદિ અનંત સંબંધ ચારિત્રથી જ મળે :

મોક્ષે ગયેલી સ્થિતિ સાદિ અનંત છે, કદી નીચે ઊતરવાનું નહિ. "ઉપદેશમાળા"માં કહ્યું છે કે-જો અનુત્તર વિમાનમાં દેવોનું આયુષ્ય (૩૩૦ કોટાકોટી પલ્યોપમનું) પણ છેવટે પૂરું થઈ અંત પામી, એ દેવોનેય નીચે પડવું પડે છે, તો સંસારમાં શાશ્વત કોને કહેવું ? પૂછો : ચારિત્ર લઈ મોક્ષ પામવાની ઉત્કટ લાલસા શા માટે થાય ? કેમકે મોક્ષ થતાં આપણો પ્રભુના ભક્ત તરીકેનો સંબંધ છૂટી જાય છે. જો આવો પ્રશ્ન થાય, તો તે સામે પ્રશ્ન પૂછાય કે સાદિ અનંત સ્થિતિ પામવાના ભાવ થાય છે ? જો તેનો જવાબ 'હા' હોય તો તે માટે ચારિત્ર લેવાનું. કેમકે એક માત્ર ચારિત્રથી જ સાદિ અનંત ભાંગે મોક્ષ મળે છે. ત્યાં ભક્તિની પરાકાષ્ઠા છે. ભક્તિ એટલે ભજવું, કેટલી હદ સુધી ? તો કે આપણામાં પ્રભુ સાથે ભેદ જ રહે ત્યાં સુધી ભજવું. આપણે પ્રભુમય થઈ જઈએ ત્યાં સુધી ભજવું. એ ચારિત્રથી બને. પછી ચારિત્રમાં ગમે તેવાં કષ્ટો આવે, અપમાન-તિરસ્કાર-ફિટકાર થાય, પણ ચારિત્ર છોડવાનું મન કેમ ન થાય ? કારણકે ચારિત્ર વિના પ્રભુ સાથે આવી મહાન સૌભાગ્યવંતી સાદિ અનંત સ્થિતિ પ્રાપ્ત થાય નહીં. સિદ્ધપણાની સાદિ અનંત સૌભાગ્યવંતી સ્થિતિ મળે નહીં.



ચારિત્રના માર્ગે ચઢ્યો એટલે મોક્ષ તરફ દોટ મૂકી કહેવાય. એકવાર જીવ સમકિત પામ્યો તો ત્યાં (મોક્ષમાં) નંબર લખાઈ ગયો, એમ શાસ્ત્ર કહે છે; કેમકે સમકિતી 'વંછે શિવ સુખ એક,' અને 'ચાહે નીકળવું, નિર્વેદ તે' કેમકે એ સાદિ અનંત મોક્ષને ઝંખે છે. શ્રાવકને જો આવા કોડ થાય તો સાધુને તો તેથીય વધુ કોડ હોય. કવિ કહે છે,-

**"સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની, તે સિદ્ધ પ્રણમો સંત રે૦"**

માટે હે સંત પુરુષો ! આવા સાદિ અનંત સ્થિતિવાળા સિદ્ધોને પ્રણામ કરો જેથી તમને એ સ્થિતિ પ્રાપ્ત થાય.

**ઢાળ : "જાણે પણ ન કહી શકે પરગુણ, પ્રાકૃત તેમ ગુણ જાસ,**
**ઉપમા વિણ નાણી ભવમાંહે, તે સિદ્ધ દીઓ ઉલ્લાસ રે૦"**

**મોક્ષમાં કેવું સુખ ?** પહેલી વાર નગર જોઈને ગામડે ગયેલો ગામડાનો માણસ નગરના ગુણ જાણવા છતાં ત્યાં ગામડામાં નગરની ઉપમા ન મળવાથી વર્ણવી શકતો નથી, તેમ જે સિદ્ધના ગુણ કેવળજ્ઞાની સંસારમાં ઉપમા વિના વર્ણવી હકતા નથી. તે સિદ્ધ ભગવાન મને ઉલ્લાસ આપો.

કોઈ પ્રશ્ન કરે કે 'મોક્ષમાં કેવુંક સુખ હશે ? સિદ્ધોના ગુણ કેવા ? તો તેનો જવાબ કે 'તે ગુણો અને સુખ શબ્દોમાં ન વર્ણવી શકાય, અલબત્ત તે પામી શકાય, તેનો અનુભવ કરી શકાય, તે વર્ણવી ન શકાય. તે શબ્દાતીત છે. બહુ કરે તો ઉપમાંથી ઓછું ઓછું સમજાવી શકાય, કે-'

દા.ત. જંગલના ઉજજડ પ્રદેશમાં કોઈ જનમ્યો હોય ને ત્યાં જ મોટો થયો હોય, પછી કોઈ તેને ઉઠાવી ગયો, ને તેને પહેલી જ વાર નગરમાં લાવ્યો, ને આખું નગર બતાવ્યું; પછી તે પાછો મૂળ સ્થાને પાછો આવ્યો. તેનાં સગાવહાલાં-મિત્રોને એ નગરમાં જઈ આવ્યાનું કહે, પેલાઓ પૂછે; 'કેવું હતું એ નગર ?' ત્યારે જો પેલો કહે; 'ત્યાં આવા બંગલા હતા ! આવા બગીચા હતા ! આવા મોટા રસ્તા હતા ! બજાર આવા હતા' એમ કદાચ કહે.

પણ 'આવા' એટલે કેવા ?' એમ સામા પૂછે, તો તે માણસ શું જવાબ આપે ? પ્રાકૃત એટલે કે ગામડિયો માણસ નગરના ગુણોને જાણે છે ખરો. પણ તે વર્ણવી શકતો નથી; તેવી રીતે સિદ્ધના અનંત સુખ ને ગુણો કેવળજ્ઞાની જાણે છે ખરા, પણ તેને વર્ણવી શકતા નથી. એવું ત્યાં મોક્ષમાં અનંત અવ્યાબાધ સુખ અને અનંત ગુણો છે.

જેમ પેલો ગામડાનો માણસ શહેરની શોભાઓ અને સુખો વર્ણવી શકતો નથી તેમ આ મોક્ષના સાદિ અનંત ગુણો ને સુખની સ્થિતિ અવર્ણનીય છે, અપ્રતિમ અગમ્ય ગુણો છે. એવા સિદ્ધ ભગવંતને કવિ પ્રાર્થના કરે છે,- 'મને ઉલ્લાસ આપો.'

**સિદ્ધો ઉલ્લાસ આપનાર કેવી રીતે ? :-**

પ્ર. : સિદ્ધ ભગવંત અહીં ક્યાં ઉલ્લાસ આપવા આવનાર છે ? ઉલ્લાસ નથી આપવા આવવાના, તો પછી પ્રાર્થના ફોગટ નથી ?

ઉ. : સિદ્ધ ભગવંત આપણી સર્વ પ્રવૃત્તિમાં જો લક્ષ્ય બની રહે તો સદાને માટે આપણને આનંદ-ઉલ્લાસ રહે, પણ કદાપિ દુઃખ થાય નહીં. આમાં લક્ષ્ય સિદ્ધ ભગવાન છે તો જ એમના-અનંત સુખ જોઈ અને આપણને મળવાનું જાણતા હોઈ આપણા મનને પાવર ચડે છે કે વર્તમાન કષ્ટ તો ઉપાધિના ઘરના છે, જ્યારે મારા આત્મામાં અનંત સુખ ભર્યા પડ્યા છે, ને તે ભલે અતીત અનંતાનંત કાળ સુધી પ્રગટ ન થયા, પરંતુ હવે અલ્પ કાળમાં પ્રગટ થનાર છે, તેથી મારે તો આનંદ ઉલ્લાસ જ છે." સિદ્ધોને લક્ષ્ય રાખવાથી જ આ પાવર મળ્યો, અને આનંદ-ઉલ્લાસ આવ્યો, માટે એ ઉલ્લાસ સિદ્ધ ભગવાને જ આપ્યો ગણાય.

મોક્ષ દૂર દેખાતાં નિરાશા કેમ ટાળવી ?

પ્ર. : ધર્મની આરાધના તો ઘણી કરીએ છીએ, પણ મોક્ષ નિકટ દેખાતો નથી, પછી ઉલ્લાસ શે રહે ?

ઉ. : એ માટે એ વિચારાય કે 'સિદ્ધ ભગવંતો અનંતા થઈ ગયા, પણ એવા કેટલાય સિદ્ધ ભગવંતો થવાના છે, જેમણે મોક્ષયાત્રા શરૂ કરી છે, ને તે લાંબી ચાલી છે; હજુ એમાંના કેટલાયની અપેક્ષાએ મારી યાત્રા કદાચ તેટલી લાંબી નથી ચાલી, અર્થાત્ એમને ધર્મ શરૂ કર્યા પછી કેટલાય ભવો થઈ ગયા હોય, એટલા ભવ હજી મારે નથી કાઢવા પડ્યા તો પછી મારે મુંઝાવાનું શું હોય ? નિરાશ શું થવાનું ?'

લાંબી યાત્રાએ પણ સિદ્ધ થયેલા છે, તો હું કેમ નહિ સિદ્ધ થાઉં ?' આ સામે લક્ષ્ય છે; ને આમ સિદ્ધ ભગવંતોનું લક્ષ્ય રાખીએ તો જુદી જુદી રીતે પ્રેરણા મળે; તે આ રીતે, - દા.ત. તાવ આવ્યો, ત્યારે એ સામે આવે કે 'સિદ્ધ ભગવંત એમ જ કર્મ ભોગવી ભોગવી સર્વથા કર્મરહિત બન્યા છે, તો જ એ સિદ્ધ થયા. તો મારે પણ આ રોગવેદના દ્વારા એવા જ કર્મ-રહિત બનવાનો મોકો આવ્યો છે; માટે મારે આ દિવાળીનો સમય છે.'



વળી, ક્યાંય ક્રોધનો અવસર આવ્યો તો વિચારાય 'કે મારે ક્રોધ રહિત સિદ્ધ થવું છે, તો આમ જ ક્રોધને રોકતા રોકતા થવાશે. માટે અહીં ક્ષમા જ હો, ક્રોધ નહિ કરવાનો.'

વળી, ક્યાં પણ અપમાન-તિરસ્કાર થાય તો શું ? તો ત્યાં તો જો સિદ્ધ ભગવાનનું લક્ષ્ય છે, તો એ વિચારવાનું કે જેમ સિદ્ધ ભગવંતને કોઈ અપમાન અડતું નથી, તો હું પણ પ્રચ્છન્ન-ગુપ્ત સિદ્ધ છું, તે ગુપ્ત પણ સિદ્ધતા એ મારું અસલી સ્વરૂપ છે, તો અપમાનથી મને શું ? અપમાન તો કાયાનું છે.

**સિદ્ધનું લક્ષ્ય બંધાઈ જાય તો સંસારની પરિસ્થિતિમાં આત્મા જલકમલવત્ બની જાય.** તેથી સંસારની ઊંચા-નીચી હૈયાને અડે નહિ, મનને નડે નહિ, એ સ્થિતિ થાય ત્યારે દુઃખ જ ન રહ્યું, તે વખતે મહા આનંદ, મહા ઉલ્લાસ ! આ ઉલ્લાસ કોણે આપ્યો ? સિદ્ધના લક્ષ્યે, લક્ષ્યભૂત સિદ્ધ ભગવાને.

**'તે સિદ્ધ દિઓ ઉલ્લાસ,'** એમ પ્રાર્થના કરવાનો હેતુ શો ?

"સિદ્ધ ભગવાન, મને આરાધનાનો ઉલ્લાસ આપો" આ પ્રમાણે પ્રાર્થના કરવાનું તાત્પર્ય એ છે, કે

**રોજ પ્રાર્થના કરવાથી હંમેશાં એ માટેની આપની આશંસા, આપણી તીવ્ર અભિલાષા બની રહે.**

દા.ત. આપણે પ્રાર્થના કરીએ કે 'હોઉ મમ તુહ પભાવઓ ભયવં ! ભવ નિવ્વેઓ,'- 'હે ભગવાન્ ! આપના પ્રભાવથી મને ભવનિર્વેદ હો' 'ભવનિર્વેદ' એટલે સંસાર પર અભાવ-ગ્લાનિ 'એ મને હો'- આ જો સાચી પ્રાર્થના હોય, તો આપણા દિલમાં ભવનિર્વેદની આશંસા યાને 'મારે ભવનિર્વેદ જોઈએ' એવી તીવ્ર અભિલાષા ઊભી થાય છે. એમ 'મારે વડિલજનોની પૂજા અને પરાર્થકરણ જોઈએ છે' એવી **"गुरुजण-पूआ, परत्थ-करणं च"** ...વગેરે પ્રાર્થનામાં પણ તીવ્ર અભિલાષા છે.

- "શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો;
- સયલ સંગ છંડી કરી, ચારિત્ર લેઈશું."

આ બધી પ્રાર્થના આપણે કરીએ છીએ, એમાં ય શું છે ?

**પ્રાર્થનામાં ખરેખર તો આશંસા છે.** સાચી પ્રાર્થનામાં ગર્ભિત રીતે આપણી ઉત્કટ આશંસા-અભિલાષા કર્તવ્ય બને છે. પ્રાર્થનામાં તીવ્ર આશંસા છે, તે રહસ્યમય પ્રભુ ! મારે આ જોઈએ છે, મને આ આપો. એમ ગદ્ગદ દિલે ગળગળા થઈને

પ્રાર્થના કરીએ; એથી દિલમાં તાર ઝણઝણે ને અંતરની આશંસા-આરજુ-અભિલાષા વ્યક્ત થાય. એવી જલદ આશંસા કરવી જોઈએ.

પ્ર. : ખરેખર જો આશંસા જ જરૂરી છે, તો આશંસા કરો, પણ ભગવાન આગળ પ્રાર્થના કરવાનું શું પ્રયોજન ? પ્રાર્થના કરાવીને આશંસા જ કરાવવી છે, તો એમ ને એમ આશંસા જ કરાવી શકાય ને ? ભગવાન આગળ પ્રાર્થનાનો ડોળ શા માટે ?

ઉ. : અલબત્ત એમ ને એમ આશંસા કરી શકાય છે પણ પ્રાર્થનાનું જ્યારે ગણધર મહારાજે સૂત્ર મૂક્યું ત્યારે એ નિષ્ફળ પ્રાર્થનાનું સૂત્ર તો મૂકે નહિ; સપ્રયોજન સફળ પ્રાર્થનાનું જ સૂત્ર મૂકે. તો અહીં પ્રાર્થના સૂત્રનું પ્રયોજન એ છે કે એમ ને એમ આશંસા કરીએ, તેના કરતાં એ મોટાની સમક્ષ જો કરીએ, તો આશંસામાં જોમ-પાવર-તીવ્રતા આવે, ને આશંસાનો ભાર માથે આવે.

દા.ત. ગુરૂ આગળ જઈને વિનંતી કરીએ; 'ભગવન્ ! અમારો ઉદ્ધાર કરો, ત્યાગ-વૃત્તિ કરાવો' તો ત્યાં એમ ગુરૂ આગળ કહેવાથી, ને તેમની પાસેથી કૃપા-આશીર્વાદ માગવાથી ઉદ્ધાર માટે ને ત્યાગવૃત્તિ માટે પાવર આવે છે. ત્યાગવૃત્તિનું જોર-તીવ્રતા આવે છે, તેમ એનો ભાર માથે ચડે છે. એમ સિદ્ધ ભગવંતોને ઉલ્લાસની પ્રાર્થના કરાય એથી ઉલ્લાસની આશંસા જોરદાર બને ! આશંસા-અભિલાષા જોરદાર બનવાથી ઉલ્લાસ લાવવાનો પ્રયત્ન જોરદાર થાય. એ સિદ્ધ ભગવાનના આલંબને થયું તેથી સિદ્ધ ભગવાન જ એ દેનારા કહેવાય. એમ સિદ્ધ ભગવાનનું ધ્યાન, એમનું ગુણ કીર્તન થાય, એમ પ્રાર્થના-ધ્યાન-પ્રશંસાદિમાં ઉપકાર સિદ્ધ ભગવાનનો માનવાનો. સિદ્ધ ભગવંતનું આલંબન અનેક રીતે પ્રેરણા આપે છે, સિદ્ધ ભગવંતનું લક્ષ્ય આરાધનામાં ફોર્સ Force આપે છે.

**સિદ્ધમાંથી નિર્વિકારતાનો પાવર મળે :-** સિદ્ધ ભગવંતનું લક્ષ્ય રાખીએ તો અનેકાનેક વિકારો શાંત થાય; કારણકે આપણા મનને એમ થાય કે "સિદ્ધ ભગવંત નિર્વિકારી છે. તેમનામાં કામ નહિ, ક્રોધ નહિ, લોભ નહિ, મોહ નહિ. આપણે પણ એમના જેવા જ આત્મ દ્રવ્ય છીએ, તો આપણે શા માટે આ કામ-ક્રોધાદિ વિકારોનો ખપ કરવો ?" આવું વિચારવાથી તે પાવર નિર્વિકારતાનો મળે. તાત્પર્ય, 'સિદ્ધ દિઓ ઉલ્લાસ' એ પ્રાર્થનાથી ઈષ્ટ-સિદ્ધ થાય છે. શ્રી લલિત-વિસ્તરામાં લખ્યું છે કે **"પ્રાર્થનાતઃ એવ ઈષ્ટ સિદ્ધિ;"** અર્થાત્ 'પ્રાર્થનાથી જ ઈષ્ટ સિદ્ધ થાય' માટે પ્રાર્થનાનું શું કામ છે ? એમ અભિમાન રાખી પ્રાર્થના ન કરવામાં ઈષ્ટ સિદ્ધ ન થાય.



**"જ્યોતિશું જ્યોતિ મળી જસ અનુપમ, વિરમી સકલ ઉપાધિ;**
**આતમરામ રમાપતિ સમરો, તે સિદ્ધ સહજ સમાધિ રે. ભવિકા૦"૧૦॥**

**અર્થ :-** જે સિદ્ધ થનારાની અનુપમ આત્મ-જ્યોતિ પૂર્વના સિદ્ધ થયેલાની આત્મ-જ્યોતિમાં ભળી ગઈ, અને જેમને સમસ્ત ઉપાધિ યાને પરવેઠનો અંત આવ્યો, એ આત્મામાં રમણ કરનારા અને આત્મલક્ષ્મીના ધણી સિદ્ધ ભગવાનનું સ્મરણ કરો કે એ સહજ સમાધિરૂપ છે.

**ભાવાર્થ :-** સિદ્ધ થયા એટલે સિદ્ધશિલા પર જઈ પૂર્વના સિદ્ધાત્માઓની આત્મજ્યોતિમાં જ્યોતિ મળી ગઈ.

આ કેમ બને ? એવો પ્રશ્ન થાય.

તો જેમ એક ઓરડામાં એક દીવાનો પ્રકાશ છે, ત્યાં બીજો દીવો લાવીએ તો તેનો પ્રકાશ પહેલાના પ્રકાશમાં ભળી જાય છે; એમ પૂર્વના સિદ્ધ ભગવંતોની જ્યોતિમાં નવા થયેલા સિદ્ધની આત્મ જ્યોતિ ભળી જાય, એમાં કશું અસંભવિત નથી.

હજુ દીવાની જ્યોતિ તો રૂપી છે, તોય એકની જ્યોત બીજામાં સમાઈ જાય છે. તે મૂર્ત છે, છતાંય એકમેકમાં સમાઈ જાય છે, જ્યારે સિદ્ધ આત્મા તો અરૂપી છે, અમૂર્ત છે, તેથી જ્યોતિમાં જ્યોતિને ભળવાનો બાધ નહિ. સિદ્ધશિલા પર અનંતા સિદ્ધ રહેલા છે, તે બીજા અનંતા સિદ્ધોને સમાવે છે.

**પરને સ્વમાં ભાવથી ભેળવવા :**

પરંતુ એક સાધુ પાસે બીજો સાધુ બેસવા જાય તો પહેલો બીજાને પોતાનામાં ભેળવી શકે નહિ. તેને તો તેની પાસે બેસવાનું રહે છે. આમ સાધુને દ્રવ્યથી પોતાનામાં ભેળવી શકાતા નથી, તોપણ ભાવથી ભેળવી શકાય છે.

**ભાવથી ભેળવવા એટલે સાધુને પોતાનો આત્મા માનવો.**

એમ માન્યા પછી એના જે સ્વાર્થ એ પોતાના સ્વાર્થ સમજી એને પૂરવાનું પહેલાં કરે ને પછી પોતાના સ્વાર્થ પૂરવાનું કરે. આમ સાધુ બીજા સાધુને પોતાનામાં દ્રવ્યથી ન ભેળવી શકવા છતાં ભાવથી ભેળવી શકે છે. જ્યારે આ પૂર્વ સિદ્ધાત્મા-જ્યોતિ તો નવા આવતા સિદ્ધાત્માને પોતાનામાં દ્રવ્યથી ને ભાવથી ભેળવે એ આપણને આપણામાં બીજા સાધર્મિકને ભેળવવાનું શીખવે છે. એ જ આકાશ-પ્રદેશોમાં અનંતા સિદ્ધ આત્મા સમાયા છતાંય ત્યાં કચવાટ નથી, સંઘર્ષ નથી. આપણને અથડામણ નડતી હોય તો તેનું કારણ સિદ્ધ ભગવાન નજર સામે નથી. સિદ્ધ ભગવાન અનંતા સિદ્ધોને જો સ્વમાં સમાવી લેતા નજર સામે રહે તો સાધુ

મહાત્માને દ્રવ્યથી ભેળવવા એટલે આપણી જગ્યા તેમને આપી દેવાનું સહેજે બને. તથા આત્મામાં ભાવથી ભેળવવા એટલે જેવું આપણા સ્વાર્થ માટે ચિંતવીએ તેવું અન્ય સાધુના સ્વાર્થ માટે ચિંતવવાનું, એ પણ સહેજે બની આવે. આ બહુ સુંદર ઉદારતા છે. ઉદાર મનમાં જ આ આવી શકે. સામા સાધુને શી જરૂર છે ? એમને શું અનુકૂળ છે ? એમને શું સુખકારી છે ? આ જ ચિંતા રહે. આપણે આપણા માટે કેવુંક ચિંતવીએ છીએ ? બસ, એ બધું પડોશી સાધુ માટે ચિંતવવાનું. એ એમને આપણામાં ભાવથી ભેળવ્યા કહેવાય.

'મને આ ફાવે, મને આ ન ફાવે,' એવું ચિંતવીએ છીએ તો બીજા સાધુને માટે એવું ચિંતવીએ. આપણો આત્મા એ સામાનો જ આત્મા હોવાનું માનવાથી એને અનુકૂળ થઈ જવાય, સાધુને ભેળવી દીધા એટલે સ્વાત્મ તુલ્ય ગણી લીધા, એ આત્મા માટે જેટલું સારું થાય તેટલું કરવું.

આ બધો બોધપાઠ આ 'જ્યોતિ સે જ્યોતિ ભળે' આપે છે.

ટૂંકમાં સિદ્ધોમાં જ્યોતિમાં જ્યોતિ ભળે છે. એ પરથી એ સમજવાનું કે બીજાને તમારામાં દ્રવ્યથી ને ભાવથી ભેળવતાં શીખો. 'દ્રવ્યથી' ભેળવો એટલે એને અનુકૂળ થઈ જાઓ. તમારું બધું તેને આપી દો; અને 'ભાવથી' એટલે અન્યને તમારો આત્મા ગણો.

'હું એ હું નહિ, પણ મારા પડોશી સાધુ તે હું.' 'તેને તકલીફ એટલે મને તકલીફ' 'મારે સેવાની જરૂર એટલે એને સેવાની જરૂર.'

પોતાના આત્માની શુદ્ધ જ્યોતિ છે. તે સિદ્ધ થાય એટલે તેને અનુપમ જ્યોતિ મળી ! સિદ્ધ ભગવંતની અનુપમ જ્યોતિ છે. સિદ્ધ ભગવંત અનુપમ છે. તેમને કોઈ ઉપમા નથી. એમનું અનંત સુખ કેવું એ કોઈ દુન્યવી ઉપમાથી ન બતાવી શકાય.

❖ ❖ ❖

**વાચના ૬** **બોરીવલી પશ્ચિમ, મહાવદ ૭, તા.૮-૨-૮૦**

સિદ્ધ ભગવાનની જ્યોતિમાં નવી સિદ્ધ જ્યોતિ મળી એ અનુપમ કેવી રીતે ?

જ્યોતિ તે શુદ્ધ આત્મા; અને શુદ્ધ આત્મામાં શુદ્ધ આત્મા ભળી ગયો તે અનુપમ છે; કારણકે આત્મા ભળી ગયા પછી, તેનો હવે વિયોગ થવાનો નથી; સંસારમાં વિયોગ થાય છે. આ તો ભળ્યા તે ભળ્યા, છૂટવાની વાત પતી ગઈ. માટે તે અનુપમ મિલન છે, કારણકે જેની સાથે મળે તેની સાથે દુઃખ નહિ.



## સિદ્ધોના અને નિગોદજીવોના મિલનમાં ફરક :-

પ્ર. : નિગોદમાં પણ એક જ શરીરમાં અનંતા જીવ મળે છે, તો તે મિલન અનુપમ ન કહેવાય ?

ઉ. : ના, કારણ કે નિગોદમાં મિલન તે અનંતા દુઃખ સહવા માટે બને છે, કારણ કે એ બધા આત્માઓ કર્મો અને શરીરની ઉપાધિવાળા છે, જ્યારે અહીં સિદ્ધો ઉપાધિ રહિત છે, એટલે અનંતા સુખ ભોગવવા માટે એમનું મિલન થાય છે.

નિગોદમાં એક શરીરમાં અનંતા આત્મા ભેગા થાય છે, તે દરેકના આત્મપ્રદેશો એ એક જ શરીરના પ્રદેશો સાથે મળેલા છે. એટલે તે શરીર દ્વારા એક બીજાના દુઃખે દુઃખી થવા માટે મિલન થાય છે. એ કેવી રીતે ? તો કે **નિગોદમાં અનંત દુઃખ કેમ ?**

નિગોદમાંથી જેટલા જીવ મરે તે શરીરમાંથી છૂટતાં મરણાંત કષ્ટ સહન કરે, તે જ શરીરમાં બીજા જીવતા જીવો બેઠા છે. તે પણ દુઃખ અનુભવે. તેથી જેની સાથે મિલન છે, તેની સાથે દુઃખ છે. નરક કરતાં નિગોદમાં અનંતગુણ દુઃખ તે આ એક જ શરીરમાં અનંતાના મિલનતા કારણે પણ છે.

સિદ્ધ થયા એટલે અનુપમ જ્યોતિ સ્વરૂપ બન્યા, આમ થવાનું કારણ એ છે કે, તેમની સમસ્ત ઉપાધિ ટળી ગઈ, તેનો અંત આવી ગયો.

'ઉપાધિ' એટલે પરના સંયોગથી ઊભી થતી વિષમતા, અસ્વસ્થતા-વિકૃતતા-વિટંબણા. જ્યારે આત્મા અસિદ્ધ અવસ્થામાં હતો અર્થાત્ સંસારીપણે હતો, ત્યારે કર્મની વિટંબણા હતી, કર્મની નાલેશી હતી.

ભગવાન મહાવીરદેવ કેવળજ્ઞાની બન્યા, છતાં ગોશાળો વિટંબણા કરી રહ્યો હતો. શું વાંક હતો ભગવાનનો ? ભગવાન તો વીતરાગ હતા, અનંત કરુણાવાળા હતા; પરંતુ કહો કે ભગવાનને બાકી રહેલ કર્મની ઉપાધિ હતી, વિટંબણા હતી, વળી પાલકપાપીની ઘાણીમાં પીલાવામાં ૫૦૦ મુનિઓ કેવળજ્ઞાન પામેલ છે, છતાં હજી જીવતા છે ને પીલાવાનું તો ચાલુ જ છે. કેમ ? બાકીનાની અશાતા-કર્મની વિટંબણા ઊભી હતી. આવી બધી ઉપાધિ સિદ્ધ બન્યા પછી ટળી ગઈ-કર્મજ ન રહ્યાં, શરીરેય ન રહ્યું. એટલે બધી વિષમતા-વિટંબણા-અસ્વસ્થતા ગઈ. કર્મની સર્વ ઉપાધિ ગઈ એટલે આત્માને સર્વ પ્રકારની ગુલામીનો પરાધીનતાનો અંત આવી ગયો.

**કર્મની ઉપાધિ શું શું કરે ? :-** તે કર્મની વિટંબણાને લીધે મિથ્યાત્વ અને રાગાદિ કષાયો તથા મન-વચન-કાયાના યોગો, જેને કર્મબંધના હેતુ કહેવાય, તે કર્મબંધના હેતુ, કર્મની ઉપાધિ ટળી એટલે ટળ્યા, અર્થાત્ મિથ્યાત્વાદિની પણ ઉપાધિ ટળી. તેથી હવે કદીય એમને કર્મની ઉપાધિ વળગવાની નથી.

છેલ્લે જ્યાં સુધી મન-વચન-કાયાના યોગની ઉપાધિ હતી, ત્યાંસુધી આત્મ-પ્રદેશો ચંચળ હતા. અસ્વસ્થ-અસ્થિર હતા, ક્રિયાશીલ હતા, તે પણ યોગની ઉપાધિ ટાળી એટલે એમ અયોગી થતાં અસ્વસ્થતા ગઈ. અયોગી બનવા પૂર્વે અસિદ્ધ અવસ્થામાં કષાયયુક્ત સંસારીપણે જીવને મોહનીયકર્મની ઉપાધિથી ચિંતા-સંતાપ-માનસરોગ-શોક-વિકલ્પ હતા, હવે આ બધી લાખો ગમે ઉપાધિનો વીતરાગ-સર્વજ્ઞ બન્યાથી અંત આવી ગયો. તે પછી યોગની ઉપાધિ ટળી એટલે એ સર્વથા નિરુપાધિક બની મુક્ત થયા.

સિદ્ધ ભગવંત આતમ-રામ છે, એટલે કે કેવળ આત્મ-સ્વરૂપમાં રમનારા છે.

**'આતમરામ' અર્થાત્ આત્મ-સ્વરૂપમાં રમનારા એટલે આત્માના જે અનંત જ્ઞાન વીતરાગ દર્શન વગેરે સહજ ગુણો છે, તેની જ પરિણતિવાળા છે.** પર પરિણતિ બધી નીકળી ગઈ, એકલી સ્વગુણોની પરિણતિવાળા એટલે કે અનંતજ્ઞાન-અનંતદર્શન-અનંતચારિત્ર-વીતરાગતા અર્થાત્ ક્ષાયિક ક્ષમા તથા ક્ષાયિક નમ્રતાદિની પરિણતિવાળા છે.

આત્મા જ્ઞાનશીલ છે, આત્મા દર્શનશીલ છે. આત્મા ચારિત્રશીલ છે. આત્મા ક્ષમાશીલ છે; આત્મા ઉપશમશીલ છે; તત્શીલ એટલે તત્સ્વભાવવાળા છે - તન્મય છે. આમ તે તે ગુણોથી આત્મા અભિન્ન છે, આત્મા જ્ઞાનમય-દર્શનમય-ચારિત્રમય-ક્ષમામય-ઉપશમમય છે, તે બધું શુદ્ધ આત્માનું પરિણામ છે, પરિણતિ છે.

**'પરમાં રમનારા' એટલે :-** આપણે ક્ષમા-નમ્રતાને ખેંચી લાવવી પડે છે, કારણકે આપણામાં ક્રોધાદિ બળાત્કારે નહિ પણ સહજ ભાવે થઈ બેઠા છે, તેથી આપણા આત્મામાં ક્રોધાદિની તદાકાર પરિણતી છે, પરિણમન છે, એટલે આ ક્રોધાદિમાં આપણે રમનારા કહેવાઈએ. ક્રોધાદિ એ પરવસ્તુ છે, પર એવા જે કર્મ તેના એ વિપાક સ્વરૂપ છે, માટે એ પરની પરિણતિવાળા આપણે પરમાં રમનારા બન્યા. ખૂબી જુઓ, આપણે તો પર એવાં ક્રોધાદિમાં તન્મ્ય થઈ જઈએ છીએ, જ્યારે સિદ્ધ આત્મગુણમાં રમનારા એટલે કે (૧) આત્મગુણોમાં તન્મય (૨) આત્મગુણોથી અભિન્ન, (૩) આત્મગુણ-સ્વરૂપ અને (૪) આત્મગુણમાં એકાકાર છે. **શુદ્ધ આત્મગુણમાં એકાકાર તેનું નામ આતમરામ.**



**'રામ' એટલે રમનારા.** આત્મામાં રમનારા જે નથી, પણ જડમાં રમનારા છે, તે જડરામ છે, પુદ્ગલરામ છે, તે જડ ગુણોની સાથે એકાકાર થઈ ગયા છે, દા.ત. આપણને કોઈએ દબડાવ્યા તો આપણે તેથી સવાયા શબ્દો કહીએ છીએ, એ આપણે મદરામ  બન્યા.

પરંતુ હવે સિદ્ધનું આલંબન લઈ તેનાથી ઊલટું આતમરામ બનવાનું છે, ક્ષમા, નમ્રતા વગેરે આત્મસ્વભાવમાં રમનારા આતમરામ બનવાનું છે.

**"સિદ્ધ ભગવંત રમાપતિ છે." રમાપતિના બે અર્થ :-**

સિદ્ધ ભગવંત આતમરામ બની ગયા, એમ 'રમાપતિ' બન્યા છે. રમા એટલે લક્ષ્મી, તેના પતિ તે લક્ષ્મીના માલિક બન્યા. આ લક્ષ્મી એટલે કે આત્માની અનંતજ્ઞાન લક્ષ્મી-ક્ષાયિક અનંત ગુણ-લક્ષ્મી : એના માલિક બન્યા, અથવા રમાપતિ એટલે વિષ્ણુ, અને વિષ્ણુ એટલે વ્યાપક. સિદ્ધ ભગવાન કેવળજ્ઞાનથી વ્યાપક છે, ત્રિકાળ વિશ્વવ્યાપી છે. કેમ કે એમનું જ્ઞાન સર્વત્ર, સર્વ દેશકાળમાં પહોંચે છે.

આવા સિદ્ધ ભગવંત સાચા ધનાઢ્ય છે, સાચા તવંગર છે. માટે તેમનું સ્મરણ કરો. તેવા સિદ્ધ ભગવંતને સ્મરવાથી સહજ સમાધિ મળે, સમાધિ હાથવેંતમાં પ્રાપ્ત થાય.

**સમાધિ એટલે ?** જેમાં મન કે આત્મા સારી રીતે સ્થાપિત થાય, સ્વસ્થ બને, તેનું નામ સમાધિ છે. પછી દુઃખ નહિ, ચિંતા નહિ, જે અવસ્થામાં ઔપાધિક હર્ષ ખેદ ન હોય.

જે દુન્યવી હર્ષ ખેદ છે, તે પૌદગલિક વસ્તુ અંગે હર્ષ ખેદ છે. તે બધામાં આત્માને ઝોલાં ખાવા પડે. હર્ષમાંથી ખેદમાં ને ખેદમાંથી હર્ષમાં ! એ જેને નથી તે અવસ્થા તે સમાધિ. આત્માનું, મનનું સ્થિર સંસ્થાપન અર્થાત્ ઉન્માદ-સંતાપ વિનાનું સ્થાપન, તે સમ્યક્ સ્થાપન છે. હર્ષમાં ચિત્ત ઉન્માદમાં ચડે છે, ખેદમાં, સંતાપમાં પડે છે; પણ આ બેય નથી એવું મનનું સ્થિર સ્થાપન અર્થાત્ હર્ષ ખેદ વિનાનું સ્થાપન તે સમાધિ.

દા.ત. લાખો રૂપિયા મળ્યા કે દીકરો મળ્યો, તોય કાંઈ અસર નહિ, ને લાખો રૂપિયા ગયા કે દીકરો ગયો તોય કાંઈ અસર નહિ. પૌદગલિક પ્રતિકૂળ સંયોગો મળ્યા તોય કાંઈ મન બગડે નહિ. સાધુને મોટું સન્માન મળ્યું તોય તેમને કાંઈ થતું નથી.

## પુણ્યોદયમાં સમાધિ કેમ રહે ?

પ્ર. : પૌદ્‌ગલિક સારામાં સારી અનુકૂળતા મળે છતાં હરખ કેમ ન થાય ? ને હરખ થતો હોય, તો તે કેમ અટકાવવો ?

ઉ. : એવો જો વિચાર રખાય કે 'આ મળ્યા છતાં આત્માનું કાંઈ વધતું નથી, કે સીઝતું નથી, ન પુણ્યાઈ વધે, કે ન જ્ઞાન વધે, કે ન દર્શન વધે, યા ન સદ્‌ગતિ નક્કી થાય, એટલે પછી બાહ્ય સંપત્તિ 'સન્માન કે અનુકૂળતા મળી એમાં શું હરખાવું ?' આમ વિચારીએ તો હરખ અટકાવાય.'

બીજો વિચાર એ પણ છે કે આ સંપત્તિ અભિમાની નવી પત્ની જેવી છે કે જે આવી ત્યારથી પતિને ટોણાં મારે છે કે 'તમે જો આમ કરો તો હું મારા બાપને ઘેર ચાલી જઈશ.' આવી પત્ની પામીને પતિ સમજી રાખે છે કે આ જ્યારે ત્યારે જવાવાળી છે, ને એ સમજીને એવી પત્ની મળ્યાથી હરખાતો નથી, પણ સાવધાન રહે છે. બસ, એ રીતે આવેલી સંપત્તિ કહી રહી છે કે હું જ્યારે ક્યારે ય જવાની, છેવટે મૃત્યુ પછી તમારી સાથે તો નહિ જ આવવાની, આ જો સમજી રખાય તો એવી સંપત્તિ પર શાનો હરખ થાય ?

હા, આત્માનું જ્ઞાન વધે, આત્માની વિરક્ત દશા વધે તો આત્માને સારું વધ્યું કહેવાય, પણ પૌદ્‌ગલિક અનુકૂળતાથી તો આત્માનું પુણ્ય વટાવાઈ જાય છે, પાપ વધે છે, ને સંપત્તિ જોઈ જોઈને આત્માની વિરક્ત દશા ઓછી થાય છે. આ જોઈને અનુકૂળતા પર હરખ ન થાય.

તેનાથી ઊલટું પ્રતિકૂળતા આવી, કોઈએ અપમાન કર્યું, કોઈએ લુચ્ચો હરામખોર કહ્યો, તો ત્યાં ખેદ ન થવા દેવા માટે તે વિચારે કે 'આમાં કે મારાં આત્માનું કાંઈ બગડ્યું નથી, સારું કાંઈ ટળ્યું નથી, તો મારે દુઃખ-અસમાધિ કરવાની જરૂર નથી.' 'એમ વિચારી ખેદ ન કરે, ચિત્તની સમાધિ સાચવી રાખે તો બહારનું બગડવા પર આત્માનું બગડવા દીધું નહિ કહેવાય.'

દા.ત. સીતાને લોકોએ હલકી ગણી તો રામે તેને કાઢી મૂકી, તો પછી સીતા દુઃખી કેમ ન થઈ ? સીતાને ક્ષણવાર થયું કે "આવો ખોટો આરોપ ? ગુના વિના આવી સજા ?" પણ ક્ષણ પછી થયું કે 'ભલે' મારા આત્માને તેથી શું બગડ્યું છે ? આત્માને સારું થયું, પૂર્વના અશુભ કર્મ ખપી જાય છે.'

**સિદ્ધનું સ્મરણ શા માટે ને કેવી રીતે કરવું ? :-** હરખ ને ખેદની વિચારણા કાઢવા માટે સિદ્ધ ભગવંતાનું સ્મરણ પ્રેરક બને છે. સ્મરણ આવી રીતે કરવું :-



"સિદ્ધ ભગવંતની સામે જોઉં ને અહીં મને મળતાં સન્માનથી જો હું ખુશી થાઉં તો સિદ્ધ ભગવંત પોતાના જ્ઞાનમાં મને હલકો જુએ. એ જાણે કહે છે મને,- 'મૂર્ખ ! શામાં ખુશ થાય છે ? માન કરે એથી તારા જ આત્માની મલિનતા વધે છે. અમારા જેવી સ્વતંત્રતા જોઈતી હોય, તો આ જગતની અનુકૂળતા-પ્રતિકૂળતા તરફ આંખ મીંચી દે, એનું મૂલ્યાંકન ને પરવા છોડી દે, તેની કિંમત કોડીની પણ ગણી શકાતી નથી. આત્માની દૃષ્ટિએ માનનીય કોઈ કિંમત નથી, ને અપમાનની ય કોઈ કિંમત નથી.'

"સિદ્ધ ભગવંત માન-અપમાન, હરખ-ખેદ, શોક-ઉદ્વેગ... વગેરે દ્વન્દ્વોથી પર થઈ બેઠા છે, તેથી જ સિદ્ધ ભગવંત માત્ર આત્મગુણોમાં આત્મસ્વરૂપમાં રમનારા આતમરામ છે."

"માન મળ્યું તો ખુશ, અપમાન મળ્યું તો નાખુશ,"

આમ થાય એ બહારની દુનિયામાં રમવાનું થાય છે, બહારના પદાર્થોના ગુણોમાં લેપાવાની થાય છે, નિર્લેપતા રહેતી નથી. સિદ્ધ ભગવંતે આ લેપાવાનું છોડી દીધું, તેથી તેઓ પૂરા સ્વસ્થ થયા." આમ સિદ્ધ ભગવંતનું સ્મરણ કરતા રહીએ તો સહજ સમાધિ મળે. બહારના સંબંધ દૂર કર્યા એટલે હવે સંબંધ રહ્યો ફક્ત આત્માના ગુણો સાથે.

કોઈ સિદ્ધ ભગવંતની નિંદા કરે, કે તેમના ગુણો ગાય તેની અસર કાંઈ તેમને ન થાય. તે તો તે નિંદક આત્માનું તેવું મલિન સ્વરૂપ ફક્ત દેખતા રહે. એનામાં રમનારા નહિ. તેઓ તો તેમના ગુણોમાં જ રમનારા છે.

દા.ત. જેમ મોટો ગજરાજ રસ્તા પરથી ચાલ્યો જતો હોય ત્યારે શેરીમાંથી નાકે આવી કૂતરા ભસતા હોય છે. તે વખતે ગજરાજ સૂંઢ વતી મારવા ન જાય, કારણ કે તે વિચારે છે. 'આ ક્ષુદ્ર પ્રાણી છે, હું મહાન છું. મારે એને શા લેખામાં લેવો ?' કુંજર કીડીને શું ગણે ?

**ક્રોધ કેમ અટકાવાય ? આપણે કોના વારસદાર ? :- મહાન આત્માની મહાનતા એ છે કે હાથીની જેમ તેને ક્ષુદ્રની ક્ષુદ્રતા લેખામાં નથી. તેનું કાંઈ મૂલ્યાંકન ન કરે, તેથી પોતે સ્વસ્થ રહે.**

આ ઉપરથી સરસ બોધ મળે છે કે 'આપણી સામે કે પાછળ કોઈ ગમે તે ગમે તેવું હલકું બોલે, તો ત્યાં વિચાર કરવાનો કે "તે ક્ષુદ્ર છે, હું મહાન છું. મારી પાસે ધર્મ છે, સંયમ છે, મારી પાસે મહાપુરુષોની છાયા છે. હું ગજસુકુમાર-

ખંધકમુનિનો વારસદાર છું. સીતા, સુદર્શન જેવા આત્માનો વારસદાર છું. આવા મહાન આત્માના વારસદાર અને એમનું આલંબન લેનારા મારી મહાનતા એ કે ક્ષુદ્રની ક્ષુદ્રતાને લેખામાં ન લેવી. કોઈ ગમે તેવું વાંકું બોલે તેની સામે મારે ગજરાજ બની જવાનું." પરંતુ આપણે Theoritical સૈદ્ધાન્તિક બન્યા પછી Practical આભ્યાસિક બનતા નથી.' ભંગી સામે ભંગી થઈએ છીએ. 'ભંગી બહુ ગુસ્સે થાય તો સામે ટોપલામાં રહેલ વિષ્ટા નાખે, તો તેની સામે સારા માણસથી તે ન નખાય. તે ભંગી છે, હું ભંગી નથી.' આવું વિચારી આપણાથી ગુસ્સારૂપી ભંગીના ઘરના ન બનાય.

સિદ્ધ ભગવાન જ્ઞાનમાં બધું જુએ છે, પણ તે લેખામાં લેતા નથી. તે સિદ્ધ ભગવાન આતમ-રામ છે, રમાપતિ છે. તેવા સિદ્ધ ભગવંતને આપણે હંમેશ નજર સામે રાખીએ તો સાધ્ય સિદ્ધ થાય.

❖ ❖ ❖

અહીં ઢાળ પૂરી થઈ. હવે દુહો,-

**"રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંસણ નાણી રે,**
**તે ધ્યાતા નિજ આતમા, હોયે સિદ્ધ ગુણ ખાણી રે."વીર૦ ૩**

જે સિદ્ધ ભગવાન રૂપાતીત અરૂપી સ્વભાવવાળા અને કેવળ દર્શન કેવળ જ્ઞાનવાળા છે, તેમનું ધ્યાન કરતાં પોતાનો આત્મા અરૂપી સ્વભાવવાળો થાય છે. આપણો આત્મા ગુણની ખાણવાળો સિદ્ધ બને છે.

**આત્મા રૂપારૂપી કેમ ? :-** અરૂપી સ્વભાવ મૂળમાં આત્માનો હતો જ, પણ તે પ્રચ્છન્ન હતો, પ્રગટપણે તો રૂપી શરીર સાથે તે ક્ષીરનીર માફક તદાકાર બની ગયો હતો, શરીર રૂપી, તો પોતે રૂપી, એ રીતે શરીર સાથે તદાકાર બની ગયો હતો, એટલે આત્મા ત્યાં રૂપી-અરૂપી અર્થાત્ રૂપારૂપી હતો, તે હવે સર્વથા અરૂપી બને છે.

અરૂપી સ્વભાવવાળો બન્યો એટલે કાયમ માટે કાયાનો સંબંધ રહ્યો નહિ; તેથી હવે તે અરૂપી સ્વભાવમાં આવેલા સિદ્ધ ભગવંતે કોઈ અંશમાં રૂપી નથી, એટલે રૂપીને જે ઉપાધિ આવે છે તે બધાથી રહિત બન્યાં. એવા સિદ્ધ ભગવંતનું જે ધ્યાન ધરે છે, તેમણે ય અરૂપી બનવાનું ધાર્યું હોવાથી, એ કોઈ દુન્યવી રૂપને મહત્ત્વ આપવાનું રાખે નહિ. તેથી એ આત્મા સિદ્ધ બની જાય છે.



**ગુણની ખાણમાંથી ગુણ મળે :-** જેમ રત્નની ખાણમાંથી રત્ન મળે, કોલસાની ખાણમાંથી કોલસા મળે, તેમ ગુણની ખાણસ્વરૂપ સિદ્ધ ભગવંત પાસેથી ગુણો પ્રાપ્ત થાય. સિદ્ધનું ધ્યાન કરતાં સિદ્ધ થવાય. અરિહંતનું ધ્યાન કરતાં અરિહંત થવાય.

ગજસુકુમાર જેવા મહામુનિનું ધ્યાન કરતાં મહામુનિ બનાય. ફક્ત ધ્યાન કરતાં આવડવું જોઈએ,

**સિદ્ધપણું કાયમી કેમ ? :-** ભમરીના ગુંજારવમાં મગ્ન બનેલ ઈયળ પોતાનું ઈયળપણું ભૂલી જાય છે, ને પોતે ભમરી બની જાય છે. તેમ સિદ્ધ ભગવંતનું રટણ-સ્મરણ-ધ્યાન સતત કરવાથી પોતાનું રૂપી સંસારીપણું ભૂલી જઈ સિદ્ધ થવાય. સિદ્ધ થયા પછી તે સિદ્ધપણું કદી જાય નહીં, કેમકે એ સર્વકર્મક્ષય જનિત છે. જ્યારે, સંસારમાં એવી કશી સિદ્ધતા-સિદ્ધિ કાયમી નથી, કેમકે એ કર્મના ઉદયથી કે ક્ષયોપશમથી પ્રેરિત છે, અને તે કાયમી જેવી.

દા.ત. યશની સિદ્ધિ યશનામકર્મના ઉદયથી પ્રેરિત હોઈ એ કર્મ ક્ષીણ થયે એનો ઉદય બંધ, તો યશ પણ બંધ ! વિદ્યાસિદ્ધિ જ્ઞાનાવરણાદિ કર્મના ક્ષયોપશમથી પ્રેરિત, તે ક્ષયોપશમ બંધ પડતાં વિદ્યા-સિદ્ધિ અલોપ !

માત્ર, કર્મના સર્વક્ષયથી લાભે તે સિદ્ધિ કાયમ. દા.ત. દર્શનમોહનીય કર્મ-સપ્તકના સર્વ ક્ષયથી થતું ક્ષાયિક સમ્યક્ત્વ, તે કાયમી-શાશ્વત બની ગયું, એમ સિદ્ધને આઠેય કર્મના સર્વક્ષયથી સિદ્ધતા આવી તે કાયમી.

આમ સિદ્ધ ભગવાન "રૂપાતીત સ્વભાવ જે, કેવળ દંસણ નાણી રે" છે તેમનું ધ્યાન ધરવામાં આવે, તો તેમના સમાન થવાય. કહે છે-

**"તે ધ્યાતા નિજ આત્મા, હોય સિદ્ધ ગુણ ખાણી રે"**

પ્ર. : સિદ્ધનું ધ્યાન સસ્તું લાગે છે. સિદ્ધનું ધ્યાન કરો ને તમે સિદ્ધ થઈ ગયા, બીજી કશી પંચાત જ કરવાની રહી નહીં. વાહ !

ઉ. : સિદ્ધનું ધ્યાન સસ્તું નથી. તેમનું જે ધ્યાન કરવાનું છે, તે રૂપાતીતનું એટલે કે અરૂપીનું ધ્યાન કરવાનું છે, એટલે એમાં અંશમાત્ર પણ રૂપીપણાનું ધ્યાન નહિ. વળી આ ધ્યાનને અભેદ પ્રણિધાન રૂપ ધ્યાનમાં લઈ જવાનું છે. ત્યારે સિદ્ધ બનાય.

**ધ્યાન બે પ્રકારે :**

**(૧) સંભેદ પ્રણિધાન, અને (૨) અભેદ પ્રણિધાન**

'સંભેદ પ્રણિધાન'માં જેનું ધ્યાન કરવાનું હોય એને આપણી નજર સામે બહારમાં રાખી, એના પર મન એકાગ્ર કરી માત્ર એનું જ માનસિક દર્શન કરવાનું

હોય છે.

દા.ત. અરિહંત ભગવાનનું ધ્યાન કરવાનું હોય તો ધ્યાનસ્થ આંખે આપણે નજર સામે અષ્ટ પ્રાતિહાર્ય સહિત અરિહંત ભગવાનને જોયા કરવાના. એમાંય ખાસ કરીને પ્રભુની ચક્ષુમાં નિર્વિકારતા અને કરુણા તરવરતી જોવાની. એ જોતાં જોતાં મનને 'અહો ! અહો !' થાય, અહો ! કેવી નિર્વિકાર પ્રશાંતતા ! કેવી કરુણા આંખોમાંથી વરસી રહી છે !

સિદ્ધ ભગવાનનું ધ્યાન કરવાનું હોય તો માનસિક નજર સામે સિદ્ધશિલા પર બિરાજમાન સ્ફટિક જેવા અત્યંત નિર્મળ અને શુદ્ધ જ્ઞાનની રત્નજ્યોતિવાળા તથા અનંત સુખમાં ઝીલતા અને લેશ પણ કોઈનીય બાધાથી રહિત સર્વથા સ્વતંત્ર સિદ્ધ ભગવાન નજરમાં લાવવાનાં. મન એમના પર કેન્દ્રિત કરવાનું. એ જોતાં જોતાં મનને અહોભાવ થાય.

**ધ્યાનમાં અહોભાવ ને ગદ્‌ગદતા : અરિહંત જેવા ફિરસ્તા નહિ :-**

આ ધ્યાન થાય એ પણ અહોભાવ અને ગદ્‌ગદતા સાથે થાય. અહોભાવ એટલા માટે કે દા.ત. અરિહંત દેવના અંગે મનને એમ થાય કે 'અહો ! પ્રભુ કેવા સાચા જગત ઉપકારી કે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોને ય તારવાની કરુણા ભાવના એમણે કરી ! તેમજ દુનિયાને એકેન્દ્રિય જીવોની પણ ઓળખ કરાવી ! એમની રક્ષા કરાવનાર અને એમને અભયદાન દેવરાવનારા બને છે. જગતમાં એવા બીજા કોઈ ધર્મના ફિરસ્તા નથી કે ભાવના વરસાવી હોય. આ જગતની પાસે ઠેઠ એકેન્દ્રિય સુધીના જીવોને અભયદાન દેવરાવતા હોય, જ્યાં આટલી સૂક્ષ્મતા એ એકેન્દ્રિય પૃથ્વીકાય-અપ્‌કાય વગેરેની તથા નિગોદના અનંતકાય જીવોની ઓળખ જ ન હોય, એ જીવોમાં જીવ તરીકેની ગંધ પણ ન હોય, એની ખબર જ ન હોય એવા જીવોની જાતેય કરુણા ક્યાંથી ચિંતવે ? અને જગતનેય કરુણા અને અભયદાન કરાવવાનું શી રીતે કરી શકે ?'

વળી જગતના જીવોની કરુણામાં ય એ જીવોને કર્મના સકંજામાંથી છોડાવવાની કરુણા અને એ માટે સમ્યગ્દર્શન, જ્ઞાન-ચારિત્ર પમાડવાની ય કરુણા કરનાર અરિહંત સિવાય કોણ ફિરસ્તો છે ? ઓઘથી કહેવું કે - 'પરમાત્મા-ઈશ્વર જગતના જીવો પર કરુણા કરનારા છે, રહેમ રાખનારા છે, પરંતુ શી કરુણા ? કેવી કરુણા ? એનો કોઈ વિશેષ ખ્યાલ જ નહિ, એ માનેલા ઈશ્વર શી રીતે અરિહંતના અંશમાંય આવી શકે ?'



**ઈશ્વર જગતકર્તા નથી :-** ઊલટું, બીજા ધર્મવાળા ઈશ્વરને જગતકર્તા માની ઈશ્વરનું ગૌરવ નીચું ઊતારી રહ્યા છે; કેમ કે જગતની અંતર્ગત નરકનાં સ્થાન, સાધન, શસ્ત્રો, અને નરકના સીતમ વરસાવનારા જમડાઓનાં સર્જન ઈશ્વર કરે છે. એમ માનવાનું થાય છે, એમણે આમાં ઈશ્વરને જીવો પર દયા, કરુણા કરનારો માન્યો ? પછી બચાવમાં ઈશ્વર એ જીવોને એનાં પાપનાં ફળ ભોગવી એ પાપોથી મુક્ત કરવાની દયા કરનારો કહે, એ બચાવ તો કોઈ કસાઈ કરે, કે 'હું પણ મરઘાં-બકરાં-બળદ વગેરેને કાપી, એમનાં પાપનાં ફળ આપીને એમને પાપથી મુક્ત કરવાની દયા જ કરું છું.' એના જેવો જ બચાવ છે. બાકી ખરેખર તો ઈશ્વર કસાઈની હરોળમાં આવી ઊભો !

અહીં કદાચ દલીલ કરે કે,-

પ્ર. : કસાઈ અને ઈશ્વરમાં મોટો ફરક છે, તે એ, કે કસાઈ તો કત્લેઆમમાં પ્રાણીઓનું માંસ મેળવવાના પોતાના લોભને લીધે તથા પોતાના અધમ સ્વાર્થને લીધે હિંસા કરે છે; ત્યારે ઈશ્વરને નાહકની કત્લેઆમ ચલાવવામાં કોઈ એવો લોભ કે સ્વાર્થ નથી, એટલે ઈશ્વરની તો આમાં જીવોને પાપ ભોગવાવીની લઈ જીવોને પાપથી મુક્ત કરવા દયા જ કહેવાય ને ?

ઉ. : આ દલીલ પણ વાહિયાત છે; કેમકે જેમ ડોક્ટરને લોભ અને સ્વાર્થ હોવા છતાં જો એ દર્દીને ભયંકર દર્દ પણ મટાડી દર્દીને લાભ કરી દે છે, તો દયાળુ કહેવાય છે. દર્દી પણ માને છે કે, "મારા પર અમુક ડોક્ટરે બહુ દયા કરી, તો મારો ભયંકર રોગ મટ્યો, મને જીવનદાન મળ્યું. આ તો આ ડોક્ટર હોય નહિ ને હું મરતો બચું નહિ." એમ કસાઈ પણ દલીલ કરી શકે કે મારે પણ ભલે સ્વાર્થ અને લોભ છે, છતાં હું જગતના માંસાહારી જીવોને એમનો ખોરાક પૂરો પાડું છું તો જ એ માંસાહારી જીવો જીવી શકે છે. એટલે મારી કત્લેઆમ ચલાવવામાં પણ માંસાહારી જીવોને ખોરાક પૂરો પાડી જીવતા રાખવાની દયા જ રહેલી છે."

કસાઈ આવી દલીલ કરે અને કહે : "ભલે ઈશ્વર જેટલી નિઃસ્વાર્થતા, નિર્લોભતા નહિ, કિન્તુ દયા કરું છું એ હકીકત છે." એમ ઈશ્વર જોડે પોતાની અંશે દયાળુપણાની સરખાઈ રાખ્યાનો બચાવ કરે, તો જગત્કર્તા ઈશ્વરવાદીઓ એની સામે શો બચાવ કરી શકે ?

જગત્કર્તા ઈશ્વરવાદીઓનો મૂળ પાયો જ ખોટો છે, એટલે ઈશ્વરમાં કસાઈ સાથેની સમાનતા હોવાથી આપત્તિ આવે ત્યાં બચાવ પણ પોકળ લૂલો જ થાય, એમાં નવાઈ નથી. કદાચ કહો :

## જગત્કર્તા દયાળુ ન હોઈ શકે :

પ્ર. : જેમ ન્યાયાધીશ ન્યાય તોલીને ખૂનીને ફાંસીની સજા ફરમાવે એમાં એ નિર્દય નથી ગણાતો; એ તો માત્ર ન્યાય તોલનારો ગણાય છે. પાપીએ પાપ કર્યું છે. એને ધોવા એણે ફાંસીની સજા ભોગવવી જોઈએ; એમ ન્યાયાધીશ એ સજામાત્ર જાહેર કરે છે એટલું જ, તેથી એ નિર્દય કસાઈ જેવો નથી ગણાતો; એમ ઈશ્વર પણ પાપી જીવોનાં પાપનો ન્યાય ચુકવે છે, એમાં - ઈશ્વરમાં કસાઈ જેવી નિર્દયતા શાની ગણાય ?

ઉ. : આ બચાવ પણ અર્ધદગ્ધ છે; કેમ કે ન્યાયાધીશ તો માત્ર સજા જાહેર કરે છે. એટલું જ, પરંતુ કેદીને જાતે ફટકારવા કે ફાંસીએ ચડાવવા યા ગળું છેદી નાખવા નથી જતો, અને જો ન્યાયાધીશને જાતે એ તાડન કે જાતે કસાઈ જેમ હત્યા કરવા જવાનું રહેતું હોય તો જગતનો કોઈ સારો માણસ ન્યાયાધીશ થવા તૈયાર થાય જ નહિ. એટલે જ ન્યાયાધીશને હજી ન્યાય ચૂકવનારો કહી શકાય, પરંતુ અહીં તો જગત્કર્તા ઈશ્વરને બધી જ વસ્તુ અને બધા જ તાડન પીટન ઇત્યાદિ કાર્યોનો સર્જક માનવામાં આવે છે, તેથી નરકગામી જીવોનાં પાપનો માત્ર ન્યાય ચુકવવાનો નથી રહેતો, કિન્તુ એવી નરકાદિ સાધનો સર્જનાર અને ઈશ્વર જાતે જ પાપી જીવોને કૂટનાર તથા જીવલેણ શસ્ત્રો મારનાર તરીકે માને છે, આમાં ઈશ્વરમાં માત્ર એકલું ન્યાય ચુકવનારપણું ક્યાં રહ્યું ? અને આનાથી વિશેષ અ-ઘટતું અસંમજસ તો એ છે કે

જો ઈશ્વર ખરેખર દયાળુ હોય તો પાપી જીવો પર માતાની જેમ રહમ કરી પાપ ગુના માફ કરી દેનારો ને જીવોને ધર્મમાર્ગે ચડાવીને પાપ કરતો અટકાવનારો હોય પરંતુ ઈશ્વરવાદી આવું કાંઈજ માનતો નથી એટલે એમના જગત્કર્તા ઈશ્વરમાં માતાની જેમ દયા-વાત્સલ્ય ક્યાં આવ્યું ?

વળી જો ઈશ્વર પાપીઓના પાપનો ન્યાય ચૂકવે છે, તો સવાલ તો એ છે કે જીવને પહેલેથી પાપ-ગુના કરતા જ કેમ અટકાવતો નથી ? જગત્કર્તા બની જીવોને ગુના કરવામાં ય કારણ બનવું, ને જીવોને ગુના કરવા દેવા, અને પછી એની કારમી સજા ઈશ્વરે ઠોકવી, એ ક્યાંનો ન્યાય ? ખરેખર તો જગત-દયાળુ ઈશ્વરે જીવોને મૂળમાં પાપ જ ન કરવા દેવું, પાપ કરતાં જ અટકાવવા, પાપનાં સાધન જ ન પૂરાં પાડવાં, એવું કેમ ન કરે ?

જગતમાં કોઈ એવો અબૂઝ પણ સિપાઈ-કોટવાળ નહિ હોય કે જે પોતાની નજર સામે ખૂનીને ખૂન કરવા દે, ને પછી એને કોર્ટમાં પકડી જાય ! ત્યારે



જગત્કર્તા ઈશ્વર માનનારને તો આ આપત્તિ છે કે જીવોને એ પાપ કરવા દે છે, ને પછી સજા ઠોકે છે. એટલે બુડથલ સિપાઈ જેવું તો શું પણ એનાથીય હલકાં વિદૂષક કામ કરનારો ઠરે છે.

તાત્પર્ય, ઈતરોને માન્ય ઈશ્વરમાં એવી દયા, કરુણા નથી જે અરિહંત દેવમાં છે.

'અરિહંત'ના સંભેદ પ્રણિધાનમાં અરિહંતને માનસિક નજર સામે રાખી એમની કરુણા, ઉપકાર અને ગુણો પર અહોભાવ સાથે અને દિલ ગળગળું કરીને એમના પર મન એકાગ્ર કરવાનું છે.

**સિદ્ધનું ધ્યાન કેમ ધરવું ?** એમ સિદ્ધનું ધ્યાન ધરવા માટે સિદ્ધ ભગવંતોને સિદ્ધશિલા ઉપર મનથી જોતાં રહેવાનું; તે પણ એમણે કરેલા સર્વ કર્મક્ષયના શ્રેષ્ઠ અને જંગી પુરુષાર્થ તથા એમના અનંત ગુણો અને તદ્દન શુદ્ધ અવસ્થા, તથા એમના અ-સાંયોગિક સ્વાભાવિક અનંત સુખ પર ઓવારી જઈ 'અહો ! કેવું અપ્રતીમ આત્મપરાક્રમ ! અહો ! કેવા અનંત ગુણો ! અહો ! કેવા પૂર્ણ શુદ્ધ અને અનંત સુખ સંપન્ન !' એવા અહોભાવ સાથે ધ્યાન કરવાનું. એમાંય દિલ ગળગળું કરવાનું. દિલ ગળગળું એટલા માટે થાય કે 'મારે જે જોઈએ છે, એ હે સિદ્ધ ભગવાન ! આપે પ્રાપ્ત કરી લીધું, ને હું હજી સંસારમાં કર્મબેડીએ જકડાયેલો ગુલામ તથા અનંત દોષ ભરેલો રહ્યો છું !'

આ સંભેદ-ધ્યાનમાં આપણે અરિહંત કે સિદ્ધ ભગવાનને આપણાથી ભિન્ન તરીકે સામે જોઈએ છીએ તેથી આ સંભેદ પ્રણિધાન છે. આપણે ધ્યાતા છીએ, અને ધ્યાનનો વિષય અરિહંત-સિદ્ધ એ ધ્યેય છે; ધ્યાતા ને ધ્યેય જુદા હોવાથી સંભેદ પ્રણિધાન કહેવાય છે.

## અભેદ-ધ્યાનમાં કેમ જવાય ?

(૨) અભેદ-પ્રણિધાન, એટલે અભેદ-ધ્યાન, જેમાં ધ્યાતા અને ધ્યેય એક રૂપે ભાસે, પ્રસ્તુતમાં અરિહંત કે સિદ્ધનું સંભેદ પ્રણિધાન હૃદયથી ખૂબ વાર કરાય એટલે એ કરતાં એના સંસ્કાર વધ્યે જ જાય. સંસ્કારો વધતાં અરિહંત-સિદ્ધ નજર સામે ને નજર સામે તરવર્યા કરે, એમ તરવરવાનું ચાલુ છે ને ધ્યાન ચાલુ છે, એમાં હવે અભેદ ધ્યાનમાં જવું છે તેથી ધ્યાનના વિષય યાને ધ્યેયને હવે નજર સામે બહારમાં ન રાખતાં આપણા શરીરની અંદર હૃદયમાં રાખી આંતરિક નજરે ત્યાં ધ્યાનથી જોયા કરવાના એ પણ પૂર્વે કહ્યું તેમ અહોભાવ અને ગદ્ગદભાવ

સાથે જોયા કરવાના. હૃદયમાં ન ફાવે તો મગજમાં અર્થાત્ લલાટની અંદર જોવાના; તે પણ ધ્યેયની વિશેષતાઓ સાથે જોવાના.

હવે જ્યારે અંતરમાં અરિહંત-સિદ્ધ આદિ ધ્યેયને જોઈએ ત્યારે, અભેદ-પ્રણિધાનમાં એટલે કે અભેદ ધ્યાનમાં જવા માટે, ધ્યેયના ગુણ આપણા આત્મામાં આરોપવાના છે. એ માટે એ કરવાનું કે ધ્યેયનું પ્રતિબિંબ આપણા આત્મા પર પડે છે, એમ કલ્પના કરવાની. એ પ્રતિબિંબ પણ ગુણ સહિત ધ્યેયનું કલ્પવાનું.

દા.ત. અરિહંતને બહિર્ધ્યાનમાંથી અંતર્ધ્યાનમાં લાવ્યા એટલે અંતરમાં અરિહંતને વીતરાગ સર્વજ્ઞ તરીકે જોવાના, અને એમનું પ્રતિબિંબ આપણા આત્મામાં વીતરાગતા-સર્વજ્ઞતા સાથે ઝીલવાનું. એ પ્રતિબિંબ ઝીલીએ એટલે આપણને એમ લાગે કે જાણે વીતરાગ અરિહંત આપણા આત્મામાં સંક્રમી ગયા ! તેથી આપણો આત્મા પણ વીતરાગ-સર્વજ્ઞ જેવો ભાસે. ખાસ તો વીતરાગ એટલે રાગ દ્વેષ અવિરતિ-આસક્તિ, કામ-ક્રોધ લોભ, મદ-માયાદિ વિકાર વિનાનો ભાસે ! એમ કલ્પવાનું.

આ નિર્વિકારતાનો આપણામાં અવતાર દૃઢ કરવા માટે કોઈ એક અરિહંત ભગવાન દા.ત. પ્રભુ મહાવીર ભગવાનનું પ્રતિબિંબ આપણા આત્મામાં ઉતારવાનું; એટલે જાણે મહાવીર ભગવાન આપણા આત્મામાં સંક્રમી ગયા છે, એમ ધારવાનું.

એમાં ભગવાન આપણા આત્મામાં એકમેક થઈ ગયા એટલે જાણે આપણો આત્મા જ મહાવીર ભગવાન થઈ ગયો ! એમ કલ્પવાનું; પછી એમની નિર્વિકારતા આપણામાં આવી ગઈ છે એ જોવા માટે સક્રિય નિર્વિકારતા સર્વવિરતિ અને અનાસક્તિ કલ્પવાની.

## મહાવીર પ્રભુની નિર્વિકારતા આપણામાં કેમ કલ્પાય ?

સક્રિય નિર્વિકારતા કલ્પવા માટે એમ ધારવાનું કે જાણે મહાવીર ભગવાન પરના ઉપસર્ગ આપણા પર વરસી રહ્યા છે અને આપણે એમાં નિર્વિકાર રહેલા છીએ ! અર્થાત્ કોઈ જ લેશ પણ રાગ-દ્વેષ-ભય-હાયવોય ઊઠતી જ નથી, એટલા બધા આપણે જીવલેણ ઉપસર્ગમાં પણ નિર્વિકાર રહ્યા છીએ એ કલ્પવાનું.

ઉપસર્ગોમાં દા.ત. આપણા શરીરને કીડીઓ આરપાર ચટકી રહી છે, અથવા માથે પાંચ હજાર મણનું ભારે લોખંડી કાલચક્ર આપણા મસ્તક પર જોસથી પટકાય છે, એની ગાઢ વેદના ઊઠે છે, પરંતુ આપણે એને ગણકારતા નથી, લેશ પણ અરેરાટી કરતા નથી, અરે ! પ્રભુ શ્રી મહાવીર ભગવાનની જેમ દ્વેષ-ઉદ્વેગ-



હાયકારો લેશ પણ કરતા નથી. અરે ! એટલું પણ મનમાં લાવતા નથી કે 'આ ખોટું થઈ રહ્યું છે અગર ઉપદ્રવ કરનારો સારો માણસ નહિ;' એવા આપણે નિર્વિકાર રહીએ છીએ. એમ ચંદનબાળાનો અભિગ્રહ કરી રોજ ગોચરી જઈએ છીએ, રોજ ભિક્ષા વિના પાછા ફરીએ છીએ, છતાં, અવિકૃત રહીએ છીએ. રાબેતા મુજબ ગોચરી માટે નીકળવાનું એટલું જ, પરંતુ લેવા જવા માટે એવી ન ઉત્સુકતા, કે ન અપ્રાપ્તિમાં દીનતા યા નિરાશા, ને ગોચરી વિના પાછા આવ્યા પછી પણ એનો એકપણ વિકલ્પ નહિ, તેમ પારણું મળતાં પણ હરખ નહિ, એવી નિર્વિકારતા સ્વમાં આરોપવાની.

સમવસરણ, નવ કમળ, ૮ પ્રાતિહાર્ય, ઝૂકી ઝૂકીને નમતી ને સામું ટગર ટગર જોઈ રાજી થતી ઈંદ્રાણીઓ અપ્સરાઓ. બધી શોભા-ઐશ્વર્ય-દબદબો જાણે આપણને મળ્યો છે, છતાં ન હરખ, ન મદ, ન લેશ માત્ર આકર્ષણ ! આસક્તિ નહિ. "નરો વા કુંજરો વા" મારે કશી નિસ્બત નથી. એ હકીકત જોઈ એટલું જ; પણ કોઈ રાગ-હરખની અસર ન લીધી, નિર્વિકાર રહ્યા છીએ." આમ કલ્પવાનું.

આમ વિવિધ ઈષ્ટ-અનિષ્ટ, અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગમાં આપણે જાણે મહાવીર પ્રભુ ! તે નિર્વિકાર રહીએ છીએ ! જાણે જ્ઞાન અનંતુ છે, પણ પ્રભુની જેમ સાગરવર-ગંભીર છીએ ! વસ્તુના ભૂત ભાવિ ઊંડાણ સુધી જોનાર છીએ, છતાં નિરભિમાની છીએ !

**નિર્વિકારતાથી ભાવિત :-** 'અભેદ-ધ્યાન'માં આ બધું લાવતાં નિર્વિકારતા પાકી રાખવાની; કોઈ રાગ નહિ, દ્વેષ નહિ, કોઈ કામ-ક્રોધ-લોભ નહિ, કોઈ હરખ નહિ, ખેદ નહિ. એમ નિર્વિકારતાનું માત્ર ચિંતન જ નહિ, કિન્તુ અંતરાત્મામાં એનું પરિણમન-ભાવન કરવાનું. અંતરાત્માને એનાથી ભાવિત-વાસિત-રંગાયેલો કરવાનો. કસ્તુરીના ડાભડામાં મૂકેલ દાતણ કસ્તુરીથી ભાવિત થાય છે, વાસિત થઈ જાય છે; એમ અંતરાત્માને નિર્વિકારતાથી, નિષ્કષાયતાથી અને રતિઅરતિ રહિત ઉદાસીનતાથી ભાવિત કરવાનો. તે આપણો આત્મા જાણે ખરેખર નિર્વિકાર-ઉદાસીન-અનાસક્ત-વીતરાગ છે ! જાણે ખુદ મહાવીર પરમાત્મા છે ! એવો ભાસ થાય એ અભેદ-પ્રણિધાનની છાયા છે.

અહીં એટલું ધ્યાનમાં રહે કે આપણે ભગવાન મહાવીર પ્રભુના લાખમાં ક્રોડમાં અંશમાં નથી, પરંતુ એ તરફ પા-પા પગલી કરવા અનુભવજ્ઞાનનો આ એક અભ્યાસ છે, આ એક અભેદ-પ્રણિધાનનો કલ્પનાથી અભ્યાસ પ્રયોગ છે.

**સિદ્ધનું અભેદ-ધ્યાન કેમ બને ? :-** જેવું ભગવાન અરિહંતદેવનું અભેદ-પ્રણિધાન, એવું સિદ્ધ ભગવાનનું અભેદ-પ્રણિધાન કરવા માટે પહેલાં સિદ્ધના સંભેદ પ્રણિધાનમાં આપણી નજર સામે બહારમાં સિદ્ધશિલા પર સિદ્ધ ભગવાન ધારવાના, એમના અરૂપી અશુદ્ધ સ્વરૂપ પર મન કેન્દ્રિત કરવાનું - એ થાય પછી બહારને બદલે હવે આપણી અંદરમાં સિદ્ધને ધારવાના, સ્ફટિક જેવા બિલકુલ સ્વચ્છ-નિર્મળ-અરૂપી-શાશ્વત-સ્થિર-જ્ઞાન-તેજોમય ને અશરીરી સિદ્ધ ઉપર મને કેન્દ્રિત કરવાનું. પછી એ સિદ્ધનું પ્રતિબિંબ આપણા આત્મા પર ઝીલવાનું. એ એવું પ્રતિબિંબ હોય કે આપણો આત્મા સિદ્ધસ્વરૂપમાં તન્મય થઈ ગયો હોય ! અર્થાત્ આપણો આત્મા જ જાણે સિદ્ધ સ્વરૂપવાળો લાગે ! એટલે કે સર્વ કર્મ-રહિત, શરીર-રહીત, અર્હત્વાદિ-વિકાર-રહિત, શુદ્ધ જ્યોતિરૂપ દેખાય. એટલે શું આવ્યું ? સિદ્ધનું ધ્યાન સ્વાત્માના અભેદભાવે કર્યું. અભેદ-પ્રણિધાનની આ છાયા થઈ.

**અનુભવજ્ઞાન :-** શાસ્ત્રકારો આવા અભેદ ધ્યાનને અનુભવજ્ઞાનમાંથી થવાનું કહે છે, 'અનુભવજ્ઞાન' એટલે અરિહંતપ્રભુના કે સિદ્ધ ભગવાનના ગુણોનું સંવેદન. એ આપણે જ ઊભું કરવાનું છે. જાણે આપણા પર ઉપસર્ગ આવ્યો ને આપણે જ ભગવાનના ક્ષમા-અહિંસાદિ ગુણોનો જાણે અનુભવ કરીએ છીએ એટલે કે આપણા પોતાના એ ગુણ તરીકે આંતર સંવેદન કરીએ છીએ, એવો ભાસ થાય.

**"પણ તુજ દરિસણ યોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ"**

શ્રી ચિદાનંદજી મહારાજ કહે છે : 'હે પ્રભુ ! તમારા દર્શનનો યોગ મળવાથી મારા હૃદયમાં તમારા ગુણોનું અનુભવજ્ઞાન થયું, સંવેદન થયું. આ શી રીતે થયું ?'

દર્શન-યોગથી એટલે કે પોતાનામાં પ્રભુનું અભેદ ભાવે દર્શન કરવાથી અર્થાત્ પોતાના અંતરમાં ભગવાનના અભેદ-પ્રણિધાનથી પોતાના આત્માને ભગવાનથી અભિન્ન કલ્પ્યા. હવે જ્યારે સ્વાત્માને પરમાત્મા જ કલ્પવા હોય તો પરમાત્માના ગુણો, રાગરહિતતા, દ્વેષરહિતતા, ક્ષમા, સમતા... વગેરેને પોતાના આત્મામાં સ્થાપવા પડે. એ સ્થપાય તો જ પરમાત્માને અભેદ સ્વમાં અનુભવાય. અર્થાત્ સ્વાત્માને પરમાત્માથી અભિન્ન અને પરમાત્મા-સ્વરૂપ ચિંતવ્યો પ્રમાણ ગણાય.

વારંવાર આ અભેદ-પ્રણિધાન થાય તો આત્મામાં વિષય-વૈરાગ્ય, સર્વ પાપ-ત્યાગ, કષાય-નિગ્રહ, તથા ક્ષમાદિ ગુણો માટેનું બળ વધતું જાય. એની સાથોસાથ અભેદ ધ્યાનનું પણ બળ વધતું ચાલે છે, ને એક એવો ધન્ય દિવસ આવે છે કે જ્યારે પરાકાષ્ઠાનું અભેદધ્યાન થતાં આત્મા ખરેખર વીતરાગ પરમાત્મ સ્વરૂપ બની જાય છે !



## ધ્યાનની સાથે શું જોઈએ ?

એમ સિદ્ધ ભગવાનનું અભેદ ધ્યાન વધુને વધુ વધુ પ્રબળ બનાવાય, તો ધ્યાતાનો આત્મા અંતે ધ્યેયસ્વરૂપ સિદ્ધ પરમાત્મા બની જાય છે. તમને થશે,

પ્ર. : સિદ્ધના ખાલી ધ્યાનનો આટલો બધો પ્રભાવ ?

ઉ. : આ સિદ્ધ ભગવાનનું અભેદ-ધ્યાન એટલે શું સમજો છો ? એ બહુ નક્કર ધ્યાન છે, કેમકે એમાં મૂળમાં સર્વ પાપત્યાગ-સર્વવિરતિ ધારી પછી સિદ્ધની જેમ પોતાનો આત્મા અચ્છેદ્ય, અભેદ્ય, અરૂપી, મેરુવત્ નિષ્પ્રકંપ, અનાસક્ત અને અનંતજ્ઞાન જ્યોતિમય હોવાનું કલ્પવાનું છે. એટલે ત્યાં દુન્યવી ઝંઝાવાતો-આપત્તિઓની લેશપણ અસર લેવાની નથી. કદાચ તલવારથી શરીર કપાતું હોય કે ભાલાથી વિંધાતું હોય, તો ય પોતાને તો અચ્છેદ્ય, અભેદ્યપણાનો અનુભવ ઊભો રાખવાનો છે. આમાં કષાયોને ક્યાં જગ્યા રહી ?

એથી ઊલટું, ગમે તેવા રળિયામણા પ્રલોભનો સામે આવે, પરંતુ પોતાને તો અનાસક્તપણાનો અનુભવ કરવાનો છે. ત્યાં વિષયાસક્તિને જગ્યા જ ક્યાં રહી ? જગતમાં પ્રસંગ ગમે તેવા બનો પણ પોતે શુદ્ધ જ્ઞાનનો અર્થાત્ અરક્ત-અદ્વિષ્ટ બન્યા રહી માત્ર જ્ઞાતા-દૃષ્ટાપણાનો અનુભવ કરવાનો છે. ત્યાં સમતા કેટલી બધી ઊલસે ? આમ ખાલી અભેદ-ધ્યાનની કેટલી બધી તાકાત ! કેટલો બધો પ્રભાવ ! આમાં મુખ્યપણે સર્વવિરતિભાવ તો હોવો જ જોઈએ, એ ભૂલવાનું નથી.

## ધ્યાનની ભૂમિકા કેમ બને ?

સંસારવાસમાં બેઠા પણ ગુણસાગર-પૃથ્વીચંદ્ર-ભરત ચક્રવર્તી વગેરેએ આ જ રીતે કેવળજ્ઞાન મેળવ્યાં, વીતરાગ અને સિદ્ધનું ધ્યાન કરનાર ધ્યાતા અંતે વીતરાગ અને સિદ્ધ સ્વરૂપ બને છે. પરંતુ અહીં એક ખાસ સમજી રાખવાનું છે કે માત્ર ધ્યાન કરવા વખતે જ પોતે વીતરાગ સ્વરૂપ તથા સિદ્ધની જેમ અચ્છેદ્ય, અભેદ્ય વગેરે ભાવીને બેસી રહેવાનું નથી, કિન્તુ ધ્યાન સિવાયના કાળે પણ ઈષ્ટ-અનિષ્ટ પુદ્‌ગલના સંયોગ-વિયોગોમાં, ક્રિયામાં ને શાસ્ત્રસ્વાધ્યાયમાં પણ આ વીતરાગ અને સિદ્ધ સ્વરૂપની ભાવનાનો ઉપયોગ કરવાનો છે, જેથી એમાં રાગ-દ્વેષ-આસક્તિ-વિહ્વળતા વગેરેથી બચતા રહેવાય. આવું કરતાં રહેવાય તો ધ્યાનની ભૂમિકા બનીને ધ્યાન વખતે આત્મામાં એ ભાવનાનો રંગ જામે; નહિતર ધ્યાન સિવાયના કાળે વિવિધ વિહ્વળતાઓથી જીવ પીડાતા હોય તો એ ધ્યાન વખતે એ સિદ્ધ ભગવાનના ભાવો એના હૈયે આડે જ શાના ?

**ઉપદ્રવમાં શું ચિંતવવું ?** ધ્યાન સિવાયના વખતે રૂપી પુદ્‌ગલનો સારો નરસો કશો ભાવ મનમાં લાવવાનો નહીં. દા.ત. આપણા શરીરને કોઈએ પ્રહાર કર્યો તો પોતે એમ નહિ સમજવાનું કે "હું મરાયો." જો આવો વિચાર આવ્યો તો એ પેલો પૌદ્‌ગલિક ભાવ આવ્યો; પણ વિચારવાનું કે "એ તો પાડોશી શરીર મરાયું, મારો આત્મા નહિ, હું અરૂપી છું. મારું તો કાંઈ જ પ્રહારને પાત્ર નથી. આત્મ-પ્રદેશો એવા ને એવા જ રહે છે." આમ ચાલુ પ્રવૃત્તિમાં પણ સિદ્ધનું ધ્યાન રાખવાનું; તે ય પરાકાષ્ઠા સુધી ધ્યાન વધારવાનું છે.

**પરાકાષ્ઠાના ધ્યાનનો ઉપાય :-**

પ્ર. : પરાકાષ્ઠાના ધ્યાને ક્યારે પહોંચાય ?

ઉ. : જ્યારે કોઈ પણ જાતની પૌદ્‌ગલિક સગવડ, અગવડ યા તકલીફ કે ભાંજગડ મનને ન અડે, ત્યારે ત્યાં પહોંચાય.

દા.ત. "આ શરીર ક્યાં બિમાર પડ્યું ? આ અનાડી ક્યાં મારી ધર્મસાધનામાં અંતરાય નાખવા આવ્યો ? આ પરીસહ ઉપસર્ગની પીડા હજી ક્યાં સુધી ચાલશે ?... એ માણસ ખરાબ... કષ્ટ બહુ ભારે... અહીં મચ્છર બહું" મનને આવું કાંઈ જ ન લાગે, પણ સર્વથા અચ્છેદ્ય-અભેદ્ય-અનાસક્તપણાની ભાવનાથી સહી લેવાનું, ને અલિપ્ત રહેવાનું. દુઃખોની ભારે કસોટી આવે, તેને હોંશે વધાવાય, ત્યારે મનની ગાડી પરાકાષ્ઠાના ધ્યાનની તરફ દોડે, અને જરૂરી આ છે કે-

જ્ઞાનીએ જે કડક સાધનાઓ બતાવી છે તે બધા જ સાધનામાં હોંશે હોંશે ઉદ્યમ થવો જોઈએ; ત્યારે આ સિદ્ધ સ્વરૂપની ભાવનાને સરળતા રહે છે.

**અને એમ અંતે પરાકાષ્ઠાના ધ્યાને પહોંચાય છે.**

બે વસ્તુ જરૂરી આવી : (૧) ઈષ્ટાનિષ્ટ સંયોગ-વિયોગોમાં પણ સિદ્ધ સ્વરૂપની ભાવના; ને (૨) ધર્મની ભરપૂર સાધનાઓ. આ સાથે સિદ્ધનું સંભેદ-અભેદ-ધ્યાન કરાય, તો અંતે આત્મા સિદ્ધસ્વરૂપી થાય.

સિદ્ધ ભગવાન કેવા છે તે હવે 'કાવ્ય'માં બતાવે છે :

**કાવ્ય : દુટ્ઠટ્ઠ કમ્માવરણ-પ્પમુક્કે, અનંત નાણાઈ સિરિ-ચઉક્કે;**
**સમગ્ગ લોગગ્ગ-પયપ્પસિદ્ધે, ઝાએહ નિચ્ચંપિ સમગ્ગ સિદ્ધે.**

**અર્થ :-** દુષ્ટ એવા આઠ કર્મના આવરણથી સિદ્ધ ભગવંત અત્યંત મુક્ત થયા છે, અનંત જ્ઞાનાદિ-લક્ષ્મી-ચતુષ્કવાળા છે, સમગ્રલોકના અગ્રપદ પર ઉત્કૃષ્ટ સિદ્ધ થયેલા છે, એવા સમસ્ત સિદ્ધોનું હંમેશા પણ ધ્યાન કરો.'



સિદ્ધ ભગવંત કર્મથી અત્યંત મુક્ત એટલે ફરીથી કદીયે કર્મનો સંયોગ ન થાય તેવી રીતે મુક્ત થયેલા છે.

આઠ કર્મનાં આવરણો દુષ્ટ છે. તેનાથી સદંતર તે આત્મા મુકાયો. હવે કર્મનો ક્યારેય એક અંશ માત્ર પણ એમને આવરે નહિ. એટલે સિદ્ધ ભગવંતને હવે કદીય કોઈ કર્મના ઉદયની વિટંબણા નહિ, કર્મ-ફળની બધીય વિટંબણાથી હંમેશાં માટે સર્વાંશે મુક્ત છે.

**'દુટ્ઠ' એટલે દુષ્ટ યા દ્વિષ્ટ : જે કેઈ દુટ્ઠ દેવા એટલે ?**

પ્ર. : દુષ્ટ કોણ ? કર્મનાં આવરણ દુષ્ટ કે આત્મા દુષ્ટ ? આપણે દુષ્ટ ? કે કર્મ દુષ્ટ ?

ઉ. : 'દુટ્ઠ'નો એક અર્થ થાય છે; 'દુષ્ટ એટલે કે દોષિત કરનાર,' 'દોષ લગાડનાર.' દા.ત. દારૂ, એ પીનારને દોષિત કરે છે, માટે દારૂ દુષ્ટ ગણાય. અહીં "દુષ્ટ" નો અર્થ 'ખરાબ' નહિ, પણ 'ખરાબ કરનાર.' એ હિસાબે પ્રસ્તુતમાં દુષ્ટ છે કર્મનાં આવરણ; કેમકે એ આત્માને દોષિત કરનાર, ખરાબ કરનાર, આત્માને કલંકિત કરનાર છે. આ હિસાબે કર્મનાં આવરણો દુષ્ટ છે.

અથવા 'દુટ્ઠ'નો બીજો અર્થ - અર્ધમાગધી ભાષામાં દુટ્ઠ એટલે દ્વિષ્ટ. ભગવાનને 'અરત્તદુટ્ઠ' કહે છે ત્યાં એ જ અર્થ છે, રાગથી રક્ત નહિ દ્વેષથી દ્વિષ્ટ નહિ. આ હિસાબે જે 'જે કોઈ દુટ્ઠ દેવા' એટલે 'જે કોઈ દુષ્ટ દેવો' એવો અર્થ નહિ પણ 'જે કેઈ વિરોધી દેવો' એવો અર્થ લેવાનો છે. 'દ્વિષ્ટ' એટલે કે વિરોધી, દુશ્મનભૂત કર્મ. આત્મા માટે જે દ્વિષ્ટ છે, અર્થાત્ દુશ્મનભૂત (કર્મ) છે, તેનાથી મુક્ત. કર્મ આત્માના દુશ્મન એટલા માટે છે કે આત્માની સહજ સંપત્તિને આ કર્મો તદ્દન દબાવી દેનારા છે. લુપ્તશા કરનારા છે, 'સબ કુછ તુમ્હારા, મગર હુકમ હમારા' તેથી તેમણે દુશ્મનનું કાર્ય કર્યું.

**અનંત-ચતુષ્કમાં બીજા ચાર કર્મના ક્ષય કેમ સમાયા ?**

સિદ્ધ ભગવાન "**अणंत नाणाइसिरि-चउक्के**"

સિદ્ધ ભગવાન અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, ને અનંત વીર્યાદિ લબ્ધિ, આ ચાર 'શ્રી' લક્ષ્મીથી યુક્ત છે. અહીં પ્રશ્ન થાય-

પ્ર. : આ ચાર તો જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય-અંતરાય એ ચાર કર્મના ક્ષયના ગુણ કહ્યા, પણ બાકીના મોહનીય-આયુ-નામકર્મ-ગોત્ર કર્મના ક્ષયના ગુણ કેમ ન લીધા ?

ઉ. : એ બાકીના ચાર કર્મના ક્ષયથી પ્રગટતા ૪ ગુણ, વીતરાગદશા, અક્ષય સ્થિતિ, અરૂપીપણું ને અગુરુલઘુ અવસ્થા; આમાં 'અક્ષય સ્થિતિ' એટલે જન્મ-જરામરણની પીડા નહિ, એ અનંત સુખમાં સમાવિષ્ટ સમજવું; કેમ કે અનંત સુખ જન્મમરણાદિ દુઃખના લેશમાત્રથી અલિપ્ત છે. અરૂપીપણું પણ કોઈ જ પૌદ્‌ગલિક સંયોગની પીડાવાળું નહિ, એટલે એ પણ અનંત સુખમાં સમાવિષ્ટ સમજવું. અગુરુલઘુ અવસ્થાનું પણ એમ જ સમજવું. વીતરાગતા એ અનંતજ્ઞાન-દર્શનમાં સમાવિષ્ટ છે; કેમકે સિદ્ધ ભગવાન અનંતજ્ઞાનવાળા છે, તે જ્ઞાન વિશુદ્ધ અર્થાત્ લેશમાત્ર પણ રાગ-દ્વેષ-મોહથી ખરડાયેલું અશુદ્ધ નહિ. એમનું જ્ઞાન એટલે પ્રત્યક્ષ દર્શન છે, ને એ સરાગ દર્શન નહિ, પણ વીતરાગ દર્શન હોય છે.

**આપણને વીતરાગદર્શન ગમે છે ?** આપણાં દર્શન-શ્રવણ-સ્મરણ ત્રણેય રાગ-દ્વેષથી ખરડાયેલ રહે છે, અને આશ્ચર્ય છે કે આપણને એવું જ દર્શન વગેરે ગમે છે, ને વીતરાગદર્શન નથી ગમતું ! નહિતર દરેક દર્શન-શ્રવણ કે સ્મરણમાં આપણે રાગ કે દ્વેષ શા માટે જોડતા હોત ?

વીતરાગ દર્શન એટલે ઉદાસીનભાવે માત્ર જોવાનું. પણ બીજું કાંઈ 'આ સરસ ! આ ડેમ કલાસ ! પેલું હાઈ કલાસ !' એવું આકર્ષણ-વિકર્ષણ યાને રાગદ્વેષ, રતિ-અરતિનું લફરું લગાડવાનું નહિ. દર્પણમાં પ્રતિબિંબ પડે એટલે કે દર્પણને દર્શન થાય છે. એમાં દર્પણને રાગ દ્વેષ ખરા ? દર્પણ વસ્તુને ટકા આપે ? ના, કશું નહિ, શુદ્ધ દર્શન, શુદ્ધ પ્રતિબિંબ. એમ વીતરાગ-દર્શનમાં દર્પણની જેમ સ્વસ્થતાથી દર્શન, રાગાદિથી લહેવાઈ ગયા વિનાનું દર્શન. અસ્વસ્થ અર્થાત્ રાગી, દ્વેષી, હર્ષિત, કે ખિન્ન થઈને કાંઈ જોવાનું નહિ, સ્મરવાનું નહિ, કે સાંભળવાનું નહિ.

સિદ્ધ ભગવંતને વીતરાગ દર્શન છે, વળી સિદ્ધ ભગવંત **"સમગ્ગ-લોગગ્ગ-પય-પ્પસિદ્ધે"**

સમગ્ર જે લોક આખો લોકાકાશ, - તેનો અગ્રભાવ, ત્યાંનું જે પદ-સ્થાન, તેમાં પ્રસિદ્ધ એટલે કે પ્રકર્ષેણ ઉત્કૃષ્ટતાથી સિદ્ધ થયેલા; એટલે કે શાશ્વત કાળ માટે અવસ્થિત બનેલા, સ્થિર થઈ ગયેલા છે. દુનિયાની કોઈ સત્તા નથી કે હવે તેમને ત્યાંથી ખસેડી શકે. એવા જે સમગ્ર સમસ્ત સિદ્ધોનું હંમેશા ધ્યાન કરો.

(સમગ્ર લોકના અગ્રભાગમાં રહેલા એવા સમગ્ર સિદ્ધોનું હંમેશા ધ્યાન કરો) **निच्चं पि झाएह** એમાં **निच्चं पि** છે. તેમાં **पि** શબ્દ શા માટે કહ્યો છે ? હંમેશાં 'પણ' ધ્યાન કરો. કહ્યું, તો 'પણ' શા માટે ? એટલા માટે કે અવસર વિશેષમાં



તો સિદ્ધ ભગવાનનું ધ્યાન જરૂર કરો, પણ હંમેશ માટે પણ એમનું ધ્યાન કરો.

અવસર વિશેષમાં સિદ્ધનું ધ્યાન નથી કરતા, ત્યાં ગોથાં ખાઈએ છીએ. અવસરે પણ સિદ્ધ-ધ્યાન નથી, તેથી મન પર કર્મરહિત શુદ્ધ નિર્મળ આત્મસ્વરૂપ આવતું નથી. તેથી કર્મની પીડા ઉપરાંત મનથી વધુ વિડંબાઈએ છીએ.

**મનની બધી પીડા સિદ્ધના ધ્યાનથી નાશ પામે છે.**

આપણે સિદ્ધને બદલે અન્ય લફરાબાજીને ધ્યાનમાં બહુ લાવીએ છીએ માટે કર્મજનિત પીડામાં વધારો કરીએ છીએ. અવસરે સિદ્ધ ભગવંતનું ધ્યાન કરતા હોઈએ, તો પીડા અડધી થઈ જાય, પોણી ઓછી થઈ જાય.

## મનના હિસાબ પર સુખ દુઃખ વૃદ્ધિ :

આમ અવસરે સિદ્ધ ભગવંતનું ધ્યાન ન કરવાથી કર્મે આપેલા પીડા દ્વિગુણ-ચારગણી-દશગણી વધારી દઈએ છીએ; દા.ત. કોઈના ઉપર આપણને ભારે અભાવ છે. પ્રસંગવશ એના દ્વારા આપણને કર્મે આપ્યો એક તમાચો, પરંતુ એના પ્રત્યેની માનસિક ઉગ્રતાને લીધે પીડા લાગે છે દશ તમાચા જેવી ! એથી ઊલટું કોઈના પર અત્યંત પ્રેમ છે, અને એના તરફથી ધક્કો કે લાત જેવું લાગ્યું, છતાં પીડા તો નહિ પણ પ્રેમ વધારે છે ! દા.ત. રાજાના ખોળામાં બાળ રાજકુમાર બેઠો બેઠો દશ લાત લગાવે તો તેની પીડા લાગતી નથી, પણ હેત વધે છે; એથી ઊલટું તે હાલતો ચાલતો ન હોય, શાંત પડી રહ્યો હોય, તો મનને દુઃખ લાગે છે ! ત્યારે જો ઉદ્ધત છોકરો હોય, ને તે લાત લગાવે તો મગજનો પારો આસમાને ચઢી જાય ! આ બધું મનના હિસાબ પર સુખદુઃખ વધી જવાનું ગણિત સૂચવે છે; ને સિદ્ધ ભગવાનનું ધ્યાન નહિ કરવા પર મનનું દુઃખ વધે છે.

## સિદ્ધના ધ્યાનથી પાવર મળે :

જો આપણે સિદ્ધ ભગવંતને અવસરે અવસરે ધ્યાનમાં લાવીએ છીએ તો એવા પાવર મળે છે કે કર્મની પીડાના ભાગાકાર થાય; કેમ કે એમાં સિદ્ધની જેમ આપણા આત્માનું સ્વરૂપ કર્મમુક્ત ભાવવાનું મળે છે. ત્યાં મનને એમ થાય કે 'હું તો નિરંજન, નિરાકાર, શુદ્ધ જ્ઞાન-જ્યોતિમય છું; બાકી બધું મારાથી તદ્દન ભિન્ન સ્વરૂપવાળા જડ પુદ્‌ગલના ઘરનું છે. એની સાથે મારે શી નિસ્બત ?' આ ભાવનાના સંસ્કારથી તમાચ કે ફૂલહારના અવસરે મનને થાય કે 'મારે શત્રુ ય નથી, સગા ય નથી. એમ તમાચ કે ફૂલહાર મને અરૂપી શુદ્ધ આત્માને અડતા જ નથી, તો એમાં દુઃખી કે આનંદિત શું થવું હતું ? મારે નિર્લેપ રહેવાનું.'

સિદ્ધ ભગવંતનું ધ્યાન એવી નિર્લેપ રહેવાની શક્તિ આપે છે. તે સિદ્ધ ભગવંતને ભૂલીએ એટલે બીજું, ત્રીજું મનમાં આવીને કર્મની પીડાના ગુણાકાર થાય છે, માનસિક પીડા વધી જાય છે.

શારીરિક પીડા કરતાં માનસિક પીડા મોટી છે. દા.ત. શરીરે ગુમડું થયું હોય તે પાકે ત્યારે લપકારા મારે, તે શારીરિક પીડા છે. પણ એવા કેટલાય વિકલ્પો થાય કે 'હાય ! કેટલી બધી પીડા !' એ માનસિક પીડા છે. એથી માનસિક પીડા વધી ગઈ. લપકારા શાંત થઈ જાય, ત્યારે પણ શારીરિક વેદના નહિ છતાં માનસિક પીડા હોઈ શકે કે 'હાય ! આ ગુમડું ક્યારે મટશે ? મારાં આ કેટલાં કામ બગાડે છે ?' આ માનસિક પીડા પેલી શારીરિક પીડા કરતાં વધુ ખરાબ છે; કેમકે એ જીવને કાયર, કંગાલ, તામસી બનાવે છે, આર્તધ્યાન અને અસમાધિ કરાવે છે, મફતિયા કર્મ બંધાવે છે. ત્યાં માનસિક પીડા દૂર કરવા સિદ્ધ ભગવંત સહાયક બને છે; કેમકે શારીરિક પીડાને પોતાના શુદ્ધ આત્માથી તદ્દન અલગ બતાવી દે છે. એનાથી પોતાને તદ્દન અલિપ્ત બતાવી દે છે.

"નિચ્ચં પિ ઝાએહ" આમાં 'પિ' કહીને સૂચવ્યું કે અવસરે તો સિદ્ધ ભગવંતનું વિશેષતઃ ધ્યાન ખરું જ, પણ સામાન્યથી હંમેશ તેમનું ધ્યાન કરો.

સિદ્ધ ભગવંતના ધ્યાનની શી વિશેષતા ? તો કે પહેલાં નીચી કક્ષાના આરાધક હોઈએ તો હવે ઊંચી કક્ષાના આરાધક જેવો આત્માનંદ મળે.

સિદ્ધ ભગવાનનું ધ્યાન રહે એટલે શું ? આપણી જ સિદ્ધ અવસ્થાનું ધ્યાન રહે. તેથી સિદ્ધનું ધ્યાન કરતા હોઈએ ત્યારે આપણી જ મૂળભૂત શુદ્ધ અવસ્થાનું યાને આપણા જ શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરીએ છીએ. હવે એના લાભ વિચારીએ કે-

આપણા શુદ્ધ સ્વરૂપ ઉપર મન કેન્દ્રિત કરવાથી શું પરિણામ આવે ?

આપણું શુદ્ધ સ્વરૂપ શુદ્ધ અનંત જ્ઞાનમય છે, અનંત દર્શનમય છે, વીતરાગ અવસ્થાનું છે, એ નજર સામે ને નજર સામે રહે એટલે તો એની સામે આપણી વર્તમાન અજ્ઞાનભરી અને રાગ-દ્વેષવાળી અવસ્થા પર ઘૃણા થાય કે, "અરેરેરે ! આ મારી કેવી દુર્દશા ? ક્યાં મૂળમાં મારી પોતાની જ અનંત જ્ઞાનમય અવસ્થા ? ને ક્યાં આ અનંત અનંત કાળથી ચાલી આવતી મારી અજ્ઞાનતા મૂઢતાભરી દશા ! શા સારુ મારે આ ગોઝારી અજ્ઞાનતા મૂઢતાભરી દશા ઉપરની પ્રવૃત્તિઓમાં રાચવા માચવાનું ? એ મારે કેટલું શોભાસ્પદ છે ? ક્યારે આમાંથી છૂટું !"

**ધ્યાનમાં રહે કે રસમય દુન્યવી પ્રવૃત્તિ લગભગ અજ્ઞાનતા અને મૂઢતા પર ચાલ્યા કરે છે.**



આ રીતે સિદ્ધ ભગવાનના ધ્યાનથી આપણા પોતાનાં જ મૂળભૂત શુદ્ધ સ્વરૂપ પર મને કેન્દ્રિત કરતાં વર્તમાન જડમુખી પ્રવૃત્તિ પર ઘૃણા થાય, ગ્લાનિ થાય, એટલે એમાં રાચવા માચવાનું બંધ થઈ જાય, એનો રસ ઘટતો આવે, એને નિર્ધ્વંસપણે આચરવાનું બંધ થઈ જાય, અને તેથી કર્મબંધ અલ્પ થાય, તેમજ બીજી બાજુ આત્મહિતકર પ્રવૃત્તિમાં રસ જાગે, વધે, લયલીનતા આવે. સિદ્ધ ભગવાનના ધ્યાનનું આ પરિણામ કેટલું બધું સુંદર છે !

ત્યારે સવાલ આ આવીને ઊભો રહે કે

પ્ર. : એવું ધ્યાન રોજિંદુ શી રીતે ચલાવાય ?

ઉ. : સિદ્ધનું રોજિંદુ ધ્યાન ધરવા માટે એક ઉપાય આ છે કે-

જે **'લોગસ્સ'** સૂત્રનું ઉચ્ચારણ ઉભયકાળ પ્રતિક્રમણમાં અનેક વાર આવે છે, એમાં ચોવીસ ભગવાનનાં નામ બોલવાનાં હોય છે. તે વખતે દરેક ભગવાનની ચક્ષુમાંની કીકી પર ધ્યાન રાખી એમાં ઉદાસીનતા-નિર્વિકારતા જોવાની, મનથી ચિંતવવાનું કે 'વાહ, કેવી ધન્ય ચક્ષુ ! એમાં આખું જગત દેખાય છે, જગતમાં દેવી-દેવતાની, માનવી સ્ત્રી-પુરુષોની, ને તિર્યંચોની બધી રમતો દેખાય; પરંતુ પ્રભુને એની કશી અસર નથી ! જેવું પ્રભુને, એવું સિદ્ધ ભગવાનોને બધું દેખાય, પરંતુ દેખાતા સાથે કશી લેણદેણ નહિ, નિસ્બત નહિ, રાગ નહિ, આશ્ચર્ય નહિ, આસક્તિ નહિ.'

મનને એમ થાય કે "અરે ! અનંતજ્ઞાનના ધણી એવા મારા આત્માનું આ જ સિદ્ધ જેવું શુદ્ધ સ્વરૂપ છે, એને આજના જડ-ચેતનના વિચિત્ર રંગઢંગ સાથે કશી નિસ્બત હોય નહિ; છતાં હું કેમ એમાં ને એમાં રંગાયો રહી ઓતપ્રોત રહું છું ? મારા વિચારોમાં ય આ જડચેતનના વિચિત્ર રંગઢંગ, મારી વાણીમાં ય એ જ, ને મારો વર્તાવ એને જ લઈને ? કેવી મારી દુર્દશા !"

'લોગસ્સ'ના દરેક ભગવાનની કીકીમાં નિર્વિકારતા ઉદાસીનતા જોયા જ કરીએ, જોયા જ કરીએ, એ પણ પ્રભુને સિદ્ધ અવસ્થામાં ધારીને, એટલે એ સિદ્ધ ભગવાનનું જ ધ્યાન થયું. એવું લોગસ્સે લોગસ્સે થાય, એમાં 'ચઉવીસંપિ જિણવરા' પદ આગળ 'પિ' અર્થાત્ 'પણ' - ચોવીસ પણ એટલે કે બીજા ભૂત ભાવિ જિન તો ખરા જ, સાથે આ ચોવીસ પણ" એમ કરીને આજુબાજુ અનંતા સિદ્ધ ભગવાનને જોઈ એમની કીકીઓમાં દર્પણની જેમ નિર્વિકારતા જોવાની, આવું માત્ર પ્રતિક્રમણમાં નહિ કિન્તુ જ્યારે જ્યારે મોકો મળે ત્યારે ત્યારે 'લોગસ્સ'ના આલંબને ચોવીસ અને અનંત સિદ્ધ ભગવાનોની કીકીઓમાં નિર્વિકારતા અને ઉદાસીનતા જોયા જ


કરીએ. 'નિર્વિકારતા' એટલે રાગ-દ્વેષ, રતિ-અરતિ વગેરે કશો વિચાર નહિ; 'ઉદાસીનતા' એટલે કશી નિસ્બત નહિ, લેવાદેવા નહિ; અને એ ભાવ આપણા પોતાના મૂળ સ્વરૂપમાં હોવાનું જોયા જ કરીએ એટલે આપણા આત્મામાં એના સંસ્કાર પડ્યા જ કરે. એમ એ અઢળક સંસ્કારોનો જથ્થો ભેગો થાય.

એ દર્શન અને સંસ્કારોના જથ્થાના બળ ઉપર આપણને આપણા વર્તમાન રાગાદિ વિકારો મોળા પડતા બનાવવાનું મન થાય, આપણા મનને જડની નિસ્બત ઓછી લાગે. એવું કરતા આપણને નાટક લાગે કે "આ શું નાટક ? જગતના પદાર્થો એના રંગ બદલતા જાય, ને મારે એ પ્રમાણે રાગાદિના નાચ કરતા જ જવાનું ? હું સ્વરૂપે વીતરાગ, તે મારે વળી જડને આધીન રહી રાગ ને દ્વેષ કરવાના ? હું જડથી અળગો, અલિપ્ત ને મારે વળી એની સાથે સંબંધ માનવાનો ? એની સાથે નિસ્બતનો નાચ કરવાનો ?"

આમ સિદ્ધ ભગવાનના વારંવારના ધ્યાનથી લાભ આ થાય કે 'જગતના જડ-ચેતન પદાર્થ સાથે મનથી નિસ્બત ઓછી રાખતા રહીએ. તેમજ એ પદાર્થો અંગે રાગ-દ્વેષ-મદ-મૂર્છા વગેરે ઓછા કરતા જવાય. જીવન પર આના સુંદર પ્રત્યાઘાત એ પડે કે જગતના પદાર્થો ખાતર આરંભ, સમારંભ, હિંસાદિ પાપો ઓછા કરવાનું મન રહે, મમતા-આસક્તિ ઘટાડતા જવાય, એની પ્રવૃત્તિમાં એટલી બધી હોંશ ન રખાય, હોશિયારી ન કરાય; વળી એની સામે ધર્મપ્રવૃત્તિમાં રાગ-રસ-હોંશ-હોશિયારી વધારતા જવાય. પછી ઉત્તરોત્તર ચડિયાતી કલ્યાણ પરંપરાનું પૂછવાનું જ શું ?'

**આ લાભો મામૂલી નથી તેથી કહ્યું, "ઝાયેહ નિચ્ચં પિ સમગ્ગસિદ્ધે."**

❖ ❖ ❖





# આચાર્ય પદની પૂજા

## ॥ તૃતીય શ્રી આચાર્યપદ પૂજા ॥

॥ કાવ્યં ઈન્દ્રવજ્રાવૃત્તમ્ ॥

**સૂરીણ દૂરીકય કુગ્ગહાણં, નમો નમો સૂરસમપ્પહાણં ॥**
**સદ્દેસણાણં સમાયરાણં, અખંડ છત્તીસ ગુણાયરાણં ॥૧॥**

॥ ભુજંગપ્રયાતવૃત્તમ્ ॥

નમું સૂરિરાજા સદા તત્ત્વતાજા, જિનેંદ્રાગમે પ્રૌઢસામ્રાજ્ય-ભાજા ॥
ષડ્વર્ગ-વર્ગિત ગુણે શોભમાના, પંચાચારને પાલવે સાવધાના ॥૧॥

ભવિપ્રાણીને દેશના દેશ-કાળે, સદા અપ્રમત્તા યથાસૂત્ર આલે ॥
જિકે શાસનાધાર દિગ્દંતિકલ્પા, જગે તે ચિરંજીવજો શુદ્ધજલ્પા ॥૨॥

॥ ઢાળ ॥ ઉલાળાની દેશી ॥

આચારજ મુનિપતિ ગણી, ગુણછત્રીશી ધામોજી ॥
ચિદાનંદ રસ સ્વાદતા, પરભાવે નિઃકામોજી ॥૧॥ (ઉલાળો)

નિઃકામ નિર્મળ શુદ્ધ ચિદ્દ્ઘન, સાધ્ય નિજ નિરધારથી ॥
વર જ્ઞાન દર્શન ચરણ વીરજ, સાધના વ્યાપારથી ॥

ભવિજીવ બોધક તત્ત્વ શોધક, સયલગુણ સંપત્તિ ધરા ॥
સંવર સમાધિ, ગતઉપાધિ દુવિધ તપગુણ આગરા ॥૨॥

॥ પૂજા ઢાળ ॥ શ્રીપાળના રાસની ॥

પંચ આચાર જે સુધા પાળે, મારગ ભાખે સાચો ॥
તે આચારજ નમિયે તેહશું, પ્રેમ કરીને જાચો રે ॥ ભ૦ ॥ સિ૦૧૧ ॥

વર છત્રીસ ગુણે કરી સોહે, યુગપ્રધાન જન મોહે ॥
જગ બોહે ન રહે ખિણ કોહે, સૂરિ નમું તે જોહે રે ॥ ભ૦ ॥ સિ૦૧૨ ॥

નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહીં વિકથા ન કષાય ॥
જેહને તે આચારજ નમિયે, અકલુષ-અમલ અમાય રે ॥ ભ૦ ॥ સિ૦૧૩ ॥

જે દિયે સારણ વારણ ચોયણ, પડિચોયણ વળી જનને ॥
પટધારી ગચ્છ-થંભ આચરજ, તે માન્યા મુનિ મનને રે ॥ ભ૦ ॥ સિ૦૧૪ ॥

અત્થમિયે જિનસૂરજકેવળ, ચંદે જે જગદીવો ॥
ભુવન પદારથપ્રકટન-પટુ તે, આચારજ ચિરંજીવો રે ॥ ભ૦ ॥ સિ૦૧૫ ॥

॥ ઢાળ ॥

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે ॥
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે ॥ વીર૦ ॥૪॥

॥ શ્રી આચાર્યપદ કાવ્યં ॥

ન તં સુહં દેઈ પિયા ન માયા, જં દિંતિ જીવાણ સૂરીસ-પાયા;
તમ્હા હુ તે ચેવ સયા ભજેહ, જં મુખ્ખસુખ્ખાઈં લહુ લહેહ ॥૧॥

❖ ❖ ❖



ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ કૃત

## આચાર્યપદપૂજા પર વાચનાઓ

**વાચના ૧** દાદર, મહાસુદ ૬, ૨૦૩૬

આદ્ય કાવ્યમ્ (ઈન્દ્રવજાવૃત્તમ્)

### સૂરીણ દૂરીકય-કુગ્ગહાણં, નમો નમો સૂરસમપ્પહાણં

**અર્થ** :- કુગ્રહો જેમણે દૂર કર્યા છે, અને જેઓ સૂર્ય સમાન તેજસ્વી છે તે આચાર્યોને હું વારંવાર નમસ્કાર કરું છું.

**વિવેચન** :- આચાર્ય ભગવંત કેવા છે ?

કુગ્રહો એટલે મિથ્યામતોને દૂર કરનારા છે, પરાસ્ત કરનારા છે. સૂર્ય જેવા પ્રભાવવાળા બનીને મિથ્યામતોરૂપી અંધકારને પરાસ્ત કરનારા આચાર્ય ભગવંતો છે.

આચાર્ય જૈનધર્મના અનેકાંતવાદના સિદ્ધાંત પર વસ્તુનું પ્રતિપાદન એવું કરે છે કે દુનિયામાં ચાલતી અનેક એકાંતવાદી માન્યતા જે વસ્તુમાં બીજી અપેક્ષાએ ઘટી શકતા યથાર્થ ધર્મોનો-તત્ત્વોનો-સિદ્ધાંતોનો વિરોધ કરનારી છે, આચાર્ય મહારાજો તે એકાંતવાદની અયથાર્થતા-અસત્યતા ખુલ્લી કરે છે, પ્રકાશિત કરે છે.

દા.ત. મિથ્યાદર્શનો આત્માને માને છે, પણ કોઈ ન્યાય-દર્શન જેવા આત્મામાં એકાન્તે નિત્યતા માની અનિત્યાનું ખંડન કરે છે કે 'આત્મા અનિત્ય હોય જ નહિ,' તો બૌદ્ધ દર્શન જેવા કોઈ એકાન્તે અનિત્યતા માની નિત્યતાનું ખંડન કરે છે કે 'આત્મા નિત્ય હોય જ નહિ.' આ દરેક માન્યતાની પોકળતા આચાર્ય મહારાજો પ્રદર્શિત કરે છે. આત્મા ફક્ત નિત્ય નથી કે ફક્ત અનિત્ય નથી, પણ દ્રવ્યની દૃષ્ટિએ નિત્ય છે, ને પર્યાયની દૃષ્ટિએ અનિત્ય છે. એમ બંને ધર્મ નિત્યતા-અનિત્યતાની અનેકાંતવાદથી યથાર્થતા આચાર્યો દર્શાવે છે.

અહીં 'સૂરસમપ્પહાણં'નો અર્થ સૂર્ય સમાન પ્રધાન એવો નહીં લેવાનો કેમકે 'સૂરિણ' એ છટ્ઠી વિભક્તિવાળા વિશેષ્યપદનું આ વિશેષણપદ છે, તેથી આ પદ છટ્ઠી વિભક્તિવાળું સમજવું જોઈએ. એટલા માટે મૂળ શબ્દ 'પહા' લઈ એના પર છટ્ઠી વિભક્તિ લાગીને 'પહાણં' શબ્દ બન્યો એમ સમજવાનું. તેથી **'સૂરસમપ્પહાણં'** પદનો અર્થ આ થાય કે સૂર્ય જેવી પ્રભાવાળા છે. એટલે કે સૂર્ય જેમ વિશ્વના અંધકારને દૂર કરી પ્રકાશ પાથરનાર છે તેમ ભવી જીવોની મિથ્યા માન્યતાઓ રૂપી અંધકારનો નાશ કરી સમ્યક્ તત્ત્વોનો પ્રકાશ કરનારા આચાર્ય ભગવંતો છે.

એમને હું વારંવાર નમસ્કાર કરું છું. 'નમ નમ કરે છે' એમાં જેમ 'નમ' શબ્દ બે વાર બોલવાથી જેમ 'નમ નમ કરે છે' એટલે 'વારંવાર નમે છે' એવો અર્થ થાય છે, એ જ રીતે અહીં 'નમો નમો' બે વાર બોલાયાથી એનો 'હું વારંવાર નમું છું' એવો અર્થ થાય.

જૈન શાસનના આચાર્યો જ્યારે જ્યારે પણ યોગ્ય જીવોને પ્રતિબોધ કરવાનો અવસર આવે ત્યારે જરા પણ આળસ કરતા નથી, કંટાળો લાવતા નથી, બહાનાબાજી કરતા નથી. અત્યન્ત શિષ્ટ શાલીન સૌમ્ય ભાષામાં કહેવા લાયક બધું જ કહી દે છે.

ભગવાન મહાવીર સ્વામીએ પોતાના પટ્ટશિષ્ય ગૌતમ ઈન્દ્રભૂતિને આદેશ કર્યો કે નજીકના ગામે એક ખેડૂતને પ્રતિબોધ કરી આવો. (કોઈ રાજા-મહારાજાને માટે ના કહ્યું.) તરત જ ભગવાનની આજ્ઞા માથે ચડાવીને કંટાળ્યા વગર એક સામાન્ય ખેડૂતને પણ પ્રતિબોધ કરવા માટે શ્રી ગૌતમસ્વામિજીએ ઉલ્લાસથી પૂરો પ્રયત્ન કર્યો.

જૈન આચાર્યની દેશના બહુ અટપટી હોતી નથી. પાંડિત્યનું પ્રદર્શન હોતું નથી. વેરઝેર ફેલાવે કે ચડસા ચડસી વધારે અથવા અવગુણો-દુર્ગુણોનું સીધી કે આડકતરી રીતે પોષણ કરે, ઉશ્કેરાટ કે તણાવ વધારે, ઝનૂનને પોષે, શ્રદ્ધાભંગ કરે, મિથ્યાત્વ ફેલાવે એવી હોતી નથી. **સદ્દેશના** - પ્રશસ્ત અને શુદ્ધ હોય છે.

જૈન શાસનમાં ૩૬ સદ્ગુણોના ધારક હોય એવાને ગુરુ એટલે કે આચાર્ય કહેવામાં આવે છે. પાંચ ઈન્દ્રિય ઉપર અંકુશ રાખે, બ્રહ્મચર્ય વ્રતની નવ મર્યાદાઓ ઓળંગે નહીં. ચાર લોભાદિ કષાયોને વશ કરે, પાંચ મહાવ્રતોનું પાલન કરે, પાંચ સમિતિ ત્રણ ગુપ્તિને જાળવે. આવા છત્રીશ ગુણોની ખાણ તે આચાર્ય કહેવાય. આવું આચાર્યપદ ધારણ કરવાની જવાબદારી જે તે વ્યક્તિ સંભાળી શકે નહીં. આ પદ જવાબદારીનું પદ છે. એટલે જ આ પદે રહેલા આચાર્યો પાસે પ્રજા ઉપરોક્ત ૩૬ આચારોના પાલનની અપેક્ષા રાખતી હોય. ત્યારે જો આચાર્ય એ ૩૬ ગુણોને ધારણ કરવામાં નિષ્ફળ જાય તો પોતાનું નૂર ગુમાવી બેસે. એટલે જ જૈન શાસનમાં જેને તેને નહીં પણ એવા સુયોગ્ય શિષ્યને સુયોગ્ય ગુરુ પ્રસન્ન થઈને આચાર્યપદ એનાયત કરે છે.

**કાવ્ય - "નમું સૂરિરાજા સદા તત્ત્વતાજા, જિનેન્દ્રાગમે પ્રૌઢ સામ્રાજ્ય ભાજા"**

સૂરિરાજા એટલે સૂરિઓમાં રાજા નહિ, પણ રાજા સમાન સૂરિ. તેથી 'નમું સૂરિરાજા' એટલે ચતુર્વિધ જૈન સંઘમાં રાજા સમાન આચાર્યને હું નમસ્કાર કરું છું. રાજા પ્રજા પર શાસન ચલાવે છે, એમ સૂરિ જૈન સંઘ પર જિનશાસનનું સામ્રાજ્ય ચલાવે છે. તે સામ્રાજ્યના રાજા તે આચાર્ય છે, ને આચાર્યના મંત્રી-દિવાન ઉપાધ્યાય છે, અને મુનિઓ સહિત ચતુર્વિધ સંઘ તે પ્રજા છે.

આચાર્ય સૂર્ય સમાન પ્રભાવાળા છે. જેમ પ્રજાનો રાજા બધાને પૂજનીય બને છે, માનનીય બને છે, તેનો હુકમ દિવાનથી માંડીને જમાદાર સુધીના બધા ઉઠાવે



છે, તે રાજાનું શાસન માથે ધરે છે, આમ રાજાનું શાસન ચાલે છે; તેમ આચાર્ય ભગવાન જૈન સંઘમાં બધાને માન્ય અને પૂજ્ય બને છે ને તેમનો હુકમ માથે ચડાવે છે. આચાર્યનું શાસન ચાલે છે. વિશેષે કરીને મુનિમંડળ પર તેમનું પૂર્ણ શાસન ચાલે છે, ને મુનિમંડળ તેમનું ગૌરવ પણ તેવું જ કરે છે

રાજાના કારભારીમાં રાજાની પ્રત્યે સન્માન-અદબ-આજ્ઞાંકિતતા, વિનય-વિવેક-નૃપઈચ્છાનુવર્તિતા (ગુરુઈચ્છાનુસારિતા) હોય છે. રાજાને કાંઈ હુકમ ન કરવો પડે. રાજાના તેવા ઈંગિત પરથી દિવાનને ખબર પડી જાય કે રાજાની આ ઈચ્છા છે, ને તે પ્રમાણે દિવાન વર્તી લે છે. આ ઈચ્છાનુવર્તિતા છે, ઈચ્છાનું અનુવર્તન છે, તે પ્રમાણે આચાર્યની પ્રત્યે શિષ્યોના ભાવ હોય છે.

શ્રમણસંઘ પર અનુશાસન ચલાવનાર આચાર્ય શ્રમણસંઘને પૂજ્ય છે. માટે આચાર્ય રાજા જેવા છે. સંઘ પર જ્યારે આફત આવે ત્યારે આચાર્ય આગળ થાય છે.

આચાર્ય રાજા સમાન છે, તેથી જૈન શાસ્ત્રો તેમનું ખૂબ મહત્ત્વ આંકે છે.

કોઈ આચાર્યનો અવિનય કરે, દા.ત. એમ કહે આચાર્ય એટલા અનુભવી નથી હજી તો આચાર્ય માત્ર ૪૦ વર્ષના છે, હું ૭૦ વર્ષનો છું. મેં ત્રણ દસકા વધારે જોયા છે. તો તેવો અવિનય કરનાર આગમાં હાથ ઘાલી રહ્યો છે એમ શ્રી દશવૈકાલિક સૂત્ર કહે છે. કર્મ-સત્તા બળવાન છે. શાસ્ત્રમાં

**મુનિનો અવિનય કરે તો અમુક દંડ.**

**ગીતાર્થનો અવિનય કરે તો એથી વધુ દંડ.**

**સ્થવિરમુનિનો અવિનય કરે તો તેથી વધુ દંડ.**

એમ મુનિ-ગીતાર્થ સ્થવિર-ઉપાધ્યાયનો અવિનય કરે તો વધુ ને વધુ દંડ થતો જાય છે. એમાં આચાર્ય તે રાજા છે. તેમનો અવિનય કરે એને અતિ મહાન દંડ હોય છે.

### અવિનયનાં ઉદાહરણ :-

(૧) આચાર્ય કહે તે સાંભળતો હોય, તે છતાં આચાર્યને જવાબ ન આપે, તો તે અવિનય કહેવાય.

(૨) રાત્રે આચાર્ય પૂછે; 'કોણ જાગે છે ?' તો પોતે જાગતો પડ્યો હોય છતાં હુંકારો ન દે, તો તે અવિનય કહેવાય.

(૩) ગુરુ-આચાર્ય જેટલું આસન કે મોટું આસન બિછાવીને બેસે, તો તે અવિનય કહેવાય.

(૪) આચાર્ય કોઈની સાથે વાત કરતા હોય ને વચમાં પોતાનો ડહાપણ-ડોયો લગાવે, તો તે અવિનય કહેવાય.

(૫) આચાર્યે કોઈને વાત કર્યા પછી, એની આગળ પોતાનો ડહાપણ-ડોયો ચલાવે તો અવિનય. દા.ત. કહે, 'જુઓ, આમ આવો, તમને આચાર્ય મહારાજથી બરાબર સમજાયું નહિ હોય હું તમને સમજાવું.' તો આ દોઢ ડહાપણ એ અવિનય કહેવાય.

(૬) આચાર્ય મહારાજને જશ આપવાનો હોય, ને તે જશ પોતે જ લઈ લે, તો તે અવિનય કહેવાય.

(૭) શિષ્યે અવસરે બીજાઓને અમુક કહેવા માટે આચાર્યને કોઈ સૂચન કર્યું હોય, ને આચાર્ય તે સૂચનનો ઉપયોગ કરી બીજાઓ પાસે અમલ કરાવે, ત્યાં પેલો મુનિઓને કહે 'આ તો મેં જ આ સૂચન કર્યું હતું આચાર્ય મહારાજને.' તો આ અવિનય કહેવાય.

(૮) એમ આચાર્ય પાસે ઓફિસરની જેમ ડહાપણ ડોળે તે અવિનય છે. ટૂંકમાં જેની અંદર આચાર્યનું ગૌરવ ઘટે, તે બધો અવિનય કહેવાય; અને એમનું ગૌરવ વધે, તે વિનય કહેવાય.

(૯) આચાર્યની સેવા-વૈયાવચ્ચ અન્ય કરતા હોય ત્યારે પોતે બેસી રહે, તે અવિનય કહેવાય.

(૧૦) 'આચાર્યને ઘણા કરનારા છે, આપણા વગર થોડું અટકી રહેલ છે ?' આ વિચાર અવિનયના ઘરનો છે.

આચાર્ય જૈનશાસનના જૈન સંઘના રાજા સ્થાને છે.

આચાર્ય હંમેશાં તત્ત્વમાં તાજા હોય છે, એટલે કે તૈયાર તત્ત્વવાળા છે. જૈન શાસ્ત્ર ભણેલા છે, તે ભુલી ગયેલા નહીં, પણ હોઠ પર તૈયાર છે. જ્યારે જઈને પુછો કે તરત જ શાસ્ત્રીય ઉત્તર આપે. તે ઉત્તર સાંભળનારને લાગે કે આચાર્ય મહારાજ જાણે જીવંત આગમ ભંડાર છે. (Living Library)

ઉદાહરણ-આચાર્યદેવ શ્રી વિજયદાનસૂરિજી મહારાજ વિ.સં. ૧૯૯૨માં પાટડીમાં કાળધર્મ પામ્યા. '૯૧માં રાધનપુર ચોમાસુ હતું, ત્યારે રામચંદ્રસૂરિ મહારાજ કાંઈક પૂછવા ગયા, તો તરત જ જવાબ આપ્યો કે-જાઓ આચારાંગ સૂત્રના ફલાણા સૂત્રની ટીકામાં જોઈ લો. આમ આચાર્ય સદા તૈયાર હોય છે, એટલે કે તત્ત્વ-તાજા હોય છે. પોતાને સૂત્રોનું સ્વયં પારાયણ ચાલુ હોય, તેનું રટણ, તેનું ચિંતન ચાલુ હોય. તેથી સહજ છે કે આચાર્ય સદા તત્ત્વ-તાજા હોય છે.

**'સદા તત્ત્વ તાજા' ના બે અર્થ :-**

(૧) જેમને તત્ત્વ તૈયાર હોય છે.

(૨) જે હંમેશા તત્ત્વથી તાજા એટલે સ્ફૂર્તિવાળા છે.

દા.ત. શારીરિક આપત્તિ-વિપતિ આવતી હોય, સામુદાયિક ચિંતા આવતી



હોય, આચાર્ય પર સમુદાયનો ભાર છે, એટલે આવે. છતાંય આપત્તિ-વિપત્તિ કે અણધારી આફત વખતે આચાર્ય ભગવંત જરાયે સ્ફૂર્તિ-પ્રસન્નતા-પ્રફુલ્લિતતા નહિ ગુમાવનારા હોય છે; કારણ કે તે તત્ત્વ-તાજા છે, એટલે કે તત્ત્વથી સ્ફૂર્તિવાળા છે, શારીરિક પુણ્યની તરતમતાએ કાયાથી સ્ફૂર્તિવાળા-આરોગ્યવાળા હોય કે ન પણ હોય, કિન્તુ તત્ત્વબોધથી સદા સ્ફૂર્તિવાળા છે. કારણ એ છે કે એમણે અંતરમાં તત્ત્વને પરિણમાવ્યા છે. ૧૦ પ્રકારનો યતિધર્મ ક્ષમા-નમ્રતાદિ, એ તત્ત્વ છે. સમ્યક્ત્વનો ૬૭ વ્યવહાર એ તત્ત્વ છે. સંવર નિર્જરાના પ્રકારો એ તત્ત્વ છે. આચાર્ય આ તત્ત્વની રમણતાવાળા છે. એ જિન-આગમે જે તત્ત્વો જેવા બતાવ્યા છે, તે તત્ત્વોથી પોતાના અંતરાત્માને તે તત્ત્વસ્વરૂપને અનુરૂપ ભાવિત કર્યો છે, પોતાના આત્મામાં તત્ત્વ પરિણત કરી દીધા છે. તેથી જ એ નિત્ય પ્રસન્ન-પ્રફુલ્લિત રહે છે.

તમારે નિત્ય સ્ફૂર્તિ જોઈતી હોય, નિત્ય પ્રસન્નતા જોઈતી હોય તો, તે તત્ત્વથી મળશે. તે તાત્ત્વિક સ્ફૂર્તિ કહેવાય. તાત્ત્વિકતાના પાયા પર ઊભેલી તે કદાપિ નાશ ન પામે. કોઈ કહે-

પ્ર.- એમ પણ નવતત્ત્વ, કર્મતત્ત્વ, બંધ-ઉદય ઉદીરણા ૧૪ ગુણસ્થાનક... એવું ઘણું ઘણું જાણી લીધું, તોય કેમ સ્ફૂર્તિ થતી નથી ? સંસારના સંયોગોમાં કેમ પ્રસન્નતા ને દીનતા વચ્ચે હિંચોળા ખાઈએ છીએ ?

ઉ.- તત્ત્વને ખુણામાં અર્થાત્ પુસ્તકમાં ભંડારી રાખેલ છે માટે રાગ-દ્વેષના હિંચોળે હિંચવાનું થાય છે. ખરી રીતે એના બદલે તત્ત્વ દિલમાં પરિણામ પામવું જોઈએ; દિલ તત્ત્વથી રંગાઈ જવું જોઈએ, ભાવિત થઈ જવું જોઈએ. તત્ત્વવિચાર આપણા શ્વાસોશ્વાસ બની જવા જોઈએ.

કોઈ વિચાર આવે, કશાનું દર્શન થાય, કશાકનું શ્રવણ થાય, તે તત્ત્વપૂત જ બનાવાય. વિચારણા કરે તો તે તત્ત્વદૃષ્ટિથી કરે. દર્શન કરે તો તત્ત્વદૃષ્ટિથી કરે; શ્રવણ કરે તે તત્ત્વદૃષ્ટિથી કરે; ખાનપાન-ભાષા-આલાપ-સંલાપ બધું તત્ત્વદૃષ્ટિથી કરે. આ જેને આવડે તે સદાય તત્ત્વસ્ફૂર્તિવાળા હોય છે. આચાર્ય ભગવંતને આ આવડે છે. માટે તે તાજા છે, માટે નિત્ય-પ્રસન્ન હોય છે. વળી આચાર્ય કેવા ? તો કે—

### "જિનેન્દ્રાગમે પ્રૌઢ સામ્રાજ્ય ભાજા"

આચાર્ય આગમોમાં પ્રૌઢ છે, ગંભીર છે, ને સામ્રાજ્યવાળા છે. જેમ પોતાના ગુણો પર ને શિષ્યો પર તેમ આગમ પર સામ્રાજ્ય ધરાવે છે, અર્થાત્ આગમ ખજાનાના માલિક હોય છે.

અથવા પ્રૌઢ શબ્દને સામ્રાજ્યનું વિશેષણ બનાવીએ તો આચાર્ય આગમોના

પ્રૌઢ સામ્રાજ્યવાળા છે. એટલે કે આગમ પર તેમનું વર્ચસ્વ હોઈ ગમે ત્યારે ગમે તે આગમના ગમે તે ખૂણાની વાત એમની પાસે મનમાં હાજર જ છે.

પ્રૌઢ સામ્રાજ્યવાળા એટલે કે સિદ્ધહસ્ત સામ્રાજ્યવાળા. જેમકે સિદ્ધહસ્ત લેખક, સિદ્ધહસ્ત ચિતારો...આમતેમ ૨-૪ પીંછા મારે ને આબેહૂબ ચિત્ર તૈયાર થઈ જાય. એમ,

સિદ્ધ હસ્ત કવિ હોય એ ગમે તે વિષય પર તરત જ કાવ્ય જોડી શકે. દા.ત. તેને કહો : કમાડ પર કાવ્ય કર, તો ક્ષણવાર વિચારી તરત જ તે બોલવા લાગશે. તેમ સિદ્ધ હસ્ત આગમજ્ઞાની; કોઈ વાત તેમને પૂછો તો એમની પાસેથી આગમમાંથી તૈયાર જવાબ મળે. તેઓ આગમ-નિષ્ણાત કહેવાય. એમને આગમ પર પ્રભુત્વ હોય, વર્ચસ્વ હોય, આગમના જ્ઞાન પર પ્રભુત્વ હોય.

આચાર્યોએ આગમ પર વર્ચસ્વ-પ્રભુત્વ પ્રાપ્ત કરેલ હોય છે. છતાં ખૂબી જુઓ, એમને તેનું રટણ પારાયણ ચાલુ જ હોય. મોટા દરિયા જેવું જ્ઞાન અગાધજ્ઞાન તેમને હોય તો ય એનું પુનરાવર્તન ચાલુ. તો અલ્પજ્ઞાનીને કેટલું પારાયણ જોઈએ ? માટે જ આચાર્યને અપરિસ્રાવી શ્રુતવાળા કહ્યા, અર્થાત્ એમનામાંથી પ્રાપ્ત કરેલ શ્રુત વહી ન જાય, ઢળી ન જાય, પરંતુ ટક્યું રહે. શી રીતે ? કહો નિરંતર પારાયણથી.

પહેલાં પુસ્તકો ન હતાં, ગુરુ બોલી જાય તે શિષ્ય ધારી લે, ને પછી રટણા ચાલુ કરે. ગુરુને બધું મોઢે જ હોય, તે બોલતા જાય, ને સમજાવતા જાય.

પોતાને તેનું પરાવર્તન ચાલુ હોય એટલે આચાર્ય જિનાગમે સામ્રાજ્ય-ભાજા છે. જિનેશ્વરના આગમ પર પ્રભુત્વવાળા હોય છે. આચાર્ય આગમ-શાસ્ત્રમાં સિદ્ધ હસ્ત બનેલા છે, ને પાછા પ્રૌઢ છે.

અહીં 'પ્રૌઢ' શબ્દ સૂચક શબ્દ છે.

કોઈ આગમના નિષ્ણાત હોય પણ પ્રૌઢ ન હોય. પ્રૌઢ એટલે ગંભીર... આગમની જે વાતો છે તે વાતોને પચાવી જાણનારા આચાર્ય છે.

આગમની વાતોને યથાયોગ્ય ન્યાય આપનાર છે એટલે ઉત્સર્ગને ઉત્સર્ગના સ્થાનમાં, અને અપવાદને અપવાદના સ્થાનમાં લગાડનારા હોય છે. અપવાદને ઉત્સર્ગના સ્થાનમાં નહિ, કે ઉત્સર્ગને અપવાદના સ્થળમાં નહિ લગાડનારા.

દા.ત. ચાલુ સંયોગમાં કાચા પાણીને ન અડાય...તે ઉત્સર્ગ-માર્ગ; પણ જતાં વચમાં નદી આવે તો વિધિપૂર્વક તેને અડાય તે અપવાદ-માર્ગ.

**'પ્રૌઢ' શબ્દના ત્રણ અર્થ :-**

**પહેલો અર્થ :** આગમની વાતોનો સમન્વય કરનારા માટે આચાર્ય પ્રૌઢ એટલે ગંભીર છે.



**બીજો અર્થ :** આગમની વાતોને યથાયોગ્ય ન્યાય આપનારા માટે આચાર્ય પ્રૌઢ એટલે ગંભીર છે.

**ત્રીજો અર્થ :** આગમની વાતોનો વિસંવાદ નહિ, પણ સંવાદ કરનારા. વિસંવાદી દેખાતી બંને વાતોનું યથાયોગ્ય નયથી-અપેક્ષાથી સમર્થન કરનારા, માટે આચાર્ય પ્રૌઢ એટલે ગંભીર છે.

**સંવાદિતાનું ઉદાહરણ :-** આગમમાં કહ્યું છે કે એક સમયમાં સામાન્યોપયોગ વિશેષોપયોગ, એ બે ઉપયોગ એકસાથે ન હોય. વસ્તુના બે ધર્મ-એક સામાન્ય અને બીજો વિશેષ. જ્યારે વિશેષને મુખ્યતાએ જાણે ત્યારે જ્ઞાનોપયોગ. પછી સામાન્યને મુખ્યતાએ જાણે ત્યારે દર્શનોપયોગ. બંનેને એક સાથે મુખ્યતાએ કેમ ન જાણે ? કારણ, સામાન્ય ને વિશેષ બંને ધર્મ જ એવા છે કે બંને મુખ્યતાએ એક સાથે ન જણાય.

**સિદ્ધસેનસૂરિજીએ કહ્યું :** શા માટે ન હોય ? જ્ઞાનનો ઉપયોગ ને દર્શનનો ઉપયોગ એક સાથે હોય, કેમકે બંનેના આવરણ નષ્ટ થઈ ગયા છે, તેથી હવે એને અટકાવનાર કોઈ નથી, તો બંને સાથે સ્ફૂરે.

**મલ્લવાદી સૂરિજીએ કહ્યું :** બે ઉપયોગની શી જરૂર છે ? કેમકે સર્વજ્ઞતા છે એટલે સામાન્ય-વિશેષ બંનેય એક જ જ્ઞાનમાં સાથે દેખાય છે. તેથી એક જ ઉપયોગમાં બંને વિષય આવી જાય. બે નામ જુદા કેવળજ્ઞાન ને કેવળદર્શન એ અમુક ભેદની દૃષ્ટિએ છે, સાકારની દૃષ્ટિએ જ્ઞાન કહેવાય, ને એજ નિરાકારની દૃષ્ટિએ દર્શન કહેવાય. એક જ જ્ઞાન વિશેષ ધર્મની અપેક્ષાએ સાકાર, બીજી સામાન્ય ધર્મની અપેક્ષાએ નિરાકાર.

હવે આપણે શું સમજવું ?

સિદ્ધસેન દિવાકરસૂરિજી અને મલ્લવાદિસૂરિજી બંનેય મહાપુરુષ છે, એમને ખોટા પડાય ? ના, તેથી ઉ. યશોવિજયજી મહારાજે 'જ્ઞાન-બિન્દુ' શાસ્ત્રમાં તેનો સમન્વય-યુક્ત જવાબ આપ્યો કે નયવાદની દૃષ્ટિએ તે તે અપેક્ષાએ બંનેય સાચા છે. નય પોતાના વિષયમાં સાચા હોય છે. આમ યશોવિજયજી ઉપાધ્યાય પ્રૌઢજ્ઞાનવાળા કહેવાય.

જે છીછરા જ્ઞાનવાળો હોય તે શાસ્ત્રની વાતો કરે, પણ સાથે પોતાનું ડહાપણ ડોળે, ને શાસ્ત્રના એક પાઠને સાચો, ને પાઠાંતરને ખોટો કહે છે. પ્રૌઢ જ્ઞાનવાળો બધા મહાપુરુષોને ન્યાય આપે. મતાંતરો ને પાઠાંતરોને ન્યાય આપે. આચાર્યને જ્ઞાનના સામ્રાજ્યવાળા કહ્યા ભરચક શાસ્ત્રીય જ્ઞાનવાળા કહ્યા. આપણે લૌકિક દુન્યવી વાતોથી પર સામ્રાજ્યવાળા છીએ. લૌકિક વાતમાં પૂર્ણ હોશિયારી છે, પણ શાસ્ત્રીય બાબતમાં

ધબેડો ! બહુ અધુરા ! કહો, અતિ અલ્પ જ્ઞાનવાળા છીએ. તે પણ સ્પષ્ટ નજર સામે ન દેખાય, યાદ કરવી પડે. નવકારની છેલ્લી ચાર લીટીનો અર્થ નજર સામે નથી તરવતો, પદ યાદ કરીને એનો અર્થ કહી શકીએ. ત્યારે આચાર્ય ભગવંતે જિનેશ્વર ભગવાનોના આગમોનાં તત્ત્વબોધને આગમોના પદાર્થોને એવા શ્વાસોશ્વાસમાં વણી લીધા હોય છે કે એમને એ પદાર્થો, સૂત્રના અક્ષરો યાદ કર્યા વિના, નજર સામે તરવરે છે. આનું નામ કહેવાય એ વાતોના બોધ પર પ્રભુત્વ.

આ બધું શીખવે છે કે અંનતાકાળ લૌકિક દુન્યવી બાબતોની બહુ જંજાળ કરી, લૌકિક વાતમાં ઘણી હોંશિયારી કરી, તે બધી વાતો શ્વાસોશ્વાસમાં વણાઈ ગઈ, એટલે લોકોત્તર શાસ્ત્રીય વાતોમાં બુટ્ઠા છીએ. લૌકિક વાતોમાં મગ્નતા હોય તો લોકોત્તરમાં મીંડું દેખાય. માટે જ,

**લોકોત્તર વાતમાં મગ્નતા લાવવી હોય તો લૌકિક વાતોમાં અલિપ્તતા રાખવી પડે.**

એકવાર ગુરુ બુટેરાયજી મહારાજને મૂલચંદજી મહારાજે ગોચરી વાપરી લીધા પર દૂધપાકની પાતરી પીવા આપી.

ગુરુ કહે 'મૂલા ! કઢી બોત મીઠી લગતી હૈ.'

બુટેરાયજી અવધૂત મસ્ત યોગી હતા તેમને દૂધપાક પીતા એ મીઠી કઢી લાગી ! તેમને ખબર નથી કે આ દૂધપાક છે. તેમને લોકોત્તર વાતમાં રમણતા હતી, પછી લૌકિક કઢી શું, કે દૂધપાક શું ? એની હોશિયારી રાખવાની પડી નહોતી. માટે જ એ લોકોત્તર સાધનામાં મસ્ત હતા.

**"ષડ વર્ગ વર્ગિત ગુણ શોભમાના, પંચાચારને પાળવે સાવધાના"**

આચાર્ય છ ના વર્ગના વર્ગતી શોભતા ગુણવાળા છે. છનો વર્ગ ૩૬, તેનો વર્ગ-૧૨૯૬, આવી છત્રીશી છત્રીશ છે (૩૬x૩૬-૧૨૯૬) એટલે કે છત્રીસ ગુણોની એક છત્રીસી, એવી છત્રીસી છત્રીસી એટલે ૧૨૯૬ ગુણોથી યુક્ત આચાર્ય હોય છે, તથા પંચાચારને પાળવામાં અતિ સાવધાન જાગ્રત્ છે.

આનો જો વિચાર કરીએ તો તેથી અનુમોદના થાય, તેમજ મનને લાગી જાય કે 'જીવનમાં પ્રાપ્ત કરવા લાયક આ ગુણો છે. આ ગુણોની સંપત્તિ તે જ સાચી સંપત્તિ છે. તે ગુણો આત્મા સાથે જોડાઈ જાય, ને આત્મામાં સોંસરા ઊતરી જાય, એવા કે આત્મા સાથે જડાઈ જાય, એવું કરવું જોઈએ.'

પંચાચાર એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યના ભવ્ય આચાર, એ સિવાય કોઈ વસ્તુ આચાર્યના જીવનમાં ફરકતી નથી.

દા.ત. આચાર્ય આગળ કોઈ માંડે કે 'સાહેબ ! છોકરી મોટી થઈ, પરણાવી



તો પડે ને !' અહીં જો પંચાચારનો ખ્યાલ ન હોય, તો તો મણુ મારવાનું થાય કે 'હા, ભાઈ !' પણ પંચાચારમાં સાવધાન હોય તો કહે : "ત્યાગી એમાં મંજૂરી આપે ?"

સાવધાન હોય તો વાણીના પણ અસદ્ આચારથી બચી શકે. સાવધાન હોય તો કહે : "પહેલેથી ત્યાગની શિખામણ અને ત્યાગી સાધ્વીજીના સમાગમ ન આપ્યા એ કલ્યાણ-મિત્રની ફરજ ચૂક્યા, માટે હવે એને પાપમાં પાડવાની વાત કરો છો."

આચાર્ય પોતે પંચાચાર પાળવામાં સાવધાન છે, જાગ્રત છે, માટે જગત ઉપર એકાન્તે ઉપકાર કરવાવાળા છે. એ કહે છે,

**"ભવી પ્રાણીને દેશના દેશ-કાળે, સદા અપ્રમત્તા યથાસૂત્ર આલે."**

આચાર્ય પ્રાણીને દેશ-કાળનો ઉચિત દેશના આપનાર હોય છે, ને સ્વયં હંમેશા અપ્રમત્ત રહી સૂત્રાનુસાર વર્તનારા હોય છે.

પ્ર. : દેશને ઉચિત દેશના કેવી રીતે અપાય ?

એકવાર પ્રભાવક આચાર્ય કમલપ્રભાચાર્ય ચૈત્યવાસીઓના દેશમાં ગયાં. ત્યાં ચૈત્યવાસી એટલે મંદિરમાં રહેનાર ને મંદિરનું ખાનાર મઠધારી સાધુઓ હતા. એ લોકોએ મંદિર બનાવવાનો ઉપદેશ આપવા આચાર્યને ભારપૂર્વક વિનંતી કરી, પણ આચાર્યે તેવી દેશના ન આપી. કારણ કે ત્યાં મંદિર બનાવવાની દેશના આપવી એટલે દેવદ્રવ્ય ભક્ષીઓ માટે એનો અખાડો ઊભો કરવાની સગવડ આપી કહેવાય. ઉચિત દેશના એ કે તેવા તેવા દેશના હિસાબે અધર્મના સેવનને પુષ્ટિ ન આપનારી દેશના. કાલોચિત દેશના એટલે કાલ-સમયને ઉચિત ધર્મપ્રસારક દેશના આપવી.

દા.ત. ચોમાસુ શરૂ થવાનું છે તો તેને ઉચિત દેશના આપવી કે ધર્મના આચારો આ પર્વ દિવસોમાં વધારવા જોઈએ. જે કોઈ કાંઈ જ ધર્મ ન કરતા હોય તેણે તે શરૂ કરવા જોઈએ.

ધર્મ ન કરતા હોય તેને 'ભાવ વગર ધર્મ ક્રિયા કરવી નકામી છે. પહેલાં ભાવ ચોક્ખા કરવા. ભાવ વગર નવકાર-સ્મરણ, દેવ દર્શન-પૂજા, સામાયિક-પ્રતિક્રમણ-બધુ નકામું' આ દેશના આપવી એ ધર્મ ન સાધવાની અફસોસી પણ નહિ થવા દે, ને એથી મિથ્યાત્વ દૃઢ કરશે.

વળી દેશને કાળને ઉચિત દેશના દેનારા આચાર્યો ધર્મની વાણી બોલે, દુન્યવી બીજું કાંઈ ન બોલે. તે સમજે છે કે બીજું ધર્મ સિવાયનું બોલવાનું તે બળતામાં લાકડાં હોમવા જેવું છે. એક તો જગતના જીવો વિષયાસક્તિ અને કષાયોથી બળી રહ્યા છે, અર્થ ને કામની આસક્તિથી ને લાલસાથી બળી રહ્યા છે. ત્યાં દુનિયાની, લડાઈની, કે સરકારી નિયંત્રણ વગેરેની એવી વાતો કરે ત્યાં પેલાની કષાયની આગ વધુ પ્રજજવલિત થાય.

ઉદાહરણ (૧) "આ બ્રિટિશરોએ આ ભારતના કરોડો લોકોને તો પાયમાલ કર્યા હતા, પણ એથી વધુ ઘરની સરકારે કર્યા !" જો સાંભળનાર અર્થની લાલસાવાળો હોય તો તે બોલશે, 'સરકાર હરામખોર !'

(૨) "આજના શેઠિયા સીદાતા સાધર્મિક સામે જુએ નહિ ! બંગલા રાખવા છે ! મોટરો રાખવી છે ! પણ પાંચ સાધર્મિક નથી પોષાતા ! પાંચનો ખર્ચો કેટલો ? પોતે મહીનામાં દશ પંદર હજારનાં ખર્ચા રાખે ! પણ સાધર્મિક ઉદ્ધારનો એક બે હજારનોય ખર્ચ ન રાખે,-" આવી દેશના સામાન્ય ને મધ્યમ સ્થિતિના શ્રોતાઓને દ્વેષ અસુયા કરાવનારી થાય. પાપદેશના જેવી બની જાય.

વ્યાખ્યાનમાં સાંભળનાર મોટા ભાગે સામાન્ય ને મધ્યમ વર્ગના હોય છે. તે આવું સાંભળે તો તેમને શ્રીમંતો પર કષાય થાય. એ કહેશે, 'મહારાજ સાચી વાત કહે છે, આવા લક્ષ્મીનંદનોને તો પકડીને પીટવા જોઈએ !'

માટે આ દેશના દેશકાળને ઉચિત નથી.

❖ ❖ ❖

**વાચના ૨** દાદર, મહાસુદ ૭, ૨૦૩૬

### જૈન આચાર્ય ઉચિત દેશના આપનારા હોય.

**ઉચિત દેશના કેવી ? :-** "આર્થિક સીદામણ તે અસમાધિ કરનારી છે, પરંતુ સારા પૈસા મોટી અસમાધિ કરનારા છે. એ આપણી સમાધિ બગાડે છે. પૈસા કરતાં મહાન સંપત્તિ આપણી પાસે છે નવકાર મહામંત્રની. અરે ! લૂખી રોટલી ખાઈ લે, પણ જો નવકારમંત્ર શ્રદ્ધાથી ગણે છે તો તે મહાન સમાધિ છે, અને નવકાર સદ્‌ગતિદાયી છે. પૈસા સદ્‌ગતિ દાયી ન કહેવાય..." આવી દેશનાથી પેલા દુ:ખી ગરીબને સમાધિ આવે.

એક સામાન્ય સ્થિતિના શ્રોતા કહે 'સાહેબ ! અહીં સાધર્મિક ઉત્થાનની વાત સાંભળીએ છીએ તો એટલો બધો સમાધિનો પાવર આવે છે ! ને બીજે સાધર્મિક ઉત્થાનની વાત સાંભળીએ છીએ તો શ્રીમંતો પર ઝાળ ચડે છે !'

**જૈનાચાર્યની દેશના રંકથી માંડીને રાયને ઠારનારી હોય, બાળનારી નહિ.**

આચાર્ય થયા તે શ્રાવકમાંથી થાય. પહેલાં સાધુ, પછી પદસ્થ, પછી આચાર્ય બન્યા. સારા શ્રાવકપણામાં ય આ વિવેક હોય છે કે આપણા સંપર્કમાં આવેલાના હૈયાના કષાયોને ઠારવા પણ હૈયાં બાળવા નહિ; તો શ્રાવકપણેથી આ વિવેક



લઈને આવેલ મુનિમહાત્મા આચાર્ય પદ સુધી પહોંચનારા બને, તો તે શું મહાવિવેક ન જાળવે ?

ઉદાહરણ : જન્મીને તરત અટ્ઠમ કરનાર નાગકેતુના પહેલાના ખેડુતપુત્રના ભવમાં તેની સાવકી માતા ત્રાસ દેતી હતી, તે મિત્રની સલાહ લેવા ગયો કે 'આ સ્થિતિમાં મારે શું કરવું ?' તો મિત્રે તેને બાળ્યો નહીં પણ ઠાર્યો. એમ ન કહ્યું કે 'તારામાં કાંઈ જોરબોર છે કે નહીં ? લે બુધું ને બાપાની એ નવી સામે ઊભો થઈ જા.' એમ ન કહેતાં એમ કહ્યું, 'એ તને કેમ સતાવે છે ? કારણ, તેં પૂર્વ ભવે તપ નથી કર્યો માટે. તપ ન કરનારને પરાભવ-તિરસ્કાર પામવા પડે છે ને અહીં પણ તપ નહિ કરે, તો આગળના ભવની સ્થિતિ વિચાર.' પેલો કહે "એમ ? તો શું તપ કરું ?"

"તપસ્યા અનેક પ્રકારે છે. પહેલાં મંગળમાં અટ્ઠમ લગાવ. નજીકમાં પર્યુષણા આવે છે એમાં લાગટ ત્રણ ઉપવાસ કર."

આ પ્રમાણે-આત્મ-કલ્યાણનો રસ્તો બતાવી મિત્રે નાગકેતુના જીવને ઠાર્યો.

તો એ અટ્ઠમની ભાવનામાં મર્યો ને ચરમ શરીરી નાગકેતુ થયો ! જો શ્રાવક પણ આવા ઠારનારા હોય, તો સાધુ તો વિશેષ ઠારનારા હોય.

સાધુ બીજાને ઠારનારા ત્યારે જ બને કે જ્યારે પહેલાં તો પોતે સાધુ સાથેના વ્યવહારમાં દોષ પોતાના જોનારા હોય, કષાય શાંત કેમ પડે એ જોનારા હોય; કષાય વધે નહી કે કષાયની ઉદીરણા ન થાય, એ જોનારા હોય. પોતાના વ્યવહારમાં જ જો દોષ સામાના જોવાની ટેવ હોય તો એ બીજા ગરીબ-સામાન્ય-મધ્યમ માણસને દેશના કઈ આપવાના ? શ્રીમંતોના જ દોષ જોવાની આપે ને ?

આચાર્ય દેશ કાળને ઉચિત દેશના આપે, અને યથાસૂત્ર અર્થાત્ સૂત્રાનુસાર યાને આગમમાં લખ્યા મુજબની દેશના આપે. ઘરનું કાંઈ કહેવાનું નહીં; તેમજ શાસ્ત્ર બાળ મધ્યમ કે તત્ત્વજ્ઞની કક્ષા જોઈ એને અનુરૂપ જ દેશના આપવાનું કહ્યું તો સામાની કક્ષા બહારની દેશના નહિ આપવાની. કેમકે 'ધર્મબિન્દુ' શાસ્ત્ર કહે છે કે **'પરસ્થાન દેશના પાપ દેશના'** શ્રોતા બાળ કક્ષાના હોય તો એમને સદ્ આચારોની દેશના આપવી જોઈએ. ત્યાં જો ભાવપ્રધાન દેશના અપાય, તો ભલે એ ભાવ શાસ્ત્રીય શાસ્ત્રોક્ત હોય છતાં એ દેશના પાપ દેશનારૂપ કહેવાય. માટે દેશના આગમે કહેલી રીતથી આપવી જોઈએ. મૂળ આલંબન જિન-આગમ છે. તેને અવલંબીને જ આચાર્ય દેશના આપતા આવ્યા છે માટે શાસન ટક્યું છે.

આજે કેટલાક કહે છે, "અમુક બાબતની શાસ્ત્ર ના પાડે છે, પણ તે શાસ્ત્ર-રચનાના કાળમાં બરાબર હશે, કિન્તુ આ કાળમાં બરાબર નહિ"-આમ શાસ્ત્ર ઉડાવવાનું થાય તો શાસનનો અંત આવી જાય. શાસ્ત્રના આગમના ઉપદેશો અને સિદ્ધાન્તોના પાલનથી જ શાસન ટકે; ને શાસ્ત્ર-આગમ રચનારા ત્રિકાલદર્શી હતા, એટલે ભવિષ્ય કાળ પણ જોઈને જ શાસ્ત્રાગમો રચેલા છે.

આચાર્ય સદા અપ્રમત્ત રહીને દેશકાળને ઉચિત તથા શાસ્ત્ર-સૂત્ર આગમને અનુસાર ભવી જીવોને દેશના આપે છે. તેમને પ્રમાદ નથી એટલે નિદ્રા, આળસ, વિકથા, કુથલી, જમાનાવાદ, લોકરંજન, વગેરે કાંઈ નથી.

શ્રાવક કહે :- 'વ્યાખ્યાનનો સમય થયો છે, પધારો'

આચાર્ય પૂછે :- 'કેટલા સાંભળવા આવ્યા છે ?'

શ્રાવક કહે :- 'સાહેબ ! પાંચ જણ છે'

આચાર્ય કહે :- 'તો વ્યાખ્યાનની ના કહી દો.'

અને પછી આચાર્ય આરામ કરે, તો આ યોગ્ય નથી. વિજય યશોદેવસૂરિજી મહારાજ તો કહેતા હતા : 'મારે એક શ્રોતા હોય તો ય બસ છે, સામે અર્થી ઝીલનારો જોઈએ; વળી મારે ભગવાનની વાણીનો અનુપ્રેક્ષાદિ સ્વાધ્યાય થાય છે, પછી એક સાંભળે તોય થાય, ને અનેક સાંભળે તોય થાય.'

હા ! વધુ માણસો સાંભળે વધુ પામે, પણ પોતાને તો એક શ્રોતા કે અનેક શ્રોતામાં એક સરખું પરિણામ છે,- ધર્મકથા-તત્ત્વાનુપ્રેક્ષા અને પરહિતબુદ્ધિ સમાનરૂપે પોષાય છે.

<u>વળી આચાર્ય કેવા છે ?</u>

**કાવ્ય : "જિકે શાસનાધાર દિગ્દંતિ કલ્પા, જગે તે ચિરંજીવજો, શુદ્ધ જલ્પા,"**

આચાર્ય શાસનના આધાર છે.

પ્ર. 'શાસનના આધારે આચાર્ય ? કે આચાર્યના આધારે શાસન ?'

ઉ. અહીં સ્યાદ્વાદ છે.

(૧) શાસનના આધારે આચાર્ય છે, તે એ રીતે કે

જ્યાં સુધી આચાર્યના દિલમાં શાસન જીવંત હોય, ત્યાં શાસનને રહેવા માટે દિલ અર્થાત્ આચાર્ય આધાર બન્યા ને એવું હોય ત્યાં સુધી તે સાચા આચાર્ય છે, નહિ તો આચાર્યાભાસ છે.

દા.ત. કમલપ્રભાચાર્ય, જ્યાં સુધી તેમના દિલમાં શાસન જીવંત હતું, ત્યાં



સુધી એ નામી આચાર્ય હતા, તીર્થંકર નામકર્મ બાંધનારા બન્યા હતા. દિલમાં શાસન હતું માટે જ એ માનનારા હતા કે 'દેવદ્રવ્યનો એક રાતો પૈસો ચવાવો ન જોઈએ, ચવાય તેવા સંયોગ હોય તો તેને સમર્થન આચાર્ય ન જ આપે.' અને તેથી જ ચૈત્યવાસીઓના ક્ષેત્રમાં નવા મંદિર બંધાવવાનો ઉપદેશ ન જ આપ્યો. એમાં શાસનરાગ-પ્રવચનરાગ જ્વલંત હતો, એથી તીર્થંકર નામકર્મ ઉપાર્જનારા બનેલા.

પરંતુ આ નામી-પ્રખ્યાત કમલપ્રભાચાર્યે એક વખત સાધ્વી-સંઘટ્ટાનો ખોટો બચાવ કર્યો ને તેમના હૈયામાંથી શાસન નીકળી ગયું.

બન્યું એવું કે એકવાર કોઈ ભીડમાં અકસ્માત્ સાધ્વીજીથી એમને અડી જવાયું હશે. વિરોધીઓએ સભામાં પ્રશ્ન કર્યા 'સાધુથી સાધ્વીને અડાય ?' આ સમજી ગયા. બીજી ત્રીજી રીતે વિવેચન કરી આનો સીધો જવાબ ટાળ્યો. એવું દિવસો ચાલ્યું. પછી તો પેલાઓએ સીધું જ પૂછ્યું,- 'તે દિવસે તમે કેમ સાધ્વીને અડ્યા હતા ?'

કમલપ્રભાચાર્યે કહ્યું,- 'શાસ્ત્રમાં ઉત્સર્ગ ને અપવાદ માર્ગ ઘણા છે એ તને ક્યાં ખબર છે ?'

સાધ્વીને પોતે પ્રમાદથી અડવાની બાબતને અપવાદમાં ખપાવી. આ ખપાવ્યું તે ખોટું છે. પ્રમાદ એ ઉત્સર્ગનો અપવાદ નહિ, પણ ઉત્સર્ગનો અંશે ભંગ છે.

"સાધ્વીને ન અડાય-" તે ઉત્સર્ગ માર્ગ છે, પણ સાધ્વી નદીમાં લપસી પડી ડૂબતી હોય તો તેને અડીનેય બચાવી શકાય તે અપવાદ માર્ગ છે.

હવે કમલપ્રભાચાર્યના હૃદયમાંથી શાસન નીકળી ગયું તો તીર્થંકર નામકર્મનું પુણ્ય વિખરાઈ ગયું ! ને આચાર્યાભાસ બન્યા. વિરોધીઓએ તેમનું નામ પાડ્યું 'સાવદ્યાચાર્ય,' પાપવાળા જે આચાર તેનું સમર્થન કરનારા તે સાવદ્યાચાર્ય. આ વાત થઈ શાસનના આધારે આચાર્ય, તેની.

હૈયામાં શાસન છે ત્યાં સુધી એ શાસનના કાનૂન પાળીને જ આચાર્યપણું છે, એ શાસનના આધારે આચાર્યપણું ગણાય એટલે એ હિસાબે આચાર્યનો આધાર શાસન છે, શાસનના આધારે આચાર્ય.

હવે **'આચાર્યના આધારે શાસન'** એની વાત જોઈએ.

શાસન હૈયામાં હોય, એમ આચારમાં પણ હોય. હૈયામાં ફક્ત માનવાનું એટલું જ નહિ, પણ તે આચરવાનું ય હોવું જ જોઈએ, તો જ તે આચાર્ય છે. શાસ્ત્રે બતાવેલ હોય તેનાથી વિપરીત માર્ગે ચાલનાર તે આચાર્ય નહિ, પણ

આચાર્યાભાસ છે. તે નટની જેમ માત્ર દેખાવ કરનારા ગણાય. આમ આચાર્યો શાસનને આચારમાં-આચરણમાં અને વાણીમાં ઉતારતા આવ્યા છે અને બીજાઓને શાસન આચરાવતા આવ્યા છે તો જ શાસન ટક્યું છે. આ હિસાબે કહેવાય કે આચાર્યોના આધારે શાસન, માટે જ પાંચમો આરો પૂરો થતાં જો આચાર્ય નહિ તો આ ભરતમાં શાસન પણ નહિ.

**(૨) આચાર્ય બીજી રીતે શાસનના આધાર,-**

આચાર્યના આધારે શાસન છે, કેમકે શાસન કોઈ મૂર્ત ચીજ નથી, શાસન એટલે દેરાસર-ઉપાશ્રય નહિ, કિન્તુ શાસન એટલે ભગવાનની વાણીને ભગવાનની વાણીએ કહેલ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નત્રયી છે. તે આપનાર છે આચાર્ય ભગવંત. પૂર્વાચાર્યોએ પછીના આચાર્યોને આપેલ, પછીના આચાર્યોએ તેમની પછીના આચાર્યોને આપેલ. એમ ભગવાનની વાણીની ને રત્નત્રયીની ઉત્તરોત્તર પરંપરા એક પછી એક આચાર્યોએ ચલાવી, તો આજે આપણા સુધી શાસન આવી પહોંચ્યું. આમ આચાર્યના આધારે શાસન ચાલ્યું.

**શાસનના બે અર્થ થાય,**

(૧) શાસન એટલે જિન-પ્રવચન ભગવાનની વાણી; ને

(૨) શાસન એટલે જિનોક્ત રત્નત્રયી.

આ બંનેની પરંપરા આચાર્યોએ ચલાવી. જો આચાર્ય ન હોય તો તે પ્રવાહ લુપ્ત થઈ જાય. એ તો આચાર્ય જે પૂર્વાચાર્યથી પામેલા છે, તે જગતને આપે છે, જગત તેને ઝીલે છે સાધુ થાય છે પછી આચાર્ય થાય છે, એમ શાસન આગળ ચાલ્યું.

'શાસનાધાર' પદના આ બંને પ્રકારના અર્થ માટે "શાસનાધાર" પદના બે જાતના સમાસ થઈ શકે,-

(૧) 'શાસનનો આધાર'એ 'શાસનાધાર' એમ ષષ્ઠી તત્પુરુષ સમાસ થયો.

(૨) 'શાસન છે આધાર જેમનો; એવા આચાર્ય એ શાસનાધાર' એમ બહુવ્રીહિ સમાસ થયો.

આમાં બીજા અર્થમાં શાસનને આચાર્ય પોતાના જીવનની દીવાદાંડી બનાવે એટલે શાસનના આધારે આચાર્યપણું પામે. સમુદ્રમાં વહાણ દીવાદાંડીને આધારે ચાલે છે તેમ શાસનને આધારે આચાર્યની જીવનગાડી ચાલે છે.

આચાર્યે શાસનને પોતાના જીવનનું સુકાન બનાવીને ચાલવું. આચાર્ય શાસન



સિવાય બીજી વાત ન કરે.

**"દિગ્દંતી કલ્પા, જગે તે ચિરંજીવજો શુદ્ધ જલ્પા."**

અર્થાત્ આચાર્ય દિગ્દંતી-દિગ્ગજ જેવા છે. આઠ દિશાના રખેવાળો તેના હાથી તે દિગ્ગજ. વિજેતાનો અર્થ બતાવવો હોય ત્યારે દિગ્ગજની ઉપમા અપાય છે.

દિગ્ગજ હોય તેનો ગંભીર ધ્વનિ નીકળે તો તે આખી દિશાને ભરી દે. તેમ આચાર્યની તત્ત્વવાણી આખા દેશમાં ચોમેર પ્રસરી જાય, એટલે કે ધર્મ-પ્રશંસા જૈનશાસનની વાહવાહ લોકમાં પ્રસરી જાય.

'શુદ્ધ જલ્પા' :- એવા એ આચાર્ય ચિરકાળ જીવંત રહેજો ને શુદ્ધ જલ્પા છે એટલે કે નિર્દોષ વાણી બોલનારા છે, શુદ્ધ પ્રરૂપણા કરનારા છે. માત્ર દેશનામાં નહિ, પણ ચાલુ વાતચીતમાં પણ ચાલુ જીવન-પ્રસંગમાં ય આચાર્યનું વચન નિર્દોષ હોય, સાવદ્ય યા કષાયવાળું કે અપ્રિય ન હોય, સાવદ્ય અર્થાત્ પાપવાળું વચન ન હોય. બીજાને પાપસ્થાનકમાં પ્રેરનારું વચન ન બોલે. નિર્દોષ વાણી કહેનારા હોય. "એવા આચાર્ય આ જગત પર ચિરકાળ જીવતા રહેજો."

શું આ આશીર્વાદ વચન છે ? ના (૧) કિન્તુ આવી અમે શુદ્ધ આશંસા રાખીએ છીએ, અમારા હૃદયની આવી તીવ્ર અભિલાષા છે. એ આશીષવચન કેમ નહિ ? કારણ કે એમને આશીર્વાદ આપવાનું આપણું ગજું શું ? અમારી તીવ્ર હાર્દિક ઈચ્છા છે કે જગતમાં એ ચિરંજીવો. એમ, બીજો અર્થ - (૨) અમારી દિલથી વિનંતી છે કે આ જગત પર અમે હોઈ એ ત્યાં સુધી આવા આચાર્ય અમારા દિલમાં ચિરકાળ જીવંત રહો.

આવા આચાર્ય ભગવંત જગત પર જીવંત હોય તો અમે જીવતા છીએ; અમારાથી કર્મસત્તા ડરે, ગભરાય, ને કચરાય. આવા આચાર્ય ભગવંત ન હોય તો અમારે કર્મ સત્તાથી ડરવું પડે, કચરાવું પડે. તત્ત્વમાર્ગની શુદ્ધ પ્રરૂપણાથી આચાર્ય એવો ધર્મનો રાહ આપે છે કે વિચાર-વાણી-વર્તાવની દિશા મળી જાય છે. આચાર્ય એ ત્રણેનાં સુકાની છે, એ ભવી જીવને કહે છે,-

**વાણી તો આવી જ બોલજે, વિચાર તો આવો જ કરજે, વર્તાવ તો આવો જ કરજે.**

આવું બતાવનાર આચાર્ય ભગવંત છે. એ રાહે જો જવાય તો કર્મ સત્તાને કચરાવું પડે. આચાર્ય ન હોય તો આપણે કર્મસત્તાથી કચરાવું પડે.

### હવે ઉલાળાની દેશીનું કાવ્ય આવે છે,-

## "આચારજ મુનિપતિ ગણી ગુણ છત્રીશી ધામોજી"

-આચાર્ય મુનિપતિ છે, ગણી છે, ને છત્રીસ ગુણોના આવાસ છે.

આચાર્ય મુનિઓના સ્વામી છે; કારણકે (૧) મુનિઓ તેમની આજ્ઞા ઉઠાવે છે. મુનિઓ હાથ જોડીને આચાર્યના વચનને તહત્તિ કરનારા હોય છે. એમ (૨) 'સ્વામી' એટલે નાથ. આચાર્ય પોતે મુનિઓની સંભાળ કરનારા છે કે કોઈ મુનિમાં કોઈ દોષ ન પ્રવેશે; મુનિ ઉન્માર્ગ ન આચરે, ઉત્સૂત્ર ન બોલે, તેમજ ૧૦ યતિધર્મ અને સાધ્વાચારો બરાબર પાળે.

મુનિઓના હિતનો યોગક્ષેમ કરનારા હોય તે નાથ કહેવાય, સાચા સ્વામી કહેવાય. 'યોગ' એટલે હિતની પ્રાપ્તિ કરાવનારા, ને 'ક્ષેમ' એટલે પ્રાપ્ત હિતનું રક્ષણ કરનારા આચાર્ય છે. ત્યારે એમનામાં સાચું સ્વામીપણું છે, નહિ તો કહેવાના સ્વામી કહેવાય.

**"દી વાળે તે દીકરો ને છો વાળે તે છોકરો"** સાચો દીકરો બાપનો દી વાળે, અર્થાત્ બાપના સારા કર્યા-કારવ્યાને અજવાળે તે દીકરા. બાકી જો એના પર છો વાળી નાખે પ્લાસ્ટર-કૂચડો ફેરવી નાખે, તો તે સારો દીકરો નહિ પણ કહેવાનો દીકરો, ખરેખર તો એ છોકરો છે. એમ આચાર્ય મુનિઓના હિતના યોગક્ષેમ કરનારા હોય તો સાચા મુનિપતિ કહેવાય.

પત્નીનો સાચો પતિ તે જે પત્નીના શીલ વગેરે હિતનો યોગ-ક્ષેમ કરનારો હોય; નહિ તો એ કહેવાનો પતિ પૂતળા-પ્રધાન જેવો. મુનિઓના હિતનો યોગ-ક્ષેમ નહિ કરનાર આચાર્ય પણ સાચા મુનિપતિ નહિ કિન્તુ પૂતળા પ્રધાન જેવા.

### ભરવાડ પૂતળા-પ્રધાન ગુરુનું દૃષ્ટાન્ત :-

એકવાર એક સંન્યાસીઓના સમુદાયના ગુરુ ગુજરી ગયા. હવે નવા ગુરુ બનાવવા કોને ? ગુરુ તો જોઈએ ગુરુ મળતા પણ તે દૂબળા પાતળા મળતા; બહારમાં ઓજસ્ પાડે તેવા કોઈ મળતા નહિ. દિવાન-સંન્યાસી બધી વાતે હોશિયાર અને ગુણિયલ હતો, પણ શારીરિક દેખાવે ઓજસ્ પાડે તેવો નહિ.

તેવામાં જંગલમાં લાલબુંદ અને પડછંદ કાયાવાળો એક ભરવાડ જોયો. દિવાન-સંન્યાસીએ કહ્યું : "તને અમે ગુરુ બનાવીએ તને બધી સગવડતા ખાવાની-



પીવાની-રહેવાની મળશે. તું અમારો ગુરુ બન."

ભરવાડે કહ્યું : 'ભલે થાઉં ત્યારે.'

દિવાન સંન્યાસી બોલ્યો : 'પણ તારે એક શરત પાળવી પડશે.'

આ લોકોને તો પૂતળા-ગુરુ બનાવવો હતો, ગુણથી ગુરુ મળતો નહિ એટલે દેખાવનો ગુરુ બનાવવો હતો.

કહેવાનો ગુરુ બનાવવાનો હતો એટલે આ ભરવાડ અભણ છતાં એને પસંદ કર્યો, નહિ તો આ ભરવાડમાં કશી આવડત ગુરુ તરીકેની ન હતી. દિવાન સંન્યાસી એને કહે છે 'શરત એ, કે તારે બિલકુલ બોલવાનું નહિ.' શરત મંજુર થઈ-તેને સંન્યાસીના કપડાં પહેરાવ્યાં, મુખ્ય સંન્યાસી ગુરુ કર્યો બેસવાની રીત બતાવી કે લોકના દેખતાં આંખ પોણી મીંચેલી રાખવી, ને જાણે ધ્યાનમાં છે એમ દેખાય એવી રીતે પદ્માસને બેસી રહેવું; બસ, એને ગુરુ કરીને કાફલો ગામ-ગામ ફરે છે.

ગામ-ગામ વાત ફેલાવી કે "ગુરુ તો બસ ધ્યાનમગ્ન રહે છે. જો એમની આપણા પર જરાક આંખ ખૂલે તો સમજવું કે આપણા ભાગ્ય ઊઘડી ગયા !"

કોઈ પૂછે તો પેલો દિવાન-સંન્યાસી જવાબ આપે.

આવા તે સ્વામી કહેવાય ? પૂતળા સ્વામી શું કરે ? એ શું માર્ગદર્શન આપે ? એ યોગ-ક્ષેમ શું કરે ?

આ ભરવાડ તો શોભા માટે ગુરુ હતો, પરંતુ જિનશાસનના આચાર્ય મહારાજ એવા નથી, તે સાચા ગુરુ છે, તે માર્ગદર્શન આપે છે. પણ સાચા ન હોય તો કોકદી' બાફી નાખે. અને આવું એક દી' આ શોભા-ગુરુએ બાફી નાખ્યું.

કોઈ નગરમાં ગયા. ત્યાં રાજાને કાને વાત આવી કે 'મહાન સંત-મહંત આવ્યા છે.' રાજા ત્યાં આવ્યો ગુરુના પગે પડ્યો, ગુરુને વિનંતી કરી. "સ્વામીજી ! કાંઈક આશીર્વાદ આપો." રાજા ત્યાં બેઠો છે, એટલામાં બન્યું એવું કે દૂર બકરાનું ટોળું ગુરુએ જોયું, આદત સે લાચાર... મૂળ તો આ ભરવાડ જ ને ? તે ત્યાં તરત જ...

**ભરવાડ ગુરુએ બાફ્યું :-** એ "તક, તક, તક, ૬૨૨૨ ૬" બોલ્યો. ત્યાં તો દિવાન સંન્યાસી બેઠો હતો તેણે ગુરુને ખાનગી ચૂંટી ખણી, એટલે એણે ચેતી જઈ મૌન પકડ્યું. દિવાન સંન્યાસીએ જોયું કે શોભાગુરુએ બોલવાને બદલે બોળી નાખ્યું. દિવાન હોશિયાર હતો, તે બોલ્યો : 'અહોહો ! મહારાજા આજ તમે ન્યાલ થઈ ગયા ! જે વર્ષોથી ધ્યાનમાં રહે તેમણે આજ તમને કહી દીધુ :' 'તક, તક, તક' આમ ત્રણ વાર કહીને કહ્યું કે,-

"આ મનુષ્ય જીવન મહાન તક છે તેને જવા દેતો નહીં, સાધી લે, ધર્મ કરીને જીવનની તક સફળ કરી લે. નહિતર જીવનના અંતે 'ફરરર ફૂ' બધું ઊડી જવાનું છે. તક ઊડી જશે."

આમ કોઈ સુધારી લે તે જુદી વસ્તુ છે, બાકી પૂતળા-પ્રધાન ગુરુ બાફી નાખે.

**આચાર્ય ગણી છે :-** એટલે કે ગણને ધારણ કરનારા છે. ગણીમાં ત્રણ શબ્દો આવે - કુલ, ગણ ને સંઘ. એક આચાર્યની સંતતિ તે કુલ ગણાય, અનેક કુલનો સમૂહ તે ગણ ગણાય. અનેક ગણનો સમૂહ તે સંઘ ગણાય. એક ગણમાં સૌથી મોટા આચાર્ય હોય તેમના મોટા પરિવારમાં અવાંતર કેટલાક આચાર્યો હોય; તે દરેક આચાર્યની સંતતિ તે કુલ થયું. એવા કુલોને અનેક અવાંતર આચાર્યો એ બધાના સમૂહને ગણ કહેવાય; અને તેવા ગણને ધારણ કરનાર તે ગણી કહેવાય.

અહીં કાવ્યમાં 'ગણી' શબ્દમાં ગણપતિ, કુલપતિ, સંઘપતિ બધાય આચાર્યનો સમાવેશ સમજવો. આવા ગણી આચાર્ય કેટલાય પાત્ર સંસારી ભવી આત્માઓના ઉદ્ધાર કરનારા હોય છે, એમને સાધુ બનાવનારા હોય છે. એટલે સાધુ બનાવનારા હોય છે. એટલે સાધુ જો હંમેશાં ખ્યાલ રાખે કે,-

"મારા જેવા દુનિયાના વિષયોની લાલસાવાળા ને વિષયોની ભીખ માગનારા કેટલાય ભિખારીને તેમાંથી મુક્ત કરનારા છે. દુનિયાના લાખો કરોડે ભિખારીઓમાંથી મારા જેવા ૨૫-૫૦-૧૦૦ને ઊંચકીને વિષયની ભિખ ને વિષયોની લાલસા મુકાવી મહાન સંયમ-સંપત્તિ આપી શ્રીમંત બનાવી દીધા ! તે મહાન ઉપકાર કર્યો."

આવો જો વિચાર રખાય તો સંયમમાં કદી આચાર્યની સારણા-વારણાથી નિરાશ-હતાશ ન થવાય. સારણા-વારણા ને કટુ હિતશિક્ષા રૂપી ગુરુના ખાસડા પણ ખાવા પડે, પરંતુ કંટાળો ન આવે, ઊલટું આનંદ થાય કે 'મારા સંયમ-ધનને બચાવે છે.' વળી આચાર્ય ગણી ઉપરાંત કેવા છે ? તો કે

**'ગુણ છત્રીસી ધામોજી'** આચાર્ય છત્રીસ ગુણના ધામ છે, આવાસ છે તેમનામાં ગુણોની છત્રીસીઓ આવી વસી છે.

તમારે ગુણો જોવા હોય તો જૈન ધર્મના ભાવઆચાર્ય જુઓ તો ત્યાં ભરચક ગુણોનાં દર્શન થશે.

'ઇન્દ્રિય-સંવર શું છે ? સંયમ શું છે ?' આ બધું ભાવ આચાર્યમાં જોવા મળશે. ગુણ વિનાના દ્રવ્ય-આચાર્યની કિંમત નથી, ભાવ આચાર્ય તે ગુણથી છે,



તેમની કિંમત અમૂલ્ય છે.

ગુણો અમૂર્ત છે. એ ગુણીને જુઓ એટલે સમજાય. જેમકે સમ્યક્ત્વ ગુણ સમકિતીને સમકિતની કરણી કરતો જુઓ એટલે સમજાય.

ઉદાહરણ, અંબડ પરિવ્રાજકે ભગવાનનો ધર્મ લીધો, ભગવાનનું સમકિત લીધું, ભગવાનના શ્રાવકપણાના વ્રત લીધા. તેને સમકિતનો સંતોષ હતો, કંઈક અહંત્વ પણ હશે કે 'મારે હજાર ચેલાઓ ને લાખો ભક્તો; આવો મોટો હું પ્રભુ ! મેં તમારું સમકિત લીધું.' પ્રભુએ એને આદર્શ સમકિતનું દર્શન કરાવવું હતું પરંતુ સમકિત ગુણ તો અમૂર્ત છે એનું ચર્મચક્ષુએ દર્શન ન થાય, તેથી એવો જેનામાં નમુનેદાર આદર્શરૂપ સમ્યક્ત્વ ગુણ હતો. તેની કરણીનાં અંબડને દર્શન ભગવાનને કરાવવા હતા. તેથી સુલસાનાં દર્શન કરાવ્યાં; કારણ કે સુલસા જે સમ્યક્ત્વાદિ ગુણોનું ધામ હતી, એને યોગ્ય એનામાં કરણી હતી, યોગ્ય બાહ્ય પ્રવૃત્તિ હતી.

અંબડ ચંપાપુરી આવ્યો હતો, રાજગૃહી જવાનો હતો. તેથી ભગવાનને પૂછવા આવ્યો "ભગવન્ ! રાજગૃહી જાઉં છું. ત્યાંને યોગ્ય કોઈ સેવા ?"

તો ભગવાને સેવા બતાવી. ભગવાને મોઢે એમ ન કહ્યું કે, "તારે આદર્શ સમકિત જોવું હોય તો જા સુલસાને જોઈ આવ." તેના બદલે ભગવાને કહ્યું 'રાજગૃહીમાં રાજા શ્રેણિકના અંગત અમલદાર નાગરથિકની પત્ની સુલસાને ધર્મલાભ કહેજે, અને અમારા વતી સુલસાની ધર્મ-ખબર પૂછજે,'

અબંડ ગયો અને એણે 'સુલસા તે વળી કેવીક ગુણિયલ કે તીર્થંકર પ્રભુ એને સંદેશો કહેવડાવે છે'- એમ વિચારી સુલસાની ધર્મશ્રદ્ધા અને પ્રભુપ્રીતની વિવિધ પરીક્ષાઓ કરી. એમાં સુલસાની જે નિશ્ચલ સમકિત-પ્રવૃત્તિ જોઈ તેથી ચકિત થઈ ગયો, અને સમજ્યો કે 'પ્રભુએ મને સાચા સમ્યક્ત્વનું દર્શન કરાવ્યું.' સુલસા સમ્યક્ત્વના ગુણોનું ધામ હતી.

આ બતાવે છે કે જો આપણે મુનિ છીએ તો મુનિપણાના સાધુપણાના ગુણોના ધામ બનવું જોઈએ. તો જ સાધુ જીવનનો સ્વાદ આવે, સાધુ જીવનમાં મજા આવે.

ગુણના ધામ એટલે ગુણ જ ગુણ. હિમાલય બરફનું ધામ છે, તો હિમાલયમાં શું મળે ? બરફ, બરફ ને બરફ જ મળે. ત્યાં આગ ન મળે; તેમ મુનિ એટલે ક્ષમાશ્રમણ ક્ષમાના ધામ છે. ત્યાં ક્ષમા જ ક્ષમા જોવા મળે. ત્યાં ક્રોધાદિ કષાય જોવા ન મળે.

આચાર્ય ગુણોના ધામ છે, ગુણોના ભંડાર છે, ગુણોના સંગ્રહાલય છે.

કેવા કેવા ગુણ ? ૩૬-૩૬ ગુણોની એક છત્રીસી, એવી ૩૬ છત્રીશીના ગુણો આચાર્યમાં હોય. એમાંની એક છત્રીશી 'પંચિદિય' સૂત્રમાં છે. એમાં,-

(૧) એકેએક ઈન્દ્રિયનો સંવર એટલે કે પાંચે ઈન્દ્રિય પર ઢાંકણું જેથી એમાં એનો મનગમતો વિષય ન પેસે.

(૨) બ્રહ્મચર્યની નવવાડ પૈકી એકેક વાડનું સજ્જડ પાલન.

(૩) ચાર કષાયથી મુક્ત એટલે કે ક્રોધ નહિ, માન નહિ, માયા નહિ, લોભ નહિ, પરંતુ એના બદલે ક્ષમા જ ક્ષમા, લઘુતા જ લઘુતા, સરળતા જ સરળતા, નિસ્પૃહતા જ નિસ્પૃહતા.

(૪) પાંચ મહાવ્રત પૈકી એકેક અહિંસા, સત્ય વગેરેની જ બોલબાલા.

(૫) પંચાચાર પૈકી એકેક જ્ઞાનાચાર આદિના અવાંતર આચારો એમનામાં જીવંત જાગ્રત.

(૬) પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ એ દરેકના અઠંગઉપાસક, સમિતિ-ગુપ્તિ એ જ આચાર્યના સાચા પ્રાણ. એક રીતે આ ૩૬ ગુણોના ધામ. એવી ૩૬ રીતે ૩૬-૩૬ ગુણોના ધામ હોય છે. વળી આચાર્ય કેવા છે ? તો કે,

**"ચિદાનંદ રસ સ્વાદતા. પરભાવે નિઃકામોજી"**

ચિત્+આનંદ=ચિદાનંદ. આચાર્ય ચિત્ ને આનંદના રસનો સ્વાદ કરનારા છે. (અહીં 'સ્વાદતા' ને ક્રિયાપદ બનાવ્યું.)

'ચિત્' એટલે નિર્મળજ્ઞાન, રાગ-દ્વેષ-મોહથી અલિપ્ત શુદ્ધ જ્ઞાન. આનંદ એટલે સહજ સુખ, પરની અપેક્ષા વિનાનું સુખ, કહો કે વિષયોથી નિવૃત્તિનું સુખ, વિષયોની પ્રવૃત્તિનું સુખ નહિ.

**નિવૃત્તિનું સુખ એટલે ?**

ઈન્દ્રિયોને વિષયોની ગુલામીની નિવૃત્તિનો આનંદ. મનને કષાયોની ગુલામીની નિવૃત્તિનો આનંદ, ઈન્દ્રિયોને વિષય-સેવા ન કરવી પડે, તેમ મનને કષાયવશ ન થવું પડે, એનો આનંદ એ નિવૃત્તિનો આનંદ છે. એ સાચો આનંદ છે. ઈન્દ્રિયોને વિષય-પ્રવૃત્તિથી અને મનને કષાય-પ્રવૃત્તિથી આનંદ લાગે એ સાચો આનંદ નથી; કેમકે એ ક્ષણિક છે, પરાધીન છે, વિહ્વળતાના ઘરનો છે. જ્યારે નિવૃત્તિનો આનંદ સ્વસ્થતાના ઘરનો છે. અવિનાશી છે, સ્વાધીન છે, સવાલ થાય,



પ્ર.- સાધુની વૈયાવચ્ચ માટે ધક્કો ખાવા મળ્યો તેનો આનંદ તો પ્રવૃત્તિનો આનંદ થયો ને ?

ઉ.- (૧) આ પ્રવૃત્તિ વિષયોની નહિ, પણ ધર્મની છે. એમાં વિષયોની નિવૃત્તિ છે. માટે એ નિવૃત્તિનો જ આનંદ છે.

વિષયોની પ્રવૃત્તિનો આનંદ મળે તે નિવૃત્તિનો આનંદ ન કહેવાય.

(૨) 'હું દોડધામથી થાકતો નથી. હા, મને સેવા નહિ બતાવો તો ખેદ થાય કે અરે ! સેવાનો લાભ ન મળ્યો !' સેવાની એવી ધગશ કે માને કે 'મને દશ કામ બતાવ્યા તે કર્યા, પણ હવે અગિયારમું કામ નહિ બતાવે તો ખેદ થશે.' કેમ ? ધર્મપ્રવૃત્તિથી વિષય-પ્રવૃત્તિ અટકીને વિષય-નિવૃત્તિ થાય એમાં પ્રસન્નતા છે. આ છે નિવૃત્તિનો આનંદ. આવો સાચો આનંદ અને શુદ્ધ જ્ઞાન, આચાર્ય તેનો રસાસ્વાદ કરનારા છે; એટલે કે, ચિત્ અને આનંદમાં મગ્ન રહેનારા આચાર્ય હોય છે.

તે જ્ઞાનમય છે તેથી સુખી છે. સ્વાધ્યાય અને તત્ત્વ ચિંતન વિનાની તેમની એક પળ નથી જતી. ગોચરી વખતે તત્ત્વ-ચિંતન હોય ? હોય, માત્ર તત્ત્વ-ચિંતન નહિ, પણ તત્ત્વ-ભાવન હોય, પરિણમન હોય, તત્ત્વ-પરિણતિમય જીવન હોય. પ્રતિપળ તત્ત્વ-બોધમાં રમનારા હોય છે. એટલે જ આનંદ-મગ્ન છે.

પ્ર. : નિવૃત્તિનો આનંદ ને ત્યાગનો આનંદ ક્યારે મળે ?

ઉ. : જેને ભોગમાં આનંદ ન લાગે, વિષય-પ્રવૃત્તિમાં આનંદ નહિ પણ વિટંબણા લાગે કે 'આ શી વિષય-વેઠ !' બહાદુરી નહિ પણ શરમ લાગે કે 'મારે આ કેવી ગુલામી !'

એમ ઈન્દ્રિય વિષયોની અનુકૂળતામાં બાહોશી નહિ, બેહોશી હોય; એટલે કે એમાં જે બેહોશ અર્થાત્ ઉદાસીન ભાવવાળો હોય, એને ત્યાગનો આનંદ આવે, નિવૃત્તિનો આનંદ આવે.

## નિવૃત્તિના આનંદના ૩ ઉપાય

(૧) વિષય-પ્રવૃત્તિમાં ઉદાસીનતા ઈચ્છે ને નિવૃત્તિનો આનંદ ગમે.

(૨) ભોગમાં વિટંબણા લાગે, ને ત્યાગનો આનંદ ગમે.

(૩) અજ્ઞાનતા-મૂઢતાનું જીવન ન ગમતું હોય, ને જ્ઞાનમય જીવન ગમે.

આ બધું વર્ષોનો અભ્યાસ માગે છે. વર્ષો સુધી રાત દિવસ તકેદારીથી નજર રાખવી પડે 'હું તત્ત્વબોધમય જ જીવન જીવી રહ્યો છું ને ? મને વિષયની પ્રવૃત્તિમાં વિટંબણા લાગે છે ને ?'

ઈન્દ્રિયો મનગમતા વિષયમાં જાય ત્યાં 'હાય ! આ વિટંબણા શી ? આ વેઠ ક્યાં સુધી ?' એમ વિષય-પ્રવૃત્તિ મનને વિટંબણા રૂપ લગાડવા વર્ષો સુધી ઝઝુમવું પડે. પછી નિવૃત્તિનો આનંદ આવે.

અહીં 'ચિદાનંદ રસ' એટલે કે 'ચિત્' જ્ઞાનનો રસ, અને 'આનંદ'નો રસ, એમ બે કહ્યા, એનો સ્વાદ લેનારા આચાર્ય હોય છે. તો 'જ્ઞાનનો સ્વાદ લેનારા' ન કહેતાં 'જ્ઞાનના રસનો સ્વાદ લેનારા' કહ્યું; એથી સૂચવ્યું કે જ્ઞાનના આરાધકે પ્રારંભમાં જ્ઞાન માત્ર ભણી કાઢવાનું એટલું જ બસ નથી, પરંતુ જ્ઞાનનો સ્વાદ પણ અનુભવવાનો છે.

પ્ર. : જ્ઞાનનો સ્વાદ અનુભવવો એટલે શું ?

ઉ. : માણસ જેમ મનગમતી ચીજ કેરી વગેરે ખાય છે સાથે એનો એવો સ્વાદ અનુભવે છે કે એને ઘડીભર એમ લાગે છે કે 'આની આગળ બીજી ચીજ કુછ નહિ,' એમ જ્ઞાનનો એવો સ્વાદ આવે કે એને એમ લાગે કે 'જ્ઞાનની આગળ બીજી ચીજ કુછ નહિ,' બસ, જ્ઞાનનો એવો રસ આવે કે મનને એમ થાય કે 'જ્ઞાનની આગળ અજ્ઞાનતા-એશઆરામી-સુખશીલતા-વાતોચીતો વગેરેના આનંદ કુછ નહિ,' બસ, જ્ઞાન, સ્વાધ્યાય વાચના, પારાયણ, ચિંતન વગેરે જ ગમે. એ જ ફાવે, એક મિનિટ પણ આળસ, વાતચીત વગેરે કશું જ ફાવે જ નહિ.

જ્ઞાનનો આવો સ્વાદ આવે એટલે મન જ્ઞાન-વ્યવસાયમાં તન્મય થાય, મન બીજે જાય નહિ, બીજા ત્રીજા વિચારો-વિકલ્પો કરે નહિ; ઉપરાંત પ્રમાદ-વિકથા-કુથલી વગેરે ઓછા થઈ જાય, અને જ્ઞાનમાર્ગની મમતા વધતી ને વધતી રહે.

હવે આચાર્ય તો આનાથી આગળ છે, જ્ઞાનનો સ્વાદ તો ખરો જ, વધુમાં જ્ઞાનના રસનો પણ સ્વાદ લેનારા છે.

પ્ર. : જ્ઞાનનો રસ એટલે શું ?

ઉ. : જેમ પુષ્પનો રસ એટલે સાર, એમ જ્ઞાનનો રસ એટલે સાર, અર્થાત્ અંતરઆત્મામાં જ્ઞાનની પરિણતિ તથા તત્ત્વસંવેદન થાય તે. એમાં આત્માના રોમ રોમમાં જ્ઞાનપરિણતિ પ્રસરી ગઈ હોય. હેય વસ્તુના જ્ઞાનની પરિણતિ હેય તરફ નફરતવાળી હોય, ને ઉપાદેય વસ્તુના જ્ઞાનની પરિણતિ ઉપાદેય પ્રત્યે અહોભાવ, બહુમાન અને આદર ઉદ્યમવાળી. આના સ્વાદનો અનુભવ આચાર્ય કરે છે.

**"પરભાવે નિઃકામતા"** આચાર્ય પરભાવમાં પરભાવ-વિષયમાં નિષ્કામ છે, નિરિચ્છ નિરીહ છે, ઈચ્છા વગરના છે.



પરભાવ એટલે આત્માથી પર એવા પુદ્ગલના ભાવો, ને પુદ્ગલના ગુણો. દા.ત. કપડું પુદ્ગલ છે, તેના ભાવો તે ઉજળામણ, સુંવાળાશ...વગેરે. હવે કપડું ઉજળું છે તેમાં શું ખુશી થવાનું ? કારણ કે ઉજળાશ કોની છે ? ઉજળાશ એ કપડાંનો ભાવ છે, આત્માનો નહિ. તેથી તે પરભાવ કહેવાય. એમાં આત્માનું શું સારું વધ્યું ?

પર એટલે કાયા, પરભાવ એટલે કાયાનો ભાવ. કાયાનો ભાવ એટલે કાયાની લષ્ટ-પુષ્ટતા. તેવી કાયાની લષ્ટ પુષ્ટતા જોઈને ખુશી થયા તો તે રાજીપો કાયાનો એટલે કે પરભાવનો આવ્યો, આચાર્ય આ પરભાવ અંગે નિષ્કામ એટલે કામના વિનાના, આસક્તિ વિનાના, નિરાસક્ત, રાગ-મોહ-મમતાની લાગણી વિનાના છે.

દા.ત. કોઈએ પ્રશંસા કરી તો આચાર્ય વિચારશે,-આ પ્રશંસા મારો સ્વ-ભાવ નથી, તે પર ભાવે છે. લોકોના મુખેથી નીકળતા શબ્દો તે પર પુદ્ગલના ભાવ છે, કિન્તુ સ્વના આત્માના ગુણ નથી. આત્મા પર એની કોઈ અસર નથી. તેથી પ્રશંસાના શબ્દથી મારું કાંઈ સુધરવાનું નથી. એમાં શું રાજી થવું ? તેમ નિંદાના શબ્દ પણ પર-ભાવ, એ કાંઈ મારા આત્માનું બગાડે નહિ, તો એમાં નારાજ શું થવાનું ?

આચાર્ય પરભાવે નિષ્કામ છે, કારણ કે સ્વનો ભાવ જે શુદ્ધ ચિત્, શુદ્ધ જ્ઞાન ને નિર્દોષ આનંદ, તેની જ કામનાવાળા છે. તેમાં જ એમને ખુશી થવાનું છે.

પ્રશંસા તે ક્ષણિક છે. તે આજે છે અને કાલે લોકો ભૂલી જશે. એની શી કિંમત ? આ સમજીને આચાર્ય પર ભાવમાં નિષ્કામન રહી શકે છે. માટે જ તે જગત પર મહાન ઉપકાર કરી શકે છે. દા.ત. મોટો વેપારી સ્વાર્થી હોય, ને પોતે જ ધન ભેગું કરવાનું ઈચ્છે, તો તે નાના વેપારીનું ભલું શું કરે ? એમ પર-ભાવમાં આકંઠ ભરેલો હોય તેને ઐહિક સ્વાર્થ ઘણા હોય. એ પરોપકાર શું કરે ? પર-ભાવ અંગે નિષ્કામ દશા એટલે કે ઈન્દ્રયોને અનુકૂળ વિષયોની પરવા નહિ, ને પ્રતિકૂળ વિષયોને ટાળવાની તમન્ના નહિ; તમન્ના માત્ર પોતાના સ્વ-ભાવરૂપ ક્ષમા નિર્લોભતા નિરહંકાર વગેરેને આત્મસાત્ કરવાની. એમ પર-ભાવ સ્વરૂપ માન-સન્માનની પરવા નહિ. પરવા માત્ર સ્વાત્માને વીતરાગ સાથે એકરસ-એકરૂપ કરવાની. આ બધું, એક એક બાબતમાં કાળજી રાખતાં, વર્ષોના અભ્યાસથી સિદ્ધ થાય, અને તો જ પરભાવમાં નિષ્કામ બનાય.

આચાર્ય શુદ્ધ-નિર્મળ ચિત્ ને આનંદ યુક્ત નિષ્કામ પરભાવની કામના

વિનાના છે. પર-ભાવ અંગે અલિપ્ત છે, ઈચ્છા તો નહિ, પણ લેપાવાનું ય નહિ, એની લેશમાત્ર પણ અસર જ નહિ લેવાની. અહીં પ્રશ્ન થાય,-

**છદ્મસ્થ આચાર્ય શુદ્ધ જ્ઞાનમય કેવી રીતે ? :-**

પ્ર. : આચાર્ય શુદ્ધ જ્ઞાનમય-શુદ્ધ સ્વરૂપવાળા બની ગયા તો શું અત્યારથી તેઓ જીવનમુક્ત વીતરાગ સર્વજ્ઞ થઈ ગયા ? હજી તો એ કર્મોથી આવૃત છદ્મસ્થ છે.

ઉ. : વાત સાચી કે તદ્દન શુદ્ધ સ્વરૂપ તો સર્વજ્ઞ ભગવંતનું છે, પણ આચાર્યને એ વીતરાગ સર્વજ્ઞતાના અર્થાત્ જીવન-સિદ્ધપણાના પોતાના સાધ્યનો નિર્ધાર છે, એટલે કે 'મારો આત્મા તદ્દન શુદ્ધ જ્ઞાનમય અને પછી નિત્ય આનંદમય થાય' તે સાધ્ય નિશ્ચિત છે, અને એવા મુખ્ય સાધ્યના લક્ષ સાથે એ માટેની સાધના એમની એવી જોરદાર છે કે દુનિયાના બીજા જીવોની અપેક્ષાએ એમનામાં શુદ્ધ જ્ઞાનદૃષ્ટિ એટલી બધી વિકસેલી છે કે એમનું જીવન વિશુદ્ધ જ્ઞાનમય અને નિવૃત્તિના વિશુદ્ધ આનંદમય દેખાય છે.

સિદ્ધ ભગવાનને ક્ષાયિક ભાવના વિશુદ્ધ જ્ઞાન આનંદ છે, પરંતુ આચાર્યને ક્ષયોપશમના ઘરની જ્ઞાન-દર્શન-ચારિત્ર ને વીર્યની સાધના જોરદાર હોવાથી ક્ષયોપશમની કક્ષામાં એ વિશુદ્ધ જ્ઞાન આનંદવાળા બની ગયા કહેવાય. તેમાં સર્વે સર્વા વ્યાપૃત એટલે કે પરોવાઈ ગયેલા હોવાથી ઉપચારથી વિશુદ્ધ જ્ઞાન આનંદમય જીવન જીવનારા કહી શકાય. આ વિશુદ્ધ જ્ઞાનમય જીવનમાં શું શું આવે તે જોઈએ. એમાં પંચાચારની પ્રખર સાધના આવે.

**જ્ઞાન-દર્શનની સાધનાઓ કઈ કઈ ?** (૧) જ્ઞાનની સાધના એટલે વાચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષા ધર્મકથા ચાલુ જ હોય. વાંચનાનું-ગોખવાનું પૂછવાનું, પરાવર્તન-પુનરાવર્તન, સૂત્ર-અર્થ-ચિંતન, અવસરોચિત ધર્મ-કથા-ચર્ચા-વિચારણા, આ બધું જ્ઞાન-સાધના કહેવાય.

(૨) દર્શનની સાધના એટલે સમ્યગ્દર્શનની સાધના, એટલે કે સમ્યગ્દર્શનનો આઠ પ્રકારનો આચાર, સમ્યગ્દર્શનની દેવદર્શન પૂજન તીર્થ-યાત્રાદિકરણી અને સમ્યગ્દર્શનનો ૬૭ પ્રકારનો વ્યવહાર; એમાં મગ્ન રહે. આઠ પ્રકારના આચારમાં પહેલા ચાર પ્રકાર નિવૃત્તિ રૂપ છે ને છેલ્લા ચાર પ્રકાર પ્રવૃત્તિરૂપ છે. તે આ પ્રમાણે-(૧) જિનવચન પર લેશમાત્ર શંકા નહિ. (૨) જૈનેતર મતની લેશપણ અપેક્ષા-આકર્ષણ-અભિલાષા નહિ. (૩) ધર્મના ફળમાં લેશમાત્ર સંદેહ નહિ (૪) મૂઢદૃષ્ટિ નહિ, એટલે કે મિથ્યાદૃષ્ટિના ચમત્કાર આડંબર વગેરે જોઈ લેશ પણ મતિ-વ્યામોહ નહિ, મોહિત થવાનું નહિ.



પછીના ચારમાં આ પ્રવૃત્તિ છે,-ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના.

(૧) **ઉપબૃંહણા**-સાધર્મિકમાં સારું દેખાય તેની ઉપબૃંહણા-પ્રશંસા-સમર્થન કરે.

(૨) **સ્થિરીકરણ**-તપમાં-શ્રદ્ધામાં-ચારિત્રમાં-સ્વાધ્યાય વિનય વૈયાવચ્ચ આદિમાં કોઈ ઢીલા પડતા હોય ત્યારે, 'કોણ તમે ?' કયા કુળના ? મહાન પુણ્યવંતા તમે; તમને આ કેવા અનંત કલ્યાણની સાધના મળી છે !' એમ કહી તેમાં સ્થિર કરે.

(૩) **વાત્સલ્ય**-એટલે સાધર્મિક પ્રત્યે હૈયામાં માતાના જેવું હેત રાખવાનું છે, ને તેને સક્રિય બનાવવાનું છે.

દા.ત. સાધુ પર હેત છે, પણ જો તેમના માટે ધક્કો-ટાંપો કરવાની પડી નથી, તેનું કોઈ કામ કરવા તૈયારી નથી, તો ત્યાં સાચું વાત્સલ્ય નથી. જેના પર હેત હોય તેની પાછળ તૂટી પડવાનું મન થાય. દા.ત. દીકરા પર માને હેત છે, તો મા દીકરા પાછળ તૂટી મરે છે ને ? માતાની હેતની સક્રિય પ્રવૃત્તિ હોય છે.

(૪) **પ્રભાવના**-વિશિષ્ટ ગુણથી-સુકૃતથી ઈતરને જૈન ધર્મ પ્રત્યે આકર્ષણ કરે. એકાદ ગુણ પણ જો સર કરે તો ય તેનો પ્રભાવ પડે.

દા.ત. પ્રભુદર્શને દાન દેતો દેતો જ જાય; તપ એવો કરે કે લોકો દિઙ્ થઈ જાય ! ક્ષમાગુણ એવો કે ગુસ્સો થાય જ નહિ, ને એનો પ્રભાવ પડે. જે ધર્મ-સાધના કે સદ્‌ગુણ બીજાને પ્રભાવિત કરનારો બને, તે પ્રવૃત્તિરૂપ છે. તે દર્શનની સાધના છે. ચરણ-સાધના તે તપ ને સંયમની સાધના છે.

'ધમ્મો મંગલ મુક્કિટ્ઠં અહિંસા સંયમો તવો'-ચારિત્ર ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે, કારણકે ચારિત્ર તે અહિંસાશીલ તપ ને સંયમરૂપ છે. એ એવી કરે કે ઈતરો પ્રભાવિત થાય એ પ્રભાવના કહેવાય.

**વીર્યાચારની સાધના :-** જ્ઞાનાદિ જે ચાર આચાર છે, તેની સાધનામાં હંમેશા વીર્ય અર્થાત્ ઉલ્લાસ-ઉત્સાહ વધારવા પ્રયત્ન કરે; સવારે હોય તેથી વધારે ઉત્સાહ સાંજે, ને સાંજે હોય તેથી વધુ રાત્રે, રાત્રે હોય એના કરતા વધુ ઉલ્લાસ બીજા દિવસે, આ વીર્યાચારની સાધના કહેવાય.

દા.ત. નવકાર ગણવા તે સમ્યક્ત્વની સાધના છે. ગુરુની સેવા વૈયાવચ્ચ તે જ્ઞાન સાધના છે. એમ ઈર્યાસમિતિ વગેરે તે ચારિત્રની સાધના છે. વ્રત-નિયમ તે તપની સાધના છે. બધી સાધનામાં નવો નવો ઉત્સાહ, જોમ-જોસ પાવર-વેગ-

ઉલ્લાસ-ઉછરંગ વધારતા રહેવાનો પ્રયત્ન, તે વીર્યાચારની સાધના છે. આવી સાધનામાં નિરાશંસભાવે સતત રોકાયેલા રહેવાથી આચાર્ય શુદ્ધ ચિત્ (જ્ઞાન) અને આનંદમય બને છે, શુદ્ધ આનંદ એટલા માટે કે બીજી ત્રીજી કોઈ જડ સંબંધી અરતિ-ઉદ્વેગ નથી, ને પંચાચાર-પાલનમાં અતિશય પ્રસન્નતા ને અખૂટ આનંદ છે.

આચાર્યમાં લક્ષ્ય-શુદ્ધિ તથા સાધનાની શુદ્ધિ છે, એટલે કે તેમને સાધ્ય બહુ નિકટમાં સિદ્ધ થવાનું છે, તેથી એમને શુદ્ધ ચિદ્ આનંદમય કહેવાય.

**લક્ષ્ય-શુદ્ધિ આ છે,** કે વીતરાગ ભાવ સાથે શુદ્ધ અનંત જ્ઞાનમય થવાનું જ લક્ષ્ય; પછી બીજા લૌકિક ફળ સામે આવે તોય તેની કશી જ પરવા-કિંમત આચાર્યને નથી.

પ્ર. : લક્ષ્ય-શુદ્ધિ એટલે શું ?

ઉ. : લક્ષ્ય-શુદ્ધ એ, કે લક્ષ્ય છે વીતરાગ ભાવરૂપી લોકોત્તર ફળે પહોંચવાનું. તે પહેલાં દુન્યવી સુખરૂપ લૌકિક ફળ યાને અવાંતર ફળની લેશ પણ ઝંખના નહિ, એવું ફળ મળે તેનાથી ખુશી થાય નહિ, તો લક્ષ્યશુદ્ધિ કહેવાય.

દા.ત. ખેડૂત ખેતરમાં ઘઉં વાવે તો પહેલાં ઘાસ તો ઊગે, પછી ઘઉંના છોડવા પર પાક આવે. ત્યાં ઘઉં વાવતાં ઘાસની ઝંખના નહિ, ઘાસ ઊગે તેથી ખેડૂત રાજી ન થાય. તે તો ઘઉં આવે ત્યારે જ રાજી થાય. ઘઉં વાવ્યા ને ઘાસ ન થતાં સીધો ઘઉંનો પાક થઈ જતો હોત તો ખેડૂત ઝટ પાક મળવાથી બહુ રાજી થઈ જાય. ત્યાં ઘાસ ન થવાને કારણે દુઃખી થાય ખરો ? ના, જરાય નહિ, એમ દા.ત. કોઈ વૈયાવચ્ચ કરે તેનું લોકોત્તર ફળ અંતે વીતરાગતા મળે તે છે; પણ વચ્ચે પ્રશંસા રૂપી લૌકિક ફળ મળે તે ઘાસ સમાન છે. કદાચ તે ન મળે તો તેનો અફસોસ પણ નહિ. તો લક્ષ્ય-શુદ્ધિ છે એમ કહેવાય.

પરંતુ "લો, સેવા-વૈયાવચ્ચમાં કેટલાય ધક્કા ખાધા, છતાંય કદર નથી"- આવું માને બોલે તેને વૈયાવચ્ચના સાચા લક્ષ્યનું ધ્યાન નથી, એમ કહેવાય.

આ ઉપરથી જો જો આપણે ક્યાં ભૂલીએ છીએ ? લક્ષ્ય શુદ્ધિ કેટલી સલામત છે ? સાધુ સાધુની સેવા કરે, ને પેલો જો આભારના શબ્દ ન બોલે, ને જો દુઃખ થાય, તો લક્ષ્ય શુદ્ધિની ખામી છે.

સેવા-વૈયાવચ્ચ કરનારા પોતાના બીમારીના સમયે પેલો સેવા લેનારો સેવામાં ન ઊભો રહે, ને આને જો દુઃખ થાય કે 'હાય ! પેલો કેટલો સ્વાર્થીલો છે ? કદરહીન છે ? એની બીમારીમાં આપણે તુટી મર્યા, ને હવે એ આપણી બીમારીમાં થોડીય



સેવા આપતો નથી. આજ કાળ કેવો આવી લાગ્યો છે ? માણસો કેટલા બેકદર ? કેવા નગુણા ?' આવું આવું જો દુઃખ થાય, તો માનવું કે લક્ષ્ય-શુદ્ધિ નહિ. એનું જ આ ફળ કે પોતાના મનથી જ રીબાવાનું થાય છે. સામો સેવામાં ન ઊભો એ સામાન્ય દુઃખ તો બાહ્ય ઊભું જ હતું. પરંતુ એના પર આવા વિચાર કરે એ આત્માને માનસિક રિબામણનું નવું વિશેષ દુઃખ જાતે ઊભું કરે છે. કેવી દુર્દશા !

**બહારના સામાન્ય દુઃખ પર જાતે જલદ માનસિક દુઃખ ઊભું કરવું એ દુર્દશા છે.**

કેમ આ દુર્દશા ? કારણ, લક્ષ્ય-શુદ્ધિ નહિ, ને લૌકિક ફળની લાલસા. આપણી અનેકાનેક ધર્મ-પ્રવૃત્તિમાં જોવા જેવું છે કે એના લૌકિક ફળની કેટકેટલી લાલસા રહે છે ?

ઉપધાન કરીએ ને સારી પ્રભાવના મળે, તપ કરીએ ને સારું પારણું મળે, દાન દઈએ ને પ્રશંસા કે કીર્તિની તકતી મળે, પરોપકાર કરીએ ને બદલો મળે, આ બધા લૌકિક ફળ છે. કોઈને ભણાવીએ ને એ આપણી સેવા કરે એ લૌકિક ફળ. આની બિલકુલ લાલસા ન રખાય તો જ લક્ષ્ય-શુદ્ધિ આવે.

જેને લક્ષ્ય-શુદ્ધિ છે, તેને ભળતો આનંદ નથી. 'ભળતો' એટલે લૌકિક લાભનો આનંદ લક્ષ્ય-શુદ્ધિવાળાને એ ન હોય. ભળતી સિદ્ધિ ન મળે તોય મનને ખોટી અસર ન થાય.

જેને લક્ષ્ય-શુદ્ધ છે, ને સાધનાનો પૂર્ણ અંશે પ્રયત્ન છે, તેને સાધ્યની સિદ્ધિ નિકટમાં છે, તેને મોક્ષ હાથવેંતમાં છે.

ઉદાહરણ :- મેઘકુમાર-ધન્ના અણગાર વગેરેએ એવી લક્ષ્યશુદ્ધિથી સાધના કરી કે તેઓ અનુત્તર વિમાનમાં ઉપન્યા, ને ત્યાંથી મનુષ્ય થઈ ચારિત્ર લઈ મોક્ષ પામશે. આચાર્ય શુદ્ધ ચિદ્-આનંદમય છે, કેમકે એમને લક્ષ્ય-શુદ્ધિ છે.

પણ જોજો, એકલી લક્ષ્ય-શુદ્ધિ ન કામ લાગે, સાથે સાધનાની શુદ્ધિ જોઈએ.

## સાધનાની શુદ્ધિની ૩ શરત :-

(૧) સાધના અંગે અત્યન્ત ઉપાદેય બુદ્ધિ જોઈએ.

(૨) સાધના-કાળમાં આહારાદિ ૧૦ સંજ્ઞાઓની અટકાયત જોઈએ, ને

(૩) સાધના-કાળમાં સાધનાનો વિચાર. ફળનો વિચાર નહિ જોઈએ, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય શાસ્ત્રમાં કહ્યું છે-

'उपादेयधियाऽत्यन्तं संज्ञाविष्कम्मणान्वितम् ।
फलाभिसन्धिरहितं संशुद्धं ह्येतदीदृशम् ॥'

(૧) આમાં પહેલું આ જરૂરી કે જે સાધના હાથમાં લીધી 'એ માટે અત્યન્ત ઉપાદેય છે, અતિશય હિતકર્તવ્ય છે,' એવી બુદ્ધિ જાગતી રહેવી જોઈએ; તો જ એમાં વિશુદ્ધ પ્રણિધાન લાગે, સાધનામાં એકાકાર થઈ જવાય.

(૨) સાધના-કાળમાં આહાર-વિષય-પરિગ્રહ કે નિદ્રાની ખણજ ન જોઈએ, તેમ ક્રોધાદિ ચાર કષાયોમાંથી એકેય કષાયની લત ન જોઈએ, એમ જ ઓઘસંજ્ઞા અર્થાત્ ગતાનુગતિકતા ન જોઈએ, પરંતુ પોતાના હિતની સમજપૂર્વક સાધના કરવી જોઈએ, તથા લોકસંજ્ઞા યાને સાધનાથી લોકમાં સારા દેખાવાની વૃત્તિ ન જોઈએ. આ દશમાંની એક પણ સંજ્ઞા જો તગમતી, તો એ સાધનાને ડહોળી નાખે છે.

(૩) સાધનાકાળે કોઈ પૌદ્ગલિક કોઈ લૌકિક ફળની આશંસા ન જોઈએ, વધુમાં સાધનાકાળમાં લોકોત્તર ફળનો પણ વારંવાર વિચાર ન જોઈએ કે 'મારે મોક્ષ જોઈએ છે, મારે મોક્ષ જોઈએ છે.' જો આ વિચાર વચમાં વચમાં ટપક્યા કરે, તો તે સાધનામાં ફોર્સ નહિ આવવા દે. સાધનામાં ફોર્સ તો જ આવે કે સાધના કેમ ઉચ્ચ કોટિની બનાવું એ જ તમન્ના હોય. અર્ણિકાપુત્ર આચાર્યને કેવળજ્ઞાન જોઈતું હતું, પરંતુ ભાલે વિંધાયા ત્યાં ઉચ્ચ ઉચ્ચ સંયમની સાધનાનો ફોર્સ વધારી દીધો તો અંતે કેવળજ્ઞાન પામ્યા.

❖ ❖ ❖

**વાચના ૪** દાદર, મહાસુદ ૭, ૨૦૩૯

## કાવ્ય,- "ભવી જીવ બોધક, તત્ત્વ શોધક"

આચાર્ય 'ભવી જીવ બોધક' છે, એટલે કે ભવી જીવોને મોક્ષ-માર્ગના આચાર-અનુષ્ઠાન-સુકૃતો-સદ્ગુણોનો બોધ કરાવનારા છે.

કેશીગણી આચાર્યે નાસ્તિક રાજા પ્રદેશીને માર્ગબોધ કરી મહાન જિનભક્ત શ્રાવક બનાવ્યો. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે સિદ્ધરાજને અનભિગ્રહિક મિથ્યાત્વમાં આણી સિદ્ધ હેમવ્યાકરણ પ્રશંસક અને ગીરનાર પર જીર્ણોદ્ધાર સુકૃતનો અર્જક બનાવ્યો, કેમકે એ સુકૃતમાં સાજન મંત્રીની કુનેહ તો જ કામ કરી ગઈ કે મન પર આચાર્યની છાયા હતી. રાજાઓની ખંડણીથી ઊભા થયેલ ૧૨॥ ક્રોડથી જીર્ણોદ્ધાર સાજને કરાવ્યો. રાજા દોડતો આવ્યો રાડ પાડે છે- 'નાણાં ક્યાં ?'



મંત્રીએ વણથલીથી લોન તૈયાર રખાવેલ, તે કહે 'નાણાં તૈયાર છે, ગાડા મંગાવો' રાજાને ધરપત વળી. પછી મંત્રી કહે.

'આટલે આવ્યા છો તો ઉપર પરમાત્માનાં દર્શન કરો.' ઉપર ચડાવ્યા, 'કઈ ધન્ય માતાના દીકરાએ આવા વિમાનશા મંદિર બંધાવ્યા ?'

'મીનલદેવી ધન્ય માતાના દીકરાએ'

'અરે ! મેં ?'

'મંત્રી કહે,'હાજી, ખંડણીના નાણાંથી આ બંધાવ્યા છે, છતાં નીચે લોનથી મળેલ નાણાં તૈયાર છે. આ પરમાત્માનાં મંદિરો સુકૃત છે, એ પરલોકનું નાણું તૈયાર છે. નીચે માટીનું નશ્વર નાણું તૈયાર છે. જે જોઈએ તે પસંદ કરી લો.' વિવેકી સિદ્ધરાજે સુકૃત પસંદ કરી નાશવંત માટીનું નાણું જતું કર્યું. આમાં મૂળ ઉપદેશ આચાર્યનો કામ કરી ગયો.

### આચાર્ય તત્ત્વના શોધક હોય છે.

(૧) તત્ત્વ એટલે સૂત્રોનાં રહસ્યમય ટીકાગ્રન્થો વૃત્તિગ્રન્થો. તેમાં સ્થાને સ્થાને તત્ત્વો પરનાં રહસ્યોને શોધી કાઢનાર અને સમજાવનારા તારવી આપનારા આચાર્ય છે. અથવા

(૨) ભવ્ય જીવો તત્ત્વને ગમે તે રીતે એટલે કે અસદ્ રીતે સમજ્યા હોય તેની શુદ્ધિ-કરણ કરનારા છે.

(૩) સ્વયં આચાર્ય તત્ત્વ શોધક છે. શાસ્ત્રનો બોધ કરી, તે પર અનુપ્રેક્ષા કરી કરીને તત્ત્વના ઊંડાણ સુધી પહોંચનારા છે. ૧૪ પૂર્વ ધર શ્રી ભદ્રબાહુસ્વામી, જિનભદ્રગણી ક્ષમાશ્રમણ, શ્રી જિનદાસગણી મહત્તર, શ્રી ચંદ્રમહત્તરાચાર્ય, વગેરે એના દૃષ્ટાંત છે.

**"સયલ ગુણસંપત્તિ-ધરા"** આચાર્ય સમસ્ત ગુણ-સંપત્તિવાળા છે, સમસ્ત ગુણસંપત્તિના ધારક છે, તે સૂચવે છે કે આચાર્ય પદે પહોંચવાની ભૂમિકામાં પોતાના આત્માને ગુણોથી ભાવિત કરતા જવું અને દુર્ગુણમાંથી ખસતા જવું; તો જ અંતે એ ગુણસંપત્તિ પોતાના આત્માની મૂડી બનીને રહે.

શ્રાવકપણાથી આ કાર્ય એમ સમજીને શરૂ કરેલ કે "આ મનુષ્ય કોટિનો ઉત્તમ અવતાર છે તેમાં અનન્ય બુદ્ધિ-શક્તિ મળેલ છે, જે બુદ્ધિ-શક્તિ જનાવર પાસે નથી, કરોડો દેવતા પાસે નથી, આવી મળેલી બુદ્ધિ-શક્તિનો ઉપયોગ અવગુણોના નિકાલ ને ગુણોની કેળવણીમાં કરવાનો છે." આ વિશિષ્ટ બુદ્ધિ-

શક્તિનું કાર્ય શરૂ કર્યું; સાધુ થયા એટલે ખુલ્લું મેદાન મળ્યું, જેટલા જેટલા ગુણો કેળવાય, તેટલા તેટલા પ્રમાણમાં આત્માની ઉત્તરોત્તર ચઢતી અવસ્થા થાય. કેમકે ગુણોની કેળવણીના જ એક લક્ષથી ઉત્તરોત્તર વિકાસ સાધતા જવાય છે.

દા.ત. દયા કે ક્ષમાનો ગુણ શરૂઆતમાં અમુક કક્ષાનો હતો; પછી ભાવથી ૨-૩, ૨-૩ સાધુનાં પડિલેહણ કરતો રહે, એમાં દયાનો પરિણામ પોસાય છે. કેમકે પડિલેહણમાં જીવદયા જોવાની છે,- 'કોઈ નિર્દોષ જીવ બિચારો આમાં ભૂલો તો નથી પડ્યો ?' એમ દયાની ભાવના કરાતી જાય. એમ વિકાસ કરતાં કરતાં આગળ વધ્યા, બેના પાંચ ને પાંચના સાતનાં પડિલેહણ કરે, એવા જીવદયાના બીજા કામ કાજો વસતિ-શોધન વગેરે કરતો રહે. આ તો નાનું દૃષ્ટાંત છે, એવાં બીજાં દયાની પરિણતિ વધે એવાં કામ કરતો રહે. મોકે મોકે એ જ કામ, એજ ધંધો, એની જ ખોજ, એનું જ મનોમંથન, એમ ગુણ વિકસે. એમ ક્ષમા વિકસાવનાર બીજી સાધનાઓમાં એના અવસરે એની જ લગન, એની જ ચીવટ કે, 'ક્યાં ભુલું છું ? ક્યાં સુધારું ? ક્યાં ઓછો પડ્યો ? ક્યાં પાછો પડ્યો ?' એવું મન કેન્દ્રિત રહે, તો તે ઉપર દોષોનું સંશોધન ને ગુણોનો અભ્યાસ ચાલુ રહે, વિકાસ ચાલે. આવો સંયમની સાધનાનો ભેખ લીધો હોય તો આચાર્ય-પદે પહોંચતા સુધીમાં સકલ ગુણ-સંપત્તિધર બને.

કેમકે ભેખ લેવાથી મોકો મળ્યે ગુણ સાધતા જ જવાય, સાધતા જ જવાય, આગળ આગળ વિકાસ કરતા જ રહેવાય...

દા.ત. દયાગુણનો વિકાસ કરવો હોય તો નાનામાં નાના પ્રસંગમાં ઝીણામાં ઝીણા જીવની રક્ષાનો પુરુષાર્થ કરતા રહેવાય. દા.ત. એક મુહપત્તિના પડિલેહણ વખતે ય મુહપત્તિના બે છેડાને હલાવવા તે જતનાથી ખંખેરવા; નહિતર જોરથી ખંખેરતાં વાયુકાયની વિરાધના થાય. એ તરફ લક્ષ રહે તો દયા ગુણનો વિકાસ પામે.

વળી આચાર્ય મહારાજ કેવા છે ?

## "સંવર-સમાધિ ને ગત-ઉપાધિ-દુવિધ તપગુણ-આગરા"

આચાર્યમાં સંવરરૂપ સમાધિ છે. સમાધિ-સમ્+આ+ધિ.

જે ક્રિયામાં-જે અવસ્થામાં-જે પ્રસંગમાં મનને સમ્યગ્ રીતે સ્થાપિત કરાય તેનું નામ સમાધિ છે. સમ્યક્રીતે એટલે મન દીન-હીન-ઉન્મત કે આકુળ વ્યાકુળ નહીં; કોઈ હરખનો કે રાગનો ઊભરો નહીં; કોઈ દ્વેષની બળતરા નહીં; પણ મન સ્વસ્થ હોય. ત્યાં હર્ષ-ખેદ શોક-દીનતા અને રાગ-દ્વેષ વિનાની ચિત્તની સ્વસ્થતા



બરાબર જળવાઈ રહે એ સમાધિ છે.

અહીં સંવરમાં સમાધિ છે; દુનિયાની માનેલી સમાધિ આશ્રવની છે, જે વાસ્તવમાં મોટી અસમાધિ હોય છે.

દા.ત. પાંચ લાખની આશા હતી, ને દશ લાખ મળ્યાં ! અતિ હરખ થયો કે મન ખૂબ સંતોષ પામ્યું, તે મોટી અસમાધિ થઈ.

**નાના હરખ તે નાની અસમાધિ છે, મોટો હરખ તે મોટી અસમાધિ.**

આચાર્ય પાસે સંવર રૂપ સમાધિ છે એટલે સંવરના જેટલાં સ્થાન છે, તેમાં ચિત્તની સ્વસ્થતા-શાંતતા-પ્રસન્નતા છે, કરવાપણું છે. દા.ત. સંવરમાં બાવીશ પરીષહ છે, તેમાં તેમનું ચિત્ત ઠરે, સ્વસ્થ રહે, એટલે કે રોગ, ક્ષુધા, તૃષા, અપમાન વગેરેમાં એમને સ્વસ્થતા હોય.

જેમ વેપારીને કમાઈનો અવસર મળતાં મગરૂબી અને આનંદ થાય છે, તેમ સાધુને સંવરનો આનંદ છે. સંવર સાધવા મળે ત્યાં 'હાશ !' થાય, ચૂકાય ત્યાં ખેદ થાય. અલબત્ત વિવેક કરવો જોઈએ; જેમકે, કોઈ સ્થળે કોઈ સંયોગ-પરિસ્થિતિવશ એક સંવર સાધના ચૂકાતી હોય છતાં આર્તધ્યાન-અસમાધિ ન થવી જોઈએ; એ માટે બીજા સંવરને મુખ્ય કરવું જોઈએ. વેપારી એક વેપારની ખોટ બીજા વેપારમાં પૂરી કરે છે ને ?

ઉદાહરણ : સુરેન્દ્રનગરમાં પં. પદ્મવિજયજી મહારાજ કેન્સરમાં હતા. એકવાર ચૌદસ હતી ત્યારે તેમણે નવકારશી કરેલ પછી હું પાસે જઈ બેઠો ત્યારે મન પર દુઃખ લાવીને એ કહે 'હું કેવો કમનસીબ ? આજે ચૌદસ જેવી મોટી તિથિએ ય નવકારશી કરી !'

મેં કહ્યું 'તમો આમ ન વિચારો. જુઓ, ચૌદસને દિવસે આયંબિલ ઉપવાસ હોત તો તપની આરાધના થાત ને ? પણ હવે વિચારો કે જેમ તપ તે સંવર છે,- કેમકે દશ પ્રકારના યતિ-ધર્મરૂપ સંવરમાં તપને સંવર તરીકે લીધો છે,-તેમ રોગ-પરીષહ સમતાથી સહેવો એ પણ સંવરની આરાધના છે. જાલીમ કેન્સર રોગની વેદના સહન કરવી તેય સંવર છે. તે કોઈ ઓછી કમાણી નથી-' આથી તેમના મુખ ઉપર પ્રસન્નતા આવી.

તપ ન થતો હોય પણ જીવનમાં અનેકવિધ પીડા પ્રતિકૂળતા શાંતિથી સહન કરે, ખેદ-અરતિ ન થવા દે, એ અરતિ પરીષહ જીત્યા એ સંવર સાધના થઈ.

આચાર્ય સંવર-સમાધિ માનનારા-જાળવનારા છે. તેમના ચિત્તની સ્વસ્થતા

સંવરમાં રહે છે. પણ એ ત્યારે બને કે જ્યારે આશ્રવમાં ચિત્ત ઠરતું ન હોય. આ નિયમ છે,-

**જેને આશ્રવમાં ચિત્ત ન ઠરે એને સંવરમાં સમાધિ રહે.**

દા.ત. મનગમતી ગોચરી મળી તે ઈન્દ્રિય-આશ્રવનું નિમિત્ત બને છે,-એ સમજીને તેમાં જો મન ઠરતું નથી, ને અણગમતીમાં ચિત્ત ઠરે છે, તો તે સંવર-સાધના છે.

**"ગત-ઉપાધિ"** આચાર્યને સંવરમાં સમાધિ છે કારણ કે આત્માને અહિતકારી પૌદ્ગલિક સંયોગો એટલે કે ઉપાધિ દૂર કરી છે.

દા.ત. (૧) 'શરીર સારું ચાલવું જોઈએ-આ પૌદ્ગલિક અપેક્ષા છે, એ ઉપાધિ છે.'

(૨) 'શ્રાવકોમાં જરા વિનયભાવ જોઈએ, સાધુનો ભાવ પૂછનારા જોઈએ,' આ અપેક્ષા તે ઉપાધિ છે.

(૩) ચાર માસ સુધી વાણિયો ન ડોકાય ને છેલ્લે આવે આ અપેક્ષા એ ઉપાધિ છે.

(૪) ઉપાશ્રયમાં ઘાલ્યા તે ઘાલ્યા, હવે વિદાય કરવા આવ્યા ! આવું મનમાં આવે તે ઉપાધિ છે.

ઉદાહરણ : ધન્ના સાર્થવાહ-(ઋષભદેવભગવાન પહેલા ભવમાં) તેમણે પોતાની સાથે ખેમકુશળ અટવી પસાર કરવા માટે લોકોને આમંત્રેલા,- "સાર્થમાં જોડાવ, તમને જંગલમાં રક્ષણ મળશે, ખાનપાન મળશે," તે સાધન સંપન્ન હતો, બધી જાતની સગવડતા હતી, ઘણા લોકો સાર્થમાં જોડાયા, સાધુઓ પણ જોડાયા. બધાના નામ લખાયાં.

સાર્થ ચાલ્યો, શરૂઆતમાં વાંધો ન પડ્યો, પણ પછી ઉનાળો લાગતાં પાણી ખૂટવા આવ્યા, ખોરાકમાં તંગી પડવા લાગી, ધનાશાહ પાસે તેની ફરિયાદ આવી કે 'લોકોને ખાવા પીવાની તંગી પડવા લાગી છે.' ધનાશાહે પૂછ્યું કે, "કેટલાને શાની શાની તંગી ચાલે છે." સાથે આવનારાનું લિસ્ટ જોયું, તો એમાં સાધુનાં નામ હતાં. એ જોઈ તેને ધ્રાસકો પડ્યો, "અરે ! આ સાધુઓને વિશ્વાસ આપી મેં સાથે લીધા પણ પછી હાય ! મેં સાર-સંભાળ ન લીધી ? એમને કેટલી અવગડ પડેલ હશે ?"

## સમકિતની ભૂમિકામાં કર્તવ્યનિષ્ઠા

તે સમકિત કેમ પામ્યો ? તેની આ પૂર્વ ભૂમિકા છે. એ બનાવવાનું ને પછી



તેને સમકિતની ઉત્તર ભૂમિકામાં લાવવાનું આવડવું જોઈએ.

સમકિતની ઉત્તર ભૂમિકામાં દેવ-ગુરુ-ધર્મ પર અનન્ય શ્રદ્ધા-વફાદારી ને પ્રીતિ-બહુમાન છે. એની પૂર્વ ભૂમિકામાં જે શુભ કર્તવ્ય માથે લીધું એના પર એવી શ્રદ્ધા કે 'એ આદર્યા પછી વ્યવસ્થિત પાર ઉતારવું જ જોઈએ. કદાચ ભૂલ્યા તો ખ્યાલ આવતાં ભૂલનાં પરિમાર્જન સાથે એ કર્તવ્ય પાર પાડવાનું.' આવી કર્તવ્ય પ્રત્યેની વફાદારી અર્થાત્ કર્તવ્યનિષ્ઠા આગળ વધતાં દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે વફાદારીમાં-દૃઢ સમ્યક્ત્વમાં લઈ જાય છે.

ધનાશાહને થયું 'મેં વિશ્વાસ આપ્યો હતો, ખાન-પાનની તંગી પડી, મહાત્માની સંભાળ ન લીધી. આ વિચારે તે બેઠો'તો ત્યાંથી ઊભો થયો, ને ઝટ સાધુના ઉતારે ગયો. તેમની સુખશાતા પૂછી 'હે દેવ ! કૃપા કરો ને કહો આપ સુખશાતામાં છો ?'

સાધુ કહે છે- 'દેવ-ગુરુ-કૃપાએ સુખશાતા છે.'

ધનાશાહ બોલ્યા : 'અરે ! મારી ભૂલ થઈ ગઈ. મેં વિશ્વાસ આપી આપને સાર્થમાં લીધા પણ એક દિવસ સંભાળ લીધી નહીં. આપને ઘણી પીડા થઈ હશે હું આપનો અપરાધી છું તો મને ક્ષમા કરો.'

સાધુ બોલ્યા : 'હે મહાનુભાવ ! આ તમારે હિસાબે તો અમો અટવી ખેમકુશળ ઉલ્લંઘી રહ્યા છીએ. અમારે આવી મોટી અટવી ક્ષેમકુશળ ઓળંગવાનું તમે કરાવ્યું એ તો તમારો ગુણ છે તમારો કશો અપરાધ નહિ. પછી ભૂલ શાની ? ને ક્ષમા માગવાની શાની ?'

શું આ ? આચાર્ય 'ગત-ઉપાધિ' એટલે કે ઉપાધિ અર્થાત્ એને પૌદ્ગલિક અપેક્ષા પર જીવનારા નહિ; તેથી અહીં અગવડ પડી ય હશે છતાં એને કશા લેખામાં ન લેતાં આચાર્ય ધનાસાર્થવાહનો ગુણ માને છે !!

આચાર્ય સંવરમાં સમાધિ અનુભવનારા અને ઉપાધિને નહિ ગણકારનારા અર્થાત્ બાહ્ય પ્રત્યે બહુ અપેક્ષા-ભાવ નહિ રાખનાર હોય છે. પછી એ શાને બીજો શબ્દ બોલે ? સાધુએ કોઈ અપેક્ષા ન રખાય, આ શીખવાનું છે. દશવૈકાલિક સૂત્ર કહે છે 'જે ભવંતિ અણિસ્સિયા' સાધુ નિશ્રા-પરાધીનતા-અપેક્ષા વગરના છે; કોઈના આધારે જીવનારા નથી. પોતાના શરીર પ્રત્યે પણ નિઃસ્પૃહી છે; એટલે કે 'શરીર સારું સુખાકારી લષ્ટ પુષ્ટ હોય તો ઠીક રહે; સાધના સારી કરી શકાય;' આમ સારા પુષ્ટ શરીરની સ્પૃહા નહિ. માત્ર સાધનાની સ્પૃહા. તેથી તપથી શરીર સહેજ દૂબળુ પડ્યું તો રોવા ન બેસે, ખેદ ન કરે. એમને શરીરના દુઃખમાં મનને કોઈ

હીનતા-દીનતા નહિ. આ સાધુની સમાધિ દશા છે. બાકી આવા જોગી પણ ઘર છોડી નીકળી તો પડ્યા એટલે અલબત્ત એમણે અપેક્ષા તો ન રાખી, પણ નવરાધૂપ ફક્કડ લંગોટિયા લાલ, ઝાડ નીચે બેસી અલકમલકની વાતો કરતા હોય, તો તેમાં સમાધિ ન રહે; કેમકે એમને શાસ્ત્ર-વ્યવસાય નહિ એટલે 'નવરું મન તે શેતાનનું ઘર,' પાપની વાતો ચાલે. એ વાતો ઉપાધિની ચાલે છે એમ કહેવાય.

તપ બે પ્રકારનો છે, તેમ ગુણ બે પ્રકારના છે. બાહ્ય ને આભ્યંતર. તપ એ ગુણોની ખાણ છે. સ્વાધ્યાય, તપ, કાઉસ્સગ્ગ ભરચક કરે, સ્વાધ્યાય ભરચક પ્રમાણમાં, કાઉસ્સગ્ગ ભરચક પ્રમાણમાં, ધ્યાન ભરચક પ્રમાણમાં, એમાં સંવર સમાધિ છે; કેમકે ત્યાં બીજી ત્રીજી વસ્તુનો અપેક્ષાભાવ નથી. એમને દુન્યવી માન-પાન કશું જોઈતું નથી. 'વાપરવામાં અમુક જ ચીજ જોઈએ. એ પાછી આવી જ જોઈએ.' એવી બધી અપેક્ષા એ ઉપાધિ છે.

જો તેના બદલે કોઈ અપેક્ષા ઉપાધિ રાખેલ નથી, જેવું આવે તેવું ચાલે છે. હિસાબ એક, સારું-નરસું, ફાવતું-નફાવતું કર્યા વિના વાપરીને ઊભા થઈ જવાનું; વાપરતાં કે વાપરવા પાછળ એની કોઈ પિંજણ નહિ, ત્યાં સમાધિ રહે.

સમાધિ મળે તે માટે અનશન, ઊણોદરી, દ્રવ્યસંક્ષેપ, રસત્યાગ, સંલીનતા, કાયકલેશ વગેરે બાહ્ય તપ રાખેલ છે, કેમકે આમાં સારી રીતે ટેવાઈ જવાથી દેહાધ્યાસ,-દેહમમતા-કાયસુંવાળાશ ઘટતી આવે છે, તેથી જરા જરામાં મન બગડતું નથી. જે-તેથી ચલાવી લેવાનો જ હિસાબ, કષ્ટ-અગવડ સહી લેવાનો હિસાબ, બાહ્ય પ્રવૃત્તિ-બોલ-વિચારો ઓછા કરવાનો જ હિસાબ... આવું કાંઈ રાખે તો તે સમાધિ આપનાર છે. આ બધું બાહ્ય તપ છે. બાહ્ય અને આભ્યંતર બે પ્રકારના તપમાં જ ખુશાલી એ સંવરની સમાધિ છે. બાહ્ય ને આભ્યંતર તપથી કાયા કસાય છે, મન મોડાય છે, તેથી આશ્રવ રોકાઈ સંવર થાય. એમાં ચિત્તને સ્વસ્થતા છે, સમાધિ છે.

## જડની અપેક્ષા ઓછી કર્યા વિના સમાધિ ન મળે.

ઉદાહરણ : એકવાર એક શ્રાવકે રત્નાકરસૂરિજીને પૂછ્યું- 'સાહેબ પરિગ્રહ કેવું પાપ ?' પૂછવાનું કારણ, શ્રાવકને ખબર પડી ગયેલી કે મહારાજ પાસે મોતીઓની કે રત્નોની પોટલી છે. એ છોડાવવા પૂછ્યું. 'પરિગ્રહ કેવું પાપ ?' રત્નાકરસૂરિ કહે મોટું પાપ; એમ કહી તેનું વિવેચન કર્યું. પછી શ્રાવકે કહ્યું, 'આપે કહ્યું તે હૈયે જચતું નથી.' બીજે દિવસે વ્યાખ્યાનમાં તેની જ બીજી રીતે છણાવટ કરી તો શ્રાવકે તે જચતું નથી એમ જવાબ આપ્યો ! આમ કેટલાય દિવસ



ચાલ્યું. ત્યાં જુદી જુદી રીતે 'પરિગ્રહ એ મહા પાપ કેમ ?' એ એક જ વિષય ચર્ચ્યા કર્યો, ને શ્રાવકે એક જ જવાબ આપ્યો,- 'હૈયે જચ્યું નહિ.'

રત્નાકરસૂરિએ આત્મ-નિરીક્ષણ કર્યું. પોતે રત્નની પોટલી રાખી હતી એટલે એ જડ પદાર્થની અપેક્ષા હતી. તે રત્નના ચૂરેચૂરા કરાવી નખાવી દીધા, પછી અપેક્ષા ગઈ. હવે વ્યાખ્યાનમાં ગજબનો પ્રાણ પૂરાયો.

પછી તો શ્રાવક તે સાંભળીને રડી પડ્યો; પરિગ્રહ-પાપની ભયાનકતા સાંભળી છાતીએ તે ભેદાયો.

શ્રાવકે કહ્યું સાહેબ ! વ્યાખ્યાનની આજે ખૂબ અસર થઈ. રત્નાકરસૂરિએ કહ્યું : વિઘ્ન કાઢી નાખ્યું; અપેક્ષા ફગાવી દીધી, ચિત્તમાં સમાધિ આવી ગઈ. **પરિગ્રહ હોય ત્યાં સમાધિ મુશ્કેલ.**

પરિણતિવાળો શ્રાવક હતો અને રત્નપોટલીની ખબર પડેલી, રોજ રોજ પરિગ્રહ અંગેનો પ્રશ્ન પૂછતો હતો. પરંતુ છેલ્લે મુનિએ રત્નોનો ચૂરો કરી ઉરાડી મૂક્યો, એમાં અત્યાર સુધી આચાર્યની હોઠની વાણી હતી, હવે તે દિલની વાણી થઈ. આમ સંવરમાં સમાધિ થઈ.

આચાર્ય જિનશાસનને પૂરો ન્યાય આપીને જગતનાં જીવોનું ભલું થાય એ રીતનો ઉપદેશ આપે છે; જે પંચાચારના સ્વયં પાલક છે, જે સત્ય માર્ગનો જગતને ઉપદેશ સમ્યક્ રીતે કરે છે, તેથી શાસન અવિચ્છિન્ન ચાલ્યું આવ્યું છે, એવા આચાર્યને સાચા પ્રેમથી નમસ્કાર કરો.

(કાવ્ય-ઢાળ)

**પંચ આચાર જે સુધા પાળે, મારગ ભાખે સાચો,**
**તે આચારજ નમીએ, તેહશું પ્રેમ કરીને જાચો રે. ભ૦ (૧૧)**

અર્થાત્ આચાર્ય એવા છે કે જે પંચાચાર 'સુધા' અર્થાત્ સારી રીતે પાળે છે, અને ભવી જીવોને સાચો માર્ગ ભાખે છે, તે આચાર્યને નમીએ. પણ કેવી રીતે ? તો કે 'તેહશું' એમના પ્રત્યે 'જાચો' અર્થાત્ જાત્ય-અસલી પ્રેમ કરીને નમીએ.

આચાર્ય પદે બિરાજમાન સુધા-સમ્યક્ રીતે પાંચ આચારનું પાલન કરે છે.

'ઊંધા' એટલે અવળી રીતે અવિધિથી, માર્ગને પાળે, એમાં સ્ખલના પમાડે. પાલન કરે પણ ગરબડિયું દોષવાળું, એ ઊંધા પાલન કહેવાય.

'સુધા' એટલે સમ્યક્ રીતિએ અર્થાત્ શાસ્ત્રે કહેલ વિધિ-રીતિ-નીતિ સાથે

તથા શાસ્ત્રે કહેલ ભાવો સાથે માર્ગનું પાલન કરવું તે. -પંચાચારના દરેક આચારનું વિધિસર અને તેને યોગ્ય ભાવો સાથે પાલન કરે તે સુધા પાલન. એથી બાહ્ય પાલનમાંથી આભ્યંતર પરિણતિમાં જવાય.

દા.ત. જ્ઞાનાચારનો આ પ્રકાર છે કે 'કાલે વિણએ બહુ માણે...'

હવે જો જ્ઞાન ભણતા પહેલાં આ સ્વાધ્યાય-યોગ્ય શાસ્ત્રે કહેલ કાળ, વિનયના વિવિધ પ્રકાર, આંતર બહુમાન વગેરે સાચવે, એમ વિધિ-નીતિથી ભણે તો અંતરમાં જ્ઞાનની પરિણતિ ઊભી થાય.

જીવનમાં જીતવાનું છે તે આંતરિક શુભ પરિણામ પર; અને તે આંતરિક પરિણતિ આચારના સુધા પાલન પર અવલંબે છે.

પરિણતિ એ નાજુક ચીજ છે. પરિણતિ ક્ષયોપશમ પર આધારિત છે. ક્ષયોપશમ પણ નાજુક છે. તે ક્યારે બંધ પડી જાય તે કહેવાય નહીં.

દા.ત. ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિનો ક્ષયોપશમ છે તે, તે પ્રકૃતિનો વિપાક ઉદયનો નિરોધ કરીને થાય છે.

**'નિષેક' એટલે ?** કર્મ બંધાયા એટલે કર્મ જેટલી કાળ-સ્થિતિનાં છે, તે કાળ-સ્થિતિના પ્રત્યેક સમયે વિપાકમાં આવવા યોગ્ય કર્મદલિકો ગોઠવાઈ ગયા એને 'નિષેક' કહેવાય. નિષેક એટલે એકેક સૂક્ષ્મ-સમયે ઉદયમાં આવવા યોગ્ય અમુક અમુક કર્મદળિયાં (કર્મઅણુ)ની રચના. જેમ જેમ તે તે એકેક સમય આવતો જાય, તેમ તેમ તે તે સમયનાં કર્મદળિયાં ઉદયમાં આવવાનાં, વિપાકમાં આવવાનાં. હવે ક્ષયોપશમ કરવો એટલે કર્મને ઉદયમાં આવતાં પહેલાં એનો વિપાક રોકી લેવો. એ એવી રીતે કે શુભભાવથી તેના ઉદય-સમયના પૂર્વ સમયમાં તેનું સજાતીય હળવા કર્મમાં સંક્રમણ કરે, એટલે કે એના જેવી બીજી પણ મૃદુ કર્મ-પ્રકૃતિમાં તેને ભેળવી દે. એટલે હવે એ એની સાથે પછીના સમયે ઉદયમાં તો આવશે, પણ પોતાનો મૂળ ઉગ્ર રસ-વિપાક સ્થગિત થઈને મૃદુ રસવિપાકથી ઉદયમાં આવશે.

દા.ત. સાધુપણું, તેમાં ત્રીજી કષાયની ચોકડીનો અર્થાત્ પ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિ ૪ કષાયમોહનીય કર્મોનો ક્ષયોપશમ જોઈએ. તે ક્ષયોપશમ કરવા માટે એ મોહનીય કર્મનું સમયે સમયે તેથી હળવા સંજ્વલન કષાયનાં મોહનીય કર્મમાં સંક્રમણ કરતો જાય; એટલે હવે એ સંક્રમિત થઈ ગયેલ કર્મ મૃદુ રસથી ઉદયમાં આવવાનાં. આમ જે એનો મૂળ રસનો ઉદય અટકી ગયો, એનું નામ ક્ષયોપશમ. એ જ્યાં સુધી શુભ ભાવ દિલમાં જાગતો રહે ત્યાં સુધી ક્ષયોપશમ ચાલુ. ઉદયમાં



આવવાને ટાંપી રહેલા અશુભ કર્મોનું તેવા પ્રકારના શુભ ભાવોલ્લાસના બળે સંક્રમણ કરવું પડે. પછી મૃદુ રસના કષાયમાં સંક્રમિત થઈ તે રૂપે ઉદયમાં આવે, એટલે રસનો પાવર ઓછો થઈ જાય, અર્થાત્ મૂળ રસ-વિપાક સ્થગિત થઈ જાય. પ્રત્યેક સમયે શુભ અધ્યવસાયના બળ પર ઉગ્ર કષાય-કર્મ, મંદ કષાય-કર્મ સાથે ભળતા જાય. જાગૃતિ ચાલુ હોય તો તેને ભેળવતા જવાનું કામ ચાલુ રહે. જ્યાં જાગૃતિ ગઈ કે ઉગ્ર રસવાળા પ્રત્યાખ્યાનાવરણ કર્મરૂપે તે ઉદયમાં આવવાના જ. જાગૃતિ હતી તો એ હળવા રસવાળા કષાયકર્મરૂપે ઉદયમાં આવતા હતા.

**સ્તિબુક સંક્રમણ :-** ઉદયના પૂર્વ સમયે જ સજાતીય મૃદુકર્મમાં ભારે કર્મ સંકલિત થઈ જાય તે **'સ્તિબુક સંક્રમણ'** કહેવાય છે. આમ વિપાક-ઉદયનો નિરોધ કરીએ તો ક્ષયોપશમ થાય. એ શુભ ભાવ ટકાવવાની જાગૃતિ હોય તો જ ચાલુ રહે. કર્મસત્તાને આચાર્યપદની શરમ નથી કે 'આ આચાર્ય પદ છે માટે ઉદયમાં ન આવું.' એ તો જાગૃતિ ગઈ તો પેલું સ્તિબુક-સંક્રમણ બંધ એટલે ઝટ કષાય મોહનીયાદિ કર્મ ઉદયમાં આવે જ.

આચાર્ય પણ પંચાચાર સુધા પાળે તો જાગૃતિથી આંતરિક પરિણતિ જળવાઈ રહે. આચાર્ય એ માત્ર પોતાની આરાધનાથી સંતોષ માનીને બેસી નથી રહેતા; તેઓ **'મારગ ભાખે સાચો.'** જગતને સાચા માર્ગનો ઉપદેશ કરે છે; સાચો માર્ગ કહેવામાં તેઓ શરમમાં તણાતા નથી, તેમજ કોઈ પર ખોટી દયા નથી લાવતા. દા.ત. કેટલાક કહે છે કે-આજના સમયમાં ક્યાં સામાયિક કરવાનો સમય મળે છે ? માટે એનો ઉપદેશ રહેવા દઈ દાનનો ઉપદેશ કરો, પણ આચાર્ય દયા ન ખાય કે 'હશે ત્યારે આજના જીવોને બિચારાને સમય નથી મળતો તો સામાયિકનો ઉપદેશ રહેવા દ્યો.' એમ રાત્રિ ભોજન અંગે; કે 'આજે શ્રાવકોને બિચારાને ધંધા જ એવા થઈ ગયા તેથી રાત્રિભોજન કરવું પડે છે તો એના ત્યાગનો ઉપદેશ ન કરવો,' એમ દયા ન ખાય; તે રાત્રિભોજન ત્યાગ કે સામાયિકનો ઉપદેશ બંધ ન કરે.

એમ કોઈ ઠેકાણે દેવદ્રવ્યનો નાશ થતો હોય, તો ટ્રસ્ટીઓ કે બીજાની શરમમાં પડી દેવદ્રવ્યરક્ષાનો ઉપદેશ બંધ ન કરે.

મહાવીર પ્રભુએ શાસન સ્થાપ્યું ત્યારથી માંડીને અત્યાર સુધીમાં આચાર્યો સાચા જૈન માર્ગનો ઉપદેશ કરતા આવ્યા છે, તેથી જ જિનશાસન ટક્યું છે, અવિચ્છિન્ન ચાલ્યું આવ્યું છે.

આચાર્ય પણ 'જાત્ય પ્રેમ' એટલે કે અસલી પ્રેમ જોઈએ, કૃત્રિમ પ્રેમ નહિ. કૃત્રિમ પ્રેમ આચાર્યને મોંઢેથી ખુશ કરવા પૂરતો કહેવાય, તે ન જોઈએ. 'જાત્ય

પ્રેમ' એટલા માટે જોઈએ કે જગતના સ્નેહી સંબંધી પરના પ્રેમ આત્માને અહિતકારી લાગ્યા છે, 'દુનિયાના પ્રેમ બધા ખોટા, બધા મારણહાર ને પવિત્ર-નિઃસ્વાર્થ-ધર્મમૂર્તિ આચાર્ય પરનો પ્રેમ, તે તારણહાર પ્રેમ છે,' એવી સમજ પૂર્વકનો હાર્દિક નિઃસ્વાર્થ પ્રેમ તે જાત્ય પ્રેમ છે.

આચાર્ય સિવાય કોઈ તારનાર નથી, કોઈ હિતૈષી નથી તેથી, અને આચાર્ય ગુણગણના ભંડાર છે તેથી, તેમના પર સહેજે પ્રેમ જાત્ય પ્રેમ થાય. આવા ગુણના નિધાન જગતમાં ક્યાં જોવા મળે ? માટે તેમના પર જાત્ય પ્રેમ, હાર્દિક સાચો પ્રેમ કરો. એ પ્રેમ કરીને આચાર્યને આપણે નમીએ. આચાર્ય પર હાર્દિક સાચો પ્રેમ કરવાથી એમના ગુણોનો આદર થાય, ગુણોનું બહુમાન થાય, તેમના ઉપકારનો ભાર આપણે માથે આવે. મનને લાગે કે 'પ્રેમ, મમતા કરવા લાયક હોય તો તે આચાર્ય પર છે.' તેમના ઉત્તમ કોટિના ૩૬-૩૬ ગુણોને કારણે હૈયું ઓવારી જાય.

**(કાવ્ય-ઢાળ)**

**વર છત્રીસ ગુણે કરી સોહે, યુગ પ્રધાન જન મોહે;**
**જગ બોહે, ન રહે ખિણ કોહે, સૂરિ નમું તે જોહે રે ભ० (૧૨)**

આચાર્ય મહારાજ ઉત્તમ છત્રીસ ગુણોથી શોભતા છે. શાસ્ત્રમાં આ ૩૬ ગુણોની એક છત્રીશી, એવી ૩૬ છત્રીશી આવે છે. તાત્પર્ય ૩૬ રીતે ૩૬-૩૬ ગુણો આચાર્યના વર્ણવેલા છે. એ એકેક ગુણની અનુમોદના પણ કરીએ તો ય મહાન લાભ થાય, ગુણોનું આપણા આત્મામાં બીજાધાન થાય. જો એકેક ગુણની અનુમોદનામાં મહાન લાભ, તો પછી ૩૬x૩૬= ૧૨૯૬ ગુણોની, એકેક ગુણને નામવાર લઈને, અનુમોદના થાય એમાં કેટલો બધો લાભ !! એટલા ગુણોનાં બીજાધાન થાય બીજ વાવણી થાય એ અદ્‌ભુત લાભ કરનાર બને.

અહીં ૩૬ છત્રીસીના ગુણોના વર્ણનમાં ઊતર્યા વિના ગુણોને નામથી જોઈ લઈએ:-

## (છત્રીસી ૧)

| ૪ દેશના | ૪ કથા |
|---|---|
| આક્ષેપિણી - (ધર્મ પ્રત્યે આકર્ષણનાર) | અર્થ કથા |
| વિક્ષેપિણી - (અશુદ્ધ ધર્મમાંથી પાછી વાળનાર) | કામ કથા |
| સંવેગિની - (મોક્ષ-દેવ-ગુરુપ્રત્યે ભાવવર્ધક) | ધર્મ કથા |
| નિર્વેદિની - (સંસારના દુઃખનું વર્ણન કરનાર) | સંકીર્ણ કથા |



| ૪ ધર્મ | ૪ ભાવના | ૪ સ્મારણાદિ |
|---|---|---|
| દાન | જ્ઞાન | સ્મારણા (વ્રત આચાર યાદ કરાવે) |
| શીલ | દર્શન | વારણા (સ્ખલના અટકાવે) |
| તપ | ચારિત્ર | નોદના (ભૂલ થઈ હોય તો ઠપકો આપે) |
| ભાવ | વૈરાગ્ય | પ્રતિનોદના (વારંવાર ભૂલમાં સજા કરે) |

| ૪ આર્તધ્યાન | ૪ રૌદ્રધ્યાન | ૪ ધર્મધ્યાન | |
|---|---|---|---|
| અનિષ્ટ પ્રાપ્તિ અંગે | હિંસામાં આનંદ | મૈત્રી | રુપસ્થ |
| ઈષ્ટ વિયોગ અંગે | મૃષામાં આનંદ | પ્રમોદ | પદસ્થ |
| રોગ અંગે | ચોરીમાં આનંદ | કરુણા | પિંડસ્થ |
| નિદાન (પરભવ માટે નિયાણું કરવું) અંગે | સંરક્ષણમાં આનંદ | માધ્યસ્થ | રુપાતીત |

**૪ શુક્લધ્યાન**

(૧) પૃથક્ત્વ વિતર્ક પ્રવીચાર (૨) એકત્વ-વિતર્ક અપ્રવીચાર
(૩) સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ (૪) વ્યુચ્છિન્ન ક્રિયા નિવૃત્તિ

## (છત્રીસી-૨)

| ૫ સમ્યક્ત્વ | ૫ ચારિત્ર | ૫ વ્રત |
|---|---|---|
| ક્ષાયિક | સામાયિક | પ્રાણાતિપાત વિરમણ |
| ક્ષાયોપશમિક | છેદોપસ્થાપનીય | મૃષાવાદ વિરમણ |
| વેદક | પરિહાર વિશુદ્ધિક | અદત્તાદાન વિરમણ |
| ઔપશમિક | સૂક્ષ્મ સંપરાય | મૈથુન વિરમણ |
| સાસ્વાદન | યથાખ્યાત | પરિગ્રહ વિરમણ |

| ૫ વ્યવહાર | ૫ આચાર | ૫ સમિતિ |
|---|---|---|
| આગમ-વ્યવહાર | જ્ઞાનાચાર | ઈર્યા સમિતિ |
| શ્રુત વ્યવહાર | દર્શનાચાર | ભાષા સમિતિ |
| આજ્ઞા વ્યવહાર | ચારિત્રાચાર | એષણા સમિતિ |
| ધારણા વ્યવહાર | તપ આચાર | આદાનભંડ મત્ત નિક્ષેપણા સમિતિ |
| જીત વ્યવહાર | વીર્યાચાર | પારિષ્ઠાપનિકા સમિતિ |

| ૫ સ્વાધ્યાય | ૧ સંવેગ |
|---|---|
| • વાચના • પૃચ્છના | આગમાભ્યાસ |
| • પરાવર્તના • અનુપ્રેક્ષા | ક્રિયા અને ચારિત્રમાં |
| • ધર્મકથા | આનંદ રૂપ સંવેગ |

## (છત્રીસી-૩)

| ૫ પ્રમાદ ત્યાગ | ૫ આશ્રવ ત્યાગ | ૫ નિદ્રા |
|---|---|---|
| મદ્ય | હિંસા | નિદ્રા |
| વિષય | જૂઠ | નિદ્રા નિદ્રા |
| કષાય | ચોરી | પ્રચલા |
| નિદ્રા | અબ્રહ્મ | પ્રચલા પ્રચલા |
| વિકથા | પરિગ્રહ | સ્ત્યાનર્દ્ધિ |

| ૫ કુભાવના | ષટ્ જીવ-નિકાય રક્ષક | ૫ ઈન્દ્રિયો |
|---|---|---|
| કાંદર્પિક | પૃથ્વીકાય | શ્રોત્ર-ઘ્રાણ-ચક્ષુઃ |
| કિલ્બિષિક | અપકાય | જિહ્વા-સ્પર્શનેંદ્રિય |
| આભિયોગિક | તેજસ્કાય | **૫ વિષયો** |
| આસુરી | વાયુકાય | શબ્દ-રૂપ-રસ- |
| સંમોહની | વનસ્પતિકાય | ગંધ-સ્પર્શ એ |
| | ત્રસકાય | શબ્દાદિમાં |
| | | યતનાવાળા |

## (છત્રીસી-૪)

| ૬ લેશ્યા | ૬ આવશ્યક | ૬ દ્રવ્ય |
|---|---|---|
| કૃષ્ણ | (i) સામાયિક | (i) ધર્માસ્તિકાય |
| નીલ | (ii) ચતુર્વિંશતિસ્તવ | (ii) અધર્માસ્તિકાય |
| કાપોત | (iii) વંદન | (iii) આકાશાસ્તિકાય |
| તેજો | (iv) પ્રતિક્રમણ | (iv) કાલ |
| પદ્મ | (v) કાયોત્સર્ગ | (v) જીવ |
| શુક્લ | (vi) પ્રત્યાખ્યાન | (vi) પુદ્ગલાસ્તિકાય |



| ૬ દર્શન | ૬ ભાષા | ૬ વચનદોષ |
|---|---|---|
| જૈન | સંસ્કૃત | ૧ અલીક, ૨ હીલિત (મશ્કરીવચન) |
| બૌદ્ધ | શૌરસેની | ૩ ખિંસિત હોલા, ગોલા આદિવચન |
| વૈશેષિક | પૈશાચિકી | ૪ કર્કશ |
| મીમાંસક | પ્રાકૃત | ૫ નાત્રકોલ્હટ્ટન 'કાકા' આદિવચન |
| સાંખ્ય | માગધી | ૬ અધિકરણોદીરક (કષાયોદીરક) |
| નૈયાયિક | અપભ્રંશ | |

## (છત્રીસી-૫)

### ૭ ભય

| | | |
|---|---|---|
| ઈહલોક ભય | પરલોક ભય | આદાન ભય |
| આકસ્મિક ભય | આજીવિકા ભય | મરણ ભય |
| અશ્લોક ભય (નિંદાભય) | | |

| ૭ પિંડેષણા-ઉપાનૈષણા | ૭ સુખ | ૮ મદસ્થાન |
|---|---|---|
| સંસૃષ્ટા | સંતોષ | જાતિ |
| અસંસૃષ્ટા | ઈન્દ્રિયજય | કુલ |
| ઉદ્ધૃતા | પ્રસન્નચિત્તતા | રૂપ |
| અલ્પલેપા | દયાલુતા | બલ |
| અવગૃહીતા | સત્ય | શ્રુત |
| પ્રગૃહીતા | શૌચ | તપ |
| ઉજ્ઝિતધર્મિકા | દુર્જનપરિહાર | લાભ |
| | | શ્રી |

## (છત્રીસી-૬)

| જ્ઞાનાચાર-૮ | દર્શનાચાર-૮ | ચારિત્રાચાર-૮ |
|---|---|---|
| કાલ | નિઃશંકિત | ૫ સમિતિ |
| વિનય | નિઃકાંક્ષિત | અને ત્રણ ગુપ્તિ |
| બહુમાન | નિર્વિતિગિત્સક | **૪ બુદ્ધિ** |
| ઉપધાન | અમૂઢ દૃષ્ટિ | ઔત્પાતિકી |
| અનિન્હવ | ઉપબૃંહણા | વૈનયિકી |

| | | |
|---|---|---|
| વ્યંજન | સ્થિરીકરણ | કાર્મિકી |
| અર્થ | વાત્સલ્ય | પારિણામિકી |
| તદુભય | પ્રભાવના | |

**૮ ગુણ**

| | | | |
|---|---|---|---|
| આચારવાન | અવધારણાવાન | વ્યવહારવાન | અપવ્રીડક |
| કારક | અપરિશ્રાવી | નિર્યાપક | અપાયદર્શી |

## (છત્રીસી-૭)

| ૮ કર્મ | ૮ અષ્ટાંગયોગ | ૮ મહાસિદ્ધિ |
|---|---|---|
| જ્ઞાનાવરણ | યમ | લઘિમા |
| દર્શનાવરણ | નિયમ | ઈશિતા |
| વેદનીય | આસન | મહિમા |
| મોહનીય | પ્રાણાયામ | યત્રકામાવશાયિતા |
| આયુષ્ય | પ્રત્યાહાર | વશિતા |
| નામ | ધારણા | પ્રાકામ્ય |
| ગોત્ર | ધ્યાન | અણિમા |
| અંતરાય | સમાધિ | ઐશ્વર્ય પ્રાપ્તિ |

**૮ યોગ દૃષ્ટિ**

(૧) મિત્રતા (૩) બલા (૫) સ્થિરા (૭) પ્રભા
(૨) તારા (૪) દીપ્રા (૬) કાન્તા (૮) પરા

**૪ અનુયોગ**

(૧) ચરણ-કરણાનુયોગ (૨) ગણિતાનુયોગ
(૩) ધર્મકથાનુયોગ (૪) દ્રવ્યાનુયોગ

## (છત્રીસી-૮)

| ૯ તત્ત્વ | ૯ બ્રહ્મચર્ય ગુપ્તિ | ૯ નિયાણા |
|---|---|---|
| જીવ | વસતિ | ૧ રાજાભિલાષ |
| અજીવ | સ્ત્રીકથા | ૨ ઉગ્રકુલોત્પન્નાભિલાષ |
| આશ્રવ | સ્ત્રી-આસન | ૩ સ્ત્રી-અભિલાષ |
| સંવર | સ્ત્રી ગાત્ર | ૪ પુરુષાભિલાષ |
| પુણ્ય | ભીંતઆંતરે | ૫ દેવાભિલાષ |
| પાપ | પૂર્વક્રીડિત | ૬ શ્રાવકકુળમાં જન્મની અભિલાષા |
| બંધ | પ્રણીત-ભોજન | ૭ કામમાં અતૃપ્તિથી બહુ યુગલ વિકુર્વણાની અભિલાષા |
| નિર્જરા | અતિમાત્રાએ આહાર | ૮ અપ્રવિચારી દેવ થવાનું |
| મોક્ષ | વિભૂષા | ૯ ચારિત્રની ઈચ્છાથી દરિદ્રતાનો અભિલાષ |

કલ્પ-૯
ઉદ્યત વિહારી આદિ...

## (છત્રીસી-૯)

| ૧૦ અસંવર ત્યાગી | ૧૦ સંકલેશ ત્યાગી | | ૧૦ ઉપઘાત | |
|---|---|---|---|---|
| ૫ ઈન્દ્રિય | ઉપાશ્રય | ઉપધિ | ઉત્પાદન | ઉદ્‌ગમ |
| મન | આહાર | કષાય | પરિકમ | એષણા |
| વચન | વચન | મન | જ્ઞાન | પરિહરણ |
| શરીર | અજ્ઞાન | કાયા | દર્શન | ચારિત્ર |
| ઔઘિક ઉપધિ | અન્ન-પાન | અદર્શન | અપ્રીતિક | સંરક્ષણ |
| ઔપગ્રાહિક ઉપધિ | | | | |

**૬ હાસ્યાદિના ત્યાગી**

(૧) હાસ્ય (૨) રતિ (૩) અરતિ (૪) શોક (૫) ભય (૬) જુગુપ્સા



## (છત્રીસી-૧૦)

| ૧૦ ચિત્ત સમાધિસ્થાન | | ૧૦ સમાચારી |
|---|---|---|
| ○ સ્ત્રીપશુનપુંસકમુક્ત સ્થાનાસન ત્યાગ | ○ સ્ત્રીઅંગોપાંગ દર્શનત્યાગ | ○ આવસ્સહિ |
| ○ સ્ત્રીકથા ત્યાગ | ○ શબ્દાદિત્યાગ | ○ નિસીહી |
| ○ પ્રણીત રસ ત્યાગ | ○ પ્રશંસાત્યાગ | ○ પુચ્છણા |
| ○ અમિત આહાર ત્યાગ | ○ સુખશીલતા ત્યાગ | ○ પડિપુચ્છણા |
| ○ પૂર્વક્રીડા સ્મૃતિ ત્યાગ | | ○ છંદણા |
| ○ સ્ત્રીઆસન ત્યાગ | | ○ ઉપસંપદા |
| | | ○ ઈચ્છાકાર |

| | |
|---|---|
| ૧૬ કષાય ત્યાગ | ○ મિચ્છાકાર<br>○ તથાકાર<br>○ અભ્યુત્થાન |

## (છત્રીસી-૧૧)

| ૧૦ પ્રતિસેવા દોષ ત્યાગ | | ૧૦ શોધિ દોષ | |
|---|---|---|---|
| ○ દર્પ | ○ શંકા | ○ આકમ્પયિત્વા | ○ બાદર |
| ○ પ્રમાદ | ○ સહસાકાર | ○ અનુમાનયિત્વા | ○ સૂક્ષ્મ |
| ○ અનાભોગ | ○ ભય | ○ દૃષ્ટ | ○ બહુજન |
| ○ આતુર | ○ પ્રદોષ | ○ છન્ન | ○ અવ્યક્ત |
| ○ આપત્તિ | ○ વિમંસા | ○ શબ્દાકુલ | ○ તસ્સેવી |

| ૪ વિનયસમાધિ | ૪ શ્રુતસમાધિ | ૪ તપસમાધિ |
|---|---|---|
| ○ શુશ્રુષા | ○ શ્રુતપ્રાપ્તિ | ○ ન ઈહલોકાર્થ |
| ○ સંપ્રતિપત્તિ | ○ એકાગ્રચિત્ત | ○ ન પરલોકાર્થ |
| ○ વેદારાધના | ○ આત્મપ્રતિષ્ઠા | ○ ન કીર્તિઆદિઅર્થે |
| ○ આત્મસંપ્રગૃહિતા | ○ પર પ્રતિષ્ઠા | ○ કેવલ નિર્જરાર્થે તપ અનુષ્ઠાન |

૪ આચારસમાધિ

○ ન ઈહલોકાર્થ ○ ન પરલોકાર્થ ○ ન કીર્ત્યાદિનિમિત્ત

○ અરિહંતહેતુથી જ આચાર અનુષ્ઠાન

## (છત્રીસી-૧૨)

| | |
|---|---|
| ૧૦ વૈયાવૃત્ય, આચાર્યાદિનું | ૧૦ ધર્મ ક્ષમાદિ |
| ૧૦ વિનય, અરિહંતાદિનો | ૬ અકલ્પનીયાદિ પરિહાર |

## (છત્રીસી-૧૩)

| ૧૨ ઉપાંગ | ૧૦ રુચિ | ૧૨ અંગ |
|---|---|---|
| ઔપપાતિક | ○ નિસર્ગરુચિ | આચારાંગાદિ |
| રાયપસેણીય | ○ ઉપદેશરુચિ | |



| | | |
|---|---|---|
| જીવાભિગમ | ○ આજ્ઞારુચિ | |
| પન્નવણા | ○ બીજરુચિ | |
| જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ | ○ વિસ્તારરુચિ | |
| ચંદ્ર પ્રજ્ઞપ્તિ | ○ સંક્ષેપરુચિ | ૨ શિક્ષા |
| સૂર્ય પ્રજ્ઞપ્તિ | ○ સૂત્રરુચિ | ગ્રહણ-આસેવન |
| નિરયાવલિ | ○ અભિગમરુચિ | |
| કલ્પાવતંસ | ○ ક્રિયારુચિ | |
| પુષ્પિકા | ○ ધર્મરુચિ | |
| પુષ્પચુલિકા | | |
| વહ્નિદસા | | |

## (છત્રીસી-૧૪)

| ૧૧ શ્રાવક પ્રતિમા ઉપદેશક | ૧૨ વ્રત (શ્રાવકના) ઉપદેશક | |
|---|---|---|
| | ૧૩ ક્રિયા સ્થાનોપદેશક | |
| • દર્શન | • અર્થ ક્રિયા | • અધ્યાત્મિક ક્રિયા (આત્માનાં કલેશ) |
| • વ્રત | • અનર્થ ક્રિયા | • માન ક્રિયા |
| • સામાયિક | • હિંસા ક્રિયા | • અમિત્ર ક્રિયા |
| • પૌષધ | • આકસ્મિકી ક્રિયા | • માયા ક્રિયા |
| • પ્રતિમા | • દૃષ્ટિકી ક્રિયા | • લોભ ક્રિયા |
| • બ્રહ્મચર્ય | • મૃષા ક્રિયા | • ઈર્યાપથિકી ક્રિયા |
| • અચિત્ત | • અદત્ત ક્રિયા | |
| • અનારંભ | | |
| • પ્રેષ્ય | | |
| • ઉદ્દિષ્ટ | | |
| • શ્રમણભૂત | | |

## (છત્રીસી-૧૫)

| ૧૨ ઉપયોગ | ૧૪ ઉપકરણધર | ૧૦ પ્રાયશ્ચિત્તદાતા |
|---|---|---|
| ૫ જ્ઞાન | • મુખવસ્ત્રિકા | • આલોચના |
| ૩ અજ્ઞાન | • રજોહરણ | • પ્રતિક્રમણ |

| | | |
|---|---|---|
| ૪ દર્શન | • ૩ કપડાં<br>• ૭ પાત્રોપકરણ<br>• માત્રક<br>• ચોલપટ્ટક | • તદુભય<br>• વિવેક<br>• કાયોત્સર્ગ<br>• તપ<br>• છેદ<br>• મૂલ<br>• અનવસ્થિત<br>• પારાંચિત |

(છત્રીસી-૧૬)

| ૧૨ તપ | ૧૨ ભિક્ષુપ્રતિમા | ૧૨ ભાવના |
|---|---|---|
| ૬ બાહ્ય<br>૬ અભ્યંતર | | અનિત્યાદિ |

(છત્રીસી-૧૭)

| ૧૪ ગુણસ્થાનકમાં નિપુણ | | ૧૪ પ્રતિરૂપાદિ-ગુણયુક્તતા | |
|---|---|---|---|
| ૮ સૂક્ષ્મોપદેશી | | | |
| • સ્નેહ<br>• પુષ્પ<br>• પ્રાણ<br>• ઉત્તિંગ | • પનક<br>• બીજ<br>• હરિત<br>• અંડસૂક્ષ્મ | • પ્રતિરૂપ<br>• તેજસ્વી<br>• યુગપ્રધાનાગમ<br>• મધુરવાક્ય<br>• ગંભીર<br>• ધૃતિમાન<br>• ઉપદેશપર | • અપરિશ્રાવી<br>• સૌમ્ય<br>• સંગ્રહશીલ<br>• અભિગ્રહમતિ<br>• અવિકથાકર<br>• અચપલ<br>• પ્રશાંતહૃદયવાળા |

(છત્રીસી-૧૮)

| ૧૫ યોગ-ઉપદેશ | ૩ ગારવ | ૩ શલ્ય |
|---|---|---|
| • સત્ય<br>• મૃષા<br>• મિશ્ર<br>• અસત્યામૃષા | રસ-ઋદ્ધિ શાતા<br><br>**૧૫ સંજ્ઞા**<br>• આહાર | • માયા • નિયાણ<br>• મિથ્યાત્વ<br><br><br>• ભય |



| | | |
|---|---|---|
| • મનનો તથા વચનનો<br>• યોગ=૮<br>• ઔદારિક<br>• વૈક્રિય-આહારકયોગ<br>• મિશ્ર સાથે=૬<br>• કાર્મણ-૧ | • પરિગ્રહ<br>• મૈથુન<br>• ક્રોધ<br>• માન<br>• માયા<br>• લોભ | • ઓઘ<br>• લોક<br>• સુખ<br>• દુઃખ<br>• મોહ<br>• વિચિકિત્સા<br>• શોક |

(છત્રીસી-૧૯)

| ૧૬ ઉદ્‌ગમદોષો | | ૧૬ ઉત્પાદન દોષો | |
|---|---|---|---|
| • આધાકર્મ<br>• ઔદેશિક<br>• પૂતિ<br>• મિશ્રજાત<br>• સ્થાપના<br>• પ્રાભૃતિક<br>• પ્રાદુષ્કરણ<br>• ક્રીત | • પ્રામિત્ય<br>• પરાવર્તિત<br>• આહૃત<br>• ઉદ્‌ભિન્ન<br>• માલાપહૃત<br>• આચ્છેદ્ય<br>• અનિસૃષ્ટ<br>• અધ્યવપૂરક | • ધાત્રી<br>• દૂતી<br>• આજીવના<br>• નિમિત્ત<br>• વનીપક<br>• ચિકિત્સા<br>• ક્રોધ<br>• માન<br>• માયા<br>• લોભ | <br><br><br><br>• પૂર્વસંસ્તવ<br>• પશ્ચાત્ સંસ્તવ<br>• વિદ્યા<br>• મંત્ર<br>• ચૂર્ણ<br>• યોગ |
| **૪ અભિગ્રહ**<br>• દ્રવ્ય • ક્ષેત્ર • કાળ • ભાવ | | | |

(છત્રીસી-૨૦)

| ૧૬ વચનવિધિજ્ઞ | ૧૭ સંયમ | | ૩ વિરાધના |
|---|---|---|---|
| • ૩ કાલ ત્રિક<br>• ૩ વચન ત્રિક<br>• ૩ લિંગ ત્રિક<br>• પરોક્ષ<br>• પ્રત્યક્ષ<br>• ઉપનીતોપનીત<br>• ઉપનીતાપનીત<br>• અપનીતોપનીત | • ૫ પૃથ્વ્યાદિરક્ષા<br>• બેઈન્દ્રિયરક્ષા<br>• તેઈન્દ્રિયરક્ષા<br>• ચઉરિન્દ્રિયરક્ષા<br>• પંચેન્દ્રિયરક્ષા<br>• અજીવરક્ષા<br>• પ્રેક્ષા<br>• ઉત્પેક્ષા | <br><br><br>• પ્રમાર્જના<br>• પરિષ્ઠાપના<br>• મન<br>• વચન<br>• કાય | જ્ઞાન<br>દર્શન<br>ચારિત્ર |

- અપનીતાપનીત
- અધ્યાત્મવચન

## (છત્રીસી-૨૧)

**૧૮ નરદીક્ષાદોષપરિહાર**

| | | | | |
|---|---|---|---|---|
| • બાલ | • વ્યાધિત | • અદર્શન | • જુંગિત | ૧૮ પાપસ્થાનક |
| • વૃદ્ધ | • સ્તેન | • દાસ | • ઉપસ્થિત | પ્રાણાતિપાતાદિ |
| • નપુંસક | • રાજાપકારી | • દુષ્ટ | • ભૂતક | પરિહાર |
| • ક્લીબ | • ઉન્મત્ત | • મૂઢ | • શિષ્યનિષ્ફેટિક | |
| • જડ | • ઋણાર્ત | | | |

## (છત્રીસી-૨૨)

| ૧૮ શીલાંગસહસ્ર ધારક | ૧૮ બ્રહ્મભેદ |
|---|---|
| | • દિવ્ય અને ઔદારિક અબ્રહ્મત્યાગ |
| • ૯ જીવ - ૧ અજીવ | • મન |
| • ૧૦ યતિધર્મ | • વચન ને |
| • ૩ યોગ | • કાયાથી |
| • ૩ કરણ | • કૃત ૬ |
| • ૪ સંજ્ઞા | • કારિત ૬ |
| • ૫ ઈન્દ્રિયના ગુણાકારથી ૧૮ હજાર શીલાંગ થાય. | • અનુમોદિત ૬ |

## (છત્રીસી-૨૩)

| ૧૯ કાયોત્સર્ગ દોષવર્જી | ૧૭ મરણપ્રકારોનું પ્રકટન | ૧૯ કાયોત્સર્ગ દોષવર્જી | ૧૭ મરણપ્રકારોનું પ્રકટન |
|---|---|---|---|
| ઘોટક | આવીચિ | લંબોત્તર | મિશ્ર |
| લતા | અવધિ | સ્તનસંયતિ | છદ્મસ્થ |
| ખંભાદિ | અંતિક | ભ્રમર | કેવલિ |
| માળ | બલાકા | અંગુલિ | વૈહાનસ |



| | | | |
|---|---|---|---|
| ઊર્દ્ધિ | વશબાર્ત | વાયસ | ગૃધ્રપૃષ્ટ |
| શબરિ | સશલ્ય | કપિત્થ | ભક્તપરિજ્ઞા |
| નિગડ | તદ્દ્ભવ | સિરકંપ | ઈંગિત |
| (કવિક) ખલિણ | બાલ | મૂક | પાદપોપગમન |
| વધુ | પંડિત | વારુણિ | પ્રેક્ષા |

## (છત્રીસી-૨૪)

| ૨૦ અસમાધિસ્થાન ત્યાગ | | ૧૦ એષણાદોષ ત્યાગી |
|---|---|---|
| • દ્રુતદ્રુતચારી | • ઉપશાન્તાધિકરણોદિકર | • શંકિત |
| • અપ્રમાર્જિતસ્થાયી | • અકલાસ્વાધ્યાયકારી | • મ્રક્ષિત |
| • દુષ્પ્રમાર્જિતસ્થાયી | • સરજસ્ક પાણિપાદ | • નિક્ષિપ્ત |
| • ઘંઘશાલાદિસેવી | • રાત્રી ઉચ્ચશબ્દકર | • પિહિત |
| • અતિરિક્તશયનાદિ સેવી | • કલહકર | • સંહૃત |
| • રત્નાધિકપરિભાષી | • ગણભેદકર | • દાયક |
| • સ્થવિરોપઘાતી | • સૂર્યપ્રમાણભોજી | • ઉન્મિશ્ર |
| • ભૂતોપઘાતી | • એષણામાં અસમિત | • અપરિણત |
| • સંજ્વલનોપઘાતી | | • લિપ્ત |
| • દીર્ઘકોપી | **૫ ગ્રાસેષણા દોષત્યાગ** | • છર્દિત |
| • પરાઙ્મુખાવર્ણવાદી | • સંયોજના | **૧ મિથ્યાત્વ** |
| • વારંવાર 'ચોર' ઈત્યાદિ વાદી | • પ્રમાણાતિરિક્ત • ઈંગાલ<br>• ધૂમ • અકારણ | |

## (છત્રીસી-૨૫)

| ૨૧ સબલસ્થાન ત્યાગ | ૧૫ શિક્ષાશીલ |
|---|---|
| એક વર્ષમાં દસવાર લેપ-નદી ઊતરવી. | • નીચૈર્વૃત્તિ: |
| એક માસમાં ત્રણવાર નદી ઊતરવી. | • અચપલ |
| જાણીને હિંસા કરવી. | • અમાયી |
| જાણીને જૂઠું બોલવું. | • અકુતુહલ |
| જાણીને અદત્ત ગ્રહણ કરવું. | • અલ્પાધિક્ષેપ |
| • મૈથુન • રાત્રિ ભોજન | • પ્રબંધાકારિત્વ |

- આધાકર્મી ગ્રહણ, • રાજપિંડ ગ્રહણ
- ક્રિત ગ્રહણ • પ્રામિત્ય ગ્રહણ
- અભ્યાહૃતગ્રહણ • આચ્છેદ્ય ગ્રહણ
- વારંવાર સંવર (પચ્ચક્ખાણ) નહીં
- કંદાદિ ભક્ષણ
- કાચા પાણીવાલા હાથે ગોચરી વહોરવી.
- સચિત્ત પાણી કે પૃથ્વીવાળા શરીરે ભોજન.
- સીધું ભૂમિ ઉપર બેસવું.
- છ માસમાં એક ગચ્છમાંથી બીજા ગચ્છમાં જવું.
- હસ્તમૈથુન.
- સચિત્ત પૃથ્વીકાય તથા કોલ-ત્રસકાય ઉપર બેસવું.

- મૈત્રી
- શ્રુતાપ્રમાદ
- પાપાપરિક્ષેપી
- મિત્રાકોપ
- અપ્રિય મિત્રસ્ય રહસિ કલ્યાણ ભાષણ

- કલહવર્જન
- બુદ્ધાભિજાત્ય
- લજ્જાવાન
- પ્રતિસંલીન

## (છત્રીસી-૨૬)

**૨૨-પરિસહક્ષુધા-પિપાસાદિ**

| | | |
|---|---|---|
| ક્ષુધા | આક્રોશ | સ્ત્રી |
| પિપાસા | વધ | સત્કાર |
| શીત | યાચના | ચર્યા-નિષદ્યા |
| ઉષ્ણ | અલાભ | પ્રજ્ઞા |
| દંશ | રોગ | અજ્ઞાન |
| અચેલ | તૃણ સ્પર્શ | શય્યા |
| અરતિ | મલ | સમ્યક્ત્વ |

**૧૪ આભ્યંતર ગ્રન્થિ**

| | |
|---|---|
| રાગ | ૪ કષાય |
| દ્વેષ | ૬ હાસ્યાદિ |
| મિથ્યાત્વ | ૧ વેદ |

## (છત્રીસી-૨૭)

**પ્રતિલેખનમાં ૫ વેદિકા દોષત્યાગ**

- પ્રસારિતપાદ
- જાનું બાહ્ય
- અંતો લગ્ન
- એકેક ભુજાબાહ્ય

**છ આરભટાદિ દોષ ત્યાગ**

- આરભટ
- સંમર્દ
- મોસલિ
- પ્રસ્ફોટક
- વ્યાક્ષિપ્ત
- નવ્યાવિધ

**૨૫ પ્રતિલેખનાના ભેદ**

૧ દૃષ્ટિપડિલેહણ
૬ ઉર્ધ્વપ્રસ્ફોટન
૯ અક્ખોડા
૯ પ્રમાર્જન



## (છત્રીસી-૨૮)

**૨૭ અણગારગુણ**

- ૬ વ્રત
- ૫ ઈન્દ્રિયનિગ્રહ
- ૩ મન-વચન-કાય-નિરોધ
- ૬ ષટ્કાયયતના
- ૧ યોગયુક્તતા
- ૧ ભાવસત્ય
- ૧ કરણસત્ય
- ૧ ક્ષમા
- ૧ વૈરાગ્ય
- ૧ વેદનાધ્યાસ
- ૧ મારણાંતિકા ધ્યાસ

**૯ કોટિ વિશુદ્ધતા**

હનન-પચન ક્રયણનો ત્રિવિધે કૃત-કારિત અનુમોદિત ત્યાગ

## (છત્રીસી-૨૯)

**૨૮ લબ્ધિ**

| | | | |
|---|---|---|---|
| • આમોસહિ | • ચારણ | • મહુઆસવી | • રિઉમ |
| • વિપ્પોસહિ | • આશીવિસ | • સપ્પિઆસવ | • બલદેવ |
| • ખેલોસહિ | • કેવલી | • કુટ્ઠબુદ્ધિ | • સીયલેસી |
| • જલ્લોસહિ | • ગણહારી | • પયાણુસારી | • વિઉલમઈ |
| • સવ્વોસહિ | • પુવ્વધર | • બીઅબુદ્ધિ | • વાસુદેવ |
| • સંભિન્નસોય | • અરિહંત | • તેઅગ્ગિ નિસગ્ગ | • વેઉવ્વિઅ દેહલદ્ધિ |
| • ઓહિ | • ચક્કવટ્ટી | • આહારગ | • અક્ખીણમહાણસી |
| • ખીરાસવી | • પુલાગલદ્ધિ | | |

**૮ આઠ પ્રભાવક**

| | | | |
|---|---|---|---|
| ૧ પ્રાવચની | ૩ વાદી | ૫ તપસ્વી | ૭ સિદ્ધિ |
| ૨ ધર્મકથી | ૪ નૈમિત્તિક | ૬ વિદ્યાધર | ૮ કવિ |

## (છત્રીસી-૩૦)

**૨૯ પાપશ્રુતવર્જન**

૮ અષ્ટાંગ નિમિત્તાદિના દરેકના
૩ સૂત્ર-વૃત્તિ-વાર્તિક
=૨૪

**૭ શોધિગુણ**

- લઘુતા
- આહ્લાદ
- આત્મ-પર નિવૃત્તિ

## (છત્રીસી-૩૧)

**૩૦ મહામોહ**

બંધ સ્થાન વર્જન
૬ અંતરંગારિવર્જન
કામ-ક્રોધ-લોભ
માન-મદ-હર્ષ

| | |
|---|---|
| ૧ ગાંધર્વ | • અધ્યાત્મ |
| ૧ નાટ્ય | • દુષ્કરકરણ |
| ૧ વાસ્તુ | • વિનય |
| ૧ આયુર્વેદ | • નિઃશલ્યતા |
| ૧ ધનુર્વેદ | |

## (છત્રીસી-૩૨)

### ૩૧ સિદ્ધ ગુણોનું અનુકીર્તન-શરીરના ૩૧ ધર્મોનાં અભાવરૂપ

| | | | |
|---|---|---|---|
| • દીર્ઘતા | • સુરભિગંધતા | (સ્પર્શ) | • સ્ત્રીત્વ |
| • વૃત્તતા | • દુરગભિગંધતા | • કર્કશપણું | • પુરુષત્વ |
| • ત્રિકોણતા | • તિક્તતા | • મૃદુપણું | • નપુંસકત્વ |
| • ચતુષ્કોણતા | • કટુકતા | • લઘુપણું | • સસંગતા |
| • ગોળાઈ | • કષાયતા | • ગુરુપણું | • રુહતા (જન્મ) |
| (વર્ણ) | (તુરોરસ) | • શીતપણું | • સશરીરતા |
| • કૃષ્ણ | • અમ્લતા | • ઉષ્ણપણું | |
| • નીલ | • માધુર્ય | • સ્નિગ્ધપણું | |
| • રક્ત | | • રુક્ષતા | |
| • પીત | | | |
| • શુક્લ | | | |

(આ બધાનાં અભાવ રૂપ ૩૧ ગુણો)

### ૫ જ્ઞાનનું અનુકીર્તન

• મતિજ્ઞાન • શ્રુતજ્ઞાન • અવધિજ્ઞાન • મનઃપર્યવજ્ઞાન • કેવલજ્ઞાન

## (છત્રીસી-૩૩)

| ૩૨ જીવ રક્ષક | ૪ ઉપસર્ગજેતા |
|---|---|
| પૃથ્વ્યાદિ ૫ x સૂક્ષ્મ બાદર=૧૦ | • દેવકૃત • તિર્યંચકૃત |
| ૧ પ્રત્યેકવનસ્પતિકાય | • મનુષ્યકૃત • આત્મસંવેદન |
| ૫ વિકલે. સંજ્ઞિપંચે. અસંજ્ઞિ. | |
| ૧૬પર્યાપ્ત + ૧૬ અપર્યાપ્ત =૩૨ | |



## (છત્રીસી-૩૪)

### ૩૨ દોષ રહિત વંદના કરવા અધિકારી

| | | | |
|---|---|---|---|
| • અનાદર | • ભય | • ચુડુલિક | • મનઃપ્રદ્વેષ |
| • સ્તબ્ધ | • ભીષણ | • હીલિત | • તર્જિત |
| • પ્રવિધ્ધ (પ્રવિદ્ધ) | • મૈત્રી | • વિપલિઉંચિત | • ઉત્તરચૂલિક |
| • પરિપિંડિત | • ગારવ | • દૃષ્ટાદૃષ્ટ | • વેદિકા-બદ્ધ |
| • ટોલ ગતિ | • કારણ | • સિંગ | • શઠ |
| • અંકુશ | • સ્તોનિત | • કર-મોચન | • મૂક |
| • કચ્છપરિંગિત | • પ્રત્યનીક | • અનાલિદ્ધ | • ઢડ્ઢર |
| • મત્સ્યોદ્વર્ત | • રુષ્ટ | • ન્યૂન | |

### ૪ વિકથા રહિત

• સ્ત્રીકથા • ભક્તકથા • દેશકથા • રાજકથા

## (છત્રીસી-૩૫)

### ૩૩ આશાતનાવર્જી

૧. પૂરઃ ૨. પાર્શ્વ, ૩. આસન્ન, ગમન-સ્થાન (ઊભા રહેવું)- નિર્ષીદન (૩x૩=૯), ૧૦આચમન, ૧૧ આલોચના (ઈરિયા.) ૧૨ પ્રતિશ્રવણ, ૧૩ પૂર્વાલપન, ૧૪ આલોચન (ગોચરી આલોવવી) ૧૫ ઉપદર્શન, ૧૬ નિમંત્રણ, ૧૭ અપૃષ્ટ આહારદાન, ૧૮ અ-પુષ્ટભોજન, ૧૯ અપ્રતિશ્રવણ, ૨૦ કર્કશ સ્વરથી બોલવું, ૨૧ જવાબ પોતાના સ્થાનેથી આપવો. ૨૨ શું ? એમ કહેવું, ૨૩ 'તમે' એમ કહેવું, ૨૪ ગુરુની વાતથી રાજી ન થવું, ૨૫ ભૂલ કાઢવી, ૨૬ વચમાં બોલવું, ૨૭ પર્ષદા ભાંગવી. ૨૮ કથા-વિસ્તાર, ૨૯ આસનને પગ લગાડવો, ૩૦ આસન ઉપર બેસી જવું, ૩૧ સંથારાને પગ લગાડવો, ૩૨ ઊંચે બેસવું, ૩૩ સરખા આસને બેસવું.

૩ પ્રકારના (મન-વચન-કાયા) વીર્યાચારને છૂપાવે નહિ.

## (છત્રીસી-૩૬)

### ૩૨ પ્રકારની ગણિસંપદામાં આયુક્ત

| ૪ આચાર સંપત્ | ૪ શ્રુતસંપત્ | ૪ શરીર સંપત્ |
|---|---|---|
| • ચરણ સંપત્તિ | • યુગપ્રધાનાગમનજ્ઞતા | • સમચતુરસ્ર સંસ્થાનતા |
| • નિર્મદતા | • પરિચિતસૂત્રાર્થતા | |

| | | |
|---|---|---|
| • અનિયતવિહારિતા<br>• અચંચલેન્દ્રિયતા | • ઉત્સર્ગાદિવેદિત્વમ્<br>• ઉદાત્તાદિપટુવર્ણો–<br>ચ્ચારિત્વમ્ | • સંપૂર્ણઅંગોપાંગતા<br>• અવિકલેન્દ્રિયતા<br>• સહિષ્ણુતા |
| **૪ વચન સંપત્**<br>• અનાહતપ્રતિભા<br>• મધુરવાક્ય<br>• નિર્વિકારવચન<br>• સ્ફુટવચન<br>- | **૪ વાચના સંપત્**<br>• યોગ્યાયોગ્યપાત્રજ્ઞતા<br>• પૂર્વજ્ઞાને પરિણતે<br>અપરસૂત્રાર્થ દાન<br>• સૂત્રપ્રતિ પ્રોત્સાહન<br>• અર્થપ્રતિ નિર્વાહિત્વ | **૪ મતિ સંપત્**<br>• અવગ્રહ<br>• વિમર્શ<br>• અપાય<br>• ધારણા |
| **૪ પ્રયોગમતિ સંપત્**<br>• સ્વશક્તિ પરિજ્ઞાન<br>• પુરુષ પરિજ્ઞાન<br>• સ્વ-પરાનુકૂળક્ષેત્ર<br>પરિજ્ઞાન<br>• સ્વ-પરાનુકૂળ<br>રાજાદિવસ્તુ વિજ્ઞાન | **૪ સંગ્રહપરિજ્ઞા સંપત્**<br>• ગણ વિહારયોગ્ય<br>ક્ષેત્રાદિપરીક્ષા<br>• ભદ્રકાદિને ઉપદેશથી<br>ગણચિન્તામાં સ્થિરીકરણ<br>• સ્વાધ્યાયોપયોગી<br>પુસ્તક સંગ્રહ<br>• તપ-અનુષ્ઠાનાદિમાં<br>શિષ્યાદિને યથાયોગ્ય<br>જોડવા | **૪ વિનય**<br>• આચાર વિનય<br>• શ્રુતવિનય<br>• વિક્ષેપ વિનય<br>(મિથ્યાત્વાદિમાંથી<br>કાઢીને સમ્યક્ત્વા-<br>દિમાં સ્થાપવા રૂપ)<br>• તદ્દોષ પ્રતિઘાત<br>વિનય (શિષ્યાદિના<br>વિષયાદિ કષાય<br>દોષો દૂર કરવારૂપ) |

## 'યુગ પ્રધાન જન મોહે'

આચાર્ય આ યુગના પ્રધાન પુરુષ છે. આગળ પડતા મુખ્ય પુરુષ છે. કેમકે ભવી જીવો તેમના પર આકર્ષિત થાય છે, જીવન જીવવામાં તેમનું માર્ગદર્શન લે છે, જન સમાજ તેમને આગળ કરે છે, તેમનાથી હુંફ-આશ્વાસન મેળવે છે. મુશ્કેલી-મુસીબતમાં આચાર્ય સમાધિ-દાતા છે. પહેલાના સમયમાં રાજા મહારાજા વગેરે આ માટે તેમની પાસે આવતા. એમાં આચાર્ય પાસે રડતા આવેલા તે હસતા થઈને જતા. એવી તેમની સંયમ પ્રભા, તપનું તેજ અને હિતવાણીનો રણકાર રહેતો. એથી જનતા તેમના પર મોહિત આકર્ષિત થઈ જાય છે, એમનાથી પ્રભાવિત થઈ જાય છે. ગામે ગામે ધર્મના બંડલ મૂકતા જાય છે.



## 'જગ બોહે, ન રહે ખિણ કોહે,'

આચાર્ય જગતને બોધ સમ્યગ્જ્ઞાન પમાડનારા છે. વીતરાગની વાણીને કરુણાભરી દૃષ્ટિએ જીવોની કક્ષા મુજબ પ્રકાશી એમને બુઝવનારા હોય છે. તે સાથે એક ક્ષણ માત્ર પણ ક્રોધમાં રહેતા નથી; એવી તેમનામાં સતત-અવિરત-ક્ષમા-સમતા વહેતી રહે છે. એવા ઉપશમભાવમાં એ ઝીલતા હોય છે, એટલે તેઓ કષાયોના પ્રસંગમાં સદા ઉપશાંત રહેનારા છે એવા એ આંતર-શત્રુઓ સામે વિજેતા 'જોહે' જોદ્ધા રણસુભટ છે. એવા આચાર્યને સૂરિને નમું છું.

## 'આચાર્યો છે જિન-ધર્મના દક્ષ વ્યાપારી શૂરા'

એટલે કે, જિન-ધર્મના શૂરવીર વેપારી છે. સ્વયં કર્મ સામે અને જગતમાં મિથ્યાત્વ સામે મોટો સંગ્રામ ખેલનારા છે, તે સુભટ બની વિજય મેળવીને શાસનની શાન બઢાવનારા છે, પ્રાણના ભોગે પણ શાસનનો ઝંડો ઊંચો રાખનારા છે.

**(પૂજાઢાળ)**

**નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહિ વિકથા ન કષાય;**
**જેહને તે આચારજ નમીયે, અકલુષ-અમલ-અમાય રે. ભ૦ સિ૦ ૧૩**

આચાર્ય નિત્ય અપ્રમત્ત બનીને ધર્મનો ઉપદેશ આપનારા છે. ધર્મ સિવાય બીજી વાત નહીં. ધર્મ સિવાય જે વસ્તુની વાત કરવાનું મન થાય ત્યાં સમજવું કે દિલમાં તેની આગ છે. અર્થ-કામની આગમાં ને માન-સન્માન અને મોહ-મમતાની આગમાં જે કોઈ સંસારી સળગી રહ્યો હોય તેને ધર્મ સિવાયના અર્થ-કામની વસ્તુનો ઉપદેશ કરો, તો બળતામાં ઘાસલેટ હોમવાનું થાય; પણ જગતના એ સંસારી જીવો પર જો દયા હોય તો તેની અર્થ-કામની આગને ઠારવી જોઈએ; અને તે ઠારવાનું ધર્મથી જ બને. માટે આચાર્ય નિત્ય અપ્રમત્ત રહીને ધર્મનો ઉપદેશ કરનારા હોય છે.

આચાર્ય નિત્ય અપ્રમત્ત એટલે પ્રમાદનો ત્યાગ કરનારા છે. 'પ્રમાદ' એટલે નિદ્રા, વિકથા, વિષય, કષાય અને મદ્યાદિ વ્યસન વગેરેથી હંમેશા પર રહેનારા દૂર રહેનારા આચાર્ય છે.

પ્ર. : નિદ્રા-પ્રમાદનો ત્યાગ એટલે શું આચાર્ય નિદ્રા ન લે ?

ઉ. : લે, પરંતુ અર્ધ જાગ્રત જેવી નિદ્રા, અર્ધ નિદ્રા. જેમાં આંતરિક રટાયેલ શાસ્ત્ર-તત્ત્વોનું મનોમંથન જાણે અવ્યક્ત રૂપે ચાલુ હોય. અર્ધ જાગ્રત કેમ ? તો કે મગજ પર સ્વાત્મ ચિંતા, ગચ્છચિંતા, સંઘશાસન ચિંતા, વગેરેનો ભાર છે.

પાંચ પ્રકારના પ્રમાદની જેમ આઠ પ્રકારના પ્રમાદ પણ છે જેવા કે ૧ અજ્ઞાન, ૨ ભ્રમ, ૩ સંશય, ૪ વિસ્મરણ, ૫ રાગ, ૬ દ્વેષ, ૭ ધર્મનો અનાદર, ૮ ધર્મમાં નિરુત્સાહ,-આવા આઠ પ્રકારના પ્રમાદથી આચાર્ય દૂર રહેનારા હોય છે.

નિત્ય અપ્રમત્ત કેમ ? તો કે આચાર્ય સાધનામાં સદા સાવધાન રહેનારા હોય છે. આચાર્ય શુદ્ધ ધર્મનો ઉપદેશ કરનારા જગતને આશ્વાસનનું એક જ સ્થાન છે.

આચાર્ય પાસે ન મળે વિકથા, ન મળે કષાય, આચાર્ય શુદ્ધ ધર્મની જ વાત કરે છે, એટલે આચાર્ય બીજી ત્રીજી વાતમાં પડતા નથી. કેમ ?

**ધર્મોપદેશથી જ ખરેખરી શાંતિ-સમાધિ-આશ્વાસન મળે છે.**

પ્ર. : આચાર્યે જરા વિકથા-કૂથલી કરી તો શું બગડી ગયું ?

ઉ. : 'ભવભાવના' નામના શાસ્ત્રમાં ભુવનભાનુકેવલીના ચરિત્રમાં એ બતાવ્યું છે કે- આચાર્ય શાસનનો ડંકો બજાવતાં આગળ વધી રહ્યા હતા, ને મોહની સેનામાં ખળભળાટ થઈ ગયો. મહામોહ ધુંવાફુંવા થઈ ગયો. તે સભામાં ગાજી ઊઠ્યો. 'આ જૈનાચાર્ય આપણા વાડામાંથી બકરાં ચારિત્ર-ધર્મના રાજ્યમાં ખેંચી જાય છે ! આ સભામાં બધા બાયલા બેઠા છે બાયલા ? આપણા કિલ્લામાં અનાદિ અનંત કાળથી અનંત અનંતને પૂરી રાખ્યા છે ! તેવી સુરક્ષિત કિલ્લેબંધીમાંથી આ એકને પણ તાણી જાય ? તો શું કરી રહ્યા છો તમે ?'

તે સભામાંથી "વિકથા" નામની સ્ત્રીસુભટ ઊભી થઈ. તે બોલી "શાંત થાઓ મહારાજા ! શાંત થાઓ, હું નાની સુભટ છું પણ આ કામ જુઓ આમ પતાવી દઉં છું." તે ગઈ ને અદશ્ય રીતે આચાર્યના દેહમાં પ્રવેશી ગઈ.

પછી આચાર્ય પાસે મુખ્ય અને બીજા લોકો આવતા હોય. એમાં, દા.ત. એક ભગતે વાત માંડી, કેમ મહારાજ સાહેબ ? શાતામાં ? આજે સામાન્ય દેખાતા એક ભાઈ, જેમની પાસે પૈસા હોવાથી કલ્પના ન આવે એવા એમના તરફથી આજે સરસ જમણ હતું. આચાર્ય કહે, 'હેં ?'

પેલો કહે, 'હાજી, જમણ આપનાર અંદરખાને શ્રીમંત ને બહાર સાદાઈથી રહેનારો માણસ હતો.'

આચાર્ય, - 'હેં'

'જમણ સાથે સુંદર ફરસાણ વગેરે એવા બનાવેલા કે...'

'એમ ?'

વિકથા પેસી ગઈ છે, તેથી આચાર્યને ભોજન-કથામાં રસ પડ્યો, એટલે



હવે પોતે જ પૂછે છે,-

'હા ! રસોઈયો ક્યાંનો બોલાવેલો ?...' ચાલી વાત આગળ. આવી બધી વિકથામાં કેટલો ટાઈમ જાય, તેનો હિસાબ નહીં ! પછી પેલો ભગત જવા માંડે ત્યારે આચાર્ય કહે 'હા, જુઓ, ભાઈ તમે આવતા રહેજો.'

આ વિકથાનો હરામચસકો લાગી ગયો.

પેલા વાતોડિયા ભાઈ કહે : સાહેબ ! આવું તો ખરો, પરંતુ આપને સ્વાધ્યાય કરવાનો હોય ને ?

તો સાહેબ કહે : 'તેની ચિંતા ન કરશો. મેં વર્ષો સુધી સ્વાધ્યાયનું પારાયણ કર્યું છે, તેમાં એક દિવસનું પારાયણ જાય તો કાંઈ ભુલાઈ જતું નથી.'

આ વિકથાના ચસકાને કારણે પૂર્વો ભુલાઈ ગયા. સ્વાધ્યાયનો રસ ન રહ્યો. એ રસ ખૂટ્યો; ને આ વિકથાનો રસ વધી ગયો. ક્રિયામાંથી રસ ગયો, યંત્રવત્ જિંદગી બની, એમાં સંયમનો અંતરમાંથી ક્રમશઃ બધો ય રસ ઉડી ગયો ! ને વિકથામાં લયલીન બન્યા ! પરિણામ શું આવે ?

**વિકથાનો રસ માણસને બેભાન કરી નાખે !** પછી પોતાનો આત્મા અને પોતાનાં કર્તવ્ય, એવી બીજી કોઈ વાતનું ભાન જ ન રહે. ફક્ત એક જ વિકથા-વાતોચીતો-કૂથલીનો જ રસ ! આવું જો આરાધનામાં બેભાનપણું છે, તો એ ભાવ બેભાનપણાનો અવતાર આપે ! એટલે કે એકેન્દ્રિય પૃથ્વીકાય યાવત્ અનંતકાય નિગોદનો અવતાર મળે ! મોટા ચૌદ પૂર્વી જેવા પણ કૂથલીના રસમાં મરીને નિગોદમાં ચાલ્યા ગયા.

નિગોદમાં ?

**હાજી, જેવા ભાવ તેવો ભવ.**

કૂથલી વગેરેની ગાઢ મૂર્છા છે તો કુદરત જાણે કહે છે "લેતો જા ગાઢ મૂર્છાનો અવતાર નિગોદ અનંતકાય એકેન્દ્રિયપણાનો."

જાત માટે વિચારો, -આત્મા સામે લેશપણ જોવું નથી, ને બસ, પૈસાનો રસ, કામનો રસ, સારા સારા ખાન પાનનો રસ, રૂપાળી સ્ત્રીઓનો રસ, સમજી રાખો આ તો અલબેલી મુંબઈ છે, આ બધું પોષવા મળશે, પણ એમાં મરીને ક્યાં ઘસડાઈ જવાનું ?

માત્ર એક જ ઈન્દ્રિયનોય રસ લાવો તો ય તે આત્માને બેભાન કરવામાં સમર્થ છે. તો પાંચેય ઈન્દ્રિયોના વિષયોનો રસ કેવા બેભાન કરે ? પછી નિગોદની

ટિકિટ ફાટે ! એમાં નવાઈ છે ?

આરાધના મળી હતી, આત્માનું જ્ઞાન મળ્યું હતું પણ આચાર્ય જેવાએ જાગૃતિ ન રાખી તો કર્મસત્તા કહે છે. 'જાઓ નિગોદમાં ને ત્યાં અનંતોકાળ પસાર કરજો !'

પાંચ પ્રમાદમાં 'વિષયપ્રમાદ' આવે. આચાર્ય એનાય ત્યાગી હોય છે. કેમકે એ સમજે કે 'જો ક્ષણવાર પણ પ્રમાદ કર્યો, એટલે દા.ત. માત્ર એક શ્રોત્ર-ઇન્દ્રિયનો નિંદા વિકથામાં રસ ઊભો કર્યો, તો તેનો હરામચસકો લાગ્યો સમજો ! પછી પૂછવું ચાલે લાંબું. પછી એ રસ લાંબો કાળ ચાલીને તેમાં આત્માને લયલીન કરી આરાધનાનું ભાન ભુલાવે, સ્વાધ્યાયનું ભાન ભુલાવે ! આ બધું આચાર્ય સમજતા હોય છે, તેથી ક્ષણ વાર પણ વિષયરસનો ય પ્રમાદ નથી કરતા.'

પ્રમાદમાં કષાયો પણ છે. કષાયોમાં ક્રોધ, માન, માયા, લોભ આવે. એમ રાગ-દ્વેષ આવે. એમ હાસ્ય, મજાક, હરખ, ઉદ્વેગ વગેરે પણ આવે. આચાર્ય આ કોઈ જ કષાયને કરતા નથી.

આચાર્ય જાણે છે કે સંસારને છોડ્યો છે તે,

**સંસાર વિષય કષાયની આગનું ઘર છે માટે તેને છોડ્યા,**

તો હવે એ આગ પાછી અહીં ઊભી કરવી ?

કોઈ પૂછે કે 'તમને અભિમાન નથી આવતું ?'

તો જવાબ એ કે 'અભિમાનની આગમાંથી છૂટવા તો આ સાધુપણું લીધું છે, હવે શા સારુ એ આગ પાછી નોંતરવી ?'

આચાર્ય તત્ત્વના વેત્તા છે તેથી તેઓ સમજે છે કે 'આ વિકથા વિષય, કષાય તે મારા આત્માના નિર્મળ સ્વરૂપમાં નથી. એ તો આત્માની કદરૂપી અવસ્થા છે, એ વિકાર છે, બગાડો છે હવે તેની છાયા પણ નહિ લેવાની.' એવો એમનો નિર્ધાર છે.

પ્ર. : અહીં એક સવાલ થાય કે પાંચ પ્રમાદમાં જોદ્ધા જેવા કોણ છે ?

ઉ. : જોદ્ધા જેવો 'વિષય' છે, તે સેનાપતિ જેવો છે. તે આગળ થાય, પછી બીજા કષાય વગેરે પ્રમાદો પાછળ ચાલ્યા આવે, છતાં વિકથા-કૂથલી એ પણ મામૂલી પ્રમાદ નથી, એ ય બળવાન જોદ્ધો છે. મોટા આચાર્યને પણ પટકે, મહાવૈરાગ્યથી આચાર્યે પહેલાં સાધુપણું લીધું પૈસા પરિવાર વગેરે વિષયો મૂક્યા; ઉપરાંત શાસ્ત્રો ભણ્યા છે, એટલે મનમાંથી ય વિષયોને હટાવવાનું સહેલું બની



ગયું છે, તેથી વિષયો ઘણા ઘણા તગેડી મૂક્યા; પણ વિકથાની તક ઊભી છે. આચાર્ય છે એટલે તેમની પાસે ઘણા આવે છે; ને આવનાર બધા ધર્માત્મા ઓછા જ છે ? એટલે એવા ય ગૃહસ્થ આવે કે જે વિકથા માંડે ! એમાં વિષયો સામે જો મહાવૈરાગ્યની પહેલેથી કિલ્લેબંધી કરી લીધી છે એટલે તો વિષયોથી બચવું સહેલું થયું; પણ વિકથા સામે એવા જોરદાર આત્મરસ અને અતિપ્રબળ સ્વાધ્યાય રસની કિલ્લેબંધી ન કરી શક્યા એટલે વિકથાથી બચવું મુશ્કેલ થઈ ગયું એ 'ભવભાવના' શાસ્ત્રે બતાવ્યું છે. આ બધું સમજનાર આચાર્ય પ્રમાદ માત્રથી આઘા રહે છે.

**'તે આચારજ નમીયે અકલુષ અમલ અમાય રે' ભવિકા ૦**

આચાર્ય અકલુષ, અમલ અને અમાય છે. કલુષ એટલે કચરો.

(૧) આચાર્ય અકલુષ છે, એટલે કે તેઓ કલુષથી કલુષિત નથી.

(૨) આચાર્ય અમલ છે, એટલે તેમનામાં મળ મલિનતા નથી.

(૩) આચાર્ય અમાય છે, એટલે તેમનામાં માયાથી માયાવીપણું નથી.

પ્ર. : કલુષ એક જાતનો મળ-કચરો જ છે, તો અકલુષમાં 'અમલ' વિશેષણ આવી ગયું તો 'અમલ' ફરીથી કેમ રહ્યું.

ઉ. : કલુષ એ બાહ્ય કચરો છે. દા.ત. જીવ જયણા વિનાની પ્રવૃત્તિ, સાંસારિક આરંભ સમારંભ વગેરેના બોલ, અપ્રિય વાણી, આ કલુષ છે.

આચાર્ય આ કલુષ વિનાના છે. તેમના વાણી-વર્તાવ હંમેશા નિષ્પાપ પવિત્ર દયામય હોય છે. હવે તે 'અમલ' છે, એમાં-

-'મલ' એટલે આભ્યન્તર કચરો, દા.ત. દુન્યવી આશંસા, માનાકાંક્ષા, આસક્તિ, અહંત્વ, ગારવ, સશલ્યતા... વગેરે વગેરે. આચાર્ય એ મળ વિનાના હોય છે.

આચાર્ય અકલુષ-અમલ એટલે એમનામાં મન-વચન-કાયાથી લેશ પણ મલિનતા નથી હોતી.

વળી આચાર્ય 'અમાય' અર્થાત્ માયા રહિત હોય છે. એમના વાણી-વર્તાવ અમાયી-માયા રહિત છે. એટલે આચાર્ય નિખાલસ દિલવાળા, સરળ સ્વભાવી, ને ભદ્રક પ્રકૃતિવાળા હોય છે.

પ્ર. : 'અમલ' કહ્યા પછી અમાય ફરીથી કહેવું એમાં પુનરુક્તિ નથી ?

મળમાં કષાયો ગણાય. એ જો નથી તો માયા-કષાય પણ નથી. એ નથી આવી જતું ?

ઉ. : આવી જાય, છતાં પુનરુક્તિ નથી; કેમકે કષાયમાં માયાથી બહુ સાવધાન રહેવાનું છે. માયા પર ભાર મૂકવા ખાતર 'અમાય' જુદું કહ્યું. એનું કારણ એ છે, કે-

આ માયા દોષ એવો છે કે બહુ સાવધાન રહેનાર સારા આરાધકમાં પણ ચુપકીથી, ખબર ન પડે-તેમ, પેસી જાય છે ! દા.ત. આચારાંગ શાસ્ત્રે કહ્યું કે, જો વિશેષ આરાધનાની શક્તિ છે, ને તેનો ઉપયોગ ન કરીએ તો તે માયા છે.

'આચારાંગ'ના આઠમાં અધ્યયનમાં ભગવાનનું જીવન અમાયી છે, એમ લખ્યું છે, ત્યાં ટીકામાં ખુલાસો છે કે ભગવાન પોતે આરાધનાની શક્તિને જરાય ગોપવતા નથી.

પ્ર. : શક્તિને થોડી ગોપવે એટલે કે ન ખરચે, એમાં માયા શી ?

ઉ. : કોઈ બાબતના આચરણમાં થોડી ઢીલાશ હોય, પણ જો દુનિયામાં દેખાડે છે કે આ 'સારા આચારવાન છે' તો તે માયા થઈ કહેવાય.

અહીં સમજવું જોઈએ કે તપસ્વીપણાનો, વિદ્વાનપણાનો કે શાંતપણાનો દેખાવ તો કર્યો, ને જગતમાં વડાઈ તો થઈ, પણ તે વડાઈ ક્ષણિક છે; પરંતુ માયાનો જે રંગ લાગ્યો તે હંમેશનો રહેશે. પછી તો તુચ્છ બાબતમાં નિરંતર બહાર સારા દેખાવાની પરંપરા ચાલશે ! ને શક્તિ ગોપાવાતી રહેશે, એમ માયા પોષાયા કરશે.

માયાનો કષાય ભારે છે. બીજા કષાય ક્રોધ, માન, લોભ, બહાર દેખાવામાં આવી જાય છે. ગુસ્સો કર્યો તો આંખ ઊંચી જાય છે, એ બહાર દેખાઈ આવે છે. અભિમાન કર્યું, તો ખભો ઊંચો જવાનો, એ બહાર દેખાશે. લોભ કર્યો, તો દોડધામ પ્રવૃત્તિથી તે જણાય છે. આ ત્રણે કષાયો બહારમાં દેખાય છે. તેથી હિતૈષી બાપ ગુરુ વગેરે તે રોકવા આવશે.

પરંતુ માયા કષાય એવો છે કે તે બહારમાં દેખાય જ નહીં. માયા દેખાવમાં નહિ આવે, તો તેને રોકનાર નહિ મળે. એટલે પછી કેમ ? તો કે આપમેળે એ રોકવાની તાકાત નથી, ને બીજા કોઈ રોકનાર મળતા નથી, એટલે માયાની પરંપરા ચાલશે.

દા.ત. રાજીમતી ને નેમનાથનો જ્યારથી સંબંધ થયો ત્યાર પછી દરેક ભવમાં નેમનાથ પુરુષ તરીકે, ને રાજીમતી સ્ત્રી તરીકે જન્મે છે. સ્ત્રી-અવતાર



માયાથી મળે છે. તો પહેલાં તો ભૂલ કરી હશે તેથી પહેલા ભવે રાજીમતી બની. પરંતુ પછી તો જીવન સારા હતા, પ્રભુની હારોહાર સ્વર્ગમાં જાય છે, તો પછીના ભવોમાં સ્ત્રી-અવતાર કેમ ? તો માનવું પડે કે ક્યાંય સૂક્ષ્મ માયા થતી હશે.

અનુત્તર વિમાનમાંથી આવનાર બ્રાહ્મી સુંદરીના જીવને માયા લાગી ગઈ ને? તેઓ સ્ત્રી કેમ થયા ?

માયાને લીધે જ. કેટલી માયા કરી ?

ગુરુ આચાર્ય ભગવંત હતા. તેમણે ભરત-બાહુબલીના જીવ સાધુની સારા વૈયાવચ્ચી તરીકે પ્રશંસા કરી; બ્રાહ્મી-સુંદરીના જીવ સાધુને મનમાં આ પસંદ ન પડ્યું, ઈર્ષ્યા થઈ; પણ ગુરુએ કહ્યું તેમાં ખોટી ખોટી હાજી-હા કરી. પ્રશંસામાં બહારથી સંમતિ, પણ મનમાં બીજું રાખ્યું, એ માયા. 'ત્યાં આચાર્ય ચૌદ પૂર્વધર છે, બાપ છે, ગુરુ છે. જે બોલતા હશે, તે બરાબર બોલતા હશે,' આવું સરળ ન વિચારતાં મનમાં માયા રાખીને ખોટો દેખાવનો રાજીપો કર્યો, માયાના પરિણામે તેઓ સ્ત્રી બન્યા.

આમ માયાકષાય પ્રચ્છન્ન ગુપ્ત શત્રુ છે. તેથી તેના ત્યાગની વિશેષતા દર્શાવવા માટે 'અમાયી' એવો જુદો ઉલ્લેખ કર્યો.

❖ ❖ ❖

**વાચના ૫** દાદર, તા.૧૫-૨-૮૦

## કાવ્ય

**જે દિયે સારણ-વારણ-ચોયણ; પડિચોયણ, વળી જનને;**
**પટધારી ગચ્છ થંભ આચરજ, તો માન્યા મુનિ મનને રે. ભ૦ ૧૪**
**અત્થમિયે જિન-સૂરજ કેવળી-ચંદે જે જગદીવો;**
**ભુવન પદારથ પ્રકટન પટુ તે આચારજ, ચિરંજીવો રે ભ૦ ૧૫**

ત્રીજા પદે બિરાજમાન આચાર્ય ભગવાન આશ્રિત જનને સારણા-વારણા-ચોયણા-પડિચોયણા કરનારા છે.

**'સારણા'** -અર્થાત્ સ્મારણા એટલે યાદ કરાવવું. આશ્રિતોએ જે પંચ મહાવ્રતો અંગીકાર કર્યા છે, જેમણે સમિતિ-ગુપ્તિ પાળવાની છે, જેમણે સાધુની સામાચારી જાળવવાની છે, તેમને એ ક્યાંય ભૂલી જતા હોય તેનું આચાર્ય સ્મરણ કરાવનારા છે.

**'વારણા'** એટલે રોકવું. કોઈ આશ્રિત સાધુ-દોષ-અતિચાર-સ્ખલના કરતા

હોય, ઉત્સૂત્ર-ઉન્માર્ગે જતા હોય, સામાચારીમાં અવિધિ આદરતા હોય, અકલ્પ્ય, અકરણીય કે સાવદ્યમાં પ્રવર્તતા હોય, સાધુ માટે અનિચ્છનીય જે કોઈ વાણી-વિચાર-વર્તાવ કરતા હોય, તેને આચાર્ય રોકનારા છે.

**'ચોયણા'** એટલે પ્રેરણા-પ્રોત્સાહન. ૫૭ પ્રકારના સંવર તથા ૧૨ પ્રકારના તપ જેવા સુકૃત-શુભકર્તવ્યમાં આચાર્ય પ્રેરણા કરનાર છે, પ્રોત્સાહન આપનારા છે. દા.ત. આજે પર્વતિથિ છે, આરાધ્ય છે, એની વિરાધના ન થાય; માટે શક્તિ ફોરવીને તપ કરો. પરીસહનાં કાય-કષ્ટ સહવામાં મહાન કર્મ નિર્જરા છે, તે કષ્ટ ઉપાડો. સેવા-વૈયાવચ્ચ અપ્રતિપાતી ગુણ છે, પરલોકે સાથે ચાલનાર છે, એમાં પાછીપાની કરો નહિ...વગેરે બાબતની મધુર વાણીથી પ્રેરણા કરે. તેથી સામાને આરાધવાનો ઉલ્લાસ થાય.

**'પડિચોયણા'** એટલે વારંવાર પ્રેરણા-પ્રોત્સાહન.

**પિતા મુનિને ચોલપટ્ટો કેવી કુનેહથી પહેરાવ્યો ?**

આર્યરક્ષિત સૂરિજી મહારાજે તેમના સંસારિકપણાના પિતાને દીક્ષા આપેલી. તે વખતે પિતાએ કેટલીક શરતો સાથે દીક્ષા લીધેલી કે "પગે પાવડી પહેરીશ, માથે છત્ર ધરીશ, પીતાંબર પહેરીશ. ગોચરીએ નહિ જઉં." હવે એ પાવડી વગેરે કઢાવવા આચાર્ય મહારાજથી બોલાય એવું નહોતું, કેમકે એ રાખવા છતે દીક્ષા આપવા કબૂલ થયેલા; તેથી ધીમે ધીમે આડકતરી રીતે ચોયણાથી એ કઢાવે છે. એમાં છત્રી અને પાવડી કઢાવવા ખૂબીથી આડકતરી રીતે ચોયણા આ કરી કે,- કોઈ ગામમાં છોકરાઓને શિખવાડી રાખેલું કે 'માત્ર એમને વંદન નહિ કરતા, પૂછે તો કહેજો કે તમે સાધુ ક્યાં છો તે વંદન કરીએ ? છત્રી રાખે, તે સાધુ ન હોય.' છોકરાઓ તેમ કરતાં પિતા મુનિ બોલ્યા 'લે ત્યારે આ છત્રી છોડી દીધી.' છોકરાએ પછી બહુમાનથી વંદન કર્યું. એમ બીજેગામ પાવડી છોડાવી. આચાર્યે કુનેહથી આ આડકતરી રીતે પ્રેરણા કરી. હવે પીતાંબર કઢાવવું હતું તેની પ્રેરણા બહુ ખૂબીથી કરી. એક વખત મૃત સાધુનું મડદું ઊંચકીને જંગલમાં જઈ પરઠવી આવવાનું હતું તેને માટે ઘણા સાધુઓ તે લાભ પોતાને મળે તેવો આગ્રહ કરવા લાગ્યા. કેમકે ત્યાં આચાર્ય આર્યરક્ષિતસૂરિજી મહારાજે એ પરઠવવાનો મહાન લાભ બતાવેલો, તેથી પ્રેરણા પામેલ પિતા-મુનિએ પણ એવો આગ્રહ કર્યો કે 'આ લાભ મને આપો.'

આ બાબત ભગવાન મહાવીરના સમય પછીની છે. તે વખતે જૈનકુળો બંધાયા ન હતા, પાળે તેનો ધર્મ હતો, તેથી સાધુ મૃતકને ઊંચકીને જંગલમાં મૂકી આવતા.



આર્યરક્ષિતસૂરિજીએ પરઠવાની રીત બતાવી. પિતા મુનિ કહે : 'મને આવો લાભ ક્યાંથી મળે. હું ઊંચકીને ઠેઠ જંગલમાં વિધિસર મૂકી આવીશ.'

આચાર્ય મહારાજે કહ્યું : 'પણ જુઓ એકવાર ઊંચક્યા પછી વચમાં કાંઈ બોલાય જ નહીં; તેમ વચમાં પ્રાણાંત કષ્ટ આવે તોય મડદું નીચે મૂકાય નહીં; નહીતર કદાચ જો ભૂત પ્રવેશ થાય તો ગચ્છ પર ઉપદ્રવ આવે. એ તો ઠેઠ જંગલમાં જ મૂકી દેવાનું.' પિતા મુનિએ કહ્યું 'ગમે તે થાય ને ? ન મૂકું વચમાં, જંગલમાં જ મૂકી આવું.'

તેમણે મડદું ઊંચક્યું. આ પહેલા બે ત્રણ સાધુને આચાર્ય મહારાજે શીખવાડી રાખેલ, એટલે જ્યાં હજુ પિતા-મુનિ મુકામની બહાર નીકળ્યા નથી ત્યાં એક મુનિએ પીતાંબર ખેંચીને તરત બીજાએ ચોલપટ્ટો એમના શરીરે વીંટી દેવા તૈયાર રાખ્યો હતો, તે પિતા મુનિને બોલવાનું તો હતું જ નહિ, એટલે 'ઉં ઉં' કરતા રહ્યા ને એક મુનિએ પીતાંબર ખેંચી કાઢ્યું ને બીજા મુનિએ સાથોસાથ ચોલપટ્ટો પહેરાવી દીધો. ત્રીજાએ ઉપર કંદોરો બાંધી દીધો.

મડદું નીચે મૂકવાનું તો હતું જ નહિ, એટલે હવે ચોલપટ્ટો પહેરેલો એ વૃદ્ધ મુનિ બહાર નીકળી બજાર આખી વીંધીને મડદું લઈ ગયા. જંગલમાં પરઠવીને પાછા આવ્યા.

આચાર્ય મહારાજ મુનિઓને ધમકાવી બોલ્યા; "આપી દો એમને એમનું પીતાંબર."

પિતા મુનિ કહે : "હવે આખી બજારમાંથી ચોલપટ્ટો અડધી ટાંગ ઉઘાડી છતાં પસાર થઈ આવ્યો, દુનિયાની શરમ છોડી. હવે જવા દો. પીતાંબર જોઈતું નથી." આમ ચોલપટ્ટો ચાલુ થઈ ગયો.

**પિતા-મુનિને ગોચરી જતા શી રીતે કર્યા ?**

હવે એમને ગોચરી જતા કરવા હતા. વાચનામાં સાધુ-ધર્મ બતાવતાં ગોચરી જવાના લાભ બતાવ્યાં છતાં પ્રેરણા લાગતી નહોતી; તેથી એકવાર એમનો આહાર પૂછવાની મુનિઓને ખાનગીમાં ના કહીને આચાર્ય બાજુના ગામમાં ગયા. મુનિઓના સંઘાટકોએ પોતપોતાની ગોચરી લાવી વાપરી લીધી; આમને ગોચરી વાપરવા આમંત્ર્યા નહિ. પોતે જાતે શરમથી બહાર ગોચરી ન જતાં ઉપવાસ પડ્યો.

બીજે દિવસે આચાર્ય પાછા આવ્યા ત્યારે એમણે ફરિયાદ કરી કે આ જુઓ તમારા ચેલાઓ, મારો આહાર જ ન લાવ્યા, મારે ઉપવાસ પડ્યો.'

આચાર્ય મહારાજે મુનિઓને ખોટું ખોટું ધમકાવી કહ્યું 'લાવો ત્યારે, આજે હું જ ગોચરી લાવી તમને પારણું કરાવું. મને આવો લાભ ક્યાંથી ?' એમ કરી આચાર્યે ઝોળીપાત્રા લેવા માંડ્યા !

ત્યાં જ પિતા-મુનિ કહે 'અરે ! અરે ! આ શું કરો છો ? તમે જિનશાસનના આવા મોટા રાજા જેવા આચાર્ય, તમને ગોચરી મોકલાય ? મને આચાર્યની આશાતનાનું કેવું મોટું પાપ લાગે ? લાવો હું જ ગોચરી જઈ આવું છું.' તે ગોચરી ગયા. એમને કોઈ બોલાવતું નથી, તેથી શરમથી કોઈ ઘરમાં જઈ શકતા નથી. એમાં એક ભદ્રક જાણે એમને શરમાતા જોઈ માનપૂર્વક બોલાવ્યા. અને પાત્રમાં લાડું ભરી દીધા. મુકામે આવી આચાર્ય પાસે આલોચના કરી લાડુ ગણીને આચાર્ય મહારાજ કહે, 'પહેલી ગોચરીમાં ૩૨ લાડુ આવ્યા, તો તમને ૩૨ શિષ્યો થશે' આમ ચોયણાથી ગોચરી પણ ચાલુ થઈ ગઈ.

આચાર્ય સાધુઓને પોતાના કર્તવ્યમાં-સુકૃતોમાં-સ્વાધ્યાયમાં-આરાધનામાં ચોયણા કરે. એટલે કે પ્રેરણા કરે, તેમને સતત જાગ્રત રાખે.

પડિચોયણા એકવાર ચોયણા-પ્રેરણા કરે છતાંય ન સમજે તો પડિચોયણા અર્થાત્ વારંવાર પ્રેરણા કરે; તેથી આજે સુસ્તી ન ઊડે તો કાલે ઊડે.

આમ આચાર્ય પોતાના આશ્રિત સાધુઓનું મધુર વાણીથી સારણાદિ કરીને ભવ્ય હિત કરી રહ્યા છે. આશ્રિત સાધુને એમ થાય કે "આચાર્ય ભગવંતને શરણે આવ્યો તો હું નિશ્ચિંત બની ગયો, સંસારમાં રહ્યા જો ધર્મમાં પ્રમાદ થાય, સુકૃત-કર્તવ્ય ભૂલવાનું થાય તો, ત્યાં કોઈ યાદ કરાવનાર ને એમાં જોડનાર ન મળે. એમ કેટલાય દોષ-દુષ્કૃત્યો-કષાયો કરવાનું થાય, ત્યાં કોઈ રોકનાર-ટોકનાર નહિ; તેથી માથે ચિંતા હતી 'મારું શું થશે ?' પરંતુ અહીં પૂ.આચાર્ય મહારાજ અવસરોચિત સારણા-વારણા-ચોયણા-પડિચોયણા કરનારા છે તેથી મારે ચિંતા નથી."

જીવ અનાદિ કુસંસ્કારોથી વાસિત છે, તેથી જીવને ધર્મમાર્ગ પામ્યા પછી એ કુસંસ્કારો નડી જાય છે, માર્ગ ભૂલાવે, કર્તવ્ય ભૂલાવે, ઉન્માર્ગ આચરાવે; તેથી સારણા-વારણા,-ચોયણા-પડિચોયણાની જરૂર છે, જેથી પેલા કુસંસ્કારો ઊઠવા ન પામે, ઊઠતાં જ દબાઈ જાય, અને એમ ધીમે ધીમે ઘસાઈ જાય, આત્માના કચરા સાફ થઈ જાય. સારણાદિથી આત્માના દેદાર ફરી જાય, જીવન સુધરી સુંદર સુંદરતર બનતું જાય.

**સાધુ સારણાદિથી કેમ કંટાળે નહિ ?**

પ્ર. : આચાર્ય રોકટોક કરતા રહે તેથી સાધુ કંટાળે નહિ ? સાધુને આચાર્ય પર અભાવ ન થાય ?



ઉ. : ના, કેમકે સાધુ મૂળ પાયામાં જન્મ મરણના ત્રાસથી થાકેલા તેથી આચાર્યને શરણે આવ્યા છે. "નિષ્પાપ જીવન જીવવા સંયમ-ચારિત્ર લીધું છે. સંસારમાં પાપ પાપ ને પાપ થાય છે. ઘરવાસનાં જીવનમાં રોજના હજારો પાપવિચારો, સેંકડો પાપના બોલ અને સેંકડો ઈન્દ્રિયો સહિત કાયાનાં પાપવર્તન ચાલ્યા કરે છે. એથી બચવા સંયમ-ચારિત્ર લીધું છે. તેથી હવે સંયમ-જીવનમાં એક પણ પાપ ન લાગવા દઉં, ભરચક સુકૃત કર્યે જાઉં, તો જ જન્મ મરણના ત્રાસ મટે," - સાધુને આ વાત સમજાઈ છે, તેથી સારણાદિથી રાજી રાજી થઈ જાય; કેમકે સારણાદિના પ્રભાવે પાપથી બચવાનું થાય, અને સુકૃતનો ઉત્સાહથી આદર થાય. એટલે સાધુ સારણાદિથી કંટાળે નહિ, પણ બોલે, 'તહત્તિ' 'મિચ્છામિ દુક્કડં' 'હવે ભૂલ નહિ થાય. આપ કહો છો, જાગતા રાખો છો, તે બહુ ઉપકાર કરો છો. આપ ન કહેતા હોત તો અજ્ઞાન, મૂઢ ને સહેજમાં ભૂલો કરનારા અમારું શું થાત ?' સારણા-વારણાદિથી આમ આચાર્ય પર અભાવ નહિ પણ સદ્ભાવ-બહુમાન ઓર વધે.

શુદ્ધ કલ્યાણનો અર્થી સારણાદિથી ખુશ થાય. 'શુદ્ધ' એટલે એકલું કલ્યાણ જ ઈચ્છનારા. એને ખાનપાનની ખેવના નહિ. સગવડતા-અનુકૂળતાની પરવા નહિ. 'આમ સારણાદિથી પોતાના વ્રતો આદિની જાગૃતિ રહે; સ્ખલનાનું વારણ થાય; ને સુકૃતોની પ્રેરણા મળે; આથી કલ્યાણ સધાતું રહે,'-એ જ એને ગમે છે, એ જ એને જોઈએ છે, અને આચાર્ય ભગવંત આનું સંપાદન કરનારા હોય છે.

જગદ્ગુરુ વિજય હીરસૂરીશ્વરજી મહારાજના એક શિષ્યની કાંઈક ભૂલ થઈ; તો આચાર્ય મહારાજે કહ્યું 'કેમ આમ કર્યું ? જાવ આઠ દિવસ મારી પડિલેહણા કરવા આવતા નહિ.'

તો પેલા સાધુ એ સજા સાંભળીને ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા. તે બોલ્યા : 'બીજી કોઈ પણ શિક્ષા કરો, માસખમણની શિક્ષા કરો, પણ આ નહિ. મારે તરવાનું છે આપની સેવાથી; ને તે જ બંધ થાય તો મારું શું થાય ?' આવો રંગ હતો અંદરનો, કારણ કે તે શુદ્ધ કલ્યાણના અર્થી હતા.

વાત આ છે, મુનિઓ કલ્યાણના જ અર્થી એટલે સારણા-વારણા-ચોયણા-પડિચોયણા એમને બહુ ગમતી; તેથી આચાર્ય સારણાદિ કરનારા હોઈ આચાર્ય સાધુઓને પ્રિય રહેતા.

**'પટધારી'** આચાર્ય પટધારી હોય છે. પટ્ટધારી એટલે ગુરુએ પોતાની પાટ પર સ્થાપિત કરેલા છે, ને એ પૂર્વાચાર્યની પાટને દીપાવનારા છે, પાટને કુશળતાથી

ધારણ કરનારા હોય છે. 'પાટ' એટલે વંશના નેતૃત્વને ધારણ કરનારા આચાર્ય છે. અથવા 'પટ્ટ' સૂરિમંત્રનો ગુરુ પાસેથી મળેલો પટ્ટ, તેને ધારણ કરનારા, એટલે કે પટ્ટમંત્રના આરાધક હોય છે. આનો ઘણો પ્રભાવ હોય છે.

**'ગચ્છથંભ'** 'આચાર્ય ગચ્છથંભ છે, ગચ્છને માટે સ્તંભ સમાન છે, ગચ્છના આધારભૂત છે. જેમ નીચેના થાંભલા પર મોટી ઈમારત ઊભી રહી ટકે છે, એમ આચાર્યના નેતૃત્વ પર આખો ગચ્છ નભે છે, ગચ્છને દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી આત્મહિતની વ્યવસ્થિત સાધનાની સગવડ મળે છે, પ્રેરણા-પ્રોત્સાહન મળે છે.'

**"તો માન્યા મુનિ મનને રે"**- આ પ્રમાણે આચાર્ય ભગવંત સારણા-વારણાદિથી ગચ્છની બધી જવાબદારી અને હિત વહન કરનારા છે. તેમના નેતૃત્વ હેઠળ ગચ્છની બધી આરાધના સારી ચાલે છે. માટે તેઓ મુનિઓને ખૂબ ગમી ગયેલા હોય છે. મુનિઓને એમ થાય છે કે 'અમારે માથે આચાર્ય ભગવંત છે તે તો જાણે અમારે સાક્ષાત્ ભગવાન છે! અમારી કેટલી બધી કરુણા ને કાળજી રાખનારા છે કે અમોને સંસારના કાદવ-કીચડમાંથી બહાર તો કાઢ્યા ! અમોને મોક્ષ માર્ગેય ચડાવ્યા, પણ હવે સારણા-વારણાદિ કરી કરી દોષ-અતિચાર-ઉન્માર્ગથી બચાવી બચાવી કેવા અમને મોક્ષ માર્ગે આગેકૂચ કરાવી રહ્યા છે. આ આચાર્ય ભગવાનના આલંબને જ અમે આગળ વધી રહ્યા છીએ, કેવા એ ભવોભવના ઉપકારી !' એમ ભાવના ભાવી ભાવી મુનિઓ આચાર્ય મહારાજ પર અથાગ ધર્મરાગ કરી રહ્યા છે. મુનિઓના મનને આચાર્ય બહુ ગમી ગયા છે.

આમ જ્યારે વર્તમાન કાળે તીર્થંકર ભગવાનની ગેરહાજરીમાં આચાર્ય ભગવાન જ માર્ગદર્શક છે, હિત શિક્ષા આપનારા છે, અને એમ કહેવાય છે કે શ્રીજિનેશ્વર દેવરૂપી સૂર્ય જ્યારે આથમી ગયો છે અને કેવળજ્ઞાનરૂપી ચંદ્રમા પણ જ્યારે અત્યારે નથી, ત્યારે અજ્ઞાનના અંધકારમાં જગતના જીવોને તત્ત્વજ્ઞાન-પદાર્થજ્ઞાનનો અજવાસ ક્યાંથી મલે ? પરંતુ આચાર્ય ભગવાન દીપક સમાન છે, એટલે કે જગતના પદાર્થો જેવા સ્વરૂપે સર્વજ્ઞ ભગવંતોએ દેખેલા છે, તેવા યથાર્થ સ્વરૂપે એ તત્ત્વો અને પદાર્થોને ભવ્ય પ્રાણીઓને દર્શાવનાર છે, એના જ્ઞાન પ્રકાશ આપનારા છે. એ પ્રકાશિત કરવામાં આચાર્ય ભગવંત પટુ-હોશિયાર-કાબેલ છે.

જેમ સૂર્ય કે ચંદ્રની ગેરહાજરીમાં દીવો છતે અંધકારમાં કુટાઈ મરવાનું નહીં; કેમકે તે વખતે પદાર્થોનો પ્રકાશ પાથરવામાં દીવો કામ કરે છે, એમ તીર્થંકર ભગવાનની ગેરહાજરીમાં પટુ-હોશિયાર આચાર્યો દીપક સમાન કામ કરે છે.



પ્ર. : આચાર્યને માર્ગના ખાલી 'પ્રકાશક' ન કહેતાં 'પ્રકાશનમાં પટુ' કેમ કહ્યા !

ઉ. : એકલું 'પ્રકાશક' કહે તો એમણે માર્ગના તત્ત્વનો પ્રકાશ તો કરી દીધો પરંતુ એની સામે મિથ્યાત્વીની દલીલ આવે તો શું ? એટલે જ અહીં આચાર્યને 'પ્રકાશનમાં પટુ' કહ્યા. એટલા માટે કહ્યા કે જમાનાવાદીની દલીલનો રકાસ કરી એ જિનાજ્ઞાનુસારી માર્ગને તર્ક-પુરસ્સર પ્રકાશનારા હોય છે. દા.ત. 'દેવદ્રવ્યનો ઉપયોગ કદાપિ પણ સાધર્મિક ઉદ્ધાર માટે થાય તો તેમાં સાધર્મિકનું અધઃપતન છે,' એવું તર્ક-પુરસ્સર સમજાવનારા હોય છે.

આજે કેટલાક દલીલ કરે છે કે "આજે સાધર્મિકની સ્થિતિ નબળી છે, અને દેવદ્રવ્યમાં ઘણું છે, તો એનાથી નાના ઉદ્યોગો ખોલી સીદાતા સાધર્મિકોને ધંધો આપો. નહિતર જો સીદાતા સાધર્મિકની સ્થિતિ સારી નહિ હોય તો દેહરે ઉપાશ્રયે આવશે કોણ ? ભલે દેવદ્રવ્ય તેમને સીધું ન આપો, પણ તેનાથી સસ્તા ભાડાની ચાલી બાંધો, ગરીબ સાધર્મિકને રહેવા મૂકામ તો મળે. ફેક્ટરી ખોલો, રોજી મળશે. તો સાધર્મિકોનો ઉદ્ધાર થશે."

અહીં જો આચાર્ય પ્રવચન-પટુ ન હોય તો આવામાં તણાઈ જાય ને એ ય લોકોને આવું બધું બતાવે. પણ આચાર્ય પટુ હોય તો બતાવે કે, "સાધર્મિકને દેવદ્રવ્યથી ટેકો કરવામાં તો ઉદ્ધારને બદલે તેમનું અધઃપતન જ થાય; કેમકે સાધર્મિક-શ્રાવક દેવાધિદેવને પૂજનારો છે. એ દેવાધિદેવનાં ચરણે શું પોતાનું દ્રવ્ય લાવીને અર્પણ કરે ? કે દેવાધિદેવના દ્રવ્યને પોતે પોતાના અંગત ઉપયોગમાં લેવાનું કરનારો હોય ? વળી દેવદ્રવ્યનું ખાવાથી શ્રાવકની બુદ્ધિ ભ્રષ્ટ થાય. દેવદ્રવ્યની લોનથી પણ સ્વાર્થમાં ઉપયોગ કરવામાં બુદ્ધિ ભ્રષ્ટ થાય."

**તો કોઈ પ્રશ્ન કરે :- લોનથી બુદ્ધિ ભ્રષ્ટ કેવી રીતે થાય ? બેંકની માફક વ્યાજ આપે તો ?**

જવાબ એ છે કે : દેવદ્રવ્યમાં વ્યાજના ૮-૧૦ ટકા જો આપ્યા, પરંતુ બાકીના નફાના દા.ત. ૧૦% ક્યાં જવાના ? ખાવામાં જ ને ? તો આમ દેવદ્રવ્યની મૂડી પર થયેલ નફો ભોગવવો એટલે દેવદ્રવ્યનું જ ખાધું ગણાય. આવું કેમ થાય છે ? એટલા જ માટે ને કે દેવદ્રવ્ય કોઈ જીવંત વ્યક્તિ નથી ? દેવદ્રવ્ય જો વ્યક્તિ હોત તો પોતે વેપાર કરી ૨૦ ટકા ન ઉપજાવત ? અટેલે કહો કે દેવદ્રવ્યથી પાપ-વ્યાપારનાં પોષણ ન થાય

**શંકા : બેંકમાં મૂકાય છે તેનું શું ? બેંક દેવદ્રવ્યભક્ષણમાં પડે ને ?**

**સમાધાન :** બેંક તે શ્રાવક નથી. તેના ઉપયોગ માટેની બાબત તે દૂરની

વસ્તુ છે. શ્રાવકે દેવદ્રવ્યની લોનથી ૨૦ ટકા ઉપજાવ્યા તે તો દેખાય તેવી વસ્તુ છે; બાકી ખરેખર તો ખાનગી બેંકોમાં કે સરકારી સીક્યુરીટીમાં ય મૂકવા જેવા નથી, કેમકે એનાથી પરંપરાએ મત્સ્યોદ્યોગ વગેરે પાપના ઉદ્યોગો પોષાય છે.

**પ્ર. : તો દેવદ્રવ્યનું શું કરવું ?**

ઉ. : દેવદ્રવ્ય વાપરી નાખવું, રાખવું નહીં. એથી તો આજે અવ્વલ કોટિના મંદિરો ઊભા થયા છે. માળવા મેવાડ વગેરેમાં જુના જીર્ણ થયેલ મંદિરોના ઉદ્ધાર કરી શકાય, તીર્થના મંદિરોને સોને મઢ્યા કરી શકાય. ભગવાનના વિવિધ કારીગરીની અનેક આંગીના ખોલાં કેટલાય જુદી જુદી ભાતના બનાવી શકાય. એમાંથી પ્રભુજીને રોજને રોજ નવુનવું આંગી ખોલું ચડે, તો દર્શન કરનારનાં દિલ ઠરી જાય. વાત આ છે, આચાર્ય તત્ત્વ-માર્ગ પ્રકાશનમાં પટુ છે એટલે આચાર્ય ભગવંત ભાવ અને આચાર, નિશ્ચય ને વ્યવહાર, ઉત્સર્ગ ને અપવાદ... ઈત્યાદિને યથાયોગ્ય ન્યાય આપીને, યથાયોગ્ય એનું ગૌરવ બરાબર સાચવીને પદાર્થનું યથાર્થ પ્રકાશન કરનારા છે, માટે તેઓ પ્રવચન પટુ છે. તેવા આચાર્ય ભગવંત ચિરંજીવ રહો.

**ઢાળ :- ધ્યાતા આચાર જ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે;**
**પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે... વીર૦**

**'ધ્યાતા આચારજ ભલા'** આચાર્ય ભગવંતનું હૃદયથી તન્મય થઈને ધ્યાન કરે, તે ભલા=ઉત્તમ જીવ આચાર્ય થઈ શકે છે. આચાર્યના ગુણોનું અનુભવ જ્ઞાનમય સંવેદન કરે તે આચાર્ય થઈ શકે.

અનુયોગ દ્વાર શાસ્ત્રે કહ્યું છે તે મુજબ "આચાર્ય" પદનો જે જ્ઞાતા બની તેના ઉપયોગવાળો હોય તે આત્મા 'આગમ'થી ભાવાચાર્ય છે. બાકી ધ્યાન, ભાવન અને અનુભવજ્ઞાન જીવને ક્રમશઃ આગળ વધારી 'નો-આગમ'થી ભાવાચાર્ય બનાવે છે. આચાર્યપદ સુધી પહોંચાડે છે.

પ્ર. : અનુભવ-જ્ઞાન એટલે શું ?

ઉ. : 'આચાર્ય' પોતે જે ઉચ્ચ કોટિના ગુણો ધારણ કરે છે તે ગુણો મારા આત્મામાં જાણે પ્રગટ થયેલા છે ! તેવું કલ્પનાથી સંવેદન કરવું અનુભવવું તે અનુભવ જ્ઞાન છે.

દા.ત. આચાર્ય ક્ષમાલક્ષી છે, તો પોતે પોતાના અંતરની અંદર ક્ષમાનું સંવેદન કરે. તે માટે કાલ્પનિક અનિષ્ટ પ્રસંગ ઊભો કરવાનો; જેમકે, કોઈ શ્રાવકે કે સાધુએ જાણે આવીને આપણું અપમાન કર્યું, યા જાણે આપણને બે દંડી લગાડી



દીધી; તે વખતે 'ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા, ખમંતુ મે ! મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ.' એ યાદ કરી આપણે લેશમાત્ર ગુસ્સો ન કર્યો, બલ્કે એના પર ક્ષમા અને પ્રેમ વરસાવી રહ્યા, એ અંદરમાં ક્ષમાનું સંવેદન થયું. એમ કલ્પનાથી કોઈ ભયંકર ઉપસર્ગ આપણા પર વરસે છે એવું ધારવાનું. પછી ત્યાં અંતરમાં ભરપૂર ક્ષમા-સમતાનું સંવેદન કરવાનું. મહાપુરુષો જેમ એકલી નીતરતી ક્ષમા-સમતા રાખી રહ્યા, ત્યાં સુધી કે ન સામાને ખરાબ લેખ્યો કે ન ઉપસર્ગને ખરાબ માન્યો. બસ, આપણે પણ એવી જ સમતા અને ક્ષમાનો કાલ્પનિક અનુભવ કરવાનો. આ અનુભવ થાય તે અનુભવ જ્ઞાન.

તે પ્રમાણે ભગવાન મહાવીરના ગુણોનું આપણે અનુભવજ્ઞાન કરી શકીએ. એ એવી રીતે કરવાનું કે દા.ત. ભગવાનના ક્ષમા-સમતા ગુણનો અનુભવ કરવો છે, તો કલ્પનાથી આપણે ચિંતવવાનું કે જાણે સંગમ દેવ જેવો કોઈ આપણા પર ભયંકર મારપીટ વેદનાનો ત્રાસ વરસાવી રહ્યો છે, ને આપણને જાણે ભયંકર પીડાનો અનુભવ થઈ રહ્યો છે ! એમ કલ્પવાનું. સાથે જ આપણે મનથી આપણે મહાક્ષમા રાખી રહ્યા છીએ. ઉપસર્ગ કરનાર પર માતાના જેવું હેત વરસાવી રહ્યા છીએ ! એમ કાલ્પનિક અનુભવ કરવાનો;

આવા કાલ્પનિક અનુભવ પ્રભુના બીજા ગુણો-જેવા કે અહિંસા, સરળતા, સહિષ્ણુતા, ગંભીરતા, નમ્રતા-નિરહંકારિતા, નિસ્પૃહતા વગેરેના કરવાના. મહાવીર પ્રભુ દીક્ષા લઈને નીકળ્યા છે અને ઈન્દ્ર પ્રભુને ઉપસર્ગો વગેરેની પીડા ન આવે માટે બાર વરસ સેવા આપવા આવ્યો છે, સાથે રહેવાની માગણી કરે છે. પરંતુ પ્રભુ તદ્દન નિસ્પૃહતાથી ઈન્દ્રને ના પાડી દઈ રવાના કરે છે. આપણે કલ્પનાથી આવી કોઈ (મહાન સેવા, સત્તા, સન્માન, સમૃદ્ધિની) આપણને ઓફર (માગણી) આવી છે, પરંતુ આપણે નિઃસ્પૃહતાથી એની ઘસીને ના જ પાડી દઈએ છીએ એમ કલ્પવાનું.

પ્ર. : આ બધું તો કલ્પનાશાસ્ત્ર છે, એનાથી શો ફાયદો ?

ઉ. : ફાયદો, સુ-સંસ્કારની જમાવટ છે, ને તેથી ગુણનું બળ એ ફાયદો છે. દા.ત. આપણે ક્ષમાસમતા જાણે સાક્ષાત્ અનુભવી રહ્યા છીએ, એવું આપણને સચોટ લાગે, પાછા આવા કાલ્પનિક અનુભવ અનેકવાર કરવાના; વારંવાર કરતા રહેવાનું. મન જ એવું બનાવી દેવાનું કે એ મન કાલ્પનિક ત્રાસ અને કાલ્પનિક ક્ષમાનો અનુભવ કર્યા જ કરે. એવા વારંવારના અનુભવ-જ્ઞાનથી એ ફાયદો થાય કે એથી આપણાં આત્મામાં ક્ષમાનો અનુભવોના સુસંસ્કારોનું જૂથ ઊભું થાય છે.

પછીથી જ્યારે થોડા અનિષ્ટનો ખરેખર પ્રસંગ આવે ત્યારે કોઈ માનસિક ઉકળાટ કે **ચલ-વિચલતા** થતી નથી; કેમકે એ સુસંસ્કારો જાગ્રત થઈ ને આપણને ક્ષમાનું બળ આપે છે.

એવી રીતે બ્રહ્મચર્યનું અનુભવજ્ઞાન કરી શકાય.

**બ્રહ્મચર્યનું અનુભવ જ્ઞાન :-** નજરમાં સામે કોઈ મહાબ્રહ્મચારી આત્મા લાવો, અને દેખો કે તેની દૃષ્ટિ જરાય કોઈ દેવી કે ઈંદ્રાણી સામે ય જતી નથી. કલ્પનાથી આપણે આવા બ્રહ્મચારી છીએ. એવી મનમાં કલ્પના કરો, ને સાથે લોભાવનારી દેવીઓ આવી છે પણ કલ્પનાથી આપણે નિસ્પૃહ રહ્યા છીએ. એના પર જરાય આંખ પણ જતી નથી એવો અનુભવ કરવાનો. એમ સ્થૂલભદ્રમુનિ કોશાની સામે ધ્યાનસ્થ દૃષ્ટિથી બેઠા કોશાનું કશું જ જોતા નથી. એ નજર સામે લાવી આપણે એવો પ્રસંગ તથા દૃષ્ટિ-નિરોધ અને ધ્યાનનો કાલ્પનિક અનુભવ કરવાનો. આવા વારંવારના કાલ્પનિક અનુભવ પછી વાસ્તવમાં ભલે ને સાક્ષાત્ અપ્સરા જેવી સ્ત્રી આવો, પણ તેની સામે આંખ નહિ જાય. અલબત્ત મનનું સત્ત્વ કેળવવું જોઈએ કે આંખ ઊંચી નથી કરવી તે નથી જ કરવી, ને આંખ ન જ ગયાનો અને શાંતતા રહ્યાનો અનુભવ કરવો છે. આ સત્ત્વ કેળવાય તો કામ થઈ જાય. એ માટે ઉપાય છે અનુભવ જ્ઞાન; અને ખરેખર આપત્તિનો પ્રસંગ આવી જાય ત્યારે એની સામે એ અનુભવ જ્ઞાનના સંસ્કારો આવીને ઊભા રહે છે, ને ક્ષમાદિ જગાડીને આત્માને બચાવી લઈ ક્રોધ-દ્વેષ-વાસનાદિ અટકાવે છે.

**નંદીષેણ આચાર્યના શિષ્યનો બચાવ :-** અનુભવજ્ઞાન માટે મહાપુરુષના ગુણ કે સુકૃતને નજર સામે લાવવાનો કેવો પ્રભાવ પડે છે એ નંદીષેણ આચાર્યના ચલિત શિષ્યના દૃષ્ટાન્તથી જુઓ.

શ્રેણિક રાજાના પુત્ર નંદીષેણ એ મહામુનિ અને આચાર્ય બનેલા. તેમના એક શિષ્ય ચલ-વિચલ થયા. સાધુઓ સાથે નંદીષેણ આચાર્ય એક ગામથી બીજે ગામ વિચરતા હતા ત્યાં ચલવિચલ થયેલા એક મુનિએ બીજા સાધુને વાત કરેલી,- "ભાઈ, હમણાં હમણાં મારા મનમાં મોહ જાગ્યો છે, વાસનાના વિચાર આવે છે, શું કરું ?"

મિત્ર સાધુ કહે - "જરા ધીરજ ધરો, ત્યાગ-તપસ્યા વધારો."

એમ કરતાં કરતાં આચાર્યદેવ સાથે રાજગૃહી પધાર્યા. ઘણા ઘણા લોકો આવ્યા, તેમાં નંદીષેણની સંસારિપણાની આઠ પત્નીઓ આવી. એ મૂળ મોટા



રાજાઓની અતિ સૌંદર્યવાન અપ્સરાશી કુમારીઓ હતી. વળી રાજશાહી કિંમતી ડ્રેસ પહેરેલ ! ત્યારે પેલા મિત્ર સાધુએ ચલવિચલ મનવાળા સાધુને કહ્યું : "જો આ આવી છે, તે આચાર્ય ભગવંતની પૂર્વ પત્નીઓ જાણે સ્વર્ગમાંથી ઊતરેલ અપ્સરાઓ છે ને ? આવી દેવાંગનાઓ જેવીને પણ છોડીને આપણા આચાર્ય મહારાજ નીકળી ગયા છે ! તો તું શાની ઝંખના કરી રહ્યો છે ? તું સંસારમાં જાય તો તને કેવી મળવાની ? આવી આઠ શું, એક પણ મળશે ખરી ? આ જો આચાર્ય મહારાજનાં ચક્ષુ !... જાય છે તેમની ત્યાં દૃષ્ટિ ?"

**સંસાર ઊલટીની જેમ વોસરાવી દીધો, પછી તેને ચાટવાનો વિચાર શો ?**

આપણે તો સ્ત્રી રૂપાળી એટલે ઊલટી રૂપાળી એમ મનમાં લાવવાનું ને એના તરફ નફરત કરવાની.

આમ કહીને તે ચલવિચલ મુનિને સંયમમાં સ્થિર કરી દીધા, પક્કા કરી દીધા. કહો આચાર્યના મોહ પરના મહા વિજય ગુણને નજર સામે લાવતા ચલવિચલ મુનિને મોહ-વિજયનું અનુભવ જ્ઞાન થયું.

**ઢાળ :- 'ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે.'**

આમ આચાર્યનું ધ્યાન કરે એટલે કે પોતાના આત્માને જાણે કલ્પનાથી એવો ગુણવાન બનાવી એ ઉત્તમ ગુણોથી પોતાના દિલને ભાવિત કરતાં કરતાં યાને ગુણોથી રંગી દેતાં દેતાં અનુભવજ્ઞાન કરે, તે ભલા ભલાઈવાળા આચાર્ય બને. 'ભલા' એટલે કે સામાની નાલાયકી સામે પોતાની લાયકાત પ્રગટ કરવી, પણ પોતાની લાયકાત છોડવી નહિ; વિષયાંધ સામે વિષયાંધ ન બનવું; કષાયાંધ સામે કષાયાંધ ન થવું. ઝઘડાળુ સામે ઝઘડાળુ નહિ, તામસી સામે તામસી નહિ, એ ભલા કહેવાય.

વળી "મહામત્ર શુભ ધ્યાની રે"- એનો એક અર્થ આ છે કે મહામંત્ર તે પરમેષ્ઠિ-નમસ્કાર મંત્ર એનું શુભ ધ્યાન કરનાર, એમાં રહેલા નમો આયરિયાણં પદનું પણ ધ્યાન કરનાર, આચાર્ય ભગવંતનું નિરાશંસ ભાવે, એકાગ્ર મનથી, તન્મય બનીને, ધર્મને પોતાનો પ્રાણ કે શ્વાસ જેવો બનાવીને નમસ્કાર મહામંત્રનું ધ્યાન એવું શ્વાસ સાથે વણી દે, કે તે પછી જ્યાં ઊભો થાય ત્યાં "નમો અરિહંતાણં" બોલાય, પગ ઉપડે ત્યાં 'નમો અરિહંતાણં' સૂતાં 'નમો અરિહંતાણં' ઊંઘતા જાગે કે 'નમો અરિહંતાણં' બોલાય, આમ 'નવકાર' હાલતાં ને ચાલતાં, મનમાં ને વિચારમાં, શ્વાસમાં ને પ્રાણમાં વણાઈ જાય. તે છે મહામંત્રનું શુભ ધ્યાન. આવું શુભ ધ્યાન કરે તે આચાર્ય થાય; અથવા આચાર્ય એવા શુભ ધ્યાની હોય.

આ 'મહામંત્ર શુભ ધ્યાની'નો એક અર્થ.

બીજો અર્થ એ છે કે આચાર્ય માટે મહામંત્ર તે સૂરિમંત્ર છે. સૂરિમંત્રને મંત્રાધિરાજ કહે છે. એનું શુભ ધ્યાન કરનારા આચાર્ય હોય. શુભ ધ્યાન થાય તો આ મંત્રાધિરાજનો અજપાજાપ ચાલે. ડગલે ને પગલે, દુઃખ કે સુખમાં, ઊઠતાં કે બેસતાં, આપત્તિ કે સંપત્તિમાં, સન્માનમાં કે અપમાનમાં એનું રટણ સહજ બની જાય, એવા મહામંત્રના શુભ ધ્યાનથી કદી મનમાં રાગાદિનો સંક્લેશ ન થાય. આવા મંત્રાધિરાજના શુભધ્યાની ભલા આચાર્ય બનવાનું સૌભાગ્ય આચાર્ય પદના ધ્યાતાને મળે.

નવકાર-મંત્રનું આવું ધ્યાન, કદાચ જીવને આચાર્ય ન બનાવે તો પ તે જરૂરી છે. કારણકે શાસ્ત્રે કહેલ છે કે ચૌદ પૂર્વીને અંતકાળે, જ્યારે મગજની શક્તિ ઘણી લુપ્ત થઈ ગઈ હોય ત્યારે, નવકાર જ કામ આવે છે. નવકારનું શુભ ધ્યાન વારંવાર ને બહુ વાર કર્યું હોય તો તે અંત વખતે નવકાર યાદ આવે. એટલા માટે જીવન જીવતાં નવકારનું શુભ ધ્યાન એટલે કે પ્રશસ્ત ધ્યાન કરતા રહેવાનું છે, જેથી અંતિમ સમયે ચિત્ત નવકારમાં લયલીન હોય.

આચાર્ય કેવા હોય ? તો કે તે આચાર્ય મહામંત્રનું સૂરિમંત્રનું પાંચ પ્રસ્થાને ધ્યાન કરનારા હોય છે.

'પ્રસ્થાન' એટલે પીઠ છે, સૂરિમંત્રની પાંચ પીઠ છે,-વિદ્યાપીઠ, સૌભાગ્યપીઠ, લક્ષ્મીપીઠ, મંત્રરાજયોગ-પીઠ, ને સુમેરુ-પીઠ. આ દરેકના અધિષ્ઠાયક દેવને તે તે પીઠ પર બિરાજમાન કરી તે તે પીઠ-પ્રસ્થાનના મંત્રાક્ષરોનું ધ્યાન કરવાનું હોય છે. દરેકમાં જુદા જુદા મંત્રાક્ષરો છે. એકેક પીઠની સ્વતંત્ર આરાધના છે; કોઈની ૨૧ દિવસની કોઈની ૧૬ દિવસની, વગેરે... વગેરે...

આચાર્યનો આત્મા વિધિ સાથે પાંચ પ્રસ્થાનની આરાધનામાં સૂરિમંત્રનું ધ્યાન કરનારો હોય છે. એવા આચાર્યનું ધ્યાન કરનાર આચાર્ય થાય છે.

(પૂજા-કાવ્ય)

**'ન તં સુહં દેઈ પિયા ન માયા, જે દિંતિ જીવાણ સૂરીસ-પાયા**
**તમ્હા હુ તે ચેવ સયા ભજેહ, જં મુક્ખ સુક્ખાઈ લહું લહેહ'**

**અર્થ :-** પિતા જે સુખ નથી આપી શકતા, કે માતા જે સુખ નથી આપી શકતી તે સુખ જીવોને 'સૂરીશ-પાયા' અર્થાત્ આચાર્યના ચરણ આપે છે. માટે એજ સૂરીશના ચરણોની હંમેશા સેવા કરો, જેથી મોક્ષના સુખ જલદીથી મળે.



આચાર્યનાં ચરણો જે સુખ આપે છે તે સુખ સગા માતાપિતા આપી શકતા નથી; કારણ,- (૧) માતાપિતા જન્મથી માંડીને જે સુખ આપે છે, તે રાગાદિના સંકલેશનું છે. આચાર્ય જે સુખ આપે છે તે સંકલેશ વગરનું છે.

દા.ત. માતા-પિતાએ પેંડો આપ્યો. તે સારો લાગે છે તેથી સુખ લાગે છે. આ સુખ તે પેંડાની મીઠાશનું નથી, તે રાગના સંકલેશનું છે, રાગની ચિકાશનું છે. ચિકાશ વધારે, તો વધારે સુખ લાગે છે; અને ધરાઈને ખવાયા ખાઈ લીધા પછી હવે તત્કાળ પેંડાનું સુખ નથી લાગતું કેમકે તત્કાળ પૂરતો પેંડાનો રાગ-સંકલેશ મરી ગયો. જો સુખ ખરેખર પેંડાથી હોત તો અત્યારે પણ પેંડો ખાઈને સુખ લાગવું જોઈતું હતું; પણ નથી લાગતું એ બતાવે છે કે **વિષય સુખ વિષયનું નહિ, પણ એના રાગનું સુખ છે.** દશ રૂપિયા મળ્યા તો તે સુખ રૂપિયાનું નથી, પણ રૂપિયાના રાગ-સંકલેશનું સુખ છે. આ સંકલેશનું સુખ તુચ્છ છે, કેમકે એમાં અધિક સંકલેશ અને આતુરતા, ઝંખના વધે છે, તેથી ફરી ફરી ઝંખના થઈ થઈ એ પેંડા પૈસા તરફ મનને દોડાવે છે. કદી તૃપ્તિ નહિ. આથી ચિત્તને સંકલેશ ઊભો થાય છે, ને પરિણામ દુઃખદ આવે છે. આની સામે આચાર્ય કેવું ખરેખરું સુખ આપે છે તે જુઓ,-

આચાર્ય અ-સંકલેશનું મહાસુખ આપે છે. તે શિષ્યને પ્રેરણા આપે છે. "પેંડા બહુ ગમે છે ? તો તેનો ત્યાગ કર. કેમકે (૧) ખાવાનો આનંદ ક્ષણિક છે, પણ તેના રાગનો સંકલેશ લાંબો ચાલે છે. (૨) તે ખાવાની વારંવાર ઝંખના થાય, ને તેથી તે કદાચ નિર્દોષ ગોચરી ભૂલાવે, દોષિત લેવાનું મન થાય. વળી (૩) ભારે પદાર્થ ખાઈને પ્રમાદ થાય, ઉપરાંત (૪) તેવી ઝંખના કદાચ વિનય વિવેક ભુલાવે; મોટાને મૂકી વાપરવાનું મન થાય એ વિવેક ભૂલ્યા કહેવાય. આમ કેટલાંય પાપ કરાવે. માટે જો એનો ત્યાગ રાખે તે બધા પાપમાંથી બચી જવાય." આમ પ્રેરણાથી શિષ્યે બાધા લીધી, પછી પેંડો દેખાય તો એવી કડવી નજરે તેને જુએ કે 'આ પેંડો તો ત્યાગવૃત્તિ અને તૃપ્તિ તથા વિનય ભક્તિ-સેવા-વૈયાવચ્ચ ચૂકાવનારો છે. હાશ ! એ ટળ્યો તે સારું થયું' આમ તે અ-સંકલેશનું કાયમી તૃપ્તિનું મહાસુખ માણે છે. એ આચાર્ય આપે છે. આ અ-સંકલેશના સુખની આગળ પેલું માતા-પિતાએ આપેલ પેંડાના રાગ-સંકલેશભર્યું સુખ તે શા હિસાબમાં છે ? જે સુખ આચાર્ય ભગવંતના ચરણો આપી શકે છે તે સુખ માતા-પિતા નથી આપી શકતા. આચાર્યના એ ત્યાગના ઉપદેશથી વિષય-ત્યાગમાં આવતાં, ઝાંઝવાના નીર જેવા સંકલેશના સુખથી બચ્યા. હવે ચિત્તમાં એ સંક્લેશ-ઝંખના-આતુરતા વગેરે નથી. તેથી અ-સંક્લેશની શાંતિ પ્રસન્નતા એવી રહે છે કે **વિષયોના ભોગવટાથી જે આનંદ નહોતો થતો, તે કરતાં કંઈ ગુણો વધારે આનંદ તેના ત્યાગથી રાગસંક્લેશ**

**જતાં અનુભવાય છે.**

ચિત્તમાં સંક્લેશ નથી, તો ચિત્ત સ્વસ્થ રહે છે. એ ચિત્તની સ્વસ્થતા એ સમાધિ છે. રાગાદિનો સંક્લેશ નહિ એ સમાધિ; અને સમાધિનું સુખ અનુપમ છે. આચાર્ય મહારાજ આ સમાધિનું અનુપમ સુખ આપે છે, કેમકે એ રાગાદિના સંક્લેશથી છોડાવે એવો ઉપદેશ આપે છે, એવી સારણાદિ કરે છે, એવી સત્પ્રવૃત્તિ કરાવે છે.

પ્ર. : અહીં 'સૂરીશ-પાયા' અર્થાત્ 'સૂરીશ-ચરણો' કહ્યું એટલે કે આચાર્યના ઈશ અર્થાત્ વડેરા આચાર્ય, એમનાં ચરણો, 'સુખદાતા' કહ્યા તો પ્રશ્ન છે કે આચાર્ય સુખદાતા ? કે આચાર્યના ચરણ સુખદાતા ?

ઉ. : આચાર્ય સુખદાતા ખરા, પરંતુ વાણી વરસાવવા દ્વારા. એટલે આપણા માટે જેમ આચાર્ય પણ ઉપકારક, એમ એમની વાણી પણ ઉપકાર છે. આચાર્યની વાણી સુખદાતા છે અને આચાર્યની વાણીને આચાર્યનાં ચરણ કહેવાય. માગીએ છીએ કે 'ભવો ભવ પ્રભુ ચરણની સેવા મળો' અર્થાત્ જિનશાસન મળો, જિનવાણી મળો, અને એની આરાધના મળો, એ કહેવાનો ભાવ છે. આમ આચાર્યનાં ચરણ અર્થાત્ સુવચન જે સમાધિ-સુખશાતા આપે છે, એવું સુખ માતાપિતા વગેરે નથી આપી શકતા, અને આ સમાધિનું સુખ સંસારના મોટા ચક્રવર્તીના ય વિષયોના સુખ કરતાં ઘણું ઊંચું હોય છે.

માતાપિતા સમ્યગ્-દર્શનનું મહાસુખ નથી આપતા, પરંતુ આચાર્ય મહારાજ સમ્યગ્-દર્શનનું મહાસુખ આપે છે. જો રોગ મોટો ન હોય, અને દૃષ્ટિ જો સમ્યગ્ નથી તો તે ત્રાસે છે, હાયવોય કરે છે; દૃષ્ટિ જો સમ્યગ્ હોય તો પછી ભલેને પાંચ ડીગ્રી તાવ હોય છતાંય તે શાંતિથી સહે છે. સમ્યગ્દર્શનથી આ દૃષ્ટિ સમ્યગ્ મળે છે.

સમાધિ-સુખ કે સમ્યગ્ દૃષ્ટિ આપનાર આચાર્ય છે; તેમજ તે તૃપ્તિનું સુખ આપે છે. માતા-પિતા જેમાંથી અજંપો-ચિંતા-સંતાપની પીડા નીપજે એવું સુખ આપે છે,- દા.ત. માતાપિતા સારાસારા વિષયો ભોગવવા આપે, સારું ખાવાનું આપે. પણ પછી પુત્ર-પુત્રીને તે વધુ ને વધુ સારું ખાવાની, ને વધુ સારું ભોગવવાની ઝંખના થવાથી ચિંતા ને અજંપો વધે છે, અને અતૃપ્તિનું દુઃખ વધે છે.

જ્યારે ગુરુ તૃપ્તિનું સુખ આપે છે,- તૃપ્તિ એટલે **મળ્યું તે ઘણું વધારે લાગે,** કોઈ વાતે ઓછું ન લાગે; આ મહાસુખ છે. પરંતુ જો ઘણું ય મળ્યું હોય ને છતાંય મનમાં ઓછું આવે, ઓછું લાગે, તો તે અતૃપ્તિ છે, ને તેથી માણસ કદી સુખી ન થઈ શકે. તૃપ્તિનું મહાસુખ એવું કે તેથી ગમે તેવા સંયોગોમાં મનને ઓછું ન



આવે. કારણ કે તેનામાં એ સમજ છે, કે "ભલે ઓછું મળ્યું, પણ આથી વધુ મળ્યું હોય તોય અંતે બધી જડ વસ્તુ કોઈ દિવસ છૂટી તો પડવાની જ છે, માટે જે મળે તે બસ છે." આથી તેની વધુની ઝંખના મરી ગઈ, ને તેથી તે તૃપ્ત રહે છે. એ પણ એ સમજે છે કે "જડ વસ્તુમાં એવું છે કે ઓછું હોય તેને પૂર્ણ કરવા જાય તો તૃષ્ણાનો ખાડો વધતો જ જાય છે, પછી એ ખાડામાં ગમે તેટલું નાખો પૂરાય જ નહિ. એના બદલે પૂરવાનું બંધ જ કરો, 'કશું મારે પૂરવું નથી વધારો કરવો નથી' આવો નિર્ધાર કરો તો ઝંખનાનો ખાડો પૂરાઈ જાય છે."

આ બધું સમજાવનાર ગુરુ છે. માતાપિતાની તે ગુંજાયશ નથી. કારણકે સ્વયં અતૃપ્તિમાં પડેલા છે.

અહીં 'સૂરીશ પાયા' કહ્યું એમાં 'ગુરુના ચરણ' એટલે શું ?

## "ગુરુના ચરણ માટે જવાબ બે છે"

(૧) ગુરુનાં ચરણ એટલે ગુરુની આજ્ઞા-ગુર્વાજ્ઞા-ગુરુવચન. એ અત્યંત જરૂરી છે. તેથી ગુરુને માથે ધરે, પણ ગુરુવચન ધ્યાન પર ન લે, ન વિચારે, તો તે લાભ ન ખાટે.

કહ્યું : **'જિન તેરે ચરણ કી શરણ ગ્રહું'** એટલે ?

પ્રભુનું શરણ નહીં પણ પ્રભુના ચરણનું શરણ લેવાનું કહ્યું, આ સૂચક છે. વળી 'જયવીયરાય' સૂત્રમાં કહ્યું,-

**'સુહ ગુરુ જોગો, તવ્વયણ સેવણા, આભવમખંડા,'**

એમાં 'તવ્વયણ'=તદ્‌વચન-શુભ ગુરુના વચનની સેવના માગી, માત્ર શુભ ગુરુની સેવા ન માગી. એ સૂચવે છે કે ગુરુ મળ્યા પછી પણ ગુર્વાજ્ઞાની આરાધના અતિ જરૂરી છે. એમ જિનાજ્ઞાની આરાધના અત્યંત જરૂરી છે. પ્રભુના ચરણનું શરણ એટલે પ્રભુની વાણીનું શરણ સમજવાનું છે. તવ્વણયણ-સેવણામાં તો સ્પષ્ટપણે ગુરુ વચનની આરાધના માગી જ છે. ગુરુ કર્યા પછી તેમના એકે એક વચન પર 'અહોભાવ જોઈએ, જેમકે અહો અહો ! ગુરુએ મને કહ્યું ! અહો અહો ! ગુરુએ મને કહ્યું !'

'પ્રશમરતિ' માં કહ્યું છે; તેમને ધન્ય છે કે જેમના ઉપર શીતલ ગુરુવચન રૂપી ચંદન રસ ઝરે છે.

અહિત આચરણની વૃત્તિ એ તાપ છે, એને શાંત કરનાર ગુરુવચન છે. ગુરુવચનરૂપી ચંદનરસ જેમના પર ઝરે છે, તેમની અહિત સેવવાની વૃત્તિના તાપને

એ શાંત કરી દે છે. ગુરુવચનથી અહિતકારી વૃત્તિ શમી જાય છે. આ આવી જાય તો મોક્ષ હાથવેંતમાં છે, એ ન આવે તો મોક્ષ ઘણો દૂર છે.

ગુરુવચન અને જૈનવચન તે મહાનિધાન રૂપ લાગે તો તારણહાર બને. તેના ઉપર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે અદ્દ્ભુત મોટો ગ્રંથ **"ઉપદેશપદ"** લખેલ છે. તેના પર ટીકા મુનિચંદ્રસૂરિજી મહારાજે લખી છે તે વાંચતાં આત્મા ડોલે.

**(૨) બીજો અર્થ :** ગુરુચરણનો બીજો અર્થ છે ગુરુનું આલંબન, શિષ્ય પણ અત્યંત નમ્ર થઈને ગુરુની આગળ જઘન્ય બની બેસે. ચરણ શરીરનો સૌથી નીચેનો ભાગ એટલે જઘન્ય છે. શિર છે તે ઉત્તમ છે સંસ્કૃતમાં 'શિર' માટે "ઉત્તમાંગ" શબ્દ છે. તો ચરણ એ સૌથી નીચેનું અંગ છે, અહીં ગુરુના ચરણ પકડવાના છે તે એમ સમજીને કે 'હું તમારા ચરણ કરતાં પણ અધમ છું.' આ ભાવ રાખીને ગુરુનું આલંબન પકડવાનું છે. જેટલું મહત્ત્વ ગુરુવચનનું છે, તેટલાં જ અતિ નમ્રભાવ ને અતિ લઘુભાવ સાથે ગુરુનું આલંબન પકડવાનું છે. આલંબન કરાય એટલે વાતવાતમાં દિલમાં ગુરુ યાદ આવે; ગુરુની ઈચ્છા, ગુરુની સગવડ, ગુરુની બુદ્ધિ, તે પોતાની ઈચ્છા, પોતાની સગવડ, ને પોતાની બુદ્ધિ મનાય. ગુરુની આગળ પોતાની જાતમાં અત્યંત લઘુતા અધમતા લાગે તો જ ગુરુની સાચી મહત્તા માની કહેવાય. **'ગુરુસ્તીર્થ'**-ગુરુ એ તીર્થ છે,-એવું ઈતરશાસ્ત્ર કહે છે, ગુરુની તીર્થની જેમ સેવા કરવી. તીર્થ શા માટે કરાય છે ? તીર્થની સેવા કરવા માટે. એમ ગુરુ કરાય તે ગુરુની સેવા કરવા માટે. ત્યાં મનમાં પોતાનાં જ્ઞાન, તપ, કે ત્યાગનું જરાક પણ અભિમાન આવી જાય, સ્વાર્થ માયા આવી જાય, તો પછી ગુરુની તીર્થ સમાન સેવા ન થાય; અને જેનામાં લઘુતા નથી, નમ્રતા નથી, તે એવો ભાવ લાવશે કે,- "ગુરુ કર્યા છે તે ગુરુ આપણી ખબર રાખે, સંભાળ કરે એટલા માટે" તે ત્યાં એ એવું સમજે છે કે "મેં શોધીને ગુરુ કર્યા છે એ જોઈને કે આ ગુરુ શિષ્યોને સારા સંભાળે છે. તો મારી પણ સારી સંભાળ કરશે." આવી સમજવાળાએ ગુરુની સેવા કરવા માટે ગુરુચરણ નથી પકડ્યા આ અહંભાવ છે, સ્વાર્થ માયા છે, અજ્ઞાન દશા છે.

શાણાને મન 'ગુરુ કર્યા તે આજીવન સેવા માટે કર્યા છે. આજ સુધી વિષયાંધોની સેવા કર્યા કરી, હવે એવાની સેવા કરવી છે કે જે વિષય-વિમુખ હોય. એવાની સેવા કરતાં સેવકમાંથી સિદ્ધ બનાય.'

દુનિયાની સેવા તો સેવક બનાવીને રાખે; પણ ગુરુ તો સેવકને સિદ્ધ બનાવે.



ભગવાન મહાવીર પ્રભુએ ૧૧ બ્રાહ્મણોને ગણધર બનાવ્યા. એમણે પ્રભુની એવી સેવા કરી કે તેમાંથી નવ તો ગુરુની પહેલાં મોક્ષમાં પહોંચી ગયા !

તે માટે ગુરુ સેવ્ય છે, અર્થાત્ ગુરુ સેવા માટે છે. તે સેવા કરવા માટે નમ્રભાવ-લઘુભાવ જોઈએ. તે નમ્ર-લઘુભાવ રહે તે માટે ગુરુનું અધમાંગ-ગુરુનાં ચરણ પકડવા, ગુરુના વચન પકડવા, તેથી તથા ગુરુનાં વચનથી જે સુખ મળે છે, તે સુખ આપવાની તાકાત માતા-પિતામાં નથી.

એટલા માટે શાસ્ત્રો કહે છે; હંમેશાં ગુરુનાં ચરણની સેવા કરો, ગુરુને ભજો, ગુરુને મહત્ત્વ આપો, તો મોક્ષનાં સુખ શીઘ્ર મળે.

અહીં પ્રશ્ન એ થાય કે "મોક્ષનું સુખ" એક વચન ન કહેતાં મોક્ષનાં સુખ એમ બહુવચન શા માટે લખ્યું ? શું મોક્ષમાં સત્તર પંદર સુખ છે ?

હા, અનંતા સુખ મોક્ષમાં છે, તે શા માટે અનંતા છે ? તો તેની સામે એ પ્રશ્ન પૂછો કે સંસારમાં દુઃખો કેટલા છે ? સંસારની એકે એક ચીજનાં રાગના દુઃખ છે. અરે ! એક એક ચીજના જ નહિ, પરંતુ એ ચીજમાં રહેલ અનેકાનેક ભાવો પૈકી એક એક ભાવના એકેક દુઃખ છે, એકેક પર્યાયના રાગના દુઃખો છે. આમ અનંતા ભાવો છે, તો એના અનંતા રાગ છે; તેથી તેના અનંતા દુઃખો છે. દા.ત. કેરીનો રાગ થયો તેમાં કેરીના સસ્તા ભાવનો રાગ, તેના રંગનો રાગ, કેરીના સ્વાદનો રાગ, સ્વાદની તરતમતાનો રાગ, તેની સોડમનો રાગ,... આ બધાનો રાગ જુદો જુદો છે. એકે એક ચીજના અનંતા પર્યાયના રાગ છે. ને રાગ છે એ દુઃખ છે, તો રાગ કાઢ્યે મહાસુખ થાય છે. વીતરાગ બનતાં અનંત દુઃખ ટળ્યાં, તો અનંત સુખ આવી મળ્યા. મોક્ષમાં અનંતા સુખો છે. તેની ભાવના કરીએ તોય દિવ્ય આનંદનો અનુભવ થાય.

પ્ર. : ગુરુચરણની પૂજા અને મોક્ષને શો મળે છે ?

ઉ. : જેમ અગ્નિ ને ધુમાડાને મેળ છે તેમ અહીં છે. ગુરુની ચરણ સેવામાં ઊભા એટલે ગુરુ અને ગુરુવચનનું એવું આલંબન પકડ્યું કે (૧) દુન્યવી આલંબનો બાજુએ મૂકયા, અને (૨) ગુરુવચનથી, દુન્યવી પ્રવૃત્તિઓ ફગાવી દીધી. આ બે થાય પછી સહેજે મોક્ષ મળે એમાં નવાઈ નથી. એવી ગુરુ-ચરણ-સેવાથી આ બે મહાન કાર્યો સર્વ મોહનો અંત અને સર્વ કર્મનો અંત થાય છે.

(૧) ગુરુચરણને ભજવામાં બધી મોહની પ્રવૃત્તિ તથા મોહની લાગણી બંધ કરી નાખી,-કોઈપણ વસ્તુ પર યાવત્ શરીર પર પણ રાગ ન રાખ્યો; કારણકે તે સ્વશરીરનો રાગ રખાય તો ગુરુચરણની બરાબર સેવા ન થાય. ગુરુચરણ-સેવાનો

રાગ તે ગુરુનો રાગ બીજા પર નહિ જ. દુન્યવી એક પણ રાગ પેઠો, તો ગુરુની ગૌણતા થઈ જવાની. ગુરુ ચરણની સેવા એટલે તેજ સર્વે સર્વા, તેની જ મુખ્યતા હોય, ગુરુચરણ ચીજ એવી છે કે તેનો જો મોહ લાગી જાય તો બીજા બધા મોહ ઊતરી જાય. અથવા કહો, બધાનો મોહ ઊતારો તો ગુરુચરણનો મોહ લાગશે, અન્યોન્ય છે. ગૌતમ મહારાજે એકેય વાતનો મોહ ન રાખ્યો, ફક્ત ગુરુચરણનો મોહ રાખ્યો.

મોહનો અંત કરીએ તો જ કર્મ તૂટીને મોક્ષ સુખ મળે.

(૨) ગુરુચરણની સેવા કરો તો કર્મક્ષય થાય. કર્મક્ષય થાય તો મોક્ષ-સુખ મળે.

કર્મનાં બંધન અગુરુની સેવા કરવાથી થયા હતા. ગુરુ ચરણની સેવા કરો એટલે કર્મનો ક્ષય થાય. દા.ત. દુન્યવી માણસ માટે એના પરના રાગથી પાંચ ધક્કા ખાઓ તો કર્મ બંધન લાગે. જ્યારે ગુરુ માટે એક ધક્કો ખાઓ તો કર્મનો ક્ષય થાય.

પ્ર. : ભગવાન મહાવીર સ્વામીએ છેલ્લા ભવમાં ક્યાં ગુરુ કર્યા હતા ? ને તેમણે ગુરુચરણ સેવા ક્યાં કરી હતી કે કર્મનો ક્ષય થાય ?

ઉ. : ભગવાને પૂર્વના ત્રીજા ભવમાં એવી ગુરુચરણ સેવા કરેલી કે એમનામાં જબરદસ્ત સામર્થ્ય ઊભું થઈ ગયેલું, અને તેથી છેલ્લા ભવમાં એમણે પોતાના શુદ્ધ આત્માને પોતાનો ગુરુ બનાવી દીધો. પોતે સ્વયંબુદ્ધ બન્યા અને પોતાના શુદ્ધ આત્માની જે સેવા કરી તે ગુરુચરણ સેવા બરાબર હતી. હજુ કદાચ બાહ્ય ગુરુચરણ સેવાવાળો પાછો પડી જાય, પણ શુદ્ધ આત્મારૂપી ગુરુની ચરણ સેવાવાળા આગળ આવી ગયા ! ગુરુચરણ સેવા પ્રમાદને અટકાવે. તે કામ તેમણે પોતાના શુદ્ધ આત્માને ગુરુ બનાવીને કર્યું. પ્રમાદ ટાળીને કેટલી બધી જાગૃતિ કે એક પણ પાપ કે એક પણ પુદ્દ્ગલનો વિકલ્પ ન આવવા દીધો !

આમ ગુરુ ચરણ સેવાથી સર્વ મોહનો અને સર્વ કર્મનો અંત આવે, ને તેથી મોક્ષનાં સુખ પ્રાપ્ત થાય.

❖ ❖ ❖



## નોંધ